G.U.P. 1143-375-1-87

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ૧૯૬૭ના જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૭-૧-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૧-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ, ઉપશિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૯.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૦.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૨.	પ્રો. બી. આર. શિનોય	હાજર
૧૩.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૪.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૫.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૬.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર

૧. તા. ૩-૧૨-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૩-૧૨-૧૯૬૬ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૧૪ :

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી, અને તે મુજબ સુધારેલા રેગ્યુલેશન એમ.એ.-૫ અને એમ.એ.-૭ ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા."

૨. "ન્યુક્લિયર ફિઝિક્સ એન્ડ સૉલિડ સ્ટેટ ફિઝિક્સ" અંગેનો એક પરિસંવાદ કાનપુર મુકામે ફેબ્રુઆરી ૨૮થી માર્ચ ૩, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા માટે ભારત સરકારના અણુશક્તિ વિભાગના નાયબ સચિવશ્રીના તા. ૬-૧૨-૧૯૬૬ના પત્રાંક ૧૯-૩-૧૯૬૬/૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોને મોકલવા તે બાબતમાં ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સ્થાપિત "ધી સેન્ટર ઑફ એડવાન્સ્ડ સ્ટડી ઇન એજ્યુકેશન"ની સલાહકાર સમિતિ પર આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થા તરફથી આવેલ તા. ૨૧મી ડિસેંબર ૧૯૬૬ના પત્રાંક સી.એ.એસ.ઈ./૭૩૯ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. લાલભાઈ ૨. દેસાઈની નિમણૂક કરવી.

૪. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ત્રિવાર્ષિક તપાસ અંગેના અહેવાલ, જેની એકેડેમિક કાઉન્સિલ અને બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે નોંધ લીધી છે, તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ની ઇન્ટર કૉમર્સ.ની પરીક્ષામાં હિંદીની પરીક્ષા કૉલેજે લેવાનું રાખવા અને તેમાં ઉત્તીર્ણ થવું વિદ્યાર્થી માટે આવશ્યક ગણવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬. માર્ચ/એપ્રિલ ૧૯૬૭માં લેવાનાર એમ.એસસી. (એગ્રિ.)ની પરીક્ષા ઓ. ૧૨૯ મુજબ તા. ૫-૬-૧૯૬૭ને બદલે તા. ૨૯-૫-૧૯૬૭થી શરૂ કરવા માટેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એમ.ઇ; એલએલ.એમ. અને એમ.એડ.ની પરીક્ષાઓ તા. ૨૯-૫-૧૯૬૭થી શરૂ થાય છે તેથી આ પરીક્ષા પણ ૨૯-૫-૧૯૬૭ લેવાનું નક્કી કરી શકાય.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭માં લેવાનાર એમ.એસસી. (એગ્રિકલ્ચર)ની પરીક્ષાની શરૂઆત તા. ૨૯-૫-૧૯૬૭થી કરવી.

૭. માર્ચ/એપ્રિલ ૧૯૬૬ તેમ જ ઑક્ટોબર ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો/પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિઓ અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૮-૧૨-૧૯૬૬ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૮. માર્ચ/એપ્રિલ ૧૯૬૬ તથા ઑક્ટોબર ૧૯૬૬માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો/પરીક્ષકો, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિઓ અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૦-૧૨-૧૯૬૬ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૯. ૧૯૬૬ના માર્ચ/એપ્રિલની પરીક્ષાનાં પરીક્ષા માટેનાં પ્રશ્નપત્રો નડિયાદ કેન્દ્ર પર નજીકનાં બીજાં કેન્દ્રો ઉપર મોકલવાની વ્યવસ્થા કરી હતી તે અંગે આચાર્ય સો. વી. એ. વ્યાસને નડેલા અકસ્માતના કારણે દવા-સારવાર ઇત્યાદિ અંગે થયેલા રૂા. ૩,૬૮૬-૦૦નું ખર્ચ તેમને આપવા અંગે તેમના તા. ૧૩-૧૨-૧૯૬૬ના પત્રાંક ૨૨૧૨ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે સિન્ડિકેટે ઘટતી વિચારણા કરી છે અને ઠરાવે છે કે તા. ૨૩-૩-૧૯૬૬ના રોજ સો. વી. એ. વ્યાસે કરેલી ડાકોર-નડિયાદની સદરહુ મુસાફરી, એ યુનિવર્સિટીએ તેમને સોંપેલી ફરજના ભાગરૂપે કરવામાં આવેલી નથી, તે જોતાં તેમની વિનંતી માન્ય કરવાનું બની શકે તેમ નથી.

૬૩. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં પ્રી-યુનિ. સાયન્સમાં પાંચને બદલે સાત વર્ગો ખોલવામાં આવ્યા છે તે અંગે વિચારણા કરવા બાબત.

તે પછી સિન્ડિકેટના એક સભ્યની માગણીને અનુલક્ષીને તથા સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી. તે અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ

બાબત અંગે ઘટતી તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. જયંત બી. હરિભક્તિ
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૩. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. ડૉ. આર. ડી. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના પ્રી-યુનિ. વિજ્ઞાનના વર્ગમાં ચાલુ વર્ષે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓને માટે એનરોલમેન્ટનાં કાચાં પ્રમાણપત્રો (Provisional enrolment certificates) આપવાં.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં હૉલેરિથ વિભાગમાં જુનિયર ઑપરેટર તરીકે કામ કરતા શ્રી. આર. એ. પંડ્યાનો અજમાયશી સમય તા. ૩૧-૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧-૨-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આર. એ. પંડ્યાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એ. પંડ્યાને એક માસની નોટિસ આપીને છૂટા કરવા.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ, તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. રામલાલ રામપ્રસાદ	માળી	૨-૨-૧૯૬૭	૩-૨-૧૯૬૭
(૨)	શ્રી. કરસન ભૂતાભાઈ	સફાઈ કામદાર	૨૩-૨-૧૯૬૭	૨૪-૨-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે પછી ઠરાવવામાં આવ્યું કે —

(૧) શ્રી. રામલાલ રામપ્રસાદને એક માસની નોટિસ આપીને છૂટા કરવા;

(૨) શ્રી. કરસન ભૂતાભાઈની નિમણૂકનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે.

૧૨. સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. કે. સી. હરગન તા. ૩૧-૭-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૩૦-૧૧-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**— શ્રી. હરગન ભવનમાં તા. ૮-૨-૧૯૬૩થી જોડાયા હતા અને તા. ૩૧-૭-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. સી. હરગનને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવાનું મંજૂર કરવું.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયના સફાઈ કામદાર શ્રી. ગોરિયા ડાહ્યાભાઈ ઝીણાભાઈને તા. ૨૩-૧૧-૧૯૬૬થી છૂટા કરવામાં આવ્યા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત:

(નોંધ.—શ્રી. ગોરિયા તા. ૨૪-૧૧-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૨૩-૧૧-૧૯૬૬થી તેમને છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગોરિયા ડાહ્યાભાઈ ઝીણાભાઈને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ડ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પરત કરવી.

૧૪. સને ૧૯૬૬-૬૭ના અંદાજપત્રમાં ભાષા-સાહિત્ય ભવનના અંદાજપત્રમાં મુલાકાતી પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો અંગેનાં માનદ વેતન તથા મુસાફરી ભથ્થાના મથાળા હેઠળ રૂા. ૧૧,૦૦૦ના વધારાના ખર્ચની જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૬-૬૭ના વર્ષના અંદાજપત્રમાં ભાષા-સાહિત્ય ભવનમાં મુલાકાતી પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાનો અંગેનાં માનદ વેતન તથા મુસાફરી ભથ્થાના મથાળા હેઠળ વધુ રૂા. ૧૧,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવી.

૧૫. સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં યુનિવર્સિટીમાં કો-ઓપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા અંગે નીમેલી સમિતિની તા. ૧૫-૧૨-૧૯૬૬ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં એક સહકારી સ્ટોર્સ કાઢવો એમ એક સિદ્ધાંત તરીકે સ્વીકારવું.

૧૬. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.કૉમ. પદવીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— હાલ તે વિષયમાં સ્થાનિક શિક્ષકગણ પર બે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકો છે, નિયમાનુસાર જૂન ૧૯૬૭માં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે.)

અને

૧૭. નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજમાં જૂન ૧૯૬૭થી એમ.કૉમ. પદવીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અમદાવાદમાં હાલ બે કૉમર્સ કૉલેજમાં તે પદવી અને વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો છે. ઑર્ડિ. ૬૫-એસ અનુસાર એક ઝોનમાં ત્રણથી વધુ અનુસ્નાતક કેન્દ્રો આપી શકાય નહિ. આ કૉલેજ અને નડિયાદની કૉલેજની આ પદવી અને વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા

અંગે માગણી કરતી અરજી આવેલ છે. બંને કૉલેજમાં જૂન માસમાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થાય છે.)

બાબત નં. ૧૬ અને બાબત નં. ૭૯ની વિચારણા સાથે કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બેઉ અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૭. તા. ૨૨-૧૧-૧૯૬૬ના રોજ મળેલી પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રકાશનોનું જે છાપકામ બહારનાં મુદ્રણાલયોને સોંપવામાં આવે તેના બે વારના પ્રૂફવાચનનું કામ હવે પછી યુનિવર્સિટીના પ્રૂફવાચકો દ્વારા કરાવવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૮. ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના મકાન બાંધકામ માટે ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય (ગ્રાન્ટ રૂપે) રૂા. ૧,૩૬,૯૪૮-૦૦ આપવાનું મંજૂર કરેલ તે પૈકી રૂા. ૧,૦૦,૦૦૦-૦૦ની પ્રથમ હપ્તા તરીકેની ગ્રાન્ટ મંજૂર કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૨-૧૯૬૬ના પત્રાંક એફ. ૨૧-૯-૬૩ (એસ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૨૫-૧૧-૧૯૬૬ના ઠરાવ ક્રમાંક યુએસજી-૧૧૬૬-ખ "બ્લોક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ"ના ત્રીજા હપ્તાની રૂા. ૧,૩૪,૫૦૬ની રકમ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ ખાતે તા. ૨૭થી ૨૯ ડિસેંબર ૧૯૬૬ના દિવસો દરમ્યાન મળેલી ૨૮મી પૉલિટિકલ સાયન્સ કૉન્ફરન્સ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૬-૧૧-૧૯૬૬ના પત્રાંક એફ. ૩-૮-૬૬ (એસ.આર.)થી રૂા. ૨,૫૦૦ની આર્થિક સહાય ગ્રાન્ટરૂપે મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. (૧) ૧૯૬૭ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે આચાર્યો તરફથી કેન્દ્ર અંગેની માંગણી અંગે આવેલ અરજીઓ તપાસી તે અંગે ભલામણ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની ભલામણો પૈકી ભલામણ ૧ અને ૩ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(૨) ઉપરોક્ત સમિતિની ભલામણ ૨ અને ૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે —

(૧) પૂર્વસ્નાતક કક્ષાએ પ્રાયોગિક પરીક્ષા માટે જે કૉલેજમાંથી ઓછામાં ઓછા ૩૦ વિદ્યાર્થીઓ તે પરીક્ષા માટે બેસનાર હોય તો તે કૉલેજમાં પ્રાયોગિક પરીક્ષાનું કેન્દ્ર રાખવું— થિયરીની પરીક્ષા માટે કેન્દ્ર રાખવામાં આવ્યું હોય કે ના રાખવામાં આવ્યું હોય તોપણ;

(૨) પ્રી-યુનિવર્સિટી પરીક્ષા માટે જો કોઈ કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થતી ન હોય તોપણ તે કૉલેજ બાજુના કોઈ મથકેથી યુનિવર્સિટીની સૂચના મુજબ છાપેલા પ્રશ્નપત્રો લાવવાની સગવડ કરી શકે તો તે કૉલેજને પ્રી-યુનિ ની પરીક્ષા માટે કેન્દ્ર આપવાનું રાખવું;

(૩) માંડવી ખાતે યુનિવર્સિટીની જરૂરિયાત મુજબ ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થતી હોવાથી ત્યાં પ્રી-યુનિ. આર્ટ્સ અને કૉમર્સનો પરીક્ષાનું કેન્દ્ર રાખવું;

(૪) વલસાડ ખાતે એસ.વાય.બી.કૉમ.ની પરીક્ષા માટે (બીજી પરીક્ષાઓ સહિત) ઓછામાં ઓછા ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થતી હોવાથી તે પરીક્ષા માટે ત્યાં કેન્દ્ર રાખવું; અને

(૫) અનુસ્નાતક પરીક્ષાઓ માટે અમદાવાદ, સુરત અને રાજકોટ સિવાય વધારાનું કોઈ પણ કેન્દ્ર રાખવું નહિ.

૨૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સમાજવિદ્યા ભવન તરફથી રજૂ કરવામાં આવેલ Research Project on Voting Behaviour in Gujaratના પ્રસ્તાવ અંગે મધ્યસ્થ સરકારના આયોજન પંચની રિસર્ચ પ્રોગ્રામ કમિટીએ ગ્રાન્ટ આપવા મંજૂરી આપી છે તે ગ્રાન્ટની શરતો સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સ્વીકાર્યાના;

(૨) એમ.એસસી. (એગ્રિકલ્ચર)ની લેખિત પરીક્ષા માટે અમદાવાદ કેન્દ્ર અને સેકન્ડ એન્જિનિયરિંગ (ન્યૂ કોર્સ)ની પરીક્ષા માટે મોરબી કેન્દ્ર રાખ્યાના;

(૩) ઑક્ટોબર ૧૯૬૬માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિકો / પરીક્ષકોની જરૂર પડયે અવેજી નિમણૂકો કર્યાના; અને

(૪) જાન્યુઆરી ૧૯૬૭માં લેવાનાર વધારાની ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષા માટે પ્રાશ્નિકો / પરીક્ષકોની નિમણૂકો, ફેકલ્ટીના ડીનની સલાહ લઈને, કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા.

૨૩. વર્ષ ૧૯૬૫-૬૬ના યુનિવર્સિટીના સોળમા વાર્ષિક અહેવાલ અંગે નિમાયેલી સમિતિએ ઘડેલ વાર્ષિક અહેવાલનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૫-૬૬ના વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો અને તે સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

૨૪. કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૭-૧૨-૧૯૬૬ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી અને તે મુજબ જરૂરી પગલાં લેવાનું રાખવું.

૨૫. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર મનોવિજ્ઞાન ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિનો તા. ૨૨-૪-૧૯૬૬નો અહેવાલ, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવામાં આવેલ, જેની બંનેએ નોંધ લીધી છે, તો તે પર હવે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તેને સેનેટની વિચારણા માટે મોકલવો.

૨૬. સિન્ડિકેટની તા. ૪/૫-૬-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિનો તા. ૧૮-૪-૧૯૬૬નો અહેવાલ, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવામાં આવેલ, જેની બન્નેએ નોંધ લીધી છે, તો તે પર હવે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તેને સેનેટની વિચારણા માટે મોકલવો.

૨૭. "રિસેન્ટ એડવાન્સીઝ ઇન ટ્રોપિકલ ઇકોલોજી" નામક એક પરિસંવાદ તા. ૧૬થી ૨૧ જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન વારાણસી મુકામે યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિસંવાદના આયોજક તરફથી આવેલ તા. ૫-૧૨-૧૯૬૬ના પત્રાંક ૪૧૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એસ. સી. પાંડેયને નીમવા.

૨૮. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૧૯-૧૦-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ તથા તે પર ઇજનેરી તથા તબીબી વિદ્યાશાખાઓના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની ભલામણ

"Resolved that it is recommended to the University that in professional disciplines like Engineering and Medicine, etc., the following percentages be prescribed for classifying the successful candidates with a view to attain some uniformity in evaluation :

(1) 75 % marks or above — Honours
(2) 65 % marks or above — I Class
(3) 50 % marks or above for a pass."

મજનેરી વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને અપાતા વર્ગો અંગેનાં આ યુનિવર્સિટીનાં ધારાધોરણો જોતાં ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ અંગે કશું કરવાનું રહેતું નહિ હોવાથી મજકૂર ઠરાવની નોંધ લેવામાં આવે છે."

તબીબી વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.બી.,બી.એસ.ની પદવી મેળવવા પાસ થવાનું ધોરણ વિષય દીઠ ૫૦ ટકા માર્ક્સ મેળવવા જરૂરી છે અને ડિસ્ટિંકશન માટે ૭૫ ટકા માર્ક્સ મેળવવા જરૂરી છે તેથી વધુ કંઈ કરવાનું રહેતું નથી."

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્થાયી સમિતિની સદરહુ ભલામણની નોંધ લેવી અને તેને ઘટતો જવાબ મોકલવો.

૨૯. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજીમાં ડિઝર્ટેશનના માર્ગદર્શન માટે એક સેમિનાર યોજવા ભલામણ કરવામાં આવે છે, જેથી ડિઝર્ટેશન તૈયાર કરાવવામાં એકસૂત્રતા જળવાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદની યોજના મંજૂર કરવી અને તે માટે રજૂ કરવામા આવેલા ખર્ચનો અંદાજ જોઈતપાસીને તે મંજૂર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. શ્રી. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટે ૧૯૬૫-૬૬ના શૈક્ષણિક વર્ષ દરમિયાન તથા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન પણ પૂરા સમયના યોગ્ય લાયકાત ધરાવતા બૅન્કિંગના પ્રાધ્યાપક નહિ નીમ્યા હોઈને તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જણાવવું કે બબ્બે વર્ષથી બૅંકિંગના પ્રાધ્યાપક વિના તેઓ ચલાવે છે તે તરફ સિન્ડિકેટની આ સભા નાપસંદગી વ્યક્ત કરે છે અને ઠરાવે છે કે જૂન, ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા બૅંકિંગના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે નહિ તો તે વિષયનું શિક્ષણકાર્ય તેઓ ચાલુ રાખી શકશે નહિ, અને તેથી સંબંધકર્તા વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.

૩૧. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. ડી. એન. પાઠકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૧-૨-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

શ્રી. ડી. એન. પાઠકની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. એન. પાઠકને સમાજવિદ્યા ભવનમાં પોલિટિકલ સાય-સના પ્રોફેસર તરીકે તા. ૧-૨-૧૯૬૭થી કાયમ કરવા.

૩૨. વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં (૧) માધ્યમિક શાળાઓના શિક્ષકો માટે, તથા (૨) કૉલેજના શિક્ષકો માટેની એમ બે ગ્રીષ્મશાળાઓ વર્ષ ૧૯૬૭ દરમિયાન યોજવા

આ યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી છે તેમ જણાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ ૧૯૬૬ની ત્રિવાર્ષિક પદવી પરીક્ષાનાં પરિણામો પર આંતરિક ગુણાંકન તથા બીજાં પરિબળોની અસર તપાસવા નિમાયેલી આંતરિક ગુણાંકન સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૩૪. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યો હોવાથી તેઓને ઉત્તીર્ણ જાહેર કર્યાની નોંધ લેવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય અને વિદ્યાશાખા	પદવી
શ્રી. એચ. કે. નાયક	અર્થશાસ્ત્ર (વિનયન)	પીએચ.ડી.

(૨) ચંદીગઢ મુકામે તા. ૨૬થી ૨૮ ડિસેંબર દરમિયાન મળેલ ભારતીય મંથાલય મંડળની ૧૧મી પરિષદ તથા પરિસંવાદોમાં ભાગ લેવા શ્રી. પી. એફ. પટેલની નિમણૂક સિન્ડિકેટની ડિસેંબર માસની સભાના ઠરાવ અન્વયે થઈ હતી, પરંતુ તેઓ બીજી એક પરિષદમાં રોકાયેલ હોઈ યુનિવર્સિટીના મદદનીશ ગ્રંથપાલ શ્રી. રમેશચંદ્ર ગાંધીની નિમણૂક કર્યાના;

(૩) મનોવિજ્ઞાન ભવનમાંથી ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસમાં બે શિક્ષકોને (ડૉ. પ્રભુને અને ડૉ. બદામીને) ભાગ લેવા માટે પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૫. ડૉ. જયંત શાહ હૉસ્પિટલ, નડિયાદને ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે બી. જે. મેડિકલ કૉલેજના ડીન મારફતે આવેલ અરજી અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સારુ સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્ય કરવાની તેની વિનંતી મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખાનગી હૉસ્પિટલોને રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા માટેની અરજીઓ પર વિચારણા કરવી નહિ.

૩૬. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૭થી વિજ્ઞાનની વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી પર રજૂ થયેલ ઠરાવ સેનેટની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૬ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

૬૨. સેનેટની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૬ની સભામાં થયેલ ચર્ચાને અનુલક્ષીને સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી ચાલતી પ્રભુદાસ ઠક્કર સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની તપાસ માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી તપાસસમિતિનો આવેલ અહેવાલ તથા તે પર મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ જવાબ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩૬ અને ૬૨ની વિચારણા એકસાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત ઉપકુલપતિશ્રીએ નીમેલી તપાસસમિતિના અહેવાલ અને તે અંગે આચાર્યશ્રીના તા. ૨૮-૧૨-૧૯૬૬ના પત્ર સાથે ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવો.

૩૭. શાહુ શ્રેયાંસપ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રામાં એકાઉન્ટિંગના પ્રાધ્યાપક શ્રી. એમ. કે. શાહનો ખૂટતો શૈક્ષણિક અનુભવ માફ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—[૧] શ્રી. શાહની લાયકાત અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

(૧) બી.કૉમ. બીજો વર્ગ

(૨) સી.એ.

(૩) બે વર્ષનો શૈક્ષણિક અનુભવ છે. (નિયમ મુજબ ત્રણ વર્ષનો જોઈએ.)

અથવા

ચાર વર્ષનો ધંધાકીય અનુભવ છે. (નિયમ મુજબ પાંચ વર્ષનો જોઈએ.)

[૨] હાલમાં મજકૂર કૉલેજમાં કૉમર્સના એક મુલાકાતી પ્રાધ્યાપક છે જ.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી એમ. કે. શાહને એકાઉન્ટિંગના પ્રોફેસર તરીકે માન્ય કરવા નહિ અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન, ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટિંગના પ્રોફેસરની નિમણૂક કરવામાં આવે નહિ તો એકાઉન્ટન્સીના વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૩૮. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયા છતાં ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણનું જોડાણ ગુજરાત યુનિવર્સિટી સાથે ચાલુ રહેશે તે મતલબના શિક્ષણ અધિકારી, ગોવા, દમણ અને દીવ સરકારના નિર્ણયની જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૮-૧૧-૧૯૬૬ના પત્રાંક એફિ. ૯૨૦ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૯. કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્રના ઉપક્રમે બીજગણિત પર એક પરિસંવાદ, તા. ૨૭ થી ૨૯ જાન્યુઆરી ૧૯૬૭ દરમિયાન કુરુક્ષેત્ર મુકામે યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા કુરુક્ષેત્ર યુનિવર્સિટીના ગણિત વિભાગના વડાના તા. ૨૧-૧૨-૧૯૬૬ના પત્રાંક ૧૮૨-૨૪૪-એસ.એ.ગણિત-૬૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવાની બાબતમાં ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની સ્થાયી સમિતિના તા. ૧૧મી મે ૧૯૬૬ના રોજ મળેલ સભાના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"Utilization of Engineering students in the National Food Production Drive"—(Ministry of Irrigation & Power)

"RESOLVED that the proposal be circulated to the Universities for their comments and the matter be placed before the next annual meeting of the Board."

[નોંધ.— ઉપરના પ્રસ્તાવ ઉપર ઇજનેરી તથા કૃષિ વિદ્યાશાખાના અધ્યક્ષોના અભિપ્રાયો મંગાવવામાં આવેલા તે નીચે પ્રમાણે છે :

ઇજનેરી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The use of the Engineering students as envisaged in the enclosed note is not possible as the type of work required cannot be fitted into the existing curricula.

However, as a measure of social service, some students and the staff members of the Civil Engineering Department can be utilised in surveying, estimating and constructing the field channels and other appurtenant jobs. The institution is not in a position to meet the expenses. The minimum expenditure necessary, i.e., for transport and board has to be met by some other agency.

કૃષિ વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

For Agricultural colleges in Gujarat State, we are thinking to give some field work to students of Agriculture College before awarding degree to them after successful completion of four years' course as we are doing with students of medical colleges. It will be helpful for them in getting practical knowledge of field crops, farm managements, crop protection measures, irrigation and their measures, etc. Ultimately such practice will not only help in giving full opportunity to Agricultural students in coming in contact with peasants but also such Camps in villages will guide the rural

peasants by demonstrating scientific methods of crop cultivating, use of fertilizers and method of application, crop protection measures, usage of irrigation water and methods of irrigation and conservation of Soil moisture, etc. These types of camps will prompt the peasants for increasing agricultural production.

In Agricultural colleges the subject of Agriculture is being taught in final year, in which topics like surveying, levelling, irrigation machinery are taught. In future these aspects on Agricultural Engineering will be taught in details.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઇજનેરી વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય મુજબ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોનને ઘટતો જવાબ આપવો.

૪૧. ગણિતની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑર્ડિ. એમ.એ.-૨ તથા ઑર્ડિ. એમ.એસસી.-૨ નીચે પ્રમાણે ચંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

O. M.A.-2 and O. M.Sc.-2 :

On a new application being forwarded and a fresh fee paid, a candidate who has already passed in Group 'A' (Pure Mathematics) or Group 'B' (Applied Mathematics) under the old rules will be required to keep any two additional terms for Part II examination if he wishes to re-appear with Group 'B' (Applied Mathematics) or Group 'A' (Pure Mathematics) under the new rules and shall be permitted to appear at Part I and Part II examinations of that new group simultaneously.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"જૂના અભ્યાસક્રમ મુજબની એમ.એ. અને એમ.એસસી. પદવી પરીક્ષા ગણિતશાસ્ત્રના વિષય એક જૂથ સાથે પસાર કર્યા બાદ ફરીથી નવા અભ્યાસક્રમ મુજબની મજકૂર વિષયની પદવી પરીક્ષામાં નવા જૂથ સાથે વિદ્યાર્થી આપવા ઇચ્છે તો નવા જૂથના પાર્ટ-૨નાં બે સત્રો રાખ્યા બાદ પાર્ટ-૧ અને પાર્ટ-૨ની બંને પરીક્ષાઓમાં એકસાથે તેને બેસવા પરવાનગી આપવી એમ ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિનન્સ એમ.એ.-૨ અને ઑર્ડિનન્સ એમ.એસસી.-૨ ઉપર મુજબ ચંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન, ૧૯૬૭થી અમલમાં મૂકવા.

૪૨. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી ઇતિહાસ જૂથ "એ"-"સી"ના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પી. બી. ઝાલા અને જૂથ "સી"-"ડી"ના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. બી. એમ. ભટ્ટને નીમવા અંગે તે કૉલેજના આચાર્યના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભામાં જૂથ "એ"-"સી" અને "સી"-"ડી" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે હાલ શ્રી. બી. એમ. ભટ્ટની નિમણૂક કરવા ઠરાવ્યું હતું. પરંતુ હવે તે જ કૉલેજના શ્રી. પી. બી. ઝાલાને જૂથ "એ" અને "સી"માં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મળી હોવાથી ઉપર મુજબનું આચાર્યશ્રીનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની હાલની જે વ્યવસ્થા છે તે ચાલુ રાખવી.

૪૩. એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારીના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. (એગ્રિ.)માં (૧) એગ્રિકલ્ચર કેમિસ્ટ્રી ઍન્ડ સોઇલ સાયન્સ, અને (૨) એગ્રોનોમીના વિષયોના શિક્ષણ માટે જૂન ૧૯૬૭થી અનુસ્નાતક કેન્દ્ર માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમાનુસાર પૂરતો સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે:

વિષયો	
(૧) એગ્રિકલ્ચર કેમિસ્ટ્રી ઍન્ડ સોઇલ સાયન્સ	(૧) ડૉ. એચ. જી. પંડ્યા, માન્ય અનુસ્નાતક શિક્ષક
	(૨) ડૉ. પી. એમ. મહેતા ,,
(૨) એગ્રોનોમી	(૧) ડૉ. એન. એમ. પટેલ ,,
	(૨) ડૉ. ડી. એચ. ચાવડા ,,)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. સર પી. ટી. સાયન્સ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં ગણિતશાસ્ત્ર જૂથ "બી" વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટેની તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમાનુસાર સ્થાનિક શિક્ષકગણ પર બે માન્ય અનુસ્નાતક શિક્ષકો તે કૉલેજમાં હોવા જોઇએ તે અંગે નીચે મુજબ પરિસ્થિતિ છે:

(૧) શ્રી. એસ. એસ. દવે, માન્ય અનુ. શિક્ષક, અને (૨) શ્રી. બી. એ. પટેલ જેઓ હાલ જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં છે અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે તેમની નિમણૂક તેમની કૉલેજમાં પ્રોફેસર તરીકે જૂન ૧૯૬૭થી કરવામાં આવશે તેમ આચાર્ય અરજીમાં જણાવે છે. વધુમાં હાલ

શ્રી. બી. એ. પટેલ, જેઓ મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવે પછી જ આચાર્યશ્રીની માંગણી સ્વીકારી શકાય તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. પી. સી. વૈદ્ય
૨. પ્રા. પી. વી. પારેખ.

૪૫. શ્રી. સી. એન. હકાણી, જેઓ શ્રી પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટના આચાર્ય છે અને તેમણે હુમણાં એમ.કૉમ. પદવીના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવી છે તેમની, કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ.ની પદવીના વિષયોના અનુસ્નાતક કેન્દ્રમાં, પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે કામ કરતા પ્રો. આર. કે. ગાંધીની જગ્યાએ પોતાની નિમણૂક કરવા અંગેની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની હાલની અવસ્થામાં કશો ફેરફાર કરવો નહીં.

૪૬. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષ તરફથી તેમની સંસ્થામાં એમ.ડી. પેડિયાટ્રિક્સના અભ્યાસ માટે અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ અનુસાર નીચે મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે :

(૧) ડૉ. વી. કે. ગાંધી — માન્ય અનુસ્નાતક શિક્ષક, (૨) ડૉ. વી. એમ. દૂધિયા — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક, અને (૩) ડૉ. એસ. સી. શાહ — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. સોમાભાઈ પટેલ
૨. ડૉ. પી. એમ. ઉદાણી.

૪૭. અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩-૧૨-૧૯૬૬ના પત્રાંક એફ. ૫-૨-૬૬ (સી.ડી.એન.)થી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સમિતિનો અહેવાલ — જાણ માટે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

૪૮. સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ નીમેલી આંતરિક ગુણાંકન સમિતિ-(આંકડાશાસ્ત્ર)એ થર્ડ બી.એ., થર્ડ બી.એસસી., થર્ડ બી.કૉમ. પરીક્ષામાં આંતરિક કસોટી

પરીક્ષાઓમાં ૬૦ ટકા ઉપરાંત ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના કેસોનો અભ્યાસ કરી રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો રિપોર્ટ એકેડેમિક કાઉન્સિલની જાણ માટે મોકલવો અને ઉપર બાબત નં. ૨૩ અંગે એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય આવ્યેથી તે અભિપ્રાય સાથે આ અહેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૯. ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે પ્રવેશપાત્રતાનાં પાકાં પ્રમાણપત્રો (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટો) કઢાવી લેવાની મુદત તા. ૧૫-૩-૧૯૬૭ સુધી લંબાવવી.

૫૦. ઓકટોબર ૧૯૬૭માં એકસ્ટર્નલ પરીક્ષાઓ માટે કેન્દ્રો નક્કી કરવા બાબત :

(નોંધ.—અત્યાર સુધી ઓકટોબરમાં લેવાતી એકસ્ટર્નલ પરીક્ષાઓ નીચે જણાવેલાં કેન્દ્રો ઉપર લેવામાં આવતી હતી :

અમદાવાદ, ભાવનગર, ભૂજ, નડિયાદ, રાજકોટ, સુરત, ગોધરા અને વીસનગર.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઓકટોબર ૧૯૬૭માં એકસ્ટર્નલ પરીક્ષાઓ માટે અમદાવાદ, ભાવનગર, ભૂજ, નડિયાદ, રાજકોટ, સુરત, ગોધરા અને વીસનગર કેન્દ્રો રાખવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂનાગઢને એકસ્ટર્નલ પરીક્ષાનું કેન્દ્ર બનાવવાની વિનંતી મંજૂર કરવી નહિ.

૫૧. સિન્ડિકેટની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભાનો ઠરાવ નં. ૨૭ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રીમતી ઉષાબહેન કન્હરે	લેક્ચરર	૨૬-૧૧-૧૯૬૬
૨.	શ્રી. ઈ. જે. મશીહી	લેક્ચરર	૨૬-૧૧-૧૯૬૬

સદરહુ બેઉ સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

(નોંધ.—ઠરાવમાં સરતચૂકથી તા. ૧૪-૬-૧૯૬૭ બતાવવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર તા. ૨૬-૧૧-૧૯૬૬થી કાયમ કરવા.

૫૨. યુનિવર્સિટી કાર્યાલયનાં જુ. કલાર્ક કુ. મીનળ ડી. ધ્રુવ તા. ૨૪-૧૨-૧૯૬૬થી રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૨૪-૧૨-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૩૦-૫-૧૯૬૬થી જોડાયાં હતાં અને તા. ૨૪-૧૨-૧૯૬૬થી રાજીનામું આપી છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુ. મીનલ ડી. ધ્રુવને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૫૩. ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહની નિમણૂકની મુદત તા. ૯-૪-૧૯૬૭ના રોજ પૂરી થતી હોવાથી તે મુદત વધુ એક વર્ષ માટે લંબાવી આપવા અંગેની તેઓની તા. ૩૦-૧૨-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એ. શાહની અરજી બાબતમાં તેમને તબીબી તપાસ માટે ડૉ. કે. આર. શ્રોફ સમક્ષ રજૂ થવા માટે જણાવવું.

(**નોંધ.**—ડૉ. શ્રોફનું બૉર્ડ one-man board ગણાશે.)

૫૪. તા. ૨૩-૧૨-૧૯૬૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૧૨-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૫. ફાઇનાન્સ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૬ અને તા. ૨૧-૧૨-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૧૨-૧૯૬૬ અને તા. ૨૧-૧૨-૧૯૬૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૬. સને ૧૯૬૬-૬૭ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (Revised) અંદાજપત્ર અને સને ૧૯૬૭-૬૮ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૬-૬૭ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (revised) અંદાજપત્ર અને સને ૧૯૬૭-૬૮ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું અને સેનેટને મોકલી આપવું.

૫૭. પી.એલ. ૪૮૦ની સંશોધનયોજના હેઠળ પ્રો. જે. જે. ચિનોયને મુખ્ય સંશોધક તરીકેની ફરજ બજાવવા માટેનું વધારાનું માનદ વેતન નહિ આપવા અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૯-૧૧-૬૬ના પત્રાંક એફ. ૩૯-૨-૬૫ (એસ-૨)ની નોંધ લેવા બાબત.

અને

૭૦. યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન અને અમદાવાદની અંકુર શાળાના સંયુક્ત ઉપક્રમે બાળપ્રવૃત્તિ, બાળકોનું વલણ ઇત્યાદિ બાબતમાં બે વર્ષના અભ્યાસ અંગેની યોજના માટે "એશિયા ફાઉન્ડેશન" તરફથી મંજૂર થયેલ યોજના હેઠળ ડૉ. ચંપાબહેન ભટ્ટને વધારાનું માનદ વેતન માસિક રૂા. ૪૦૦નું સ્વીકારવા અંગેની મંજૂરી આપવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રની નોંધ લેવી અને તે મુજબ પ્રો. જે. જે. ચિનોયને સપ્ટેમ્બર ૧૯૬૬થી રૂા. ૨૫૦-૦૦નું માનદ વેતન આપવાનું બંધ કરવું.

સદરહુ બાબતના સંદર્ભમાં બાબત નં. ૭૦ ઉપર પણ વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ પર વિચારણા માટે મોકલવી.

૫૮. ગુજરાત સરકાર તરફથી ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલ ૨૮મી અખિલ ભારત રાજ્યશાસ્ત્ર પરિષદ માટે રૂા. ૫,૦૭૦ની ગ્રાન્ટ તેમના તા. ૨૬-૧૨-૧૯૬૬ના ઠરાવ ક્રમાંક યુ.એસ.જી. ૪૨૬૬-ખથી મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૯. રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટીને મળતી બ્લૉક ગ્રાન્ટ (આવર્તક)માં મોંઘવારી ભથ્થા અંગેના યુનિવર્સિટીને થનાર વધારાના ખર્ચ અંગેની રૂા. ૧૭,૦૦૦ સને ૧૯૬૬-૬૭ના વર્ષ માટેની વધારાની ગ્રાન્ટ તરીકે મંજૂર કર્યાના રાજ્ય સરકારના તા. ૨૦-૧૨-૧૯૬૬ના પત્રાંક યુ.એસ.જી.-૧૧૬૬-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૬૦. ૧૯૬૬-૬૭ના વર્ષથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટી ફિલ્મ કલબ માટે યુનિવર્સિટીને ગ્રાન્ટ મળનાર હોવાથી તે ગ્રાન્ટ મળે તે અપેક્ષાએ યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને ૧૯૬૬-૬૭ના વર્ષનો ફાળો રૂા. ૩,૦૦૦ મોકલી આપવા માટે મજકૂર કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૫-૧૨-૧૯૬૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૩-૭-૧૯૬૫ની સભાના ઠરાવથી આપણી યુનિવર્સિટીમાં ચાલતી ફિલ્મ સોસાયટીની પ્રવૃત્તિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આર્થિક સહાય આપવાનું બંધ કર્યાથી ૧૯૬૫-૬૬ના વર્ષથી પ્રવૃત્તિ બંધ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી સદરહુ બાબત અંગે ગ્રાન્ટ મળ્યેથી તે યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને મોકલી આપવા માટે યુનિવર્સિટીને સત્તા આપવી.

૬૧. એટોમિક એનર્જી ડિપાર્ટમેન્ટ, મુંબઈ, દ્વારા ગુજરાત રાજ્યની ત્રણે યુનિવર્સિટીઓને સંયુક્ત રીતે આપવામાં આવેલ ત્રણ પૂર્વસ્નાતક અને ૧૫ અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ માટે નક્કી થયેલ વરણીસમિતિમાં પ્રાણીવિજ્ઞાન અને માઇક્રોબાયોલોજી વિષય માટે ડા. વાય. જી. નાયક અને ડૉ. આર. ડી. દેસાઈને બદલે પ્રો. એમ. એસ. દુબલેની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૬ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૬૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૬૪. ઑર્ડિનન્સ ૩૭ અનુસાર તા. ૧૭-૧૧-૧૯૬૬થી ત્રણ વર્ષની મુદત માટે ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીના સભ્યપદે નિયુક્ત થયેલ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સદરહુ સમિતિનું સભ્યપદ સ્વીકારવા માટે સંમતિ આપી નથી, તો તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર બાકીની મુદત માટે શ્રી મગનભાઈ પ્ર. દેસાઈની જગ્યાએ આચાર્ય શ્રી. ય. પ્રા. શુક્લને નીમવા.

૬૫. શ્રી. આર. એમ. ભટ્ટના પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે સિન્ડિકેટે તેની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં ઠરાવ્યા અનુસાર નિમાયેલા રેફરી ડૉ. આર. વી. માથુરનો રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રમેશ એમ. ભટ્ટનો સદરહુ મહાનિબંધ તેના હાલના સ્વરૂપમાં પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારી શકાય નહિ એમ તેમને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. રમેશ એમ. ભટ્ટના માર્ગદર્શક આચાર્ય એસ. વી. દેસાઈને ડૉ. આર. વી. માથુરના રિપોર્ટની નકલ ખાનગી રાહે મોકલી આપવી.

૬૬. પ્રશ્નપત્ર તૈયાર કરતી વખતે અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં, વિકલ્પ પ્રશ્નો પૂછવાની પદ્ધતિ બાબતમાં ડિસેંબર માસની સિન્ડિકેટના ઠરાવ અન્વયે પ્રાશ્નિકોને આપવાની સૂચનાનો નીચેનો પાઠ મંજૂર કરવા બાબત:

"It had been the normal practice to give cumulative options at post-graduate examinations in various faculties in this University till 1964 when it was decided to introduce the mode of question-wise options in place of cumulative options. The entire question has since been reviewed by the appropriate authorities of the University and it has now been decided that the question of the mode of giving options, whether question-wise or cumulative, be left to the discretion of the paper-setters. It will, however, be necessary for the paper-setters to ensure that the entire syllabus is, as far as possible, be covered up, whatever be the mode of options."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનાનો ઉપરનો પાઠ મંજૂર કરવો.

૬૭. યુ.પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૭થી એમ.એસસી. પદવી ફિઝિકલ અને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. હાલ તે કૉલેજમાં નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે :

(૧) શ્રી. જે. ડી. તલાટી, માન્ય અનુસ્નાતક શિક્ષક, ઇનઓર્ગેનિક એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી

(૨) શ્રી. બી. પી. પટેલ, માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક, ઓર્ગેનિક કેમિસ્ટ્રી

૨. જે તે પદવી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે તે વિષયમાં સ્થાનિક શિક્ષકગણ પર ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર જે શિક્ષકગણ હોવો જોઈએ તેના સંદર્ભમાં ઉપરનો શિક્ષકગણ જોતાં અલગ અલગ વિષયની અંદર માન્યતા ધરાવનાર શિક્ષકો છે. આવી રીતે શિક્ષકગણ હોય તો અનુસ્નાતક કેન્દ્ર આપી શકાય કે કેમ તે વિચારવાનું રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. આર. ડી. દેસાઈ
૨. ડૉ. ડી. એમ. દેસાઈ.

૬૮. નવયુગ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, સુરતના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એ., એમ.એસસી. પદવી સ્ટેટિસ્ટિક્સ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા અંગે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ તે કૉલેજમાં શ્રી. ડી. જી. વશી માન્ય અનુસ્નાતક શિક્ષક સ્થાનિક શિક્ષકગણ પર છે અને બીજા એક માન્ય અનુસ્નાતક શિક્ષક શ્રી. જી. સી. પટેલ જૂન ૧૯૬૭થી તે કૉલેજમાં જોડાનાર છે. તેથી જૂન ૧૯૬૭માં અનુસ્નાતક કેન્દ્રને માટે પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. ખત્રી
૨. શ્રીમતી ઇન્દિરા ભાનોટ.

૬૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં એમ.એસસી. પદવી ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ તે કૉલેજમાં નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે :

૧. ડૉ. એન. જેડ. પટેલ, માન્ય અનુસ્નાતક શિક્ષક.
૨. શ્રી. એચ. વી. નાયક, જેઓ માન્યતાને પાત્ર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી
૨. ડૉ. જે. જે. ત્રિવેદી.

૭૦. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૭ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૭૧. તા. ૧૧-૧૨-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો :

"આથી ઠરાવવામાં આવે છે કે, રૂા. ૧૦૦૦ (રૂપિયા એક હજાર)ની કિંમતનાં નીચેનાં શીલ્ડો જ્યારે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કામ કરતી થાય ત્યારે તે યુનિવર્સિટીને સુપરત કરવાની શરતે દક્ષિણ વિભાગને સ્વીકારવાની મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. 'Shri K. L. Desai Shield' for individual Athletic Championship (Boys) presented by Shri K. L. Desai Farewell Committee, Surat.
2. 'Atul Shield' for individual Athletic Championship (Ladies) presented by Atul Products, Ltd., Atul, Via Bulsar.
3. 'Supreme Shield for Cricket' presented by Shri Ramanlal Pratapghadwala, the Proprietor of Supreme Hotel, Bulsar.
4. 'Lions Club, Bulsar Shield' for Volley-ball (Boys) presented by Lions Club, Bulsar.
5. 'Ghas Utpadak Sahkari Mandal Ltd., Vapi Shield' for Volley-ball (Ladies) presented by the Grass Producers Association, Vapi.
6. 'Shri Dandiwala Shield' for Tennis (Singles) (Boys) presented by Shri Dahyabhai B. Desai of Navsari.
7. 'Mafatlal Mills Shield' for Badminton (Boys) (Singles), presented by Mafatlal Mills, Navsari.
8. 'Shri K. S. Yusufali Badri Shooting Shield' presented by Sheth Shri Husenibhai Badri, Surat."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૨. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. પી. પી. મહેતાની બદલી ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં થવાથી સદરહુ કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા તથા તેમની તે વિષય અને પદવીની માન્યતા બદલી આપવા અંગે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—ધર્મેન્દ્રસિંહજી કૉલેજના સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એસ. એમ. શાહની બદલી ભાવનગરની શામળદાસ કૉલેજમાં શ્રી. પી. પી. મહેતાની જગ્યાએ થઈ છે તેથી શામળદાસ કૉલેજમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેમની નિમણૂક કરવાની થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શામળદાસ કૉલેજમાં અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. એમ. શાહની નિમણૂક કરવી.

૭૩. ભારત સરકાર દ્વારા આ યુનિવર્સિટીને જુદા જુદા વૈજ્ઞાનિક વિષયો માટે આપવામાં આવતી માસિક રૂા. ૨૫૦ની એક એવી ૧૨ રિસર્ચ ટ્રેનિંગ શિષ્યવૃત્તિઓ પૈકી નવ શિષ્યવૃત્તિઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી છે જ્યારે યોગ્ય લાયકાત ધરાવનાર વિદ્યાર્થીઓના અભાવે ત્રણ શિષ્યવૃત્તિઓ (ગણિતશાસ્ત્રમાંથી બે અને આંકડાશાસ્ત્રમાંથી એક) આપી શકાઈ નથી જેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૪. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૫-૧-૧૯૬૭ના ઠરાવ નં. વળભ. ૧૧૬૭-૨૦-૪ અનુસાર તા. ૧-૧-૧૯૬૭થી સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો વધારો યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી કર્મચારીઓને મોંઘવારી તથા બીજાં ભથ્થાં રાજ્ય સરકારના ધોરણે આપવામાં આવે છે. આ વધારાથી ખર્ચમાં અંદાજે વાર્ષિક રૂા. ૪૭,૦૦૦ જેટલો વધારો થશે. આ અંગેની અમુક ગ્રાન્ટ ગુજરાત સરકાર આપશે જે જાણ સારુ)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૫. સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. એમ. જી. પારેખની યુનાઇટેડ સ્ટેટ્સમાં સીનિયર પ્રોફેસર, પ્રોગ્રામ ફૉર ટીચિંગ એન્ડ રિસર્ચ માટે તા. ૧-૯-૧૯૬૭થી તા. ૩૧-૫-૧૯૬૮ સુધીના સમય માટે વરણી થઈ હોવાથી તે માટે તેમને રજા આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૫-૧૨-૧૯૬૬ના પત્રાંક ૨૦૪૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. જી. પારેખને યુનાઇટેડ સ્ટેટ્સમાં સીનિયર પ્રોફેસરોની મુલાકાતની યોજના હેઠળ, નીચે જણાવેલ શરતોએ તેમના હાલના મૂળ પગારે, તા. ૧-૯-૧૯૬૭થી તા. ૩૧-૫-૧૯૬૮ સુધી ખાસ રજા આપવી :

૧. રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

૨. તેમની મંજૂર કરવામાં આવેલી રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

૩. ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે; અને

૪. ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

૭૬. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લો કૉલેજ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. ઉપેન્દ્રભાઈ પંડ્યાની બદલી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં થવાથી તેમની જગ્યાએ ગુજરાત કૉલેજમાંથી આવેલ ગુજરાતી વિષયના માન્ય અનુસ્નાતક શિક્ષક શ્રી. એચ. એચ. બૂચની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. એચ. બૂચની નિમણૂક કરવી.

૭૭. તા. ૧૧-૧૨-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચેનાં શીલ્ડો ઉત્તર વિભાગને સ્વીકારવાની મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શીલ્ડનું નામ	કિંમત
(૧) અને (૨) શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા–સ્ટુડન્ટ્સ યુનિયન જલસ્પર્ધા તથા શૂટિંગ ટ્રોફી	દરેક રૂા. ૫૦૦
(૩) અને (૪) શ્રીમતી વિમુબહેન રમણુભાઈ ટ્રોફી ફોર લેડીઝ ઇન્ટરવિદ્યુઅલ એથ્લેટિક્સ ચૅમ્પિયનશિપ તથા બહેનોનું વૉલીબૉલ શીલ્ડ.	દરેક રૂા. ૫૦૦"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૮. તા. ૧૧-૧૨-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો:

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચેનાં શીલ્ડો પશ્ચિમ વિભાગને સ્વીકારવાની મંજૂરી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

	શીલ્ડનું નામ	કિંમત
૧.	શ્રી. જલારામ પ્રશસ્તિ શીલ્ડ—હૉકી (બહેનો) માટે	રૂા. ૭૦૦
૨.	શ્રી. સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ—જનરલ કૉલેજ ચૅમ્પિયનશિપ શીલ્ડ	રૂા. ૫૦૧
૩.	પી. ડી. એમ. કૉમર્સ કૉલેજ સ્ટુડન્ટ્સ યુનિયન વૉલીબૉલ ચૅમ્પિયનશિપ શીલ્ડ	રૂા. ૫૦૧
૪.	શેઠ શ્રી. પોપટલાલ ધનજીભાઈ માલવિયા તરફથી પશ્ચિમ વિભાગમાં જલસ્પર્ધા વિજેતાને આપવાનું શીલ્ડ	રૂા. ૫૦૧"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૬ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૮૦. તા ૨૮થી ૩૦ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન યોજાનાર ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સની ૧૯૬૭ની સભા ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદમાં યોજવા અંગે ભવનના અંગ્રેજીના પ્રોફેસર કે. આર. ચંદ્રશેખરનની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સનું ૧૯૬૭નું અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે બોલાવવા માટેનું પ્રોફેસર કે. આર. ચન્દ્રશેખરનનું સૂચન સ્વીકારી શકાય એમ નથી.

૮૧. સંલગ્ન કૉલેજોના આચાર્યો, માન્ય સંસ્થાઓના અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વડાઓ સહિતના શિક્ષકોના મતદાર વિભાગની (૧) વિનયન વિદ્યાશાખા, (૨) વિજ્ઞાન વિદ્યાશાખા, અને (૩) વાણિજ્ય વિદ્યાશાખા માટે ખાલી પડેલી જગ્યા માટે પેટા-ચૂંટણી માટે મતદાન-મથકો નક્કી કરવા તેમ જ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પેટાચૂંટણીઓ માટેનાં ચૂંટણી અધિકારીઓની નિમણૂકો આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ કરવી.

(મતદાન-મથકો અને ચૂંટણી અધિકારીઓનાં નામોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૮૨. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં એમ.એ. પદવી અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા માટે આવેલ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ-સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે:

(૧) શ્રી. એચ. સી. ત્રિવેદી—માન્ય અનુસ્નાતક શિક્ષક, જ્યારે

(૨) પ્રો. આઈ. શુક્લની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે અરજી આવેલી છે જેની ચકાસણી કરતાં તેઓ માન્યતાને પાત્ર થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ નીમવી :

૧. આચાર્ય એસ. આર. ભટ્ટ
૨. આચાર્ય વી. જે. ત્રિવેદી.

૮૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં એજ્યુકેશનના વ્યાખ્યાતા તરીકે નિયુક્ત થયેલ શ્રી. જે. એચ. શાહને વ્યાખ્યાતા તરીકે ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) શ્રી. જે. એચ. શાહ, બી.એસસી.માં બીજો વર્ગ તથા બી.એડ. અને એમ.એડ.માં પ્રથમ વર્ગ સાથે યુનિવર્સિટીમાં પ્રથમ આવેલ છે.

(૨) શ્રી. શાહ હાઈસ્કૂલનો ૯ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે, જે બી.એડ. થયા પહેલાંનો છે.

(૩) શ્રી. શાહ રિસર્ચ આસિસ્ટન્ટ તરીકેનો ૨ વર્ષ અને ૫ માસનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૮૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન ખાતે ઇકોનોમિક રિસર્ચ સેન્ટર સાથે શિક્ષણ અને રિસર્ચના કાર્ય માટે કરારની યોજના અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રો. બી. આર. શિનોયના તા. ૫-૧-૧૯૬૭ના પત્રથી આવેલો પ્રસ્તાવ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવના વિચારને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અનુમતિ આપે તો તે બાબત ઉપર આગળ વિચારણા કરવા માટે સિન્ડિકેટ ખુશી થશે અને તે અનુમતિ મળ્યેથી સદરહુ યોજનામાં સૂચવેલા કરારની શરતો અને અન્ય વિગતો પર ઘટતી વિચારણા કરવાની રહેશે.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૬૨૧૨૧/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૩૧, ૧૯૬૭.
માઘ ૧૧, ૧૮૮૮ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૫૪

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૩-૧૨-૧૯૬૬ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં ઠરાવ નં. ૩૬થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન અને ડે. રજિસ્ટ્રાર (ફાઇનાન્સ અને એકાઉન્ટ્સ) એ બે નવી જગ્યાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવી અને તે જગ્યા માટે લાયકાત અને પગારધોરણ નક્કી કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર, ડે. રજિસ્ટ્રાર, ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ગ્રંથપાલની જગ્યાઓ માટેનાં પગારધોરણો અંગે જરૂરી વિચારણા કરીને ઘટતી ભલામણ કરવા સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડવર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ડી. શાહનું પગારધોરણ સુધારવા અંગેની તેઓની તા. ૨૭-૯-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. સિન્ડિકેટે તા. ૩-૧૨-૧૯૬૬ની નીચેની બાબત આ સમિતિની વિચારણા કરવા મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી તેમના તા. ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માંગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવ્યું કે બાબત નં. ૩૫માં જણાવવામાં આવેલી માંગણીઓ જોઈ-તપાસીને રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું અને સદરહુ રિપોર્ટ આવે તે દરમ્યાન બાબત નં. ૩૪ની વિચારણા મોકૂફ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સભા સમક્ષ થયેલ ચર્ચાના અનુસંધાનમાં જરૂરી માહિતી મંગાવી સમિતિ સમક્ષ આ બાબત ફરીથી રજૂ કરવી.

૪. સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની નીચેની બાબત સમિતિની વિચારણા કરવા મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત. તા. ૧૨-૧૦-૧૯૬૬ના રોજની અમદાવાદ વિભાગ સ્થાનિક રમત સમિતિની નીચેની ભલામણ.

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ વિભાગનું કામ સરળતાથી કરી શકે તે માટે સ્કૂટર અગર મોટર-સાઇકલ લેવા માટે શ્રી. એલ. એ. ઠક્કરને રૂપિયા બે હજારની લોન આપવા માટે આ સ્થાનિક રમત સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એલ. એ. ઠક્કરને નીચેની શરતોએ સ્કૂટર માટે રૂપિયા બે હજારની લોન આપવી :

(૧) ઉપરોક્ત રકમ સરખા ૫૦ હપ્તાથી વસૂલ કરવામાં આવે;

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવે; અને

(૩) સ્કૂટરનો વીમો ઉતરાવી યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.

૫. યુનિવર્સિટી ઇજનેર તથા એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ સર્વશ્રી આર. એચ. શાહ અને પી. ડી. મિસ્ત્રીને યુનિવર્સિટીના કામને પહોંચી વળવા માટે વાહન ઉપર બહાર જવું પડે છે તો માસિક સ્કૂટર-એલાવન્સ આપવા અંગે તેઓની અનુક્રમે તા. ૨૭-૧૦-૧૯૬૬ અને તા. ૨૮-૧૦-૧૯૬૬ની અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઇજનેર તથા એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટને યુનિવર્સિટીના કામકાજ માટે બહાર જવાનું થાય ત્યારે સિન્ડિકેટે તેની તા. ૩-૩-૧૯૬૨ની સભાના ઠરાવ નં. ૨૯માં જણાવ્યા પ્રમાણે સ્કૂટર માઈલેજ ભથ્થું કે ખરેખર ખર્ચ આપવામાં આવે છે તે પ્રથાને અનુલક્ષીને સદરહુ વિનંતી મંજૂર કરવાની જરૂર જણાતી નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૫૫

ફાઇનાન્સ સમિતિની સભા તા. ૧૯-૧૨-૧૯૬૬ના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૩. શ્રી એમ. સી. દેસાઈ	હાજર
૪. શ્રી એમ. પી. પંડ્યા	ગેરહાજર.

૧. આ સમિતિની તા. ૧૦-૧૧-૧૯૬૬ની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગ્રંથાલય માટે સ્ટીલના ઘોડા ખરીદવા આવેલા ભાવો તપાસી નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથાલય માટે સ્ટીલના ઘોડાનાં એક એક નંગ નીચેના વેપારીઓ પાસેથી અજમાયશી ધોરણે ખરીદવાં અને તે જોઈ બાકીના ખરીદવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી :

સ્ટીલના ઘોડા	૧. જય ઇન્ડસ્ટ્રિયલ વર્ક્સ	— રૂ. ૯૬૮
	૨. ભાવના સ્ટીલ પ્રોડક્ટસ	— રૂ. ૮૭૦

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય કરવામાં આવેલી સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને તા. ૧-૧-૧૯૬૭થી નીચેના દરે મોંઘવારી ભથ્થું આપવા માટે જે તે કૉલેજો અને સંસ્થાઓને જણાવવું :

મૂળ પગાર	મોંઘવારી ભથ્થું
રૂા.	રૂા.
૫૦ સુધી	૮૨
૫૧થી ૬૪	૯૨
૬૫થી ૧૦૦	૧૦૫
૧૦૧થી ૧૦૪	૧૧૦
૧૦૫થી ૧૫૦	૧૧૫
૧૫૧થી ૧૬૪	૧૨૦
૧૬૫થી ૨૫૫	૧૩૩
૨૫૬થી ૩૨૯	૧૫૮
૩૩૦થી ૫૦૦	૧૬૫
૫૦૧થી ૭૫૦	૧૯૦
૭૫૧થી ૧૦૦૦	૧૯૫
૧૦૦૧થી ૧૦૯૯	મૂળ પગાર અને રૂા. ૧૧૯૫ વચ્ચેના તફાવત જેટલી રકમ.
૧૧૦૦થી ૨૨૫૦	૯૫
૨૨૫૧થી ૨૩૪૪	મૂળ પગાર અને રૂા. ૨૩૪૫ વચ્ચેના તફાવત જેટલી રકમ.

૩. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો જે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભામાં મંજૂર કરી છે, તે પર વિચારણા કરવા બાબત :

"(1) Resolved to recommend that in view of the fact that it will not be possible for a single college to subscribe to several important journals in Psychology and also in view of the

fact that every important text-book is accompanied by a test film to facilitate learning the subject, the University may make suitable arrangements to establish circulating library of journals and films for the use of all the affiliated colleges.

(2) Resolved to recommend that at the Second B.A. and Third B.A. in the Experimental Psychology paper, as there are two parts—Part I, Theory including Statistics; and Part II, Practicals—for each part two periods per week should be assigned.

(3) Resolved to recommend that at M.A. Part II Psychology, a teacher should not be permitted to guide more than five dissertations.

For every dissertation which is passed in the examinations, the guide should be remunerated with an honorarium of Rs. 100."

૧. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણમાં રહેલા સિદ્ધાંતનો સ્વીકાર કરવો.

૨. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેનો અનુસ્નાતક નિયમ નં. ૩૭–એ તાત્કાલિક રદ કરવો :

Post-graduate Rule 37 (a) :

"The recognised post-graduate teacher guiding students for the subject or subjects of Master of Arts or the Master of Science Examination or in the subjects comprised under the Faculty of Medicine, as the case may be, shall be paid an honorarium of Rs. 100/- per dissertation submitted and accepted subject to a maximum of Rs. 300/- in all in any particular year."

૪. જગતના ધર્મોનું શિક્ષણ આપવા માટે શિક્ષકોની પાત્રતા અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે જગતના ધર્મોનું શિક્ષણ આપવા માટે ફારસી અને અરબી ભાષામાં એમ.એ.ની પદવી ધરાવતા શિક્ષકોને પણ માન્યતા આપવા અંગે એકેડેમિક કાઉન્સિલને તથા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૬ ની ભલામણ અનુસાર, રેગ્યુ. આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૭નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨ ને જૂન ૧૯૬૮ થી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ ને જૂન

૧૯૬૬થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"**R. Arts-2** (Relevant Part):

English (Principal)—*Paper I*:

This paper will consist of three prescribed text-books. These books will be prescribed from Novel, Drama, Poetry and other Prose Publications of the 19th century or Modern English Literature.

R. Arts-7 (Relevant Part):

English (Principal)—*Paper IV*:

This paper will consist of three prescribed text-books. These books will be selected from Novels, Poetry and other Prose of 18th century English Literature.

History of 18th century is not part of this paper."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨ને જૂન ૧૯૬૮થી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને જૂન ૧૯૬૯થી અમલમાં મૂકવા.

૬. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર થતે બી.એ. ના રેગ્યુ. આર્ટ્સ-૨૨ માં સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનો પ્રશ્નપત્ર ૬ નીચે મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Paper VI:

(1) Grammar	..	35 marks
(2) Linguistics	..	35 marks

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરી તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવી.

૭. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર થતે બી.એ. ના હિંદી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ-૨૨નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Paper IX:

(1) Translation (From English into Hindi nearly 15 lines)	..	10 marks

(2)	Precis writing (Prose: about 20 lines)	..	10 marks
	or		
	Expansion of a piece of poetry or prose	..	10 marks
(3)	(*a*) Origin from and development of Hindi language and its place in the language families of the world	..	30 marks
	(*b*) Hindi grammar with special reference to the development of the language	..	20 marks

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

૮. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર એમ.એ., ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષની પરીક્ષાના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૬ નો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Paper VI (M.A., Part II—Hindi):
Essay, Criticism and History of Literature.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવી.

૯. ઇસ્લામિક કલ્ચર વિષયનો ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ. તથા એમ.એ. ભાગ ૧ અને ૨ માટેનો અભ્યાસક્રમ, ઇન્ડિયન કલ્ચરની અભ્યાસસમિતિ ની તા. ૨૬-૯-૧૯૬૬ની ભલામણ અનુસાર મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૨, આર્ટ્સ-૭, આર્ટ્સ-૧૨ તથા રેગ્યુ. એમ.એ. આર્ટ્સ-૪ અને ૭ને સુધારવા તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ને તથા રેગ્યુ. એમ.એ. આર્ટ્સ-૪ અને ૭ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ તથા રેગ્યુ. એમ.એ.-૪ અને ૭ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ તથા રેગ્યુ. એમ.એ. ૪ અને ૭ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૦. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર એમ.એ. ભાગ ૨ના મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ.-૭નો સંબંધકર્તા ભાગ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. એમ.એ.-૭ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. એમ.એ. ૭ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧. પૉલિટિકલ સાયન્સની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર એમ.એ. ભાગ ૨ના ગ્રુપ ૯ અને ૧૦ના પૉલિટિકલ સાયન્સ વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સ્વીકારવા તથા એમ.એ. રેગ્યુ. ૮માં જરૂરી સુધારો કરવા તથા તેનો અમલ જૂન ૧૯૬૭થી કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. એમ.એ. ૮ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(સુધારેલા રે. એમ.એ. ૮ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૨. લેબર વેલ્ફેરની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર લેબર વેલ્ફેરનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે માટેનો રેગ્યુ. ૨૩૧ નીચે મુજબ સુધારવા તથા અભ્યાસક્રમ અંગેનો રેગ્યુ. ૨૩૨ અભ્યાસક્રમના પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

R. 231 :

The examination for the Master of Labour Welfare shall consist of—

1. Written examination of eight papers each of 100 marks : 800
2. Viva-voce : 100 marks
3. Practical work : 100 marks.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. ૨૩૧ અને ૨૩૨ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા.

(રે. ૨૩૨ની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૩. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિજ્ઞાનના ફિઝિકસ વિષયના અભ્યાસક્રમ અંગેનો રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો.

(રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે)

૧૪. ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૮-૧૨-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભામાં સ્વીકારી હોઈ તે પર વિચારણા કરવા બાબત:

(૧) એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી.ના ગણિતના અભ્યાસક્રમો સરખા જ છે અને બન્નેમાં બે પેપરો છે. એસ.વાય.બી.એ. તથા એસ.વાય.બી.એસસી.ના ગણિતના અભ્યાસક્રમો પણ સરખા જ છે અને બન્નેમાં ત્રણ પેપરો છે. ટી.વાય.બી.એ. તથા ટી.વાય.બી.એસસી.ના

પણ એ જ પ્રણાલી પ્રમાણે સરખા અભ્યાસક્રમો રાખવા અને બન્નેમાં પાંચ થિયરી પેપર અને એક પ્રેક્ટિકલ પેપર એમ રાખવું.

(૨) આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાના ત્રીજા વર્ષના અભ્યાસક્રમો રાખવા અને તે અંગેના સંબંધકર્તા સુધારેલા રેગ્યુ. સાયન્સ-૧૪, રેગ્યુ. સાયન્સ-૧૫ તથા રેગ્યુ. આર્ટ્સ-૧૧ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે.

To teach Principles of Mechanics at Third B.A. and Third B.Sc. and to teach Geometries at Second B.A. and Second B.Sc., the following changes may be made :

In R. Sc. 8-A, Paper V : Principles of Mechanics should be replaced by Paper VIII : Analytical Geometry, Solid Geometry and Plane Differential Geometry of R. Sc. 15(9) and henceforth this paper of Geometries should be called as Paper V. This change should come into force from June 1967.

In R. Sc. 15(9), Paper VIII : Analytical Geometry, Solid Geometry and Plane Differential Geometry should be replaced by Paper V : Principles of Mechanics of R. Sc. 8-1 and henceforth this paper of Principles of Mechanics should be called as Paper VIII. This change should come into force from June, 1968.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર સુધારેલા રેગ્યુ. સાયન્સ-૧૪, રેગ્યુ. સાયન્સ-૧૫ તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૧ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ને જૂન ૧૯૬૭ની અમલમાં મૂકવા.

(રે. સાયન્સ-૧૪, રે. સાયન્સ-૧૫ તથા રે. આર્ટ્સ-૧૧ અને રે. આર્ટ્સ-૧૨ની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે)

૧૫. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૭-૨-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર એમ.એસસી. ભાગ ૨ ની પરીક્ષામાં માઇક્રોબાયોલોજી વિષય માટે પેપર ૬ અને પ્રાયોગિક કામ ૬ના વિકલ્પે ડિઝર્ટેશન રાખવા દેવાની જે જોગવાઈ છે તેને બદલે ડિઝર્ટેશન અંગે નીચે મુજબ જોગવાઈ રાખવા અને તે માટે રેગ્યુ. એમ.એસસી.-૬માં સુધારો કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"A student may offer Dissertation in lieu of practicals of 150 marks. The dissertation should be prepared under the guidance of recognised University teacher."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એસસી.-૬ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

૧૬. એન્જિનિયરિંગ અભ્યાસક્રમના નવા ડિગ્રી અભ્યાસક્રમની પાંચ વર્ષની પરીક્ષાઓના નામાભિધાન અંગેના વિદ્યાશાખાના ડીનના તા. ૨૩-૧૨-૧૯૬૬ના આવેલ સૂચન ઉપર વિચારણા કરી ઓ. ન્યૂ-૨ નીચે મુજબ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

O. New-2 :

A candidate will be required to pass five examinations—
(1) B.E. I
(2) B.E. II
(3) B.E. III
(4) B.E. IV
(5) B.E.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઓર્ડિ. ન્યૂ-૨ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૭. કાયદાની વિદ્યાશાખાની તા. ૪-૧-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર એલએલ.એમ.ની પરીક્ષા બે તબક્કે (જુનિયર અને સીનિયર એલએલ.એમ.) તરીકે લેવા અને તે માટેના અભ્યાસક્રમ તથા પ્રવેશ અને ઉત્તીર્ણતાનાં ધારાધોરણો અંગેના ઓર્ડિ. લૉ ન્યૂ-૬, ૬-એ તથા રેગ્યુ. લૉ ન્યૂ-૧૨ અને ૧૭ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૭થી ક્રમશ: અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા ઓર્ડિ. લૉ ન્યૂ-૬, ૬-એ તથા રેગ્યુ. લૉ ન્યૂ-૧૨ અને ૧૭ને જૂન ૧૯૬૭થી ક્રમશ: અમલમાં મૂકવા.

(ઓર્ડિ. લૉ ન્યૂ-૬, ૬-એ તથા રેગ્યુ. લૉ ન્યૂ-૧૨ અને ૧૭ની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૮. પ્રી-ક્લિનિકલ અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૬ની સભાનો ઠરાવ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

સેક-૬ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમને લગતા રેગ્યુ. ૧૭૪ માં (૨) પેથોલૉજી, બેક્ટિરિયોલૉજી વગેરે પ્રશ્નપત્ર માટે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબનો અભ્યાસક્રમ રાખવા અને ફોરેન્સિક મેડિસિનને ક્રમાંક (૩) આપવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૭૪માં ઘટતો સુધારો કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાએ ભલામણ કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. ૧૭૪ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(રે. ૧૭૪ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૯. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૫-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર સેકન્ડ અને થર્ડ બી.એસસી.ના સ્ટેટિસ્ટિક્સ વિષયના અભ્યાસક્રમો અંગેના રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા.

(રે. સાયન્સ-૮ અને ૧૫ની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૨૦. એમ.ડી. અને એમ.એસ.ના અભ્યાસક્રમો ફેબ્રુઆરી ૧૯૬૭થી ત્રણ વર્ષના કર્યા હોવાથી તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર નીચેના ઑર્ડિ. તથા રેગ્યુ. સુધારવા, નવા ઘડવા તથા રદ કરવા તથા તેમને ફેબ્રુઆરી ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

(૧) ઑર્ડિ. ૨૭૩, ૨૭૪, ૨૭૮, ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૫-એ, ૨૮૬, ૨૮૭, ૨૯૧, ૨૯૪, ૨૯૫, ૨૯૬, ૨૯૭, ૨૯૮ અને ૨૯૮-એ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા.

(૨) રેગ્યુ. ૧૮૫ અને ૧૮૮ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા.

(૩) ઑર્ડિ. ૨૮૫-બી નવો ઉમેરવો.

(૪) ઑર્ડિ. ૨૭૫, ૨૮૨-બી અને ૨૮૮ રદ કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તેને ફેબ્રુઆરી ૧૯૬૭થી અમલમાં મૂકવી.

(ઉપરોક્ત ઑર્ડિ. તથા રેગ્યુ.ની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૨૧. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૮-૧-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર ફાઇનલ બી.ડી.એસ.ની પરીક્ષાને લગતો રેગ્યુલેશન ૨૫૫-એ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવા તથા તેને ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષાથી અમલી બનાવવા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. ૨૫૫-એ ને ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

(રેગ્યુ. ૨૫૫-એ ની નકલ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૨૨. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૨-૧૨-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવા તથા રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને [illegible]રના સંબંધકર્તા ભાગમાં અભ્યાસક્રમો ઉમેરવા તથા તેને જૂન ૧૯૬૭થી ક્રમશઃ અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ના સ્ટેટિસ્ટિક્સ (મુખ્ય) વિષયના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે—

(૧) પ્રી-યુનિ. વિનયનમાં જેમણે ગણિત વિષય લીધો હોય તેવા જ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ લઈ શકશે;

(૨) ફસ્ટ યી.એ.માં ગણિત વિષય સાથે જ આ અભ્યાસક્રમ રાખી શકશે;

(૩) ઓડિ. આર્ટ્સ-૬ના ગ્રુપ ૨માં આ વિષયને ઉમેરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ને જૂન ૧૯૬૭થી ક્રમશઃ અમલમાં મૂકવા.

(રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૨૩. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૬૭ની ભલામણ અનુસાર એમ.એ. ભાગ ૧ અને એમ.એ. ભાગ ૨ માટેનો સમાજશાસ્ત્રનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને લગતા રેગ્યુ. એમ.એ.-૫ અને રેગ્યુ. એમ.એ.-૮માં ઘટતો ફેરફાર કરવા તથા તેને જૂન ૧૯૬૭થી ક્રમશઃ અમલી બનાવવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૨-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. એમ.એ.-૫ અને રેગ્યુ. એમ.એ.-૮ને જૂન ૧૯૬૭થી ક્રમશઃ અમલમાં મૂકવા.

(રેગ્યુ. એમ.એ.-૫ અને રેગ્યુ. એમ.એ.-૮ની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૨૪. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લો કૉલેજ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પી. પી. મહેતાના નામને બદલે 'શ્રી. એસ. એમ. શાહ' એમ સિન્ડિકેટની તા. ૬-૧-૧૯૬૭ની મિનિટ્સમાં છપાયું હોવાથી તે છાપભૂલ સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૫. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં સ્થાપવામાં આવેલ એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં નવા સત્રથી પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જી. ટી. શાહની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જી. ટી. શાહની નિમણૂક તા. ૧૫-૬-૧૯૬૭થી કરવી.

૨૬. ડીન, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર તરફથી તેમની કૉલેજમાં ડી.પેડ. (પેડિયાટ્રિક્સ) વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગેની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે અને તે નિયમ મુજબ પર્યાપ્ત છે :

૧. ડૉ. જે. એસ. આનંદા : માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. ડૉ. હરિકિશન ગોર : માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. મણિભાઈ દેસાઈ
૨. ડૉ. સોમાભાઈ પટેલ.

૨૭. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે નીચે દર્શાવેલ ત્રણ મુખ્ય વિષય માટે તેની સામે દર્શાવેલ શિક્ષકોની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

૧.	મેડિસન	:	ડૉ. એચ. એચ. શાહ
૨.	સર્જરી	:	ડૉ. એચ. એલ. પટેલ
૩.	મિડવાઇફરી એન્ડ ગાયનેકોલોજી	:	ડૉ. એસ. એમ. સેન.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનાં ઉપર જણાવેલાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેમની સામે જણાવેલ વ્યક્તિઓની નિમણૂક તા. ૧૫-૬-૧૯૬૭થી કરવી.

૨૮. આચાર્ય, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ તરફથી તેમની કૉલેજમાં એમ.એ. પદવી અર્થશાસ્ત્ર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નિયત મુજબ જૂન માસમાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ થશે :
૧. શ્રી. એસ. એલ. પટેલ : માન્ય અનુસ્નાતક શિક્ષક —જૂથ "સી" અને "ડી"
૨. શ્રી. આર. એન. દેસાઈ : માન્ય અનુસ્નાતક શિક્ષક —જૂથ "એ" અને "સી")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય એ. આર. દેસાઈ
૨. શ્રી. જિતેન્દ્ર ધોળકિયા.

૨૯. આચાર્ય, પી. બી. સાયન્સ એન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ, તરફથી તેમની કૉલેજમાં એમ.એ. પદવી ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્ર માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નિયમાનુસાર જૂન ૧૯૬૭માં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે :
૧. શ્રી. પી. આર. તેરૈયા : માન્ય અનુસ્નાતક શિક્ષક —જૂન ૧૯૬૭થી જોડાશે.
૨. શ્રી. જે. જે. દવે : માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક
૩. શ્રી. એસ. જી. શાહ : માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય રામપ્રસાદ શુકલ
૨. શ્રી. જયંતકુમાર પાઠક.

૩૦. પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટેના ગદ્યપદ્યસંગ્રહોમાં સમાવિષ્ટ કરવા માટે પસંદ કરેલી કૃતિઓના કોપીરાઇટ મેળવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૩-૬-૧૯૬૨ની સભામાં મંજૂર કરેલ કરારનામાના મુસદ્દામાં પ્રથમ ફકરાના છેલ્લા વાક્યમાં નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત:

"I also undertake not to grant similar permission from now till.....to any party other than the Gujarat University in the Gujarat State."

(નોંધ.—સદરહુ વાક્યમાં "In the Gujarat State" એટલો ઉમેરો કરવા કાર્યાલયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૩૧. યુનિવર્સિટી પ્રકાશનોના વેચાણ પર નકલોની સંખ્યા પર હાલ જે વળતર અપાય છે તે ઉપરાંત કુલ ખરીદકિંમત પર નીચે જણાવેલ દરે કોલેજોને, પુસ્તક-વિક્રેતાઓને તથા જાહેર જનતાને વળતર આપવા અંગે વિચારણા કરવા બાબત:

૧. રૂા. ૫૦થી વધુ અને રૂા. ૧૦૦ સુધીનાં કુલ ખરીદીના ઑર્ડર પર ... ૧૦ ટકા વળતર
૨. રૂા. ૧૦૧ કે તેથી વધુ અને રૂા. ૨૫૦ સુધીનાં કુલ ખરીદીના ઑર્ડર પર ... ૧૫ ટકા વળતર
૩. રૂા. ૨૫૧ કે તેથી વધુ અને રૂા. ૫૦૦ સુધીની કુલ ખરીદીના ઑર્ડર પર ... ૨૦ ટકા વળતર
૪. રૂા. ૫૦૧ કે તેથી વધુ કિંમતનાં ખરીદીના ઑર્ડર પર ... ૨૫ ટકા વળતર

(નોંધ.— પ્રત્યેક કિસ્સામાં પેકિંગ અને રવાનગી ખર્ચ ખરીદનારે ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો.

૩૨. એમ. એન. કોલેજ, વીસનગરમાં અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિયુક્ત થયેલા શ્રી. પી. જે. તોલિયાને ખૂટતા શૈક્ષણિક અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને માત્ર ચાલુ વર્ષ પૂરતું શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. તોલિયા બી.એ.ની પદવી હિંદી સાથે પાસ વર્ગમાં, એમ.એ.ની પદવી સંપૂર્ણ હિંદી સાથે બીજા વર્ગમાં તથા સંપૂર્ણ અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જે. તોલિયાની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવી અને સદરહુ કોલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૩. અને ૧૯૬૬-૬૭ના વર્ષ માટે આચાર્ય કે. જી. નાયક સુવર્ણચંદ્રક (વિજ્ઞાન વિદ્યાશાખા) અનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત:

"A Gold Medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of about Rs. 190/- shall be awarded annually alter-

nately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person from amongst the teachers in the affiliated colleges or recognised institutions, or in Departments of the Gujarat University whose Research work published during the years preceding the Convocation is adjudged to be of the highest merit by a special committee of experts, who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This Committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. રૉ. આર. ડી. દેસાઈ
૨. પ્રો. એ. આર. પટેલ (વલ્લભવિદ્યાનગર)
૩. પ્રો. એ. આર. ચૌહાણ (એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા).

૩૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા શ્રી. નાનુ મોતીના અજમાયશી સમય તા. ૨૮-૫-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. નાનુ મોતીની નિમણૂકનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે આ લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે.

૩૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં માળી તરીકે કામ કરતા શ્રી. રામકુમાર રામલાલને તા. ૧૦-૨-૧૯૬૭ થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૨-૨-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૧-૨-૧૯૬૪થી જોડાયા હતા અને તેમને તા. ૧૦-૨-૧૯૬૭થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામકુમાર રામલાલને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૩૬. યુનિવર્સિટી કાર્યાલયના જુ. કલાર્ક શ્રી. જે. આઈ. વ્યાસ રાજીનામું આપી તા. ૪-૨-૧૯૬૭થી ફારેગ થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧૧-૬-૧૯૬૪ના રોજ જોડાયા હતા અને તા. ૪-૨-૧૯૬૭ના રોજથી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. આઈ. વ્યાસને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બી. કે. સોની	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૨.	શ્રી. બી. ટી. સોલંકી	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૩.	કુ. હીરાબહેન બી. પરમાર	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૪.	શ્રીમતી રજનીબહેન જે. પરીખ	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૫.	શ્રી. કે. કે. દવે	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૬.	કુ. નિરંજના એલ. શાહ	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૭.	શ્રી. બિપિનચંદ્ર એમ. ગાંધી	જુ. ક્લાર્ક	૨૦-૫-૧૯૬૭	૨૧-૫-૧૯૬૭
૮.	શ્રી. જયંતીલાલ એસ. પંડ્યા	જુ. ક્લાર્ક	૨૫-૫-૧૯૬૭	૨૬-૫-૧૯૬૭
૯.	શ્રી. સુરેશ બી. ચિત્રે	જુ. ઓપરેટર	૧૩-૫-૧૯૬૭	૧૪-૫-૧૯૬૭
૧૦.	શ્રી. આત્મારામ મંગાજી ચાવડા	પટાવાળા	૧૨-૫-૧૯૬૭	૧૩-૫-૧૯૬૭
૧૧.	શ્રી. અનિલકુમાર એચ. શાહ	પટાવાળા	૧૩-૫-૧૯૬૭	૧૪-૫-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બી. કે. સોની	જુ. ક્લાર્ક	૨૧-૫-૧૯૬૭
૨.	શ્રી. બી. ટી. સોલંકી	,,	૨૧-૫-૧૯૬૭
૩.	કુ. હીરાબહેન બી. પરમાર	,,	૨૧-૫-૧૯૬૭
૪.	શ્રીમતી રજનીબહેન જે. પરીખ	,,	૨૧-૫-૧૯૬૭
૫.	કુ. નિરંજના એલ. શાહ	,,	૨૧-૫-૧૯૬૭
૬.	શ્રી. બિપિનચંદ્ર એમ. ગાંધી	,,	૨૧-૫-૧૯૬૭
૭.	શ્રી. જયંતીલાલ એસ. પંડ્યા	,,	૨૬-૫-૧૯૬૭
૮.	શ્રી. સુરેશ બી. ચિત્રે	જુ. ઓપરેટર	૧૪-૫-૧૯૬૭
૯.	શ્રી. આત્મારામ મંગાજી ચાવડા	પટાવાળા	૧૩-૫-૧૯૬૭.

(૨) નીચે જણાવેલા સભ્યોનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે આ લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે :

ક્રમાંક	નામ	હોદ્દો
૧.	શ્રી. કે. કે. દવે	જુ. ક્લાર્ક
૨.	શ્રી. અનિલકુમાર એચ. શાહ	પટાવાળા

આ પછી ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીને બહાર જવાનું થતાં તેમની ગેરહાજરીમાં શ્રી. બટુભાઈ હ. દેસાઈએ પ્રમુખપદ સંભાળ્યું.

બાબત નં. ૩૮થી ૫૦ સુધીની વિચારણા તા. ૫-૩-૧૯૬૭ના રોજ કરવાનું ઠરાવવામાં આવ્યું. અને તા. ૫-૩-૧૯૬૭ના રોજ સભાગૃહનું કામકાજ શરૂ થતાં બાબત નં. ૮૯ (જેની વિચારણા તા. ૪-૩-'૬૭ના રોજ થઈ ગઈ હતી) પછી તેની વિચારણા હાથ ધરવામાં આવી.

૫૧. મહારાજાશ્રી ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગોંડલમાં જગતના ધર્મો વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક મળી નહિ શકતા હોવાથી મનોવિજ્ઞાનના બે સમયના ટ્યૂટર તરીકે નિયુક્ત થયેલ શ્રી. આર. એન. પટેલને ફક્ત ચાલુ સત્ર પૂરતા જગતના ધર્મો અને મનોવિજ્ઞાન બન્ને વિષયોનું શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. આર. એન. પટેલ બી.એ.ની પદવી અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાન સાથે પાસ વર્ગમાં ધરાવે છે. એમ.એ.ની પદવી સંપૂર્ણ મનોવિજ્ઞાન સાથે પાસ વર્ગમાં ધરાવે છે. બી.એ. પુનઃ સંપૂર્ણ મનોવિજ્ઞાન સાથે બીજો વર્ગ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ફક્ત ચાલુ સત્ર પૂરતી નભાવી લેવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકને જ જગતના ધર્મોનું શિક્ષણકાર્ય સોંપવું આવશ્યક રહેશે.

૫૨. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળામાં સંસ્કૃતના ટ્યૂટર તરીકે નિમાયેલ વ્યક્તિને ડૉ. એસ્થર સોલોમનના અભિપ્રાયને અનુલક્ષીને સંસ્કૃતની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મુજબ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત:

"સંસ્કૃતની અભ્યાસસમિતિની આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે જે જે કૉલેજમાં બી.એ. કક્ષા સુધી મુખ્ય વિષય તરીકે સંસ્કૃત વિષય શીખવાતો હોય તે તે કૉલેજોમાં એક ઉચ્ચ કક્ષાના આચાર્ય થયેલા પંડિતને પોતાના સ્ટાફ ઉપર વધારાના શિક્ષક તરીકે રાખે તે સંસ્કૃતના શિક્ષણ માટે આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પુરોહિતને સંસ્કૃતના ટ્યૂટર તરીકે માન્ય કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પંડિતો અને શાસ્ત્રીઓ માટે શિક્ષકો તરીકે માન્ય કરવા માટેનાં લાયકાતનાં ધોરણો સૂચવવા માટે સંસ્કૃતની અભ્યાસસમિતિને જણાવવું.

૫૩. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૬થી ચાલુ તથા વધારાના જોડાણ અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આવેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં શરતોના પરિપાલનમાં રહેલી ક્ષતિઓ અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સમિતિ નીમી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો અહેવાલ સ્વીકારવો અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૫૪. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, હમણ અંગે નીચેની બાબતો પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) ગુજરાતી અને હિન્દીના વિષયો એક જ શિક્ષક દ્વારા શીખવાય છે.

(૨) જોડાણની શરતરૂપે આચાર્યને ભાડામુક્ત રહેઠાણ અપાતું નથી.

૧. આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી ગુજરાતી અને હિન્દીના વિષયોનું શિક્ષણકાર્ય તે તે વિષયોના યોગ્ય લાયકાત ધરાવતા અલગ અલગ શિક્ષકોને સોપવું આવશ્યક રહેશે, એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની શરતોરૂપે સદરહુ કૉલેજના આચાર્યને ભાડામુક્ત રહેઠાણ આપવું જોઈએ તે હજુ સુધી અપાયું નથી તે બાબતની ગંભીરતા સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને જણાવીને તેનું પરિપાલન વિનાવિલંબે કરવા માટે લખી જણાવવું.

૫૫. સંલગ્ન સરકારી કૉલેજોમાં કાર્ય કરતા શિક્ષકોને આપવામાં આવતા પગારમાં મોંઘવારી ભથ્થાનો અમુક ભાગ ઉમેરેલો (merged) હોવાથી યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ અને મોંઘવારી ભથ્થાના કોઠા અનુસાર તે શિક્ષકોને મોંઘવારી ભથ્થું મળતું નહિ હોવાથી તે અંગે ઘટતી વિચારણા કરવા બાબત

(નોંધ.—જે ઉમેરાયેલું મોંઘવારી ભથ્થું મૂળ પગારમાંથી બાદ કરીએ તો તે કક્ષાના શિક્ષકો માટે યુનિવર્સિટીએ નિયત કરેલ મૂળ પગાર જેટલો પગાર સરકારી કૉલેજોના શિક્ષકોને મળે છે એમ કહી શકાય નહિ.)

અને

૬૫. સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવા અંગેના કાર્યાલયના પત્રના સંદર્ભમાં ડિરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી તા. ૬-૨-૧૯૬૭ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫૫ અને ૬૫ની વિચારણા એકસાથે કરવામાં આવી તે પછી ઠરાવવામાં આવ્યું કે, સરકારી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પગારધોરણો અને મોંઘવારી ભથ્થું, યુનિવર્સિટીના નિયમો પ્રમાણે શિક્ષકોને મોંઘવારી ભથ્થું તેમના પગારમાં ભેળવવામાં આવેલું નથી તે હકીકતના સંદર્ભમાં આપવા માટે તે દૃષ્ટિબિંદુ ખ્યાલમાં રાખીને તે અંગેનો આખો પ્રશ્ન ગુજરાત રાજ્યે નીમેલ વેતન પંચ (Pay Commission)ની સમક્ષ યોગ્ય રીતે રજૂ કરવા માટે રાજ્ય સરકારને જણાવવું.

૬૬. તા. ૨૬-૧૨-૧૯૬૬ની સિન્ડિકેટની સભામાં સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે તા. ૧-૩-૧૯૬૬થી તા. ૩૦-૯-૧૯૬૬ સુધીના સમયના ગાળા માટે મોંઘવારી ભથ્થાના જે દરો મંજૂર કરવામાં આવ્યા છે તે અંગે નીચેના મુદ્દાઓ પર વિચારણા કરવા બાબત :

(૧) સ્નાતક પદ ધરાવતા ડેમોન્સ્ટ્રેટરોનું પગારધોરણ રૂા. ૧૩૦-૦૦થી શરૂ થાય છે જ્યારે સિન્ડિકેટે રૂા. ૧૫૦-૦૦થી શરૂ કરીને પગાર ધરાવનાર શિક્ષક માટે મોંઘવારી ભથ્થાના દરો સુધાર્યા છે. આથી આ કક્ષાના શિક્ષકોને રાજ્ય સરકારે સુધારેલા દરોનો લાભ મળતો નથી.

(૨) સ્નાતક કક્ષાના ડેમોન્સ્ટ્રેટરોને આવરી લેતા રૂા. ૧૦૫થી રૂા. ૧૫૦ અને રૂા. ૧૫૧થી રૂા. ૧૬૪, એ પ્રમાણેનાં પગારધોરણો માટેના રાજ્ય સરકારના મોંઘવારી ભથ્થાના દરો અપનાવવામાં આવે તો સિન્ડિકેટે રૂા. ૧૫૦થી ૧૬૪ના પગારધોરણ માટે રૂા. ૧૦૦-૦૦ મોંઘવારી ભથ્થું નક્કી કર્યું છે. તેથી રૂા. ૧૫૦-૦૦ પગાર હોય તેઓને રૂા. ૫-૦૦ મોંઘવારી ભથ્થું ઓછું મળે.

(૩) સિન્ડિકેટે ઠરાવ્યા મુજબ રૂા. ૫૦૧થી ૯૦૦ સુધીનાને રૂા. ૧૫૦-૦૦ મોંઘવારી ભથ્થું મળે જ્યારે રાજ્ય સરકારે મંજૂર કરેલ દરો મુજબ રૂા. ૫૦૧થી ૭૫૦ સુધીનાને રૂા. ૧૫૦ અને રૂા. ૭૫૧થી ૯૦૦ સુધીનાને રૂા. ૧૬૫-૦૦ મોંઘવારી ભથ્થું મળે એટલે કે રૂા. ૭૫૧થી ૯૦૦ વાળાને રૂા. ૧૫-૦૦ ઓછા મળે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર બાબત નં. ૨ અંગે કરેલો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૫૭. ઝૂલોજીની અભ્યાસસમિતિના સભ્યોની પત્રવ્યવહારથી મેળવેલી અનુમતિ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
Miss Christian Evangelina Govindlal	Ph.D.	Zoology "Studies in the Paired Fins of Some Indian Fresh-water Fishes"	*Internal Referee* Dr. M. S. Duble. *External Referees* 1. Dr. P. H. Greenwood, Department of Fishes, British Museum of Natural History, Cromwell Street, London SW-2. U.K. 2. Prof. F. E. J. Fry, Dept. of Zoology, University of Toronto, Toronto-Ontorio, Canada. *Indian (for Viva)* 1. Prof. P. V. Ragnekar, Professor of Zoology, Institute of Science, Fort, Bombay—1.

2. Prof. L. S. Ramaswami,
Professor and Head of
the Dept. of Zoology,
University of Rajasthan,
Jaipur (Rajasthan).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે ઉપર જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૫૮. ઓ ૧૦૯-સી મુજબ છાત્રાલયમાં પ્રવેશ તથા વહીવટ અને વ્યવસ્થા અંગેની સલાહકાર સમિતિના પ્રતિનિધિ માટેની મુદત તા. ૧૪-૨-૧૯૬૭ના રોજ પૂરી થયેલી હોઈ તે પર સિન્ડિકેટના ત્રણ પ્રતિનિધિઓ નીમવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સલાહકાર સમિતિની રચના નીચે મુજબ કરવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી
૩. શ્રી. એમ. પી. પંડ્યા.

૫૯. સિન્ડિકેટે તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં ત્રીજી એમ.બી.,બી.એસ.ના મેડિકલ વિષયની પ્રાયોગિક પરીક્ષા અંગેનું મહેનતાણું વિદ્યાર્થી દીઠ રૂા. ૩-૦૦ને બદલે રૂા. ૪-૦૦ ઠરાવ્યું છે. સુધારેલો આ દર ઑક્ટોબર ૧૯૬૬ની પરીક્ષા માટે લાગુ પાડવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારેલા દરનો અમલ ઑક્ટોબર ૧૯૬૬ની પરીક્ષાને લાગુ પાડવો નહિ.

૬૦. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૪-૬૫ના વાર્ષિક હિસાબો તથા તેમના તરફથી આવેલ સને ૧૯૬૪-૬૫ના વર્ષના હિસાબો અંગેની ઑડિટ નોંધ પર વિચારણા કરવા બાબત

અને

૬૧. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ના યુનિવર્સિટીના સને ૧૯૬૫-૬૬ના વાર્ષિક હિસાબ ઉપરની તા. ૩૦-૧૨-૧૯૬૬ની ઑડિટ નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલો તથા તે પરની હિસાબ વિભાગની નોંધ જોઈ-તપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી.

સદરહુ સમિતિનો અહેવાલ આવ્યેથી તે અંગે સિન્ડિકેટ વતી જરૂરી પગલાં લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા ભારત સરકારના વૈજ્ઞાનિક અને ટેકનિકલ શબ્દાવલી આયોગે સર્વત્ર એકસૂત્રતા જળવાય તે હેતુથી "Chancellor" અને "Vice-Chancellor" પદ માટે અનુક્રમે "કુલાધિપતિ" અને "કુલપતિ" પર્યાયો વાપરવા અંગે કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે 'વાઇસ-ચાન્સેલર'ના નામાભિધાનમાં પૂર્વગ "વાઇસ" આવે છે તેનો ધ્વનિ સૂચિત પર્યાયમાં આવતો નથી તે અંગે સદરહુ આયોગને ઘટતો પત્ર લખીને તેનું ધ્યાન ખેંચવું.

૬૩. તા. ૯-૨-૧૯૬૭ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની નીચેની ભલામણો :

(૧) પર્વતારોહણ શિબિરો માટે જરૂરી ખર્ચની અંદાજી વિગતો આ સાથે સામેલ કરેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે મંજૂર કરવા તથા તે અંગે સઘળાં પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી તથા અંદાજપત્રની મર્યાદામાં રહીને ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યાપકો માટેના નાટચ પ્રવૃત્તિ તાલીમ શિબિરો અંગે આ સાથે જોડેલ અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી અને તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ શિબિરોના વહીવટી સંચાલન માટે યુવક કલ્યાણ સમિતિના મંત્રી શ્રી. વી. પી. મહેતાને નિયુક્ત કરવા તથા અધ્યાપકોના યુવક નેતા તાલીમ શિબિર માટે વિગતે આ સાથે રજૂ કરેલ અંદાજ ખર્ચને મંજૂર કરવા તેમ જ તે પ્રમાણે ખર્ચ કરવાની તેમને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિદ્યાર્થીઓ માટેના યુવક નેતા તાલીમ શિબિર માટેનો આ સાથે જોડેલ અંદાજ ખર્ચ મંજૂર કરવાનું અને તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીને આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(ત્રણેય શિબિરોના અંદાજી ખર્ચની વિગતો પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૬૪. તા. ૯-૨-૧૯૬૭ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની નીચેની ભલામણ :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે બરફની તાલીમ માટે પસંદ થયેલ વિદ્યાર્થીઓને મનાલી કે દાર્જિલિંગની કોઈ સંસ્થામાં પ્રવેશ મળે તો પ્રત્યેકને તે સંસ્થાની ફીના ધોરણ પ્રમાણે મનાલીના પ્રાથમિક કોર્સ માટે રૂા. ૨૦૦-૦૦ અને મનાલીના એડવાન્સ્ડ કોર્સ તેમ જ દાર્જિલિંગના પ્રાથમિક તથા એડવાન્સ્ડ કોર્સ માટે રૂા. ૨૫૦-૦૦નો આવર્તક સહાય વધુમાં વધુ દસ વિદ્યાર્થીઓની મર્યાદામાં રહીને આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવા અને એ ખર્ચ શિબિરોમાંથી રૂા. ૨૦,૦૦૦-૦૦ની જે બ્લેગવાઈ છે તેમાંથી આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(**નોંધ.**—મનાલીના પ્રાથમિક કોર્સ માટે રૂ. ૨૫૦.૦૦ અને મનાલીના એડવાન્સ્ડ તથા દાર્જિલિંગના પ્રાથમિક તથા એડવાન્સ્ડ કોર્સ માટે ૨૦૦.૦૦ની ફી જે તે સંસ્થામાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૬. સિન્ડિકેટ સભ્ય ડો. એ. એમ. ત્રિવેદીનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

1. Every Examiner appointed as Paper-setter at the Pre-University or F.Y.B.Sc. Examination in Physics, Chemistry or Biology or Mathematics be paid at the special rate of Rs. 100/- per person per examination inclusive of all charges for making cyclostyled copies, etc.
2. Persons working as Moderators and Examiners at various examinations be paid their actual postal charges in case the same exceeds the minimum prescribed by the University. The payment may be done in presentation of the actual vouchers.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. એમ. ત્રિવેદીનું ઉપરનું સૂચન નં. ૧ સ્વીકારવું નહીં અને સૂચન નં. ૨ મંજૂર કરવું.

૬૭. સિન્ડિકેટે અમદાવાદ કેન્દ્ર પર તા. ૨૧-૪-૧૯૬૬ના રોજ લેવાયેલ એમ.એ., એમ.એસસી. પરીક્ષાના પ્રશ્નપત્રો સમયસર છપાઈને પ્રેસમાંથી ન મળવા અંગે ઉપકુલપતિશ્રીએ નીમેલી તપાસસમિતિનાં સૂચનો અંગે સિન્ડિકેટે તેની તા. ૧૭-૯-૧૯૬૬ના ઠરાવ પ્રમાણે તૈયાર કરેલી કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નોંધ મંજૂર કરવી અને તે અનુસાર ઘટતાં પગલાં લેવા માટે શ્રી. પ્રેસ-મૅનેજરને જણાવવું.

(સમિતનાં સૂચનો અંગે કાર્યાલયે તૈયાર કરેલી નોંધની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૬૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર નીચેના સેનેટના સભ્યોને કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ
(૧)	આચાર્ય હસિતકાંત હરિહર બુચ, એમ.એ.	વિનયન	(૧) ગુજરાતી (૨) લલિતકળા
(૨)	શ્રી. નૃસિંહભાઈ જીભાઈ પટેલ, એમ.એસસી.	વિજ્ઞાન	(૧) ભૌતિકવિજ્ઞાન (૨) ગણિતશાસ્ત્ર
(૩)	શ્રી. ગુલાબભાઈ રતનજી, દેસાઈ	વાણિજ્ય	(૧) ... (૨) ...

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય હસિતકાંત હરિહર બુચને તથા શ્રી. નરસિંહભાઈ જીભાઈ પટેલને તેમનાં નામ સામે ઉપર જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈનો જવાબ આવ્યેથી તેમને અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવાનું વિચારવું.

૬૯. જૂન ૧૯૬૭થી તર્કશાસ્ત્રનું શિક્ષણકામ નીચે મુજબની લાયકાત ધરાવતા શિક્ષકોને સોંપવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૨-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

(૧) તત્ત્વજ્ઞાન સાથે બી.એ.માં પ્રથમ વર્ગ કે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક

(૨) ન્યાયશાસ્ત્રનો ખાસ વિષય લઈને સંસ્કૃત સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક.

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી તર્કશાસ્ત્રનું શિક્ષણકામ નીચે મુજબની લાયકાત ધરાવતા શિક્ષકોને જ સોંપવા અંગેનો પ્રશ્ન વિનયન વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલવો :

૧. તત્ત્વજ્ઞાન સાથે બી.એ.માં પ્રથમ વર્ગ કે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક.

૨. ન્યાયશાસ્ત્રનો ખાસ વિષય લઈને સંસ્કૃત સાથે એમ.એ.માં બીજો વર્ગ મેળવનાર શિક્ષક.

૭૦. વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરામાં બાયોલોજીના ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર તરીકે નિયુક્ત થયેલ શ્રી. જી. આર. પટેલ અનુસ્નાતક પદવી ધરાવતા નહીં હોવા છતાં તેઓને વ્યાખ્યાનકાર્ય સોંપવાની આચાર્યે કરેલી વ્યવસ્થા ચાલુ સત્ર પૂરતી માન્ય રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જી. આર. પટેલ બી.એસસી.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે તેઓને ૮ તાસ વ્યાખ્યાનકાર્ય સોંપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે કેવળ સ્નાતકની બીજા વર્ગની પદવી ધરાવતા શિક્ષકને વ્યાખ્યાનકાર્ય સોંપવામાં આવ્યું તે તરફ સિન્ડિકેટ પોતાની નાપસંદગી વ્યક્ત કરે છે અને સદરહુ કૉલેજને આદેશ આપે છે કે જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકને બાયોલોજીનું વ્યાખ્યાનકાર્ય સોંપવું આવશ્યક રહેશે.

૭૧. ઍજ્યુકેશનની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૬-૧૯૬૬ની સભામાં કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના ડિઝર્ટેશન અંગે પરીક્ષકોએ દરેક ડિઝર્ટેશન દીઠ લેખિત રિપોર્ટ ચેરમૅનને સુપરત કરવો, જે અન્ય પરીક્ષકોની મદદથી તેને યોગ્ય સ્વરૂપ આપી યુનિવર્સિટીને આપશે. યુનિવર્સિટીએ તેમને તાત્કાલિક લાગતાંવળગતાં કેન્દ્રોને મોકલવા, કે જેથી વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શકો યોગ્ય માર્ગદર્શન આપી શકે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયનની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૭૨. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૨-૧૧-૧૯૬૬ની સભામાં અનુવાદના કામ માટે નક્કી કરેલાં નીચે દર્શાવેલ કામોનો પ્રકાશન ખર્ચ રૂા. ૧૦,૦૦૦ કરતાં વધુ થાય તેમ હોઈ તે મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત:

(૧) 'Classified Catalogue Code with Addition Rules for a Dictionary Catalogue Code' by S. R. Ranganathan
અનુવાદકો સર્વશ્રી મોહનભાઈ પટેલ અને રમેશભાઈ ગાંધી.
છાપવાની નકલો : ૧૧૦૦

અંદાજી પાનાં : ૮૦૦
છાપકામ, બાઇન્ડિંગ તથા ... રૂા. ૭,૫૩૬-૮૩
કાગળ વગેરેના
અનુવાદકોનું મહેનતાણું ... રૂા. ૪,૮૦૦-૦૦

કુલ ... રૂા. ૧૨,૩૩૬-૮૩

ઉપરાંત કોપીરાઇટ માટે મૂળ પ્રકાશક-લેખક તરફથી માગવામાં આવે તે રોયલ્ટી.

(૨) 'Colon Classification' by S. R. Ranganathan
અનુવાદક : શ્રી. મોહનદાસ પટેલ.
છાપવાની નકલો ૧,૧૦૦.
અંદાજી પાનાં : ૬૦૦.
છાપકામ, બાઇન્ડિંગ તથા ... રૂા. ૫,૯૫૦-૯૩
કાગળ વગેરેના
અનુવાદકનું મહેનતાણું ... રૂા. ૩,૬૦૦-૦૦

કુલ ... રૂા. ૯,૫૫૦-૯૩

ઉપરાંત કોપીરાઇટ માટે મૂળ પ્રકાશક-લેખક તરફથી માગવામાં આવે તે રોયલ્ટી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૭૩. તા. ૩-૩-૧૯૬૭ના રોજ મળનાર સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૩-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૩-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

આ તબક્કે ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશી સભાગૃહમાં પાછા આવતાં શ્રી. બચુભાઈ હ. દેસાઈ પાસેથી પ્રમુખપદ તેમણે સંભાળ્યું.

૭૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન એજ્યુકેશનની એક જગા માટે તા. ૪-૩-૧૯૬૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૩-૧૯૬૭ની સભાની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે નિયત કરેલાં ધારાધોરણમાં અપવાદ કરીને કુ. ઉષાબહેન જોશીને મનોવિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન એજ્યુકેશનની જગા પર રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગાર ધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવાં.

(સદરહુ સમિતિની તા. ૪-૩-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૭૫. તા. ૨૨-૨-૧૯૬૭ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની બેઠકની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૪-૬૫ના ઉપર પ્રમાણેના હેવાલને છપાવવાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ.—૫૦૦ નકલ છપાવવાનો ખર્ચ આશરે રૂા. ૪૦૦ આવે તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૬. સિન્ડિકેટની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને રાજ્ય સરકારે તા. ૧-૩-૧૯૬૬થી અને તા. ૧-૧૦-૧૯૬૬થી અમલમાં મૂકેલા દરોએ મોંઘવારી ભથ્થું આપવા માટે કૉલેજોને મોકલવામાં આવેલ તા. ૧૯-૧૨-૧૯૬૬ના પરિપત્રાંક ૫૨૭૬૫ના જવાબમાં કૉલેજો તરફથી આવેલ માહિતી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જે તે કૉલેજને ઘટતો પત્ર લખીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મોંઘવારી ભથ્થું તેમના શિક્ષકોને વહેલી તકે આપવા માટે કાર્યાલયે જણાવવું.

(સંલગ્ન કૉલેજો તરફથી આવેલી માહિતી પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૭૭. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) માસ્ટર ઑફ લેબર વેલ્ફેરની પરીક્ષામાં પાસ થવાના ધોરણ અંગેના રેગ્યુલેશનનો ક્રમાંક ૨૩૬ને બદલે રેગ્યુ. ૨૩૩ સુધાર્યાના;

(૨) નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય અને વિદ્યાશાખા	પદવી
૧.	શ્રી. એચ. પી. પટેલ	ગુજરાતી (વિનયન)	પીએચ.ડી.
૨.	શ્રી. એસ. સનાતની	ભૌતિકવિજ્ઞાન (વિજ્ઞાન)	પીએચ.ડી.
૩.	શ્રી. એમ. એ. અબ્દુલ	—સદર—	પીએચ.ડી.
૪.	શ્રીમતી વી. એ. વોરા	ગુજરાતી (વિનયન)	પીએચ.ડી.
૫.	શ્રી. એન. ટી. બડુી	રસાયણવિજ્ઞાન (વિજ્ઞાન)	પીએચ.ડી.

(૩) પ્રી-યુનિવર્સિટી વર્ગો માટેના હિંદી ગદ્યપદ્યસંગ્રહ માટે પસંદ કરેલ કૃતિઓમાંથી શ્રી. પ્રસાદ, શ્રી. નિરાલા અને શ્રીમતી મહાદેવી વર્માની કૃતિઓના કોપીરાઇટ હક્ક ગુજરાત રાજ્ય પૂરતા મર્યાદિત રાખવા અંગેની તેમની વિનંતી માન્ય રાખ્યાના;

(૪) એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પદવીના વર્ગમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરતા નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી, જૂના અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ હવે

પછી બંધ થતું હોઈ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ, માફ કરી સત્ર મંજૂર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેની વિગત
૧.	કુ. કે. આર. ભટ્ટ	એમ.એ.	ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	પ્રથમ
૨.	શ્રી. ડી. બી. પટેલ	એમ.એ.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	પ્રથમ
૩.	શ્રીમતી એસ. એચ. દરજી	એમ.એ.	સદર	પ્રથમ
૪.	શ્રીમતી આર. એલ. શાહ	એમ.એ.	સામળદાસ કૉલેજ, ભાવનગર	પ્રથમ
૫.	શ્રી. આઈ. એચ. ભાવસાર	એમ.એ.	સામળદાસ કૉલેજ, ભાવનગર	ત્રીજા
૬.	શ્રી. બી. એન. જાની	એમ.એ.	સામળદાસ કૉલેજ, ભાવનગર	પ્રથમ
૭.	શ્રી. ટી. એચ. ભગતવાલા	એમ.એ.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ નડિયાદ	પ્રથમ
૮.	શ્રી. એમ. વી. ખારોડ	એમ.એ.	મહાબુદ્દીન કૉલેજ, જૂનાગઢ	બીજા
૯.	શ્રી. બી. સી. ચોકસી	એમ.એ.	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	ત્રીજા

(૫) જે કૉલેજોએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો સ્વીકારેલાં તેઓએ પણ તા. ૧૫-૬-૧૯૬૬થી યુનિવર્સિટીનાં પગારધોરણો સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં ઠરાવ્યું હોઈ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં સેવાઓના નિયમોમાંથી નીચેનો ભાગ રદ કર્યાના :

However the colleges which have already adopted the pay-scales laid down by the University Grants Commission can continue them, if they so desire. In case any of such colleges desire to adopt the pay-scale laid down by the University in place of the pay-scales suggested by the University Grants Commission they can do so, provided that in the event of their opting for pay-scales laid down by the University, they shall not be permitted to revert to the pay-scales suggested by the University Grants Commission.

(૬) જૂન ૧૯૬૭થી ચાલુ અને/અથવા વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ જોડાણ અરજીઓ પરત્વે સ્થાનિક તપાસસમિતિઓ નીમ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(જૂન ૧૯૬૭થી જોડાણ માગતી કૉલેજોની અરજીઓ પર ઉપકુલપતિશ્રીએ નીમેલ સ્થાનિક તપાસસમિતિઓની યાદી પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૭૮. સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામને યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી ચાલુ સત્ર પૂરતા મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. ડી. એચ. વેલ્વનને કામચલાઉ ધોરણે માન્ય કરવા મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે શ્રી. વેલ્વનને એક સત્ર પૂરતા મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરવા રજા આપી હતી. શ્રી. વેલ્વન ઉપરાંત અર્થશાસ્ત્રના વિષયમાં પણ ત્યાં મુલાકાતી પ્રાધ્યાપકની પરવાનગી ચાલુ વર્ષમાં આપેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી નભાવવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવશે નહીં તો એસ.વાય.બી.કૉમ. અને ટી.વાય.બી.કૉમ.ના વર્ગોમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહીં.

૭૯. એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને બી.એસસી.-(રૂપે.)માં ગણિતશાસ્ત્રના વિષયનું ચાલુ જોડાણ તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરું થતું હોવા છતાં જોડાણ-અરજી સમયસર ન કરવાથી કાર્યાલયે ધ્યાન દોર્યા બાદ કૉલેજે તા. ૨૦-૧-૧૯૬૭ના રોજ સદરહુ વિષયના ચાલુ જોડાણ માટે કરેલ જોડાણ-અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જોડાણની અરજી વખતસર ના કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને ઘટતો ઠપકો આપવો અને સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૦. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં એમ.એસસી. પદવી વનસ્પતિવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી આપવા માટે આચાર્ય તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

નિયમાનુસાર જૂન માસથી નીચે મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે:

(૧) શ્રી. એચ. એચ. એસ. મૂર્થી—માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) શ્રી. પી. જે. ચંદુરકર—માન્ય અનુસ્નાતક શિક્ષક.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રો. જે. જે. ચિનોય

૨. પ્રો. જે. ડી. ઓઝા.

૮૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાન વિભાગમાં જીવવિજ્ઞાન વિષય પર, કૉલેજના શિક્ષકોના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ "સમર ઇન્સ્ટિટ્યૂટ" માટેના, ખર્ચ રૂા. ૪૯,૧૦૦ની રકમની મંજૂરી આપવા બાબત તથા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીએ જણાવ્યા મુજબ નીચે દર્શાવેલ શિક્ષકોને ઑનરેરિયમ આપવા મંજૂરી આપવા બાબત તથા આ અંગે યુ.જી.સી.એ રૂા. ૨૫,૦૦૦ની ઍડવાન્સ ગ્રાન્ટ મંજૂર કરી તેની નોંધ લેવા બાબત :

૧. પ્રો. જે. જે. ચિનોય (અધ્યક્ષ)	રૂા. ૮૦૦
૨. ડૉ. સી. કે. શાહ	રૂા. ૫૦૦
૩. ડૉ. બી. એસ. વૈદ્ય	રૂા. ૫૦૦
૪. શ્રીમતી યુ. એચ. આચાર્ય	રૂા. ૫૦૦
૫. શ્રી. એ. બી. વોરા	રૂા. ૫૦૦
૬. શ્રી. એ. બી. વ્યાસ	રૂા. ૫૦૦
૭. શ્રી. ઓ. પી. સકસેના	રૂા. ૨૫૦
૮. શ્રી. એ. પી. મનસૂરી	રૂા ૨૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમર ઇન્સ્ટિટ્યૂટ માટે મંજૂર કરવામાં આવેલી ગ્રાન્ટમાંથી ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ રકમ માનદ વેતન તરીકે આપવાનું મંજૂર કરવું તથા એ સ્પષ્ટતા કરવી કે તે સભ્યો સદરહુ સમર ઇન્સ્ટિટ્યૂટના સમય દરમિયાન કામ કરે તે માટે વેકેશન કે રજાઓના હકદાર રહેશે નહીં.

૮૨. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન સોશિયોલોજી તરીકે કામ કરતાં ડૉ. તારાબહેન પટેલની વધુ અભ્યાસ માટેની એક વર્ષની ફેલોશિપની અરજી એગ્રિકલ્ચર કાઉન્સિલ, યુ.એસ.એ.ને મોકલી આપવા તથા તે અંગે તેમને અભ્યાસ પૂરો થયા બાદ યુનિવર્સિટીમાં પાછાં લેવામાં આવશે તેવું પ્રમાણપત્ર આપવા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના રીડર તરીકે કામ કરતા ડૉ. સી. કે. શાહની વધુ અભ્યાસ માટેની રિસર્ચ ફેલોશિપની અરજી યુ.એસ.એ.ને મોકલી આપવા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૪. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડના સને ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલની નોંધ લેવી તથા તે અહેવાલ સેનેટની વિચારણા માટે મોકલવો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૮૫. સદરહુ બાબતની વિચારણા તા. ૫-૩-૧૯૬૭ના રોજ કરવામાં આવેલી હોઈ તે અંગેનો ઠરાવ બાબત નં. ૫૦ના ક્રમ પછી દર્શાવવામાં આવ્યો છે.

૮૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણ જે કૉલેજોમાં શિક્ષકો માટે અમલમાં છે તે કૉલેજોને તા. ૧૫-૬-૧૯૬૬થી યુનિવર્સિટીનાં પગારધોરણો અમલમાં મૂકવા સારૂ સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં કરેલ ઠરાવ અનુસાર જણાવતાં તેમના તરફથી આવેલ જવાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે બાર કૉલેજોમાં સિન્ડિકેટના તા. ૨૬-૧૧-૧૯૬૬ના ઠરાવ અનુસાર પગારધોરણનો અમલ ૧૯૬૪થી થઈ શકયો નથી તે કૉલેજનાં બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સમક્ષ ઘટતી રજૂઆત કરવી તથા બાકીની કૉલેજોને ગ્રાન્ટ આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી.

૮૭. એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષાઓ અમદાવાદમાં બે કૉલેજોમાં લેવા અંગેની તા. ૧૪-૯-૧૯૬૬ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) પ્રથમ એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા હાલ લેવાય છે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી.

(૨) બીજી અને ત્રીજી એમ.બી., બી.એસ.ની પરીક્ષા આંતરે વર્ષે બે કૉલેજોમાં લેવી.

૧. સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ બહુમતે મંજૂર કરવી.

૨. સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી. દરમિયાન બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષાઓ કયા સ્થળે લેવી તે નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી તા. ૪-૩-૧૯૬૭ના રોજ સિન્ડિકેટનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને તા. ૫-૩-૧૯૬૭ના રોજ સિન્ડિકેટની સભા ફરી મળતાં નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી:

૩૮. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવો ઉપર અભિપ્રાય આપવા બાબત:

ઠરાવ ૧

"૧૯૬૫-૬૬ના વર્ષના અહેવાલના પ્રકરણ ૮માં રજૂ થયેલી પ્રકાશન-પ્રવૃત્તિની નોંધ લઈને સેનેટની આ સભા દૃઢપણે એવું મંતવ્ય રજૂ કરે છે કે માતૃભાષામાં શિક્ષણ આપવાના વિદ્યાકીય સિદ્ધાન્તને અમલી બનાવ્યા બાદ તેના લાભો પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકો માટે ગુજરાતી ભાષામાં પુસ્તકો અને વાચનસામગ્રી મોટા પ્રમાણમાં ઉપલબ્ધ કરવી જોઈએ. ગુજરાત યુનિવર્સિટીનાં પોતાનાં ધ્યેયો અને પ્રવૃત્તિઓમાં પ્રકાશન-પ્રવૃત્તિ સામેલ છે જ. આમ છતાં અત્યાર સુધી યુનિવર્સિટી તરફથી જે પ્રકાશન-પ્રવૃત્તિ થઈ છે તે આ બાબતની આવશ્યકતાઓ જોતાં ઘણી અપર્યાપ્ત અને મંદ રહી છે. આ અપર્યાપ્તતા સત્વરે દૂર કરી વિદ્યાર્થીઓ માટે પ્રશિષ્ટ અને વિશ્વાયક વાચનસામગ્રી પૂરી પાડવાની પ્રવૃત્તિને વેગવાન બનાવવાની તેમ જ તે

માટેના તમામ વહીવટી તેમ જ નાણાકીય ઉપાયો યોજવાનો સેનેટની આ સભા જોરદાર અનુરોધ લાગતાંવળગતાં વિદ્યામંડળોને કરે છે."

ઠરાવ ૨

"૧૯૬૫-૬૬ના વાર્ષિક અહેવાલના પ્રકરણ ૩ના અનુસંધાનમાં આપેલ પરિશિષ્ટ "ક"માં રજૂ થયેલી, વિવિધ કૉલેજોમાં શીખવાતા વિવિધ વિષયોની માહિતીની નોંધ લેતાં સેનેટની આ સભા હર્ષ અનુભવે છે, અને એ બાબતમાં આગળ એમ પણ સૂચવે છે કે સંલગ્ન કૉલેજોમાં શીખવાતા કોઈ વિષયનું અધ્યાપન બંધ કરવાનું હોય તો તેથી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો અણધારી મુશ્કેલીમાં ન મુકાય તે હેતુથી તે અંગેની યોગ્ય પ્રક્રિયા અને નીતિનિયમો ઘડી કાઢવાં જોઈએ. સેનેટની આ સભા આ દિશામાં ત્વરિત અને અસરકારક પગલાં ભરવાની લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી પણ કરે છે."

ઠરાવ ૩

પ્રેસમાં વિસંવાદનું જે વાતાવરણ પ્રવર્તતું જણાય છે તેના મૂળમાં મૅનેજર અને કેટલાક કારીગરો વચ્ચે પ્રમાણમાં પરસ્પરના વિશ્વાસનો અને ઉદ્યોગમાં માનવસંબંધોની પૂરતી સમજનો અભાવ કારણરૂપ લાગે છે. આ બાબત મનોવૈજ્ઞાનિક અને અંગત તત્ત્વ (Personal factor) પર બહુધા અવલંબે છે અને ઉભય પક્ષે જવાબદારીનીપૂર્વક સમજ અને વર્તન માગી લે છે. કારીગરોની ઉત્પાદનક્ષમતાની સાથે સુસંગત રહીને આ પ્રકારના માનવસંબંધો વિકસાવવાનું કામ વ્યવસ્થાપક પક્ષે કારીગરોની ઊંડી સહાનુભૂતિ માગી લે છે, તો કારીગરોને પક્ષે સન્નિષ્ઠ વફાદારી અને જવાબદારીનું ભાન માગી લે છે. શ્રી. પ્રેસ-મૅનેજરે આ બાબતમાં વધુ પ્રયત્નશીલ થવાની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર કારીગરોએ પણ નિષ્ઠા-પૂર્વક કામ કરવાની છે. ઉભય પક્ષે વાણી પર સંયમ અને વર્તનમાં પરસ્પરનો સન્માનભાવ અને થોડીક સહનશીલતા દર્શાવવાથી પ્રેસમાં સુમેળનું વાતાવરણ ઊભું કરવાનું કામ મુશ્કેલ હોય તોપણ અશક્ય નથી.

આ પ્રશ્નના ઉપર જણાવેલ મનોવૈજ્ઞાનિક ઉપરાંત વહીવટી દૃષ્ટિએ નીચેનાં બે સૂચનો વિચારણીય જણાય છે :

૧. યુનિવર્સિટી પ્રેસની વ્યવસ્થા માટે સ્વાયત્ત ધોરણે એક સ્થાયી સમિતિ નીમવામાં આવે, જે પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ ઉપરાંત મુદ્રણક્ષેત્રના ઓછામાં ઓછા એક કે બે નિષ્ણાતો

પણ હોય. આ સમિતિને કેટલીક આર્થિક અને કારોબારી સત્તા સોંપવા ઉપરાંત મૅનેજમેન્ટ અને કારીગરોની વચ્ચેના કેટલાક નીતિવિષયક પ્રશ્નોના નિકાલનું કામ સોંપવાનું વિચારવા જેવું જણાય છે.

૨. શ્રી. પ્રેસ-મૅનેજરને આંતરિક વહીવટની બાબતમાં નક્કી કરેલી નીતિરીતિની મર્યાદામાં પૂરતી સ્વાયત્તતા આપવી જોઈએ.

૩. તપાસસમિતિનું સૂચન

"પ્રેસ-મૅનેજર, સીનિયર સુપરવાઇઝર વગેરેના ચોક્કસ ફરજો અને જવાબદારીઓ નિશ્ચિત કરવી જોઈએ."

પ્રશ્નપત્રોની હસ્તપ્રત સમયસર પ્રેસમાં પહોંચાડવાની તથા પ્રૂફ-રીડરોને પ્રેસે અગાઉથી જ સમયે હાજર રહેવા માટે જણાવ્યું હોઈ તે સમયે હાજર રાખવાની અને પરીક્ષાના નિયત સમય હોય તે પહેલાં ઓછામાં ઓછા પોણા કલાક પહેલાં પ્રશ્નપત્રોની છાપેલી નકલો લઈને પરીક્ષાના સ્થળ પર પહોંચી જવાની જવાબદારી સંબંધકર્તા સીનિયર સુપરવાઇઝરને સોંપવી જોઈએ, અને

પ્રશ્નપત્રો છાપવા માટે પૂરતી સંખ્યામાં કારીગરોને જરૂરી સમયે હાજર રાખીને પ્રશ્નપત્રોનું છાપકામ ઓછામાં ઓછું સવા કલાક પહેલાં પૂરું કરીને તેની છાપેલી નકલો સીનિયર સુપરવાઇઝરને સોંપવાની જવાબદારી શ્રી પ્રેસ-મૅનેજરને સોંપવી જોઈએ.

નોંધ.—જો કોઈ પ્રશ્નપત્રોની નકલો અમદાવાદ બહારનાં કેન્દ્રો ઉપર પહોંચાડવાનું નક્કી કર્યું હોય તો તે પ્રશ્નપત્રોની છાપેલી નકલો ઓછામાં ઓછા અઢી કલાક પહેલાં શ્રી. પ્રેસ-મૅનેજરે સંબંધકર્તા સીનિયર સુપરવાઇઝરને સોંપવી જોઈએ

૪. તપાસસમિતિનું સૂચન

"પ્રેસના વિકાસની ભલામણ કરવી જોઈએ."

પ્રકાશનો, પ્રશ્નપત્રો અને અન્ય જરૂરિયાતોને પહોંચી વળાય તે દૃષ્ટિએ પ્રેસના વિકાસ માટે લાંબા ગાળાની યોજના તૈયાર કરવાનું કામ શ્રી. પ્રેસ-મૅનેજરનાં નીચે (ગ)માં જણાવેલાં સૂચનોને અનુલક્ષીને તપાસવા માટે નંબર (૨)માં જણાવેલી સમિતિને સોંપવા ભલામણ છે.

(ક) દરમિયાન એક મોનો ટાઇપ મશીન મેળવવાનું કામ ઇમ્પોર્ટ લાયસન્સ ન મળી શકવાને કારણે અટકેલું છે તે ઉચ્ચ કક્ષાએ હલ કરવું.

(ખ) પ્રેસમાં ત્રણ સિલિન્ડર મશીન છે. આ પૈકી એક ઑટોમેટિક ડબલ ડેમી, એક ક્રાઉન સાઇઝનું ભોંયર અને એક ક્રાઉન સાઇઝનું જૂનું મિલિ સિલિન્ડર મશીન છે. આ મિલિ મશીન ખૂબ જ જૂનું અને ખખડી ગયેલ મશીન છે. આ મશીનની જગ્યાએ નવું અને સારી જાતનું ડબલ ડેમી ઑટોમેટિક મશીન વસાવવું જરૂરી છે, કારણ કે યુનિવર્સિટી પ્રેસમાં પુસ્તકોનું મોટા ભાગનું કામ ડેમી સાઇઝમાં થાય છે.

પુસ્તકોનું જૅકેટ, ફોટાઓ, બે કે ત્રણ રંગી છાપકામ, આર્ટ વર્ક વગેરે રંગીન કામ કરવા માટે યુનિવર્સિટી પ્રેસ પાસે કોઈ સારું મશીન નથી. આવાં કામો માટે એક સારી જાતનું ગ્રાફો હિડલબર્ગ કે મરસિડીઝ જેવું મશીન વસાવવું જરૂરી છે. પ્રશ્નપત્ર જેવું છાપકામ પણ ત્વરિત કરવામાં આ મશીન ખૂબ મદદગાર બનશે.

પ્રેસનો બાઇન્ડિંગ વિભાગ પ્રમાણમાં અપૂરતો છે. આ વિભાગને પણ બીજા વિભાગોની સાથે વધારવો જરૂરી છે. એક હેડબાઇન્ડર, એક આસિ. બાઇન્ડર, બે જુનિયર બાઇન્ડર અને દસ હેલ્પરો ઉપરાંત આ સાથેના* લિસ્ટમાં બતાવ્યા પ્રમાણેનો સ્ટાફ વધારવાની જરૂરત છે.

મશીનરીમાં પુસ્તકોની પીઠ કાઢવા માટે એક બૅકિંગ અને પાછળની પીઠ ગોળ કરવા માટે રાઉન્ડિંગ મશીન વસાવવાની જરૂરત છે.

ઉપરોક્ત તમામ મશીનરી વસાવવા માટે અંદાજે રૂપિયા સવાત્રણ લાખ જેટલો ખર્ચ થવાનો સંભવ છે.

(ગ) પ્રેસના હાલના મકાન પર માળ બાંધવાનું કામ વહેલી તકે હાથ ધરવું.

(ઘ) પ્રકાશનનું કામ વધુ કાર્યક્ષમતાથી હલ થઈ શકે તે માટે તે વિભાગના આસિ. મૅનેજરની કક્ષાની એક જવાબદાર વ્યક્તિને સોંપવું અને શ્રી. પ્રેસ-મૅનેજરની સામાન્ય દેખરેખ હેઠળ અને પ્રકાશન વિભાગના સતત સંપર્કમાં રહીને અર્ધસ્વાયત્ત ધોરણે કામ કરી શકે તે રીતે તંત્ર ગોઠવવું.

૫. તપાસસમિતિનું સૂચન

"સવારની અને બપોરની સેશનના પ્રશ્નપત્રો માટે અલગ અલગ કંપોઝીટરો રાખી અલગ પાળીની જોગવાઈ કરવી જોઈએ."

સવાર અને બપોરની સેશનના પ્રશ્નપત્રો માટે અલગ અલગ કંપોઝીટરો રાખી અલગ પાળીની જોગવાઈ કરવાની બાબતનો અમલ કરવામાં વ્યવહારુ મુશ્કેલી છે, કારણ કે ઓવરટાઇમ મળવાનો ન હોય તો કર્મચારીઓ સવારના વહેલા ઊઠીને ૩-૦૦ કે ૩-૩૦ વાગે યુનિવર્સિટી પ્રેસમાં કામ કરવા આવે કે કેમ તે એક પ્રશ્ન છે. જો આ અંગે ફરજ પાડવામાં આવે તો કર્મચારીઓમાં અસંતોષ થવા સંભવ છે.

૬. તપાસસમિતિનું સૂચન

"પ્રશ્નપત્રો તૈયાર કરી નાખવાના અને પ્રશ્નપત્રો કેન્દ્ર પર આપવાના સમયમાં સારો એવો ગાળો રાખવો જોઈએ."

ઉપર સૂચન નં. ૩ અંગેની નોંધમાં આ સૂચના સમાવિષ્ટ થાય છે.

૭. તપાસસમિતિનું સૂચન

"જરૂર વખતે વધારાના કર્મચારીઓને તાકીદે બોલાવી શકાય એવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ."

આ સૂચન સ્વીકારીને તેનો અમલ, ફેકટરીનાં ધારાધોરણોને વશ વર્તીને કરવા માટે શ્રી. પ્રેસ-મૅનેજરને જણાવવું.

આ વ્યવસ્થા માટે ઉપર નં. ૪(ગ)માં જણાવેલ વધારાના માળનું બાંધકામ પૂરું થાય તે દરમિયાન યુનિવર્સિટીના મુખ્ય મકાનમાં ગ્રંથાલયવાળી જે પાંખ જે હાલ ખાલી થઈ છે તેનો કે અન્ય કોઈ સગવડવાળી જગ્યાનો ઉપયોગ કરી શકાય એમ છે.

૮. આ સૂચનો વિશેષમાં કરવામાં આવે છે

(ક) યુનિવર્સિટી પ્રેસમાં એક ડુપ્લિકેટિંગ મશીન વસાવવું, જેનો ઉપયોગ સંકટ સમયે સીનિયર સુપરવાઇઝરની અનુમતિ લઈને શ્રી. પ્રેસ-મૅનેજર કરી શકે. આ જોગવાઈનો ઉપયોગ છેલ્લા તરણોપાય તરીકે અને ન છૂટકે જ કરવામાં આવે તેમ પણ સ્પષ્ટતા કરવી જરૂરી છે.

---

* સામેલ નથી.

(ખ) સંસ્કૃત અને ગણિત જેવા વિષયોના પ્રશ્નપત્રો છાપવામાં પ્રમાણમાં વિશેષ સમય જાય છે એમ અનુભવ પરથી જણાયું છે. તો આ પ્રશ્નપત્રો બહુધા બપોરના ભાગે જ આવે અને જે પ્રશ્નપત્ર માટે ૨૫ કરતાં ઓછા વિદ્યાર્થીઓ બેસનાર હોય તે પ્રશ્નપત્રોની સાઇકલોસ્ટાઈલ્ડ નકલોથી ચલાવવામાં આવે તો કામકાજની સ્પીડમાં મોટી રાહત થશે. અનુસ્નાતક કક્ષાએ ગણિતના તમામ પ્રશ્નપત્રો ડુપ્લિકેટિંગ યંત્ર પર સાઇકલોસ્ટાઈલ્ડ કરવામાં આવે અને તે કામ જરૂરી સીનિયર સુપરવાઈઝર નીમીને યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગને સોંપી શકાય તો તેથી પણ ઘણી રાહત થશે.

(ગ) મુદ્રણકામની કટોકટી વખતે ૧૦ કલાકથી પણ વધુ કામ લઈ શકાય તથા જરૂર પડયે છુટ્ટીના સમયનો કારીગરોને ઓવરટાઇમ વેતન આપીને ઉપયોગ કરી શકાય તે માટે ફેક્ટરીનાં ધારાધોરણોની બાબતમાં જરૂરી રાહત આપવા માટે ઉચ્ચ કક્ષાએ રાજ્ય સરકાર સાથે મસલત કરવાની શક્યતા પણ તપાસવા જેવી જણાય છે.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૭૩

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની સભા તા. ૩-૩-૧૯૬૭ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. રો. વાય. જી. નાયક	હાજર
૪. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૫. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં ઠરાવ નં. ૩૬થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન અને રજિસ્ટ્રાર, ફાઇનાન્સ અને એકાઉન્ટ્સ એ બે નવી જગાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવી અને તે જગા માટેની લાયકાત અને પગારધોરણ નક્કી કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર, ડે. રજિસ્ટ્રાર, ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ગ્રંથપાલની જગાઓ માટેનાં પગારધોરણો અંગે જરૂરી વિચારણા કરીને ઘટતી ભલામણ કરવા સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું".

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. સમાજવિદ્યા ભવનમાં ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ડી. શાહનું પગારધોરણ સુધારવા અંગેની તેઓની તા. ૨૭-૯-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટની પગારધોરણ સુધારવાની તા. ૨૭-૯-૧૯૬૬ની અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

૩. સિન્ડિકેટના તા. ૩-૧૨-૧૯૬૬ના ઠરાવ મુજબ નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત :

ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી તેમના તા. ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવ્યું કે, બાબત નં. ૩૫માં જણાવવામાં આવેલી માગણીઓ જોઈ-તપાસીને રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું અને સદરહુ રિપોર્ટ આવે તે દરમિયાન બાબત નં. ૩૪ની વિચારણા મોકૂફ રાખવી."

"યુનિયનની માગણીઓ પૈકી કેટલીક માગણીઓ તદ્દન ગેરવાજબી હોવા છતાં જે કેટલીક માગણીઓ વિચારણાને પાત્ર હોય તે માગણીઓ ઉપર, રાજ્યમાં નવી બે યુનિવર્સિટીઓ કામકાજ કરતી થઈ જાય અને તેનું સમગ્ર ચિત્ર મળી રહે તથા રાજ્ય સરકાર તરફથી યુનિવર્સિટીને આપવામાં આવતી ગ્રાન્ટના ત્રિવાર્ષિક ધોરણ પરથી નવું જે ચિત્ર ઊભું થાય તે પરથી ક્યાસ કાઢીને આ બાબતની વિચારણા કરવામાં આવે."

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ઇલેક્ટ્રિક વાયરમેન તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. વ્યાસને જ્યારે જ્યારે સેનેટ હૉલમાં પ્રોગ્રામ થાય ત્યારે લાઇટ, પંખા વગેરે બંધ કરવા હાજર થવું પડે છે તે અંગે મહેનતાણું આપવા અંગે તેઓની તા. ૫-૧-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ઇલેક્ટ્રિક વાયરમેનની તા. ૫-૧-૧૯૬૭ની વધારાનું મહેનતાણું આપવાની અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

૫. વિજ્ઞાનવિદ્યા ભવનમાં એક કાયમી આસિ.-કમ-એનિમલ કલેકટર તથા એક સફાઈ કામદારની નવી જગ્યાઓ ઊભી કરવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૯-૧-૧૯૬૭ના પત્રાંક ઝૂલ. ૨૯-૮૬-૨-૬૬, ૬૮૦૮, ઉપર વિચારણા કરવા બાબત.

(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાનવિદ્યા ભવન માટે હાલ મંજૂર કરવામાં આવેલી ચાર સફાઈ કામદારોની એક જગ્યા રદ કરવી અને ભવનના પાંચે વિભાગોનું સફાઈ અંગેનું કામકાજ બાકીના કર્મચારીઓને સોંપવું. પ્રાણીશાસ્ત્ર વિભાગ માટેની જુદી જગ્યા ઊભી કરવાની જરૂર આ સમિતિને જણાતી નથી.

(**નોંધ.**—આ બાબત શ્રી. રજિસ્ટ્રારે ભવનના અધ્યક્ષશ્રી સાથે વાતચીત કરીને ઘટતી સમજ આપવાનું રાખવું.)

(૨) પ્રાણીશાસ્ત્ર વિભાગ માટેની એક કાયમી મ્યુઝિયમ આસિસ્ટંટ-કમ-એનિમલ કલેકટરની જગ્યા અંગે અધ્યક્ષશ્રી સાથે વાતચીત કરી ફરી રજૂ કરવી.

૬. સિન્ડિકેટે તેની તા. ૪-૨-૧૯૬૭ની સભામાં બાબત ૧૦૮થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત:

"ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી રૂ.૧૯૪-એમાં રાજીનામું આપી છૂટા થયેલ કર્મચારીને ગ્રેચ્યુઇટી આપવાનો હાલ જે નિયમ છે તેમાં જરૂરી સુધારો સૂચવતા તા. ૧૮-૧-૧૯૬૭ના પત્રાંક યુ.જી.એલ. ૧૧૬૫-૭૫૯૨૩ કે. એચ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓને પોતાના વતનમાં જવા માટે જે દરે મુસાફરી કન્સેશન અપાય છે તેવી સવલતો આપવા અંગે ભાષા-ભવનના અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. કે આર. ચંદ્રશેખરનની તા. ૨૨-૧૨-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.''

સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮. યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટોને મુંબઈ યુનિવર્સિટીમાં સ્પેશિયલ એલાવન્સ રૂા. ૨૦-૦૦ અપાય છે તે આપવા અંગે તેઓની તા. ૧૯-૭-૧૯૬૬ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ટાઇપિસ્ટોને રૂા. ૨૦-૦૦નું સ્પે. એલાવન્સ આપવા અંગેની તા. ૧૯-૭-૧૯૬૬ની સંયુક્ત અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

૯. યુનિવર્સિટી ગ્રંથાલયના પ્યુન-કમ-એટેન્ડન્ટોને મુંબઈ યુનિવર્સિટીમાં પ્યુન-કમ-એટેન્ડન્ટોને અપાતું પગારધોરણ આપવા અંગે તેઓની તા. ૯-૨-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ માગણી મંજૂર કરવી નહિ.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિભાગ માટે વધુ એક લેબોરેટરી આસિસ્ટન્ટ તથા એક પટાવાળાની નવી જગ્યાઓ ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૨૨-૨-૧૯૬૭ના પત્રાંક સાયન્સ. સ્ટાફ/૭૬૦૨-૬૭, ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રસાયણવિભાગ માટે વધુ એક કાયમી લેબોરેટરી આસિસ્ટંટ તથા એક કાયમી પટાવાળાની અનુક્રમે રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઇ.બી. ૧૦-૨૫૦ તથા ૪૦-૨-૬૦ની જગાઓ ઊભી કરવી.

૧૧. ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૩-૨-૧૯૬૭ના પત્રાંક યુ.જી.સી. ૧૧૬૬-૪૨૨૯,-કેએચ, અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૩-૨-૧૯૬૭ના પત્રાંક યુ.જી.સી ૧૧૬૬-૪૨૨૯-કેએચ, સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે મૂકવો.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

તા. ૪-૩-૧૯૬૭

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૭૪

મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશનની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા તા. ૪-૩-૧૯૬૭ના રોજ ૧૧-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. વી. આર. રણદીવે	હાજર
૫. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૬. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૭. શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રી	ગેરહાજર
૮. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૯. શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર
૧૦. ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૧૧. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૧૨. ડૉ. ય. ગુ. નાયક	હાજર
૧૩. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	હાજર
૧૪. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૫. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૬. આચર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર.

લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. ત્રિવેદી પી. એમ.	હાજર
૨. શ્રી. શુક્લ કે. કે.	હાજર
૩. કુ. શાહ એમ. એસ.	ગેરહાજર
૪. કુ. જોશી ઉષા જી.	હાજર.

નિષ્ણાત તરીકે અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુ તથા ડૉ. ચંપાબહેન ભટ્ટ નિમંત્રણથી હાજર રહ્યાં હતાં.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"નીચેના ઉમેદવારો પૈકી એકને ક્રમાનુવર્તી તેમનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશનની જગ્યા ઉપર બે વર્ષના અજમાયશી ધોરણે, તેઓને યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતનું ધોરણ હળવું કરીને, અપવાદ તરીકે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળ માસિક પગાર	યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કઈ ઊણપ છે ?
૧.	કુ. ઉષા જી. જોશી	રૂા. ૪૦૦થી	એમ.એડ.માં પાસ ક્લાસ છે, પરંતુ પાંચ વર્ષનો ટીચિંગ અનુભવ ધરાવે છે.
૨.	શ્રી. પી. એ. ત્રિવેદી	રૂા. ૪૦૦થી	યુનિવર્સિટીના નિયમ પ્રમાણે શૈક્ષણિક લાયકાત ધરાવે છે, પરંતુ પાંચ વર્ષનો ટીચિંગ અનુભવ નથી.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૭૬

(અ) જે કૉલેજોએ તા. ૧-૩-૧૯૬૬ અને તા. ૧-૧૦-૧૯૬૬વાળું મોંઘવારી ભથ્થું આપવાનું અમલમાં મૂકયું છે તેવી કૉલેજો.

ક્રમાંક	કૉલેજનું નામ		નોંધ (હોય તો)
૧.	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર		
૨.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	જૂન ૧૯૬૭ સુધીમાં એરિયર્સ ચૂકવશે.
૩.	મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદર		
૪.	એમ. એન. કૉલેજ, વીસનગર		
૫.	ડી. કે. વી. કૉલેજ, જામનગર		
૬.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ		
૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી		
૮.	એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નવસારી	...	ફેબ્રુઆરીના પહેલા ભાગમાં એરિયર્સ ચૂકવાશે.
૯.	કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર		
૧૦.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	...	એરિયર્સ બાકી
૧૧.	ઉપલેટા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા		
૧૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ		
૧૩.	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ		
૧૪.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર	...	એરિયર્સ ફેબ્રુઆરીમાં
૧૫.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	...	એરિયર્સ માર્ચ, ૧૯૬૭ સુધી
૧૬.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ લૉ કૉલેજ, રાજકોટ		
૧૭.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	...	એરિયર્સ માર્ચ, ૧૯૬૭ સુધી
૧૮.	પી. પી. ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર		
૧૯.	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	...	ફેબ્રુઆરીના પહેલા ભાગમાં એરિયસ ચૂકવાશે.
૨૦.	જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ		
૨૧.	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	૧૫મી જૂન ૧૯૬૭ સુધીમાં એરિયર્સ ચૂકવાશે.
૨૨.	એમ. જે. કૉમર્સ કૉલેજ, ભાવનગર		
૨૩.	પી. ડી. એમ. કૉમર્સ કૉલેજ, રાજકોટ		
૨૪.	આઈ. વી. પટેલ કૉલેજ, નડિયાદ		
૨૫.	વી. એમ. પારેખ કૉલેજ, કપડવંજ	...	(૧-૧૦-૧૯૬૬વાળો વધારો ટૂંક સમયમાં આપશે.)
૨૬.	એમ. પી. શાહ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, સુરેન્દ્રનગર		

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ (હોય તો)
૨૭.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	... જૂન ૧૯૬૭ સુધીમાં એરિયર્સ આપશે.
૨૮.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ મંજૂર કર્યું છે.
૨૯.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	,,
૩૦.	એલ. ઈ. કૉલેજ, ભોરખી	
૩૧.	એસ. વી. રિજિયોનલ કૉલેજ, સુરત	
૩૨.	ફાર્મસી કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૩૩.	મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	... મધ્યસ્થ સરકારના દરે આપે છે.
૩૪.	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ	
૩૫.	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... એરિયર્સ બાકી
૩૬.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૩૭.	શામળદાસ કૉલેજ, ભાવનગર	
૩૮.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૩૯.	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... ,,
૪૦.	જી. એલ. એસ. આર્ટ્સ ગર્લ્સ કૉલેજ, અમદાવાદ	... ,,
૪૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	
૪૨.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	
૪૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	
૪૪.	એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર	
૪૫.	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ	
૪૬.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૪૭.	રામજા ઍજ્યુકેટ કૉલેજ, પોરબંદર	
૪૮.	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	
૪૯.	એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૫૦.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમાદાવાદ	
૫૧.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	... ગવર્નિંગ બોડીએ ઠરાવ કર્યો છે.
૫૨.	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ	
૫૩.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	
૫૪.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	
૫૫.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ (હોય તો)
૫૬.	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	
૫૭.	એન. એમ. એગ્રિકલ્ચર કૉલેજ, નવસારી	
૫૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	... મોં. ભ. અને તફાવત આપ્યાં છે.
૫૯.	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	... ૧-૧-૧૯૬૭થી અમલી કર્યું છે. એરિયર્સ હપતે હપતે આપશે.
૬૦.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	... ચૂકવ્યું છે.
૬૧.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમરેલી	... જે તે તારીખથી આપે છે.
૬૨.	શેઠ આર. એ. કૉલેજ, અમદાવાદ	... તા. ૧-૧-૧૯૬૭થી આપે છે. એરિયર્સ માર્ચ આખર સુધીમાં.
૬૩.	એમ. એસ. ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	... ચૂકવી આપ્યું છે.

(બ) જે કૉલેજોએ કેવળ તા. ૧-૩-૧૯૬૬નું મોંઘવારી ભથ્થું અમલમાં મૂકયું હોય તે.

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ (હોય તો)
૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	એરિયર્સ બાકી
૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ	—
૩.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ	તા. ૧-૧૦-૧૯૬૬વાળું મોં.ભ. નથી આપ્યું.
૪.	કે. પી. કૉમર્સ કૉલેજ, સુરત	તા. ૧-૧૦-૧૯૬૬વાળા મોં.ભ. માટે વિચારણા ચાલે છે.

(ક) જે કૉલેજોએ કેવળ તા. ૧-૧૦-૧૯૬૬નું મોંઘવારી ભથ્થું અમલમાં મૂકયું હોય તે.

ક્રમાંક	કૉલેજનું નામ	નોંધ (હોય તો)
૧.	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત	તા. ૧-૧-૧૯૬૭થી અમલમાં મૂકયું છે. (બન્ને ભથ્થાં જે તે તારીખથી આપવા કાગળ લખ્યો છે.)
૨.	સાયન્સ કૉલેજ, કડી	ગવર્નિંગ બૉડીની મીટિંગ ફેબ્રુઆરીમાં મળનાળ હતી. તે માટે પત્ર લખ્યો છે.
૩.	નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર	તા. ૧-૩-૧૯૬૬વાળા મોં.ભ.નો ઉલ્લેખ નથી.
૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	વિદ્યાર્થીઓની ફી વધારવાની કે ગ્રાન્ટ વધારવાની શકયતા ન હોવાથી મુશ્કેલીમાં હોવા અંગેનો મંત્રીનો પત્ર છે તે પર નોંધ મૂકી છે.
૫.	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ	રાજ્ય સરકાર અને યુનિવર્સિટીનાં દર્શાવેલાં દરોમાં તફાવત અંગે પત્ર.
૬.	બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત	નાણાકીય વર્ષના અંત પહેલાં પગલાં લેવાશે.
૭.	સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	વિચારણા ચાલે છે.

(૬) જે કૉલેજ તરફથી કોઈ જવાબ આવ્યો નથી તેવી કૉલેજો.

ક્રમાંક	કૉલેજનું નામ
૧.	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત
૨.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫.	શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા
૬.	યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી
૭.	મ્યુઝિક કૉલેજ, રાજકોટ
૮.	સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૯.	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૧૦.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૧.	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૨.	યુ. સુ. આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા
૧૩.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
૧૪.	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૧૫.	ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૧૬.	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૧૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૧૮.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૯.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા
૨૦.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, માણસા
૨૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૨૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૨૩.	કલોલ મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૨૪.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા
૨૫.	ભવન્સ કૉલેજ, ડાકોર
૨૬.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૨૭.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૨૮.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૨૯.	લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૩૦.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહુવા
૩૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બોલવડ
૩૨.	નવયુગ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરત
૩૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ
૩૪.	એન. કે. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડ

ક્રમાંક	કૉલેજનું નામ
૩૫.	સોમનાથ કૉલેજ, વેરાવળ
૩૬.	રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત
૩૭.	એસ. જે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર
૩૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કડી
૩૯.	ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૪૦.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૪૧.	એસ. એસ. પી. જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા
૪૨.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૪૩.	જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૪૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉંઝા
૪૫.	સર્વોદય કેળવણી સમાજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, રાજકોટ
૪૬.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
૪૭.	દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા
૪૮.	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત
૪૯.	પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૫૦.	પી. ડી. એમ. ગ્રેજ્યુએટ કૉલેજ, રાજકોટ
૫૧.	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર
૫૨.	સાર્વજનિક સાયન્સ કૉલેજ, સુરત
૫૩.	નૂતન કેળવણી મંડળ સાયન્સ કૉલેજ, વલસાડ
૫૪.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૫૫.	મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી
૫૬.	સી. યુ. શાહ કૉલેજ, અમદાવાદ
૫૭.	ગુલાબ જમનાદાસ કૉમર્સ કૉલેજ, મોરબી
૫૮.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫૯.	પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૬૦.	એમ. પી. શાહ મ્યુ. કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, જામનગર
૬૧.	સાર્વજનિક લૉ કૉલેજ, સુરત
૬૨.	મોતીલાલ નેહરુ લૉ કૉલેજ, અમદાવાદ
૬૩.	એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર
૬૪.	ગુલાબકુંવરબા આયુર્વેદ કૉલેજ, જામનગર
૬૫.	ઓ. એચ. નાઝર આયુર્વેદ કૉલેજ, સુરત

(૬) જે કૉલેજે નકારાત્મક જવાબ આપ્યો હોય તે.

ક્રમાંક	નામ	નોંધ (હોય તો)
૧.	પેટલાદ કૉલેજ, પેટલાદ	આર્થિક સ્થિતિ સારી ન હોવાથી વધારાની ગ્રાન્ટ ન મળે તો ભવિષ્યમાં પણ ચૂકવાશે નહિ.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૭૭(૧)

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	પ્રિન્સિ. શ્યામસુંદર ચતુર્વેદી
૨.	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. ,, ધીરુભાઈ ઠાકર ૨. ,, સી. જી. ખત્રી
૩.	શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	૧. ,, જે. એલ. દવે ૨. શ્રી. બી. એમ. ભટ્ટ
૪.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	પ્રિન્સિ. કે. બી. વ્યાસ
૫.	મ્યુઝિક કૉલેજ, રાજકોટ	૧. શ્રી. આર. સી. મહેતા ૨. શ્રી. કે. એચ. મામાવાળા
૬.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	પ્રિન્સિ. બી. સી. દેસાઈ
૭.	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	,, એચ. કે. ત્રિવેદી
૮.	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત	૧. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ ૨. ,, ડૉ. લીલા શાહ
૯.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	૧. ,, રામપ્રસાદ શુક્લ ૨. ,, એસ. આર. મારફતિયા
૧૦.	ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	૧. ,, પ્રિયબાલા શાહ ૨. ,, આર. એન. પંડિત
૧૧.	મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદર	પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ
૧૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	૧. શ્રી. સી. જી. ખત્રો ૨. પ્રિન્સિ. જી. ટી. પંડ્યા
૧૩.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	૧. ,, કે. આર. દવે ૨. ,, પી. એમ. જાની
૧૪.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	૧. ડૉ. જે. જે. ચિનોય ૨. શ્રી. પી. વાય. દેશપાંડે
૧૫.	શ્રી. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર	૧. પ્રિન્સિ. હરિહર શુક્લ ૨. પ્રો. એન. જે. પટેલ

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોનાં નામ
૧૬.	સર. પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ ઓ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા	૧. પ્રિન્સિ. કે. એન. શાહ ૨. ,, સી. એલ. શાસ્ત્રી
૧૭.	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	૧. ,, આર. ડી. દેસાઈ ૨. ,, એચ. એચ. બુચ
૧૮.	કલોલ મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	૧. ,, જે. બી. સાણ્ડિલ ૨. ,, આર. એચ. શાહ
૧૯.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	પ્રિન્સિ. બી. સી. દેસાઈ
૨૦.	મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	૧. પ્રિન્સિ. પરેશ મજમુદાર ૨. શ્રી. રણધીર ઉપાધ્યાય
૨૧.	ભવન્સ કૉલેજ, ડાકોર	૧. પ્રિન્સિ. સી. એમ. દેસાઈ ૨. શ્રી. મહેશભાઈ ભટ્ટ
૨૨.	નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	૧. પ્રિન્સિ. વી. જી. ઉપાધ્યાય ૨. પ્રો. એન. જે. પટેલ
૨૩.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	૧. પ્રિન્સિ. પી. એચ. ભટ્ટ ૨. ,, કે. એન. શાહ
૨૪.	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	૧. ,, એમ. એન. કોરેગાંવકર ૨. ,, કે. એમ. આચાર્ય
૨૫.	શ્રી લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	૧. ,, એલ. ડી. દવે ૨. પ્રો. વી. જે ત્રિવેદી
૨૬.	કે. વી. પારેખ સાયન્સ કૉલેજ તથા ટી. કે. પારેખ આર્ટ્સ કૉલેજ, મહુવા	૧. પ્રિન્સિ. જે. બી. સાણ્ડિલ ૨. ,, જે. એચ. દવે
૨૭.	શ્રી. જે. એસ. ભક્ત અને શ્રી. કે. એમ. ભક્ત આર્ટ્સ કૉલેજ અને શ્રી. એ. એન. શાહ સાયન્સ કૉલેજ, સુરત	૧. ,, એસ. આર. ભટ્ટ ૨. ,, એમ. એલ. શાહ
૨૮.	નવયુગ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, સુરત	૧. ,, ડૉ. વાય. જી. નાયક ૨. ,, આઈ. કે. દવે
૨૯.	ગવર્નમેન્ટ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, દમણ	૧. ,, એન. એન. ભરૂચા ૨. ,, સી. એમ. દેસાઈ
૩૦.	કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	૧. ,, સી. એમ. મહેતા ૨. ,, વી. એસ. વણીકર

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોનાં નામ
૩૧.	મણીબહેન ભીખાભાઈ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. ગોરવામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ	૧. પ્રિન્સિ. શિવલાલ તુલસીદાસ જેસલપુરા ૨. ,, જિતેન્દ્ર ચિ. ત્રિવેદી
૩૨.	શ્રી. કાલિદાસ હરિદાસ માધવાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર	પ્રિન્સિ. સી. એલ. શાસ્ત્રી
૩૩.	શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કેશવલાલ ભુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત	,, એચ. સી. ત્રિવેદી
૩૪.	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. પ્રિન્સિ. અંબેલાલ ૨. દેસાઈ ૨. ,, એલ. એચ. ટેંગ્સે
૩૫.	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	૧. ,, એલ. એન. ઠાકર ૨. ,, ઉપેન્દ્ર છ. પંડ્યા
૩૬.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	પ્રિન્સિ. હરિહર શુકલ
૩૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	,, એચ. કે. ત્રિવેદી
૩૮.	શ્રી. જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર	,, ક. મો. તલાટી
૩૯.	શ્રી. બી. પી. બલભ આર્ટ્સ ઍન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઉંઝા	૧. પ્રિન્સિ. એચ. સી. ત્રિવેદી ૨. ,, ડી. ડી. ત્રિવેદી
૪૦.	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર	શ્રી. રમેશ ભટ્ટ
૪૧.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી-કચ્છ	૧. શ્રી. નટવરલાલ શિ. યાજ્ઞિક ૨. ,, રમણલાલ એસ. ગાંધી
૪૨.	શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. ,, શરદભાઈ મહેતા ૨. ,, જયાનંદ દવે
૪૩.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	૧. ,, મોહનલાલ દયાળજી માણેક ૨. ,, જીવણલાલ ત્રિ. પરીખ
૪૪.	શ્રી. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	શ્રી. છોટુભાઈ ૨. નાયક
૪૫.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ	,, વી. એસ. વણીકર
૪૬.	માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર	,, ગૌરીભાઈ પ્ર. ભટ્ટ
૪૭.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	,, ડી. જી. વશી
૪૮.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	,, પ્ર. ચુ. વૈદ્ય

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૪૯.	સાયન્સ કૉલેજ, કડી	૧. શ્રી. ય. ગુ. નાયક ૨. ,, જે. જે. ત્રિવેદી
૫૦.	સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧. ,, એચ. ડી. નોરોન્હા ૨. ,, સી. સી. શાહ
૫૧. (અ)	નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર	૧. ,, એચ. ડી. નોરોન્હા ૨. ,, એ. આર. રાવ
૫૧. (બ)	,, ,, ,, ,,	૧. ,, પી. ડી. પાઠક ૨. પ્રિન્સિ. એમ. એન. દેસાઈ
૫૨.	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	૧. ,, એન. એમ. શાહ ૨. પ્રો. એચ. એન. રાવલ
૫૩.	મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	પ્રો. એચ. ડી. નોરોન્હા
૫૪.	શ્રી. પોપટલાલ ધનજીભાઈ માલવિયા કૉલેજ આફ કૉમર્સ, રાજકોટ	પ્રિ. એ. આર. દેસાઈ
૫૫.	પ્રભુદાસ ઠક્કર કૉમર્સ કૉલેજ ઍન્ડ સાયન્સ કૉલેજ પાલડી, અમદાવાદ	૧. પ્રો. જે. જે. ત્રિવેદી ૨. ,, વી. એચ જોશી
૫૬.	નવગુજરાત કૉમર્સ કૉલેજ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	પ્રો. વી. આર. રણદીવે
૫૭.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ	૧. પ્રો. એમ. ડી. માણેક ૨. ,, વી આર. રણદીવે
૫૮.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	પ્રો. વી. આર. રણદીવે
૫૯.	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	ડૉ. એચ. ડી મર્ચન્ટ
૬૦.	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	ડૉ. એમ. ડી દેસાઈ
૬૧.	શ્રી. સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત	૧. પ્રિન્સિ. એમ. સી. દેસાઈ ૨. ,, સી. સી. શાહ
૬૨.	પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧. ,, વી. એ. વ્યાસ ૨. ,, એન. એમ. દેસાઈ
૬૩.	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. ,, એસ. આર. મહેતા ૨. ,, રામપ્રસાદ શુક્લ

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો જ્યાં અમલી છે તે કૉલેજો તરફથી આવેલા જવાબોનું તારણ

ક્રમાંક	કૉલેજનું નામ		જવાબનું તારણ
૧.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું પગારધોરણ અપાય છે. પરંતુ ૧૫-૬-૬૬૫થી વ્યાખ્યાતાઓને શરૂઆતનો પગાર રૂા. ૨૫૦-૦૦ અપાય છે.
૨.	એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું પગારધોરણ અપાય છે. ચોથા પ્લાનના પગારોનો યુનિવર્સિટી અમલ કરાવે અને સરકાર ગ્રાન્ટ આપે તો તેનો અમલ કરવા તૈયાર છે.
૩.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	,, ,,
૪.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	...	,, ,,
૫.	એચ. એલ. કૉલેજ ઓફ કૉમર્સ, અમદાવાદ	...	,, ,,
૬.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણ જ હજુ અમલમાં છે.
૭.	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ	...	,, ,,
૮.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું પગારધોરણ અમલમાં છે, તે પગારધોરણ ચાલુ રાખવા કબૂલાત આપી છે. એટલે યુનિવર્સિટીનું પગારધોરણ અમલમાં મૂકતાં ગ્રાન્ટની શરતોનો ભંગ થાય તે અંગેયુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે સ્પષ્ટતા મગાવી છે
૯.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	...	તા. ૧૫-૬-૧૯૬૪થી યુનિવર્સિટીના પગારધોરણનો અમલ કરેલો છે.
૧૦.	એચ. એ. કૉલેજ ઓફ કૉમર્સ, અમદાવાદ	...	તા. ૧૫-૬-૧૯૬૬થી યુનિવર્સિટીના પગારધોરણનો અમલ કર્યો છે.
૧૧.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	તા. ૧-૮-૧૯૬૬થી યુનિવર્સિટીના પગારધોરણનો અમલ કર્યો છે.
૧૨.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	...	તા. ૧૫-૬-૧૯૬૬થી યુનિવર્સિટીના પગારધોરણોનો અમલ કરેલો છે.

ક્રમાંક	કૉલેજનું નામ		જવાબનું તારણ
૧૩.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	...	આ કૉલેજે યુનિવર્સિટીનાં પગારધોરણોનો અમલ કરેલો છે; પરંતુ પ્રોફેસરોને શરૂઆતનો પગાર રૂા. ૩૫૦–૮૦ અને લેક્ચરરોને શરૂઆતનો પગાર રૂા. ૨૫૦–૦૦ આપવામાં આવે છે.
૧૪.	શેઠ પી. ટી. કૉલેજ, ગોધરા	...	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો ચાલુ છે; પરંતુ શરૂઆતનો પગાર યુનિવર્સિટીનાં ધોરણો પ્રમાણે અને વાર્ષિક વધારાઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પગારધોરણ પ્રમાણે અપાય છે. ટ્યૂટર–ડેમોન્સ્ટ્રેટરોને યુનિવર્સિટીનું પગારધોરણ અપાય છે.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૮૪

સને ૧૯૬૫-૬૬ના વાર્ષિક હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યો તા. ૧-૧૧-૧૯૬૬, તા. ૨૯-૧૨-૧૯૬૬ અને તા. ૨૪-૨-૧૯૬૭ના રોજ મળ્યા હતા. આ સભાઓ દરમિયાન યુનિવર્સિટીના જુદા જુદા હિસાબો અંગે વિચારણા અને તપાસ કરવામાં આવી હતી. છેલ્લી સભામાં યુનિવર્સિટીના ઑડિટર્સ શ્રી. લાખિયા એન્ડ દેસાઈ તરફથી આવેલી ઑડિટ નોંધ તપારી હતી અને એકાઉન્ટ્સ વિભાગ તરફથી આપવામાં આવેલ જવાબ અને કરવામાં આવેલી વિધિ અંગે માહિતી મેળવી હતી. અમારી સમગ્ર વિચારણા અને તપાસને અંતે, અમે નીચેનાં સૂચનો સેનેટની વિચારણા માટે કરીએ છીએ :

(૧) ઑડિટર્સની નોંધમાં આઇટેમ ૬માં વધારાની અગર બેવડી ચુકવણી અંગેનો ઉલ્લેખ છે. આ બાબત ઘટે તે હેતુથી આંતરિક ચેકની પદ્ધતિનું જે સૂચન કરવામાં આવ્યું છે તેની સાથે બોર્ડ સંમત થાય છે.

(૨) ચુકવણી માટે લાંબા સમય સુધી બાકી રહેતાં બિલોને કારણે બે વખત એક જ બિલની ચુકવણી થવાની શકયતા વધે છે. આ અંગે બોર્ડ પોતાનું ગઈ વખતના અહેવાલનું સૂચન ફરી કરે છે. એવો નિયમ સૂચવી શકાય કે જે વ્યક્તિએ સેવા આપી હોય તેણે સેવા આપ્યાની તારીખથી ત્રણ માસની મુદતમાં યુનિવર્સિટી પાસેથી મેળવવાની રકમ માટે બિલ રજૂ કરવું. જો આ મુદત પછી બિલ રજૂ કરવામાં આવે તો તે બિલની મંજૂરી માટે વિશિષ્ટ તપાસની વ્યવસ્થા હોવી જોઈએ.

(૩) આંતર-યુનિવર્સિટી રમતગમત અંગે તથા એવી બીજી પ્રવૃત્તિઓ અંગે કરવામાં આવતી મુસાફરી માટે આપવામાં આવતાં ભાડાં-ભથ્થાં અંગે નિયમો એકત્રિત કરવા તથા એક-સરખા કરવાં જરૂરી છે.

(૪) યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી એડવાન્સની રકમ અંગેના હિસાબો અને બાકીની રકમ લાંબા સમય સુધી યુનિવર્સિટી ઑફિસને મળતી નથી. આ પ્રથા નાબૂદ કરવા માટે હિસાબો આપવાના સમય પર મર્યાદા મૂકવી જરૂરી છે. એવો નિયમ કરી શકાય કે એડવાન્સ રકમ અંગેના હિસાબો ત્રણ માસ દરમિયાન આપવામાં ન આવે તો એડવાન્સની પૂરેપૂરી રકમ પાછી આપવાની, તે રકમ લેનાર વ્યક્તિ અગર સંસ્થાની ફરજ છે.

જે. સી. ત્રિવેદી,
બી. જે. નાયક.

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૪/૫-૩-'૬૭

પરિશિષ્ટ "ભ"
કામકાજ ક્રમાંક ૮૫

ECONOMICS RESEARCH CENTRE

5, Nilkanth Park,
Near Vithalwadi,
Navrangpura,
P.O. Ahmedabad-9.
3 March 1967.

Dear Professor Umashanker Joshi,

A Society called Economics Research Centre has been recently registered in terms of the Societies Registration Act, XXI of 1860. The objectives of the Society are, briefly, to conduct recearch at a high level of technical competence, scientific rigour and objectivity on (*a*) Economics issues of public interest and concern; and (*b*) theoretical issues and problems in Economics and Econometrics. It will (*c*) function, in addition, as a forum and focal point for visiting scholars of distinction from abroad in the field of economics, econometrics and allied subjects, who may help to further research objectives (*a*) and (*b*) above.

2. There is great need for such a Centre in India. The enlightened citizens, the legislators and the administrators would welcome unbiassed assessment, by academic people, in the light of technical analysis and in the wider national (as distinguished from sectional) interests, of important issues of economic complexity, which frequently arise. In under-developed economies, primarily because of the scarcity of competent economic and econometric technicians, this kind of public service, while much in demand, is in great short supply. On most of these issues the public are generally treated to partisan or superficial comments.

3. I enclose copy each of the Memorandum of Association, the Rules and Regulations and Statement of Aims of the Economics

Research Centre. These documents, among other things, give the names and addresses of the Members of the Council and of the General Body of the Society. Initially, the resources of the Society include a sum of Rs. 1,50,000 ($ 20,000), per year, in the first instance, for a period of three years It is possible that the Society may also receive another sum of Rs. 1,50,000 ($ 20,000), though this is still under consideration by the Donors.

4. The research centre will communicate the result of its efforts to the public through the existing media of communication, including the periodical press, and through publications, lectures, seminars and the like.

5. I shall be glad if the Syndicate of the Gujarat University would wish to consider an agreement with the Economics Research Centre in respect to its activities. The Society's proposals may be as under :

(1) The Director of the Economics Research Centre, who will be Professor B. R. Shenoy, will not draw any remuneration from the Gujarat University from the date on which this agreements come into force. His emoluments will be paid from the funds of the Economics Research Centre. As this will conflict with the terms of his contract with the Gujarat University, he may be re-appointed by a fresh contract.

(2) Professor B. R. Shenoy will function as Director and Professor of Economics of the University School of Social Sciences and also as Director of the Economics Research Centre.

(3) The Economics Research Centre will make available to the University School of Social Sciences and to the Gujarat University, free of cost to the University, the services of the professional staff, which the Economics Research Centre may appoint, and of the visiting Professors and Technicians from other Universities in India or from abroad, which the Research Centre may invite.

(4) The appointments to the Research Centre of all staff, administrative or professional, will be made in terms, of the Rules and Regulations of the Economics Research Centre. The

Gujarat University will have no financial liability whatever on their account, except in so far as may be agreed upon between the Economics Research Centre and the Gujarat University, in specific instances or specific situations.

(5) The Gujarat University will provide to the staff of the Economics Research Centre, subject to availability and at the discretion of the Vice-Chancellor, the necessary office space, equipment and facilities, free of cost to the Research Centre, in accordance with the current standard applicable to Faculty Members and Administrative Staff of the University School of the Social Sciences and as may be prescribed from time to time. Any additional facilities which the members of the Research Centre may require, and which the University may not agree to provide, may be provided by the Economics Research Centre.

(6) The staff of the Economics Research Centre will have full and free use of the library and the library facilities as though they were full-time employees of the University School of Social Sciences. They will also be given full and free access to all the facilities in the University Campus, which are available to the full-time members of the staff of the University School of Social Sciences.

(7) The Director of the Research Centre in his capacity as Director of the University School of Social Sciences will continue to be provided with the current facilities in respect to office room, equipment and office staff. The Research Centre, however, may add to the office staff of the Director at its own expenses.

(8) The Research Centre will appoint its own office staff to meet its office needs. Any additional services which the Economics Research Centre may avail of from the existing staff of the University School of Social Sciences should be without prejudice to the requirements of the University School of Social Sciences; and any remuneration paid for such additional work would be subject to prior approval of the Vice-Chancellor.

(9) The Gujarat University will not be liable to any Provident Fund contribution in respect to any staff of the Economics Research Centre.

(10) The University will provide the Director an official residence, free of rent. The Visiting Professors and Technicians invited by the Economics Research Centre will be provided with the same facilities at the Guest Houses of the University as are open to the Visiting Professors and Technicians invited by the Gujarat University. Subject to availablity, the University will also provide residential accommodation to a limited number of professional and office staff of the Economics Research Centre on mutually agreed terms and conditions.

(11) The scales of salary and allowances, and other compensation and payments to the staff of the Research Centre, including the Director, will be governed by the Rules of the Research Centre in this regard.

(12) The Economics Research Centre will supply to the Gujarat University such information as the University may ask for regarding the terms and conditions of appointment of any member or members of the staff of the Economics Research Centre.

(13) The Leave Rules applicable to the staff of the Research Centre, including the Director, will be the Leave Rules of the Research Centre. When the Director and the staff of the Research Centre whether professional or otherwise, are out of Ahmedabad on the work of the Research Centre, as duly approved by the Director they will be deemed to be on duty, not on leave. Absence from Ahmedabad of the Director will be on approval of the Vice-Chancellor, except when such absence may be during the vacations and holidays applicable to the University School of Social Sciences or other occasions when the University School of Social Sciences may remain closed.

(14) The agreement between the Gujarat University and the Economics Research Centre may be terminated by six months notice on either side.

(15) Any remittances by cheque or otherwise, which the University may receive from donors on account of the Economics Research Centre, will be duly passed on the Centre with intimation to the donors concerned.

6. You will kindly notice that the proposed terms of the agreement, stated in paragraph 5 above, differ somewhat from the contents of paragraph 5 of Professor B. R. Shenoy's letter dated 7 January 1967 addressed to Shri K. C. Parikh, Registrar, Gujarat University, Ahmedabad. The changes represent the result of the talk which professor Shenoy had with you and the Registrar on 23 February 1967. Item (15) of paragraph 5 is new. The need for this arises from the possibility that, the Economics Research Centre being attached to the University School of Social Sciences, some donors may mail cheques and other remittances meant for the Research Centre to the Registrar or other Officers of the University.

7. I shall be glad if you would kindly consider placing this letter before the next meeting of the Syndicate of the Gujarat University. In view of the short notice, and also the pre-occupation of almost everybody with the General Elections, I regret it has not been possible to convene a meeting of the Council of Management of the Economics Research Centre. I am writing this to you as a Member of the Council of Management. If the Syndicate would come to a decision regarding the terms of the agreement, I have every hope that the Council of Management would formally endorse the terms stated above.

Yours sincerely,
Mrs. Sophia Wadia
Member,
Council of Management.

Professor Umashanker Joshi,
Vice-Ceancellor,
Gujarat University,
Ahmedabad-9.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 46-375-5-67

બાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૭ના એપ્રિલ માસની સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૮-૪-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી અને રવિવાર, તા. ૯-૪-૧૯૬૭ના રોજ સવારના ૯-૦૦ કલાકે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૮-૪-૧૯૬૭	તા. ૯-૪-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર	ગેરહાજર
૩.	આચાર્ય નરેન્દ્ર એસ. પંડ્યા	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બદ્રુભાઈ એચ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર એમ. ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પી. પંડ્યા	હાજર	હાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ સી. દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય જી. નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ આર. રણદીવે	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૪/૫-૩-૧૯૬૭ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૪/૫-૩-૧૯૬૭ના રોજ મળેલી માર્ચ, ૧૯૬૭ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતનું હાલનું નામ બદલીને "પુરુષોત્તમદાસ ઠાકુરદાસ સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત" રાખવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રીની આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું નામાભિધાન બદલવાનો પ્રસ્તાવ મંજૂર કરવો, તથા તે પ્રમાણે રાજ્ય સરકારને ઘટતું લખાણ કરીને તે કૉલેજના જોડાણ માટે નવા નામથી જાહેરનામું બહાર પડયેથી નવા નામનો અમલ કરવાનું રાખવું.

૩. ધોળકા એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજનું નામ તા. ૧૫-૬-૧૯૬૭થી "શ્રીમતી રંભાબહેન દામોદરદાસ શાહ આર્ટ્સ કૉલેજ અને શ્રીમતી વિજયાબહેન દામોદરદાસ શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા" રાખવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજનું નામાભિધાન બદલવાનો પ્રસ્તાવ મંજૂર કરવો, તથા તે પ્રમાણે રાજ્ય સરકારને ઘટતું લખાણ કરીને તે કૉલેજના જોડાણ માટે નવા નામથી જાહેરનામું બહાર પડયેથી નવા નામનો અમલ કરવાનું રાખવું.

૪. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટમાં જરૂરી શૈક્ષણિક લાયકાત નહિ ધરાવતા અંગ્રેજીના ટયૂટર તથા વ્યાખ્યાતાથી શિક્ષણકાર્ય ચલાવવામાં આવે છે તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અંગ્રેજીના ટયૂટર તરીકે નિમાયેલ શ્રીમતી ડી. એસ. રોયે ફકત સ્નાતક પદવી બીજા વર્ગમાં મેળવેલ છે.

(૨) અંગ્રેજીના વ્યાખ્યાતા શ્રી. એચ. જે. શુકલ જરૂરી શૈક્ષણિક અનુભવ ધરાવતા નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તમામ સંલગ્ન કૉલેજોને ઘટતો પરિપત્ર પાઠવીને જણાવવું કે શિક્ષકોની લાયકાત અને કાર્યબોજ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય તથા લાયકાત ધરાવતા શિક્ષકોના પ્રમાણમાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તે તેમણે કાળજીપૂર્વક જોવાનું રાખવું.

૫. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, ફલેગામે ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર સંસ્કૃતના પૂરા સમયના વ્યાખ્યાતા તથા મનોવિજ્ઞાનના પૂરા સમયના વ્યાખ્યાતા નીમ્યા વગર આખું સત્ર પસાર કર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન, ૧૯૬૭થી સંસ્કૃત અને માનસશાસ્ત્રના વિષયો માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે નહિ.

૬. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાંથી અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. રોહિતભાઈ શુક્લ બીજા સત્રથી પરદેશ ગયા હોવાથી તેઓને સ્થાને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અગર મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય શૈક્ષણિક કાર્ય કર્યું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી અર્થશાસ્ત્રના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૭. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય તા. ૮-૧૨-૧૯૬૬થી શિક્ષણકાર્ય જારી રાખ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આ કૉલેજમાં મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. રંજનકુમાર મુનશી હતા, પરંતુ બીજા સત્રની અધવચમાં તેઓ છૂટા થયા હતા, એટલે સત્રનો બીજો ભાગ ત્યાં બીજા કોઈ પ્રાધ્યાપક ન હતા.

(૨) મનોવિજ્ઞાન (સ્પે.) માટે આ સમય દરમિયાન એક વિદ્યાર્થી તે કૉલેજમાં અભ્યાસ કરતો હતો.]

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી માનસશાસ્ત્રના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૮. શ્રી. જવાહરલાલ નહેરુ વિદ્યાભવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, રાજકોટે ૧૯૬૬ની જોડાણુશરતોના પરિપાલન અંગે સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. ડી. એમ. શાહ પ્રાધ્યાપક તરીકેની લાયકાત ધરાવતા ન હોવા છતાં, તેમના સ્થાને બીજા યોગ્ય લાયકાત ધરાવતા સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કર્યા વિના આખું વર્ષ સદરહુ કૉલેજે શિક્ષણકાર્ય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મજકૂર કૉલેજને ૧૯૬૬ની જોડાણ શરતોના પરિપાલન અંગે અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપક તેમ જ ઇતિહાસના વ્યાખ્યાતાને ફક્ત એક જ વર્ષ પૂરતા શૈક્ષણિક કાર્ય કરવા દેવાની પરવાનગી સિન્ડિકેટે અગાઉ આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન ન થાય તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી સમાજશાસ્ત્રના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૯. ખંડ સમયના પદવી અભ્યાસક્રમો (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના ડિપ્લોમા ધરાવનારાઓ માટે) શીખવવા માટે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ જોડાણઅરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૪/૫-૨-૧૯૬૭ની સભામાં શ્રી. જી. એસ. દેસાઈ તેમ જ આચાર્યશ્રી એસ. એમ. અમીનની સ્થાનિક તપાસસમિતિ નીમેલ છે, પરંતુ સદરહુ કૉલેજ બી.ઈ.ના અભ્યાસક્રમો માટે જોડાણ પામેલ હોઈ જોડાણ અંગેની સઘળી કાર્યવાહી કરવી કે કેમ તે મુદ્દો પણ વિચારણા માગી લે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ખંડ સમયના સદરહુ અભ્યાસક્રમો શીખવવા માટે આવેલી અરજીની બાબતમાં જોડાણ અંગેની કાર્યવાહી કરવી આવશ્યક નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમ શીખવવાની પરવાનગીના સંદર્ભમાં શિક્ષકગણ, જગ્યા, પ્રયોગશાળા અને વર્કશૉપ અને તેનાં સાધનોની જરૂરિયાત તથા પ્રવેશ માટે વિદ્યાર્થીઓની સંખ્યા વગેરેની વિગતો જોઈતપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય પી. એસ. કલવચવાળા (ડીન)

૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ.

૧૦. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદના આશ્રયે કૉમ્યુનિટી ડેવલપમેન્ટના ટૂંકી મુદતના અભ્યાસક્રમોમાં પ્રતિનિધિ મોકલવા અંગે સંસ્થાના ડીન તરફથી આવેલ પરિપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) નૃવંશશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ, સમાજશાસ્ત્ર અથવા ખેતીવિષયક શિક્ષકો આમાં ભાગ લઈ શકે.

(૨) દરેક અભ્યાસક્રમ એક માસનો છે. કુલ પાંચ અભ્યાસક્રમો જુદા જુદા સમયે યોજનાર છે.

(૩) સંસ્થા તરફથી પ્રતિનિધિને રૂા. ૧૫૦ ભથ્થું મળશે. બાકીનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમોમાં શિક્ષકોને મોકલવા માટે જે તે કૉલેજ કે સંસ્થા વધારાના ખર્ચના ૫૦ ટકા જેટલો હિસ્સો ભોગવવાને માટે સંમત થાય તે શરતે બાકીનો ખર્ચ

યુનિવર્સિટી ભોગવશે એમ સ્પષ્ટતા કરીને સંબંધકર્તા કૉલેજો પાસેથી જરૂરી પાત્રતા ધરાવતા શિક્ષકોનાં નામોનાં સૂચનો મગાવવાં અને તે આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોતાની પ્રથમ પદવી પ્રાપ્ત કરે તે પહેલાં તેમને પાંચ નિરક્ષર વ્યક્તિઓને શિક્ષણાભિમુખ કરી હોવાનું પ્રમાણપત્ર મેળવવું આવશ્યક બનાવવાની ગુજરાત રાજ્યની સમાજશિક્ષણ સમિતિ, સુરતના પ્રમુખના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. સેનેટના નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ	અનુ. પદવી કક્ષાના વિષયો
૧.	શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ	વાણિજ્ય	૧. એકાઉન્ટન્સી ૨. વાણિજ્ય	મૅથેમેટિકસ
૨.	આચાર્ય ઇન્દુલાલ જેચંદ ધ્રુવ	શિક્ષણ સહિત વિનયન	૧. અર્થશાસ્ત્ર ૨. ઇતિહાસ	સ્નાતક કક્ષાએ : ૧. અર્થશાસ્ત્ર, અનુસ્નાતક ૨. "એ" અને "સી" ગ્રુપ
૩.	આચાર્ય પ્રવીણલાલ વી. પારેખ	વિજ્ઞાન	૧. મૅથ્સ. ૨. દર્શાવેલ નથી.	૧. મૅથ્સ. (ભૌતિક) ૨. મૅથેમેટિકસ

[**નોંધ.**—(૧) શ્રી. દેસાઈ ગુલાબભાઈ રતનજી હાલ એકચ્યુઅરિયલ સાયન્સ ઉપર કો-ઑપ્ટેડ સભ્ય તરીકે છે. હવે તેઓએ (૧) એકાઉન્ટન્સી, અને (૨) વાણિજ્યની અભ્યાસ-સમિતિની ઇચ્છા દર્શાવી છે.

સેનેટના સભ્યપદે આવતાં તેમને ફરીથી બીજી બે અભ્યાસસમિતિઓ ઉપર કામ કરવા ઇચ્છા દર્શાવી છે.

યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) જોતાં બીજી બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું કે કેમ તે પ્રશ્ન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

(૧) શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈ ... ૧. એકચ્યુઅરિયલ સાયન્સ, અને
૨. એકાઉન્ટન્સી

(૨) આચાર્ય ઇન્દુલાલ જેચંદ ધ્રુવ ... ૧. અર્થશાસ્ત્ર, અને
૨. ઇતિહાસ

(૩) આચાર્ય પ્રવીણલાલ વી. પારેખ ... મૅથેમેટિકસ.

૧૩. જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓ હાલ (જાન્યુઆરી અને જુલાઈ માસમાં એમ) વર્ષમાં બે વાર લેવામાં આવે છે, પરંતુ આ પરીક્ષાઓમાં ઘણા જ ઓછા વિદ્યાર્થીઓ બેસતા હોવાથી એક વાર લેવા અંગે વિચારણા કરવા બાબત.

[૧૯૬૫-૬૬ અને ૧૯૬૬-૬૭માં આ પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે:

વર્ષ	જુ. સર્ટિ.	સી. સર્ટિ.
જુલાઈ ૧૯૬૫	૩૯	૭
જાન્યુ. ૧૯૬૬	૨૩	૨
જુલાઈ ૧૯૬૬	૨૦	૪૪
જાન્યુ. ૧૯૬૭	—	—

માસ્ટર ઑફ લેબર વેલ્ફેર

વર્ષ	એપ્રિલ	ઑક્ટો.
૧૯૬૪	૨૫	૫
૧૯૬૫	૨૨	૩
૧૯૬૬	૨૭	૧]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં હાલ કશો ફેરફાર કરવો નહિ.

૧૪. સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૧૫-૩-૧૯૬૭ સુધી લંબાવી હતી, પરન્તુ હજુ લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં ન હોવાથી તે મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૬-૬૭ના વર્ષમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) કઢાવ્યું ન હોય તેમને તેમના હિસાબે અને જોખમે ચાલુ વર્ષે પરીક્ષામાં બેસવા દેવા, પરંતુ તેઓનું પરિણામ જણાય ત્યાં સુધીમાં પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર કઢાવી લે નહિ તો તેમનું પરિણામ અનામત રાખવું.

૧૫. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. પદવી માઇક્રોબાયોલોજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ શ્રી. એમ. કે. પટેલની જગ્યાએ શ્રી. ડબલ્યુ. વી. કોટસ્થાનેની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(શ્રી. પટેલનું અવસાન થવાના કારણે આ જગ્યા ખાલી પડેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ૧૫મી જૂન ૧૯૬૭થી શ્રી. ડબલ્યુ. વી. કોટસ્થાનેની નિમણૂક કરવી.

૧૬. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવીના અનુસ્નાતક કેન્દ્રના વર્ષ ૧૯૬૪-૬૫ તેમજ વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો અનેક વાર યાદ દેવડાવ્યા છતાં આવ્યા નથી તેથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. સુપરન્યુમરરી જગાઓ ઊભી કરવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તા. ૯-૩-૧૯૬૭ના નં. એફ. ૧-૨૦૦-૬૬ (સીઢીએન ના) પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. કે. શ્રોફનો અજમાયશી સમય તા. ૩૧-૫-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. કે. શ્રોફની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી કે. કે. શ્રોફને તા. ૧-૬-૧૯૬૭થી યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કાયમ કરવા.

૧૯. ભાષા-ભવનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. એલ. મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૫-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. એલ. મહેતાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. એલ. મહેતાને તા. ૧-૬-૧૯૬૭થી ભાષા-ભવનમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર કાયમ કરવા.

૨૦. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-એજ્યુકેશન તરીકે કામ કરતા શ્રી. ડી. આઈ. વ્યાસનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતમાં સ્પષ્ટતા કરવામાં આવી કે શ્રી. ડી. આઈ. વ્યાસનો અજમાયશી સમય સપ્ટેંબર માસમાં પૂરો થાય છે તેથી સદરહુ બાબત પરત્વે હાલ વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૨૧. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. આર. કે. ધારૈયાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વ્યાખ્યાતા તરીકે કામ કરતા ડૉ. આર. કે. ધારૈયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તેમની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા.

૨૨. ભાષા-ભવનમાં લિંગ્વિસ્ટિક્સના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. એચ. સી. ભાયાણીનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ભાષા-ભવનમાં લિંગ્વિસ્ટિક્સના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. એચ. સી. ભાયાણીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તેમની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા.

૨૩. સમાજવિદ્યા ભવનમાં અનુક્રમે રીડર-ઇન-ઇકોનોમિક્સ અને લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સ તરીકે કામ કરતા શ્રી. રાજેન્દ્રકુમાર તથા શ્રી. જે. આઈ. લાલીવાલાનો વધારેલો છ માસનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-ઇકોનોમિક્સ તરીકે કામ કરતા શ્રી. રાજેન્દ્રકુમાર તથા લેક્ચરર-ઇન-ઇકોનોમિક્સ તરીકે કામ કરતા શ્રી. જે. આઈ. લાલીવાલાની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેઓને તેમની જગ્યા પર તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમ કરવા.

૨૪. જુનિયર ઑપરેટર શ્રી. આર. એ. પંડ્યાને તા. ૧૦-૨-૧૯૬૭થી ફારેગ કરવામાં આવેલા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત આપવા અંગે તેમની તા. ૨૮-૨-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨-૨-૧૯૬૫ના રોજ જોડાયા હતા, અને તેમને તા. ૧૦-૨-૧૯૬૭ના રોજ ફારેગ કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એ. પંડ્યાને તેમના ખાતે નીકળની પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૫. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. ટી. જી. પંચાલ રાજીનામું આપી તા. ૧૪-૨-૧૯૬૭થી ફારેગ થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ અંગેની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૩૦-૧૦-૧૯૬૬ના રોજ જોડાયા હતા અને તા. ૧૪-૨-૧૯૬૭ના રોજથી ફારેગ થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. જી. પંચાલને તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી એસ. એમ. રિસ્વાડકર તા. ૪-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ અંગેની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૪-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૩-૧૯૬૦થી જોડાયાં હતાં અને તા. ૪-૩-૧૯૬૭ના રોજ છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. રિસ્વાડકરને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૭. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં શ્રીમતી એસ. એમ. રિસ્વાડકર તા. ૪-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટાં થયાં હોવાથી તેમના ખાતે નીકળતી

રૂ.૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યૂઇટીની રકમ આપવા અંગે તેમની તા. ૪-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૩-૧૯૬૦થી ન્હેડાયાં હતાં અને તા. ૪-૩-૧૯૬૭ના રોજ છૂટાં થયાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. એમ. રિસ્વાડકરને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યૂઇટીની રકમ ચૂકવી આપવી.

૨૮. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૧૪-૩-૧૯૬૭ના ઠરાવ નં. વીએલબી., ૧૧૬૭-૮૮૦-જે પ્રમાણે સરકારી કર્મચારીઓને તા. ૧-૩-૧૯૬૭થી મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો વધારો યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી કર્મચારીઓને મોંઘવારી તથા બીજાં ભથ્થાં રાજ્ય સરકારના ધોરણે આપવામાં આવે છે. આ વધારાથી ખર્ચમાં અંદાજે વાર્ષિક રૂા. ૪૫,૯૬૦ જેટલો વધારો થશે. આ અંગેની અમુક ગ્રાન્ટ ગુજરાત સરકાર આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને માટે મોંઘવારી ભથ્થાના દર તા. ૧-૩-૧૯૬૭થી નીચે મુજબ મંજૂર કરવા:

મૂળ પગાર રૂા.	મોંઘવારી ભથ્થું રૂા.
૫૦ સુધી	૮૨
૫૧થી ૬૪	૯૨
૬૫થી ૧૦૦	૧૧૫
૧૦૧થી ૧૦૪	૧૨૦
૧૦૫થી ૧૫૦	૧૩૦
૧૫૧થી ૧૬૪	૧૩૫
૧૬૫થી ૨૫૫	૧૫૫
૨૫૬થી ૩૨૯	૧૮૦
૩૩૦થી ૫૦૦	૧૯૦
૫૦૧થી ૭૫૦	૨૦૫
૭૫૧થી ૯૦૦	૨૨૦
૯૦૧થી ૧,૦૦૦	૨૦૦
૧,૦૦૧થી ૧,૦૬૯	મૂળ પગાર અને રૂા. ૧,૨૦૦ વચ્ચેના તફાવત જેટલી રકમ
૧,૧૦૦થી ૨,૨૫૦	૧૦૦
૨,૨૫૧થી ૨,૩૪૯	મૂળ પગાર અને રૂા. ૨,૩૫૦ વચ્ચેના તફાવત જેટલી રકમ.

૨૯. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૩-૧૯૬૭ની સભામાં મંજૂર કરેલ તે પૈકી નીચે મુજબના સૂચન પ્રમાણે પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત:

(૧) યુનિવર્સિટી પ્રેસની વ્યવસ્થા માટે સ્વાયત્ત ધોરણે એક સ્થાયી સમિતિ નીમવામાં આવે જે પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ ઉપરાંત મુદ્રણક્ષેત્રના ઓછામાં ઓછા એક કે બે નિષ્ણાતો પણ હોય. આ સમિતિને કેટલીક આર્થિક અને કારોબારી સત્તા સોંપવા ઉપરાંત મૅનેજમેન્ટ અને કારીગરો વચ્ચેના કેટલાક નીતિવિષયક પ્રશ્નોના નિકાલનું કામ સોંપવાનું વિચારવા જેવું ગણાય.

(૨) શ્રી. પ્રેસ-મૅનેજરને આંતરિક વહીવટની બાબતમાં નક્કી કરેલી નીતિરીતિની મર્યાદામાં પૂરતી સ્વાયત્તતા આપવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે વિચારણા કરીને જરૂરી ધારાધોરણો ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી એક તદર્થ (Ad-hoc) સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે
૩. શ્રી. ધીરુભાઈ નાયક.

૩૦. સિન્ડિકેટના સર્વે સભ્યોની બનેલી વરણીસમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી અને નીચે મુજબ નિમણૂકો કરવી :

૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ)ની જગ્યા પર શ્રી. એન. જે. પાઠકને રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૨૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૨. મદદનીશ ગ્રંથપાલની જગ્યા પર શ્રી. ડી. એન. શુક્લને રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

૩. વર્કશોપ સુપરિન્ટેન્ડેન્ટની જગ્યા પર શ્રી. અગ્રવાલ જી. એમ.ને રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૨૭૫થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૧. ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્રથી આવેલ માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૨. ૧૯૬૬ના માર્ચ-એપ્રિલની પરીક્ષાના પ્રશ્નપત્રો નડિયાદ કેન્દ્ર પરથી નજીકમાં બીજાં કેન્દ્રો પર મોકલવાની વ્યવસ્થા અંગે આચાર્ય વી. એ. વ્યાસને નડેલા અકસ્માતના

કારણે દવા-સારવાર વગેરે અંગે થયેલા રૂા. ૩,૬૯૬ના ખર્ચની રકમ તેઓને આપવા અંગે પુનર્વિચારણા કરવાની તેઓના તા. ૧૪-૨-૧૯૬૭ના પત્રાંક ૨૭૫૧થી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"સદરહુ બાબત અંગે સિન્ડિકેટે ઘટતી વિચારણા કરી છે અને ઠરાવે છે કે તા. ૨૪-૩-૧૯૬૬ના રોજ ડૉ. વી. એ. વ્યાસે કરેલી ડાકોર-નડિયાદની સદરહુ મુસાફરી એ યુનિવર્સિટીએ તેમને સોંપેલી ફરજના ભાગરૂપે કરવામાં આવેલી નથી, તે જોતાં તેમની વિનંતી માન્ય કરવાનું બની શકે તેમ નથી.")

આચાર્ય વી. એ. વ્યાસના સદરહુ પત્ર પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે તેમને દવા-સારવાર વગેરેના ખર્ચ પેટે રૂા. ૩,૫૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર ને પાંચસો)ની રકમ આર્થિક મદદ તરીકે આપવી.

૩૩. યુનિવર્સિટીના હૉલેરિથ વિભાગ માટેનું રિપ્રોડ્યુસર મશીન આઈ. સી. ટી. કંપની પાસેથી માસિક રૂા. ૭૨૫(સાતસો પચીસ)ના માસિક ભાડાથી ભાડે લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલનું મશીન જૂનું હોવાથી તે બદલવાની જરૂર છે. આ માટે સિન્ડિકેટે રૂા. ૬૭૮નું ભાડું મંજૂર કરેલું છે. વધેલું ભાડું રૂા. ૭૨૫ થશે તેથી વધારાનું ભાડું મંજૂર કરવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મશીનનું રૂા. ૭૨૫નું માસિક ભાડું તા. ૧૭-૨-૧૯૬૭થી મંજૂર કરવું.

૩૪. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ઇન્ડિયાને પ્રતિવર્ષ રૂા. ૫૦૦ની ગ્રાન્ટ આપવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક સાયન્સ-મિસે-૭૩૦૩, તા. ૧૫-૩-૧૯૬૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્થાની ગ્રાન્ટ અંગેની વિનંતી મંજૂર કરવી નહિ.

૩૫. લોકભોગ્ય પ્રકાશન શ્રેણીમાં "યંત્રનો વ્યાપક અને વ્યવહારુ ઉપયોગ" વિષય પર પુસ્તિકા લખવાનું કામ સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભામાં શ્રી. બી. કે. ખત્રી અને શ્રી. એ. ડી. પંડ્યાને સોંપવાનું ઠરાવેલું, પરંતુ શ્રી. બી. કે. ખત્રીનું અવસાન થયું હોઈ તેમને સ્થાને અન્ય લેખકનું નામ સૂચવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પુસ્તિકા શ્રી. એ. ડી. પંડ્યાને પોતે એકલા જ તૈયાર કરી શકે તો તેમને તે કાર્ય સોંપવું, નહિ તો તે બાબતમાં યોગ્ય નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૪/૫-૨-૧૯૬૭ની સભામાં નિયુક્ત કરેલ પત્રકારિત્વ પરિભાષા સમિતિમાં શ્રી. પ્રફુલ્લભાઈ ઠાકોરનો સમાવેશ કરવા અંગે ઉપકુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. ઈશ્વરલાલ ખત્રાભાઈ દેસાઈ (સુરત)ને વધારાના સભ્ય તરીકે નીમવા.

૩૭. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડ પર સિન્ડિકેટનિયુક્ત સભ્ય આચાર્ય ય. પ્રા. શુક્લ વિનયન (શિક્ષણ સહિત) વિદ્યાશાખાના ડીન બનતાં તેઓ ઑર્ડિનન્સ ૧ હેઠળ પણ યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડના સભ્ય પણ બનતા હોઈ, તેમની જગ્યાએ અન્ય સભ્યની તા. ૨-૧૨-૧૯૬૯ સુધીના સમય માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઑર્ડિ. ૧ મુજબ નવા નિમાનાર સભ્ય યુનિવર્સિટીના કોઈ અનુસ્નાતક ભવનના વડા, માન્ય સંસ્થાના વડા અથવા બોર્ડ ઑફ ટીચિંગના સભ્ય હોવા જરૂરી છે.

(૨) ઉપરોક્ત ઑર્ડિનન્સ મુજબ નિમાયેલા અન્ય સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે :

૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
૨. પ્રો. જે. જે. ગિનોય
૩. ડૉ. પી. એચ. પ્રભુ
૪. આચાર્ય એમ. સી. દેસાઈ
૫. પ્રો. એમ. પી. પંડ્યા
૬. પ્રો. કે. જે. ભટ્ટ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર આચાર્ય ય. પ્રા. શુક્લની જગ્યાએ તા. ૨-૧૨-૧૯૬૯ની મુદત સુધી શ્રી. રસિકલાલ છો. પરીખની નિમણૂક કરવી.

૩૮. બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૯. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૨-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૬થી તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધીના નવા માસિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે, અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૪૦. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૨-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા ઑક્ટોબર ૧૯૬૬થી ડિસેંબર ૧૯૬૬ સુધીના ત્રૈમાસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૨. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણમાં બીજા સત્રમાં ગુજરાતીના પૂર્ણ સમય ના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨-૭-૧૯૬૬ની સિન્ડિકેટની સભામાં ઠરાવ્યા અનુસાર મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવા માટે માત્ર પ્રથમ સત્ર પૂરતી છૂટ અપવાદરૂપે આપવામાં આવેલી કેમ કે બીજા વિષય અર્થશાસ્ત્ર માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા માન્ય કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી ગુજરાતીના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૪૨. સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીએ ગુજરાતીના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક ન કરતાં, સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તથા સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ એમ બે કૉલેજોમાં શિક્ષણકાર્ય કરતા શ્રી. ડી. ડી. કોઠારીની ગુજરાતીના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે તેમની કૉલેજમાં નિમણૂક કરી આખું વર્ષ શિક્ષણકાર્ય ચલાવવામાં આવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—કોઈ પણ શિક્ષક બે કરતાં વધુ કૉલેજોમાં શિક્ષણકાર્ય કરી શકે નહિ.)

ચર્ચા દરમિયાન સ્પષ્ટતા કરવામાં આવી કે શ્રી. ડી. ડી. કોઠારી અમદાવાદની બે કૉલેજોમાં વ્યાખ્યાનો આપતા નથી.

આથી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૬૭થી ગુજરાતીના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયના વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૪૩. મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક શ્રી. બી. ટી. ઉપાધ્યાય બે સંલગ્ન કૉલેજોમાં સેવાઓ આપતા હોવા છતાં ત્રીજી કૉલેજ શ્રીમતી જી. જે. શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીએ તેમને નીમ્યા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી અને તેથી તે ઠપકાપાત્ર છે અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે તેમણે જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી મર્કન્ટાઇલ લૉના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૪૪. અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન, અમદાવાદને જૂન ૧૯૬૭થી ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના વિષયોમાં પીએચ.ડી.ના સંશોધનકાર્ય માટે માન્યતા ચાલુ રાખવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી ૨ તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. ય. ગુ. નાયક
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. ડૉ. પી. એચ. પ્રભુ.

૪૫. સેનેટની તા. ૨૮/૨૯/૩૦–૩–૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાધ્યિકો–પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ જેવા અધિકારી નીમી સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષાપદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલાં પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની સુરક્ષાની દરમિયાન અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક વર્ગોમાં જ્યાં તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણસુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષાને સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હંમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશનપ્રવૃત્તિ

(૧) સ્ટાન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્સ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગા ઊભી કરવી નહિ.

(૨) એક્સ્ટ્રાઓર્ડિનરી બોર્ડમાં પ્રૌઢ શિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

(૩) સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇક્રોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોના કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૬. આશરે ૫૦૬રથી વીસ વ્યાખ્યાનોની એક એવી બે વ્યાખ્યાનશ્રેણીઓ માટે નેશનલ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવા માટેનું નિમંત્રણ સ્વીકારવા માટે તથા તે માટે અંદાજે રૂા. ૧,૨૦૦નું વેતન સ્વીકારવા માટે ડૉ. ભોપટકરને પરવાનગી આપવા માટે મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણકાર્યને કોઈ પણ પ્રકારે અંતરાય નડે નહિ તેની ખાતરી અધ્યક્ષશ્રી કરે તે શરતે ડૉ. સી. ટી. ભોપટકરને સદરહુ વ્યાખ્યાનમાળાઓ આપવા માટે તથા તે માટે રૂા. ૧,૨૦૦ (એક હજાર ને બસો) સુધીનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૭. આરોગ્યકેન્દ્રના ડૉ. સી. આર. ત્રિવેદીને રૂા. ૨,૦૦૦ની સ્કૂટર ખરીદવા લોન આપવા તેમની તા. ૨૪-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[આ અગાઉ સિન્ડિકેટે શ્રી. એલ. એ. ઠક્કર, આસિ. ડી.પી.ઈ.ને સ્થાયી સમિતિની ભલામણો પરથી નીચેની શરતોને આધીન રૂા. ૨,૦૦૦ની સ્કૂટર લોન આપવાનું મંજૂર કરેલ છે:

શરતો

(૧) ઉપરોક્ત રકમ સરખા ૫૦ હપતાથી વસૂલ કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર આવી લોન અંગે વ્યાજનો દર વરસોવરસ નક્કી કરે તે પ્રમાણે વસૂલ કરવામાં આવે.

(૩) સ્કૂટરનો વીમો ઊતરાવી યુનિવર્સિટીમાં વાહન ગીરો મૂકવાનું રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે રેસિડન્ટ મેડિકલ ઓફિસર ડૉ. સી. આર. ત્રિવેદીને સ્કૂટર ખરીદવા માટે રૂા. ૨,૦૦૦(બે હજાર)ની લોન ઉપરની શરતોએ મંજૂર કરવી.

૪૮. મનોવિજ્ઞાન વિદ્યાભવનના ફર્નિચર માટે સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે કરેલ રૂા. ૩,૦૦૦ની બજેટની જોગવાઈને બદલે રૂા. ૧૨,૭૦૦ની જોગવાઈ કરવા માટે અધ્યક્ષશ્રીના તા. ૨૪-૩-૧૯૬૭ના પત્રાંક ૧૬૪૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષમાં મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ફર્નિચર માટે વધુ રૂા. ૯,૭૦૦ના ખર્ચની જોગવાઈ અંદાજપત્રમાં કરવી.

૪૯. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવન મારફતે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી પૂર્વસ્નાતક અને શાળાઓના શિક્ષકોના બાયોલોજી વિષયમાં તા. ૨૦-૫-૧૯૬૭થી તા. ૩૦-૬-૧૯૬૭ સુધી યોજનારા 'સમર ઇન્સ્ટિટ્યૂટ'માં વિજ્ઞાન ભવનના નીચેના સભ્યોને સમર ઇન્સ્ટિટ્યૂટ દરમિયાન મળતું મહેનતાણું સ્વીકારવા પરવાનગી આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	પદ	મળતી રકમ	હાલ મળતો મૂળ માસિક પગાર
૧.	ડૉ. એમ. એસ. દુબલે	રીડર (ઝૂલોજી)	રૂા. ૮૦૦	રૂા. ૮૨૦
૨.	ડૉ. એસ. સી. પાંડેય	રીડર (બોટની)	રૂા. ૮૦૦	રૂા. ૭૪૦

ક્રમાંક	સભ્યનું નામ	પદ	મળતી રકમ	હાલ મળતો મૂળ માસિક પગાર
૩.	ડૉ. એ. ડી. મનસૂરી	લેક્ચરર (બોટની)	રૂા. ૫૦૦	રૂા. ૪૩૦
૪.	પ્રો. પી. વાય. પરમાર	પ્રોફેસર (સેંટ ઝેવિયર્સ કૉલેજ)	રૂા. ૫૦૦	આ બન્ને સભ્યો બહારના હોય તેમ જણાય છે.
૫.	શ્રી. પી. મુરલીધરન્	રિસર્ચ ફેલો	રૂા. ૫૦૦	
૬.	શ્રી. બી. એન. મોદી	લેબોરેટરી આસિસ્ટન્ટ	રૂા. ૧૦૦	રૂા. ૮૦
૭.	શ્રી. એન. વી. શાહ	હરબેરિયમ કીપર	રૂા. ૧૦૦	રૂા. ૯૦
૮.	શ્રી. પી. કે. મોદી	સ્ટોરકીપર	રૂા. ૧૦૦	રૂા. ૮૦
૯.	શ્રી. બી. એમ. ઠાકર	ક્લાર્ક	રૂા. ૧૦૦	રૂા. ૧૨૪
૧૦	શ્રી. રામફાર તિવારી	પટાવાળા	રૂા. ૫૦	રૂા. ૪૪
૧૧.	શ્રી. રામાજી	પટાવાળા	રૂા. ૫૦	રૂા. ૪૪

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન ભવનમાં ઉપરના સભ્યોને સદરહુ સમર ઇન્સ્ટિટ્યૂટના કામકાજ માટે તેમનાં નામ સામે જણાવેલ મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૦. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આર. આર. લાલન કૉલેજ, ભૂજે ૧૯૬૬ના જોડાણ અંગે સેનેટે મૂકેલ શરતોનું પરિપાલન કર્યાથી રાજ્ય સરકારને જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા અંગે ભલામણ કર્યાના;

(૨) સિન્ડિકેટના તા. ૧૯-૨-૧૯૬૫ના ઠરાવ નં. ૪૫થી હૉલેરિથ વિભાગના જુનિયર ઑપરેટરોને કાર્ડ પંચિંગ તથા વેરિફિકેશન માટે કાર્ડની સંખ્યાના પ્રમાણમાં ઓવરટાઇમ એલાવન્સ આપવા ઠરાવ્યું હતું તેને બદલે કાર્યાલયમાં કાયમી કર્મચારીઓને દર કલાકે રૂા. ૧-૨૫ ઓવરટાઇમ એલાવન્સ આપવામાં આવે છે તે દરે જુનિયર ઑપરેટરોને ઓવરટાઇમ એલાવન્સ આપવા માટે મંજૂરી આપ્યાના;

(૩) ભાષા-સાહિત્ય ભવનના પ્રાધ્યાપક શ્રી. એચ. સી. ભાયાણીને 'નાનાલાલ જયંતી વ્યાખ્યાન' આપવા તથા તે અંગે રૂા. ૪૦૦નો પુરસ્કાર સ્વીકાર કર્યાના;

(૪) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેઓને ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	વિદ્યાશાખા	પદવી
૧.	શ્રી. સી. એમ. પટેલ	ભૌતિકવિજ્ઞાન	વિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. કે. જે. શાહ	રસાયણવિજ્ઞાન	વિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રી. એ. એ. શેખ	રસાયણવિજ્ઞાન	વિજ્ઞાન	પીએચ.ડી.
૪.	શ્રી. ડી. આઈ. પરીખ	ગુજરાતી	વિનયન	પીએચ.ડી.
૫.	શ્રી. આર. સી. જમીનદાર	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	વિનયન	પીએચ.ડી.

(૫) એમ.એ.,એમ.એસસી. અને એમ.કૉમ. પદવીના વર્ગમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરતા નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી, જૂના અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ હવે પછી બંધ થતું હોઈ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ માફ કરી સત્ર મંજૂર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેની વિગત
૧.	શ્રી. યુ. એ. પટેલ	એમ.એ.	એસ.બી. ગાર્ડા આર્ટ્સ અને પી. કે. પટેલ કૉમર્સ કૉલેજ, નવસારી	ચોથું
૨.	શ્રી. કે. કે. મહેતા	એમ.એ.	સદર	બીજું
૩.	શ્રી. પી. જે. પંડ્યા	એમ.એસસી.	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ચોથું
૪.	શ્રી. સી. એમ. વોરા	એમ.એ.	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	ચોથું
૫.	શ્રી. એન. એન. મહેતા	એમ.એસસી.	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ચોથું
૬.	શ્રી. બી. જે. પટેલ	એમ.કૉમ.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	પ્રથમ તથા ત્રીજું
૭.	શ્રી. સી. બી. ભટ્ટ	એમ.એ.	સદર	ત્રીજું તથા ચોથું
૮.	શ્રી. એન. એમ. પટેલ	એમ.એ.	એમ. એન. કૉલેજ, વીસનગર	ચોથું
૯.	શ્રી. વી. વી. શાહ	એમ.કૉમ.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ–૯	ચોથું
૧૦.	શ્રી. એમ. ડી. મહેતા	એમ.કૉમ.	સદર	પ્રથમ તથા બીજું
૧૧.	શ્રી. એમ. જે. રૂપારેલ	એમ.કૉમ.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	બીજું
૧૨.	શ્રી. વી. યુ. ભૂપતાની	એમ.કૉમ.	સદર	ત્રીજું
૧૩.	શ્રી. જી. એસ. પરમાર	એમ.એ.	ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	બીજું
૧૪.	શ્રી. કે. વી. શેલત	એમ.એ.	સદર	બીજું
૧૫.	શ્રી. એસ. જી. રાવલ	એમ.એ.	મનોવિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ચોથું
૧૬.	શ્રી. બી. ડી. ઓઝા	એમ.કૉમ.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	ત્રીજું

(૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમજ ૧૯૬૩-૬૪, ૧૯૬૪-૬૫ અને ૧૯૬૫-૬૬ના વર્ષ માટે આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ પેટે થતા વધારાના ખર્ચના ૫૦ ટકા જેટલી યુ. ગ્રા. ક.ની આર્થિક સહાય જે તે વર્ષ માટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(કૉલેજોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૧. વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરતમાં ગૃહવિજ્ઞાન (ભૌતિકશાસ્ત્ર) વિષયના યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કર્યા સિવાય આખું વર્ષ શિક્ષણકાર્ય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—અગાઉ ગૃહવિજ્ઞાન (સમાજશાસ્ત્ર) માટે પણ આવી જ ક્ષતિ ચાલુ રાખેલી જે જાણ સારુ.]

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજના આચાર્યને જણાવવું કે સદરહુ ગેરનિયમિતતા ચલાવવામાં આવી તે યોગ્ય થયું નથી, અને તેથી તે ઠપકાપાત્ર છે, અને ભવિષ્યમાં આવી ગેરનિયમિતતાનું પુનરાવર્તન થાય નહિ તે પણ જોવું આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૬૭થી ગૃહવિજ્ઞાન(ભૌતિકવિજ્ઞાન)ના વિષય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષક નીમવામાં આવશે નહિ તો તે વિષયમાં વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૫૨. જૂન ૧૯૬૮થી નવી કૉલેજો શરૂ કરવા તથા જૂની કૉલેજોના વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખા ઉમેરવા માટે આવેલ નીચેની જોડાણઅરજીઓ પર વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત :

(અ) નવી કૉલેજો માટેની જોડાણઅરજીઓ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થળ	વિદ્યાશાખા
૧.	માનદ મંત્રી, મહુધા કેળવણી મંડળ, મહુધા (તા. નડિયાદ)	મહુધા	વિનયન
૨.	ટ્રસ્ટી શ્રી. મોહનલાલ ચિમનલાલ ચૅરિટી ટ્રસ્ટ, દ્વારા, એમ. વાડીલાલ એન્ડ કું., દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧	અમદાવાદ	વિજ્ઞાન
૩.	મંત્રી, વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ચોકસી ઓળ, ડભોઈ (જિ. વડોદરા)	ડભોઈ	વાણિજ્ય
૪.	ધી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ વતી આચાર્ય, શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. અને	પાટણ	વાણિજ્ય

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજ માટેનું સ્થળ	વિદ્યાશાખા
	શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ [નોંધ.— (૧) સદરહુ કૉલેજના આચાર્ય તરફથી તા. ૩-૪-૧૯૬૭ના રોજ પત્ર આવેલ છે તેમાં હાલમાં ચાલતી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરીને વિજ્ઞાનની સાથે વાણિજ્યની વિદ્યાશાખા અને વિનયનની સાથે શિક્ષણની વિદ્યાશાખા ઉમેરવા જણાવ્યું છે. (૨) હાલની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના વિભાગીકરણની જોડાણઅરજી આવી નથી.]		
૫.	જનરલ સેક્રેટરી, બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા (જિ. પંચમહાલ)	દેવગઢબારિયા	વાણિજ્ય
૬.	મૅનેજિંગ ટ્રસ્ટી, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, પંડ્યા કુટીર, સરખેજ રોડ, અમદાવાદ (નોંધ.—ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયેલ નથી.)	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૭.	ધી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ વતી આચાર્ય, શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ [નોંધ.—(૧) સદરહુ કૉલેજના આચાર્ય તરફથી તા. ૩-૪-૧૯૬૭ના રોજ પત્ર આવેલ છે તેમાં હાલમાં ચાલતી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરીને વિજ્ઞાનની સાથે વાણિજ્યની વિદ્યાશાખા અને વિનયનની સાથે શિક્ષણની વિદ્યાશાખા ઉમેરવા જણાવ્યું છે. (૨) હાલની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના વિભાગીકરણની જોડાણઅરજી આવી નથી.]	પાટણ	શિક્ષણ

(બ) વિભાગીકરણ અને/અથવા વધારાની વિદ્યાશાખાના જોડાણ માટેની અરજીઓ

			વિભાગીકરણ
૮.	આચાર્ય, સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાંચેવાલય, અમદાવાદ-૬	અમદાવાદ	૧. શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ

૨. શ્રી. સહજાનંદ
કૉમર્સ કૉલેજ

૯.	પ્રમુખ, સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૧ (હાલમાં સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં વાણિજ્યની નવી વિદ્યાશાખા ઉમેરવા અંગેની જોડાણુ-અરજી કરી છે.)	અમદાવાદ	વાણિજ્ય

(ક) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તાર

૧૦.	સેક્રેટરી, વિકાસ વિદ્યાલય, વઢવાણ સિટી (સૌરાષ્ટ્ર)	વઢવાણ	વિનયન (મહિલા)
૧૧.	પ્રેસિડન્ટ, સર્વોદય કેળવણી સમાજ, રાષ્ટ્રીયશાળા, પો. બૉ. નં. ૨૬૫, રાજકોટ	રાજકોટ	કાયદો
૧૨.	પ્રેસિડન્ટ, સર્વોદય કેળવણી સમાજ, રાષ્ટ્રીયશાળા, પો. બૉ. નં. ૨૬૫, રાજકોટ	રાજકોટ	વિજ્ઞાન

(ખ) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર

૧૩.	માનદ મંત્રી, શ્રી. નૂતન કેળવણી મંડળ, તિથલ રોડ, વલસાડ	વલસાડ	કાયદો

(અ) આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોની જોડાણુઅરજી બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજનું સ્થળ	વિદ્યાશાખા	સભ્યોનાં નામ
૧.	માનદ મંત્રી, મહુધા કેળવણી મંડળ, મહુધા (તા. નડિયાદ)	મહુધા	વિનયન	૧. આચાર્ય એસ. આર. ભટ્ટ ૨. આચાર્ય એચ. કે. ત્રિવેદી
૨.	ટ્રસ્ટી, શ્રી. મોહનલાલ ચિમનલાલ ચૅરિટી ટ્રસ્ટ, દ્વારા, એમ. વાડીલાલ ઍન્ડ કં., દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૧	અમદાવાદ	વિજ્ઞાન	૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	કૉલેજનું સ્થળ	વિદ્યાશાખા	સભ્યોનાં નામ
૩.	મંત્રીશ્રી વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ચોકસી ઓળ, ડભોઈ (જિ. વડોદરા)	ડભોઈ	વાણિજ્ય	૧. આચાર્ય એ. આર. દેસાઈ ૨. આચાર્ય ડી. ડી. ત્રિવેદી
૪.	જનરલ સેક્રેટરી, બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા (જિ. પંચમહાલ)	દેવગઢબારિયા	,,	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય એસ. આર. મહેતા
૫.	મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, પંડયા કુટીર, સરખેજ રોડ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય	૧. આચાર્ય સી. એન. હકાણી ૨. પ્રો. ડી. એન. પાઠક

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોની જોડાણઅરજી બાબતમાં તપાસસમિતિઓ નીમવા અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી :

૧.	ધી નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ વતી આચાર્યશ્રી શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી. અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ	પાટણ	વાણિજ્ય
૨.	સદર	પાટણ	શિક્ષણ

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોની જોડાણઅરજી બાબતમાં તપાસસમિતિઓ રાખવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(ક) અને (ડ) સદરહુ કૉલેજોની જોડાણઅરજીઓની બાબતમાં તપાસસમિતિઓ રચવાની વિચારણા મોકૂફ રાખવી.

બાબત ક્રમાંક ૫૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી તે પહેલાં બાબત ક્રમાંક ૮૧ પર વિચારણા કરવામાં આવી.

૮૧. ડૉ. વાય. જી. નાયકે મોકલેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે ડૉ. વ. ગુ. નાયકે સભાગૃહની સંમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો તેથી તે પર વિચારણા કરવાપણું રહ્યું નહિ.

"A number of irregularities have come to the notice of the University recently and the University rules and regulations particularly O. 120–B have been violated by a number of colleges both in Ahmedabad and mofussil.

It is, therefore, decided to make an inquiry of every college to ascertain whether the rules, ordinance etc. are properly observed by every college.

The question of taking suitable steps to prevent such irregularities against every institution will be taken simultaneously after this inquiry is completed so that no particular college is singled out."

૫૩. અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ અંગે સિન્ડિકેટે તેની તા. ૭-૨-૧૯૬૭ના ઠરાવથી નીમેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ કૉલેજના આચાર્યનો તા. ૭-૪-૧૯૬૭નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

" ૧૯૬૬-૬૭ના વર્ષમાં સદરહુ કૉલેજે યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરીને પ્રી-યુનિવર્સિટી સાય-સના ધોરણમાં ૫ ને બદલે ૭ વર્ગો શરૂ કરીને ૭૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓને દાખલ કરેલ હોઈ મજકૂર સમિતિના અહેવાલને અનુલક્ષીને ઠરાવવામાં આવે છે કે—

(૧) તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં ઉપકુલપતિશ્રીને સંતોષ થાય તે રીતે સદરહુ અહેવાલમાં જણાવેલી શિક્ષકગણ, પ્રયોગશાળા, ગ્રંથાલય વગેરેની ક્ષતિઓ દૂર કરવામાં આવે તે શરતે ૧૯૬૭-૬૮ના વર્ષમાં તે કૉલેજમાં નીચે મુજબ વર્ગો ખોલવા માટે અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી :

૧. એફ.વાય.બી.એસસી.ના ૪ વર્ગો, જેમાં આયોલોજીનો વિષય લઈને દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓના એથી વધુ નહિ તેટલા વર્ગો કાઢી શકાશે; તેમ છતાં તે વર્ગોમાં પ્રવેશ ઇચ્છતા પોતાના જ વિદ્યાર્થીઓની સંખ્યા જોઈને વધુ એક વર્ગ કાઢવાની પરવાનગી માટે કૉલેજ માગણી કરી શકશે.

૨. પ્રી-યુનિવર્સિટીના ૩થી વધુ વર્ગો કાઢી શકાશે નહિ.

૩. એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.માં રસાયણવિજ્ઞાનના મુખ્ય વિષયવાળા વિદ્યાર્થીઓનો એક એક વર્ગ (કુલ ૨ વર્ગો) કાઢી શકાશે.

૪. એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાનના મુખ્ય વિષયવાળા વિદ્યાર્થીઓનો એક એક વર્ગ (કુલ ૨ વર્ગો) કાઢી શકાશે.

(**નોંધ.**—સદરહુ કૉલેજથી પોતાના પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી કોઈ પણ વિદ્યાર્થીને, શિસ્તભંગ સિવાયના અન્ય કોઈ કારણે એફ.વાય.બી.એસસી.ના વર્ષમાં પ્રવેશ માટે ના પાડી શકાશે નહિ.)

(૨) સદરહુ કૉલેજે સિન્ડિકેટે નીમેલી મજકૂર તપાસસમિતિને કેટલીક માહિતી પૂરી પાડી નથી તેની આ સભા ગંભીર નોંધ લે છે અને તે બદલ તેને ઠપકો આપવો તથા ભવિષ્યમાં આવું ફરીથી ન બને તે જોવા માટે જણાવવું.

(૩) સદરહુ સમિતિની નીચેની ભલામણ નં. ૧ મંજૂર કરવી :

"સદરહુ કૉલેજ જોડાણની શરતો તેમ જ યુનિવર્સિટીના નિયમો બરાબર પાળે છે કે નહિ તેમ જ કૉલેજમાં શૈક્ષણિક વાતાવરણ સચવાય છે કે નહિ તે માટે આ કૉલેજનું અવારનવાર તેમ જ આકસ્મિક ઇન્સ્પેકશન કરવાનું રાખવું."

(સદરહુ સમિતિના અહેવાલની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

(૪) સદરહુ કૉલેજના જે વિદ્યાર્થીઓને સિન્ડિકેટના તા. ૭-૧-૧૯૬૭ના ઠરાવથી યુનિવર્સિટીની પરીક્ષામાં કામચલાઉ ધોરણે પ્રવેશ આપવામાં આવ્યો છે તે વિદ્યાર્થીઓનો પરીક્ષા-પ્રવેશ મંજૂર રાખવો.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી અને સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૫૩. (અ) ઑ. ૧૨૮-બી. સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ.માં પેટાકલમ (*iv*) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી અને સુધારેલા તે ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(*iv*) "No college shall have more than 5 divisions of any class, and no division shall consist of more than 100 students; provided that the Vice-Chancellor may, in his discretion and at the request of a college, permit it to admit not more than ten per cent of the maximum permissible number of students in each class or in a division thereof."

૫૪. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ અંગે સિન્ડિકેટે તેની તા. ૭-૨-૧૯૬૭ની સભાના ઠરાવથી નીમેલ સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સદરહુ કૉલેજનો તા. ૮-૪-૧૯૬૭નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી લાંબાણ ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ કૉલેજે પ્રી-યુનિ. કૉમર્સના ધોરણમાં પાંચથી વધુ વર્ગો ૧૯૬૬-૬૭ના વર્ષ દરમિયાન ખોલ્યા તે અંગે તેનો ખુલાસો, સદરહુ બાબત પરંપરાનો વિષય હોઈ, સ્વીકારવો.

(૨) સદરહુ કૉલેજે ૧૯૬૬-૬૭ના વર્ષમાં પ્રી-યુનિ. કૉમર્સના વર્ગોમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો અને એક વર્ગમાં તો ૧૧૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો એ બાબત ગંભીર નિયમભંગ ગણાય અને તેથી તેને ઘટતો ઠપકો આપવો અને ભવિષ્યમાં આવું ફરીથી ન બને તે જોવા માટે જણાવવું.

(૩) સદરહુ કૉલેજે સવારે ૬-૪૫ એટલે કે સવારે ૭-૦૦ પહેલાં વર્ગો શરૂ કર્યા તે બાબત માફ (કૅન્ડોન) કરવી.

(૪) સદરહુ કૉલેજે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિને જોઈતી માહિતી પૂરી પાડી નથી અને તેથી તેણે માહિતી આપવાની ફરજની ઉપેક્ષા કરી છે તે યોગ્ય ગણાય નહિ, અને તેથી તેને માટે ઠપકો આપવો.

(૫) સદરહુ કૉલેજને ટ્યુટોરિયલ્સનાં હાજરીપત્રકો, વ્યાખ્યાનનાં હાજરીપત્રકો અને તેમાં 'ડેશ' અંગેની સ્પષ્ટતા અને શિક્ષકગણ અંગેની માહિતી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા સદરહુ કૉલેજને જણાવવું.

૫૫. શેઠ. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કર્યા બાબતમાં સદરહુ કૉલેજના તા. ૨૦-૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે ૧૯૬૬-૬૭ના વર્ષમાં ૧૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કર્યા છે તે બાબત ગંભીર નિયમભંગ ગણાય અને તે બદલ તે કૉલેજના આચાર્યને ઘટતો ઠપકો આપવો.

૫૬. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કર્યા બાબતમાં સદરહુ કૉલેજના તા. ૧૩-૩-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે ૧૯૬૬-૬૭ના વર્ષમાં ૧૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને દાખલ કર્યા છે તે બાબત ગંભીર નિયમભંગ ગણાય અને તે બદલ તે કૉલેજના આચાર્યને ઘટતો ઠપકો આપવો.

૫૭. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની ત્રિવાર્ષિક તપાસ અંગે નિમાયેલ સમિતિના શ્રેયાન સભ્ય આચાર્યશ્રી એ. આર. દેસાઈએ તેમના તા. ૬-૩-૧૯૬૭ના પત્રથી ત્રિવાર્ષિક તપાસસમિતિ પર કાર્ય કરવા અશક્તિ દર્શાવેલ હોઈ, તેમના સ્થાને બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે શ્રી. રજિસ્ટ્રારે સ્પષ્ટતા કરી કે મજકૂર ત્રિવાર્ષિક તપાસસમિતિ પર ચાલુ રહેવા માટે આચાર્ય એ. આર. દેસાઈએ મૌખિક સંમતિ આપી છે, તેથી તે પર વિશેષ કરવાપણું રહ્યું નહિ.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૮-૪-૧૯૬૭ના રોજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર તા. ૯-૪-૧૯૬૭ના રોજ સભા ફરી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૫૮. રાજકોટની એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના વિદ્યાર્થી શ્રી. મોદી સી. કે.એ સદરહુ કૉલેજમાં સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા યુનિવર્સિટીના પત્રમાં જણાવેલ હકીકત સાથે ચેડાં કરી ગેરરીતિ આજમાવી મેળવેલ પ્રવેશ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીની પ્રથમ સત્રની હાજરી ૪૨ છે. જરૂરી હાજરી કરતાં ૩૩ ઓછી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીનો કૉલેજનો પ્રવેશ માન્ય કરવો નહિ અને તેણે કૉલેજના વર્ગોમાં ભરેલ હાજરી રદ ગણવામાં આવે તથા તેને એસ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં ચાલુ વર્ષે બેસવાની પરવાનગી આપવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને યુનિવર્સિટી કાર્યાલયે લખેલો મૂળ પત્ર રજૂ કરવા માટે જણાવવું અને તે આવ્યેથી વિશેષ તપાસ કરવી.

૫૯. જે વિદ્યાર્થીઓ સેકન્ડ બી.એસસી. પરીક્ષામાં મુખ્ય વિષયમાં નાપાસ હોય, પરંતુ તેઓને થર્ડ બી.એસસી.નાં સત્રો ભરવાનો લાભ મળતો હોય તેવા વિદ્યાર્થીઓ રે. સા. ૬૧ અનુસાર થર્ડ બી.એસસી. પરીક્ષા માટે સ્પેશિયલ કોર્સનાં સત્રો ભરી શકે નહિ, પરંતુ જનરલ કોર્સ માટે સત્રો રાખી શકે. છતાં કેટલીક કૉલેજોએ આવા વિદ્યાર્થીઓને થર્ડ બી.એસસી.ના સ્પેશિયલ કોર્સ માટે સત્રો ભરવા દીધાં છે અને તેમાંના કેટલાક વિદ્યાર્થીઓએ થર્ડ બી.એસસી. પરીક્ષા માટે આવેદનપત્રો પણ ભર્યાં છે, તો આવા વિદ્યાર્થીઓનો થર્ડ બી.એસસી.નો પ્રવેશ રદ કરવો કે કેમ તથા તેમણે થર્ડ બી.એસસી. સ્પેશિયલ માટે ભરેલ સત્રો માન્ય રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે ટી.વાય.બી.એસસી.ની પરીક્ષામાં બેઠા હોય તેમનો પરીક્ષાપ્રવેશ રદ ન ગણતાં તેમનું પરિણામ અનામત રાખવું અને યુનિવર્સિટીનાં ધારાધોરણોનો ભંગ કરીને વિદ્યાર્થીઓને ટી.વાય.બી.એસસી.માં પ્રવેશ આપવા માટે જે તે કૉલેજના આચાર્યનો ખુલાસો મગાવવો.

૬૦. આર.આર. લાલન કૉલેજ, ભૂજના ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં ગૌણ (પૂરક) સંસ્કૃત વિષયમાં ૧૯૬૬-૬૭ના વર્ષના પ્રથમ સત્રમાં શિક્ષકના અભાવે વ્યાખ્યાનો યોજી શકાયાં નથી તે બાબત અંગે સદરહુ કૉલેજના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બિના તરફ રાજ્યના શિક્ષણસંચાલકનું ધ્યાન ખેંચીને જણાવવું કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી સરકારી કૉલેજોના શિક્ષકોની ફેરબદલી કરતી વખતે યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોના કામકાજને હરકત ન આવે તે જોવું જરૂરી છે.

૬૧. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિદ્યાભવનમાં રીડર-બ્રન-એજ્યુકેશનની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૬-૪-૧૯૬૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૬-૪-૧૯૬૭ની ભલામણો મંજૂર કરવી, અને જૂન માસમાં રીડર-બ્રન-એજ્યુકેશનની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(સદરહુ સમિતિની તા. ૬-૪-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૨. સિન્ડિકેટની તા. ૯-૪-૧૯૬૬ની સભામાં ઠરાવ નં. ૮૯થી પ્રોવિડન્ટ ફંડની રકમનું રૂપિયા ત્રણ લાખનું રોકાણ નેશનલ પ્લાન સર્ટિફિકેટ્સમાં કરવા ઠરાવ્યું હતું, તેને બદલે આજ સુધીમાં રૂા. ૩,૭૩,૦૦૦નું રોકાણ કર્યું છે, તેને બહાલી આપવા તથા વધુ રોકાણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

ઓ. ૧૧૪ નીચે પ્રમાણે છે :

"The amount in hand to the credit of the Fund shall be invested in Government Securities or be placed on fixed deposit on the

State Bank of India or in the Post Office Saving Bank or The National Saving Certificates as the Syndicate may or generally direct."

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ પ્લાન સર્ટિફિકેટ્સમાં પ્રોવિડન્ટ ફંડની રકમમાંથી કરેલ રૂા. ૩,૭૩,૦૦૦નાં રોકાણને બહાલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હવેથી પ્રોવિડન્ટ ફંડની રકમનું રોકાણ સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયામાં બાંધી મુદતની થાપણમાં કરવાનું રાખવું અને તે માટે જરૂરી પગલાં લેવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. આ યુનિવર્સિટીમાં "પેટ્રોકેમિકલ્સ સ્ટડી સેન્ટર"ની સ્થાપના કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આ અંગે શ્રી. આર. એલ. દલાલ, મુંબઈ તરફથી સૂચના આપવા અંગે તેમ જ તે અંગેની યોજના તથા તે પર યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. બી. કે. વૈદ્યનાં મંતવ્યો સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પેટ્રોકેમિકલ્સનો અભ્યાસક્રમ દાખલ કરવાની બાબતમાં સિન્ડિકેટની આ સભા સૈદ્ધાંતિક તરફેણ કરે છે, અને સદરહુ દાનના સંદર્ભમાં ચોક્કસ યોજના, અંદાજી ખર્ચ વગેરેની વિગતો તૈયાર કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી. ટી. એ. દેસાઈ
૨. ડૉ. આર. ડી. દેસાઈ
૩. આચાર્ય ટી. એમ. પરીખ
૪. શ્રી. આર. આર. દલાલ
૫. આચાર્ય એમ. સી. દેસાઈ
૬. ડૉ. એ. એમ. ત્રિવેદી
૭. શ્રી. ઉપેન્દ્રભાઈ ભટ્ટ
૮. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી.

૬૪. ૧૯૬૭-૬૮ના વર્ષમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સ પર ખાલી રહેલી જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—રૂટે. ૧૨૩ પ્રમાણે આ બોર્ડના ત્રણ સભ્યો હોવા જોઈએ (સિન્ડિકેટના સભ્યો નહિ તેવા સભ્યો) જે પૈકી બે સભ્યો સર્વશ્રી કે. કા. શાસ્ત્રી અને ડી. એચ. સુતરિયા સેનેટમાંથી ચૂંટાઈ આવ્યા છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર ખાલી રહેલી એક જગ્યા પર ચાલુ વર્ષ દરમિયાન શ્રી. ગુલાબભાઈ ર. દેસાઈની નિમણૂક કરવી.

૬૫. તા. ૩૧-૩-૧૯૬૭ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી ક્રિકેટની હરીફાઈમાં ભાગ લેવા ગયેલ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજના હરીફ શ્રી. ઉદય જોશીને પૂના મુકામે એપેન્ડિસાઇટીસનું

ઑપરેશન કરાવવામાં દવા તથા ઑપરેશન ફી તથા ફળફળાદિ વગેરેના રૂા. ૫૦૦નો ખર્ચ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૬૬. આંતર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની તા. ૫/૬ ઑગસ્ટ ૧૯૬૬ની બેઠકની ભલામણ પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરાયેલ એન.સી.સી. પ્રવૃત્તિની વૈજ્ઞાનિક સમાલોચના કરીને તેને પદ્ધતિસર અને કાર્યક્ષમ બનાવવા અંગે આંતર-યુનિવર્સિટી બોર્ડને સૂચનો મોકલાવી આપવા જરૂરી અહેવાલ તૈયાર કરવા માટે સિન્ડિકેટની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં નિયુક્ત કરેલ સમિતિની ભલામણો સાથેના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડને મોકલી આપવી, તથા એન.સી.સી. સત્તાવાળાઓને પણ તેની જાણ કરવી.

(સદરહુ સમિતિની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૭. તા. ૩૧-૩-૧૯૬૭ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડને બહેનોની વૉલીબૉલની અને તે ન સ્વીકારાય તો ભાઈઓ અને બહેનોની જલસ્પર્ધાની રમત યોજવા માટેનું આમંત્રણ આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૮. આર્થિક મુશ્કેલીઓને કારણે યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલની પ્રવૃત્તિ ૩૧મી માર્ચ ૧૯૬૭થી બંધ કર્યાની જાણ કરતા મજકૂર કાઉન્સિલના સેક્રેટરીના તા. ૨૫-૩-૧૯૬૭ના પત્રની નોંધ લેવા બાબત.

(નોંધ.—આપણી યુનિવર્સિટીમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ અંગેની ગ્રાન્ટ બંધ કર્યા બાદ યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને ૧૯૬૫-૬૬ના વર્ષથી વાર્ષિક ફાળો આપવાનું બંધ કરેલું છે અને આપણી યુનિવર્સિટીમાં ચાલતી ફિલ્મ સોસાયટીનું કામ બંધ કરેલું છે. પરંતુ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી બીજી સંસ્થાઓમાંથી ચિત્રો લાવી બતાવવાનો કાર્યક્રમ ચાલુ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. સિન્ડિકેટની તા. ૪/૫-૩-૧૯૬૭ની બેઠકની બાબત નં. ૬૩થી યુનિવર્સિટી સાથે સંલ્ગન કૉલેજોના પ્રાધ્યાપકો માટેના માઉન્ટ આબુ મુકામે આ ઉનાળાની રજામાં યોજનાર નાટ્યપ્રવૃત્તિ તાલીમ શિબિરના અંદાજી ખર્ચમાં રહેવા તથા જમવાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રૂા. ૫ મંજૂર કરેલ છે, પરંતુ માઉન્ટ આબુ પર રૂા. ૫માં રહેવા-જમવાની ગોઠવણ અશક્ય બનવાથી તે માટે માઉન્ટ આબુની જુદી જુદી હોટેલોમાં તપાસ કરતાં ઓછામાં ઓછા ૬૨ બતાવનાર શ્રી ગુરુશ્રી શાન્તિસદનના વ્યવસ્થાપકે રૂા. ૫-૮૦ની માગણી

કરેલ હોવાથી આ વધારાના રૂા. ૦-૮૦ પૈસાનો ક૨ ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૦. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે તા. ૫-૧૦-૧૯૬૫થી તા. ૯-૯-૧૯૬૬ સુધી કાર્ય કરી ગયેલા શ્રી. કે. વી. પંચાલની નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. પંચાલ બી.એસસી. પ્રથમ વર્ગ (મુખ્ય) આંકડાશાસ્ત્ર, અને (ગૌણ) ગણિત-શાસ્ત્ર સાથે અને એમ.એસસી.ની પદવી સંપૂર્ણ આંકડાશાસ્ત્ર સાથે બીજો વર્ગ ધરાવે છે, એટલે લાયકાત ધરાવે છે, પરંતુ તેઓને યુનિવર્સિટીએ નિયત કરેલ પ્રાધ્યાપકનું પગારધોરણ વગેરે આપવામાં આવતું ન હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂક મંજૂર રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ નિમણૂકની જાણ યુનિવર્સિટી કાર્યાલયને વેળાસર ન કરવા માટે આચાર્યને ઘટતો પત્ર લખવો.

૭૧. અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો તા. ૨૮-૩-૧૯૬૭નો પત્ર નં. એફ. ૫-૨/૬૬ (સી.ડી.એન.) આવેલ છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્ કમિશન તરફથી આવેલ તા. ૩-૧૨-૧૯૬૬નો પત્ર પણ અગાઉ ડિસેંબર માસની સિન્ડિકેટની સભામાં વિચારણા માટે રજૂ કર્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો સદરહુ પત્ર આ યુનિવર્સિટીની તમામ કૉલેજો અને સંસ્થાઓને પરિપત્રિત કરીને તેમને કોઈ પ્રસ્તાવો રજૂ કરવા હોય તો તે મોકલી આપવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રને અનુલક્ષીને રાજ્ય સરકારને પણ પત્ર લખીને તેની જવાબદારી સ્વીકારવા માટે વિનંતી કરવી.

૭૨. પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એસસી. પદવી બોટેની વિષયનું અનુસ્તાક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા અંગે આવેલ માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે:

૧. ડૉ. આઈ. એન. સોલંકી	...	માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. પ્રો. આર જી. સારંગપાણિ	...	માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતાની અરજી આવેલ છે. એમને માન્યતા મળે તો પૂરતો સ્થાનિક શિક્ષકગણ નિયમાનુસાર થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રો. જે. જે. ચિનોય
૨. પ્રો. જે. ડી. ઓઝા.

૭૩. સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીની જનરલ કાઉન્સિલ પર ભારતની યુનિવર્સિટીઓના વીસ પ્રતિનિધિઓની નિમણૂકના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીએ ત્રણ સભ્યોની પૅનલ સૂચવવાની હોઈ તે અંગે અકાદમીના મંત્રીના તા. ૩-૪-૧૯૬૭ના પત્રાંક ૫૪ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ યુનિવર્સિટી તરફથી નીચેની વ્યક્તિઓનાં નામોની ભલામણ કરવી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૩. શ્રી. ડોલરરાય ૨. માંકડ.

(**નોંધ.**—શ્રી. ડોલરરાય ૨. માંકડનું નામ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સૂચવ્યું હોય તો તેમને બદલે પ્રો. એચ. સી. ભાયાણીનું નામ સૂચવવું.)

૭૪. એસ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.એસસી. અને કેમિસ્ટ્રી પદવીના વર્ષ ૧૯૫૬-૫૭થી વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબોમાં ક્ષતિઓ અંગે આવેલા કૉલેજના તા. ૪-૩-૧૯૬૭ના પત્રાંક પી.જી.એકા. ૫૨૫૪ના જવાબ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ બાબત સિન્ડિકેટની તા. ૩-૧૨-૧૯૬૬ની સભામાં રજૂ કરી હતી જે પર ઠરાવવામાં આવેલ કે. શ્રી. હિસાબનીશના રિપોર્ટમાં કરવામાં આવેલ ભલામણો મંજૂર કરવી અને તે મુજબ અમલ કરવાનું રાખવું. આ પ્રમાણે કેન્દ્ર પાસેથી રૂા. ૧૩,૭૦૪-૭૭ની રકમ વસૂલ કરવાની હતી તે પેટે સને ૧૯૬૬-૬૭ની રૂા. ૬,૯૦૦ની રકમ વસૂલ લીધી છે અને હવે રૂા. ૬,૮૦૪-૭૭ની રકમ લેવાની બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ પાસેથી તેના અનુસ્નાતક કેન્દ્રના હિસાબ પેટે રૂા. ૧૩,૭૦૪-૭૭ની રકમ વસૂલ કરવાની હતી તે પેટે ૧૯૬૬-૬૭ના વર્ષમાં યુનિવર્સિટી તરફથી તેને આપવાની આર્થિક સહાય (subsidy) પેટે રૂા. ૬,૯૦૦ની રકમ તે કૉલેજને ગ્રાન્ટ કે જે કોઈ અન્ય "રુચૂઝ" આપવાના થતા હોય તે પેટે વસૂલ લેવી.

૭૫. યુ. જી. સી. તરફથી બીજી પંચવર્ષીય યોજના અંગેના ટીચિંગ સ્ટાફ માટેની રિકરિંગ ગ્રાન્ટ યુ. જી. સી. તા. ૨-૧૦-૧૯૬૪ને બદલે તા. ૩૦-૧૧-૧૯૬૩ સુધી આપશે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૬. સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-સોશિયોલોજી તરીકે કામ કરતાં ડૉ. તારાબહેન પટેલને એક વર્ષ માટેની એ.ડી.સી. રિસર્ચ ફેલોશિપ મળતી હોવાથી જૂન ૧૯૬૭થી જૂન ૧૯૬૮ સુધીની એક વર્ષની અભ્યાસ-રજા આપવાની તેમની તા. ૫-૪-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના શિક્ષણના કાર્યક્રમ અંગે સંતોષકારક વ્યવસ્થા કરવામાં આવે છે તેની ખાતરી ભવનના અધ્યક્ષ, ઉપકુલપતિશ્રીને કરાવી આપે તો ડૉ. તારાબહેન પટેલને નીચેની શરતોએ જૂન ૧૯૬૭થી જૂન ૧૯૬૮ સુધીની એક વર્ષની અભ્યાસ-રજા આપવી :

(૧) ડૉ. તારાબહેન પટેલને રિસર્ચ ફેલોશિપ કેટલી રકમની મળે છે તે નક્કી થયેથી તેમને સદરહુ રજા દરમિયાન વેતન આપવું કે નહિ, અને વેતન આપવું તો કેટલું આપવું તે નક્કી કરવામાં આવશે;

(૨) એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૩) તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૪) ઉપર જણાવેલી શરત નં. ૧ અને ૨નું તેઓ પાલન ન કરી શકે તો તેમને રજા દરમિયાન જો કોઈ પગાર આપવામાં આવે તો પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરે;

(૫) ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે; અને

(૬) વધુમાં ઠરાવવામાં આવે છે કે બાંયધરીનો મુસદ્દો અને જામીનગીરીના સ્વીકાર્યની બાબતમાં ઘટતું કરવા અંગે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. તા. ૫-૪-૧૯૬૭ના રોજ મળેલી સ્ટાફ અંગેની સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૪-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૪-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૮. શેઠ. એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં જૂન ૧૯૬૭થી એમ.એ. પક્ષની ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ થશે :

૧. આચાર્ય એમ. એમ. નાયક ...માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. બી. આર. પટેલ (માન્ય અનુસ્નાતક શિક્ષક) ... હાલ જેઓ મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણામાં છે તેઓ જૂન ૧૯૬૭થી તે કૉલેજમાં જોડાશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૨. આચાર્ય કાન્તિલાલ મ. આચાર્ય.

૭૯. ફાઇનાન્સ સમિતિની તા. ૨૪-૩-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ મુજબ દશ વર્ષ માટેની ૬ ટકાના વ્યાજની લોન સ્વીકારવા માટે મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ફાઇનાન્સ કમિટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારે યુનિવર્સિટીનાં નીચેનાં મકાનો માટે ગ્રાન્ટને બદલે મંજૂર કરેલી લોન રાજ્ય સરકારની શરતોએ હાલ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારી લેવી :

મકાનનું નામ	મળેલી લોન
૧. લેડીઝ હૉસ્ટેલના મકાન માટે	... રૂા. ૪૦,૩૭૨
૨. બોયઝ હૉસ્ટેલના મકાન માટે	... રૂા. ૬૬,૬૬૭
૩. સ્ટાફ ક્વાર્ટર્સ માટે	... રૂા. ૫૨,૯૨૧
	રૂા. ૧,૫૯,૯૬૦"

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, અને સદરહુ લોનને ગ્રાન્ટમાં ફેરવવા અંગે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવી.

૮૦. પ્રી-યુનિ. વિજ્ઞાન ફિઝિક્સ પ્રાયોગિક પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં ચાર વિદ્યાર્થીઓ નં. ૧૧૪, ૨૩૭૪, ૨૩૮૬ અને ૨૩૯૫, તા. ૬-૪-૧૯૬૭ના રોજ પરીક્ષાના સમય દરમિયાન હાજર રહેલ નહિ હોવાથી અને અમદાવાદ કેન્દ્રમાં સદરહુ ચાર વિદ્યાર્થીઓને તા. ૮-૪-૧૯૬૭ના રોજ સુરત મુકામે કામચલાઉ ધોરણે યુનિવર્સિટી સત્તાવાળાઓ જે કોઈ નિર્ણય લેશે તે તેમને બંધનકર્તા રહેશે તેવી બાંયધરી સાથે પ્રાયોગિક પરીક્ષામાં બેસવાની પરવાનગી આપેલ છે તે બાબત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને કામચલાઉ ધોરણે પ્રાયોગિક પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા છે તે કાર્ય મંજૂર રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રાયોગિક પરીક્ષાની તારીખ કોઈ કેસમાં બદલવાની થાય તે અંગે હાલ જે નિયમ છે તે સુધારવાનું રાખવું. દરમિયાન ચાલુ વર્ષે તેવા કેસોમાં ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

બાબત ક્રમાંક ૮૧ની વિચારણા આગળ બાબત ક્રમાંક ૫૨ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૮૨. સિન્ડિકેટની તા. ૪/૫-૩-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર મોંઘવારી ભથ્થાના દરના આ છેલ્લા સુધારા સહિત તમામ સુધારાને કારણે બિનસરકારી કૉલેજોના સંચાલકો માટે જે આર્થિક બોજો વધ્યો છે તે લક્ષમાં લઈને જરૂરી આર્થિક સહાય કૉલેજોને સત્વરે મળે તે માટે ઘટતાં પગલાં લેવા રાજ્ય સરકારને કરેલ વિનંતીના પ્રત્યુત્તરમાં આવેલ તા. ૧-૪-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોનાં મોંઘવારીભથ્થાં પેટે કૉલેજોના સંચાલકોને ખર્ચનો જે વધારો થયો છે તે તા. ૧-૩-૧૯૬૫ કે તે પછી વધ્યો છે તે તમામ રાજ્ય સરકારે ભરપાઈ કરી આપવો જોઈએ એમ આ સભાગૃહનું મંતવ્ય છે એમ રાજ્ય સરકારને જણાવવું.

૮૩. અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા જૂન ૧૯૬૭થી શરૂ કરાનાર મહિલા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ચાલુ સાલથી શરૂ કરવા માગતા નથી તેમ જણાવતા મજકૂર ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલા તા. ૩-૪-૧૯૬૭ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૮૪. એમ.એ. પદવીના વર્ગમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરતા નીચે જણાવેલ વિદ્યાર્થીની ખૂટતી હાજરી જૂના અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ બંધ થતું હોઈ વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ, માફ કરી સત્ર મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થા	જે સત્રની હાજરી માફ કરી તેના વિગત
શ્રીમતી એસ. એમ. શાહ	એમ.એ.	સમાજવિદ્યા ભવન, અમદાવાદ-૯.	ત્રીજું

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૫. એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સુપરવાઇઝરની મરજાનગી આપવા બાબતમાં વિભાગના વડાઓના તા. ૩૦-૩-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી. દરમિયાન ચાલુ વર્ષે તે બાબતમાં ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૬. પ્રી-યુનિ. વર્ગો માટેના અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ માટે શબ્દસૂચિ, નોંધ વગેરે તૈયાર કરવાનું કામ આચાર્ય એસ. આર. ભટ્ટ, પ્રા. વી. જે. ત્રિવેદી અને પ્રા. નિરંજન ભગતને ક્રમાનુવર્તી સોંપવાનું સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં ઠરાવ્યું હતું, પરંતુ આચાર્ય એસ. આર. ભટ્ટ અને પ્રા. વી. જે. ત્રિવેદીએ આ કામ માટે અશક્તિ દર્શાવી હોઈ પ્રા. નિરજંન ભગત જો આ કામ ન સ્વીકારે તો અન્ય અધ્યાપકોનાં નામ સૂચવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતો નિર્ણય લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. તા. ૧-૩-૧૯૬૭થી મોંઘવારીભથ્થાના દરમાં રાજ્ય સરકારે કરેલ વધારા પ્રમાણે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને મોંઘવારીભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોના મોંઘવારીભથ્થાનો દર નીચે મુજબ મંજૂર કરવો અને તેનો અમલ તા. ૧-૩-૧૯૬૭થી કરવા માટે કૉલેજો/સંસ્થાઓને જણાવવું :

મૂળ પગાર	મોંઘવારીભથ્થું
રૂા.	રૂા.
૫૦ સુધી	૮૨
૫૧થી ૬૪	૯૨
૬૫થી ૧૦૦	૧૧૫
૧૦૧થી ૧૦૪	૧૨૦
૧૦૫થી ૧૫૦	૧૩૦
૧૫૧થી ૧૬૪	૧૩૫
૧૬૫થી ૨૫૫	૧૫૫
૨૫૬થી ૩૨૯	૧૮૦
૩૩૦થી ૫૦૦	૧૯૦
૫૦૧થી ૭૫૦	૨૦૫
૭૫૧થી ૯૦૦	૨૨૦
૯૦૧થી ૧,૦૦૦	૨૦૦
૧,૦૦૧થી ૧,૦૯૯	મૂળ પગાર અને રૂા. ૧,૨૦૦ વચ્ચેના તફાવત જેટલી ૨૫મ.
૧,૧૦૦થી ૨,૨૫૦	૧૦૦
૨,૨૫૧થી ૨,૩૪૯	મૂળ પગાર અને રૂા. ૨,૩૫૦ વચ્ચેના તફાવત જેટલી ૨૫મ.

નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૮૮. એડલ્ટ એજ્યુકેશન એસોસિયેશનનું સભ્યપદ સ્વીકારવા માટે સદરહુ એસોસિયેશનના મંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનનું સભ્યપદ સ્વીકારવું અને તે માટે વાર્ષિક રૂા. ૨૫૦ના લવાજમનું ખર્ચ મંજૂર કરવું.

૮૯. યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં યુનિવર્સિટીના નિયમોનું યથાર્થ પરિપાલન થાય તે જોવા અંગે ઘટતી વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, સંસ્થાઓ અને વિદ્યાભવનોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણોનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે નીચેના સભ્યોની બનેલી દેખભાળ (vigilance) સમિતિ રચવી :

૧. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ
૨. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
૩. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. ડૉ. જયંત બી. હરિભક્તિ.

૬૦. પી.ડી.એમ. કૉલેજ, ઑફ કૉમર્સ, રાજકોટમાં કાર્ય કરતા શ્રી. એન. જી. વ્યાસને તે કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે માનદ સેવા આપેલા વર્ષોનો શૈક્ષણિક અનુભવ ગણતરીમાં લઈને તેમને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે માન્યતા આપવા શ્રી. એન. જી. વ્યાસની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતું કરવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૩૪૫૯/૧૯૬૭.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
મે ૨૩, ૧૯૬૭.
, ૧૮૮૯ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩૦

યુનિવર્સિટી કાર્યાલયમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ(ઑડિટ)ની એક કાયમી જગ્યા, યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલની એક કાયમી જગ્યા તથા વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની એક કાયમી જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૪.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૫.	શ્રી. બદુભાઈ એચ. દેસાઈ	હાજર
૬.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭.	શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૮.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૧૦.	ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૧૧.	ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૧૨.	ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૧૩.	શ્રી. ભીમભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૪.	શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર
૧૫.	શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૬.	ડૉ. એ. એમ. ત્રિવેદી	ગેરહાજર

૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ) (એક જગ્યા)

ડેપ્યુટી એકાઉન્ટન્ટ(ઑડિટ)ની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. અમીન એ. આઈ.	હાજર
૨.	શ્રી. ભટ્ટ યુ. એન.	હાજર
૩.	શ્રી. દેસાઈ જે. વી.	ગેરહાજર
૪.	શ્રી. ધોલકિયા એન. એચ.	ગેરહાજર
૫.	શ્રી. દવે વાય. જે.	હાજર
૬.	શ્રી. પંડ્યા ડી. ડી.	હાજર
૭.	શ્રી. પાઠક એન. જે.	હાજર
૮.	શ્રી. વાય. એમ. શાહ	હાજર
૯.	શ્રી. સોની એન. એસ.	હાજર

નિષ્ણાત તરીકે હિસાબનીશ શ્રી. બી. એમ. પટેલ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારો પૈકી મુલાકાત લીધા પછી સમિતિએ ભલામણ કરી કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂા. ૩૨૦ના શરૂઆતના મૂળ માસિક પગારથી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં ૧ વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. પાઠક એન. જે.
૨. શ્રી. અમીન એ. આઈ.
૩. શ્રી. દ્વે વાય. જે.

૨. મદદનીશ ગ્રંથપાલ (એક જગ્યા)

મદદનીશ ગ્રંથપાલની એક કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. શુક્લ ડી. એન.	હાજર
૨.	શ્રી. મિશ્રા એ. સી.	હાજર
૩.	શ્રી. ગાંધી વી. એસ.	હાજર
૪.	શ્રી અધ્વર્યુ જે. એચ.	હાજર
૫	શ્રીમતી દેસાઈ પી. યુ.	હાજર
૬.	શ્રી. પટેલ જે. સી.	ગેરહાજર
૭.	શ્રી. ભટ્ટ એન. આર.	હાજર

નિષ્ણાત તરીકે ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારો પૈકી મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે "શ્રી. શુક્લ ડી. એન.ને મદદનીશ ગ્રંથપાલની કાયમી જગ્યા ઉપર મૂળ માસિક પગાર રૂા. ૪૦૦થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં ૧ વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટ (એક જગ્યા)

વિજ્ઞાન વિદ્યાભવનમાં વર્કશોપ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. ઠક્કર જે. એમ.	હાજર
૨.	શ્રી. અગ્રવાલ જી. એમ.	હાજર
૩.	શ્રી. પટેલ આર. એ. કર્ણીકર	હાજર
૪.	શ્રી. પરમાર વાય. એમ.	ગેરહાજર
૫.	શ્રી. સુપે દામોદર કાશીરામ	ગેરહાજર
૬.	શ્રી. ઠક્કર એ. આર.	ગેરહાજર
૭.	શ્રી. ગોસરાની એ. એચ.	હાજર
૮.	શ્રી. પટવારી જી. આર.	હાજર
૯.	શ્રી. પંચોલી જે. એચ.	હાજર.

નિષ્ણાત તરીકે અધ્યક્ષ ડૉ. જે. જે. સિનોય નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારો પૈકી મુલાકાત લીધા પછી સમિતિએ ભલામણ કરી કે "નીચેના ઉમેદવારોને રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં તેમનાં નામ સામે બતાવેલ પગારથી ૧ વર્ષના અજમાયશી ધોરણ ઉપર નીમવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવી."

૧. શ્રી. અગ્રવાલ જી. એમ. ... મૂળ પગાર, મોંઘવારી તથા બીજાં ભથ્થાંઓ મળી કુલ રૂા. ૫૦૦થી ઓછા નહીં તેવા વેતનથી નીમવા.

૨. શ્રી. પટવારી જી. આર. ... મૂળ પગાર, મોંઘવારી તથા બીજાં ભથ્થાંઓ મળીને કુલ રૂા. ૪૭૫થી ઓછા નહીં તેવા વેતનથી નીમવા.

૩. શ્રી. પટેલ આર. એ. કર્લીકર ... રૂા. ૨૫૦ના માસિક પગાર તથા બીજાં ભથ્થાંઓ અલગથી નીમવા.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૮

તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ મળેલી બાંધકામસમિતિની સિન્ડિકેટને ભલામણો

૧. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનને ડિસ્ટેમ્પર કરાવવા તથા બારીઓને ઑઇલપેઇન્ટ અને બારણાંને પૉલિશ કરાવવા માટે રૂા. ૧૭,૭૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ ખર્ચનો બજેટમાં સમાવેશ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારના રસ્તાના માટીકામ માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. શાહપુરા ઍન્ડ કંપનીનું રૂા. ૧૦,૦૩૫નું ટેન્ડર નીચેની જોગવાઈ સાથે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ટેન્ડરની ત્રીજી આઇટેમમાં છારું લાવીને માલ મજૂરી સાથે રોડ પર પાથરવાનું છે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ સપ્લાઇંગ ઍન્ડ સ્પ્રેડિંગ એ મુજબ કરીને તે મુજબ કૉન્ટ્રેક્ટ કરવો.

૩. આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહના બાંધકામ માટે આ સાથેની યાદી મુજબ વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના નવા છાત્રાલય "સી" અને "ડી" બ્લૉક માટે ડ્રેનેજ લાઇન નાખવામાં અંદાજી ખર્ચ આશરે રૂા. ૧૦,૦૦૦ મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ માટે બજેટમાં જરૂરી જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

Approved Extra items for the work of Guest House

1.	Polish stone Treadswith machine out edge, machine polish.	Rs. 25/- each
2.	Sagol finish plaster on R. C. C. Pardi facia in cement mortar 1:4 including 3 coats of white wash	Rs. 00·40 P. per square ft.
3.	Demolishing brick work, foundation concrete, etc. for R. C. C. column.	Rs. 30/- each
4.	1½" dia. G. I. water spouts	Rs. 3/- each

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૫૦ (૬)

ક્રમાંક	કૉલેજનું નામ	અનાવર્ત ક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૬૩-૬૪ના વર્ષ માટેની આવર્ત ક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૬૪-૬૫ના વર્ષ માટેની આવર્ત ક ગ્રાન્ટની રકમ રૂા.	૧૯૬૫-૬૬ના વર્ષ માટેની આવર્ત ક ગ્રાન્ટની રકમ રૂા.
૧	૨	૩	૪	૫	૬
૧.	બી. ડી. કૉલેજ, અમદાવાદ	૬,૦૩૬-૬૮	—	—	૧૫,૦૦૦-૦૦
૨.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	૨,૫૦૦-૦૦	—	—	—
૩.	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	૧૦,૭૫૩-૧૫	—	—	—
૪.	સર એલ. એ. શાહ લૉ એન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	૫,૩૭૮-૩૪	—
૫.	સર પી. પી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર	—	—	૫,૭૩૨-૫૦	—
૬.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	—	—	૧૩,૨૨૩-૫૬	—
૭.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	—	—	૮,૫૫૬-૭૧	—
૮.	શ્રી. એન. કે. એમ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વલસાડ	—	—	—	૧૫,૦૦૦-૭૮
૯.	શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૧૫,૦૦૦-૧૭
૧૦.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૬,૫૬૧-૩૩

૧	૨	૩	૪	૫	૬
૧૧.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૪,૫૧૨-૮૪
૧૨.	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૧૨,૫૦૦-૪૭
૧૩.	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૧૨,૫૦૦-૦૦
૧૪.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૧૨,૫૦૦-૦૦
૧૫.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	—	—	—	૧૫,૦૦૦-૫૦
૧૬.	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત	—	—	—	૭,૦૧૭-૪૩
૧૭.	શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	—	—	—	૧૧,૪૨૩-૬૬
૧૮.	વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	—	—	—	૧૫૦૦૦-૧૪
૧૯.	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	—	૬,૬૭૮-૩૪	—	—
૨૦.	એમ. જે. કૉમર્સ કૉલેજ, ભાવનગર	—	—	૪,૨૦૦-૦૦	—
૨૧.	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	—	—	—	૬,૨૧૦-૦૦
૨૨.	એમ. એન. કૉલેજ, વીસનગર	—	—	૧૧,૩૦૦-૦૦	—
૨૩.	સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુર	—	—	—	૨,૭૬૩-૦૦
૨૪.	એચ. એન્ડ એચ. બી. કૉટક સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	—	—	૭,૮૫૦-૮૫	—

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૩

અમદાવાદ સાયન્સ કૉલેજમાં યુનિવર્સિટીની પરવાનગી વગર વધારે વર્ગો ઉઘાડવાના પ્રશ્નમાં તપાસ કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તારીખ ૭-૨-૧૯૬૭ની સભામાં નીચેના સભ્યોની સમિતિ નીમી હતી :

૧. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૨. ડૉ. જયંત ખી. હરિભક્તિ
૩. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪. ડૉ. આર. ડી. દેસાઈ.

ઉપરોક્ત સમિતિએ તે કૉલેજની પહેલી મુલાકાત તા. ૩૦-૧-૧૯૬૭ના રોજ લીધી હતી. તે વખતે સમિતિના તમામ સભ્યો હાજર હતા. આ મુલાકાત વખતે આચાર્ય ગેરહાજર હોવાથી વાર્ષસ-પ્રિન્સિપાલ પ્રો. પંડ્યા તથા કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટના સભ્ય આચાર્ય એમ. સી. શાહ હાજર હતા. સમિતિએ શરૂઆતમાં કૉલેજના મકાન, ગ્રંથાલય, પ્રયોગશાળાના રૂમો, ગૅસ રૂમ વગેરે નિહાળ્યાં હતાં.

ગ્રંથાલયમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય ત્રણે વિદ્યાશાખાઓનું સંયુક્ત પુસ્તકાલય હોવા છતાં તેમાં પુસ્તકો ઘણું જ ઓછાં છે અને ખાસ કરીને વિજ્ઞાનમાં એક જ પુસ્તકની ૨૫-૩૦ નકલો હતી અને આવાં બધાં જ પુસ્તકો ભારત પ્રકાશન કે જ્યોતિ પ્રકાશનનાં હતાં કે જેમાં આ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટી હિત ધરાવે છે. બીજાં જે પુસ્તકો હતાં તે પૈકી વડોદરાના કોઈ ગ્રંથાલયનાં અતિશય જૂનાં અને નજીવી કિંમતનાં પુસ્તકો હતાં.

સ્ટાફના સભ્યો તથા વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં અમને સ્પષ્ટ આભાસ થયો છે કે મૅનેજિંગ ટ્રસ્ટી અને તેમના લાગતાવળગતાઓની આ કૉલેજમાં સતત હાજરીને પરિણામે આચાર્ય અને સ્ટાફના અન્ય સભ્યોનું આ કૉલેજમાં ગૌણ સ્થાન રહે છે અને આ સંસ્થા શિક્ષણના હેતુથી ચલાવાતી ના હોય તેવો ભાસ ઊભો થાય છે. આની પ્રતીતિ સવારના સાતથી માંડીને સાંજના સાડા છ સુધી જુદી જુદી પાળીઓમાં સ્ટાફ કે વિદ્યાર્થીઓની અનુકૂળતા જોયા સિવાય કૉલેજની જ અનુકૂળતાએ જુદા જુદા સમયે રાખવામાં આવેલા પ્રયોગકાર્યની પદ્ધતિથી અમને થઈ છે.

યુનિવર્સિટીની મંજૂરી સિવાય એક વર્ગમાં વધુ વિદ્યાર્થી લેવા તેમ જ યુનિવર્સિટીની મંજૂરી સિવાય વધુ વર્ગો ખોલીને નિયમભંગ તો કૉલેજે કર્યો છે, પરંતુ અમારે જણાવવું પડે છે કે અમોએ જ્યારે વિગતે રોલકૉલની તપાસ કરી ત્યારે કૉલેજે યુનિવર્સિટીને જે માહિતી આપી છે તે ખોટી છે એમ જણાયું છે, જે નીચેની હકીકતો ઉપરથી સિદ્ધ થાય છે :

૧. પ્રી-યુનિ. સાયન્સમાં ૭૦૦ ને બદલે ૭૦૩ વિદ્યાર્થીઓ છે.
૨. એફ.વાય.બી.એસસી.માં ૨૭૫ ને બદલે ૨૮૪ વિદ્યાર્થીઓ છે.
૩. ટી.વાય.બી.એસસી.માં ૧૫૫ ને બદલે ૧૬૦ વિદ્યાર્થીઓ છે.

યુનિવર્સિટીને આપેલી માહિતી અને રોલકૉલની વિગતો જોતાં ઘણી એવી હકીકતો અમને માલૂમ પડી જેને કારણે અમારે તેની વિગતોમાં જવું પડ્યું તથા ફી-રિસીપ્ટ્સ બુકો વગેરે જોવું જરૂરી બન્યું, પરંતુ એકાઉન્ટન્ટની ગેરહાજરી દર્શાવી અમને માહિતી પૂરી પાડવા અશક્તિ ઉપાચાર્યે દર્શાવી. બીજી ઘણી બાબતોની વિગતોમાં જતાં આચાર્યશ્રીની ગેરહાજરીના કારણે અને વાર્ડસ-પ્રિન્સિપાલ પોતાની અજ્ઞાનતા દર્શાવતાં અમારી તપાસ પૂરી કરી શકચા ન હતા.

પ્રયોગશાળાની મુલાકાત લેતાં ઘણી અપૂર્ણતાઓ, જેવી કે પ્રયોગનાં સાધનો વપરાશ વગર ધૂળ ખાતાં હતાં, જગા અને સાધનોનો અભાવ વગેરે અમને જણાયાં. તેની વિગતે તપાસ કરવાનું નક્કી કરી તેમ જ કેટલીક લેખિત માહિતી, ટાઇમટેબલ વગેરે પૂરાં પાડવા વાર્ડસ-પ્રિન્સિપાલને જણાવ્યું અને સમિતિએ કૉલેજની ફરી વાર મુલાકાત લેવાનું નક્કી કર્યું હતું.

ત્યાર બાદ અમારી સમિતિએ તારીખ ૮–૩–૧૯૬૭ના રોજ આ કૉલેજની મુલાકાત લીધી હતી. આ વખતે આચાર્ય વી. એફ. શાહ હાજર હતા અને કમિટીના નીચેના સભ્યો હાજર હતા :

૧. ડૉ. જે. બી. હરિભક્તિ
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. ડૉ. આર. ડી. દેસાઈ.

પ્રયોગશાળા

પ્રયોગશાળાની ત્રુટીઓ નીચે મુજબ માલૂમ પડી હતી :

૧. રસાયણશાસ્ત્રમાં બે પ્રયોગશાળાઓ છે. જુનિયર પ્રયોગશાળામાં પ્રી-યુનિ. સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ના એકીસાથે કુલ ૧૧૦ વિદ્યાર્થીઓને પ્રયોગ માટે બેસાડવામાં આવે છે. પ્રયોગશાળાની સુવિધા જોતાં તેમાં માત્ર ૮૪ વિદ્યાર્થીઓની જ સગવડ છે. છતાં પ્રી-યુનિ. સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ના ૧૧૦ વિદ્યાર્થીઓને એક જ સમયે પ્રયોગો કરવા માટે દાખલ કરવાથી ઘણા વિદ્યાર્થીઓને પ્રયોગ કરવાની પૂરતી તક રહેતી નથી.

૨. ટી.વાય.બી.એસસી. માટેની બીજી તદ્દન નાની પ્રયોગશાળામાં સગવડ કરતાં વધુ વિદ્યાર્થીઓ એકીસાથે લેવામાં આવે છે. પણ આ પ્રયોગશાળાની રૂમમાં બેલેન્સીસ એચ.–એસ. ગૅસનાં સાધન વગેરે પણ મૂકવામાં આવ્યાં છે. આ વ્યવસ્થા અત્યંત અસંતોષકારક અને અશૈક્ષણિક ગણાય. બેલેન્સ રૂમ અલગ કરીને અને એચ.–એસ. માટે કામ આપી શકે તેવું ફ્યુમ ચેમ્બર અલગ રાખવું જોઈએ. આવી કોઈ પણ સગવડ પ્રયોગશાળામાં નહિ હોવાથી તથા એકીસાથે વધુ વિદ્યાર્થીઓને લેવાથી તે બાબત પ્રાયોગિક શિક્ષણની મશ્કરીરૂપ બને છે.

૩. ટી.વાય.બી. એસસી.ની પ્રયોગશાળા માટે પ્રેપરેશન રૂમની પણ કોઈ વ્યવસ્થા નથી. હકીકતમાં શિક્ષણ માટે ચોક્કસ ધોરણસર પ્રયોગશાળા ચાલવી જોઈએ. તેને બદલે તદ્દન અવૈજ્ઞાનિક રીતે રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં કામકાજ ચાલતું જોઈને સમિતિને ઘણો જ અસંતોષ થયો છે.

૪. બાયોલોજી પ્રયોગશાળા માટેની પરિસ્થિતિ પણ તેટલી જ અસંતોષકારક હતી. આવી નાની પ્રયોગશાળામાં સગવડ કરતાં વધારે વિદ્યાર્થીઓને એકીસાથે લેવામાં આવે છે. આ રૂમમાં કબાટો વગેરે રાખ્યાં હોવાથી જ્યારે પ્રયોગશાળામાં કામ ચાલતું હોય ત્યારે સામાન્ય હલનચલન પણ લગભગ અશક્ય જેવું થઈ પડે તેમ છે.

૫. ભૌતિકશાસ્ત્રમાં એસ.વાય.બી.એસસી.ની પ્રયોગશાળા પણ અત્યંત અસંતોષકારક માલૂમ પડી હતી અને તેની અંદર તો ચોગ્ય વેન્ટિલેશનનો પણ અભાવ હતો. વધુ વિદ્યાર્થીઓ લેવાના કારણે પ્રયોગશાળાનું સંચાલન કોઈ પણ રીતે સંતોષકારક થવાનું શકય નથી.

સ્ટાફ

૧. બાયોલોજીની અંદર માત્ર એક જ લેકચરર અને એક જ ટયૂટર વ્યાખ્યાન આપવાનું કામ કરે છે. ૨૮ વ્યાખ્યાન અને ૨૧ ટયુટોરિયલ માટે ફકત એક લેકચરર અને એક ટયૂટર વચ્ચે કામ સોંપાયું છે તે બરોબર નથી. લેકચરર શ્રી. ત્રિવેદી ૧૪ વ્યાખ્યાન અને ૭ ટયૂટોરિયલ આપે છે અને ટયૂટર મિસ ક્રિશ્ચિયન ૧૪ વ્યાખ્યાનો તથા ૭ ટયુટોરિયલ આપે છે. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે ટયૂટરને માત્ર આઠ જ વ્યાખ્યાનો આપી શકાય. મિસ ક્રિશ્ચિયનની નિમણૂક માટે યુનિવર્સિટીની મંજૂરી પણ લેવાઈ હોય એવું લાગતું નથી, અને આવી ત્રુટી હોવા છતાં એક લેકચરરના અભાવ માટે યુનિવર્સિટીને કોઈ જાતનું લખાણ કરવામાં આવ્યું ન હતું. તે જ પ્રમાણે સાત ટયુટોરિયલ ઓછાં લેવા માટે કોઈ પણ જાતની માહિતી યુનિવર્સિટીને મોકલવામાં આવી નથી.

૨. આ કોલેજમાં કામ કરતા શિક્ષકો અન્ય કોલેજો કે શાળાઓમાં કામ કરે છે કે કેમ તેમ પૂછતાં તે અંગેની માહિતી આચાર્યશ્રી આપી શકયા ન હતા. એટલે તે અંગે સમિતિને સંદેહ છે કે આ કોલેજનો પૂરા સમયનો સ્ટાફ બીજે કામ કરે છે અને બીજે પૂરો સમય કામ કરતાં સ્ટાફ આ કોલેજમાં કામ કરતો હોય એવો સંભવ છે.

ગ્રંથાલય

૧. સમિતિની પ્રથમ મુલાકાત વખતે સમિતિને સ્પષ્ટ છાપ પડી હતી કે વિજ્ઞાનનાં પુસ્તકો ગ્રંથાલયમાં નહિવત્ છે. કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી જેમાં હિત ધરાવે છે તે ભારત પ્રકાશન અને જ્યોતિ પ્રકાશનનાં પુસ્તકોની ૨૫ થી ૩૦ જેટલી નકલો અંગે આચાર્યને પૂછતાં તેમણે એવો ખુલાસો કર્યો હતો કે એ બધી ટેક્સ્ટ બુકો હોવાથી તેની ઘણી માંગ રહે છે. આ પરથી સમિતિને બીજી પ્રકાશન સંસ્થા તરફથી પ્રકાશિત થયેલાં ટેક્સ્ટ બુકસ જેવાં ગુજરાતી પુસ્તકો પૈકી કોઈ પુસ્તકોની પચીસ નકલો છે કે કેમ તે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એકસેસન રજિસ્ટર જોઈ એવાં પુસ્તકો શોધવાનો પ્રયત્ન કર્યો હતો. પચીસ નકલો તો ઠીક પરંતુ આચાર્યશ્રી ભારત પ્રકાશન અને જ્યોતિ પ્રકાશન સિવાયનાં પ્રકાશનોએ બહાર પાડેલું હોય અને જેની પાંચ પણ નકલો ખરીદવામાં આવી હોય તેવાં એક પણ પુસ્તકનો દાખલો રજૂ કરી શકયા ન હતા.

૨. સમિતિની બીજી મુલાકાત વખતે વિજ્ઞાનનાં કેટલાંક અંગ્રેજી પુસ્તકો સમિતિના જોવામાં આવ્યાં હતાં. આપાં લગભગ રૂા. ૨,૫૦૦ની કિંમતનાં તાજાં જ ખરીદાયેલાં પુસ્તકો સમિતિની પ્રથમ મુલાકાત બાદ ઉમેરાયેલાં જણાતાં હતાં, કારણ કે તે પુસ્તકો અગાઉની મુલાકાત વખતે પુસ્તકાલયમાં હતાં નહિ. અને તે પુસ્તકો પરની "બ્રહ્યુ સ્લિપ" તપાસતાં કોઈને તે ઇશ્યુ થયેલાં હોય તેમ લાગતું ન હતું.

પ્રકીર્ણ

૧. અમારી પ્રથમ મુલાકાત વખતે બતાવવામાં આવેલ રોલકૉલ અને યુનિવર્સિટીને પૂરી પાડેલ માહિતીની સરખામણી કરતાં યુનિવર્સિટીને ખોટી માહિતી પૂરી પાડી છે તેનો ખાતરો જ્યારે બીજી મુલાકાતે વર્ગવાર અને પ્રયોગશાળાના રોલકૉલ નવા બનાવેલ અમારી આગળ રજૂ કરવામાં આવ્યા અને તે રોલકૉલમાં શિક્ષક, ડેમોન્સ્ટ્રેટર યા કોઈ જવાબદાર વ્યક્તિની સહી ન હતી.

૨. ઈ. બી. સી. અંગેની માહિતી અમે મેળવવા માટે માગણી કરી હતી છતાં અમને આપવામાં આવી નથી. આ બાબતમાં સારા પ્રમાણમાં ગેરવ્યવસ્થા છે તેવી કેટલાક વિદ્યાર્થીઓ તરફથી ફરિયાદ છે તેની યુનિવર્સિટીએ તપાસ કરાવવી જોઈએ, કારણ કે તેનો પહોંચો વગેરે બાબત કાંઈ બતાવવામાં આવ્યું નથી.

૩. અંગ્રેજીના માધ્યમ દ્વારા ચાલતા એક વર્ગમાં ૧૧૦ વિદ્યાર્થીઓ છે અને તેમાં દરેક વિદ્યાર્થી પાસે ટર્મ ફી ઉપરાંત ટર્મ દીઠ રૂા. ૫૦ વધારે લેવામાં આવે છે.

૪. આચાર્યને પૂછતાં કૉલેજમાં, કૉલેજ તરફથી કોઈ પણ જાતની ફીશિપ કે સ્કૉલરશિપ આપવામાં આવતી નથી અને દસ ટકા ભાડું લઈને ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવે છે. આ ગરીબ વિદ્યાર્થી માટેની લાઇબ્રેરીમાં સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી જેમાં હિત ધરાવે છે તે પ્રકાશન સંસ્થાનાં પુસ્તકો જ મહદ અંશે માલૂમ પડતાં હતાં.

૫. ઇતર પ્રવૃત્તિઓમાં પણ પૈસા ખર્ચવાનો અધિકાર તે અંગેનાં વાઉચરો જોતાં માત્ર આચાર્યનો જ હોય તેમ જણાય છે. આ અંગે સ્ટાફ કે વિદ્યાર્થીઓને સાંકળવામાં આવ્યા હોય તેવી કમિટીની વ્યવસ્થાનો અભાવ હતો.

ભલામણો

૧. કૉલેજની ઉપરોક્ત પરિસ્થિતિમાં અમો ભલામણ કરીએ છીએ કે આ કૉલેજ જોડાણની શરતો તેમ જ યુનિવર્સિટીના નિયમો બરાબર પાળે છે કે નહિ તેમ જ **કૉલેજમાં શૈક્ષણિક વાતાવરણ સચવાય છે કે નહિ તે માટે આ કૉલેજનું અવારનવાર તેમ જ આકસ્મિક ઇન્સ્પેક્શન કરાવવું ખૂબ જ જરૂરી છે.**

૨. તા. ૩૧મી મે ૧૯૬૭ પહેલાં નીચેની ક્ષતિઓનું નિવારણ કરવામાં આવે તે ખૂબ જ જરૂરી છે:

(૧) રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા માટે જુદી પ્રેપરેશન રૂમ તેમ જ બેલેન્સ રૂમની વ્યવસ્થા કરવી જોઈએ.

(૨) બાયોલોજી માટે એક બીજી પ્રયોગશાળાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) ભૌતિકશાસ્ત્રની એસ.વાય.બી.એસસી.ની પ્રયોગશાળામાં વેન્ટિલેશનની પૂરી વ્યવસ્થા કરી બીજા ડાર્કરૂમની સગવડ કરવી જોઈએ. હાલના ડાર્કરૂમમાં એકઝોસ્ટ ફેનની સગવડ કરવી જોઈએ.

૩. ઉપરોક્ત શરતો પૂરી થાય તો, આ કૉલેજની હાલની સગવડો જોતાં, કૉલેજને જૂન ૧૯૬૭થી નીચે પ્રમાણેના વર્ગો રાખવાની પરવાનગી આપવી જોઈએ :

પ્રી-યુનિવર્સિટી સાયન્સ	...	૩ વર્ગો
એફ.વાય.બી.એસસી.	...	૩ વર્ગો
એસ.વાય.બી.એસસી.	...	૧ વર્ગ (રસાયણ)
ટી.વાય.બી.એસ.સી.	...	૧ વર્ગ (રસાયણ).

પરંતુ જો આ જ કૉલેજના વધુ વિદ્યાર્થીઓ પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં પાસ થયા હોય તો ટી.વાય.બી.એસસી.ના રસાયણના વર્ગની છૂટ નહિ આપવી અને એફ.વાય.બી.એસસી.માં ૩૦૦ને બદલે ૫૦૦ લેવાની પરવાનગી આપવી. તે ઉપરાંત એસ.વાય.બી.એસસી.માં ભૌતિકશાસ્ત્ર અને ગણિતના એક એક વર્ગ સુધી વિદ્યાર્થીઓ અને ટી.વાય.બી.એસસી.માં મૅથેમેટિકસના એક વર્ગ સુધી વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે.

ઉપરોક્ત વર્ગો ચલાવવા માટે કૉલેજમાં દરેક વિષયમાં જે કુલ વર્કલોડ થાય તેને ધ્યાનમાં રાખી પૂરતી સંખ્યામાં પૂરા સમયનો સ્ટાફ દરેક વિષયમાં નીમવામાં આવે અને આમ થયું છે કે નહિ તેની ખાતરી યુનિવર્સિટીએ નવું સત્ર ઊઘડતાં પહેલાં કરી લેવી.

શ્રી. ર. ગં. શાસ્ત્રી
ડૉ. જે. બી. હરિભક્તિ
ડૉ. એ. એમ. ત્રિવેદી
ડૉ. આર. ડી. દેસાઈ.

પરિશિષ્ટ "ચ"
ઠરાવઠાલ કમાંક ૬૧

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of a Reader-in-Education in the University School of Psychology, Philosophy and Education, Gujarat University was held on Thursday, the 6th April, 1967 at 1-30 P.M. at the office of the Gujarat University, Ahmedabad. Shri Umashankar J. Joshi, Vice-Chancellor, Gujarat University, presiding:

1.	Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2.	Prof. S. N. Mukherjee	Present
3.	Kum. Madhuri R. Shah	Present
4.	Shri S. K. Mitra	Absent
5.	Prof. J. K. Shukla	Present.

The following candidates were called for an interview:

1.	Dr. R. G. Bhatt	Absent
2.	Dr. H. D. Badami	Present
3.	Shri C. K. Akruwala	Present
4.	Shri I. A. Bhagatwala	Present
5.	Shri C. D. Indapurkar	Absent.

This Committee has considered the three candidates who were present for the interview and is of the opinion that the post be readvertised and applications be invited afresh.

S. N. MUKHERJEE
MADHURI R. SHAH
J. K. SHUKLA.

પરિશિષ્ટ "છ"
સભાખંડ ક્રમાંક ૧૧

યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરેલ એન.સી.સી. તાલીમની કામગીરી દરેક યુનિવર્સિટીને વૈજ્ઞાનિક ઢબે સર્વે કરવા ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્ટેન્ડિંગ કમિટીની તા. ૫ અને ૬ ઑગસ્ટ, ૧૯૬૫ની સભામાં થયેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરી પોતાનો હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તારીખ ૮-૧૦-૧૯૬૬ની સભામાં નિયુક્ત થયેલ સમિતિની તા. ૨૩-૧૧-૧૯૬૬ની સભામાં વિચાર્યા પ્રમાણે એન.સી.સી. ડિરેક્ટર પાસેથી માહિતી અને સૂચનો મગાવવામાં આવ્યાં હતાં અને તેમને બીજી સભા જ્યારે મળે ત્યારે હાજર રહેવા સૂચવેલ તે પ્રમાણે એન.સી.સી. સત્તાવાળા પાસેથી માહિતી આવતાં વધુ વિચારણા માટે સદરહુ સમિતિની સભા તા. ૨૯-૩-૧૯૬૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાંસવારના ૯-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચે પ્રમાણેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. પ્રિ. ડૉ. વાય. જી. નાયક	હાજર
૨. પ્રિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૩. પ્રિ. પી. એમ. જાની	ગેરહાજર
૪. પ્રિ. એન. એમ. ઉદવાડિયા	હાજર
૫. પ્રિ. વી. જે. જાની	હાજર
૬. પ્રો. એમ. પી. પંડ્યા	હાજર
૭. પ્રો. કે. સી. ક્ષત્રિય	હાજર
૮. શ્રિ. એસ. આર. ખુરાના	હાજર
૯. મેજર ભૈરોન સિંધ	હાજર

(The discussion was initiated by Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University, several other members participated in the discussion and the attention of Major. General Premchand, Director General of N.C.C. who had been specially invited to attend the meeting, was drawn to some of the features with which members had expressed dis-satisfaction. After a good deal of discussion, the Standing Committee decided to ask all members—universities to conduct a scientific survey about the working of the N.C.C. in their own Universities. The result of these surveys should be communicated to the Inter-University Board for further consideration and discussion with the N.C.C. authorities.)

તા. ૨૭-૧૧-૧૯૬૬ની સભાની ચર્ચાના અન્વયે તારણ કાઢેલ મુદ્દાઓ પર સંપૂર્ણ વિચારણા કર્યા બાદ સદરહુ સમિતિમાં નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું :

૧. આ સમિતિ એમ ચોક્કસ માને છે કે સાર્વત્રિક ધોરણે દાખલ થયેલ એન.સી.સી. તાલીમથી વિદ્યાર્થીઓને શિબિરજીવન અને લશ્કરી તાલીમ પણ યત્કિંચિત મેળવવાનો જે લાભ થાય છે તથા તેને આનુષંગિક મળતા લાભો જેવા કે હુકમનું તાત્કાલિક પાલન, ભય સામે નિર્ણય કરવાની ટેવ, સમૂહમાં અને શિરતથી કામ કરવાની રીત અને આદત વગેરે શૈક્ષણિક ગુણોની તાલીમ પણ મળે છે, અને તેથી તે સાર્વત્રિક ધોરણે ચાલુ રાખવાની આગ્રહપૂર્વક ભલામણ કરે છે, અને શિક્ષણના જેટલું મહત્ત્વ મળે તે માટે જે કાંઈ કરવું ઘટે તે કરવું જોઈએ એમ માને છે.

૨. હાલમાં આ તાલીમ ઉપર જણાવેલ લાભોને પૂરેપૂરો ન્યાય આપી શકે તે માટે આ તાલીમ સામે જે અસંતોષની વ્યાપક લાગણી તેના અમલમાં રહેલ ક્ષતિઓને લીધે વિદ્યાર્થીઓમાં, વાલીઓમાં, અધ્યાપકોમાં તેમ જ આચાર્યોમાં જોવા મળે છે તેનાં કારણો દૂર કરવાં જોઈએ અને તે તે ક્ષતિઓ દૂર કરી એન.સી.સી. તાલીમ વધુ કાર્યક્ષમ બનાવવી જોઈએ.

૩. આ સમિતિની દૃષ્ટિએ એન.સી.સી. તાલીમની ક્ષતિઓ તાલીમ તેમ જ શિબિરજીવનની તપાસ, તેનું વિહંગાવલોકન અને ચર્ચા કરતાં જે ગણાવી શકાય તે પરિશિષ્ટ "ક" તરીકે જોડેલ છે. આ બધી ક્ષતિઓ દૂર કરવા માટે શું પગલાં જરૂરી છે તે પણ એન.સી.સી. ડિરેક્ટર બ્રિગેડિયર ખુરાના સાથે ચર્ચાવિચારણા કરી જુદી જુદી બાબતો જેવી કે તાલીમના સમયની ગોઠવણ, યુનિફોર્મ તેમ જ તાલીમનાં સાધનોની યુનિટ પ્રમાણે વ્યવસ્થા, તાલીમની વિવિધતા અને કાર્યક્ષમતા માટે પાર્ટ-ટાઇમ અધ્યાપક અધિકારીઓ અને ઇન્સ્ટ્રક્ટરોની પૂરતી સંખ્યા, શિબિરના સમયની ગોઠવણ, શિબિરમાં ભોજનની વ્યવસ્થા, શિબિરાર્થી વિદ્યાર્થીઓ અને એન.સી.સી. ઑફિસરો વચ્ચેના સંબંધો, શિબિરવ્યવસ્થામાં કેડેટ્સનો ઉપયોગ, એન.સી.સી.ની 'બી' અને 'સી' સર્ટિફિકેટ પરીક્ષાઓ વિષે અને તેનાં પરિણામ વિષે ગોઠવણ તથા એન.સી.સી. તાલીમ લીધાનું તેમ જ ૭૫ ટકા હાજરી પૂરી કર્યાનું દરેક વિદ્યાર્થીને ભવિષ્યમાં ઉપયોગી થાય તેનું પ્રમાણપત્ર આપવા બાબત અને જેથી આચાર્યને પણ હાજરી પૂરી કર્યા બાબતનું યુનિવર્સિટીને પ્રમાણપત્ર મોકલવાની પણ સગવડ થાય, અને એન.સી.સી. તાલીમ, રમતોમાં ભાગ લેનાર તેમ જ દૂરથી આવનાર વિદ્યાર્થીઓની તાલીમની વ્યવસ્થા વગેરે બાબતો અંગે આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ કરેલાં સૂચનો કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આ અંગે જરૂરી પગલાં ભરવા માટે અને રાજ્ય સરકાર તેમ જ એન.સી.સી. ડિરેક્ટર પાસે અને કૉલેજોના આચાર્યો પાસે ભરાવવાનો આગ્રહ રાખવાની ભલામણ કરવી.

૫. તાલીમનાં સાધનો અને તાલીમ માટે ઇન્સ્ટ્રક્ટર ઑફિસરો તથા કેડેટ્સ માટેના યુનિફોર્મ પૂરતા પ્રમાણમાં આ વિષે એન.સી.સી. ડિરેક્ટર પાસે છે તેની ખાતરી બ્રિગેડિયર ખુરાનાએ આપી હતી, અને તેથી તાલીમ વૈવધ્યવાળી અને અર્થપૂર્ણ થશે અને આ સમિતિએ જે રચનાત્મક સૂચનો કર્યાં છે તેનો તેઓ અમલ કરવા શક્ય બધો પ્રયત્ન કરશે તેની ખાતરી આપી હતી તેની સાભાર નોંધ લેવા ઘટે. બ્રિગેડિયર ખુરાનાએ યુનિવર્સિટી પોતે પણ કૉલેજો પાસે આનો અમલ કરાવવા સક્રિય રીતે જાગૃત રહેશે એવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

છેલ્લે, પ્રમુખશ્રી આચાર્ય ડૉ. વાય. જી. નાયકનો અને એન.સી.સી. ડિરેક્ટર બ્રિગેડિયર ખુરાનાનો આભાર માની સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું હતું.

ય. ગુ. નાયક
પ્રમુખ.

પરિશિષ્ટ "ક"

એન.સી.સી. તાલીમની હાલની દૂર કરવાની ક્ષતિઓ

૧. તાલીમ સાર્વત્રિક ધોરણે દાખલ થતાં સંખ્યાના વધારાને પહોંચી વળવા માટે જરૂરી તાલીમ માટેનાં અને ગણવેશમાં સાધનોનું અપૂરતાપણું.

૨. તાલીમ પામેલા અને તાલીમને ન્યાય આપી શકે તેવા જરૂરી ઇન્સ્ટ્રક્ટરોની અપૂરતી સંખ્યા.

૩. તાલીમની એકવિધતા દૂર કરી તેમાં વૈવિધ્ય આવે તથા તે "ગ્રેડેડ" બને અને વિદ્યાર્થીને તેની ઉપયોગિતા સમજાય તેવી રીતની ગોઠવણ અને રજૂઆતમાં ઊણપ.

૪. શિસ્ત તેમજ તાલીમનાં ધોરણો જાળવી રાખવાની તત્પરતાનો અભાવ અને/અથવા જાળવવામાં દાખવાતી શિથિલતા.

૫. કૉલેજોના અધ્યાપકો આચાર્યોએ એન.સી.સી. તાલીમના તાસ અને સમયની ફાળવણી માટે એન.સી.સી. અધિકારીઓ સાથે સહકાર તથા ઑર્ડિનન્સના અમલ માટેના જરૂરી તકેદારીમાં રહેતી થોડીઘણી ઊણપ.

૬. શિબિરમાં સહજીવનની તાલીમ માટે એન,સી.સી. અધિકારીઓ તરફથી વિદ્યાર્થીઓ પાસેથી મેળવવો જોઈતો સહકાર કે સહભાગી કરવા માટેની દૃષ્ટિનો અભાવ.

૭. શિબિરમાં અપાતી તાલીમ અને વર્ષ દરમિયાન અપાતી તાલીમ તદ્દન જુદા પ્રકારની થાય તે માટેની પૂરતી જાગૃતિ દાખવવામાં ઊણપ.

૮. શિબિરમાં ભોજનની, પાણીની વગેરે વ્યવસ્થાની ખામીને લીધે વિદ્યાર્થીઓમાં વ્યાપક બનતો અસંતોષ શિસ્તનો બાધક બને છે અને એન.સી.સી. તાલીમને છેવટે નુકસાન કરે છે.

ય. ગુ. નાયક

परिशिष्ट "ख"

THF RECOMMENDATIONS OF THE COMMITTEE

1. In view of the advantages a student is likely to get from this training, N.C.C. training should continue to be compulsory as at present for the first three years in the colleges. The corporate Camp life is also an essential training and therefore at least two camps during these 3 years training should be made compulsory for every student.

2. In order to make this training more meaningful and attractive to the students, it is necessary to re-orient the same with a graded course and make available sufficient resources of personnel and materials. Both the State and the Central Government will have to give liberal financial help for the same. It is recommended that each Company of 200 cadets must have at least 2 part-time Officers. The strength of each camp should be limited to 500 to 600 cadets only and at least 1 Army Officer, 1 whole time N.C.C. Officer and six part-time Officers must attend each such camp.

3. As desired by the N.C.C. Officers and to make the N.C.C. training a part of University Education, it is suggested that all the training periods should be held during the week days and it should either be every-day two periods for 3 days or every-day 3 periods for two days. It is appreciated that as far as possible these periods should be arranged during the college time-table. In view, however the load of the teaching work, this may not be possible in Science colleges and also in the morning colleges. It is, therefore, recommended that at least 2 N.C.C. instructional periods of 45 minutes each be accommodated in the regular time-table of every faculty wherein the cadets are permitted to attend in mufti. On the other two days, parades may be held on the parade grounds either in the morning or in the evening according to the convenience of the

students. This arrangement should be made by the N.C.C. Director, in the consultation with the Principal of the college concerned. there will be no regular parades on Sundays, but an extra parade will be held every Sunday, so that those students who could not attend on regular days can do so. This will ensure improvement in attendance and completion of 75% attendance as per requirements, during regular periods, so as to make the training more effective and efficient.

4. Satisfactoy N.C.C. training should not only provide all the cadets with an opportunity to fire 2.02 Rifles on miniature ranges but the N.C.C. authorities should see that every cadet gets an opportunity to fire 3.03 rifles on the long range and should get acquainted with automatic rifle/or six pounder This will work as a good incentive to students for joining the N.C.C.

5. Students who come from places out of the Municipal or town limits of the place where the college is situated and which makes it difficult or impossible to attend regular parades should be given an option of either attending parades as regular cadet at any nearest place or to attend a training camp of 24 days which will be held during the vacation. This period will be equivalent to 14 days' camp life in lieu of the parades during the year and ten days in lieu of the Annual Camp. This facility should be made available to all such able-bodied exempted students. The sports students who participate in sports as representing their colleges in various tournaments should also be given this option of selecting 24 parades after the examination during summer vacation or to avail of 15% concession and 60% parades as at present.

6. The Medical Examination for selection of cadets should be conducted very early in the beginning of the year and list of students so exempted should be submitted to the Principal of the college as early as possible. This will enable the Principal to ascertain the number of students who would be required to do physical training.

7. The October vacation should at least be of 25 days, so that at the place of the same Camp site, it may be possible to hold two annual

training Camps of 10 days' duration in succession. This will ensure that each student gets 10 days' holidays over and above five days of Diwali and further it will minimize the establishment expenses for two camps with a smaller number of students. The October vacation should accordingly be fixed by the Syndicate before the beginning of the first term and adjust it in such a way that Diwali days and the two Camps of 10 days each are suitably accommodated.

8. In order to ensure that the students take full advantage of the Camp-life and training, there should be no camp in the Diwali holidays for the fresh, i.e. Pre-University students. And since the Christmas holidays are only of 7 days' duration, the first camp for these N.C.C. students should be held in the month of April, as soon as their examinations are over. Any student missing the Annual camp in the October vacation will be allowed to attend the camp in April. Even where the N.C.C. training is of 2 years, 2 camps are compulsory for all students. Hence they will be required to attend one more camp in the next October vacation.

9. This Committee feels that the concentrated training during the vaction as suggested by the Education Commission in its report should not be introduced for all the students, as that will create fresh problems.

10. The N.C.C. Cadets should be more actively associated in the administration of N.C.C. Camps. This will not only give them experience but will also make them develop a sense of belonging to the N.C.C. organisation and give them mental satisfaction. This will also give them scope to attend to their own grievances themselves. A Committee of cadets should be appointed so as to associate them in the preparation of the menu, purchase of vegetables and other materials for messing. They should be given a major share in deciding the Menu and to look after sanitation and other facilities.

11. As an extension of the above recommendations all the N.C.C. Officers and cadets should share the same facilities of food, etc., and no special menu or separate dining facilities should be given to them. In order to promote a better sense of discipline and give

adequate and nourishing food, all money allotted for messing by the Government must be wisely spent on messing arrangment only. Necessary grants on incidentals should be increased, if necessary.

12. One of the major causes for dis-satisfaction is the poor quality of food and the monotoneous menu prescribed for the mess. It is, therefore, desirable that food supplied should be well cooked and palatable. The present rate of Rs. 2/- per cadet for food sanctioned by the State Government is not adequate and it is recommended that it should be increased to Rs. 3/- per cadet.

13. The University should issue a circular to all the Principals of the colleges to co-operate with the N.C.C. authorities and provide facilities such as furniture, hostel or college building premises, college hostel mess, utensils for messing and providing of cooks from their hostel messes. They may also be requested to spare for the camps during vacation the services of their college staff, who are part-time officers.

14. The Committee is not in favour of mentioning any achievement with regard to N.C.C. training in their academic certificate, but it is recommended that the N.C.C. authorities should issue a certificate to each cadet of his having taken N.C.C. training and of his having completed at least 76 parades latest by the 10th of January. This will enable the Principals of the college in turn to certify the same to the University authorities in the Examination application form of students. This will also help the students to use the Same for any future needs.

15. B and C certificate examinations should be arranged along with the parades for the students eligible for the same, in the month of November and December so that they are completed before 10th January at latest. The result and the certificate for the same should be made available to the students latest by the 10th of April.

Sd. Y. G. Naik

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૭૭

સ્ટાફ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની સભા, તા. ૫-૪-૧૯૬૭ના રોજ ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર
૩.	ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૪.	આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૬.	ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૭.	શ્રી. કં. ચં. પરીખ (રજિસ્ટ્રાર)	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૭ની સભામાં કાર્યાલયની નીચેની નોંધ મંજૂર કરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"પ્રકાશનનું કામ વધુ કાર્યક્ષમતાથી હલ થઈ શકે તે માટે તે વિભાગના આસિસ્ટન્ટ મૅનેજરની કક્ષાની એક જવાબદાર વ્યક્તિને સોંપવું અને શ્રી. પ્રેસ-મૅનેજરની સામાન્ય દેખરેખ હેઠળ અને પ્રકાશન વિભાગના સતત સંપર્કમાં રહીને અર્ધસ્વાયત્ત ધોરણે કામ કરી શકે તે રીતે તંત્ર ગોઠવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. ગ્રંથાલય સમિતિની તા. ૨૩-૨-૧૯૬૭ની સભાની, ગ્રંથાલયમાં પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટની નવી જગ્યાઓ ઊભી કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિએ તેની તા. ૨૩-૨-૧૯૬૭ની સભામાં કરેલી ભલામણ અનુસાર ગ્રંથાલયમાં પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટની નવી કાયમી જગ્યાઓ રૂા. ૪૫-૨½-૭૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારને ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. યુવક કલ્યાણ વિભાગના ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. કે. આઈ. ભટ્ટની, તા. ૧૧-૩-૧૯૬૭ની, પર્વતારોહણના કામ અંગે આબુના રોકાણ માટે તેમને નિયમ પ્રમાણે મળતા દૈનિક ભથ્થાંના દર કરતાં વધુ દર આપવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. આઈ. ભટ્ટને જમવા-રહેવાની સગવડ યુનિવર્સિટી તરફથી ચલાવવામાં આવતા રસોડામાં કરી આપવી અને બી. સી. એસ. આર. અનુસાર તેમને હૉલ્ટિંગ એલાવન્સ આપવું. આવા બીજા દાખલાઓમાં પણ ઉપરોક્ત પ્રમાણે કરવું.

૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં એક સફાઈ કામદારની નવી જગ્યા ઊભી કરવા અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે અગાઉ મંજૂર કરવામાં આવેલી ત્રણ સફાઈ કામદારોની જગ્યા બાબતમાં પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોની સફાઈ કામદારોની જરૂરિયાત તપાસીને કેટલા સફાઈ કામદારોની જરૂરિયાત રહેશે તે અંગેનો રિપોર્ટ એસ્ટેટ વિભાગે કરવો.

૬. સિન્ડિકેટે તેની તા. ૨/૩-૭-૧૯૬૬ની સભામાં ઠરાવ નં. ૩૬થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન અને રજિસ્ટ્રાર — ફાઇનાન્સ ઍન્ડ એકાઉન્ટ્સ એ બે નવી જગ્યાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવી અને તે જગ્યા માટેના લાયકાતના નિયમો અને પગારધોરણ નક્કી કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર, ડેપ્યુટી રજિસ્ટ્રાર, ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન અને ગ્રંથપાલની જગ્યાઓ માટેનાં પગારધોરણો અંગે જરૂરી વિચારણા કરીને ઘટતી ભલામણ કરવા સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગેની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. સિન્ડિકેટના તા. ૩-૧૨-૧૯૬૬ના ઠરાવ અન્વયે નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

"ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી તેમના તા. ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત નં. ૩૫માં જણાવવામાં આવેલી માગણીઓ જોઈ તપાસીને રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું અને સદરહુ રિપોર્ટ આવે તે દરમિયાન બાબત નં. ૩૪ની વિચારણા મોકૂફ રાખવી."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી તેમના તારીખ ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માગણીઓ પૈકી ઓવરટાઇમ અંગેની માગણી ઉપર વિગતે ચર્ચાવિચારણા કરવામાં આવી. બાકીની માગણીઓ અંગે સમયના અભાવે વિચારણા મોકૂફ રાખવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સમગ્ર પ્રશ્નની વિચારણા હવે પછીની સભામાં કરવાનું રાખવું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 46 376-6-67

સિન્ડિકેટ (જૂન)
તા. ૩/૪-૬-'૬૭

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૭ના જૂન માસની સભા, શનિવાર, તા. ૩-૬-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે મળી હતી, અને રવિવાર, તા. ૪-૬-૧૯૬૭ના રોજ સવારના ૯-૦૦ કલાકે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩-૬-૧૯૬૭	તા. ૪-૬-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, ઉપકુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩.	આચાર્ય નરેન્દ્ર એસ. પંડ્યા	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન મણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	ગેરહાજર.

૧. તા. ૮/૯-૪-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૮/૯-૪-૧૯૬૭ના રોજ મળેલી એપ્રિલ, ૧૯૬૭ની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી

૨. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણનું જૂન ૧૯૬૮થી વિભાગીકરણ કરી તથા વાણિજ્યની અને શિક્ષણની એમ બે નવી વિદ્યાશાખાઓ શરૂ કરી (૧) વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજ, તથા (૨) વિનયન અને શિક્ષણની કૉલેજ કરવા માટે આવેલ જોડાણ-અરજી અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— નવી વિદ્યાશાખા માટેની જોડાણ-અરજીઓ સમયસર એટલે કે ૧૫મી માર્ચ ૧૯૬૭ પહેલાં આવેલ છે. હાલની આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરવું હોય તો તે માટેની અરજી ઓર્ડિ. ૧૨૦નો શાબ્દિક અર્થ જોતાં ૧૫મી માર્ચ ૧૯૬૭ પહેલાં આવવી જોઈએ, પરંતુ તે આવી નથી. એજ્યુકેશન અને કૉમર્સ વિદ્યાશાખાઓ માટે બે કૉલેજોની અરજી સમયસર આવી છે તેમાં હાલની આર્ટ્સ અને સાયન્સની વિદ્યાશાખાઓનું વિભાગીકરણ કરીને વિદ્યાશાખાઓનું જોડાણ ચાલુ જોડાણ તરીકે આપી શકાય કે કેમ તે અંગે વિચારવાનું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વિદ્યાશાખાઓની સૂચિત વ્યવસ્થા સ્વીકારીને જોડાણની કાર્યવાહી કરવાનું હાલને તબક્કે બની શકે નહીં, અને તેથી ઠરાવવામાં આવે છે કે જોડાણની બાબતમાં જે મૂળ અરજીઓ છે તેને લક્ષમાં લઈ ને નીચે મુજબ સ્થાનિક તપાસસમિતિઓ નીમવામાં આવે :

ક્રમાંક	સંસ્થાનું નામ	તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	નોર્થ ગુજરાત એજ્યુ. સોસાયટી, મુંબઈ, તરફથી પાટણ મુકામે શિક્ષણની નવી કૉલેજ માટેની અરજી.	૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ ૨. શ્રી. ઘનશ્યામભાઈ પરીખ
૨.	નોર્થ ગુજરાત એજ્યુ. સોસાયટી, મુંબઈ, તરફથી પાટણ મુકામે વાણિજ્યની નવી કૉલેજ માટેની અરજી.	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. આચાર્ય એસ. આર. મહેતા.

૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ એન્ડ પ્રેક્ટિસના વર્ગોમાં એસ્ટેટ ડ્યૂટીનો વિષય શીખવવા માટે વ્યાખ્યાતા તરીકે નિયુક્ત થયેલા શ્રી. એન. જે. મહેતાને શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) શ્રી. મહેતા એલએલ.બી.ની પદવી પ્રથમ વર્ગમાં ધરાવે છે.
(૨) શ્રી. મહેતા યુ.એસ.એ.ની એલએલ.એમ.ની પદવી "બી" ગ્રેડમાં ધરાવે છે.
(૩) શ્રી. મહેતા સર એલ. એ. શાહ લૉ કૉલેજનો વ્યાખ્યાતા તરીકેનો ૧ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે અને ઍડવોકેટ તરીકેનો ૩ વર્ષનો વ્યવહારીય અનુભવ ધરાવે છે.
(૪) ડીનનો અભિપ્રાય છે કે શ્રી. મહેતાની ઉચ્ચ શૈક્ષણિક લાયકાતો જોતાં તેમનો બે વર્ષનો પ્રેક્ટિસનો સમય ખૂટે છે તે "કોન્ડોન" કરવો જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જે. મહેતાને સદરહુ વર્ગોમાં એસ્ટેટ ડ્યૂટીનો વિષય શીખવવા માટે લેક્ચરર તરીકે અપવાદરૂપે માન્યતા આપવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ સાથે કરવાનું રાખવું.

૫. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ સાથે કરવાનું રાખવું.

૬. હાલના ઑર્ડિ. ૧૨૦ હેઠળ નવી કૉલેજ શરૂ કરવા માટે કરેલ જોડાણ-અરજીની કાર્યવાહી પૂરી થાય તે પહેલાં, તે પછીના વર્ષ માટે નવેસરથી જોડાણ-અરજી કરવા માટેની છેલ્લી તારીખ વીતી જતી હોવાથી ઑર્ડિ. ૧૨૦માં કોઈ સુધારો કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી મુશ્કેલી દૂર કરવા માટે સભામાં થયેલી ચર્ચા-વિચારણાને લક્ષમાં લઈને ઑર્ડિ. ૧૨૦ને સુધારવા માટે મુસદ્દો તૈયાર કરીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૭. આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૫૬ સાથે કરવાનું રાખવું.

૮. નાટ્યના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ અંગે નીચે મુજબની જોગવાઈ કરવા માટે આચાર્ય ય. પ્રા. શુક્લના સૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રવેશ માટે ૧૫૦૦ વિદ્યાર્થીઓની અધિકતમ સંખ્યાની મર્યાદા વ્યવસાયી અભ્યાસક્રમોને લાગુ પાડવી નહિ.

(૨) આ અભ્યાસક્રમોમાં કૉલેજમાં ચાલુ વિદ્યાર્થીઓ ઉપરાંત અન્યત્ર દાખલ થયેલા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપી શકાશે.

(૩) આ અભ્યાસક્રમ અંગેનું સત્રદીઠ શિક્ષણ-ફીનું અલાયદું ધોરણ કૉલેજ પોતે મુકરર કરી શકશે, પરંતુ પોતાના ચાલુ વિદ્યાર્થીઓ અને બહારના વિદ્યાર્થીઓ વચ્ચે તે ભેદ કરી શકશે નહિ, અર્થાત્ અલાયદી ફીનું ધોરણ બધાંને માટે એકસરખું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે નાટ્યશાસ્ત્રનું શિક્ષણકાર્ય સામાન્ય રીતે કૉલેજોના અન્ય શિક્ષણકાર્યથી જુદા સમયમાં થાય એમ સામાન્ય અપેક્ષા રહેતી હોઈ નાટ્યશાસ્ત્રના અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવે તે વિદ્યાર્થીઓની સંખ્યા ઑર્ડિ. ૧૨૦-એ હેઠળ નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા ૧૫૦૦ની મર્યાદામાં ગણવી નહીં. આવા વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૫૦થી વધુ રહેશે નહીં. ઉપરના ઠરાવને અનુસરીને ઑર્ડિ. ૧૨૦-એ માં નીચેની પેટાકલમ ઉમેરવી :

"Notwithstanding anything contained above, it shall be competent for the Principal of the College concerned, provided it is also affiliated for teaching Diploma Courses in Dramatics, to admit not more than 50 (fifty)students in dramatics in addition to the maximum number of 1500 permissible under sub-clause (1) above."

૯. રાજ્ય સરકાર અને યુનિવર્સિટી વચ્ચેના સંબંધો તપાસી, મુશ્કેલી, જો હોય તો, નિવાર્ય કરવા અંગે સૂચનો મોકલવા ગુજરાત સરકારે નીમેલા વહીવટી પ્રશ્નો અંગેના અભ્યાસ-જૂથના પંચાયત વિભાગના પેટા-જૂથના અધ્યક્ષશ્રીના તા. ૬-૪-૧૯૬૭ના પત્રાંક ૮૫-૧-૬૬/વકાએ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈ-તપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. આચાર્ય વી. આર. રણદીવે
૩. આચાર્ય ય. પ્રા. શુક્લ.

૧૦. શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખાના શિક્ષક ભતદાર વિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલ સભ્ય શ્રી. વિનોદ બી. અધ્વર્યુને બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

(**નોંધ.**— શ્રી.અધ્વર્યુએ (૧) ગુજરાતી, અને (૨) પત્રકારિત્વની અભ્યાસસમિતિઓ પર કામ કરવા ઇચ્છા દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વિનોદ બી. અધ્વર્યુને (૧) ગુજરાતી અને (૨) પત્રકારિત્વની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૧. અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૦-૩-૧૯૬૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૩-૧૯૬૭ની સભાની જે ભલામણો, ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ ઇત્યાદિના શિક્ષકોને લગતી છે તે મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૦-૩-૧૯૬૭ની સભાની જે ભલામણો (ક) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, અને (ખ) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકોને લગતી છે તે જે તે યુનિવર્સિટીને ઘટતું કરવા માટે મોકલી આપવી.

૧૨. "ધી એસોસિયેશન ઓફ ફિઝિયોલોજિસ્ટ એન્ડ ફાર્માકોલોજિસ્ટ ઓફ ઇન્ડિયા"ની ૧૩મી વાર્ષિક સભા તા. ૨૭થી ૨૯, ડિસેમ્બર ૧૯૬૭ દરમિયાન પોંડીચરી મુકામે મળનાર હોઈ સદરહુ સભામાં આ યુનિવર્સિટીની તબીબી કૉલેજોમાંના (૧) ફિઝિયોલોજી, (૨) ફાર્માકોલોજી, અને (૩) બાયોકેમિસ્ટ્રીના વિષયોના શિક્ષકો પૈકી પ્રત્યેક વિષયના બે પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૯-૪-૧૯૬૭ના પત્રાંક પીડી.વાય.એપી. ૬-૧૯૬૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ઘટતો નિર્ણય લેવા માટે ઉપકુલપતિશ્રીને જરૂરી સત્તા આપવી.

૧૩. નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઇન્ડિયાના આશ્રયે સિંગાપુરમાં તા. ૨૮-૮-૧૯૬૭થી તા. ૧૧-૯-૧૯૬૭ સુધી યોજાનાર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સંયુક્ત સંચાલકશ્રીના તા. ૧૪-૪-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. દેસાઈના નામની ભલામણ કરવી અને સાથે સાથે આચાર્ય એમ. સી. દેસાઈને

જણાવવું કે તેમને આ પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી તરફથી કશી આર્થિક સહાય આપવામાં આવશે નહિ.

૧૪. ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હીના આશ્રયે મુંબઈ મુકામે જાન્યુઆરી ૧૯૬૮માં યોજનાર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના ચાર પ્રતિનિધિઓની નિમણૂક કરવા ડેન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સચિવશ્રીના તા. ૧૮-૪-૧૯૬૭ના પત્રાંક પી-૮(II) ૬૭-૩૩૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. મલાવવાલાને તથા ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તેવા બીજા એક સભ્યને નીમવા.

૧૫. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૧૮મી માર્ચ ૧૯૬૬ની સભાના નીચેના પ્રસ્તાવની નોંધ લેવા બાબત :

3(iii)B :

To report the following item received from the Osmania University and the resolution of the Standing Committee adopted thereon at its meeting held on 25 th August 1965 :

Item :

"Resolved that the Medical Council of India be informed that in view of the provisions of the University Act, the recommendations of the Post-graduate Medical Education Committee, with regard to obtaining prior permission of the Medical Council of India for starting post-graduate courses, whether degrees or diplomas in Medicine, cannot be accepted. Resolved further that a reference be made to the Inter-University Board of India so that there is uniformity in action by all the universities."

Resolution :

"Resolved that it is not possible for the universities of India to accept the recommendations of the Post-graduate Medical Education Committee with regard to obtaining prior permission of the Medical Council of India for starting post-graduate diploma or degree courses in Medicine.

Resolved further that the Inter-University Board of India and Ceylon fully supports the resolution of the Syndicate of Osmania University adopted in this behalf at its meeting held on April 17, 1965."

Resolved that Resolution No. 12 of the meeting of the Standing Cemmittee held on 25th August 1965 be recorded.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજુ પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો-પરીક્ષકોનાં મહેનતાણાંના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ જેવા અધિકારી નીમી સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષા-પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષા-પદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષાને, સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાય યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી. તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher Courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

(૧) સ્ટેન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્સ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ; તે ન થાય તો ભવનોનાં જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગ્યા ઊભી કરવી નહિ.

(૨) એકસ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢશિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

(૩) સેનેટ હૉલમાં કાયમી (fixed) માઇક્રોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોનાં કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ગુજરાત રાજ્યના લાંચરુશવત વિરોધી ખાતાના નિયામકશ્રી તરફથી રાજપીપળામાં શ્રી. છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલયમાં નોકરી કરતા શ્રી. મનુપ્રસાદ પટેલે ૧૯૬૬ના વર્ષ દરમિયાન સુરતની એમ. ટી. બી. કૉલેજમાં હાજરી પુરાવી છે તેવી મતલબની આવેલ ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિને વિચારણા માટે મોકલવી.

૧૮. મેડિકલ કૉલેજોનાં "પીરિયોડિકલ ઇન્સ્પેક્શન" માટે જે તે વિષયની પ્રાયોગિક પરીક્ષાઓની તારીખો ૩ માસ અગાઉ નક્કી કરી મોકલી આપવા અંગેના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સચિવના સૂચન પરત્વે તબીબી વિદ્યાશાખાના ડીન ડૉ. એમ. ડી. દેસાઈ તરફથી તા. ૨૬-૪-૧૯૬૭ના પત્રથી આવેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. યુનિવર્સિટી કાર્યાલયમાં નીચેના સભ્યોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. એન. ઠક્કર (ટેલિફોન ઑપરેટર)	૩૦-૬-૧૯૬૭	૧-૭-૧૯૬૭
૨.	શ્રી. ભીખાજી લાખાજી મારવાડી (ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેન)	૧૨-૭-૧૯૬૭	૧૩-૭-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૨૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના સભ્યોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જી. જી. મહેતા	સ્ટોરકીપર	૧૭-૭-૧૯૬૭	૧૮-૭-૧૯૬૭
૨.	શ્રી. પી. એમ. મકવાણા	પટાવાળા	૧૦-૭-૧૯૬૭	૧૧-૭-૧૯૬૭
૩.	શ્રી. રામાજી ખોડાજી વાઘેલા	પટાવાળા	૧૫-૭-૧૯૬૭	૧૬-૭-૧૯૬૭

શ્રી. જી. જી. મહેતા અને શ્રી. પી. એમ. મકવાણાની કામગીરી અંગેના ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. શ્રી. જી. જી. મહેતાને તેમની સ્ટોરકીપરની જગ્યા પર તા. ૧૮-૭-૧૯૬૭થી કાયમ કરવા; અને
૨. શ્રી. પી. એમ. મકવાણાનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે
૩. શ્રી. રામાજી ખોડાજી વાઘેલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ આવ્યેથી તેમને કાયમ કરવાની બાબતમાં ઘટતો નિર્ણય લેવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. યુનિવર્સિટી હોસ્પેરિથ વિભાગમાં જુનિયર ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. વી. એમ. શાહ તા. ૩૧-૩-૧૯૬૭થી રાજીનામું આપી છુટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે તેમની તા. ૩૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ તા. ૨૬-૧૦-૧૯૬૨થી જોડાયા હતા અને ૩૧-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એમ. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૨. યુનિવર્સિટી હોસ્પેરિથ વિભાગમાં જુનિયર ઓપરેટર તરીકે કામ કરતા શ્રી. જે. એન. પંડયા તા. ૩૧-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે તેમની તા. ૩૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પંડયા તા. ૧-૨-૧૯૬૫થી જોડાયા હતા અને તા. ૩૧-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એન. પંડયાને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એ. બી. શાહ તા. ૩૧-૩-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેમની તા. ૭-૫-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ તા. ૧૯-૧-'૬૭ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૩૧-૩-'૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. બી. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૨૪. ડૉ. સી. જી. ખત્રી (રીડર, વિજ્ઞાન વિદ્યાભવન)ની તા. ૧-૭-૧૯૬૭થી ૩૦-૬-૧૯૬૮ સુધી ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને રૂા. ૧,૩૫૦ના માસિક પગારથી ઉછીની સેવાઓ (Loan Services) આપવા તથા તે દરમિયાન તેમનો હક્ક (Lien) યુનિવર્સિટીમાં રહે તેવી માગણી કરતા તેમના તા. ૧૩-૪-૧૯૬૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીની સેવાઓ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, કલકત્તાને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચેની શરતોએ ઉછીની આપવી :

(૧) ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટે ડૉ. ખત્રીની ઉછીની સેવાઓના સમય દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના નિયમો મુજબ ડૉ. ખત્રીનો પ્રોવિડન્ટ ફંડ ફાળો, ગ્રેચ્યુઇટી ફંડ ફાળો અને રજાના પગારનો ફાળો આપવાનો રહેશે;

(૨) કોઈ પણ સંજોગોમાં આ સેવાઓનો સમય લંબાવવામાં આવશે નહિ;

(૩) ડૉ. ખત્રીનો ઉછીની સેવાઓનો સમય પૂરો થયા બાદ તેમણે યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થવાનું રહેશે.

૨૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેબોરેટરી એટેન્ડન્ટની હંગામી જગ્યા ઉપર કામ કરતા શ્રી. આર. એન. શાહ ઉપકુલપતિશ્રીની પરવાનગી લીધા વિના ચાલુ વર્ષે લેવાયેલ એસ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં બેઠેલ હોઈ તેમની સામે શિસ્તભંગનાં કયાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એન. શાહને ભવિષ્યમાં આ યુનિવર્સિટીની સેવામાં રાખવા નહિ.

૨૬. દર વર્ષે થતી બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિષયમાં સૌથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીને "રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે રૂા. ૫૦-૦/-નું પ્રદાન આપવા માટેની તથા ચાલુ વર્ષે સને ૧૯૬૬-૬૮ માટે સદરહુ ચંદ્રક આપવા માટે વધારાના રૂા. ૧૫૦/-નું પ્રદાન સ્વીકારવા અંગેના શ્રીમતી વીરબાળાબહેન નાગરવાડિયાના તા. ૨૫-૪-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને સદરહુ ચંદ્રક આપવા માટેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

૨૭. યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલ માસમાં લેવાનારી ટી.વાય.બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને બેંકિંગ વિષયમાં સૌથી વધુ ગુણાંક લાવનાર વિદ્યાર્થીને રૂા. ૨૪૦/-નું "ધી બેન્ક ઓફ બરોડા લિ. પ્રાઇઝ" આપવા અંગે આ સાથેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇનામ અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૮. ૧૯૬૭-૬૮ના અંદાજપત્રમાં રજિસ્ટ્રારના કાર્યાલય (પરીક્ષા વિભાગ) માટે મોંઘવારી તથા બીજાં ભથ્થાંના મુખ્ય મથાળા નીચે ઓવરટાઇમ ભથ્થા માટે રૂા. ૨૦,૦૦૦/- અંદાજેલા છે, પરંતુ આ રકમ આજ સુધી થયેલ ઓવરટાઇમ જોતાં પૂરતી ન હોવાથી રૂા. ૨૫,૦૦૦/-ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષના અંદાજપત્રમાં રજિસ્ટ્રારના કાર્યાલય (પરીક્ષા વિભાગ) માટે મોંઘવારી તથા બીજાં ભથ્થાંના મુખ્ય મથાળા નીચે ઓવરટાઇમ ભથ્થા માટે રૂા. ૨૫,૦૦૦ની વધારાની જોગવાઈ મંજૂર કરવી.

૨૯. સરકારી ઑડિટરના સને ૧૯૬૦-૬૧ના જનરલ હિસાબો અંગેના ઑડિટ રિપોર્ટના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત :

Para 9 :

"The driver of the University car was paid an additional pay of Rs. 8-00 for work on four Sundays of May 1961 at Rs. 2/- per day. It was stated that the payment was made in pursuance of the

Syndicate's orders. In this connection, it may be pointed out that the demand for the weekly holidays for the driver was specifically rejected by the Industrial Court vide paragraph 54 of the award as it was held that the duties of the driver of the University car were of a very light nature as in the case of the driver of a private individual and that the actual steering duty did not exceed two hours a day. In the circumstances there appears no proper justification for the payment of the additional pay and the Syndicate may reconsider its decision particularly in view of the remark passesd by the Industrial Court while rejecting the demand for weekly holiday."

(**નોંધ.**—યુનિવર્સિટી ડ્રાઈવરને રજાને દિવસે કામ કરવા બદલ રૂા. ૨ ની રકમ સિન્ડિકેટના તા. ૪-૩-૧૯૬૧ના ઠરાવ પ્રમાણે આપવામાં આવે છે તે અંગે ઑડિટરે ઉપરોક્ત વાંધો લીધો છે. આ અંગે આપણે આ નિર્ણયની ઑડિટને વખતોવખત જાણ કરવા છતાં આ યુનિવર્સિટી એ સ્વાયત્ત સંસ્થા હોવાથી સિન્ડિકેટે અગાઉ લીધેલા નિર્ણયમાં પુનાર્વિચારણા કરવાની જરૂર નથી એની જાણ કરવા છતાં ઑડિટર આ વાંધો જતો કરવાની ના પાડે છે અને તેના છેલ્લા તા. ૨૭-૧૨-૧૯૬૬ના પત્રમાં જણાવે છે કે ઇન્ડસ્ટ્રિયલ કોર્ટનો ચુકાદો સિન્ડિકેટ સમક્ષ મૂકવો.)

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરને જણાવવું કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે પૂરતી વિચારણા કર્યા પછી નિર્ણય લીધો છે અને તે ફેરવવા માટે તેને કશું કારણ જણાતું નથી.

૩૦. **સરકારી ઑડિટરના સને ૧૯૬૦-૬૧ના જનરલ હિસાબો અંગેના ઑડિટ રિપોર્ટના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત :**

Para 27 :

"A custom duty of Rs. 543-30 nP was paid under voucher No. 322, dated 13-9-1960, against the Vacuum Tubes Voltometers directly imported by the University. As the University is entitled to the refund of the same and as the refund was not claimed by the University it is recommended to recover the amount from the person who failed to take proper and timely action in the matter."

(**નોંધ.**—ઑડિટનો એ વાંધો હતો કે રૂા. ૫૪૩-૩૦નું કસ્ટમ ડ્યૂટીનું રિફંડ મેળવવા આપણે જરૂરી કાર્યવાહી ન કરેલ હોવાથી આ રકમ, જે સભ્યોએ આ કામ કરવામાં જરૂરી પગલાં ન લીધાં તેની પાસેથી વસૂલ કરવી. આપણે ઑડિટરને જણાવેલ છે કે આ રિફંડ મેળવવા અંગેનો પ્રસંગ જુલાઈ ૧૯૬૦માં પહેલવહેલો જ ઉપસ્થિત થયો હોવાથી અને આ અંગે શી કાર્યવાહી કરવી પડે તેવી જાણ કાર્યાલયને ન હતી તેથી આ કામની કાર્યવાહી જાણવા માટે કાર્યાલયના એક કર્મચારીને મુંબઈ મોકલવામાં આવ્યા હતા અને ત્યાર પછીથી રિફંડ મેળવવાની કાર્યવાહી થઈ

છે. આથી માત્ર આ જ કેસમાં રિફંડ મેળવી શકાયું નથી, અને હવે આ અંગેનું જરૂરી રજિસ્ટર રાખવામાં આવેલ છે. આ પ્રમાણે જવાબ આપવા છતાં ઑડિટ તેનો વાંધો જતો કરવાની ના પાડે છે અને છેલ્લે તેના તા. ૧૫-૨-૧૯૬૬ના પત્રમાં જણાવે છે કે આ રકમ વસૂલ કરવી જોઈએ.)

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરને જણાવવું કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે પૂરતી વિચારણા કર્યા પછી નિર્ણય લીધો છે અને તે ફેરવવા માટે તેને કશું કારણ જણાતું નથી.

૩૨. **"પ્રોફેસર્સ પૂલ" સ્થાપવા બાબતમાં ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનના આસિસ્ટન્ટ સેક્રેટરીના તા. ૨૬-૪-૧૯૬૭ના પત્રાંક એસ. ૪(૨૮-૨-૬૭)(૧) ૧૭૦૧-૧૭૬૩માં જણાવેલ બાબત અન્વયે મંતવ્ય જણાવવા માટે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે "પ્રોફેસર્સ પૂલ" સ્થાપવા માટેની બાબતમાં રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવનો સિદ્ધાંત સ્વીકારવા જેવો છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ લખી જણાવવું.

૩૩. **ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચર (ન્યૂ દિલ્હી)એ વનસ્પતિ વિભાગની "Scheme for studies as histo-chemical and Bio-chemical changes in the shoot apex or Sesamum during growth and differentiation" અંગેની ત્રણ વર્ષની રૂા. ૯૬,૦૦૦/-ના અંદાજી ખર્ચવાળી યોજના કામચલાઉ ધોરણે મંજૂર કરી તેની નોંધ લેવા બાબત.**

(નોંધ.—આ યોજનાનું બધું ખર્ચ કાઉન્સિલ આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૪. **બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. (ઓ. ૭) પદવી (પ્રિવેન્ટિવ ઍન્ડ સોશિયલ મેડિસિન) વિષયમાં શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.**

(નોંધ.— નિયમ પ્રમાણે નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે:

(૧) ડૉ. એમ. એલ. રાવલ, માન્ય અનુ. શિક્ષક

(૨) ડૉ. એ. એન. ભટ્ટ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. **ભારતની અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીમાં અનામત જગ્યાઓ રાખી પ્રવેશ આપવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તેમના તા. ૨૨-૪-૧૯૬૭ના પત્રાંક (એફ ૩૩-૭૭-૮૨ સી.ડી.એન.) પરત્વે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૫. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના સચિવશ્રી તરફથી આવેલા તા. ૫-૫-૧૯૬૭ના પત્રાંક જી.એસ. (XXI) ૫૨૬ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાયી કાનૂનવિષયક સમિતિએ સ્ટે. ૧૧ અને ૧૬૩માં કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી તેમ તા. ૨૨-૬-૧૯૬૬ના રોજ ઠરાવેલું, જે સિન્ડિકેટની તા. ૧૩-૮-૧૯૬૬ની સભાએ માન્ય રાખેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૬. સિન્ડિકેટે તેની તા. ૪-૨-૧૯૬૭ની સભામાં બાબત નં. ૧૦૦થી એમ.ડી., એમ.એસ. તથા તબીબી ડિપ્લોમાના અભ્યાસને લગતો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ ઘડ્યો હતો અને તેનો અમલ તા. ૧-૨-૧૯૬૭થી કરવા ઠરાવ્યું છે તેના સંદર્ભમાં તે નવા ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સનો અમલ તા. ૧-૮-૧૯૬૭થી અથવા તો તા. ૨૫-૨-૧૯૬૭થી કરવા બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનની વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સનો અમલ તા. ૧-૨-૧૯૬૭ને બદલે તા. ૧-૮-૧૯૬૭થી કરવાનું રાખવું.

૩૭. સેનેટ પરની ચૂંટણી માટે જે ચૂંટણી-મથકો રાખવામાં આવે છે ત્યાં ચૂંટણીના દિવસે કામ કરતા પટાવાળાભાઈને દૈનિક ભથ્થું રૂા. ૧ને બદલે રૂા. ૨ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સભ્યપદ માટે ચૂંટણીનાં મતદાનકેન્દ્રો પર જે પટાવાળાઓને રાખવામાં આવે તેમને રૂ. ૨-૦૦નું દૈનિક ભથ્થું આપવું.

૩૮. સિન્ડિકેટની તા. ૭/૮-૮-૧૯૬૫ની સભામાં થયેલ ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીનાં પ્રકાશનો અવલોકનાર્થે વિવિધ સંસ્થાઓ, સામયિકો અને વર્તમાનપત્રોને મોકલવામાં આવે છે તેની યાદી અંગે પુનર્વિચારણા કરવા બાબત.

[કાર્યાલયનું સૂચન : સદરહુ યાદીમાં જરૂરી યોગ્ય સુધારાવધારા સિન્ડિકેટ કરે તે પછી સદરહુ પ્રકાશનની ૧૦થી વધુ નહિ તેટલી નકલો જે તે વિષયના નિષ્ણાત/વિવેચકને અવલોકનાર્થે મોકલવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનાં પ્રકાશનો અવલોકન અને/અથવા અભિપ્રાય માટે કયાં કયાં સામયિકોને મોકલવાં તે અંગે શ્રી. રજિસ્ટ્રારને યાદી તૈયાર કરવા માટે સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યાદી ઉપરાંત કોઈ પણ પ્રકાશનની વધુમાં વધુ દશ નકલો કોઈ પણ નિષ્ણાત કે વિદ્વાન વ્યક્તિને કે અન્ય કોઈ સામયિકોને અવલોકન અને/અથવા અભિપ્રાય માટે મોકલવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. યુનિવર્સિટી ગ્રંથાલયના ફર્નિચર મરામત ખાતે ૧૯૬૭-૬૮ના વર્ષમાં વધુ રૂા. ૨,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ હેડ ખાતે ૧૯૬૭-૬૮ના વર્ષમાં રૂા. ૧,૦૦૦/–નું બજેટ પ્રોવિઝન કરવામાં આવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષમાં યુનિવર્સિટી ગ્રન્થાલયના ફર્નિચર મરામત ખાતે વધુ રૂ. ૨,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૦. યુનિવર્સિટી પ્રેસના મકાન ઉપર માળ બાંધવાના કામ માટે નિમાયેલ સ્થપતિ મે. આશરપોટા એન્ડ આશરપોટા સાથે કરાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૧. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગ તરફથી "વિદ્યાર્થી ગેરશિસ્ત—કારણો અને નિવારણો" નામક એક રાષ્ટ્રીય પરિસંવાદ ઑગસ્ટ ૧૯૬૭ના બીજા સપ્તાહમાં ત્રણ દિવસ માટે યોજનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સમાજશાસ્ત્રી કે માનસશાસ્ત્રીની નિમણૂક કરવા સદરહુ પરિસંવાદના માનદ અધ્યક્ષના તા. ૧૨મી મે ૧૯૬૭ના પત્રાંક ૧૫૩ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પુ. ગ. માવળંકરની નિમણૂક કરવી.

૪૨. ઑક્ટોબર ૧૯૬૫માં એમ.એસસી. એનેટોમી પરીક્ષાનું ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના ઇન્સ્પેક્ટરોએ કરેલા ઇન્સ્પેક્શન રિપોર્ટ ઉપર કરેલા નીચેના ઑબ્ઝર્વેશન ઉપર વિચારણા કરી મેડિકલ ફેકલ્ટીની તા. ૧૮-૧-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"A post-graduate committee to organise control and co-ordinate post-graduate training in various Medical subjects should be constituted by the University."

મેડિકલ ફેકલ્ટીની ભલામણો

"(૧) આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના વિઝિટર્સ તરફથી આવેલા રિપોર્ટ ઉપર વિચારણા કરી યોગ્ય પગલાં લેવા માટે ફેકલ્ટીના ડીન તથા જે તે કૉલેજના ડીનના મજકૂર અહેવાલ અંગે અભિપ્રાય મેળવી નીચે સૂચવેલા સભ્યોની સલાહકાર સમિતિ સમક્ષ રજૂ કરવા અને તે સમિતિ જે જવાબ સૂચવે તે ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવી મેડિકલ કાઉન્સિલને, ફાર્મસી કાઉન્સિલને અથવા ડેન્ટલ કાઉન્સિલને જવાબ આપવાની પ્રથા રાખવી.

(૨) અનુસ્નાતક અભ્યાસક્રમ અંગે ઊભા થતા પ્રશ્નો અંગે વખતોવખત વિચારણા કરી ભલામણો રજૂ કરવાનું કામ પણ આ સમિતિ કરશે :

૧. ડીન, ફેકલ્ટી ઑફ મેડિસિન (ચેરમૅન)
૨. ડીન, બી. જે. મેડિકલ કૉલેજ
૩. ડીન, એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ
૪. ડિરેક્ટર, કે. એમ. કપૂર ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન
૫. ડીન, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૬. આચાર્ય, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી
૭. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા ઉપર આ યુનિવર્સિટીના ચૂંટાયેલા સભ્ય
૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઉપર મેડિકલ ફેકલ્ટીના નિમાયેલા સભ્યો.

આ સમિતિ ઉપર જે તે વિષયના પ્રોફેસરને કે પ્રોફેસર-ઇન-ચાર્જને જરૂર પડયે સલાહસૂચન અંગે કો-ઑપ્ટ કરી શકાશે. "

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટીની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૩. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. આર્ટ્સના "લૉજિક" અને "જગતના ધર્મોની રૂપરેખા" વિષયોના અભ્યાસક્રમો અંગેનો રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ સુધારી જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા પ્રી-યુનિવર્સિટી આર્ટ્સના અભ્યાસક્રમમાં તર્કશાસ્ત્ર અને જગતના ધર્મોની રૂપરેખાના વિષયના અભ્યાસક્રમો અંગેનો રેગ્યુલેશન પ્રી-આર્ટ્સ ૨ સુધારવો અને તેને ૧૫મી જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવો.

રે. ફી. ફાર્મસી-૨ની અંદર ખરિશિષ્ટ 'ક' પાને જોઇએ.

૪૪. યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિમાતા પરીક્ષકો/પ્રાશ્નિકો/મોડરેટરોને અપાતી સામાન્ય સૂચનાઓ પૈકી સૂચના નં. ૫૧માં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સૂચના નં. ૫૧થી ૧૦૦ અને ૫૦ ગુણના પેપરમાં મોડરેટરો કેટલા ગુણ સુધી સુધારોવધારો કરી શકે તે આપેલ છે, પરંતુ હવે કેટલાંક પેપરો ૪૦ ગુણ અને ૭૦ ગુણનાં છે તો તે અંગે સ્પષ્ટતા કરવાની છે :

51. Each case of a change in marks through moderation should be initialled by the Moderator and the Chairman. The range of change should not exceed + or − 2 per question upto a maximum of + or − 3 per section of 50 or less marks, + or − 4 for paper of 50 or less marks and + or − 5 for a paper of 100 or more than 50 marks. Where the Moderator feels that the variation is going to exceed

the above limits, the relevant answer-books must be returned to the Examiner concerned for reassessment with specific instructions in the matter.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચના નં. ૫૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૪૫. પ્રતિવર્ષ લેવાતી પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક લાવનાર વિદ્યાર્થિનીને રૂા. ૩૦૦નું શ્રીમતી પાર્વતી બાલુભાઈ શાહનું રોકડ પારિતોષિક આપવા રૂા. ૬,૦૦૦નું પ્રદાન શ્રી. એસ. બી. શાહ તરફથી સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૮-૫-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૬-૨-૬૫એસ (II) પ્રમાણે જ્યાં ગ્રાન્ટ અંગેના ખત ઉપર સહીસિક્કા થઈ ગયા છે તેવી પી.એલ. ૪૮૦ની સંશોધન યોજનાના પ્રિન્સિપલ ઇન્વેસ્ટિગેટરને અગાઉ આપવામાં આવતું માનદ વેતન આપવાનું હવે મંજૂર કરવામાં આવ્યું છે તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) ગ્રાન્ટ અંગેના ખત જે ઉપર હવે પછી સહીસિક્કા થશે તેને આ જોગવાઈ લાગું પડશે નહિ.

(૨) પ્રિન્સિપલ ઇન્વેસ્ટિગેટર પ્રો. જે. જે. ત્રિવેદીને માસિક રૂા. ૨૫૦નું માનદ વેતન સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં ઠરાવ્યા પ્રમાણે આપવાનું બંધ કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંશોધન યોજનાના પ્રિન્સિપલ ઇન્વેસ્ટિગેટર પ્રો. જે. જે. ત્રિવેદીને સદરહુ યોજના હેઠળ માસિક રૂ. ૨૫૦-૦૦નું માનદ વેતન તા. ૨૬-૧૧-૧૯૬૬ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે આપવાનું બંધ કરવામાં આવ્યું હતું તે હવે ચાલુ રાખવું.

૪૭. યુનિવર્સિટી મનોવિજ્ઞાન ભવન અને અમદાવાદની અંકુર શાળાના સંયુક્ત ઉપક્રમે બાળપ્રવૃત્તિ, તેમનું વલણ ઇત્યાદિ બાબતમાં અભ્યાસ અંગેની યોજના સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં મંજૂર રાખેલ એશિયા ફાઉન્ડેશનની યોજનાના બજેટમાં થોડા ફેરફાર માટે એશિયા ફાઉન્ડેશન તરફથી આવેલ તા. ૧૫-૪-૧૯૬૭ના પત્ર તથા મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ તરફથી આવેલ તા. ૩-૫-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—મૂળ બજેટમાં જે રકમ મંજૂર થયેલ છે તેમાં ફેરફાર પડતો નથી, પણ માત્ર ખર્ચના મથાળામાં તથા આ યોજના માટે આપવામાં આવતા વેતનમાં થોડું એડજસ્ટમેન્ટ કરવાનું રહે છે. યોજના બે વર્ષના બદલે દોઢ વર્ષમાં પૂરી કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજનાના ખર્ચના સુધારેલા અંદાજને એશિયા ફાઉન્ડેશનની અનુમતિ મળે તે શરતે મંજૂર કરવો.

(~~મંજૂર કરવામાં આવેલા સુધારેલા અંદાજની વિગતો પૂરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.~~)

૪૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૭-૪-૧૯૬૭ની ભલામણો પૈકી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારોમાં આવેલી કૉલેજો અને અનુસ્નાતક કેન્દ્રો અને તેમાં કામ કરતા શિક્ષકોને લગતી ભલામણો અંગે ઘટતી કાર્યવાહી કરવા માટે જે તે યુનિવર્સિટીના રજિસ્ટ્રારને મોકલી આપવી. તે સિવાયની બાકીની જે ભલામણો આ યુનિવર્સિટીની કૉલેજો અને અનુસ્નાતક કેન્દ્રો અને તેમાં કામ કરતા શિક્ષકોને લગતી છે તે ભલામણો મંજૂર કરવી.

આ તબક્કે બપોરે ૨-૪૦ કલાકે ઉપકુલપતિશ્રીએ સભાગૃહને જણાવ્યું કે સાંજે ૪-૩૦ કલાકે તેઓ સભાગૃહ સમક્ષ શ્રી પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજના જોડાણની બાબતમાં રાજ્ય સરકાર તરફથી આવેલ તા. ૨-૬-૧૯૬૭નો પત્ર જે કામકાજની યાદી નં. ૪માં બાબત ક્રમાંક ૭૩માં લેવામાં આવ્યો છે તે સભાગૃહ સમક્ષ ચર્ચાવિચારણા માટે રજૂ કરશે.

૪૯. યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાંથી રિસર્ચ ફેલો અને રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા સભ્યોને ટીચર્સ હૉસ્ટેલમાં રહેઠાણ આપવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનોમાં હાલ કામ કરતા રિસર્ચ ફેલો અને રિસર્ચ ઍસિસ્ટન્ટો અને તે કક્ષાના હંગામી કર્મચારીઓને, વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષક કર્મચારીઓને રહેવા માટે રહેઠાણો આપતાં કેટલાંક રહેઠાણો વધે છે તે લક્ષમાં લઈને તેઓ તેમની જગ્યા પર ચાલુ રહે તે સમય સુધી રહેઠાણ આપવાં અને તે પેટે તેમની પાસેથી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ભાડું લેવું.

૫૦. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૪-૨-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા પ્રમાણે "ધાર્મિક ક્ષારણ" વિષય પર ડૉ. એમ. એન. દેસાઈએ તૈયાર કરેલ હસ્તપ્રતનું પ્રકાશન યુનિવર્સિટી દ્વારા કરવા અંગે સ્વીકાર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અને જરૂરી પ્રકાશન ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ. અંદાજી પ્રકાશન ખર્ચ નીચે મુજબ થવા સંભવ છે :

		રૂ. પૈ.
મુદ્રણ-છાપકામ ખર્ચ	:	૭,૪૩૭-૦૦
બાઇન્ડિંગ	:	૧,૧૦૦-૦૦
કાગળ	:	૨,૯૦૨-૬૩
બ્લૉક	:	૧,૧૫૫-૦૦
લેખકનું મહેનતાણું	:	૫,૦૦૦-૦૦ અથવા ½ ટકા કિંમતના પાના દીઠ રૂા. ૬, બેમાંથી જે વધારે હોય તે)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને તે માટે રૂા. ૧૮,૦૦૦/-નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૫૧. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનના સેક્રેટરીના તા. ૧૨-૪-૧૯૬૭ના પત્રમાં જણાવ્યા મુજબ બોર્ડના સભ્યપદ માટેના લવાજમમાં ૨૫ ટકાનો વધારો થયો હોઈ, આપણી યુનિવર્સિટીએ સને ૧૯૬૭-૬૮ માટે કુલ્લે રૂા. ૫,૩૫૦ની રકમ આપવાની હોઈ, તે મોકલી આપવા ઉપકુલપતિશ્રીએ મંજૂરી આપી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૨. આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડની તા. ૨૫મી એપ્રિલની હૈદરાબાદ મુકામે મળેલી સભામાં આપણી યુનિવર્સિટીને પશ્ચિમ વિભાગની તેમ જ આંતર-વિભાગીય ક્રિકેટની આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજવાની વિનંતી કરી હતી તેના સ્વીકાર કર્યાના ઉપકુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.

(નોંધ.—આપણે આંતર-યુનિવર્સિટી બહેનોની વૉલીબૉલની કે સ્વિમિંગની સ્પર્ધાઓ માટે આમંત્રણ આપ્યું જ હતું અને તેથી આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓના ખર્ચની જોગવાઈ કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૩. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(અ) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યા:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય અને વિદ્યાશાખા	પદવી
૧.	શ્રી. એચ. એસ. શાહ	ભૌતિકવિજ્ઞાન (વિજ્ઞાન)	પીએચ.ડી.
૨.	શ્રી. એમ. આર. દેશપાંડે	સદર	,,
૩.	શ્રી. જે. કિશ્નારાવ	ગણિતશાસ્ત્ર (વિજ્ઞાન)	,,
૪.	શ્રી. બી. એમ. શાહ	ગુજરાતી (વિનયન)	,,
૫.	શ્રીમતી એસ. આર. મારફતિયા	ગુજરાતી (વિનયન)	,,

(બ) એમ.એ.,એમ.કૉમ. પદવીના વર્ગમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરતા નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી જૂના અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ હવે પછી બંધ થતું હોઈ, વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ માફ કરી સત્ર મંજૂર કર્યાના:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેની વિગત
૧.	શ્રી. કે. બી. વૈષ્ણવ	એમ.એ.	સમાજવિદ્યા ભવન, અમદાવાદ	બીજું
૨.	શ્રી. એન. એમ. દવે	,,	,,	ત્રીજું
૩.	શ્રી. એચ. ટી. પટેલ	,,	,,	ચોથું
૪.	શ્રી. એમ. એન. વ્યાસ	,,	એમ. એન. કૉલેજ, વીસનગર	ચોથું

૫.	શ્રી. એમ. એન. જૂનેજા	એમ.કૉમ.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	બીજું
૬.	શ્રી. એમ. પી. જડિયા	,,	,,	પ્રથમ તથા ચોથું
૭.	શ્રી. એલ. બી. શાહ	,,	,,	ત્રીજું તથા ચોથું
૮.	શ્રી. આર. એસ. કંદોઈ	,,	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	ચોથું
૯.	શ્રી. વી. વાય. વસાવડા	એમ.એ.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	ત્રીજું તથા ચોથું
૧૦	શ્રી. એન. બી. વ્યાસ	,,	,,	ચોથું
૧૧.	શ્રી. આર. વી. જોષનપુત્રા	,,	,,	ત્રીજું તથા ચોથું
૧૨.	શ્રીમતી એસ. એ. પ્રભુદેસાઈ	,,	સામળદાસ કૉલેજ, ભાવનગર	ચોથું
૧૩.	શ્રી. સી. સી. વ્યાસ	,,	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,
૧૪.	શ્રી. એન. એસ. શાહ	એમ.કૉમ.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ	ત્રીજું
૧૫.	શ્રી. એ. એમ. રૂપાણી	,,	,,	,,
૧૬.	શ્રી. વાય. એમ. પંડ્યા	એમ.એસસી.	પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર	પ્રથમ તથા ચોથું

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૬૭થી નર્સિંગનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ, અમદાવાદના નિયામકશ્રી તરફથી આવેલ જોડાણ માટેની અરજીની બાબતમાં વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ અભ્યાસક્રમ મંજૂર થયો નથી અને ડિગ્રી ઇન્સ્ટિટ્યૂટ થઈ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમ સ્થાપવા માટે સેનેટની મંજૂરી હજુ મળી નથી અને જોડાણ માટે સદરહુ અરજી મોડી આવેલી છે તે સંજોગોમાં સદરહુ બાબત ઉપર આ સભાગૃહમાં હાલને તબક્કે વિચારણા કરી શકાય તેમ નથી.

૫૫. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ફમણને જૂન ૧૯૬૬થી પ્રથમ જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતો પૈકીની આચાર્યશ્રીને તથા રેક્ટરને ભાડામુક્ત રહેઠાણ આપવા અંગેની શરતનું હજી સુધી પાલન કર્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મજકૂર કૉલેજના આચાર્યશ્રીની નિમણૂક કેન્દ્ર સરકારે કરી હતી. તેમાં ભાડામુક્ત રહેઠાણની શરત ન હતી, તેથી આ ફેરફાર કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવી જોઈએ અને તે માટે શિક્ષણ નિયામક શ્રી. પંજીએ કેન્દ્ર સરકારને લખ્યું છે અને ભારત સરકારે આ બાબત પોતાની સક્રિય વિચારણા હેઠળ છે એમ તારથી જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય અને રેક્ટરને ભાડામુક્ત રહેઠાણ આપવાની શરતનું પરિપાલન થાય તે અત્યંત આવશ્યક છે એમ લાગતાવળગતાઓને જણાવવું અને તે શરતોનું પરિપાલન થાય તે માટે કાર્યાલયે આગ્રહ ચાલુ રાખવો.

બાબત ક્રમાંક ૪, ૫ અને અને ૭ની વિચારણા બાબત ક્રમાંક ૫૬ સાથે વિચારણા કરવા અગાઉ જણાવેલ હોઈ તેના પાઠો અત્રે આપવામાં આવેલ છે.

૪. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકાર્ય જો તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭નાં પત્રમાં કરવામાં આવેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૫. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના યુનિવર્સિટીએ નિયત કરેલાં ધારાધોરણમાં જણાતી નીચેની સંદિગ્ધતાને અનુલક્ષીને વિચારણા કરવા બાબત:

(નોંધ.— વેકેશનના એક માસ અગાઉ છૂટા થતાં શિક્ષક ૧૫મી જૂનથી ૧૪મી ફેબ્રુઆરી સુધી કાર્ય કર્યું હોય તો પણ વેકેશન પગાર માટે હકદાર થતા નથી. જ્યારે બીજા સત્રની શરૂઆતથી જોડાઈ ૧૪મી ફેબ્રુઆરીએ છૂટા થતા શિક્ષકને ૩૧મી માર્ચ સુધીનો પગાર મળી શકે.)

સંબંધકર્તા કંડિકાઓ નીચે પ્રમાણે છે:

2. (*c*) It he has served for the major part of the Second term only, he should be paid upto the 31st of March. Provided always that....

(*b*) his appointment was not in a leave vacancy for fixed period, provided further that a teacher falling under catagory (*a*) above shall not be entitled to be paid for the vacation, if his services are terminated at least one month prior to the commencement of the vacation.

૭. ઍડિ. ૧૨૦-એ માં નિયત કરવામાં આવેલ કુલ કાર્યબોજ વધતો ન હોય તો એક કૉલેજમાં પૂરા સમયના નીમેલા શિક્ષકને તે જ ટ્રસ્ટ તરફથી ચાલતી અન્ય કૉલેજમાં વિના વેતને ખંડ-સમયના શિક્ષક તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાબત ક્રમાંક ૪, ૫, ૭, અને ૫૬ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૬. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

૫૭. પ્રતિવર્ષ ગુજરાત રાજ્ય એસ.એસ.સી. બોર્ડ તરફથી લેવાતી એસ.એસ.સી.ની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાની માન્ય હાઈસ્કૂલોમાંથી સૌથી વધુ ગુણાંક લાવનાર તથા ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૨૫૦નું પારિતોષિક આપવા માટે શ્રી. સી. સી. દેસાઈ તરફથી રૂ. ૬,૦૦૦નું પ્રદાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે માટેના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૮. શ્રી. રણજિતરાયે સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, પૂર્વ પાકિસ્તાન (ઢાકા)ની મેટ્રિકયુલેશન પરીક્ષા ૧૯૫૭માં પાસ કરેલી છે અને તે આધારે ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનારી પ્રી-યુનિ. આર્ટ્સ (એકસટર્નલ) પરીક્ષામાં નામ નોંધાવવા અરજી કરેલી છે, પરંતુ તે માઇગ્રેશન સર્ટિફિકેટ રજૂ કરી શકે તેમ ન હોવાથી તેમાંથી તેમને મુક્તિ આપવાની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીને માઇગ્રેશન-સર્ટિફિકેટ રજૂ કરવા માટેના નિયમમાંથી, અપવાદરૂપે, મુક્તિ આપવી.

૫૯. સર પી. ટી. સાયન્સ કૉલેજ અને એસ. કે. એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાની વિભાગીકરણ માટેની તથા વધારાના જોડાણ માટેની અરજી અંગે આચાર્યશ્રીના પત્ર પર ઑર્ડિ. ૧૨૦ અન્વયે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. કૉલેજે વિનયન અને વિજ્ઞાન — એમ કૉલેજનું વિભાગીકરણ કરી વિનયન વિભાગમાં વાણિજ્ય શાખા ઉમેરી જોડાણ આપવા વિનંતી કરેલી.

૨. ઉપરાંત બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા વિનંતી કરેલી.

૩. વાણિજ્ય શાખા ઉમેરવા માટેની જોડાણ-અરજી મુદત બહારની હોઈ માન્ય કરવામાં આવી ન હતી, જેથી આચાર્યશ્રી તેમના પત્રમાં વિલાજન એક વર્ષ માટે મુલતવી રાખવાનું જણાવે છે અને જૂન ૧૯૬૮થી બન્ને કૉલેજોને — (૧) વિજ્ઞાન, અને (૨) વિનયન તથા વાણિજ્ય — કાયમી જોડાણ આપવા વિનંતી કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ કૉલેજોને માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સંયુક્ત સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. આચાર્ય જે. બી. સાણ્ડિલ

૨. આચાર્ય એમ. સી. શાહ

૩. આચાર્ય એચ. કે. ત્રિવેદી.

૬૦. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોની જૂન ૧૯૬૭થી જોડાણ અંગેની અરજીઓ પર ગુજરાત યુનિવર્સિટી સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યુનિવર્સિટીઓના વિસ્તારોમાં આવતી કૉલેજોના જોડાણ અંગેની કાર્યવાહીની બાબતો, આગળની કાર્યવાહી કરવા માટે જે તે યુનિવર્સિટીઓને મોકલી આપવી.

૬૧. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કૉલેજો પૈકી જે કૉલેજોએ જૂન ૧૯૬૭થી ચાલુ-વધારાનું-કાયમી જોડાણ માટે અરજી કરેલ છે તે અંગે સેનેટે મૂકેલી બધી શરતોનું તા. ૩૧-૫-૧૯૬૭ સુધી જે કૉલેજોએ પાલન ન કર્યું હોય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોના જોડાણની શરતોના પરિપાલનની બાબતમાં કાર્યાલયને કોઈ પણ ઊણપ લાગતી હોય તો તે જોઈ-તપાસીને નીચે મુજબ સ્થાનિક તપાસ-સમિતિઓ મોકલવા માટે યુનિવર્સિટી કાર્યાલયને સત્તા આપવી :

ક્રમાંક	કૉલેજનું નામ	તપાસસમિતિના સભ્યનું નામ
૧.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
૨.	મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
૩.	એમ. એન. કૉલેજ, વીસનગર	ડૉ. ય. ગુ. નાયક.
૪.	પારેખ ગ્રપ્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	ડૉ. જે. જે. ત્રિવેદી
૫.	ભવન્સ કૉલેજ, ડાકોર	ડૉ. જે. જે. ત્રિવેદી
૬.	નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર	આચાર્ય સી. સી. શાહ
૭.	બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	ડૉ. કે. એ. ઠાકર
૮.	ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ	ડૉ. એ. એમ. ત્રિવેદી
૯.	રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. પારેખ કૉમર્સ કૉલેજ, ખંભાત	આચાર્ય એમ. સી. દેસાઈ
૧૦.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	આચાર્ય એસ. આર. મહેતા
૧૧.	શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી. હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર	આચાર્ય એ. ડી. મણિયાર

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની કૉલેજોના જોડાણ અંગેની શરતોના પરિપાલન અંગે ખાતરી કરવા માટે જે તે કૉલેજના નામ સામે જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલય કે વિદ્યાશાખાના ડીન કે એક વ્યક્તિની તપાસસમિતિને જણાવવું :

ક્રમાંક	કૉલેજનું નામ	કોને તપાસ કરવી ?
૧.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૨.	સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ડીનનો અભિપ્રાય મેળવવો.
૩.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ડીનનો અભિપ્રાય મેળવવો.
૪.	શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી	કાર્યાલયે જોવું.
૫.	જી. એચ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ	ડીનનો અભિપ્રાય મેળવવો.
૬.	આર. આર. લાલન કૉલેજ, ભુજ (કચ્છ)	કાર્યાલયે જોવું.
૭.	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ	વિનયનના ડીનનો અભિપ્રાય મેળવવો.
૮.	શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	આચાર્ય જે. બી. સાવિડલને મોકલવા.
૯.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	વિનયનના ડીનનો અભિપ્રાય મેળવવો.
૧૦.	એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ	આચાર્ય એમ. સી. દેસાઈને મોકલવા.
૧૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	કાર્યાલયે જોવું.
૧૨.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૧૩.	શ્રી. બી. પી. વલ્લભટ્ટ આર્ટ્સ એન્ડ શ્રી. એન. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા	કાર્યાલયે જોવું.
૧૪.	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૧૫.	સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું
૧૬.	શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી	આચાર્ય આઈ. જે. ધ્રુવને મોકલવા.
૧૭.	બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ	આચાર્ય ય. ગુ. નાયકને મોકલવા.
૧૮.	સાયન્સ કૉલેજ, કડી	આચાર્ય ય. ગુ. નાયકને મોકલવા.
૧૯.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૨૦.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૨૧.	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ	કાર્યાલયે જોવું.
૨૨.	ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ.	કાર્યાલયે જોવું.
૨૩.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	ડીનનો અભિપ્રાય મેળવવો.

૬૨. આ યુનિવર્સિટીના વિસ્તાર બહાર આવેલી બે આયુર્વેદ કૉલેજો અંગે યુનિવર્સિટી ધારાની કલમ ૫(૪)ના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

સદરહુ પેટાકલમ ૫(૪) નીચે મુજબ છે :

(4) Any educational institution in the 2(State) of Bombay situate outside the University area or in other terlitories outside the Province, 2(State) may, subject to such conditions and restrictions as the University and the 3(State) Government think fit to impose, be admitted to the privileges of the University.

2. This word was substituted for the word "Province", the Adaptation.

3. This word was substituted for the word "Provincial", ibid.

આથી ઠરાવવામાં આવે છે કે ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગર અને શ્રી. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતનું જોડાણ આ યુનિવર્સિટી સાથે ચાલુ રાખવા માટે આ યુનિવર્સિટી સંમત છે એમ રાજ્ય સરકારને જાણ કરવી.

૬૩. મેડિકલ ફૅકલ્ટીની તા. ૨૮-૪-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

As the Factotum in Medical Faculty examinations is paid remuneration for the days of theory examination only and as he is required to work in Practicals, i.e., till the theory examination and practicals are over, it is resolved to recommended that the remuneration of the factotum should be based on number of days of theory examination and at the rate of Rs. 5/- per day on the Practical examination day if he is so required to work.

2. Resolved to recommend that One Junior Supervisor should be appointed for 30 students for Postgraduate Medical examinations looking to the work to be carried out by Junior Supervisor regarding reports, etc., as there are various branches for M.D. and M S. Examinations.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ માટેની કન્વેન્શન્સ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા મેડિકલ ફૅકલ્ટીની તા. ૨૮-૪-૧૯૬૭ની સભાએ સિન્ડિકેટને ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલી ફર્સ્ટ બી.એસસી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૦૧૫ અને ૬૫૪૭ એ વિજ્ઞાનના વિષયોના સરવાળામાં સૌથી વધુ ગુણાંક ૫૧૬ એક-સરખા મેળવતા હોવાથી "ડૉ. કે. એસ. નારગુંડ સાયન્સ પ્રાઇઝ" એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ પ્રાઇઝ આપવા અંગેની સંબંધકર્તા શરતો નીચે મુજબ છે :

Rules

1. A prize to be called "Dr. K. S. Nargund Chemistry Prize" of Rs. 100/- in cash or books at the option of the prize winner shall be awarded annually to a candidate who passes the Third B.Sc. (Special) Examination with Chemistry as his special subject at the First trial and secures the highest number of marks in Chemistry.
2. A Prize to be called "Dr. K. S. Nargund Science Prize" of Rs. 100/- in cash or books at the option of the prize winner shall be awarded annually in connection with the First B.Sc. Examination. The prize shall be awarded to a candidate in First Class and securing the highest number of marks in the following groups in rotation :
   (*i*) Physics-Chemistry-Mathematics Group
   (*ii*) Physics-Chemistry-Biology Group
   (*iii*) Group other than 1 and 2 mentioned above.
3. The Prize shall be awarded irrespective of prize winner's caste, sex, religion and place of birth.
4. The names of the prize winners shall be published alongwith the results of the respective examinations.
5. The surplus if any remaining out of the interest after the prizes are awarded or the saving, if one or both the prizes are not awarded in any year, shall be added to the principal amount.
6. The annual income of the Endowment shall be subject to a decuction of 5 per cent to be contributed to the General Fund of the University.

[*N.B.*—In Nos. (1) and (2), the marks of the English and the credit marks of F.Y. and S.Y. will not be counted.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇનામ વિદ્યાર્થીઓ નં. ૬૦૧૫ અને ૬૫૪૭ને સરખે હિસ્સે વહેંચી આપવું.

૬૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર-ઇન-મૅથેમેટિક્સ તરીકે કામ કરતા ડૉ. મિશ્રને તા. ૧-૧૦-૧૯૬૭થી ડબ્લિન ઇન્સ્ટિટ્યૂટ ફૉર એડવાન્સ્ડ સ્ટડીઝ, ડબ્લિન, આયર્લૅન્ડ તરફથી એક વર્ષની સ્કૉલરશિપ મળવાથી પરદેશ જવા માટે તેમને એક વર્ષની બિનપગારી રજા આપવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેમની આ ગેરહાજરી દરમિયાન ભવનના અધ્યક્ષ અનુસ્નાતક અને માન્ય શિક્ષકોની મદદ દ્વારા ડૉ. મિશ્રના શૈક્ષણિક કામની વ્યવસ્થા કરી શકશે તેમ તેઓએ જણાવેલ છે. ડૉ. મિશ્ર હાલ અજમાયશી સમય પર છે તે જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મિશ્રને તા. ૧-૧૦-૧૯૬૭થી વિનાવેતને અભ્યાસરજા નીચેની શરતોએ આપવી:

૧. એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

૨. તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિં;

૩. ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨નું તેઓ પાલન કરી શકે નહિં તો તેમણે ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે યુનિવર્સિટીને ભરપાઈ કરવી;

૪. ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેમણે આપવાની રહેશે.

આ પછી આગળ બાબત નં. ૪૮ પછી નોંધવામાં આવ્યું છે તે પ્રમાણે સાંજે ૪-૩૦નો સમય થતાં બાબત નં. ૭૩ હાથ ધરવામાં આવી.

૭૩. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ અંગે શિક્ષણ અને મજૂર વિભાગ તરફથી આવેલા તા. ૨-૬-૧૯૬૭ના પત્રાંક યુએફજી(૫૬૫૭) ખા-૨૬૨૮-ખ પરત્વે વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) ગુજરાત રાજ્યના શિક્ષણખાતાના તા. ૨જી જૂન ૧૯૬૭ના સદરહુ પત્રનો નીચે મુજબ જવાબ આપવા માટે શ્રી. રજિસ્ટ્રારને જણાવવું:

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૩ અન્વયે સદરહુ બાબતમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવેલી છે, અને કલમ ૪૩ની પેટાકલમ (૨) હેઠળ સિન્ડિકેટે ઘટતી તપાસ કરી-કરાવીને ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવ સાથે પોતાનો અભિપ્રાય સેનેટ સમક્ષ રજૂ કર્યો હતો, અને તે પછી સેનેટે કરેલા ઠરાવની નકલ સહિત આ તમામ કાર્યવાહીનો રિપોર્ટ આપની સમક્ષ રજૂ કર્યો હતો, તે પછી યુનિવર્સિટી તરફથી કશી કાર્યવાહી કરવાની રહેતી નથી, અને પેટાકલમ (૫) હેઠળ સદરહુ કૉલેજમાં વિજ્ઞાન-વિદ્યાશાખામાં પ્રી-યુનિવર્સિટી અને પ્રથમ વર્ષ સુધીના અભ્યાસક્રમોના શિક્ષણ માટે જોડાણની બાબતમાં રાજ્ય સરકારના હુકમની અમે રાહ જોઈ એ છીએ.

સદરહુ કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખામાં ત્રીજા વર્ષના અભ્યાસક્રમો શીખવવા માટે અને વિજ્ઞાનની વિદ્યાશાખામાં બીજા વર્ષના અભ્યાસક્રમો માટે જોડાણ આપવાની તેની વિનંતી નામંજૂર

કરવામાં આવી છે, તેની નોંધ લેવામાં આવી છે. તેના સંદર્ભમાં રાજ્ય સરકારના આ નિર્ણય અંગે પેટાકલમ (૫) હેઠળ કારણો આપવા માટે વિનંતી છે."

(૨) નીચે મુજબની અખબારી યાદી તાત્કાલિક પ્રસિદ્ધ કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને જણાવવું :

"સિન્ડિકેટે તેની તા. ૩-૬-૧૯૬૭ની સભામાં કરેલા ઠરાવ અન્વયે લાગતાવળગતા સૌને નીચે મુજબ જાણ કરવામાં આવે છે :

તા. ૧૫મી જૂન ૧૯૬૭થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટેનો જોડાણ આપવાનો પ્રસ્તાવ સેનેટે તેની માર્ચ ૧૯૬૭ની સભામાં નામંજૂર કર્યો હતો, અને તે અંગેની તમામ કાર્યવાહીનો રિપોર્ટ રાજ્ય સરકારને કરવામાં આવ્યો હતો, તે પછી રાજ્ય સરકારે તેના તા. ૨જી જૂન ૧૯૬૭ના પત્રાંક યુએફજી-ખા-૨૬૨૮-ખ.થી સદરહુ કૉલેજને પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે, કેટલીક શરતોનું પરિપાલન થયેથી, જોડાણ આપવાનું નક્કી કર્યું છે. આ બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) હેઠળ સરકારના છેવટના ઑર્ડર બહાર પડે તે પહેલાં તે કૉલેજ જો કોઈ વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે અગર કોઈ વિદ્યાર્થીઓ તે કૉલેજમાં પ્રવેશ લેશે, તો તે બાબતની યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં."

(૩) નીચેના ઠરાવની જાણ રાજ્યસરકારને કરવી તથા વર્તમાનપત્રોને પણ તે પ્રસિદ્ધ કરવા માટે મોકલી આપવા શ્રી. રજિસ્ટ્રારને જણાવવું :

"યુનિવર્સિટી સેનેટના મંતવ્યને અવગણીને શ્રી. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજનું જોડાણ, અમુક શરતોના પરિપાલનને આધીન આપવા માટે રાજ્ય સરકારે તેના તા. ૨જી જૂન ૧૯૬૭ના પત્રાંક યુએફજી-૫૬૫૭(ખા) ૨૬૨૮-ખ.થી કરેલા નિર્ણયને સિન્ડિકેટની આ સભા ગંભીર ચિંતાથી નિહાળે છે. વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવાની સેનેટની ભલામણ રાજ્ય સરકારે સ્વીકારી, ત્યારે વિજ્ઞાનની વિદ્યાશાખાના વિભાગ અંગે સેનેટે કરેલી ભલામણનો અસ્વીકાર કરવાનું તેણે મુનાસિબ માન્યું. આ આખોય પ્રશ્ન સેનેટની સભામાં તા. ૨૯-૩-૧૯૬૭ના રોજ બે કલાક અને તા. ૩૦-૩-૧૯૬૭ના રોજ ત્રણ કલાક સુધી ભારે ઝીણવટ અને કાળજીપૂર્વક ચર્ચાયો હતો, અને આ ટ્રસ્ટ સંચાલિત એક કૉલેજના આચાર્યે પૂરી ૪૨ મિનિટ સુધી પોતાનો કેસ રજૂ કરવાની તક લીધી હતી; પણ સદરહુ કૉલેજનું જોડાણ ચાલુ રાખવામાં આવે તો તેના ગંભીર ગેરવહીવટને અને બીજી ભારે વાંધાજનક પરિસ્થિતિને દૂર કરવામાં આવશે એમ સેનેટને ગળે ઉતારવામાં તેઓ સફળ થયા નહીં. પરિણામે સદરહુ કૉલેજને જોડાણ આપવાનો પ્રસ્તાવ સેનેટે ૭૧ વિ. ૮ જેવી બહુમતીથી નામંજૂર કર્યો. આ અત્યંત સ્વયંસ્પષ્ટ હકીકતના પ્રકાશમાં સેનેટના વિચારયુક્ત નિર્ણયની અવગણના કરીને સરકારે કરેલો આ નિર્ણય બિનલોકશાહી અને બિનજરૂરી બને છે; અને યુનિવર્સિટીની સેનેટ જેવા નિષ્ણાત અને ગૌરવશીલ સત્તામંડળના નિર્ણયોમાં નાહકની ડખલરૂપ બને છે. સિન્ડિકેટને એમ પણ ભય રહે છે કે સરકારનો આ નિર્ણય સંલગ્ન કૉલેજોના ગેરવહીવટ અને ગેરનિયમિતતાઓને વધુ ઉત્તેજનરૂપ બનશે, અને પરિણામે ગુજરાત યુનિવર્સિટીનાં ઉચ્ચ શિક્ષણનાં ધોરણોને અને નીતિમત્તાનાં મૂલ્યોને કથળાવનારો નીવડશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સ્વાયત્તાનો મૂળભૂત સિદ્ધાંત આ પ્રશ્નમાં સંડોવાયેલો છે તે જોતાં તથા તેના દૂરગામી પરિણામોની સંભાવના જોતાં, સિન્ડિકેટની આ લાગણી લાગતાવળગતા સૌને જણાવવા માટે ઉપકુલપતિશ્રીએ ઘટતું કરવું."

(નોંધ.—સદરહુ બાબતની ચર્ચાવિચારણાને અંતે ઉપર મુજબના જે નિર્ણયો લેવામાં આવ્યા તેમાં શિક્ષણસંચાલક શ્રી. કે. જી. બાદલાણી સંમત થયા નહોતા, તે મુજબની નોંધ રાખવામાં આવે.)

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૩-૬-૧૯૬૭ના રોજ બંધ કરવામાં આવ્યું, અને રવિવાર, તા. ૪-૬-૧૯૬૭ના રોજ સવારે ૯-૦૦ કલાકે સભા ફરી મળતાં બાકીનાં કામ હાથ ધરવામાં આવ્યાં.

૬૭. સૌરાષ્ટ્ર તથા સાઉથ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કૉલેજોમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોના ૧૯૬૬-૬૭ના વર્ષના હિસાબો તથા તે કેન્દ્રોની બચત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—મોટા ભાગનાં અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો હજુ સુધી આવ્યા નથી.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓના વિસ્તારમાં આવતી કૉલેજો અને સંસ્થાઓમાં આ યુનિવર્સિટીનાં જે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં હતાં, તે અનુસ્નાતક કેન્દ્રોને તા. ૨૩-૫-૧૯૬૭થી આ યુનિવર્સિટી વતી કામકાજ બંધ કરવા માટે જણાવવું અને તેમને તા. ૨૨-૫-૧૯૬૭ સુધીના પોતાના હિસાબો અને બાકી રહેલ બચતનાં નાણાં આ યુનિવર્સિટીને મોકલી આપવા જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. ૧માં જણાવેલ કેન્દ્રોએ આ યુનિવર્સિટી વતી ચોપડીઓ, ફર્નિચર, સાધનો ઇત્યાદિ જે કાંઈ ખરીદ્યું હોય તેની યાદીઓ મોકલી આપવા માટે તેમને જણાવવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં બાકી રહેલી કૉલેજો અને સંસ્થાઓમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોને પણ તા. ૩૧-૩-૧૯૬૭ સુધીના હિસાબો અને બાકી રહેલી બચતનાં નાણાં મોકલી આપવા માટે જણાવવું.

૬૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભાની નોંધની બાબત નં. ૬૬થી ઠરાવ્યા અનુસાર બોર્ડે ઉપકુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં નીચેની શરતોએ એમ.એસસી. પદવી બોર્ડની વિષયમાં જૂન ૧૯૬૭થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

શરતો

૧. મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રત્યેક વર્ષે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાનાં રહેશે.

૨. ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવશે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા એવા શિક્ષકની નિમણૂક કરવામાં આવશે.

૩. પ્રથમ વર્ષના વર્ગમાં ૧૦ અને દ્વિતીય વર્ષના વર્ગમાં ૧૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવામાં આવશે.
૪. બેઠાની અનુસ્નાતક વર્ગના પર્યટન માટે યોગ્ય અને જરૂરી રકમની જોગવાઈ કૉલેજે કરવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પર ઘટતી કાર્યવાહી કરવા માટે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને મોકલી આપવી.

૬૯. એલ.એમ.પી. અને એલ.સી.પી.એસ.ના ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થીઓ માટે એમ.બી.,બી.એસ.ના કન્ડેન્સ્ડ ડિગ્રી અભ્યાક્રમમાં સવલત આપવા અંગેના ઑર્ડિ. ૨૫૬ના સંદર્ભમાં એમ.પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં ૨૦ બેઠક-સંખ્યા વધારવા અંગે કૉલેજના ડીન તરફથી આવેલી અરજી સૌ.રાષ્ટ્ર યુનિવર્સિટીના મહામાત્રને આ અંગે કાર્યવાહી કરવા મોકલી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૭૦. એલ.એમ.પી. અને એલ.સી.પી.એસ.ના ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થીઓ માટે એમ.બી.,બી.એસ.માં સવલત આપવા અંગેના ઑર્ડિ. ૨૫૬ના સંબંધમાં બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ૨૦ બેઠક-સંખ્યા વધારવા અંગેના કૉલેજના ડીનના પત્રના અનુસંધાનમાં ઉપકુલપતિશ્રીએ નિયુક્ત કરેલી સમિતિના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સમિતિએ સ્ટાફ, ગ્રંથાલય તથા લેબોરેટરી સવલતો અંગે શરતો મૂકી છે જેનું પરિપાલન થયેથી વધુ ૨૦ બેઠકો-સંખ્યા આપવા ભલામણ કરી છે.)

[૧] આથી ઠરાવવામાં આવે છે કે, બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સદરહુ અભ્યાસક્રમ (condensed course)માં ૨૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે નીચેની શરતોએ પરવાનગી આપવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

૧. એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્માકોલોજી અને પેથોલોજી—પ્રત્યેક વિષયના એક જુનિયર વ્યાખ્યાતા
૨. એનેટોમી, ફિઝિયોલોજી, ફાર્માકોલોજી અને પેથોલોજી—પ્રત્યેક વિષય માટે એક ટેકનિશિયન.

(૨) રૂા. ૫,૦૦૦નાં નવાં પુસ્તકો વસાવવામાં આવે; અને
(૩) લેબોરેટરી માટે રૂા. ૫,૦૦૦ વધુ ખર્ચવામાં આવે

[૨] વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં સદરહુ અભ્યાસક્રમમાં વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાનો સદરહુ સમિતિનો રિપોર્ટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આગળની ઘટતી કાર્યવાહી કરવા માટે મોકલી આપવો.

૭૧. ડીન, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ તરફથી તેમની કૉલેજમાં "ડિપ્લોમા ઇન એનેસ્થેસિયા" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ અનુસાર નીચે મુજબનો પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે :

૧. ડૉ. બી. પી. દ્વિવેદી—માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. ડૉ. બી. એન. શાહ—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
(૨) ઉપકુલપતિશ્રી નીમે તે સભ્ય.

૭૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં બૅંકિંગ વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને "શ્રી બાલુભાઈ ગિરધરલાલ ગોલ્ડ મેડલ" આપવાનો હોય છે. પરંતુ વર્ષ દરમિયાન બૅંકિંગ વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર ત્રણ વિદ્યાર્થીઓના ગુણ પણ એકસરખા હોવાથી આ સુવર્ણચંદ્રક કેવી રીતે વિતરિત કરવો તે અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—વિદ્યાર્થી નં. ૨૨૨૭, ૨૨૪૨ અને ૩૨૩૨ સૌથી વધુ પરંતુ એકસરખા જ ગુણાંક મેળવે છે તે પૈકીના વિદ્યાર્થી નં. ૨૨૨૭ બીજા વર્ગમાં પાસ થાય છે. સુવર્ણચંદ્રકની શરતોના પાઠ નીચે મુજબ છે :

1. Gold Medal called "Shri Balubhai Girdharlal Gold Medal" of the value of about Rs. 180/-shall be awarded annually by a rotation each year in Optional subject of Advanced Accounting and Auditing and Banking of the First B.Com. Examination.
2. If there is no candidate for the subject concerned in any particular year, the Medal shall be awarded to a studeut who secures highest number of marks among all the optional subjects taken together.
3. The Medal shall, as for as possible, be presented to the winner at the Annual Convocation of the University.
4. The Medal shall be awarded irrespective of the winner's caste, creed or community.
5. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચંદ્રકો વિદ્યાર્થી નં. ૨૨૨૭, ૨૨૪૨ અને ૩૨૩૨ એમ ત્રણેને આપવા અને તે માટે શક્ય તેટલા ઓછા ખર્ચે ચંદ્રકો બનાવડાવીને તે ત્રણે વિદ્યાર્થીઓને આપવા; તથા તે માટે યુનિવર્સિટીના જનરલ ફંડમાંથી વધારાનું જરૂરી ખર્ચ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના જુદા જુદા ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો ઇત્યાદિ પ્રદાનો અંગેના નિયમો, જોઈ તપાસીને સુધારાવધારાની જરૂર જણાય ત્યાં તે સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. ય. ગુ. નાયક
(૨) આચાર્ય વિશ્વનાથ રા. રણદીવે
(૩) શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા.

૭૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૭૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં ગુજરાત યુનિવર્સિટી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવે તેવા સંજોગોમાં આપણી યુનિવર્સિટીએ એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે આગ્રહ નહિ રાખતાં કેવળ ચાલુ વર્ષ પૂરતું ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટથી ચલાવી લેવાના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રજિસ્ટ્રારના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬-૬૮ના વર્ષ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાંથી આ યુનિવર્સિટીમાં આવતા વિદ્યાર્થીઓ પાસેથી પારસ્પરિક સ્વીકૃતિના ધોરણે એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે આગ્રહ નહિ રાખતાં ટ્રાન્સફરન્સ સર્ટિફિકેટથી ચલાવવાનું રાખવું.

૭૫. સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીની જનરલ કાઉન્સિલ પર ભારતની યુનિવર્સિટીઓના ૨૦ પ્રતિનિધિઓની નિમણૂક માટે ગુજરાત યુનિવર્સિટીએ તા. ૮-૯ એપ્રિલ ૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભામાં ત્રણ નામોની પૅનલ સૂચવેલ પરંતુ, તેમાં કોઈ નામાંકિત લેખિકાનું નામ સમાવિષ્ટ કરાયું નહિ હોવાથી પૅનલનાં ત્રણ નામો પૈકી એકના વિકલ્પે કે વધારાના નામ તરીકે કોઈ લેખિકાનું નામ સૂચવવા માટેના અકાદમીના સચિવના તા. ૨૯-૫-૧૯૬૭ના પત્રાંક એસ-એ. ૧.૨૧૧૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શ્રીમતી હીરાબેન પાઠકનું નામ સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીને સૂચવવું.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૭૬. સિન્ડિકેટની સ્થાયી કાનૂની વિષયક સમિતિ (Standing Legal Committeee) પર વધુ એક સભ્યને નીમવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર ન્યાયમૂર્તિ શ્રી. પી. એન. ભગવતી નીમવા.

૭૭. પેટ્રોકેમિકલ્સના અભ્યાસક્રમ અંગે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં બાબત નં. ૬૩થી નીમેલી સમિતિ પર વધુ એક સભ્ય નીમવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર શ્રી. જી. એલ. રાવલને સભ્ય તરીકે નીમવા.

૭૮. ઇકોનોમિક રિસર્ચ સેન્ટરની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૪/૫-૩-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૪-૬-૧૯૬૭ના રોજ મળેલી સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત :

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. સદરહુ ઇકોનોમિક રિસર્ચ સેન્ટરને આ યુનિવર્સિટીના સમાજ વિદ્યાભવનમાં ઇકોનોમિક વિભાગ સાથે ઘનિષ્ટ સંપર્કમાં રહીને કામ કરવાના હેતુથી નીચે મુજબ સૈદ્ધાન્તિક રીતે સ્વીકારવામાં આવે છે :

1. The University is willing to associate with the Economic Research Centre;
2. The Centre shall inform the University if and when they receive foreign aid in any form so that the University can

immediately inform the Government. Whatever Research and other programmes they frame they shall pass on to the University.

3. There shall be a contract between the Centre and the University.
4. The Centre will have their own staff, but in case they avail of the services of any members of the University staff, the conditions of service and rules and regulations of the University shall apply to the University staff who may help the Centre.
5. Subject to availability and discretion of the Vice-Chancellor, necessary space be provided by the University to the Centre and furniture according to the norms of the University be also provided for their use.
6. Professor B. R. Shenoy shall continue as paid Director of the University School of Social Sciences and shall be permitted to work as Director of the Economics Centre in an honorary capacity.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર નં. ૧માં જણાવેલ બાબત પર વિચારણા કરીને પોતાનો અભિપ્રાય અને કરારનામાનો મુસદ્દો તૈયાર કરવા માટે સ્થાયી કાનૂની વિષયક સમિતિને જણાવવું.

(~~સદરહુ સમિતિના રિપોર્ટની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.~~)

૭૯. યુનિવર્સિટીની સિન્ડિકેટના નિર્ણયોની જાણ સ્થાનિક વર્તમાનપત્રોને કરવામાં આવે તે અંગેની તેમની માગણી પર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની સભા પૂરી થયેથી બનતી ત્વરાએ સ્થાનિક વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને સિન્ડિકેટના અગત્યના જે નિર્ણયો વિદ્યાર્થીઓને તથા સામાન્ય જનતાને ઉપયોગી હોય તેના સંક્ષેપની લેખિત નોંધ સ્થાનિક વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને મોકલી આપવી. આ નોંધ શ્રી. રજિસ્ટ્રારને તેમની વિવેકબુદ્ધિથી (in his discretion) તૈયાર કરવા માટે અને પ્રસિદ્ધિ માટે મોકલી આપવા માટે સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. ૨૨૯૩૮-૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જૂન ૧૭, ૧૯૬૭.
જ્યેષ્ઠ ૨૭, ૧૮૮૯ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ફ"
કામકાજ ક્રમાંક ૧૧

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની બેઠક તા. ૨૦-૩-૧૯૬૭ને સોમવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી (ઉપકુલપતિશ્રી)	હાજર
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૩. ડીન એમ. ડી. દેસાઈ	ગેરહાજર
૪. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૫. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૬. આચાર્ય રો. કે. જી. નાયક	ગેરહાજર
૭. આચાર્ય એચ. એસ. સંઘવી	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. તા. ૧૬-૧૧-૧૯૬૬ને બુધવારના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૬-૧૧-૧૯૬૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને બહાલી આપવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં શિક્ષકોની નિમણૂકોને મંજૂરી આપવામા ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લીધી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અધ્યાપકવર્ગમાં થતા ફેરફારના પત્રકમાં આવેલી શિક્ષકોની માહિતી તપાસીને દરેક વિદ્યાશાખાના ડીનને તેમનો અભિપ્રાય મેળવવા માટે મોકલી આપવી તથા અપવાદરૂપ હોય તેવા શિક્ષકોની સંપૂર્ણ વિગતો સદરહુ સમિતિના સભ્યોને મોકલી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(માન્ય કરવામાં આવેલ નિમણૂકોની યાદી આ સાથે પરિશિષ્ટ 'ક' તરીકે સામેલ છે.)

૩. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના નિયમ મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત નહિ ધરાવતા હોઈ તેમની નિમણૂકોને નામંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લીધી.

(અમાન્ય કરવામાં આવેલ નિમણૂકોની યાદી આ સાથે પરિશિષ્ટ 'ખ' તરીકે સામેલ છે.)

૪. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં નાટચવિદ્યાનું શિક્ષણકાર્ય કરતા શ્રી. આર. જે. શાસ્ત્રી તથા શ્રીમતી આર. એલ. પોપટને છૂટાં કર્યાં છે તેમ સદરહુ કૉલેજના આચાર્યે તેઓના તા. ૧૬-૧૨-૧૯૬૬ના પત્રાંક ૧૫૦૯થી કરેલ જાણની નોંધ લેવા બાબત.

"Notwithstanding anything contained in the above in the case of instituting a Post-graduate Centre in the subject of Chemistry, two recognised Post-graduate Teachers in the branch, or one recognised Post-graduate Teacher and two assistants to Post-graduate Teachers in the same branch or one recognised Post-graduate Teacher and

one assistant to Post-graduate Teacher in the same branch and one more assistant to Post-graduate Teacher in any other branch shall be considered adequate."

૧૬. પાલિના અનુસ્નાતક અભ્યાસ અંગે ભાષા-સાહિત્ય ભવનમાં વ્યવસ્થા કરવા અધ્યક્ષ, એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ, તરફથી આવેલ તા. ૧૭-૬-૧૯૬૬ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદના અધ્યક્ષ તરફથી એમ.એ. પદવી પાલિ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ભાષા-સાહિત્ય ભવનમાં સ્થાપવાની વિનંતી સ્વીકારવી નહિ, પરંતુ તે વિષયનું તદર્થ (ad-hoc) કેન્દ્ર તે સંસ્થામાં સ્થાપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, દ્વારકાના ડૉ. ટી. એન. દવેના હાથ નીચે સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થયેલ કુ. કે. એમ. ગોકાણીને તેમનું બાકીનું સંશોધનકાર્ય મજકૂર સંસ્થાના અધ્યક્ષ ડૉ. જે. એસ. જેટલીના માર્ગદર્શન નીચે પૂરું કરવાની મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. અનુસ્નાતક કેન્દ્રો ચલાવતી કેટલીક કૉલેજોને વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી પુસ્તકો ખરીદવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(યાદી આ સાથે પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૯. સેનેટની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં થયેલાં કેટલાંક સૂચનો ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિના અહેવાલમાં જણાવેલી ભલામણોમાંથી જ્યાં જરૂર જણાય ત્યાં તે ભલામણોના સંદર્ભમાં ધારાધોરણ ઘડવા માટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિની તા. ૧૯-૧૦-૧૯૬૬ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત તથા અનુસ્નાતક અભ્યાસને લગતા ઑર્ડિ. અને અનુસ્નાતક નિયમો વગેરેમાં જ્યાં જરૂર જણાય ત્યાં ફેરફાર સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની એક તપાસસમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ડૉ. વાય. જી. નાયક
(૨) શ્રી. યશવંત શુકલ
(૩) શ્રી. એમ. સી. દેસાઈ
(૪) ડૉ. જે. જે. ત્રિવેદી
(૫) શ્રી. એમ. એસ. પંડિત
(૬) શ્રી. એસ. આર. ભટ્ટ
(૭) ડૉ. પી. એલ. શાહ
(૮) શ્રી. ટી. એમ. પરીખ.

૨૦. રસાયણવિજ્ઞાનના પરિસંવાદમાં થયેલી ભલામણોમાંથી નીચેની ભલામણ નં. ૨ અને ૩ જે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૧૯-૯-૧૯૬૬ની સભામાં નામંજૂર કરી છે તે ભલામણો પરત્વે તા. ૮-૧૦-૧૯૬૬ની સિન્ડિકેટના ઠરાવ અન્વયે ફેરવિચારણા કરવા બાબત.

ભલામણ નં. ૨ :

A Post-graduate Teacher (including Assistants) who is recognised for a branch other than his special branch may be additionally allowed to teach *A*, who has taken his M Sc or Ph.D. Degree in Organic Chemistry and has been recognised as a Post-graduate Teacher in Inorganic Chemistry (there are a number of such cases) may now be permitted to teach additionally Organic Chemistry at M.Sc. (Previous).

ભલામણ નં. ૩

A Post-graduate Teacher or the Assistant be permitted to visit any centre for teaching at M.Sc.(Previous). [The rule regarding present Zonal system may be deleted for teaching at M.Sc.(Previous)].

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ નં. ૨ની નોંધ લેવા તથા ભલામણ નં. ૩ને સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભલામણ નં. ૨માં જણાવેલી લાયકાતવાળા કોઈ શિક્ષક માન્યતા મેળવવા માટે અરજી કરે ત્યારે વ્યક્તિગત રીતે તપાસી માન્યતા આપવાનું વિચારવું.

૨૧. પીએચ.ડી. સંસ્કૃત પદવી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે શ્રી. જની રતિલાલ જગન્નાથની અરજીની બાબતમાં શ્રી. આર. સી. પરીખના નીચેના અભિપ્રાયને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

"He should be considered fit to be a University teacher in Sanskrit for the Ph.D. degree specially Vedic and Alamkar Shastra."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રતિલાલ જગનાથ જનીને પીએચ.ડી. પદવી સંસ્કૃત વૈદિક અને અલંકારશાસ્ત્રના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અને તે અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "એ" વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇનચાર્જ

તરીકે શ્રી. એન. પી. ભામોરેને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાં.

(૨) વાર્ષિક રૂા. ૨૦૦ સ્ટાન્ડર્ડ મૅથેમેટિકસ જર્નલ્સના લવાજમ પેટે પ્રતિવર્ષ ખર્ચવા.

(૩) ઑર્ડિ. ૬૫–પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૪) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં દાખલ કરવામાં આવે.

૨૩. યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં એમ.એસસી. પદવી ફિઝિકલ કેમિસ્ટ્રી અને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રની અરજી અને તે બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈમાં એમ.એસસી. પદવી ફિઝિકલ કેમિસ્ટ્રી ઍન્ડ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. ડી. તલાટીને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાં.

(૨) ઑ. ૬૫-પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) સમિતિએ અહેવાલમાં જે સાધનો ખરીદવાની ભલામણ કરી છે તે સાધનો તાત્કાલિક ખરીદવાં.

(૪) ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં માન્યતા ધરાવતા એવા એક મદદનીશ શિક્ષકની નિમણૂક જૂન ૧૯૬૮થી કરવી, જેથી પાર્ટ ૨માં ફિઝિકલ કેમિસ્ટ્રી વિષયમાં specialization કરી શકાય.

(૫) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં પ્રત્યેક શાખામાં દાખલ કરવા.

૨૪. પી. ટી. સાયન્સ ઍન્ડ એસ. કે. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "બી" વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે આવેલી અરજી અને તે અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ટી. સાયન્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, મેાડાસામાં એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "બી"ના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનેા અહેવાલ સ્વીકારવેા અને નીચે જણાવેલ શરતેાએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રેાફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. એસ. દવેની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતેા

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકેા ૨ વર્ષ સુધી ખરીદવાં.

(૨) ઑર્ડિ. ૬૫–પી(૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવેા સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યેાગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાટે ૧માં દાખલ કરવાના રહેશે.

૨૫. એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારીમાં એમ.એસસી. (એગ્રિ.) પદવી (૧) એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી ઍન્ડ સૉઈલ સાયન્સીઝ, (૨) એગ્રોનેામી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટેની અરજી અને તે બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન. એમ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, નવસારીમાં એમ.એસસી. (એગ્રિ.) પદવી (૧) એગ્રિકલ્ચરલ કેમિસ્ટ્રી ઍન્ડ સૉઈલ સાયન્સીઝ અને (૨) એગ્રોનેામી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનેા અહેવાલ સ્વીકારવેા અને નીચે જણાવેલી શરતેાએ પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રેાફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. જી. પંડયાને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતેા

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકેા ખરીદવામાં આવે.

(૨) પ્રત્યેક શાખામાં પાંચથી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા નહિ.

(૩) અનુસ્નાતક વિદ્યાર્થી માટે હૉસ્ટેલની સગવડ રાખવી.

(૪) ઑર્ડિ. ૬૫–પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવેા સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યેાગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

૨૬. પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગેાધરામાં એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "બી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સદરહુ કૉલેજની અરજી તથા તે અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગેાધરામાં એમ.એ., એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર જૂથ "બી" વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનેા અહેવાલ સ્વીકારવેા અને નીચે જણાવેલ શરતેાએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક

કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. પી. ડી. મામતોરાને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાં.

(૨) ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર પાર્ટ ૧માં ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

૨૭. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં એલએલ.એમ., બ્રાન્ચ ૧ પદવી અને વિષયના અનુસ્નાતક કેન્દ્રની અરજી અને તે બાબતમાં સિન્ડિકેટે નીમેલી સ્થાયી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદમાં એલએલ.એમ., બ્રાન્ચ ૧ના વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. ગિરીશ પટેલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો પહેલે વર્ષે તથા બીજે વર્ષે રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

૨૮. શેઠ એમ. એન સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એ. પદવી સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અને તે અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એ. પદવી સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો, અને નીચે જણાવેલ શરતોએ તે વિષયનું અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. બી. એમ. ઉપાધ્યાયને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો પહેલે વર્ષે તથા બીજે વર્ષે રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવામાં આવે.

(૨) ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવશે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા પાર્ટ ૧માં દસ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

૨૯. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના આચાર્ય તરફથી તેમને ત્યાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી રૂા. ૬,૯૬૬-૪૨ પૈસા અત્રે જમા કરાવ્યા છે, તેમાંથી તેટલી જ કિંમતનાં પુસ્તકો ખરીદ કરવાની તેમની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના આચાર્યની અનુસ્નાતક કેન્દ્રના બચત પૂરેપૂરી ખર્ચવાની વિનંતી સ્વીકારવી નહિ, પરંતુ ટોકન ગ્રાન્ટ તરીકે રૂા. ૧,૦૦૦ જમા કરાવેલી રકમમાંથી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૦. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ એમ.કૉમ. પદવી માટેના અનુસ્નાતક કેન્દ્ર માટે વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચત રૂા. ૧૦,૧૬૨ માંથી ઉપકુલપતિશ્રીએ રૂા. ૫,૦૦૦નાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપેલી, જ્યારે આચાર્ય તે પરવાનગી ઉપરાંત રૂા. ૬૩૧ની રકમનાં વધારે પુસ્તકોના ખર્ચની પરવાનગી માગે છે તો તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરના આચાર્યને અગાઉ રૂા. ૫,૦૦૦ની રકમનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપેલી, તે ઉપરાંત તેમણે રૂા. ૬૩૧ની વધુ રકમ પુસ્તકો ખરીદવા પાછળ ખર્ચી છે તે મંજૂર રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એ. પદવી મનોવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી તેમ જ તે અંગે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એ. પદવી મનોવિજ્ઞાન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર નીચેની શરતોએ જૂન ૧૯૬૭થી સ્થાપવા અને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. આર. એચ. ત્રિવેદીને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) પ્રોફેસર આર. એચ. ત્રિવેદીએ એમ.એ. પદવી ફિલોસોફી અગર સાયકોલોજી એમાંથી ગમે તે એક વિષયમાં માન્યતા ચાલુ રાખવાની રહેશે.

(૨) એમ.એ. પાર્ટ ૨માં ફક્ત એરિયા-પનાં પેપરો શીખવવાનાં રહેશે.

(૩) મનોવિજ્ઞાનની લેબોરેટરીને સુસજ્જ કરવા માટે પ્રથમ વર્ષે રૂા. ૬,૦૦૦ની કિંમતનાં તથા બીજે વર્ષે રૂા. ૪,૦૦૦ની કિંમતનાં સાધનો કૉલેજે ખરીદવાં આવશ્યક રહેશે.

(૪) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્રને માટે પહેલે વર્ષે રૂા. ૬,૦૦૦ અને બીજે વર્ષે રૂા. ૪,૦૦૦નાં પુસ્તકો ખરીદવાનાં રહેશે.

(૫) ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવશે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા એવા શિક્ષકની નિમણૂક કરવાની રહેશે.

(૬) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર પાર્ટ ૧માં ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે.

(૭) સમિતિએ સૂચવેલાં સાધનો ખરીદવામાં આવ્યાં છે કે કેમ તેની જાણ યુનિવર્સિટીને કર્યેથી કેન્દ્ર ચાલુ કરવા પરવાનગી આપવી.

૩૨. ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટર તરીકેનો અનુભવ અનુસ્નાતક શિક્ષણ માટેનો માન્યતાના હેતુ માટે શૈક્ષણિક અનુભવ તરીકે હાલમાં ગણવામાં આવતો નથી, પરંતુ ભવનોમાં કામ કરતા ટ્યૂટરો-ડેમોન્સ્ટ્રેટરો માટે માન્યતા આપવા માટે અપવાદ કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

દરમિયાન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાંથી જે તે ડેમોન્સ્ટ્રેટરોની શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેની માહિતી મગાવવી.

૩૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૨૬-૧૧-૧૯૬૬ની સભામાં (૧) અનુસ્નાતક વ્યાખ્યાનો અંગે, તથા (૨) એમ.એ. પદવીના શિક્ષણ અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા માટે નીમેલી સમિતિની તા. ૧૦-૩-૧૯૬૭ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત, બાબત નં. ૧૯થી નિમાયેલ સમિતિ તરફ વિચારણા માટે મોકલી આપવી.

૩૪. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરી ઑર્ડિ. ૩૧૪ (૩) નીચે મુજબ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"The Faculty resolves that O. 314 (3) be amended as follows :

O. 314 (3) :

It shall not be compulsory for a candidate registered for the Ph.D. to reside in the town where his teacher resides or works. However, in researches involving laboratory or field work, the candidate will be required to keep in close touch with his teacher and have personal discussions with him on the research problems at least twice in a term."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા ઑર્ડિ. ૩૧૪(૩) સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૫. એમ.એ. તથા એમ.કૉમ. પદવીના કેટલાક વિષયોને અરસપરસ સરખા (indentical) ગણી શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે જે

ધોરણ સ્વીકારવામાં આવ્યાં તેમાં (૪) અને (૫)માં છાપભૂલ હોવાથી તે નીચે મુજબ સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

છાપભૂલ	સુધાર્યા મુજબ
4. Theory of Money and *Industrial Economics*	Theory of Money and *International Economics*
5. *International Economics*	*Industrial Economics*

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. તથા એમ.કૉમ. પદવીના કેટલાક વિષયોને અરસપરસ સરખા (identical) ગણી શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગે જે ધોરણ સ્વીકારવામાં આવ્યું છે તેમાં (૪) અને (૫)માં છાપભૂલ હોવાથી તે નીચે મુજબ સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી :

છાપભૂલ	સુધાર્યા મુજબ વંચાશે
4. Theory of Money and *Industrial Economics*	Theory of Money and *International Economics*
5. International Economics	*Industrial Economics.*

૩૬. અનુસ્નાતક પદવીઓની જુદી જુદી વિદ્યાશાખામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે તે પદવી માટે તેમનું રજિસ્ટ્રેશન થયા બાદ ચાર વર્ષની મુદતમાં પદવી પરીક્ષા પસાર ન કરે તો તેવા વિદ્યાર્થીઓને નવેસરથી અરજી કરી રજિસ્ટ્રેશન ફી ભરી નામ નોંધાવવા અંગે તા. ૨૪-૧૦-૧૯૬૬ની બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ અનુસાર ઘડેલ નીચેના ઑર્ડિનન્સને જે તે પદવીના અભ્યાસમાં યોગ્ય જગ્યાએ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

ડ્રાફ્ટ ઑર્ડિનન્સ નીચે મુજબ રહેશે :

"A candidate who has been registered with this University as a Post-graduate student for the Master's Degree in the subject concerned, shall appear at the Degree Examination within four years from the date of his application for registration as a Post-graduate student, provided that a candidate who has once appeared at the Master's Degree Examination, within the aforementioned stipulated time or in the event of any extension given hereunder, within the extended time limit and has failed thereat, shall, on submission of his application for admission to the Examination and payment of the necessary examination fees, be allowed to appear at that Examination at a subsequent trial, if the candidate concerned gets his name registered afresh by paying a fresh registration fee of Rs. 10/- only. Such fresh registration, if any, shall be valid for a further period of four years from the date of his application for such a fresh registration."

આથી ઠરાવવામાં આવે છે કે હાલમાં જે પ્રથા પ્રવર્તે છે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૭. યુનિવર્સિટીનાં જુદા જુદા વિષયોનાં અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસના ગાળા દરમ્યાન સબળ કારણોને લીધે અનુસ્નાતક કેન્દ્ર બદલે તેને લગતો અનુસ્નાતક નિયમ નંબર ૮ નીચે મુજબ વંચાય તે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

"The students may be permitted by the Professor-in-charge of the Post-graduate centre concerned on a sufficient reasons being shown to shift from one institution to another during the course of their study after having obtained the permission from the University in that behalf. Those students who migrate from one institution to another shall do so immediately after the commencement of a term but not later than 15th July or 5th December, as the case may be."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ સુધારેલો નિયમ નં. ૮ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પીએચ.ડી. પદવી ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે શ્રી. બુચ હસિતકાન્ત હરિરાયની અરજીની બાબતમાં શ્રી. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદીના નીચેના અભિપ્રાયને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

"As Shri Buch has not obtained a research degree the rules may not normally permit such recognition. But I recommend that an exemption may be made in his case.

I, therefore, recommend that Shri H H. Buch be recognised as a Post-graduate teacher for Ph.D. Degree in Gujarati."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બુચ હસિતકાન્ત હરિરાયને પીએચ.ડી પદવી ગુજરાતી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા જૂન ૧૯૬૮ સુધી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૯. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૨૯–૩૦ ઑકટોબર ૧૯૬૬ની સભામાં પસાર થયેલા નીચેના ઠરાવની જાણ કરતા મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૨–૧૧–૧૯૬૬ના પત્રાંક એમ.સી.આઈ. ૯(૫) ૬૬–મેડ. ૧૦૯૮૫ પર વિચારણા કરવા બાબત :

"The Executive Committee resolves that the maximum number of students that can be admitted to post-graduate diploma courses per teacher can be three subject to a maximum of six students per unit."

આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ઉપરની ભલામણ સ્વીકારવા તથા તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાના અનુસ્નાતક કેન્દ્રમાં તે અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેવો નિયમ ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલમાં તબીબી વિદ્યાશાખાના ડિપ્લોમાના અનુસ્નાતક કેન્દ્રમાં જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે તે વિદ્યાર્થીઓને સત્રો પૂરાં કરવા અને પરીક્ષામાં બેસવા પરવાનગી આપવી.

૪૦. આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદમાં એમ.કૉમ. પદવીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદમાં એમ. કૉમ. પદવીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. આર. મહેતાને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પહેલે વર્ષે રૂા. ૫,૦૦૦ અને બીજે વર્ષે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવશે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવશે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓને પાર્ટ-૧માં દાખલ કરવામાં આવશે અને વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા નહિ.

(૪) એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવાનું રહેશે.

૪૧. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં એમ.કૉમ. પદવીના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં એમ.કૉમ. પદવીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ જૂન ૧૯૬૭થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. સી. શાહને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પહેલે વર્ષે રૂા. ૫,૦૦૦/- અને બીજે વર્ષે રૂા. ૫,૦૦૦/- ની કિંમતનાં પુસ્તકો ખરીદવાં.

(૨) ઑર્ડિ. ૬૫-પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવશે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવશે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ-૧માં દાખલ કરવામાં આવે, પરંતુ પાર્ટ-૧માં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુ સંખ્યા લેવી નહિ.

(૪) એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવાનું રહેશે.

૪૨. સાથેની યાદીમાં જણાવ્યા મુજબના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેના માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમનાં નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સાથેની યાદીમાં જણાવ્યા મુજબના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટેના માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા તેમના નામ સામે જણાવેલ કૉલેજ/સંસ્થામાં બદલી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૩. એમ.એ. હોમ સાયન્સના ચાઇલ્ડ સાયકોલોજી અને હોમ મૅનેજમેન્ટ વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે શ્રીમતી લીના વાઢેરાની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી લીના વાઢેરાને એમ.એ. પદવી હોમ સાયન્સના ચાઇલ્ડ સાયકોલોજી અને હોમ મૅનેજમેન્ટના વિષયમાં જૂન ૧૯૬૮ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૪. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાંથી ડૉ. હરિભક્તિ પ્રવીણ ભગવાનદાસની ડી.વી.ડી. પદવી ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા માટે આવેલ અરજીના સંદર્ભમાં તેમનો માન્ચેસ્ટર અને લિવરપૂલ હૉસ્પિટલનો અનુભવ ધ્યાનમાં લઈને માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. હરિભક્તિ પ્રવીણ ભગવાનદાસને ડી.વી.ડી. પદવી ડર્મેટોલોજી ઍન્ડ વેનેરિયોલોજી વિષયમાં જૂન ૧૯૬૮ સુધી માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪૫. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસ માટે કરેલી ભલામણો પૈકી નીચેની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત :

"(1) For the proper training of the post-graduate students there should be a limit to the number of students admitted per year. For this purpose every unit (each post-graduate unit shall consist of Professor, Associate Professor and Assistant Professor or Reader and may admit not more than 3 students every year and it the number of teachers are less than the number of students be lessoned propositionately, i.e., 1 per teacher) should consist of at least 3 full time Post-graduate teachers and can admit not more than 3 students for Post-graduate Training per year. If the number of Post-graduate teachers in the Unit is more than three, then the number of students can be increased proportionately. For this purpose one student should be associated with one Post-graduate teacher.

Where the number of post-graduate teachers is less than 3 per unit then the number of students should be reduced so as to keep to the ratio to one student per teacher per year.

In the organisation of a Post-graduate Department, it is necessary that all the ancillary departments should be available for co-ordination of training.

Where there are part-time or honorary teachers their work in the department may be considered as half-time and so the work of two honoraries can be considered as the work done by one full-time teacher.

Minimum requirements for a post-graduate teaching centre

Every post-graduate teaching centre should fully satisfy the minimum requirements for undergraduate training as prescribed by the Medical Council of India and in addition the department where the post-graduate training is to be imparted should have the additional requirements depending on the type of work being carried out in the department."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત તબીબી વિદ્યાશાખા તરફ વિચારણા કરવા મોકલી આપવી.

૪૬. (૧) પીએચ.ડી. પદવી, તથા (૨) તબીબી વિદ્યાશાખાની પદવી અને ડિપ્લોમાના વિષયોના અભ્યાસમાં જોડાતા વિદ્યાર્થીઓ માટે તેમનું નામ યુનિવર્સિટીના દફતરે નોંધાવવા માટે અમુક સમયમર્યાદા નક્કી કરેલી હોવી જરૂરી હોવાથી કાર્યાલયના તે નક્કી કરવાના સુધારેલા નીચેના અનુસ્નાતક નિયમ નં. ૧ના પેટાવિભાગ (૧) (એ) અને (૧) (બી) પર વિચારણા કરવા બાબત:

1. (*a*) Those candidates who intend to take their examination by thesis may register themselves with the University during the period specified below, provided that no candidate shall be permitted to submit his thesis before the expiry of the period prescribed for study for that degree.

First term : Not later than 15th August.

Second term : Not later than 5th December.

1. (*b*) Those candidates who are preparing for the Post-graduate Medical Degree or Diploma Course may submit their application for registration and register their names with the University during the period specified below :

First term : Not later than 1st March of the year.

Second term : Not later than 1st September of the year.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત, બાબત નં. ૧૬થી નિમાયેલી સમિતિ સમક્ષ વિચારણા માટે મોકલી આપવી.

૪૭. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટમાં "ભારતીય સંસ્કૃતિ" ("ઇન્ડિયન કલ્ચર") વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અને તે પર સિન્ડિકેટે નીમેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટમાં એમ.એ. પદવી ભારતીય સંસ્કૃતિ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ જૂન ૧૯૬૭થી તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર આપવા અને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે ડૉ. (મિસ) પી. જે. શાહને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો પહેલે વર્ષે અને રૂા. ૩,૦૦૦ની કિંમતનાં પુસ્તકો બીજે વર્ષે ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫–પી (૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં દાખલ કરવામાં આવે.

૪૮. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં બોટની વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવા માટે આવેલી અરજી અને તે અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં એમ.એસસી. પદવી બોટની વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલી શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. એચ. એસ. મૂર્તિને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫–પી(૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે તથા તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર મજકૂર વિષયમાં દસ વિદ્યાર્થીઓને પાર્ટ ૧ માટે પ્રવેશ આપવો, પરંતુ કોઈ પણ સંજોગોમાં ૧૫થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવા નહિ.

૪૯. પારેખ ધ્રુવર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં ગુજરાતી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર માટે આવેલ અરજી અને તે પર સિન્ડિકેટે નીમેલ તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પારેખ ધ્રુવર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં એમ.એ. પદવી ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે સિન્ડિકેટે નીમેલી તપાસ-સમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલી શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. ડી. પટેલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫-પી(૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષક-ગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાઠ ૧માં દાખલ કરવાના રહેશે.

૫૦. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢમાં એમ.એસસી. (એગ્રિ.) પદવી માટે પ્લાન્ટ પેથોલોજી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણના અભાવે બંધ થયેલ તે અનુસ્નાતક કેન્દ્રમાં હવે નિયમ મુજબ જરૂરી સ્થાનિક શિક્ષકગણ થતો હોવાથી જૂન ૧૯૬૭થી તેને ફરી ચાલુ કરવા માટેની તે કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢમાં એમ.એસસી. (એગ્રિ.) પદવીનું પ્લાન્ટ પેથોલોજી વિષયનું બંધ થયેલું અનુસ્નાતક કેન્દ્ર ચાલુ કરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૧. તબીબી વિદ્યાશાખાની ડિપ્લોમા-ઇન-સાયકિયેટ્રી (ડી.પી.એમ.)ની લાયકાત ધરાવનાર શિક્ષકને તેમની તે પદવીના આધારે એમ.એ. અને/અથવા પીએચ.ડી. પદવી માટે મનોવિજ્ઞાનના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી શકાય કે કેમ તે તથા તે પદવીઓ ડિપ્લોમાના આધારે એમ.ડી. પદવી તથા ડિપ્લોમાના કયા વિષય/વિષયોમાં માન્યતા આપી શકાય તે પર વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયકોલોજી, અમદાવાદ, તરફથી ડૉ. મિશ્રા તથા ડૉ. રામાનુજમની માન્યતા મેળવવા માટેની અરજીઓ મગાવીને જો તેઓ એમ.એ. પદવી ક્લિનિકલ સાયકોલોજી વિષયમાં માન્યતા મેળવવાને પાત્ર હોય તો તેમને મદદનીશ આપવા યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૨. યુનિવર્સિટી અનુસ્નાતક પદવીના અભ્યાસમાં જોડાતા વિદ્યાર્થીઓએ તેમની સત્ર-ફી અનુસ્નાતક કેન્દ્રમાં ભરી છે કે કેમ તથા તે ભરી હોય તો કયારે, તે માહિતીની જરૂર યુનિવર્સિટીને વારંવાર પડતી

હોવાથી તે અંગે અનુસ્નાતક નિયમ નં. ૧ના પેટાવિભાગ ૩ને નીચે મુજબ સુધારવા કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"1. (*iii*) Apply to the University to the prescribed form for Registration as Post-graduate students of the University. The institution which the students join shall collect the Registration fee and the tuition fees at the time of admission and shall forward the Registration fee of Rs. 10/- and the counterfoil of the receipt of the tuition fees for the first term together with the registration form to the University within one month from the commencement of the term i.e. on or before the 15th of July every year while the case of registration for the Post-graduate Medical degrees and diplomas the last date for forwarding the registration application form, registration fees and a counterfoil of the tuition fee receipt will be as mentioned in Post-graduate Rule No. 1 (*b*)."

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫૩. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના તા. ૧૭-૧-૧૯૬૭ના પત્રાંક એસ.સી.આઈ. ૯-૫-૧૯૬૬/મેડ.-૧૪૦૦૫માં જે ભલામણો છે તે પરથી તબીબી વિદ્યાશાખાના ક્લિનિકલ વિષયો જનરલ મેડિસિન એન્ડ જનરલ સર્જરીના વિષયોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે કૉલેજ/સંસ્થાએ કેવી રીતે અનુસરવું તથા મજકૂર ભલામણોનો રજિસ્ટ્રેશન ફૉર્મમાં તે મુજબનો ઉમેરો કરવા તથા ભલામણો તબીબી કૉલેજ / સંસ્થાઓને પરિપત્રિત કરવા અંગેની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૫૪. તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ માટે જરૂરી સાધન-સગવડો અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ સાથે જણાવેલાં ભલામણો કરી છે. આપણી યુનિવર્સિટીમાં તબીબી વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષણ અંગે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા બાબતમાં જ સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવે છે તે સમિતિને સદરહુ ભલામણોના અનુસંધાનમાં સૂચનાઓ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

૫૫. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના લેક્ચરર, શ્રી. રાણા ઠાકોરલાલ જેકીશનદાસને એમ.કૉમ. પદવીના કૉસ્ટિંગ અને મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી વિષયોમાં એ.આઈ.સી.ડબ્લ્યુ.એ. ડિપ્લોમાના આધારે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. રાણાની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો નીચે મુજબ છે :

શૈક્ષણિક લાયકાત

(૧) બી.કૉમ. પદવી એડવાન્સ્ડ એકાઉન્ટન્સી વિષય બીજો વર્ગ

(૨) એમ.કૉમ. પદવી (ઑપ્શનલ ગ્રુપ વિષય) બીજો વર્ગ 'બી' અને 'ડી' :

(૩) એ.આઈ.સી.ડબ્લ્યુ.એ., કલકત્તા,

શૈક્ષણિક અનુભવ
તા. ૨૧-૬-૧૯૬૫થી લેક્ચરર તરીકે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રાણા ઠાકોરલાલ જેકીશનદાસને એમ.કોમ. પદવીના કોસ્ટિંગ અને મેનેજમેન્ટ એકાઉન્ટન્સીના વિષયોમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ન આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૬. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.કોમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પોતાની નિમણૂક કરવા માટે તે કૉલેજના આચાર્ય સી. એન. હકાણીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટમાં સ્થાપવામાં આવેલ એમ.કોમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તે જ કૉલેજના આચાર્ય સી. એન. હકાણીને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૭. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ચાલતા ભૂગોળના તદર્થ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની બચત રૂા. ૧,૭૭૧-૧૦ પૈસાની રકમનાં પુસ્તકો ખરીદવાની આચાર્યની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ચાલતા ભૂગોળના તદર્થ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૫-૬૬ની બચત રૂા. ૧,૭૭૧-૧૦ પૈસામાંથી રૂા. ૧,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૮. તબીબી વિદ્યાશાખામાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે ઑર્ડિ. ૬૫-કે પછી નીચે દર્શાવેલ જે નોંધ છે તે રદ કરવા માટે ડૉ. પી. એલ. શાહ તરફથી આવેલ તેમના તા. ૪-૪-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

"*Note.*— For granting recognition for teaching of the subjects comprised under the Faculty of Medicine, teaching experience either as Tutor or Demonstrator, as the case may be, shall be counted towards teaching experience required under the above ordinance."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે પછી ઉપર જણાવેલ જે નોંધ ઉમેરવામાં આવી છે તે રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૯. ગુજરાતમાં નવી બે યુનિવર્સિટીઓ સ્થપાઈ છે તેના સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ માટે નક્કી કરેલા "ઝોન્સ"ની પુનઃરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતમાં બે નવી યુનિવર્સિટીઓ શરૂ થતી હોવાથી ઑર્ડિ. ૬૫-ઓ નીચે મુજબ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 65-O :

Under heading 'II. Instituting Zones and Centres', given on page 13 of the Pamphlet "The Scheme of Co-ordination of Post-

graduate Instructions" the Ordinance will read as under :

For the purpose of organising and co-ordinating Post-graduate instruction, teaching, training and research in the University, there shall be the following four Zones :

1. Ahmedabad Zone : It will comprise of Colleges / Institutions in Ahmedabad District.
2. North Zone : It will comprise of Colleges / Institutions in Sabarkantha, Mehsana and Banaskantha Districts.
3. South Zone : It will comprise of Colleges / Institutions in Kaira, Panchmahals and Baroda Districts.
4. Kutch Zone : It will comprise of Colleges / Institutions in Kutch District.

(*Note.*—In the zone all post-graduate instructions, teaching and research will be conducted at such centres and in one or more such subjects as may be specified when granting the recognition.)

૬૦. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ગુજરાતી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી તથા તે પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં એમ.એ. પદવી ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ જૂન ૧૯૬૭થી તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપવી અને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. એમ. નાયકને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પહેલે વર્ષે રૂા. ૫,૦૦૦ અને બીજે વર્ષે રૂા. ૩,૦૦૦ની કિંમતનાં પુસ્તકો કૉલેજે ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫–પી (૪) (૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી ચોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં દાખલ કરવાના રહેશે.

૬૨. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં અંગ્રેજી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી તથા તે પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં એમ.એ. પદવી અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ સ્વીકારવો અને નીચે જણાવેલી શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા તથા તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. સી. ત્રિવેદીની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પહેલે વર્ષે રૂા. ૫,૦૦૦ અને બીજે વર્ષે રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો કૉલેજે ખરીદવાનાં રહેશે.

(૨) ઑર્ડિ. ૬૫-પી(૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્ર માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ.-૬૫-એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં દાખલ કરવામાં આવે.

૬૩. તબીબી વિદ્યાશાખામાં ડર્મેટોલોજી વિષયમાં અનુસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમ યુનિવર્સિટીમાં શરૂ કરવા માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખામાં એમ.ડી. પદવી અનુસ્નાતક કક્ષાએ ડર્મેટોલોજી વિષયમાં અભ્યાસક્રમ યુનિવર્સિટીમાં શરૂ કરવા માટે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવાની બાબત તબીબી વિદ્યાશાખાને વિચારણા માટે મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં ડી.પેડ. — પેડિયાટ્રિક્સ વિષય માટે શિક્ષણને વાસ્તે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરમાં ડી.પેડ.—પેડિયાટ્રિક્સ વિષયના શિક્ષણને વાસ્તે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૫. એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ, જામનગરમાં એમ.કૉમ. પદવીના વિષય માટે શિક્ષણને વાસ્તે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા બાબત નં. ૭૦થી કરવામાં આવનાર હોવાથી વિચારણા કરવી નહિ.

૬૬. પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં એમ.એસસી. પદવી બોટેની વિષય માટે શિક્ષણને વાસ્તે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતમાં એમ.એસસી. પદવી બોટાની વિષયના શિક્ષણને માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે પદવી અને વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. પદવી પેડિયાટ્રિક્સ વિષય માટે શિક્ષણને વાસ્તે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. પદવી પેડિયાટ્રિક્સ વિષય માટે શિક્ષણને માટે સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી તે પદવી અને વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૮. ડૉ. છોટુભાઈ ૨. નાયકને ઇન્ડિયન કલ્ચર વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા માટે શેઠ ભોળાભાઈ જેસીંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવનના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. છોટુભાઈ ૨. નાયકને અગાઉ આપવામાં આવેલી એમ.એ. પદવી આર્કિયોલોજી (ફારસી માત્ર) વિષયની માન્યતા રદ કરી તેમને એમ.એ. પદવી ઍન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચરના પ્રારંભિક પીરિયડને લગતા પેપરમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬૯. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, જૂનાગઢમાં એમ.એસસી. (એગ્રિ.) પદવીના એન્ટોમોલોજી વિષય માટે શિક્ષણને વાસ્તે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે બે સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવા તથા તે સમિતિનો રિપોર્ટ આવ્યેથી માગેલ વિષય અને પદવીના અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૦. શ્રી. એમ. પી. શાહ મ્યુ. કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, જામનગરમાં એમ.કૉમ. પદવીના વિષયોના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી તથા તે પર સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ, જામનગરમાં એમ.કૉમ. પદવીના વિષયના શિક્ષણને માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિનો રિપોર્ટ સ્વીકારવો અને નીચે જણાવેલ શરતોએ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૭થી સ્થાપવાની પરવાનગી આપવા અને તે કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. જે. દેસાઈને નીમવા

સિન્ડિકેટને ભલામણ કરવી :

શરતો

(૧) મજકૂર વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રતિવર્ષ રૂા. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ૨ વર્ષ સુધી ખરીદવાં.

(૨) ઑર્ડિ. ૬૫–પી (૪)(૨) અનુસાર અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી એવો સ્થાનિક શિક્ષકગણ રાખવામાં આવે અને તેમાં ફેરફાર થયેથી તેની જાણ યુનિવર્સિટીને કરી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

(૩) ઑર્ડિ. ૬૫–એસ અનુસાર ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓ પાર્ટ ૧માં દાખલ કરવામાં આવે.

૭૧. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એમ.ઈ. પદવી (મિકે. અને ઇલે.)ના અનુસ્નાતક કેન્દ્રને આર્થિક લેવડદેવડના નિયમોમાંથી મુક્તિ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાનાં એમ.ઈ. પદવીનાં અનુસ્નાતક કેન્દ્રો પણ બીજાં અનુસ્નાતક કેન્દ્રોની માફક યુનિવર્સિટી સ્થાપિત અને સંચાલિત હોવાથી એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં સ્થાપવામાં આવેલા એમ.ઈ. પદવી એન્જિનિયરિંગના પ્રોફેસર-ઇન-ચાર્જે યુનિવર્સિટીના નિયમો અનુસાર વર્તવું રહે છે અને તે મુજબ આ કૉલેજે પણ અનુસ્નાતક નિયમ ૩૯ મુજબ હિસાબો મોકલવા આવશ્યક બને છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ તરફથી જ્યારથી ઇજનેરી વિદ્યાશાખાનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં ત્યારથી અનુસ્નાતક કેન્દ્રના આવકજાવકના હિસાબ મગાવવા અને તે આવ્યેથી આગળ યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ક"

નીચે દર્શાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે દર્શાવેલ પદવી અને વિષયમાં ઉપકુલપતિશ્રીએ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી છે તેની યાદી

આંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. જે. પી. અમીન, એમ.એ., પીએચ.ડી.	એમ.એ.	ભારતીય સંસ્કૃતિ	શ્રી. આર. પી. આર્ટ્સ એન્ડ કે. પી. કૉમર્સ કૉલેજ, ખંભાત
૨.	શ્રી. એમ. જી. મચ્છર, એમ.એ.	,,	અંગ્રેજી	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૩.	શ્રી. જે. પી. ગુરુજુ, એમ.એ.	,,	,,	ભવન્સ કૉલેજ, ડાકોર
૪.	શ્રી. શુકલ ઇન્દુકાન્તા, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૫.	શ્રી. એ. ડી. ઝાલા, એમ.એ.	,,	,,	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૬.	શ્રી. એન. જે. ત્રિવેદી, એમ.એ.	,,	,,	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
૭.	શ્રી. એ. એન. ભટ્ટ, એમ.એ.	,,	,,	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ
૮.	શ્રી. કે. એન. આયર, એમ.એ.	,,	,,	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા
૯.	શ્રી. એચ. પી. પટેલ, એમ.એ.	,,	ગુજરાતી	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૧૦.	શ્રી. જે. સી. પાઠક, એમ.એ.	,,	,,	કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી
૧૧.	શ્રી. એચ. એમ. દોશી, એમ.એ., પીએચ.ડી.	,,	,,	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ
૧૨.	શ્રી. બી. આર. પટેલ, એમ.એ., પીએચ.ડી.	,,	,,	મ્યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૩.	શ્રી. આર. એમ. શુક્લ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર
૧૪.	શ્રી. વી. પી. જાની, એમ.એ., પીએચ.ડી.	,,	સંસ્કૃત	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ
૧૫.	શ્રી. મુગ્ધા વી. શુક્લ, એમ.એ.	,,	,,	એમ. વી. મહિલા કૉલેજ, રાજકોટ
૧૬.	શ્રી. એસ. જે. દવે, એમ.એ.	,,	,,	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૭.	શ્રી. આર. આર. શાહ, એમ.એ.	,,	,,	પી. બી. સાયન્સ ઍન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ
૧૮.	શ્રી. એચ. સી. નાયક, એમ.એ.	,,	હિન્દી	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૯.	શ્રીમતી સુધા જે. ફડકે, એમ.એ.	,,	,,	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી
૨૦.	શ્રી. ડી. એસ. જોશી, એમ.એ.	,,	,,	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ
૨૧.	શ્રી. એચ. જી. શુક્લ, એમ.એ.	,,	,,	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૨૨.	શ્રી. જે. જે. જોશી, એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા
૨૩.	શ્રી. એસ. એ. શેખ, એમ.એ.	,,	પર્શિયન	એમ. એન. કૉલેજ, વીસનગર
૨૪.	શ્રી. ચંદ્ર કે. રિષભ, એમ.એ., પીએચ.ડી.	,,	અર્ધમાગધી	એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ
૨૫.	શ્રી. આર. ડી. ઝાલાણી, એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	ડી. કે. વી. કૉલેજ, જામનગર
૨૬.	શ્રી. આર. બી. દેસાઈ, એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	એસ. બી. ગાર્ડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નવસારી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૨૭.	શ્રી. કે. વાય. બક્ષી, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૨૮.	શ્રી. ડી. એચ. દેસાઈ, એમ.એ.	,,	માનસશાસ્ત્ર	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૨૯.	શ્રી. એસ. જે. મણિયાર, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર
૩૦.	શ્રી. આઈ. યુ. દવે, એમ.એ.	એમ.એ.	ભૂગોળ	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૩૧.	શ્રી. વી. એન. ઉપાધ્યાય, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકસ	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૩૨.	શ્રી. એસ. એચ. ધ્રુવ, એમ.એસસી.	,,	ફિઝિકસ	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ
૩૩.	શ્રી. આર. એસ. દવે, એમ.એસસી.	,,	ફિઝિકસ	સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર
૩૪.	શ્રી. સી. બી. ગેમાવત, એમ.એસસી.	,,	ફિઝિકસ	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૩૫.	શ્રી. જે. એમ. પટેલ, એમ.એસસી.	,,	ફિઝિકસ	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
	શ્રી. ઇ. એમ. બલસારા, એમ.એસસી.	,,	,,	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ
૩૭.	શ્રી. એમ. પી. ભટ્ટ, એમ.એસસી.	,,	,,	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૩૮.	શ્રી. મીનોચેર હોરમજી હોરમીમીનોચેર, એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૩૯.	શ્રી. એચ. બી. નાયક, એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૪૦.	શ્રી. એમ. એન. દેસાઈ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ
૪૧.	શ્રી. બી. જી. નાયક, એમ.એસસી., પીએચ.ડી.	,,	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી એન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી	શ્રી. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ
૪૨.	શ્રી. કે. બી. પરમાર, એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૪૩.	શ્રી. કે. પી. સોની, એમ.એસસી., પીએચ.ડી.,	,,	ફિઝિકલ એન્ડ ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૪૪.	શ્રી. એમ. બી. રાને, એમ.એસસી.	,,	બોટની	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૪૫.	શ્રી. પી. જી. મોરે, એમ.એસસી.	,,	,,	શ્રી. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ
૪૬.	શ્રી. એમ. એમ. શુક્લ, એમ.એસસી.	,,	,,	એમ. એસ. એમ. સાયન્સ કૉલેજ, મોરબી
૪૭.	શ્રી. પી. એમ. જાની, એમ.એસસી.	,,	,,	નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર
૪૮.	શ્રી. જી. એમ. પટેલ, એમ.એસસી.	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૪૯.	શ્રી. આઈ. એમ. વોરા એમ.એસસી.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી
૫૦.	શ્રી. એલ. કે. પટેલ, એમ.એસસી.	,,	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૫૧.	શ્રી. બી. એ. પટેલ, એમ.એ., એલએલ.બી.	,,	,,	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૫૨.	શ્રી. જી. ટી. શાહ, એમ.એ.	એમ.એ.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૫૩.	શ્રી. એચ. આર. દવે	એમ.એસસી. (એગ્રિ.)	બોટની	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૫૪.	શ્રી. જી. એન. દેસાઈ, બી.ઈ., એમ.એસ. ઇલિનોઇસ (યુ.એસ.એ.)	એમ.ઈ. (સિવિલ)	સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ એન્ડ સૉઇલ સાયન્સ	એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરત
૫૫.	શ્રી. એમ. એમ. શાહ, બી.એ., એલએલ.બી.	એલએલ.એમ.	બ્રાન્ચ ૪	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૫૬.	શ્રી. આર. વી. ધોળકિયા, એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકૉનોમિક્સ પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. મૉડર્ન ફાઇનાન્સ, પેપર ૧ અને ૨	એમ. પી. શાહ મ્યુનિ. કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, જામનગર
૫૭.	શ્રી. એચ. કે. બુખારી, એમ.કૉમ.	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. બિઝનેસ મૅનેજમેન્ટ ૪. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર	એસ. જે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિહોર
૫૮.	શ્રી. જે. આર. શાહ, એમ.એ.	,,	૧. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૨. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર ૩. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૫૯.	શ્રી. વી. એસ. ભટ્ટ, એમ.કૉમ., ડી.એલ.ડબ્લ્યુ.	,,	૧. ઇકૉનોમિક્સ પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૪. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૬૦.	શ્રી. આનંદ જશપાલસીંગ, બી.એસસી., એમ.બી.બી.એસ., ડી.સી.એચ.,એમ.ડી.		ડી.પેડ. પેડિયાટ્રિક્સ	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
	(નોંધ.—ડી.સી.એચ. પદવી ચાઈલ્ડ હાઈજીન માટેની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તેમની માન્યતા રદ કરી.)			
૬૧.	શ્રી. એસ. સી. પાઠક	એમ.કૉમ.ના નવા વિષયો	૧. બિઝનેસ મૅનેજમેન્ટ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૪. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર
	(નોંધ.—જૂના વિષયો : ૧. ઑર્ગેનિઝેશન ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ૨. કૉ-ઑપ. ફાઇનાન્સ ૩. ઑર્ગેનિઝેશન ઑફ ઇન્ડસ્ટ્રી ૪. લેબર ઍડમિનિસ્ટ્રેશન — આ વિષયોની માન્યતા રદ કરી)			
૬૨.	શ્રી. આર. ડી. ભીંડે	એમ.એ.	ઇતિહાસ–અર્થ-શાસ્ત્ર જૂથ "એ" અને "સી"	સામળદાસ આર્ટ્સ કૉલેજ ભાવનગર
	(નોંધ.—તેમની (૧) ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ, (૨) ઇકોનોમિક પોલિસી ઍન્ડ પ્લાનિંગ, અને (૩) મોર્ડન ફાઇનાન્સ, પેપર ૧ અને ૨ની માન્યતા રદ કરી.)			
૬૩.	શ્રી. જે. જે. દેસાઈ, એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકોનોમિક પોલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. મોર્ડન ફાઇનાન્સ	એમ. પી. એસ. એમ. કૉલેજ, ઑફ કૉમર્સ ઍન્ડ લૉ., જામનગર
૬૪.	શ્રી. પી. એ. ત્રિવેદી એમ.કૉમ.,એલએલ.બી.,	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. બિઝનેસ મૅનેજમેન્ટ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૬૫.	શ્રી. વી. ગોપાલન કુટ્ટી, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, મોરબી
૬૬.	કુ. એ. એફ. દાવર, એમ.એ.	,,	,,	બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬૭.	શ્રી. વી. કે. જાની, એમ.એ.	,,	હિન્દી	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬૮.	શ્રીમતી એસ ડી. પટેલ, એમ.એ.	,,	,,	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૬૯.	શ્રી. એસ. સી. રાવળ, એમ.એ.	,,	,,	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૭૦.	શ્રી. એ. એન. કુરેશી, એમ.એ.	,,	પરિશિષ્ટ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૭૧.	શ્રી. એસ. વી. જાની, એમ.એ.	,,	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	એમ. વી. મહિલા કૉલેજ, રાજકોટ
૭૨.	શ્રી. જી. જે. પંડ્યા, એમ.એ.	,,	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	એમ. આર. કૉલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, રાજપીપળા
૭૩.	શ્રી. જી. એલ. ભાવસાર, એમ.એ.	,,	અર્થશાસ્ત્ર જૂથ "સી"	આર. પી. આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
૭૪.	શ્રી. એમ. જે. પંડિત, એમ.એ.	,,	,,	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર
૭૫.	શ્રી. એમ. એમ. પટેલ, એમ.એ.	,,	મનોવિજ્ઞાન	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૭૬.	શ્રી. પી. સી. પરીખ, એમ.એ., પીએચ.ડી.	,,	ભારતીય સંસ્કૃતિ	માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ
૭૭.	શ્રી. એ. બી. વ્યાસ, એમ.એસસી.	એમ.એસસી.	ઝૂલોજી	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૭૮.	શ્રી. આર. એલ. ગુપ્તા, એમ.એસસી.	,,	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૭૯.	શ્રી. પી. યુ. કેસકર, એમ.એસસી.	એમ.ઈ. (મિકે.)	ગણિતશાસ્ત્ર	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
૮૦.	શ્રી. કે. ડી. શાહ, બી.એ., એલએલ.બી.	એલએલ.એમ.	ફ્રાન્ચ ૧	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૮૧.	શ્રી. જી. સી. પટેલ, એલએલ.એમ.	એલએલ.એમ.	બ્રાન્ચ ૧	ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ.
૮૨.	શ્રી. વી. એચ. પંડ્યા, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. ઇકો. પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૪. કૉર્પોરેશન ફાઇનાન્સ	એમ. પી. એસ. એમ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ જામનગર
૮૩.	શ્રી. જે. જી. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	સાયન્સ કૉલેજ, બોરસદ
૮૪.	શ્રી. એન. સી. શાહ	એમ.એ.	ગુજરાતી	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૮૫.	શ્રી. કે. ડી. પટેલ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	યુ. પી. આર્ટ્સ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
૮૬.	શ્રી. ડી. એચ. સુતરિયા એમ.એ.,પીએચ.ડી.	,,	ઇતિહાસ, રાજનીતિ-શાસ્ત્ર જૂથ "એ" અને "જી"	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૮૭.	શ્રી. એસ. એમ. અંબાણી, એમ.એ.	,,	સાયકૉલોજી	એન. એચ. કૉમર્સ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ
૮૮.	શ્રી. એસ. જી. દવે, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૮૯.	શ્રી. યુ. એચ. વ્યાસ, એમ.એસસી.	,,	ઝૂલોજી	,,
૯૦.	શ્રી. ડી. આર. શીરહટ્ટી, એમ.બી.,બી.એસ., ડી.એ.	ડી.એ.,એમ.ડી. (બ્રા. ૭)	એનેસ્થેસિયા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯૧.	ડૉ. બી. પી. દ્વિવેદી, ડી.એ.	,,	,,	મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૯૨.	શ્રી. એસ. આર. મહેતા, એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકોનોમિક પૉલિસી એન્ડ પ્લાનિંગ	આર્ચ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
			૨. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૩. બૅન્કિંગ	
૯૩.	શ્રી. જે. એમ. શાહ બી.કૉમ., સી.એ.	,,	કૉસ્ટ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિ. એકાઉન્ટિંગ	એમ. બી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ
૯૪.	શ્રી. બી. પી. ત્રિપાઠી એમ.કૉમ., એલએલ.બી.	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૯૫.	શ્રી. આઈ. કે. દવે	પીએચ.ડી.	ગુજરાતી	શ્રી. જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૯૬.	શ્રી. જી. પી. ભટ્ટ	,,	એજ્યુકેશન	ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા
૯૭.	શ્રી. આર. જે. જોશી	,,	ગુજરાતી	ભાષા-સાહિત્ય-ભવન, ગુજરાત યુનિ., અમદાવાદ
૯૮.	શ્રી. કે. ડી. ઓઝા	એમ.ઈ.	મિકેનિકલ	એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયારિંગ ઍન્ડ ટેકનોલોજી, સુરત
૯૯.	શ્રી. એ. પી. ભાયાણી	એમ.એ.	હિંદી	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૧૦૦.	શ્રી. આર. ડી. શુકલ	,,	સંસ્કૃત	પાટણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૦૧.	શ્રી. એમ. એમ. દેસાઈ	,,	ફિલોસોફી	એમ. બી. મહિલા કૉલેજ, રાજકોટ
૧૦૨.	શ્રી. બી. એમ. જોશી	,,	હિંદી	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૧૭
૧૦૩.	શ્રી. ટી. એમ. વકીલ	એમ.કૉમ.	૧. સ્ટેટિસ્ટિકલ ક્વૉલિટી કંટ્રોલ ૨. ઇકૉનોમિક સ્ટેટિસ્ટિક્સ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૧૦૪.	શ્રી. ડી. ડી. ત્રિવેદી	,,	૧. કૉર્પોરેશન ફિનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. બૉર્ડર્ન બિઝનેસ-૧	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૦૫.	શ્રી. એમ. પી. પંડ્યા	એમ.કૉમ.	૧. ઇકો. પૉલિસી એન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગેનાઇઝેશન મૅનેજમેન્ટ ૩. મૉડર્ન ફાઇનાન્સ, પેપર-૧ ૪. મૉડર્ન ફાઇનાન્સ, પેપર-૨	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૦૬.	શ્રી. એન. વી. દવે	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૧૦૭.	શ્રી. એસ. ટી. જોષી	એમ.એ.	સોશિયોલોજી	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૧૦૮.	શ્રી. કે. ડી. પંડ્યા, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત
૧૦૯.	શ્રી. આઈ. એમ. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૧૧૦.	શ્રી. એ. બી પટેલ, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૧૧.	શ્રી. એમ. એન. પટેલ, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી. એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા
૧૧૨.	શ્રી. બી. સી. ખુબાવાળા, એમ.એસસી.	,,	,,	,,
૧૧૩.	શ્રી. જે. એન. પટેલ, એમ.ડી.	એમ.ડી., બ્રાન્ચ ૧	જનરલ મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૧૪.	ડૉ. એ. એન. ભટ્ટ, ડી.પી.એચ., ડી.ટી.એમ. એન્ડ એચ.	એમ.ડી., બ્રાન્ચ ૭ પી.એસ.એમ.	પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન	,,
૧૧૫.	ડૉ. એમ. એલ. રાવલ, ડી.પી.એચ., ડી.આઈ.એચ.	એમ.ડી., બ્રાન્ચ ૭	,,	,,
૧૧૬.	શ્રી. પી. સી. શર્મા, એમ.એ., પીએચ.ડી.	પીએચ.ડી.	હિંદી	એમ. એન. કૉલેજ, વીસનગર

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૧૭.	શ્રી. એ. એમ. દેસાઈ, એમ.એ.,પીએચ.ડી.	પીએચ.ડી.	હિંદી	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત
૧૧૮.	શ્રી. એસ. એસ. મજીઠિયા	,,	,,	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ
૧૧૯.	શ્રી. આર. જી. સારંગપાણિ	એમ.એસસી.	બોટેની	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત
૧૨૦.	ડૉ. દેવાણી એમ. બી., એમ.ફાર્મ.,ડી.એસસી.	એમ.ફાર્મ.	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૧૨૧.	શ્રી. જે. ડી. મોઢ	એમ.એ.	ગુજરાતી	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૧૨૨.	શ્રી. રામબહાદુર કુલશ્રેષ્ઠ	એમ.એ.	અંગ્રેજી	એમ. એન. કૉલેજ, વીસનગર
૧૨૩.	શ્રી. એસ. આર. દવે	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા
૧૨૪.	શ્રી. એન. ડી. છાયા. એમ.એસસી., એમ.એસ. (યુ.એસ.એ.)	એમ.એસસી.	ઝૂલોજી	બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી
૧૨૫.	શ્રી. એન. જે. પટેલ, એમ.એસસી.	એમ.એ., એમ.એસસી., એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	એમ. એચ. સાયન્સ કૉલેજ, મોરબી
૧૨૬.	શ્રી. એમ. એચ. પટેલ, એમ.એ.	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ. એન. કૉલેજ, વીસનગર

પરિશિષ્ટ "ખ"

નીચે દર્શાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવી નથી તેની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. જે. એન. પરમાર, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	ભવન્સ કૉલેજ, ડાકોર
૨.	ડૉ. વી. એમ. સંઘવી, એમ.બી.,બી.એસ., ડી.એ.	ડી.એ.	એનેસ્થેસિયા	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૩.	શ્રી. આર. એલ. ગુપ્તા	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૪.	શ્રી. કે. જે. પટેલ, એમ.એસસી.	,,	,,	એચ. ઍન્ડ એચ. બી. કૉટક ઇન્સ્ટિ. ઑફ સાયન્સ, રાજકોટ
૫.	શ્રી. આર. ડી. શુકલ, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૬.	શ્રી. એમ. એમ. પટેલ, એમ.એ.	એમ.એ.	મનોવિજ્ઞાન	,, ,,
૭.	શ્રી. આર. એ. ત્રિવેદી, એમ.એ.	એમ.કૉમ.	ઇકૉ. પોલિ. ઍન્ડ પ્લાનિંગ ઇન્ડ. એગ્રિકલ્ચર	નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૮.	શ્રી. વી. એચ. પંડ્યા, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૯.	શ્રી. આર. એચ. વ્યાસ, એમ.કૉમ., એલએલ.બી.	એમ.કૉમ.	ઑર્ગે. માર્કેટ્સ કૉર્પો. ફાઇનાન્સ, કૉસ્ટ એકા., પેપર ૨; કૉસ્ટ એકા., પેપર ૪	આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
૧૦.	શ્રી. કે. ડી. પટેલ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	યુ. પી. આર્ટ્સ ઍન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૧.	શ્રી. જી. જે. પંડ્યા	એમ.એ.	ઇતિહાસ–અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	શ્રી. એમ. આર. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, રાજપીપળા
૧૨.	શ્રી. વી. બી. ગોહિલ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૩.	શ્રીમતી ઉમા દેવેન્દ્ર પટેલ, એમ.એસસી.	એમ.એ. (હોમસાયન્સ)	ફૂડ ઍન્ડ ન્યુટ્રિશન	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૧૪.	શ્રી. ડી. એમ. માસ્તર, પીએચ.ડી.	પીએચ.ડી.	ગુજરાતી	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટ., નડિયાદ
૧૫.	શ્રી. સત્યપ્રકાશ	પીએચ.ડી.	ફિઝિક્સ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
૧૬.	શ્રી. વી. એસ. મોદી, એમ.એસસી.	એમ.એસસી.	ઇનઑર્ગે. કેમિસ્ટ્રી	પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧૭.	શ્રી. એલ. જી. ઠાકર	એમ.એસસી. (એગ્રિ.)	એગ્રિકલ્ચરલ એન્જિનિયરિંગ	એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૧૮.	શ્રી. એમ. આર. પટેલ	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ
૧૯.	શ્રી. પી. એસ. પટેલ	,,	ગણિતશાસ્ત્ર જૂથ "બી"	,, ,,

પરિશિષ્ટ "ગ"

માન્ય થયેલ મહદનીશ શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. ઓમપ્રકાશ જોનેજા, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા
૨.	શ્રી. એફ. એન. સૈયદ, એમ.એ.	,,	,,	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
૩.	શ્રી. ડી. જી. ધકાણુ, એમ.એ.	,,	ગુજરાતી	કે. એચ. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર
૪.	શ્રી. એન. જે. શુક્લ, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
૫.	શ્રી. જે. આર. વૈદ્ય, એમ.એ.	,,	,,	વિનયન અને વાણિજ્ય વિદ્યાનિકેતન, રાજકોટ
૬.	શ્રી. એ. વાય. ત્રિપાઠી, એમ.એ., પીએચ.ડી.	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ
૭.	શ્રી. એસ. આર. મિસ્ત્રી, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૮.	શ્રી. આર. એમ. દેસાઈ, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૯.	શ્રી. કે. સી. દેસાઈ, એમ.એ.	એમ.એ.	ઇતિહાસ જૂથ "એ"	આર્ટ્સ કૉલેજ, સંખેડા
૧૦.	શ્રી. જે. બી. પટેલ, એમ.એ.	,,	,,	વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત
૧૧.	શ્રી. એસ. આર. રાવળ, એમ.એ.	,,	ફિલોસોફી	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર
૧૨.	શ્રી. એચ. એ. ઉરેઝી, એમ.એ.	,,	પર્શિયન	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૧૩.	શ્રીમતી તારામતી એ. શાહ, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	શ્રી. પી. ડી. એમ. એજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ
૧૪.	શ્રી. એન. વી. પંડ્યા, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૧૫.	શ્રી. વી. બી. ગોહેલ, એમ.એસસી.	,,	,,	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૧૬.	શ્રી. બી. એમ. દેસાઈ, એમ.એસસી.	,,	,,	જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
૧૭.	શ્રી. વી. બી. ભટ્ટ, એમ.એસસી.,	,,	,,	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૧૮.	શ્રી. ડી. કે. મજમુદાર, એમ.એસસી.,	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૧૯.	શ્રી. બી. એમ. શાહ, એમ.એસસી.	,,	,,	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૨૦.	શ્રી, આઈ. જી. વરી, એમ.એસસી., પીએચ.ડી.	,,	,,	વિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨૧.	શ્રી. એચ. એમ. દેસાઈ, એમ.એસસી., પીએચ.ડી.	,,	,,	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૨૨.	શ્રી. એન. વી. દવે, એમ.એ.	એમ. એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૨૩.	શ્રી. એન. એલ. નાયક, એમ.એસસી.	એમ.એસસી.	ઝૂલોજી	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૨૪.	શ્રી. વી. જી. શાહ, એફ.આર.સી.એસ.	એમ.એસસી., પ્રા. ૧	જનરલ સરજરી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૨૫.	ડૉ. એમ. એસ. મોદી, એમ.એસ.	,,	,,	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૨૬.	ડૉ. એ. સી. શાહ, એમ.એસ.	,,	,,	,, ,,
૨૭.	ડૉ. એચ. જે. દેસાઈ, એમ.ડી.	એમ.ડી., પ્રા. ૧	જનરલ મેડિસિન	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૨૮.	શ્રીમતી માલતી શરદમુલ્તાની, એમ.ડી.	એમ.ડી.	ઑબ્સ્ટે. એન્ડ ગાયનેકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૯.	ડૉ. (મિસ.) ચંદ્રિકા મદનમોહન, ડી.એ., એમ.ડી.	એમ.ડી.	એનેસ્થેસિયા	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૩૦.	મિસિસ મીના બિપિન શાહ, એમ.બી.,બી.એસ., ડી.એ., એમ.ડી.	એમ.ડી.	,,	,, ,,
૩૧.	ડૉ. કેલકર વી. વી., એમ.બી.,બી.એસ., એમ.ડી.	એમ.ડી., પ્રા. ૧	ફાર્માકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૩૨.	ડૉ. બી. એફ. ઉદવાડિયા, એમ.બી., બી.એસ., એમ.ડી.	એમ.ડી., પ્રા. ૪ એમ.એસસી.	,,	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત
૩૩.	શ્રી. કે. સી. દવે, એમ.ડી.	,,	,,	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૩૪.	શ્રી. સી. જે. શિશુ, બી.ફાર્મ., એમ.એસ.	એમ.ફાર્મ.	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૩૫.	શ્રી. એન. પી. શાહ, એમ.ડી.	એમ.ડી.એસ.	ઑર્થોડોન્ટિયા	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હોસ્પિટલ, અમદાવાદ
૩૬.	શ્રી. પી. એમ. પૂજારા, એમ.એસ.	,,	,,	,, ,,

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૩૭.	શ્રી. એ. ડી. કાનુગા, એમ.ડી.	એમ.ડી.એસ.	પેડોડોન્શિયા ફાર્મોકોલોજી	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલ, અમદાવાદ
૩૮.	શ્રી. એન. જે. મની, એમ.ડી.એસ.	,,	ઓરલ ડાયાગ્નોસિસ એન્ડ ડેન્ટલ રેડિયોલોજી	,,
૩૯.	શ્રી. બી. એસ. શાહ, એમ.ડી.	,,	જનરલ પેથોલોજી એન્ડ જનરલ બેક્ટેરિયોલોજી	,,
૪૦.	ડૉ. એસ. બી. લુથરા, એમ.ડી.એસ.	,,	પ્રોસ્થેટિક ડેન્ટિસ્ટ્રી	,,
૪૧.	શ્રી. જી. એચ. પટેલ, એમ.એસ.	,,	ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રી	,,
૪૨.	શ્રી. એમ. સી. શાહ, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર ૪. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૪૩.	શ્રી. પી. એન. વડવાલા, એલએલ.બી., સી.એ.	,,	કૉસ્ટ એકાઉન્ટિંગ	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૪.	શ્રી. જી. એમ. પટેલ	,,	સ્ટેટિસ્ટિક્સ	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૪૫.	શ્રી. બી. એમ. પીરઝાદા, એમ.એ.	,,	૧. મોડર્ન ફાઇનાન્સ પેપર ૧-૨ ૨. ઇકોનોમિક પૉલિસી એન્ડ પ્લાનિંગ	સર. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા
૪૬.	શ્રી. સી. એન. હકાણી એમ.કૉમ.	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
			૩. બિઝનેસ મૅનેજમેન્ટ	
			૪. કૉસ્ટ એકાઉન્ટિંગ પેપર ૧	
૪૭.	શ્રી. આર. એમ. શાહ, એમ.કૉમ., સી.એ.	એમ.કૉમ.	૧. કૉસ્ટિંગ ૨. મૅનેજમેન્ટ (ઇન્કલ્યુડિંગ એડવાન્સ્ડ એકાઉન્ટન્સી) ૩. મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી (ઇન્કલ્યુડિંગ એડવાન્સ્ડ એકાઉન્ટન્સી)	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૮.	શ્રી. એમ. સી. પરીખ, એમ.કૉમ.	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૯.	શ્રી. આર. સી. શુક્લ	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. ઇકોનોમિક્સ સ્ટેટિસ્ટિક્સ (એમ.કૉમ. પાર્ટ ૧, ગ્રુપ 'બી', પેપર ૨) ૪. સ્ટેટિસ્ટિકલ ક્વૉલિટી (એમ.કૉમ., પાર્ટ ૨, ગ્રુપ 'બી', પેપર ૪)	એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉમર્સ કૉલેજ, નવસારી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૫૦.	શ્રી. કે. એચ. વોરા	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ	એમ. જે. કૉમર્સ કૉલેજ, ભાવનગર
૫૧.	શ્રી. એ. સી. ચોકસી	,,	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. બૅન્કિંગ ૪. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ.	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૫૨.	શ્રી. પી. જે. સોની, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	સર. પી. ટી. સાયન્સ ઍન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૫૩.	શ્રી. જે. વી. જોષી, એમ.એ.	,,	,,	સર. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર
૫૪.	શ્રી. ડી. કે. શાહ	એમ.એસસી.	સ્ટેટિસ્ટિક્સ	જે. એમ. શાહ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર
૫૫.	શ્રી. આર. એસ. પટેલ, એમ.એસસી.	,,	બોટની	જે. ઍન્ડ જે. કૉલેજ, ઑફ સાયન્સ, નડિયાદ
૫૬.	શ્રી. એસ. ડી. ત્રિવેદી, એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકોનોમિક પોલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૩. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ મોડર્ન ફાઇનાન્સ, પેપર ૨	નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ
૫૭.	ડૉ. (કુ.) ભટ્ટ શોભના ગોવર્ધનદાસ, એમ.ડી.	એમ.ડી., ક્ષા. ૧	જનરલ મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૫૮.	શ્રીમતી વિશાખા એલ. શાહ, એમ.ડી., ડી.જી.ઓ.	એમ.ડી., ડિપ્લો. ૩ ડી.જી.ઓ.	ઓબ્સ્ટેટ્રિક્સ ગાયનેકોલોજી	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૫૯.	ડૉ. એ. જી. અમીન, એમ.બી., બી.એસ., ડી.વી. એન્ડ ડી.	ડી.વી. એન્ડ ડી.	વેનેરિયોલોજી એન્ડ ડર્મેટોલોજી	,, ,,
૬૦.	શ્રી. સી. એ. ટોપીવાલા, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ
૬૧.	શ્રી. પી. કે. પરીખ, એમ.એ.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૬૨.	શ્રી. એમ. પી. ક્ષાટિયા, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૬૩.	શ્રી. ટી. કે. દેસાઈ, એમ.એ.	એમ.એ.	મનોવિજ્ઞાન	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી
૬૪.	શ્રી. ડી. કે. શાહ, એમ.એસસી.	એમ.એ., એમ.એસસી.	સ્ટેટિસ્ટિક્સ	પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૬૫.	શ્રી. એચ. સી. પટેલ. એમ.એસસી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સાયન્સ કૉલેજ, કડી
૬૬.	શ્રી. આર. જી. પટેલ, એમ.એસસી.	,,	,,	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા
૬૭.	શ્રી. બી. એમ. પટેલ, એમ.એસસી.	,,	ફિઝિક્સ	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
૬૮.	શ્રી. એમ. એમ. દેસાઈ, એમ.એસસી.	,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ
૬૯.	શ્રી. બી. જે. પંડ્યા, એમ.એ.	એમ.એ.	,,	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૭૦.	શ્રી. કે. એમ. પટેલ	એમ.એ.	પ્રાકૃત	શેઠ. એમ. એન. સાયન્સ એન્ડ આર્ટ્સ કૉલેજ, પાટણ

(તેમની પાલિ વિષયની માન્યતા રદ કરીને)

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ / સંસ્થાનું નામ
૭૧.	શ્રી. એન. જે. શાહ	એમ.એ.	મનોવિજ્ઞાન	ન્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૭૨.	શ્રી. આર. વી. ત્રિવેદી	એમ.એ.	અંગ્રેજી	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ અમદાવાદ
૭૩.	શ્રીમતી વી. સી. પટવારી,	,,	સંસ્કૃત	એસ. એસ. પી. જૈન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા
૭૪.	શ્રી. એસ. ડી. પાઠક	,,	સાયકોલોજી	ભવન્સ કૉલેજ, ડાકોર
૭૫.	શ્રી. બી. એસ. પટેલ	એમ.એસસી.	ફિઝિક્સ	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા
૭૬.	શ્રી. જે. એસ. ત્રિવેદી	એમ.એસસી.	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૭૭.	શ્રી. આર. સી. શાહ	એમ.એસસી.	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૭૮.	ડૉ. કે. એમ. શાહ	એમ.એસ., ધા. ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૭૯.	ડૉ. એ. એમ. મોદી	એમ.ડી., ધા. ૧	જનરલ મેડિસિન	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૮૦.	ડૉ. એન. એમ. પટેલ	એમ.ડી., ડી.જી.ઓ. ધા. ૩	ઑબ્સ્ટેટ્રિક્સ અને ગાયનેકોલોજી	,, ,,
૮૧.	ડૉ. ગીરાબહેન કે. શાહ	,,	,,	,, ,,
૮૨.	શ્રી. બી. સી. ઠક્કર	એમ.કૉમ.	(૧) કૉર્પો. ફાઇનાન્સ, (૨) ઑર્ગે. માર્કેટ્સ (૩) બિઝનેસ મૅનેજમેન્ટ	એચ. એલ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮૩.	શ્રી. એસ. જે. શાહ	એમ.એ.	ગુજરાતી	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૮૪.	શ્રી. જે. સી દવે	એમ.એ.	ગુજરાતી	સર પી. ટી. સાયન્સ ઍન્ડ એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૮૫.	શ્રી. એન. એમ. પરીખ	,,	હિંદી	મ્યુનિ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા
૮૬.	શ્રી. એલ. બી. રાઠોડ	,,	સોશિયોલોજી	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૮૭.	શ્રી. સી. આર. પંડ્યા, એમ.એસસી.	એમ.એસસી.	ઇન-ઑર્ગેનિક ઍન્ડ ફિઝિકલ કેમિસ્ટ્રી	એન. એસ. એમ. સાયન્સ કૉલેજ, મોરબી
૮૮.	ડૉ. એન. કે. બોડીવાલા	એમ.ડી., પ્રા. ૧	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૮૯.	શ્રી. એન. એચ. શાહ	એમ.એ.	પ્રાકૃત	શેઠ. એમ. એન. સાયન્સ અને પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ
૯૦.	શ્રી. ડી. એન. શાહ	એમ.એ. એમ.એસસી. એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, બીલીમોરા
૯૧.	શ્રી. બી. વી. સુરતી	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી
૯૨.	શ્રી. ડી. એન. ત્રિવેદી	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૯૩.	શ્રી. જી. એ. પાઠક	એમ.કૉમ.	૧. ઑર્ગે. માર્કેટ્સ ૨. કૉર્પો. ફાઇનાન્સ ૩. ઇકો. સ્ટેટિસ્ટિક્સ ૪. સ્ટેટિસ્ટિકલ ક્વૉલિટી કંટ્રોલ	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ
૯૪.	શ્રી. એન. કે. દવે	એમ.કૉમ.	૧. ઇકો. ઑફ. એગ્રિ. ૨. કો-ઑપ. ઍન્ડ રૂરલ ડેવલપમેન્ટ ૩. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૪. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ	,,

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૬૫.	શ્રી. એસ. એસ. શાહ	એમ.કૉમ.	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ ૩. મૅનેજમેન્ટ અન્કલ્યુડિંગ એડ. એકાઉન્ટિંગ ૪. મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી	કે. પી. કૉમર્સ કૉલેજ, સુરત
૬૬.	શ્રી. જી. બી. શાહ	એમ.કૉમ.	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ ૩. મૅનેજમેન્ટ અન્કલ્યુડિંગ એડ. એકાઉન્ટિંગ ૪. મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી	,, ,,

પરિશિષ્ટ "ઘ"

નીચે દર્શાવેલ માન્ય અનુસ્નાતક શિક્ષકો/મદદનીશ શિક્ષકોની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપી તેની યાદી

૧.	ડૉ. એસ. એચ. મહેતા, મદદનીશ	એમ.ડી. બ્રાન્ચ ૧	જનરલ મેડિસિન	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પેરટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ
૨.	શ્રી. કે. સી. પટેલ, શિક્ષક	એમ.એ.	સંસ્કૃત	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ
૩.	શ્રી. એલ. કે. પટેલ, મદદનીશ	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ. એન. કૉલેજ, વીસનગર	ભવન્સ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ		પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૪.	શ્રી. એમ. ડી. ભટ્ટ, શિક્ષક	એમ.એ.	સંસ્કૃત	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	જી. એમ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૫.	શ્રી. આર. એચ. બારોટ	એમ.એ.	ગુજરાતી	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	એમ. એન. કૉલેજ, વીસનગર
૬.	શ્રી. કે. એન. આયર	એમ.એ.	અંગ્રેજી	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	વી. એસ. પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરા
૭.	શ્રી. એસ. જી. સ્વાદીયા	એમ.એ.	ઇતિહાસ–અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી"	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	એમ. બી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ
૮.	ડૉ. એન. આર. મહેતા	એમ.ડી. બ્રાન્ચ ૧	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત

પરિશિષ્ટ "ચ"

વર્ષ ૧૯૬૬-૬૭ની અંદાજી બચતમાંથી પુસ્તકો ખરીદવાની પરવાનગી ઉપકુલપતિશ્રીએ જે કૉલેજોને આપી તેની યાદી

ક્રમાંક	કૉલેજનું નામ	અંદાજી બચત	પુસ્તકો ખરીદવાની પરવાનગી આપેલ રકમ રૂ. પૈ.
૧.	શાહ એન. એચ. કૉમર્સ એન્ડ એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ	૮૨૮–૦૦	૪૦૦–૦૦
૨.	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત	૭,૪૬૬–૦૦	૩,૫૦૦–૦૦
૩.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	૧,૬૬૧–૫૦	૮૦૦–૦૦
૪.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	૨,૨૫૪–૦૦	૧,૧૨૭–૦૦
૫.	એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કૉમર્સ કૉલેજ, નવસારી	૧૬,૩૧૦–૮૦	૮,૧૫૫–૦૦

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 187-375-5-67

સિન્ડિકેટ (જૂન)
તા. ૬–૬–'૬૭

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક વિશેષ સભા, મંગળવાર, તા. ૬–૬–૧૯૬૭ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬–૬–૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

સભાગૃહની સંમતિથી બાબત નં. ૧, ૨, ૩ અને ૪ છેલ્લે હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું, અને બાકીની બાબતો પહેલાં હાથ ધરવામાં આવી.

૬. ઓ. ૧૨૦-એ માં નિયત કરવામાં આવેલ કુલ કાર્યબોજ વધતો ન હોય તો એક કૉલેજમાં પૂરા સમયના નીમેલા શિક્ષકને તે જ ટ્રસ્ટ તરફથી ચાલતી અન્ય કૉલેજમાં વિના વેતને અંડ સમયના શિક્ષક તરીકે શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક જ ટ્રસ્ટ કે મંડળના સંચાલન હેઠળ ચાલતી એક જ શહેર કે ગામમાં આવેલી કૉલેજોમાં કોઈ શિક્ષક શિક્ષણકાર્ય કરતો હોય તો તેને માટે બેઉ કૉલેજોમાંથી વેતન આપવું આવશ્યક ગણવું નહીં, તેને તે પૈકી એક જ કૉલેજમાંથી નિયમ મુજબ વેતન મળતું હોય તો તે ચાલી શકે.

૭. યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામના ૧૯૬૬-૬૮ના વર્ષના કૅપિટલ અંદાજપત્રમાં જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મકાનોના બાંધકામના ૧૯૬૭-૬૮ના વર્ષના કૅપિટલ અંદાજપત્રમાં કૉલમ નં. ૨માં જે જોગવાઈ કરવામાં આવી છે તેને બદલે કૉલમ નં. ૩ પ્રમાણે નીચે મુજબ જોગવાઈ કરવી :

ક્રમાંક	મકાનનું નામ	૧૯૬૭-૬૮ના વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલી જોગવાઈ	૧૯૬૭-૬૮ માટે સુધરેલી જોગવાઈ
૧		૨	૩
૧.	વર્કશૉપ શેડ	રૂા. ૧,૦૦૦-૦૦	રૂા. ૫,૦૦૦-૦૦
૨.	આરોગ્યકેન્દ્ર માટે સફાઈ કામદારના રહેઠાણનાં મકાન	રૂા. ૧૮,૦૦૦-૦૦	રૂા. ૨૪,૦૦૦-૦૦
૩.	વિદ્યાર્થીઓના છાત્રાલયના ગૃહપતિનું મકાન	રૂા. ૪,૦૦૦-૦૦	રૂા. ૪૧,૦૦૦-૦૦
૪.	પ્રાણીશાસ્ત્ર વિભાગનું મકાન	રૂા. ૨,૦૦૦-૦૦	રૂા. ૩૭,૦૦૦-૦૦
૫.	શિક્ષકો માટેના છાત્રાલયનું મકાન	રૂા. ૫,૦૦૦-૦૦	રૂા. ૯,૦૦૦-૦૦
૬.	ડ્રેનેજ યોજના	રૂા. ૫,૦૦૦-૦૦	રૂા. ૫૦,૦૦૦-૦૦
૭.	યુનિવર્સિટી કાર્યાલયના મકાનની આસપાસ તારની વાડ	—	રૂા. ૫,૦૦૦-૦૦

૮. ૧૯૬૮ની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા માટે ભાષાના જે ગદ્યપદ્યસંગ્રહો યુનિવર્સિટીએ મંજૂર કર્યા છે તેને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં ઉપયોગમાં લેવા પરવાનગી

આપવા અંગેના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીના તા. ૨૯-૫-૧૯૬૭ના પત્રાંક ૨૩૩૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી ભાષાઓના વિષયોમાં ગુજરાત યુનિવર્સિટીએ પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે ૧૯૬૮ની પરીક્ષા માટે જે ગદ્યપદ્યસંગ્રહો પાઠ્યપુસ્તક તરીકે પ્રકાશિત કર્યા હોય કે કરવામાં આવે તે ગદ્યપદ્યસંગ્રહો પોતાનાં પાઠ્યપુસ્તકો તરીકે નિયત કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને પરવાનગી આપવી.

૯. લાઇબ્રેરીના ફર્સ્ટ ફ્લોર પરની અગાશીમાં રોડા કોંક્રીટ અને સ્ટાન્ડર્ડ વૉટરપ્રૂફિંગ ટ્રીટમેન્ટને બદલે પૉલિશ્ડ લાદી અગર મોઝેક ટાઇલ્સ લગાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ૧. રોડા, કોંક્રીટ અને વૉટરપ્રૂફિંગનો ખર્ચ લગભગ રૂા. ૧૨,૦૦૦ થશે.

૨. પૉલિશ્ડ લાદીનો ખર્ચ લગભગ રૂા. ૨૨,૦૦૦ થશે.

૩. મોઝેક ટાઈલ્સ (બેઝિક રૂા. ૭,૫૦૦ ચો.ફૂટના)નો ખર્ચ લગભગ રૂા. ૧૬,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનમાં પહેલા માળ પરની અગાસીમાં રોડા, કોંક્રીટ અને સ્ટાન્ડર્ડ વૉટર પ્રૂફિંગ ટ્રીટમેન્ટને બદલે પૉલિશ્ડ લાદી બેસાડવાનું રાખવું અને તે માટે કુલ રૂા. ૨૨,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સૌપ્રથમ એમ નક્કી કરવામાં આવ્યું કે નીચેની બાબતો અંગેનાં યુનિવર્સિટીનાં હાલનાં ધારાધોરણોને સંકલિત સ્વરૂપે કૉલેજોને પરિપત્રિત કરવાં અને તેનું યથાર્થ પરિપાલન થાય તે જોવા માટે આચાર્યોને જણાવવું :

૧. કૉલેજોમાં અને તેના વર્ગોમાં વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા અંગેના નિયમો

૨. વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછી જગ્યા માટેની જોગવાઈ — વર્ગમાં અને છાત્રાલયમાં

૩. પ્રત્યેક વિષય માટે વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ અને પ્રાયોગિક કામ માટે ઓછામાં ઓછા તાસની સંખ્યા અંગેના નિયમો

૪. શિક્ષકોના ગુરુતમ કાર્યબોજ અંગેના નિયમો

૫. શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો

૬. શિક્ષકો માટે પ્રોવિડન્ટ ફંડ અને તેમની સેવાઓ અંગેના હાલના નિયમો

૭. એન.સી.સી. અંગેના નિયમો

વધુમાં ઠરાવવામાં આવે છે કે તમામ કૉલેજોને જણાવવું કે, ૧૯૬૭-૬૮ના વર્ષમાં જે વર્ગો ચાલુ હતા તે વર્ગો કરતાં વધારાનો એક પણ વર્ગ શરૂ કરવા માટે ઉપકુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવવી આવશ્યક રહેશે.

તે પછી સદરહુ સમિતિના રિપોર્ટમાંથી ભલામણ નં. ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨, અને ૧૮ પર વિચારણા કરવામાં આવી. તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૧ : સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ તથા પ્રાયોગિક કામકાજના તાસની દૈનિક હાજરીનાં પત્રકો પ્રત્યેક કૉલેજે રાખવાં આવશ્યક છે અને આવા દરેક હાજરીપત્રક પર જે તે શિક્ષકની સહી હોવી આવશ્યક રહેશે.

ભલામણ નં. ૨ : દર વર્ષે તા. ૩૧મી જુલાઈ સુધીમાં જે તે શૈક્ષણિક વર્ષ માટે પ્રત્યેક કૉલેજમાં દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનાં પૂરાં નામ જણાવતાં વર્ગદીઠ પત્રકો, શિક્ષકગણની યાદી તથા વિષયવાર તેમ જ વર્ગવાર વ્યાખ્યાનો, ટ્યુટોરિયલો અને પ્રાયોગિક કામનાં સમયપત્રકો યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાં આવશ્યક રહેશે.

ભલામણ નં. ૩ : પહેલા સત્રમાં લીધેલી કસોટીઓમાં વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના ગુણ નવેમ્બર માસના અંત પહેલાં અને બીજા સત્રમાં લેવાયેલા આંતરિક મૂલ્યાંકનના ગુણ ૧૫મી માર્ચ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા આવશ્યક રહેશે.

ભલામણ નં. ૪ : સદરહુ સમિતિની ભલામણ નં. ૪ સ્વીકારવી નહિ.

ભલામણ નં. ૫ : સંલગ્ન કૉલેજોમાં પ્રયોગશાળામાં પાળીપદ્ધતિ ચાલતી હોય ત્યાં બે પાળી વચ્ચે ઓછામાં ઓછા અડધા કલાકના સમયનો ગાળો રાખવો આવશ્યક રહેશે.

ભલામણ નં. ૧૦ : સંલગ્ન કૉલેજોમાં સત્ર ફી સિવાયની ફી—પ્રાયોગિક ફી, ગ્રન્થાલય ફી, રમતગમત ફી, વગેરે—નો આવકજાવકનો હિસાબ જુદો રાખવો જોઈએ એમ પ્રત્યેક કૉલેજને ભલામણ કરવામાં આવે છે.

ભલામણ નં. ૧૨ : કોઈ પણ સંલગ્ન કૉલેજોમાં નાપાસ થયેલા વિદ્યાર્થીને ફરીથી દાખલ કરવો હોય તો તેને રીતસરના (Regular) ચાલુ વિદ્યાર્થી તરીકે દાખલ કરી શકાશે. કોઈ પણ વિદ્યાર્થીને પ્રાયોગિક કે અન્ય કોઈ પણ કામકાજ માટે ફી લઈને કે લીધા વિના એકસ-સ્ટુડન્ટ તરીકે દાખલ કરી શકાશે નહીં.

ભલામણ નં. ૧૪ : કોઈ પણ કૉલેજમાં જે વિષયો શિખવાડાતા હોય તે વિષયો માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો છે તેની જાણ પ્રત્યેક કૉલેજે તા. ૩૧મી માર્ચ સુધીમાં કરવી આવશ્યક રહેશે. અપૂરતી લાયકાતવાળા શિક્ષકોથી શિક્ષણકામ ચલાવી શકાશે નહીં એમ તમામ સંલગ્ન કૉલેજોને જણાવવું.

(સદરહુ સમિતિના રિપોર્ટની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.)

તે પછી સમયના અભાવે બાબત નં. ૧માં સમિતિની બાકીની ભલામણો તથા બાબત નં. ૨, ૩, ૪ અને ૫ વિચારણા માટે હાથ ધરી શકાઈ ન હતી.

૨. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકાર્ય જો તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

૩. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના યુનિવર્સિટીએ નિયત કરેલા પગાર-ધોરણમાં જણાતી નીચેની સંદિગ્ધતાને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

નોંધ.— વેકેશનના એક માસ અગાઉ છૂટા થતા શિક્ષકે ૧૫મી જૂનથી ૧૪મી ફેબ્રુઆરી સુધી કાર્ય કર્યું હોય તોપણ વેકેશન પગાર માટે તે હકદાર થતા નથી. જ્યારે બીજા સત્રની શરૂઆતથી જોડાઈ ૧૪મી ફેબ્રુઆરીએ છૂટા થતા શિક્ષકને ૩૧મી માર્ચ સુધીનો પગાર મળી શકે. સંબંધકર્તા કંડિકાઓ નીચે પ્રમાણે છે :

2. (*c*) If he has served for the major part of the second term only, he should be paid up to the 31st of March.
Provided always that —
(*b*) his appointment was not in a leave vacancy for fixed period, provided further that a teacher falling under category (*a*) above shall not be entitled to be paid for the vacation, if his services are terminated at least one month prior to the commencement of the vacation.

૪. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૬ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.
(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજુ પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.
(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.
(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.
(૬) અનુસ્નાતક વર્ગમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો-પરીક્ષકોનાં મહેનતાણાંના દરોની પુનર્વિચારણા કરવી.
(૨) પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી, જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.
(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ જેવા અધિકારી નીચે સુવ્યવસ્થિત બનાવવું.
(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષા-પદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેની વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનુ જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષાને સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થીસંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher Courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

(૧) સ્ટેન્ડર્ડ ગ્રંથને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોનાં જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગ્યા ઊભી કરવી નહિ.

(૨) એકસ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢશિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

૩) સેનેટ હૉલમાં કાયમી (fixed) માઇકોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોનાં કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

૫. ઉપલી પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળતી હોવાને કારણે જે વિદ્યાર્થીનું પરિણામ તેણે નીચલી કક્ષાની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષામાં પાસ નહિ થવાને કારણે ઉપલી પરીક્ષાનું પરિણામ ઓ. ૧૨૭ (જેમાં એ.ટી.કે.ટી. મળેલ) હેઠળ અનામત હતું તેમને ઉપરની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા જેમાં આપવાની હોય તેની જાણ કરી નીચેની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા સાથે આપવા જણાવેલ, તેથી આવા વિદ્યાર્થીઓના કેસમાં જે વર્ષે તેનું પરિણામ અનામત રહ્યું તેથી બે વર્ષમાં નીચલી પરીક્ષા પાસ ન કરે તો તેનું ઉપલી પરીક્ષાનું પરિણામ રદ થાય, પરંતુ પ્રશ્ન એ રહે છે કે જેમનું પરિણામ એ.ટી.કે.ટી. મળતી હોવાને કારણે પણ ઓ. ૧૨૭ હેઠળ અનામત રહેલ તેઓ ત્યાર બાદ ઉપલી પરીક્ષાના બાકીના વિષયમાં બીજે વર્ષે બેઠેલ તો તેમના કેસમાં બે વર્ષની મુદત જે વર્ષે પરિણામ અનામત રહ્યું ત્યારથી ગણવી કે જે વર્ષે ઉપલી પરીક્ષામાં છેલ્લે બાકીના વિષયમાં બેઠા હોય ત્યારથી ગણવી તે અંગે વિચારણા કરવા બાબત.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૨૨૮૮૮/૧૯૬૭.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.

જૂન ૧૭, ૧૯૬૭.
જ્યેષ્ઠ ૨૭, ૧૮૮૯ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "કુ"
કામકાજ ક્રમાંક ૧

સિન્ડિકેટે તેના તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલ દેખભાળ સમિતિની બેઠકો નીચેની તારીખોએ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

	૧-૫-૬૭	૬-૫-૬૭	૧૧-૫-૬૭	૨૦-૫-૬૭	૨૪-૫-૬૭
૧. શ્રી. ઝીણુભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર	ગેરહાજર	હાજર	હાજર	હાજર
૩. ડૉ. જે. બી હરિભક્તિ	હાજર	હાજર	હાજર	હાજર	હાજર
૪. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર	હાજર	હાજર

સમિતિની પ્રથમ સભામાં નક્કી થયા મુજબ નીચેના ત્રણ આચાર્યોને સમિતિની વિચારણા માટે સલાહસૂચનો મેળવી શકાય તે માટે સમિતિના બીજી, ત્રીજી અને ચોથી સભામાં હાજર રહેવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું :—

૧. પ્રિ. વાય. જી. નાયક
૨. પ્રિ. એસ. આર. ભટ્ટ
૩. પ્રિ. એમ. સી. શાહ

સમિતિની ઉપરોક્ત પાંચે બેઠકોમાં થયેલી સમગ્ર ચર્ચાવિચારણાને અંતે સમિતિ સિન્ડિકેટને નીચેની ભલામણો કરે છે :

૧. શૈક્ષણિક ધોરણો અંગે યુનિવર્સિટીના હાલના ઑર્ડિ. રેગ્યુ. તથા સિન્ડિકેટના ઠરાવો દ્વારા જે નિયમનો અમલમાં છે તેને એકત્ર સ્વરૂપમાં આગામી શૈક્ષણિક વર્ષની શરુઆતમાં કૉલેજોને મોકલી આપવા જેથી કોઈ પણ નિયમનો કૉલેજોમાં તેની જાણકારીને અભાવે ભંગ થાય નહિ.

૨. ડિગ્રી કક્ષાના શિક્ષણ અંગે હાલમાં જે નિયમનો છે તે ઉપરાંત બીજી કેટલીક વધારાની બાબતો પર નિયમો ઘડવાની આ સમિતિને જરૂર જણાય છે અને તે મુદ્દાઓની યાદી આ સાથે પરિશિષ્ટ "અ"માં બતાવ્યા મુજબ છે.

આ મુદ્દાઓમાં સમાયેલ સૂચનો પૈકી, જે તાત્કાલિક સ્વીકારી શકાય એવાં હોય તેને સિન્ડિકેટે ચાલુ શૈક્ષણિક વર્ષથી જ અમલ કરે એવો આ સમિતિનો સિન્ડિકેટને દૃઢ આગ્રહ છે.

૩. અનુસ્નાતક કેન્દ્રો દ્વારા ચાલતું અનુસ્નાતક શિક્ષણ જે રીતે અત્યારે ચાલે છે તેને ધ્યાનમાં લઈને અનુસ્નાતક શિક્ષણ અંગે આ સાથે પરિશિષ્ટ "બ"માં બતાવ્યા મુજબમાં સૂચનોનો બનતી ત્વરાએ અમલ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

ગુ. અં. દેસાઈ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "અ"

સ્નાતક કક્ષાના શિક્ષણ અંગે વધારાના નિયમો કરવા માટે દેખભાળ સમિતિનાં સૂચનો

કૉલેજોના સામાન્ય સંચાલન અંગે

૧. વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ્સ તથા પ્રૅક્ટિકલ્સની દૈનિક હાજરીનાં પત્રકો રખાવાં જોઈએ તથા આવા દરેક હાજરીપત્રક પર જે તે શિક્ષકની સહી હોવી જોઈએ.

૨. દર વર્ષ તા. ૧૫મી ઑગસ્ટ પહેલાં જે તે શૈક્ષણિક વર્ષ માટે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનાં પૂરાં નામ જણાવતા વર્ગદીઠ રોલકૉલ, સ્ટાફની યાદી તથા વિષયવાર તેમ જ વર્ગવાર વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સનાં સમયપત્રકો યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાં જોઈએ અને આ વિદ્યાર્થીઓમાં જે ફેરફાર થાય તે વર્ષના અંતે ૧લી માર્ચ સુધીમાં યુનિવર્સિટીને જણાવવા જોઈએ.

૩. પહેલા સત્રમાં લેવાયેલી કસોટીઓના વિદ્યાર્થીઓના આંતરિક ગુણાંકનના માર્ક્સ નવેંબર માસના અંત પહેલાં અને બીજા સત્રમાં લેવાયેલી કસોટીઓના આંતરિક ગુણાંકનના માર્ક્સ ૧૫મી માર્ચ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા જોઈએ.

૪. કોઈ પણ વિદ્યાર્થીને સત્રને અધવચ્ચે એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની પરવાનગી આપવી ન જોઈએ.

૫. લેબોરેટરીમાં જ્યાં પાળીપદ્ધતિ ચાલતી હોય ત્યાં બે પાળી વચ્ચે ઓછામાં ઓછો અર્ધા કલાકનો સમયનો ગાળો રાખવો.

૬. હાલ કેટલીક કૉલેજોમાં વ્યાખ્યાનો માટે સવારનો અને ટ્યુટોરિયલ્સ માટે સાંજનો સમય રાખવામાં આવે છે તે પ્રથા બંધ કરાવી સમગ્ર કૉલેજનું વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સ માટેનું સળંગ ટાઈમટેબલ રાખવાનું ફરજિયાત બનાવવું જોઈએ

સત્ર ફી તથા અન્ય ફી અંગે

૭. દરેક કૉલેજમાં વિનયન માટે ઓછામાં ઓછા ચાર મુખ્ય વિષયો તથા વિજ્ઞાન અને વાણિજ્ય માટે ઓછામાં ઓછા બે મુખ્ય વિષયો શીખવવાનો પ્રબંધ કરવાનું જણાવવું જોઈએ અને તે માટે સત્ર ફી નીચે મુજબ રાખવી જોઈએ :

૧.	વિનયન	સત્ર દીઠ રૂા. ૧૨૦થી ૧૩૫
૨.	વિજ્ઞાન	સત્ર દીઠ રૂા. ૧૫૦થી ૧૭૫
૩.	વાણિજ્ય	સત્ર દીઠ રૂા. ૧૩૫થી ૧૫૦
૪.	લૉ	સત્ર દીઠ રૂા. ૯૦થી ૧૧૦

ઓછામાં ઓછા વિષયો ઉપરાંત વિષયો આપતી કૉલેજો વધારાના વિષય દીઠ વધારાની ફી ઉપરની મર્યાદામાં રાખી શકે એવો નિયમ કરવો જોઈએ અને કોઈ પણ માધ્યમ દ્વારા શીખવવા

માટે વધારાની સત્ર ફી કોઈ પણ કૉલેજને ન લેવા દેવી જોઈએ. સત્ર ફીના નિયંત્રણ માટે યુનિવર્સિટી ધારાના હાલના માળખામાં યુનિવર્સિટીને જરૂરી સત્તા ન હોય એમ જણાય તો તે અંગે કાયદામાં જરૂરી સુધારો કરવા રાજ્ય સરકાર જોડે આ બાબત હાથ ધરવી જોઈએ. સમિતિને બીજી વિદ્યાશાખાઓની સત્ર ફી અંગે હાલના તબક્કે વિચારણા કરવાની જરૂર લાગી નથી. સમિતિએ સૂચવેલું ઉપરોક્ત ફીનું ધોરણ શિક્ષકોના હાલના પગારધોરણ અને મોંઘવારી ભથ્થાને અનુલક્ષીને છે.

વધુમાં સમિતિ ભલામણ કરે છે કે, કૉલેજોમાં અપાતી નેશનલ સ્કૉલરશિપ, ઈ.બી.સી. સ્કૉલરશિપ, વગેરે સ્કૉલરશિપ ઉપરાંત યુનિવર્સિટી સાથે સંલગ્ન દરેક કૉલેજ અને સંસ્થાએ પોતાના ભંડોળમાંથી ઓછામાં ઓછા ૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને ફીમાંથી માફી આપવી તેમ જ દર ૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક મેરિટ સ્કૉલરશિપ આપવી. જો કોઈ પણ ક્લાસમાં ૫૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો તેવા દરેક ક્લાસ દીઠ ઓછામાં ઓછી એક મેરિટ સ્કૉલરશિપ આપવી. સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય શાસ્ત્રીનું સૂચન હતું કે ઉપરોક્ત ફીનું ધોરણ નક્કી કરતાં પહેલાં આ બાબતનો વધુ ઝીણવટભર્યો અભ્યાસ કરવાની જરૂર છે અને ગ્રામવિસ્તારની અને ઓછી વિદ્યાર્થીસંખ્યા ધરાવતી કૉલેજો માટે સત્ર ફીનાં અલાયદાં ધોરણો અપનાવવાની જરૂર છે.

૮. વિજ્ઞાનની કૉલેજો માટે સત્ર ફી ઉપરાંત લેબોરેટરી ફી માટે નીચેનું ધોરણ સૂચવવામાં આવે છે :

(૧) પ્રી-યુનિ. સાયન્સ તથા એફ.વાય.બી.એસસી.ના વર્ગો માટે રૂા. ૪૦-૦૦

(૨) એસ.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.એસસી.ના વર્ગો માટે રૂા. ૬૦-૦૦

ઉપરાંત મૅથેમેટિક્સ જેવા વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી ન લેવાની જોઈએ.

૯. સત્ર ફી અને લેબોરેટરી ફી ઉપરાંત બાકીની બધી જ ફીનો રકમ સત્ર દીઠ રૂા. ૧૫ થી વધારી ન જોઈએ.

આ બાબતમાં સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય શાસ્ત્રીનો એવો મત હતો કે ૫૦૦થી ઓછી સંખ્યાવાળી કૉલેજોમાં રૂા. ૧૫થી વધુ ફી લઈ શકાય તેની જોગવાઈ થવી જોઈએ.

૧૦. સત્ર ફી સિવાયનો કૉલેજોમાં ઉઘરાવાતી લેબોરેટરી ફી, ગ્રંથાલય ફી, જિમખાના ફી વગેરેનો આવકજાવકનો હિસાબ જુદો રાખવો જોઈએ.

૧૧. કૉલેજમાં કૉશન મની તથા દાખલ ફી લેવાની પ્રથા બંધ કરવી.

વિજ્ઞાન કૉલેજના રિપીટર વિદ્યાર્થીઓ અંગે

૧૨. ફક્ત પ્રૅક્ટિકલ્સ માટે દાખલ કરાતા વિદ્યાર્થીઓ જો કૉલેજની લેબોરેટરીમાં પૂરતી જગ્યા, સાધનો વગેરે હોય તો જ દાખલ કરવા અને આવા વિદ્યાર્થીઓને દાખલ કરવા અંગે નીચેના નિયમોનું પાલન કરવું :

(૧) જે તે વર્ગના રેગ્યુલર વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકાથી વધુ વિદ્યાર્થીઓ કોઈ પણ વર્ગ માટે દાખલ કરવા નહિ.

(૨) આવી રીતે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા તથા નામોની યાદી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવી.

(૩) આવી રીતે દાખલ થતા વિદ્યાર્થીઓ માટે જરૂર પડે તો રેગ્યુલર વિદ્યાર્થીઓ કરતાં જુદો સમય અને જુદો સ્ટાફ રાખવો.

(૪) આવા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી સિવાયની કોઈ પણ ફી લેવી નહિ.

(૫) આવી રીતે દાખલ થયેલા વિદ્યાર્થીઓ કૉલેજના રેગ્યુલર વિદ્યાર્થીઓ તરીકે ગણાશે નહિ અને સ્પોર્ટ્સ વગેરેમાં ભાગ લઈ શકશે નહિ.

ઍફિલિયેશન, વધારાના વર્ગો વગેરેની તપાસ તથા તેની શરતોના પાલન અંગે

૧૩. યુનિવર્સિટી તરફથી મુકાતી જોડાણની શરતોનું પાલન પૂરેપૂરું થયા બાદ જ જોડાણ અપાય તે માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં સૂચવેલા સુધારાઓ રાજ્ય સરકાર કરે તે અંગે ઘટતી કાર્યવાહી કરવી.

(૧) ૩૩(૧)(બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(*b*) that the college is to be under the management of a regularly constituted governing body and *at least two of its members shall be the eminent educationists of the area to be appointed by the Vice-chancellor from a panel of not less than six persons suggested by the Management.*

(A) (૨) કલમ ૩૩(૧)(ડી)માં બતાવેલ "will be made"ને બદલે "has been made" શબ્દો મૂકવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

"that the buildings in which the college is to be located are suitable, and that provision has been made in conformity with the ordinances, for the residence in the college or in lodging approved by the college, or students not residing with their parents or guardians, and for the supervision and welfare of students."

(B) (૩) કલમ ૩૩(૧)(ઈ)માં "or will be made" શબ્દો રદ કરીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

"that due provision has been made for a library;"

(C) (૪) કલમ ૩૩(૧)(એફ)માં "or will be" શબ્દો રદ કરવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

"(*f*) where affiliation is sought in any branch of Experimental Science, that arrangements have been made in conformity with the Statutes, Ordinances and Regulations for imparting instruction in that branch of Science in a properly equipped laboratory or museum?

(૫) કલમ ૩૩(૧)(જી)માં " will, as far as circumstances may permit be " શબ્દો રદ કરી તેને બદલે " has been " શબ્દો મૂકીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

(D) " that due provision has been made for the residence of the Principal and some members of the teaching staff in or near the college or the place provided for the residence of students;"

૧૪. ઍફિલિયેશનની શરતોના પાલન અંગે તથા નવા વર્ગો ઉઘાડવાની પરવાનગી આપતી વખતે નીચેની બાબતોની ચોકસાઈ રાખવી :

(૧) કોઈ પણ નવી કૉલેજ ઉઘાડવા કે નવી વિદ્યાશાખા ઉમેરવા કે વધારાનો વિષય ઉમેરવાની અરજી પર વિચારણા કરતી વખતે સેનેટે મૂકેલી શરતોનું પાલન બરાબર થયું છે કે નહિ તે જોવા માટે ચકાસણી સમિતિ મોકલવાનું આવશ્યક રાખવું.

(૨) ઉપર (૧)માં જણાવેલ સમિતિઓને તેમના રિપોર્ટમાં તેમની મુલાકાત વખતે કેટલી શરતોનું હકીકતમાં પાલન થયું છે તેનો પૂરી હકીકત રજૂ કરતો (Factual) હેવાલ આપવો અને શરતોનું પાલન અમુક સમય સુધીમાં થશે એવો હેવાલ આપવો નહિ અને આવા હેવાલ માટેનું જરૂરી પ્રોફોર્મા તૈયાર કરાવી તે મુજબ જ હેવાલ આપવા સમિતિઓને જણાવવું.

(૩) નવી કૉલેજ કે નવી વિદ્યાશાખા ઉમેરવા માટેની સ્ટાફ સિવાયની બધી શરતોનું ૧લી માર્ચ સુધીમાં પાલન કરવાનું આવશ્યક રાખવું અને સ્ટાફમાં જેની નિમણૂકો થઈ હોય તેઓ ૧લી જૂને હાજર થાય તેવો નિયમ રાખવો અને નિમણૂક કરેલો સ્ટાફ ખરેખર જોડાયો કે નહિ તેની ચકાસણી બાબત સમિતિએ ખાતરી કરવી

તે જ પ્રમાણે નવો વિષય ઉમેરવા માટે તથા વધારાના વર્ગો ખોલવા માટેની બધી જ શરતોનું પાલન ૩૧મી માર્ચ પહેલાં થાય તેમ કરવું અને આ સ્ટાફની નિમણૂક ૧લી જૂનથી અમલમાં આવે તે પ્રમાણે કરવું.

ઉપર મુજબ જોડાણના કે વધારાના વર્ગ માટેની શરતો અને સ્ટાફની હાજરીની યુનિવર્સિટીને ખાતરી થાય તે પછી જ જે તે અભ્યાસક્રમ કે વધારાના વર્ગોમાં કૉલેજ વિદ્યાર્થીઓ દાખલ કરી શકશે એવો નિયમ કરવો. યુનિવર્સિટીની આવી લેખિત પરવાનગી વગર દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગેરનિયમિત (Irregular) ગણાશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનામાં નીચેના ફેરફાર કરવા :

(૧) સૂચના નં. ૩માં જરૂરી કૅપિટલ ખર્ચ તે ઉપરાંત વધારામાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૫૦,૦૦૦નું વર્કિંગ ફંડ અલાયદું રાખવાનું આવશ્યક રાખવું.

(૨) સૂચના નં. ૩માં છેડે મકાન બાંધવા માટે જરૂરી જમીનનો ઉલ્લેખ છે તેને બદલે મકાન માટે તેમ જ ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનું આવશ્યક રાખવું.

(૩) સૂચના નં. ૭માં યુનિવર્સિટીએ પોતે કૉલેજનાં મકાનો માટે લેઆઉટ તૈયાર કરાવી તે પ્રમાણે મકાનો તૈયાર કરવા કહેવું. વર્ગો ઉપરાંત જોઈતા ઓરડાઓની જોગવાઈ અંગે નીચે પ્રમાણે પ્રબંધ કરવા કહેવું :

૧. શિક્ષકો માટેના સામાન્ય ખંડ તથા જે વિષયમાં ત્રણથી વધુ શિક્ષકો હોય તેવા દરેક ડિપાર્ટમેન્ટ માટે વિષયદીઠ એક સ્વતંત્ર ખંડ.

૨. કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો ખંડ

૩. સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થીઓનો ખંડ

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસી શકે તેવો વિદ્યાર્થીઓ દીઠ દશ ચોરસ ફૂટ જગ્યાવાળા વાચનખંડ સહિત ગ્રંથાલય અને અધ્યયન માટેની ઘટતી જોગવાઈ

(૫) પાણી માટેનો ખંડ

(૬) કેન્ટીન માટેનો ખંડ

(૭) સ્વચ્છ સંડાસ-પેશાબખાનાની વ્યવસ્થા.

૧૬. કૉલેજે એકીસાથે વધારે વિષયો માટે જોડાણ માગવા માટે અરજી કરે અને તે પૈકીના બહુ થોડા જ વિષયો ખરેખર શીખવવાનું શરૂ કરે તે અંગે નિયંત્રણ મૂકવા અંગે વિચારવું.

૧૭. કૉલેજને જે વિષય માટે કાયમી જોડાણ મળ્યું હોય અથવા જે વિષય મુખ્ય (પ્રિન્સિપલ) વિષય તરીકે શીખવાતો હોય તે વિષયનું અધ્યાપન બંધ કરવું હોય તો તે અંગે યુનિવર્સિટીને એક ટર્મ અગાઉ જાણ કરી પરવાનગી લેવી.

૧૮. દરેક કૉલેજમાં જે વિષયો શીખવાતા હોય તે માટે જરૂરી લાયકાત ધરાવતો સ્ટાફ છે કે નહિ તેની યુનિવર્સિટીને ખબર પડે તેવી મશીનરી ઊભી કરવી અને અપૂરતી લાયકાતવાળા શિક્ષકથી શિક્ષણ કામ ચલાવવાની પરવાનગી એકીવખતે ફક્ત એક સત્ર પૂરતી આપવી અને કોઈ પણ સંજોગોમાં બે સત્રથી વધુ સમય માટે આવી પરવાનગી આપવી નહિ અને બે સત્ર પછી તે વિષય માટે લાયકાત ધરાવતા શિક્ષક કૉલેજ મેળવી ન શકે તો તે વિષય શીખવવાનું આપોઆપ બંધ કરવું પડશે, તેવી સ્પષ્ટ જોગવાઈ નિયમોમાં કરવી.

૧૯. યુનિવર્સિટીના નિયમો પાળવામાં તથા જોડાણની શરતોનું પાલન સંબંધી કૉલેજોનાં વહીવટકર્તા મંડળો પૂરતી જાગૃતિ રાખે તે માટે જોડાયેલી કૉલેજોનું ઍફિલિયેશન કે ટ્રાયેનિયલ ઇન્સ્પેક્શન વગેરે કામો માટે જેની તપાસસમિતિઓ, ઉપરાંત કૉલેજોની અવારનવાર ઓચિંતી (સરપ્રાઈઝ) મુલાકાતો લઈ તપાસ કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટે ઘટતાં પગલાં લેવાં જોઈએ.

સ્ટાફની નોકરીની શરતો તથા આનુષંગિક બાબતો

૨૦. સ્ટાફની નિમણૂક અંગે હાલના નિયમો ઉપરાંત નીચેના વધારાના નિયમોનો પ્રબંધ કરવો :

(૧) સ્ટાફના દરેક સભ્યને તે હાજર થાય તે પહેલાં તેની નોકરીની શરતો, વેતન વગેરે સ્પષ્ટ રીતે જણાવતો લેખિત ઍપોઇન્ટમેન્ટ ઑર્ડર આપવાનું ફરજિયાત રાખવું અને સ્વીકૃતિપત્રમાં પણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

(૨) સ્ટાફના દરેક સભ્યનું પ્રોવિડંટ ફંડ જે તારીખથી નોકરીએ જોડાય ત્યારથી જ કાપવું અને કૉલેજનો ફાળો પ્રોબેશન પીરિયડ પૂરો થાય તે દિવસથી ઉમેરવો. પ્રોબેશનનો સમય ઍપોઇન્ટમેન્ટમાં સ્પષ્ટ જણાવવો.

(૩) એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જતા શિક્ષકોનો પ્રોવિડંટ ફંડનો હિસાબ જે કૉલેજમાં જાય ત્યાં ટ્રાન્સફર કરવો અને પ્રોવિડંટ ફંડનું સાતત્ય જળવાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) સ્ટાફના જે સભ્યો પગાર ચેકથી માંગે તેને પગાર ચેકથી આપવો.

(૫) કૉલેજનાં સ્ટાફના બધા સભ્યોને માટે દરેક માસના પગારનું કૉન્સોલિડેટેડ પે રજિસ્ટર રાખવું અને તે ઉપર પગાર મળ્યા બદલની પહોંચ નિયમિત લેવી.

(૬) સ્ટાફના કોઈ પણ સભ્યને સત્રની વચમાં છૂટા કરવા નહિ અને નિયત સમયની નોટિસ આપ્યા વગર છૂટા કરવા નહિ. સ્ટાફને છૂટા કરવાની નોટિસ સત્રના અંતે પૂરી થાય તેવી જ હોવાનું આવશ્યક રાખવું. આ નિયમની વિરુદ્ધ છૂટા કરવા હોય તેવા દરેક કેસમાં ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

તે જ રીતે સ્ટાફના સભ્યો પણ સત્રની અધવચ્ચે છૂટા કરવાની માંગણી કરી શકે નહિ અને અપવાદરૂપ સંજોગોમાં સત્રના અધવચમાં એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની જરૂર ઊભી થાય તો તે માટે ઉપકુલપતિશ્રીની લેખિત પરવાનગી મેળવવાનું આવશ્યક રાખવું.

(૭) એક કૉલેજના શિક્ષક બીજી કૉલેજમાં જોડાય ત્યારે જે કૉલેજમાં શિક્ષક જોડાય તે કૉલેજના આચાર્ય તે શિક્ષક તરફથી મળેલા સ્વીકૃતિપત્રની નકલ તેમાં તે શિક્ષકની સહી તથા કઈ તારીખથી તે કૉલેજમાં જોડાશે તેની માહિતી સાથે યુનિવર્સિટીને મોકલવી.

(૮) કોઈ શિક્ષક એક કૉલેજમાં નિમણૂકપત્ર સ્વીકારે ત્યાં ઓછામાં ઓછા એક સત્ર માટે નોકરી કરવી પડશે. તેમ કરવામાં નહિ આવે તો તેની શિક્ષક તરીકેની માન્યતા રદ કરવી. એ જ પ્રમાણે જે કૉલેજમાં કોઈ પણ શિક્ષકની નિમણૂક કરવામાં આવી હોય તેને ઓછામાં ઓછું એક સત્ર પૂરતા નોકરીમાં રાખવા કૉલેજને માટે ફરજિયાત રહેશે.

કોઈ પણ કૉલેજના શિક્ષકનો પ્રોબેશન સમય પૂરો થાય તે પહેલાં તેને કાયમ કરવામાં આવ્યા છે કે નહિ તેની લેખિત ખબર શિક્ષકને આપવાનો નિયમ કરવો. જે શિક્ષકને કાયમ કરવા બાબત લેખિત ખબર આપવામાં ન આવે તેઓને આપોઆપ કાયમ થયેલા ગણવા. પ્રોબેશન સમય બે વર્ષથી વધુ રાખી શકાશે નહિ. તેથી વધુ સમય માટે પ્રોબેશન સમય લંબાવવાની જરૂર પડે તો તે માટે યુનિવર્સિટીની પરવાનગી મેળવવી. પ્રોબેશન સમય દરમ્યાન પણ વર્ષ પૂરું થયે શિક્ષકને વાર્ષિક પગારવધારો આપવાનું ફરજિયાત રાખવું.

૨૧. પાર્ટ-ટાઈમ શિક્ષક માટેના વેતનના હાલના દરને બદલે નીચે મુજબ વેતન-દરો આપવા :

(૧) પાર્ટ-ટાઈમ ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટર ... ઓછામાં ઓછા માસિક રૂા. ૧૦૦

(૨) પાર્ટ-ટાઈમ લેક્ચરર ... ઓછામાં ઓછા માસિક રૂા. ૧૫૦

(૩) પાર્ટ-ટાઈમ પ્રોફેસર ... ઓછામાં ઓછા માસિક રૂા. ૨૦૦

૨૨. શિક્ષકોની માન્યતા આપતી વખતે નીચેની બાબતો પર ધ્યાન રાખવું :

(૧) ધંધાદારી ટ્યૂશન વર્ગો સાથે કોઈ પણ શિક્ષકે સીધો કે આડકતરો વ્યવહાર રાખવો નહિ.

(૨) કોઈ પણ શિક્ષકે બેથી વધુ ખાનગી ટ્યૂશનો કરવાં નહિ અને તે માટે જેનાં ટ્યૂશન અપાતાં હોય તે વિદ્યાર્થીઓનાં નામ-સરનામાં સહિતની માહિતી રજૂ કરી તે ટ્યૂશન કામ સ્વીકારવા અંગે આચાર્યની લેખિત પરવાનગી લેવી.

(૩) કોઈ પણ શિક્ષકે વિવરણો (ગાઈડ) લખવાં નહિ અને તેમ કરનાર શિક્ષકની માન્યતા રદ કરવી.

કૉલેજના આચાર્યો

૨૩. કોઈ પણ કૉલેજના આચાર્યને છૂટા કરવા હોય તો ઓછામાં ઓછા એક સત્રની નોટિસ આપવાનું આવશ્યક રાખવું અને આ નિયમમાં અપવાદ કરી કોઈ પણ આચાર્યને છૂટા કરવા હોય તો ઉપકુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

૨૪. કોઈ પણ કૉલેજના આચાર્યને પ્રથમ પદવી કક્ષાના શિક્ષણ માટે બીજી કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર કે લેક્ચરર તરીકે કામ કરવા પરવાનગી ન આપવી જોઈએ

ગ્રંથાલય તથા લેબોરેટરી

૨૫. ગ્રંથાલયમાં વિદ્યાર્થી સહાય પુસ્તકાલય વિભાગનાં પુસ્તકો માટે અલાયદાં કબાટો રાખવાં અને તે પુસ્તકોને કૉલેજના મુખ્ય ગ્રંથાલયમાં ઍફિલિયેશનની શરતરૂપે લેવાતાં પુસ્તકો જોડે મેળવવાં નહિ તેમ જ આ પુસ્તકોની ખરીદીનો હિસાબ પણ જુદો રાખવો.

૨૬. સામાન્ય રીતે પ્રમાણભૂત ન હોય તેવાં પુસ્તકોની એકથી વધુ નકલો રાખવી નહિ, પરંતુ જે તે વિષયનાં પ્રમાણભૂત પુસ્તકોની વધારે નકલો રાખી શકાશે.

૨૭. દરેક કૉલેજનું ગ્રંથાલય વિદ્યાશાખા દીઠ ઓછામાં ઓછું આઠ કલાક ઉઘાડું રહે તેવી વ્યવસ્થા કરવા કૉલેજોને ફરજ પાડવી જોઈએ.

૨૮. યુનિવર્સિટીએ દરેક વિષયની અભ્યાસસમિતિ પાસે પોતાના વિષય માટે ઓછામાં ઓછા બસો આધારભૂત ગ્રંથો જે દરેક કૉલેજના ગ્રંથાલયમાં હોવા જોઈએ તેની યાદી કરાવવી. તે ગ્રંથો બધી કૉલેજોમાં લેવાય તે જોવું. તે જ પ્રમાણે પ્રી-યુનિ. સાયન્સથી ટી.વાય.બી.એસસી.ના દરેક વિષયનાં લેબોરેટરીનાં જોઈતાં સાધન-સરંજામની વિગતો પણ જે તે વિષયની અભ્યાસસમિતિ પાસે તૈયાર કરાવી તે પ્રમાણેનાં સાધનો દરેક કૉલેજની લેબોરેટરીમાં આવે તેવી વ્યવસ્થા કરવી.

કૉલેજોની વિદ્યાર્થી સંખ્યા

૨૯. કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા અને વર્ગસંખ્યા અંગે નીચે મુજબ જોગવાઈ કરવી :

(૧) કોઈ પણ કૉલેજમાં લઈ શકાતા કુલ વિદ્યાર્થીઓ અંગે નીચેની જોગવાઈ કરવી :

(ક) એક વિદ્યાશાખાવાળી કૉલેજ ... વધુમાં વધુ ૧૫૦૦ વિદ્યાર્થીઓ

(ખ) બે વિદ્યાશાખાવાળી કૉલેજ ... વધુમાં વધુ ૨૦૦૦ વિદ્યાર્થીઓ, પરંતુ કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ૧૫૦૦થી વધવા ન જોઈએ.

(૨) જે કૉલેજોમાં બે વિદ્યાશાખા હોય તે બન્ને વિદ્યાશાખાઓ થઈને કોઈ પણ એક જ સ્તરના ક્લાસના (પ્રી-યુનિ., એફ.વાય., વગેરે) છથી વધુ વર્ગો થઈ શકે નહિ.

(૩) દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ની રાખવી પરંતુ તે ઉપરાંત ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની જોગવાઈ રાખવી નહિ.

(૪) ટ્યુટોરિયલ્સ માટેના એક વર્ગની વિદ્યાર્થીસંખ્યા વધુમાં વધુ ૪૦ રાખી શકાશે.

(૫) બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં આચાર્ય જે વિદ્યાશાખાના હોય તે સિવાયની બીજી વિદ્યાશાખાના એક પ્રોફેસરને ઉપાચાર્ય (વાઇસ-પ્રિન્સિપલ) તરીકે નીમવાનું ફરજિયાત રાખવું અને ઉપાચાર્યને

ઓછામાં ઓછું માસિક રૂા. ૫૦)નું ભથ્થું તેઓના પગાર ઉપરાંત આપવું. ઉપરોક્ત ૧-(અ)ના સૂચન અંગે સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય ગ. શાસ્ત્રીનો મત એવો હતો કે એ વિદ્યાશાખાવાળી કૉલેજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦ રાખવી જોઈએ અને કોઈપણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૦થી વધવી ન જોઈએ.

હૉસ્ટેલ

૩૦. દરેક કૉલેજની હૉસ્ટેલમાં મુલાકાતીઓને મળવા માટે અલાયદા રૂમની તથા વર્તમાનપત્રો-સામયિકો વગેરે સુવિધાવાળા રીડિંગ રૂમની વ્યવસ્થા હોવી જોઈએ.

પરીક્ષા

૩૧. યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓની બધી જ ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી પરીક્ષકોને રવાના કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવી જોઈએ અને આ દિશામાં ઘટતો પ્રારંભ થઈ શકે તે માટે અમદાવાદ કેન્દ્રમાં લેવાતી પરીક્ષાઓથી શરૂઆત કરવી જોઈએ.

૩૨. યુનિવર્સિટી તરફથી લેવાતી બધી જ પરીક્ષાઓના પરીક્ષાર્થીઓને કોડ નંબરો આપવા અંગે વિચારણા કરવી જોઈએ.

પ્રકીર્ણ

૩૩. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ પ્રેરણા પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ.

૩૪. અમદાવાદ પૂરતું વિષયોનું વિભાગીકરણ કરી જુદી જુદી કૉલેજો મર્યાદિત વિષયોના શિક્ષણનું સ્પેશિયાલાઈઝેશન કરે તે અંગે કોઈ પદ્ધતિ વિચારવી.

૩૫. જે વિષયો માટે અભ્યાસક્રમ નિયત થયો હોય પરંતુ કોઈ પણ કૉલેજમાં શીખવાતા ન હોય તેના શિક્ષણનો પ્રબંધ કરવા માટે વિચારવું.

પરિશિષ્ટ "બ"

અનુસ્નાતક શિક્ષણ અંગેની દેખભાળ સમિતિની ભલામણો

૧. હાલ જે વિષયો યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં શીખવવામાં આવે છે તે વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો અમદાવાદ શહેરની બીજી કૉલેજોમાં આપવામાં આવતાં નથી તે નીતિ પર પુનર્વિચારણા કરી જે કૉલેજો અનુસ્નાતક કેન્દ્ર અંગેના નિયમોનું સંપૂર્ણ પાલન કરે તેને કેન્દ્રો આપવા માટે વિચારવું અને આ અંગે નીચેની ભલામણોમાં દર્શાવ્યું છે તે રીતે અનુસ્નાતક કેન્દ્રો અંગેના નિયમને થોડા વધારે સખ્ત કરવા અને તેનું સંપૂર્ણ પાલન ન કરી શકે તેવાં કેન્દ્રો ચાલવા દેવાં નહિ.

આ સૂચન સાથે સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય ગ. શાસ્ત્રી સંમત ન હતા.

૨. દરેક કેન્દ્રમાં દાખલ કરાતા અનુસ્નાતક વિદ્યાર્થીઓની સંખ્યા પર નિયંત્રણ રાખવું. આ હેતુ માટે અનુસ્નાતક વર્ષના પહેલા વર્ષમાં દાખલ થતા વિદ્યાર્થીઓ અને સંસ્થાના પોતાના સ્ટાફ પર હોય એવા અનુસ્નાતક શિક્ષકો વચ્ચે ચોક્કસ પ્રમાણ (ratio) રાખવું. સમિતિ આ માટે દરેક

અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ દીઠ પંદર વિદ્યાર્થીઓના પ્રમાણની ભલામણ કરી છે. આ પ્રમાણે કોઈ પણ અનુસ્નાતક કેન્દ્ર માટે જોઈતા ઓછામાં ઓછા સ્ટાફ પૂરતું જ (બે પૂરા શિક્ષકો કે એક પૂરા શિક્ષક અને બે મદદનીશો) માન્ય રાખવું. જે કેન્દ્રમાં અનુસ્નાતક કેન્દ્ર ચલાવવા માટે જોઈતા ઓછામાં ઓછા સ્ટાફ ઉપરાંત કેન્દ્ર જ્યાં ચાલતું હોય તેના પર વધારાના માન્ય અનુસ્નાતક શિક્ષક સંસ્થાના સ્ટાફ પર હોય તો સૂચવેલા પ્રમાણમાં વધારાના વિદ્યાર્થીઓ દાખલ કરી શકાય, પરંતુ આવા વધારાના વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવવાનું રાખવું. આવા વધારાના અનુસ્નાતક શિક્ષક દીઠ લઈ શકાતા વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે યુનિવર્સિટીને યોગ્ય લાગે તો જ પરવાનગી આપવાનું રાખવું અને તે પરવાનગી વધારાના શિક્ષક રાખવાથી આપોઆપ મળી શકે નહિ તે કેન્દ્રોને સ્પષ્ટ જણાવવું.

અનુસ્નાતક અભ્યાસક્રમની બીજા વર્ષ માટે ઉપર જણાવ્યા મુજબ પહેલા વર્ષ માટે જે પ્રવેશ સંખ્યા નક્કી થાય તેનાથી ૧૦ ટકા જેટલા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવાનું રાખવું.

આ નિયમ માટે સંસ્થાના પોતાના સ્ટાફ પરના અનુસ્નાતક શિક્ષક કે મદદનીશો નીચેની જરૂરિયાતો સંતોષતા હોવા જોઈએ.

(૧) તે શિક્ષક સંસ્થામાં ઓછામાં ઓછા અઠવાડિયાના ૧૧ પીરિયડો લેતા હોવા જોઈએ.

(૨) તે શિક્ષક જે પદ પ્રોફેસર કે લેક્ચરર — પર હોય તે માટે નિયત થયેલો પુરો પગાર તેને મળતો હોવો જોઈએ.

(૩) તે શિક્ષક કૉલેજમાં કામના દિવસોએ ઓછામાં ઓછા ચાર કલાક હાજરી આપતા હોવા જોઈએ.

૩. કોઈ પણ અનુસ્નાતક વર્ગમાં એકી સાથે વિદ્યાર્થીઓની સંખ્યા ૭૫થી વધવી ન જોઈએ.

૪. દરેક અનુસ્નાતક કેન્દ્રમાં અઠવાડિયામાં ઓછામાં ઓછા ચાર દિવસ શિક્ષણકાર્ય થાય તેમ કરવું અને કોઈ પણ કામના દિવસે અનુસ્નાતક શિક્ષણનું કામ ઓછામાં ઓછા બે કલાક જેટલું થાય તેવી જોગવાઈ નિયમોમાં કરવી.

૫. અનુસ્નાતક શિક્ષણ માટે ટ્યુટોરિયલ પદ્ધતિ ફરજિયાત બનાવવી અને દરેક પ્રશ્નપત્ર દીઠ અઠવાડિયામાં ઓછામાં ઓછો એક ટ્યુટોરિયલ ફરજિયાત રાખવો. ટ્યુટોરિયલ માટેની વધુમાં વધુ વર્ગ સંખ્યા ૨૫ વિદ્યાર્થીની રાખવી અને ટ્યુટોરિયલ માટે પણ વ્યાખ્યાન માટે અપાય છે તે દરે અનુસ્નાતક શિક્ષકોને મહેનતાણું આપવાનું રાખવું.

૬. દરેક અનુસ્નાતક કેન્દ્રમાં સત્ર દીઠ એક એમ ઓછામાં ઓછા વાર્ષિક બે ટેસ્ટ લેવા અને દરેક ટેસ્ટના માર્ક યુનિવર્સિટીને ટેસ્ટ લેવાયા બાદ પંદર દિવસમાં મોકલી આપવા. આવા ટેસ્ટના માર્ક યુનિવર્સિટીની પરીક્ષાના પરિણામમાં મેળવવા નહિ, પરંતુ બંને ટેસ્ટ મળીને કુલ ૩૬ ટકા જેટલા ગુણ જે વિદ્યાર્થી ન મેળવી શકે તેનું યુનિવર્સિટીની પરીક્ષા માટેનું આવેદનપત્ર અટકાવવાની કેન્દ્રના નિયામકને સત્તા આપવી.

૭. વિજ્ઞાનના વિષયોના અનુસ્નાતક કેન્દ્રોમાં દરેક વિદ્યાર્થી માટે ઓછામાં ઓછા ત્રણ કલાકના એક એવા અઠવાડિયાના ત્રણ પ્રયોગો જેટલું પ્રાયોગિક કામ કરવાનું ફરજિયાત રાખવું. મહેનતાણા

માટે એક પ્રયોગનું કામ એ વ્યાખ્યાન જેટલું ગણવું. કોઈ પણ પ્રયોગ માટેની એક બેચમાં ૧૫થી વધુ વિદ્યાર્થીઓ લેવા નહિ.

૮. દરેક વર્ષની શરૂઆતમાં દરેક વિષયના ભવનના સીનિયર શિક્ષક તથા દરેક વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની સભા બોલાવી તેમાં આખા વર્ષ દરમ્યાન આખા યુનિવર્સિટી વિસ્તારને માટે તે વિષયમાં થનાર વ્યાખ્યાનો, ટ્યૂટોરિયલ તથા પ્રાયોગિક કામ માટેનો એક સરખો કાર્યક્રમ નક્કી કરવો અને તે પ્રમાણે શૈક્ષણિક કામ સમગ્ર યુનિવર્સિટી વિસ્તારમાં થાય તે માટે બધાં જ કેન્દ્રો તે કાર્યક્રમનો ચુસ્તપણે અમલ કરે તેમ કરવું. આવા વાર્ષિક કાર્યક્રમની નકલ જે તે વિષયના દરેક અનુસ્નાતક શિક્ષક અને વિદ્યાર્થીને વ્યક્તિગત પહોંચાડવી.

૯. દરેક અનુસ્નાતક કેન્દ્રનું ગ્રંથાલય અનુસ્નાતક કેન્દ્રનું શિક્ષણકામ થાય તે ઉપરાંત ઓછામાં ઓછું ચાર કલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ખુલ્લું રહે તેવી જોગવાઈ કરવી. અનુસ્નાતક ગ્રંથાલયનું કોઈ પણ પુસ્તક રજાના દિવસ સિવાય પુસ્તકાલયની બહાર વાંચવા આપવું નહિ.

૧૦. અનુસ્નાતક શિક્ષકોને સત્ર દીઠ આપી શકાતાં વધુમાં વધુ મહેનતાણાની રકમ સત્ર દીઠ રૂા. ૩૦૦ જેટલી કરવી.

૧૧. અનુસ્નાતક કેન્દ્રોને અપાતી વિદ્યાર્થી દીઠ સબસિડીની રકમ વધારવા અંગે વિચારણા કરવી.

૧૨. અનુસ્નાતક કેન્દ્રોમાં ઉઘરાવાતી સત્ર ફી સામાન્ય રીતે યુનિવર્સિટીને મોકલી આપવી પરંતુ દરેક કેન્દ્રને જે તે વર્ષના બજેટમાં શિક્ષકોના મહેનતાણાં મુસાફરી ખર્ચ વગેરે માટે ખરચાનારી રકમ તથા ઉપરાંત રૂા. ૫,૦૦૦ જેટલી રકમ કેન્દ્રમાં રાખવા દેવી. આ રકમ ઉપરાંતની રકમ તાત્કાલિક યુનિવર્સિટીમાં જમા કરાવવી તેવો નિયમ કરવો. કોઈ પણ સંજોગોમાં કેન્દ્ર પાસે બજેટના ખર્ચ ઉપરાંત રૂા. ૫,૦૦૦થી વધુ રકમ કેન્દ્રમાં રહેવી ન જોઈએ.

૧૩. અનુસ્નાતક કેન્દ્રોનું શિક્ષણકામ તથા સંચાલન યુનિવર્સિટીના ધોરણો અને નિયમો અનુસાર થાય તે માટે અનુસ્નાતક કેન્દ્રોની પણ અવાર નવાર તપાસ કરાવવાની જોગવાઈ કરવી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 264-375-6-67

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની એક વિશેષ સભા, રવિવાર, તા. ૧૮-૬-૧૯૬૭ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૮-૬-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, નાયબ શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. પી. આર. શેનોય	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ જોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રઘુદીવે	ગેરહાજર.

૧. તા. ૩/૪-૬-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની જૂન માસની સભા તથા તા. ૬-૬-૧૯૬૭ના રોજ મળેલી વિશેષ સભાના કામકાજની નોંધો મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૩/૪-૬-૧૯૬૭ના રોજ મળેલી જૂન માસની સભા તથા તા. ૬-૬-૧૯૬૭ના રોજ મળેલી વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. પ્રભુદાસ ઠક્કર કોમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના જોડાણની બાબતમાં રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના સચિવના તા. ૧૬ જૂન, ૧૯૬૭ના બે પત્રો ક્રમાંક યુ.જી.એફ. ૧૬૬૭-૪૩૨૯૩-બ પરત્વે વિચારણા કરવા બાબત.

લાંબાણ ચર્ચાવિચારણાને અંતે બહુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"જોકે તેની તા. ૨૯/૩૦ માર્ચ, ૧૯૬૭ની સભામાં ભારે બહુમતીથી કરેલા ઠરાવ છતાં તથા સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં કરેલા ઠરાવથી પ્રસ્તુત સરકારી નિર્ણયના પરિણામ વિષે સરકારનું ધ્યાન ખેંચ્યા છતાં પણ રાજ્ય સરકારે શ્રી. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજના સાયન્સ વિભાગને જોડાણ આપવાનો આખરે નિર્ણય કર્યો તે ઘટનાની સિન્ડિકેટની આ સભા ગંભીર ચિંતાની અને પુણ્યપ્રકોપ(utmost seriousness and resentment)ની લાગણી સાથે નોંધ લે છે અને સિન્ડિકેટના તા. ૩/૪-૬-૧૯૬૭ના ઠરાવનું પુનરુચ્ચારણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૪) હેઠળ કરવામાં આવેલી સર્વ કાર્યવાહી રાજ્ય સરકાર પાસેથી મેળવી વહેલામાં વહેલી તકે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવે."

૩. અમદાવાદ સાયન્સ કૉલેજની પ્રી-યુનિ. સાયન્સમાં કુલ્લે ૫ વર્ગો ખોલવા માટે પરવાનગી આપવા માટેની તે કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે ઉપકુલપતિશ્રીએ સ્પષ્ટતા કરી કે સદરહુ કૉલેજને એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.ના બે બે વર્ગો શરૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં પરવાનગી આપી હતી, પણ તે ઠરાવમાં ભૌતિકવિજ્ઞાનના મુખ્ય વિષયના વિદ્યાર્થીઓનો એક એક વર્ગ એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.નો રાખવો એમ ઠરાવવામાં આવેલું છે, પરંતુ હકીકતમાં સદરહુ કૉલેજને ભૌતિકવિજ્ઞાન મુખ્ય વિષય માટે જોડાણ મળેલું નથી અને તેથી તેમની કૉલેજમાંથી જ અનુક્રમે એફ.વાય.બી.એસસી.માં અને એસ.વાય.બી.એસસી માં ઉત્તીર્ણ થઈને આગળ જતા વિદ્યાર્થીઓને સમાવી શકાય તેવી દૃષ્ટિ ખ્યાલમાં રાખીને આ બેઉ વર્ગોમાં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના મુખ્ય વિષયો લેનાર વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે પરવાનગી આપવામાં આવી છે. સદરહુ બાબતનો નોંધ લઈને સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યું :

સદરહુ કૉલેજમાં પ્રી-યુનિ. વિજ્ઞાનનાં વધુ એક, એટલે કે, કુલ ચાર વર્ગો ખોલવા માટે પરવાનગી આપવી.

૪. પોતાની જ કૉલેજના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવા માટે ૧૫૦૦થી વધુ ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવા માટે એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું કે આ જ બાબત અંગે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ અને એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટના આચાર્યોના કાગળ પણ આવેલા છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઑર્ડિ. ૧૨૦-અ ના સંદર્ભમાં સદરહુ વિનંતી માન્ય કરી શકાય નહિ એમ જે તે કૉલેજના આચાર્યને જણાવવું.

(નોંધ.—ચાલુ વર્ષે એસ.વાય.બી.કૉમ.ના વિદ્યાર્થીઓને અમદાવાદની બહાર વિદ્યાભ્યાસ માટે જવું પડે નહિ તે દૃષ્ટિ ખ્યાલમાં રાખીને સભાગૃહે એમ મત વ્યક્ત કર્યો હતો કે જરૂર પડયે કોઈ કૉલેજને, ૧૫૦૦ વિદ્યાર્થીઓની મર્યાદામાં રહીને, સાંજના વર્ગો ચલાવવા માટે પરવાનગી આપીને પણ આવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાય તો તેમ કરવા માટે જે તે કૉલેજનો પ્રસ્તાવ આવ્યેથી ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી)

૫. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટની જે ભલામણો સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા માટે બાકી રહી તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ રિપોર્ટની ભલામણો નં. ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨ અને ૧૮ પર સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા કરવામાં આવી હતી તે સિવાયની ભલામણો પર વિચારણા કરવાની બાકી રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેનાં, યુનિવર્સિટીએ નિયત કરેલાં ધારાધોરણમાં જણાતી નીચેની સંદિગ્ધતાને અનુલક્ષીને વિચારણા કરવા બાબત:

(નોંધ.— વેકેશનના એક માસ અગાઉ છૂટા થતા શિક્ષકે ૧૫મી જૂનથી ૧૪મી ફેબ્રુઆરી સુધી કાર્ય કર્યું હોય તોપણ વેકેશન-પગાર માટે હકદાર થતા નથી; જ્યારે બીજા સત્રની શરૂઆતથી જોડાઈ ૧૪મી ફેબ્રુઆરીએ છૂટા થતા શિક્ષકને ૩૧મી માર્ચ સુધીનો પગાર મળી શકે. સંબંધકર્તા કંડિકાઓ નીચે પ્રમાણે છે:

"2 (*c*) If he has served for the major part of the Second term only he should be paid up to the 31st of March.

Provided always that —

(*b*) his appointment was not in a leave vacancy for fixed period, provided further that a teacher falling under category

(*a*) above shall not be entitled to be paid for the vacation, if his services are terminated at least one month prior to the commencement of the vacation."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજુ પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો / પરીક્ષકોનાં મહેનતાણાંના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી, જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ જેવા અધિકારી નીચે સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષાપદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષાને સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી, તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થીસંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હંમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher Courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

(૧) રટેન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગ્યા ઊભી કરવી નહિ.

(૨) એક્સ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢશિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

(૩) સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇકોફોનની વ્યવસ્થા કરવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોનાં કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. (૧) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારો ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાંથી બાદ થતાં ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના વિભાગોને લગતા ઑર્ડિ. ૫૭-એ ની કલમ ૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

O. 57-A :

In order to organise the youth welfare activities over all the colleges affiliated to the University, the University region will be divided into the following four areas, each area comprising of the colleges located in that area :

1. Ahmedabad, Ellisbridge Area : Comprising the colleges in Ahmedabad on the Western side of the Sabarmati.
2. Ahmedabad, City Area : Comprising the colleges in Ahmedabad situated on the Eastern side of the Sabarmati.
3. Northern Area : Comprising the colleges situated in Mehsana, Banaskantha, Sabarkantha and Kutch Districts and Viramgam, Dehgam and Sanand Taluka.
4. Southern Area : Comprising the colleges situated in Kaira, Panchmahals and Baroda Districts and Dholka, Dhandhuka and Daskroi Taluka.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઑર્ડિ. ૫૭-એની પેટાકલમ ૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(૨) યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિમાં ઑર્ડિ. ૫૭-અ, કલમ ૧ (૬) મુજબ બે સભ્યો સિન્ડિકેટે નિયુક્ત કરવાના હોય છે તે પૈકી એક સભ્ય પ્રા. હકૂમત દેસાઈ, સુરત એક નવી યુનિવર્સિટી થવાથી સભ્યપદે રહેતા નથી, તો તેમની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિમાં પ્રો. હકૂમત દેસાઈની ખાલી પડેલી જગ્યા પર આચાર્ય ડૉ. ધીરુભાઈ દેસાઈની તા. ૧૫-૬-૧૯૬૮ સુધી નિમણૂક કરવી.

૧૦. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓનો વિસ્તાર ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાંથી બાદ જતાં, યુનિવર્સિટી વિસ્તારના રમત વિભાગોને લગતો ઑ. ૧૫-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 15-A :

The entire Gujarat University area shall be divided into zones as under and each zone will form its Zonal Sports Committee :

1. The Ahmedabad Zone with jurisdiction over the Ahmedabad City Area.

2. The North Zone with jurisdiction over the districts of Panchmahals, Mehsana, Banaskantha, Sabarkantha, Ahmedabad (excluding Ahmedabad City), Kaira (excluding the area under the jurisdiction of the Sardar Patel University, Vallabh Vidyanagar), Baroda (excluding the area under the jurisdiction of the M. S. University, Baroda) and Kutch.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

તે પછી સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું હતું અને બાકીની બાબતો વિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ.

૧૧. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને સીનિયર સર્ટિફિકેટ કોર્સના અભ્યાસક્રમનું શિક્ષણ ચાલુ રાખવા માટે તથા જુનિયર સર્ટિફિકેટ કોર્સનો અભ્યાસક્રમ શીખવવા મંજૂરી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા જે કૉલેજોને આ અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવામાં આવે તેને તે પરવાનગી કેટલા વખત સુધી આપવી તેનું ધોરણ નક્કી કરવા બાબત.

૧૨. "એશિયન એન્ડ પેસિફિક સોસાયટી ઑફ હેમેટોલોજી"ની પાંચમી પરિષદ તા. ૧૪થી ૧૭ નવેંબર ૧૯૬૭ દરમિયાન નવી દિલ્હી મુકામે મળનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિષદના મંત્રી તરફથી આવેલ તા. ૨૦-૫-૧૯૬૭ના પત્રાંક ૧૦૬ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તબીબી વિદ્યાશાખાના ડીને પેથોલોજી કે મેડિસિનના શિક્ષકને મોકલવા ભલામણ કરી છે.)

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ગાંધી તા. ૩૧-૫-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે તો તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. ગાંધી તા. ૨૧-૫-૧૯૬૬થી યુનિવર્સિટીમાં જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયેલ છે.)

૧૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એલ. પટેલ તા. ૩૧-૫-૧૯૬૭થી ભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેમની તા. ૩૧-૫-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧૩-૪-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૭ના રોજથી છૂટા થયેલ છે.)

૧૫. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. વી. જોષીના અજમાયશી સમય તા. ૩૦-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૩૧-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આર. એચ. પટેલનો અજમાયશી સમય તા. ૩૧-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૧-૯-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત

૧૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. આર. નાયરનો અજમાયશી સમય તા. ૨૧-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૨૨-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧૮. યુનિવર્સિટી પ્રેસમાં બૉલરમૅન તરીકે કામ કરતા શ્રી. એમ. બી. પન્નાનો અજમાયશી સમય તા. ૨૯-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૩૦-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧૯. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાશી ઉપર પૉલિશ્ડ લાદીનું ફ્લોરિંગ કરવા માટે આવેલાં પાંચ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. ઓલ્વિન કૉન્ક્રીટ બ્લૉક્સ ઍન્ડ ટાઇલ્સ મેન્યુ. કું.નું રૂા. ૧૯,૮૦૦નું ટેન્ડર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

નં. સિં. / ૦૧૪૪૬૨ / ૧૯૬૭.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

જૂન ૨૩, ૧૯૬૭.
અષાડ ૨, ૧૮૮૯ (શક).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જુલાઈ માસની સભા, શનિવાર, તા. ૧-૭-૧૯૬૭ના રોજ બપોરના ૧-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, ઉપકુલપતિ	હાજર
૨.	શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. તા. ૧૮-૬-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૮-૬-૧૯૬૭ના રોજ મળેલી જૂન માસની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના રિપોર્ટની જે ભલામણો સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા માટે બાકી રહી તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ રિપોર્ટની ભલામણ નં. ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨ અને ૧૮ પર સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા કરવામાં આવી હતી. તે સિવાયની ભલામણો પર વિચારણા કરવાની બાકી રહેલ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટની અનુસ્નાતક શિક્ષણ અંગેની ભલામણો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

તે પછી સદરહુ સમિતિના રિપોર્ટની જે ભલામણો (નં. ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨ અને ૧૮) પર સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા કરવામાં આવી હતી તે સિવાયની બાકીની ભલામણો પરની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩. સંલગ્ન કૉલેજોને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લગતી બિનસલામતીની બાબતના સંદર્ભમાં સેનેટ સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત, ઉપર બાબત નં. ૨માં જણાવેલી બાકી રહેલી ભલામણોની સાથે વિચારણા માટે મોકૂફ રાખવી.

૪. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના યુનિવર્સિટીએ નિયત કરેલાં ધારા-ધોરણમાં જણાતી નીચેની સંદિગ્ધતાને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

[નોંધ.—વેકેશનના એક માસ અગાઉ છૂટા થતા શિક્ષક, ૧૫મી જૂનથી ૧૪મી ફેબ્રુઆરી સુધી કાર્ય કર્યું હોય તોપણ, વેકેશન પગાર માટે હકદાર થતા નથી; જ્યારે બીજા સત્રની શરૂઆતથી જોડાઈ ૧૪મી ફેબ્રુઆરીએ છૂટા થતા શિક્ષકને ૩૧મી માર્ચ સુધીનો પગાર મળી શકે.]

સંબંધકર્તા કંડિકાઓ નીચે પ્રમાણે છે :

If he has served for the major part of the second term only, he should be paid up to the 31st of March:

Provided always that—

(*b*) his appointment was not in a leave vacancy for fixed period, provided further that a teacher falling under

category (*a*) above shall not be entitled to be paid for the vacation, if his services are terminated at least one month prior to the commencement of the vacation.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને છૂટા કરવા કે થવા માટેની નોટિસ અંગેનાં ધારાધોરણ પર સમગ્ર રીતે પુનર્વિચારણા કરવા માટે આ બાબત હવે પછીની સિન્ડિકેટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

અનુસ્નાતક શિક્ષણ

૧. અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

૨. અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

૪. અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

૫. અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેની યોજના વિચારવી જોઈએ.

૬. અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

૧. પ્રાધ્યિકો-પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.

૨. પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

૩. પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ જેવા અધિકારી નીચે સુવ્યવસ્થિત બનાવવું.

૪. ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

૫. હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓને વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે તેવા સુધારા પરીક્ષાપદ્ધતિમાં કરવા જોઈએ.

૬. પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

૧. સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.
૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.
૩. ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

૧. શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.
૨. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષા ને સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.
૩. ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી, તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.
૪. શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher Courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

૧. સ્ટાન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.
૨. પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોનાં જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.
૩. યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.
૪. અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

૧. નવા અધિકારીઓની જગા ઊભી કરવી નહિ.
૨. એક્સ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢ શિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.
૩. સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇકોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.
૪. સેનેટ હૉલમાં સભ્યોનાં કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.
૫. સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને સીનિયર સર્ટિફિકેટ કોર્સના અભ્યાસક્રમનું શિક્ષણ ચાલુ રાખવા માટે તથા જુનિયર સર્ટિફિકેટ કોર્સનો અભ્યાસક્રમ શીખવવા મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા જે કૉલેજોને આ અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવામાં આવે તેને તે પરવાનગી કેટલા વખત સુધી આપવી તેનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીના સર્ટિફિકેટ કોર્સના અભ્યાસક્રમનું શિક્ષણ આપવા માટે જે કૉલેજો/ભવનને પરવાનગી આપવામાં આવી છે તેને તે પરવાનગી તા. ૧૫મી જૂન ૧૯૬૭થી ત્રણ વર્ષ માટે ચાલુ રાખવી.

૭. "Asian and Pacific Society of Haematology"ની પાંચમી પરિષદ તા. ૧૪થી ૧૭ નવેંબર ૧૯૬૭ દરમિયાન નવી દિલ્હી મુકામે યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ પરિષદના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૨૦-૫-૧૯૬૭ના પત્રાંક ૧૦૬ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તબીબી વિદ્યાશાખાના ડીને પેથોલોજી કે મેડિસિનના શિક્ષકને મોકલવા ભલામણ કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એમ. એસ. કાન્વિન્દેની નિમણૂક કરવી.

૮. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની ૪૨મી વાર્ષિક સભાના નીચેના ઠરાવો પર વિચારણા કરવા બાબત :

V·1 :

"That desirability of constituting an Inter-University Accreditation Body to maintain standards of education in the universities be considered."

(Punjab Agricultural University)
(Appendix IX)

It was noted that the term "accreditation" as used in the American context was not strictly applicable to the Indian conditions. In India a university is created by an Act of the legislature either Central or State, and, so, when a university applies for the membership of the Board it is, legally speaking, already in existence. Its being accepted by the Board as a member however marks a decisive step in its establishment as a centre of learning. For the last several years the IUB has been following certain procedures in this behalf. What is necessary now is to enlarge and strengthen this procedure so that every member-university conforms

to what the Inter University Board regards as the minimum conditions of acceptability for membership.

(*a*) An integral part of the above formulation is that a university once having become a member should consistently continue to operate on the same level of academic competence and autonomous working on which it operated at the time of its initial membership of the Board. There can be cases where the IUB might have to tell a university that certain developments in its working and organisation, both administrative and academic, call for a review of the earlier decision regarding its membership.

(*b*) This whole issue is also bound up with the statutory responsibility of the University Grants Commission to co-ordinate and maintain standards. Co-ordination between the IUB and the UGC in this matter as in other matters is imperative and steps ought to be taken to see that such co-ordination and collaboration is ensured at an early date and in an effective manner.

(*c*) Since the concept of accreditation also represents a certain measure of self-scrutiny and self-evaluation it be resolved that every year every member-university makes a report to the IUB with regard to two things [*a*] the progress made by it in the implementation of the recommendations made by various Review Committees appointed by the U.G.C. from time to time, and [*b*] reasons for divergence, if any, from the norms laid down by the Review Committees.

RESOLVED FURTHER that these reports be consolidated and presented to the Board every year for consideration and such recommendations as the Board may like to make.

VIII(4):

To consider the following recommendations of the Education Commission in Para No. 13–46 of the Report reproduced below:

"*13–46. Convocations:* We would like to make a comment on the convocation functions in our universities and colleges, as at present organized. The degrees are conferred on students *en masse* and provide little sense to real participation to them and do not, therefore, serve much useful purpose. A reform in its ritual and procedure appears to be

necessary. The IUB would do well to appoint a committee to go into the various aspects of this matter including the question of academic dress. The hood and gown are inconvenient and even incongruous in the Indian setting and climate. We note that many countries e.g., the U.S.S.R. and Japan, do not require any particular academic dress to be worn by new graduates receiving degrees at a convocation."

(Ministry of Education)

RESOLVED that the matter be referred to universities for suitable action.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સદરહુ બૉર્ડની ૪૨મી વાર્ષિક સભાના ઠરાવ નં. ૫ (૧)ની બાબતમાં સિન્ડિકેટની આ સભા સૈદ્ધાંતિક રીતે સંમત છે.

(૨) સદરહુ બૉર્ડની ભલામણ નં. ૮(૪)ની બાબતમાં આ યુનિવર્સિટીના પદવીદાન સમારંભો અને સ્નાતકોના એકેડેમિક કૉસ્ટ્યૂમની બાબતમાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેની સદરહુ બૉર્ડને જાણ કરવી.

૯. મેડિકલ કૉલેજોનાં "પીરિયોડિકલ ઇન્સ્પેકશન" માટે જે તે વિષયની પ્રાયોગિક પરીક્ષાઓની તારીખો ત્રણ માસ અગાઉ નક્કી કરી મોકલી આપવા અંગેના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સચિવના સૂચન પરત્વે તબીબી વિદ્યાશાખાના ડીન ડૉ. એમ. ડી. દેસાઈ તરફથી તા. ૨૬-૪-૧૯૬૭ના પત્રથી આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ તરફથી મેડિકલ કૉલેજોની તપાસ થવાની હોય ત્યારે શક્ય હોય ત્યાં સુધી ત્રણ માસ અગાઉ પ્રાયોગિક પરીક્ષાની તારીખ નક્કી કરવાનું સૂચન મંજૂર રાખવું.

૧૦. પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ માટેની કન્વેન્શન્સ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા મેડિકલ ફૅકલ્ટીની તા. ૨૮-૪-૧૯૬૭ની સભાએ સિન્ડિકેટને ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

૧૧. મેડિકલ ફૅકલ્ટીની તા. ૨૮-૪-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

1. As the Factotum in Medical Faculty examinations is paid remuneration for the days of theory examination only and as he is required to work in Practical i.e. till the theory examination and practicals are over, it is resolved to recommend that the remuneration of the Factotum should be based on number of days of theory

examination and at the rate of Rs 5/- per day on the Practical Examination day if he is so required to work.

2. Resolved to recommend that one Junior Supervisor should be appointed for 30 students for Post-graduate Medical examinations looking to the work to be carried out by Junior Supervisor regarding reports, etc., as there are various branches for M.D. and M.S. Examinations.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયની નોંધ સાથે ફરીથી રજૂ કરવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય એકતા સમિતિઓ રચવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૩૦-૫-૧૯૬૭ના પત્રાંક એફ. ૧-૨૧-૬૭ (સીડીએન) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય એકતા સમિતિ રચવા અંગેની સદરહુ યોજના સ્વીકારવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એમ. ગાંધી તા. ૩૧-૫-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે તો તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ગાંધી તા. ૨૧-૫-૧૯૬૬થી યુનિવર્સિટીમાં જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયેલ છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. ગાંધીને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૪. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એલ. પટેલ તા. ૩૧-૫-૧૯૬૭થી ભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થયેલા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૩૧-૫-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. પટેલ તા. ૧૩-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૬૭ના રોજથી છૂટા થયેલ છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એલ. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળાની જગ્યાએ કામ કરતા શ્રી. એસ. એમ. રાઠોડને તા. ૧૫-૭-૧૯૬૬થી ભવનના સમય બાદ છૂટા કરવામાં આવેલા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત આપવા અંગે તેમની તા. ૯-૬-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. રાઠોડ તા. ૧-૧-૧૯૬૫થી જોડાયા હતા અને તા. ૧૫-૭-૧૯૬૬થી તેમને છૂટા કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એમ. રાઠોડને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. વી. જોષીના અજમાયશી સમય તા. ૩૦-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૩૧-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એસ. વી. જોશીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જોશીને યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્કની જગ્યા પર તા. ૩૧-૮-૧૯૬૭થી કાયમ કરવા.

૧૭. યુનિવર્સિટી પ્રેસમાં બોલરમેન તરીકે કામ કરતા શ્રી. એમ. બી. પન્નાનો અજમાયશી સમય તા. ૨૯-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૩૦-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. બી. પન્નાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિશેષ તપાસ કરીને કાર્યાલયે તે ફરી રજૂ કરવો.

૧૮. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આર. એચ. પટેલનો અજમાયશી સમય તા. ૩૧-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૧-૯-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત

શ્રી. આર. એચ. પટેલની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને સમાજવિદ્યા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગા પર તા. ૧-૯-૧૯૬૭થી કાયમ કરવા.

૧૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. આર. નાયરનો અજમાયશી સમય તા. ૨૨-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૨૨-૮-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. બી. આર. નાયરની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને મનોવિજ્ઞાન ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગા પર તા. ૨૨-૮-૧૯૬૭થી કાયમ કરવા.

૨૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક/પરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૫-૬-૧૯૬૭ તથા તા. ૨૨-૬-૧૯૬૭ના રોજ બપોરના ૪-૩૦ વાગ્યે મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૬-૧૯૬૭ અને તા. ૨૨-૬-૧૯૬૭ની સભાઓની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

(૧) તા. ૫-૬-૧૯૬૭ની સમિતિના કામકાજ નં. ૧૫ પરની ભલામણ મંજૂર કરવી અને તે બાબતમાં વિશેષ કાંઈ કરવાની જરૂર છે કે કેમ તે અંગે ડૉ. પી. સી. વૈદ્યનો અભિપ્રાય મેળવીને ઘટતો નિર્ણય કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) તા. ૫-૬-૧૯૬૭ની સદરહુ સમિતિની બાબત નં. ૧૬ અંગે ચાલુ વર્ષે પરીક્ષક તરીકે શ્રી. પી. ટી. છાયાની નિમણૂક રદ કરવામાં આવી તેની કાર્યાલયે જાણ કરતાં તે બાબતની નોંધ લેવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે તેમને વધુ બે વર્ષ સુધી આ યુનિવર્સિટીમાં પરીક્ષક કે પાશ્નિક તરીકે નીમવા નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષામાં ગેરવાજબી ઇલાજો વાપરતાં પકડાય તે વિદ્યાર્થીઓ પૈકી કોને કયા સંજોગોમાં ચાલુ પરીક્ષાએ ઉઠાડી મૂકવા તે અંગેનાં ધારાધોરણો ઉપર સમગ્ર રીતે પુનર્વિચારણા કરવા માટે પરીક્ષાશુદ્ધિ સમિતિને જણાવવું.

(સદરહુ સમિતિઓની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૨૧. પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષકોએ પરીક્ષા શરૂ થાય તે અગાઉ એક દિવસ પરીક્ષાના કેન્દ્ર ઉપર હાજર રહેવાનું હોય છે, પરંતુ નિયમ પ્રમાણે ફક્ત પરીક્ષાના દિવસોનું દૈનિક ભથ્થું આપવામાં આવે છે તેથી આ નિયમ પર પુનર્વિચારણા કરવા બાબત.

નિયમ નં. ૧૩ નીચે પ્રમાણે છે :

"Examiners conducting practical, oral, clinical, term-work and viva-voce examinations, shall be paid H. A. for the days of practicals, etc. (including intervening holidays) at the rate of Rs. 7-50 Paise per day."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ નિયમમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ડૉ. તારાબહેન પટેલને તેઓના અમેરિકાના રહેઠાણ દરમિયાન કેટલી ફેલોશિપ મળશે તે પુછાવતાં તેમના તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. તારાબહેનને જવાઆવવાના ખર્ચ ઉપરાંત માસિક ૨૦૦ ડૉલરનું ભથ્થું મળશે એમ તેમણે જણાવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનનાં રીડર ડૉ. તારાબહેન પટેલને સિન્ડિકેટની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં બાબત નં. ૭૬થી ઠરાવ્યા પ્રમાણે એક વર્ષની જે રજા મંજૂર કરવામાં આવી છે તે રજા તેમને તેમનો મૂળ પગાર (basic pay) ચાલુ રાખીને આપવી; પરંતુ તેમને તે સમય દરમ્યાન કોઈ પણ પ્રકારનાં ભથ્થાં આપવાં નહિ.

(નોંધ.—તેમની આ રજાઓ અંગેની બીજી શરતો સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં મંજૂર કરી છે તે મુજબ ચાલુ રહેશે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોના શિક્ષકોને પૂરા પગારે અભ્યાસ-રજા આપવાની જે પ્રથા પડી છે તે હવે પછી બંધ કરવી અને પ્રત્યેક કેસમાં તેના ગુણદોષ પર વિચારણા કરીને વિચારણા કરવાનું રાખવું.

૨૩. ફાઇનાન્સ સમિતિની તા. ૨૦-૬-૧૯૬૭ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જુલાઈ, ૧૯૬૭થી એક વર્ષ માટે કેન્ટીન ચલાવવાનો કૉન્ટ્રાક્ટ શ્રી. ગિરધારીલાલને તેઓએ ટેન્ડરમાં ભરેલા ભાવમાં *પરિશિષ્ટ "અ"માં જણાવ્યા પ્રમાણે સુધારો સ્વીકારે એ શરતે આપવો."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેન્ટીન ચલાવવાનો કૉન્ટ્રાક્ટ શ્રી. ગિરિધારીલાલને તા. ૧લી જુલાઈ ૧૯૬૭થી આપવો, અને જુદાં જુદાં ખાદ્યો અને તે માટેના જે દર સમિતિએ સૂચવ્યા છે તે નીચેના ફેરફાર સાથે મંજૂર કરવા :

કોકાકોલા	૦-૩૫ પૈસા
ફેન્ટા સોડા	૦-૩૫ પૈસા
ફેન્ટા ઑરેન્જ	૦-૩૫ પૈસા.

૨૪. સિન્ડિકેટ સભ્ય રો. એ. એમ. ત્રિવેદીનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) "રૂા. ૧૦૦ સુધીના ચેક પર યુનિવર્સિટીના હિસાબનીશ અને ડે. રજિસ્ટ્રારની સહી કરવામાં આવે.

(૨) રૂા. ૧૦૦થી ઉપરના તથા રૂા. ૧,૦૦૦થી નીચેની રકમના ચેકો પર યુનિવર્સિટીના હિસાબનીશ તથા યુનિવર્સિટીના રજિસ્ટ્રારની સહી કરવામાં આવે.

(૩) રૂા. ૧,૦૦૦થી ઉપરની રકમ પર હાલની પ્રથા મુજબ શ્રી. રજિસ્ટ્રાર તથા ઉપકુલપતિશ્રી/સિન્ડિકેટ સભ્યની સહી કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના નીચેના ચાલુ હિસાબો :

૧. સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., ભદ્ર, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ફંડ એ./સી.
૨. બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ફંડ એ./સી.
૩. બૅન્ક ઑફ બરોડા લિ., નવરંગપુરા, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ફંડ એ./સી.
૪. બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મકાન એ./સી.
૫. બૅન્ક ઑફ ઇન્ડિયા લિ., નવરંગપુરા, અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી અંકિત (earmarked) ફંડ એ./સી.

નીચેની વ્યક્તિઓમાંથી કોઈ પણ બે વ્યક્તિઓની સંયુક્ત સહીથી લેવડદેવડ થશે :

શ્રી. ઉમાશંકર જે. જોષી,	ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી
શ્રી. જે. આર. દેસાઈ,	સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી

* સામેલ નથી.

શ્રી. એમ. સી. દેસાઈ, સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી
શ્રી. બી. આર. શેનોય, સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી
શ્રી. એ. એમ. ત્રિવેદી, સિન્ડિકેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી
શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી.

ઉપરની જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે —

[૧] (અ) રૂા. ૧,૦૦૦થી વધુ રકમના ન હોય તેવા ચેક અને ઉપાડ માટે નીચેની વ્યક્તિઓની સંયુક્ત સહીઓ ચાલશે :

(૧) શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી
(૨) શ્રી. બી. એમ. પટેલ, હિસાબનીશ, ગુજરાત યુનિવર્સિટી

(બ) રૂા. ૨૦૦થી વધુ રકમના ન હોય તેવા ચેક અને ઉપાડ માટે નીચેની વ્યક્તિઓની સંયુક્ત સહીઓ ચાલશે :

(૧) શ્રી. એસ. પી. મેઢ, નાયબ-રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી
(૨) શ્રી. બી. એમ. પટેલ, હિસાબનીશ, ગુજરાત યુનિવર્સિટી.

[૨] વધુમાં ઠરાવવામાં આવે છે કે રજિસ્ટ્રાર, નાયબ-રજિસ્ટ્રાર અને હિસાબનીશનો હોદ્દો ધરાવતી વ્યક્તિઓ બદલાય તો જે કંઈ ફેરફાર થાય તેની જાણ સંબંધિત બૅન્કોને કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે અને તેમ થયેથી જે તે વ્યક્તિ તે હોદ્દાની હેસિયતથી ચેકો પર, ઉપર [૧]ની મર્યાદામાં સહી કરી શકશે.

[૩] વધુમાં ઠરાવવામાં આવે છે કે રૂા. ૨૦૦ કે તેથી ઓછી રકમનાં બિલો ચુકવણી માટે નાયબ-રજિસ્ટ્રાર મંજૂર કરી શકશે.

૨૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ "ઉચ્ચ શિક્ષણના મૂલ્યાંકન" અંગેના રિપોર્ટ પર અભિપ્રાય આપવા માટે ઉપકુલપતિશ્રીએ નીમેલી સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અૅકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૬. "Co-ordinate Solid Geometry" by R. J. T. Bellના ગુજરાતી અનુવાદ માટે પ્રો. જી. ટી. શાહ સાથે કરેલ કરારમાં મહેનતાણા અંગે રૉયલ્ટીનો સ્વીકાર કર્યો હતો, પરંતુ હવે તેમણે રૉયલ્ટીના બદલે પાનાં દીઠ મહેનતાણા અંગેનો વિકલ્પ બદલી આપવા કરેલી વિનંતી પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. જી. ટી. શાહ સાથે કરેલ કરારમાં મહેનતાણા અંગે રૉયલ્ટીનું ધોરણ રદ કરીને તેમને રૉયલ્ટીને બદલે પાના દીઠ રૂા. ૬-૦૦ લેખે મહેનતાણું આપવાનો વિકલ્પ મંજૂર કરવાની તેમની વિનંતી સ્વીકારવી અને તે અનુસાર કરારનામામાં ઘટતો સુધારો કરવા માટે શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપવી.

૨૭. બાંધકામ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૭ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૮. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) જૂન ૧૯૬૭થી ચાલુ અને/અથવા વધારાના જોડાણ અંગે આવેલ જોડાણઅરજીઓ પર નીચે જણાવેલ કૉલેજોએ જોડાણની શરતોનું પરિપાલન કર્યાનો રિપોર્ટ કરીને જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

૧. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૨. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩. સાયન્સ કૉલેજ, કડી
૪. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ
૫. ભવન્સ કૉલેજ, ડાકોર
૬. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૭. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૮. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૯. ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી
૧૦. નવગુજરાત કૉમર્સ એન્ડ લા કૉલેજ, અમદાવાદ
૧૧. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ
૧૨. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા;

(૨) રે. જન.-૧ અનુસાર કૉલેજોએ મોકલેલ આંતરિક ગુણમાં સુધારો કરાવવાની તા. ૧૫-૪-૧૯૬૭ હતી તે ચાલુ વર્ષે, ગુણપત્રકો મોકલવામાં થયેલા વિલંબને અનુલક્ષીને તા. ૩૦-૪-૧૯૬૭ સુધીમાં આવેલા સુધારા માન્ય કર્યાના;

(૩) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	વિદ્યાશાખા	પદવી
૧.	શ્રી. ડી. એમ. ભાવસાર	શિક્ષણશાસ્ત્ર	વિનયન	પીએચ.ડી.
૨.	શ્રી. એચ. ટી. ઠક્કર	ગુજરાતી	વિનયન	,,
૩.	શ્રી. પી. એસ. સતપંથી	રસાયણવિજ્ઞાન	વિજ્ઞાન	,,
૪.	શ્રી. કે. રામાનુજ રાવ	ભૌતિકવિજ્ઞાન	વિજ્ઞાન	,,
૫.	શ્રી. એ. એસ. દિવેટિયા	રસાયણવિજ્ઞાન	વિજ્ઞાન	,,

(૪) સિન્ડિકેટની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં બાબત ક્રમાંક ૮ પર થયેલા ઠરાવમાં ઑર્ડિ. ૧૨૮-બીની જગ્યાએ ઑર્ડિ. ૧૨૮-એ છપાયું હોવાથી તે છાપભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૯. પ્રભુદાસ હકકર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ગુજરાત યુનિવર્સિટી સાથેનું ચાલુ જોડાણ તા. ૧૫મી જૂન ૧૯૬૭થી તા. ૧૪મી જૂન ૧૯૬૮ સુધીના એક વર્ષના સમય માટેનું મંજૂર કરતા શિક્ષણ અને મજૂર વિભાગ, અમદાવાદના તા. ૨૩-૬-૧૯૬૭ના સરકારી જાહેરાતનામા ક્રમાંક ધ.શા. ૬૨૧-યુ.જી.એફ. ૫૬૬૭-અ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને રાજ્યસરકાર પાસેથી યુનિવર્સિટી કાર્યાલયના તા. ૧૯-૬-૧૯૬૭ના પત્રથી જે માહિતી મગાવી છે તે માહિતીની રાહ જોવી. દરમ્યાન સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૦. આગામી નાતાલની રજાઓમાં ઇન્ડિયન ઇકોનોમિક એસોસિયેશનનું સુવર્ણ અધિવેશન મદ્રાસ મુકામે યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈ સભ્યની નિમણૂક કરવા તથા આર્થિક સહાય કરવા સદરહુ મંડળના ચેરમેનના તા. ૧૦મી જૂન ૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના સુવર્ણ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એન. બી. નાયકની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનની સુવર્ણજયંતીનો પ્રસંગ ઊજવાય છે તે વિશિષ્ટ હકીકતને ધ્યાનમાં લઈને તેને રૂા. એક હજારની આર્થિક સહાય મંજૂર કરવી.

૩૧. યુનિવર્સિટીના કોઈ પણ શિક્ષકને કે જેમની જગ્યા પર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ગ્રાન્ટ આપે છે તેમને અભ્યાસ-રજા આપતાં અગાઉ યુ.ગ્રા.ક.ની અનુમતિ મેળવવાનું સૂચવતા યુ.ગ્રા.ક.ના તા. ૬-૬-૧૯૬૭ના પત્રાંક એફ. ૪૨-૧૩-૫૬ (એચ.) પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ડૉ. પી. એચ. પ્રભુને અમેરિકા જવા માટે તા. ૨૩-૮-૧૯૬૧થી તા. ૧૪-૬-૧૯૬૨ સુધીની જે અભ્યાસ-રજા સિન્ડિકેટે તેની તા. ૮-૭-૧૯૬૧ની સભામાં થયેલ ઠરાવ પ્રમાણે આપેલી, તે અંગે ઑડિટ-વાંધો એ હતો કે આ અંગે યુ.જી.સી.ની અગાઉથી અનુમતિ મેળવવાની જરૂર હતી. આ બાબત સિન્ડિકેટની તા. ૨-૮-૧૯૬૫ અને તા. ૮-૧-૧૯૬૬ની સભામાં રજૂ કરવામાં આવી હતી, જે પર સિન્ડિકેટે ઠરાવેલ કે યુનિવર્સિટી એ સ્વાયત્ત સંસ્થા હોઈ, તેના સેવકોને રજા આપવાની બાબતમાં યુ.જી.સી.ની કે બીજી કોઈ સંસ્થાની અનુમતિ મેળવવાની આવશ્યકતા રહેતી નથી. તેમ છતાં સરકારી ઑડિટનો વાંધો ચાલુ રહ્યો હતો અને આખરે ઑડિટે આ બાબતની જાણ યુ.જી.સી.ને કરેલ, જેનો આપણે તા. ૧૦-૫-૧૯૬૭ના રોજ યુ.જી.સી.ને જવાબ આપી અને તેની પોસ્ટ-ફેક્ટો મંજૂરી આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જે માહિતી માગી છે તે માહિતી મોકલી આપવી, અને યુનિવર્સિટીના કર્મચારીઓને રજા આપવાની બાબતમાં યુનિ. ગ્રાન્ટ્સ કમિશન કે અન્ય કોઈ સત્તામંડળની મંજૂરી અગાઉથી મેળવવી તે યુનિવર્સિટીની સ્વાયત્તતાના સંદર્ભમાં આવશ્યક નથી એમ આ સિન્ડિકેટનો અભિપ્રાય છે. આ અભિપ્રાયને અનુલક્ષીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ઘટતો જવાબ આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી કૉલેજો પૈકી જે કૉલેજોએ જૂન ૧૯૬૭થી ચાલુ/વધારાના/કાયમી જોડાણ માટે અરજી કરી છે તે અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનની બાબતમાં જે કૉલેજોમાં તેમનાં નામ સામે રહેલી ઊણપો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણની શરતોના પરિપાલન અંગે કાર્યાલયે આગ્રહ ચાલુ રાખવો અને જે કેસોમાં શરતોના પરિપાલનમાં કાર્યાલયને ગંભીર ઊણપ કે ઊણપો જણાય તે કેસો દેખભાળ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી રજની પારેખ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના વિદ્યાર્થીઓ ઉપરના સંજોગોમાં યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેઠા છે તેને ધોરણસર ગણીને (regular કરીને) તે કાર્યને મંજૂર રાખવું.

તે પછી સભાગૃહની સંમતિથી અને પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૩૨(૧). પ્રી-યુનિવર્સિટી કક્ષાનો પાંચમો વર્ગ કાઢવા માટે પરવાનગી આપવાની અમદાવાદ સાયન્સ કૉલેજની વિનંતી પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી નહિ.

૩૩. ડૉ. એ. એમ. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવો પરત્વે વિચારણા કરવા બાબત :

(૧) એમ.એ., એમ એસસી. અને એમ કૉમ.ના પાર્ટ ૧ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓના પ્રત્યેક પેપર અને પ્રૅક્ટિકલમાં ૩૬ ટકા ગુણ આવ્યા હોય તો તેમને પાર્ટ ૨ની પરીક્ષામાં બેસવા માટે છૂટ આપવી. આ ઠરાવ ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(૨) Resolved to have supplementary examinations in October 1967 for M.A., M.Sc., M.Com. and Engineering Examinations.

(૩) Resolved to recommend that a minimum experience of at least two years in the subject be required for a Professor irrespective of the degrees. Syndicate however may waive this clause in special case by passsing a suitable resolution.

ઉપરના પ્રસ્તાવ નં. (૧) અને (૩) ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવાનું ઠરાવવામાં આવ્યું; જ્યારે પ્રસ્તાવ નં. (૨) અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

એમ.એ., એમ.એસસી., અને એમ.કૉમ.ની પદવી પરીક્ષાઓ તથા એફ.ઈ.ની જૂના અભ્યાસ-ક્રમ પ્રમાણેની પરીક્ષાઓ જે વધુ બે વખત લેવાનું નક્કી કરવામાં આવ્યું છે તે પૈકીની એક વખતની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એસ.ઈ.ની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનું સૂચન મંજૂર કરવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એ.ની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની એક વધુ પરીક્ષા એક્સ્ટર્નલ પરીક્ષા તરીકે લેવાનું રાખવું અને તે અંગેની વિગતો નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૪. ઉપલી પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળી હોવાને કારણે જે વિદ્યાર્થીનું પરિણામ તેણે નીચલી કક્ષાની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષામાં પાસ નહિ થવાને કારણે ઉપલી પરીક્ષાનું પરિણામ ઓ. ૧૨૭ (જેમાં એ.ટી.કે.ટી. મળેલ) હેઠળ અનામત હતું, તેમને ઉપરની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા જેમાં આપવાની હોય તેની જાણ કરી નીચેની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા સાથે આપવા જણાવેલ તેથી આવા વિદ્યાર્થીઓના કેસમાં જે વર્ષે તેનું પરિણામ અનામત રહ્યું હોય તેથી બે વર્ષમાં નીચલી પરીક્ષા પાસ ન કરે તો તેનું ઉપલી પરીક્ષાનું પરિણામ રદ થાય. પરંતુ પ્રશ્ન એ રહે છે કે જેમનું પરિણામ એ.ટી.કે.ટી. મળતી હોવાને કારણે પણ ઓ. ૧૨૭ હેઠળ અનામત રહેલ તેઓ ત્યાર બાદ ઉપલી પરીક્ષાના બાકીના વિષયમાં બીજે વર્ષે બેઠેલ તો તેમના કેસમાં બે વર્ષની મુદત જે વર્ષે પરિણામ અનામત રહ્યું ત્યારથી ગણવી કે જે વર્ષે ઉપલી પરીક્ષામાં છેલ્લે બાકીના વિષયમાં બેઠા હોય ત્યારથી ગણવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૩૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિક/પરીક્ષકોની નિમણૂકોમાં જરૂર પડયે ફેરફાર તેમ જ વધારો કર્યા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૬. કૉલેજોના વિકાસ અર્થે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી શરૂ કરવામાં આવનાર નવી યોજના બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ તેમના તા. ૨૬-૬-૧૯૬૬ના ડી.ઓ. પત્રાંક એફ-૧-૧૦-૧૯૬૭ (એસ-આઈ) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોજના તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) પ્રો. જે. જે. ચિનોય
(૨) ડૉ. આર. ડી. દેસાઈ
(૩) ડૉ. ય. ગુ. નાયક
(૪) ડૉ. જે. જે. ત્રિવેદી
(૫) ડૉ. પી. ડી. પાઠક
(૬) ડૉ. એ. એમ. ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની યોજના તૈયાર થયેથી તે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. આપણી સંલગ્ન કૉલેજોમાં સાર્વત્રિક ધોરણે દાખલ કરેલ એન.સી.સી. તાલીમનો સમય ત્રણ વર્ષને બદલે બે વર્ષનો કરવો જોઈએ એવા ભારત સરકારે કરેલ નિર્ણયને ધ્યાનમાં લઈને તે અંગે આપણા ઑર્ડિ. ૧૩૫-એ માં જરૂરી સુધારો કરવા સૂચવતા ગુજરાત રાજ્યના એન.સી.સી. ડિરેક્ટર બ્રિગેડિયર એસ. આર. ખુરાનાના ઉપકુલપતિશ્રી પર આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. સી.ની તાલીમ સાર્વત્રિક ધોરણે હાલ જે ત્રણ વર્ષ માટે આપવામાં આવે છે તે બે વર્ષ માટે આપવાનું એન.સી.સી.ના સત્તાવાળાનું સૂચન સ્વીકારવું અને તે વિદ્યાર્થીઓ કૉલેજનાં પ્રથમ બે વર્ષમાં, એટલે કે પ્રી-યુનિવર્સિટી કે ડિપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષ અને તેની તરત જ પછીના બીજા વર્ષ દરમિયાન એમ કુલ બે વર્ષ માટે વિદ્યાર્થીઓને આપવામાં આવે તે રીતે ઑર્ડિનન્સ ૧૩૫-એ સુધારવા માટે ઘટતાં પગલાં લેવાં.

૩૮. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૩૦-૬-૧૯૬૭ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૬-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૩૦-૬-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૯. આગામી ઑક્ટોબર ૧૯૬૭ તથા માર્ચ/એપ્રિલ ૧૯૬૮માં સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારમાં આવતી કૉલેજોના વિદ્યાર્થીઓની કેટલીક પરીક્ષા ગુજરાત યુનિવર્સિટીએ લેવાનું રાખવા અંગે વિનંતી કરતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મહામાત્રના તા. ૧૩-૬-૧૯૬૭ના પત્રાંક ૨૪૭૬ તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મહામાત્રન તા. ૨૭-૬-૧૯૬૭ના પત્રાંક ૫૭૨૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૬૭માં આ યુનિવર્સિટીની જે પરીક્ષાઓ લેવામાં આ . તે પરીક્ષાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સાથે જોડાયેલી કૉલેજોના વિદ્યાર્થીઓને તેમણે તે યુનિવર્સિટીમાં રાખેલું સત્ર માન્ય કરવાની જરૂર પડે તો તે માન્ય રાખીને પણ (તેઓ અન્યથા પાત્ર હોય તો), બેસવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં આ યુનિવર્સિટીની, અલગ પરિશિષ્ટથી દર્શાવેલ પરીક્ષાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કૉલેજોના વિદ્યાર્થીઓને તેમણે તે યુનિવર્સિટીમાં રાખેલ સત્ર કે સત્રો માન્ય કરવાની જરૂર પડે તો તે માન્ય રાખીને પણ (તેઓ અન્યથા પાત્ર હોય તો), બેસવા માટે પરવાનગી આપવી.

(સદરહુ પરીક્ષાઓની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૦. એફ.ઈ. જૂના અભ્યાસક્રમ માટે જે વિદ્યાર્થીઓ ૧૯૬૬માં જોડાયા હોય અને તેમાંથી જેઓ ૧૯૬૭ની પરીક્ષામાં બેસી નાપાસ થયા હોય તેમને એપ્રિલ ૧૯૬૮માં મજકૂર પરીક્ષામાં બેસવા માટે એક જ ટ્રાયલ મળતી હોવાથી એફ.ઈ. જૂના અભ્યાસક્રમની પરીક્ષા ઑકટોબર ૧૯૬૭માં લેવા અંગે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગના આચાર્યશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એસ.ઈ. ઑલ્ડ પરીક્ષા પણ ઑકટોબર ૧૯૬૭માં લેવાનું આચાર્યે સૂચવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩૨માં થઈ ગયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૪૧. ઇન્ડિયન કેમિકલ સોસાયટીનું આગામી અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે ઑકટોબર/નવેંબર ૧૯૬૮માં યોજવા માટે સદરહુ સોસાયટીના અમદાવાદ શાખાના પ્રમુખશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આશરે ૨૫૦થી ૩૦૦ પ્રતિનિધિઓ અધિવેશનમાં આવે અને ખર્ચ રૂા. ૪,૦૦૦થી ૫,૦૦૦ થાય તેમ સાયન્સ ફેકલ્ટીના ડીન ડૉ. આર. ડી. દેસાઈ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. રમતગમતોના વિભાગોને લગતા ઑ. ૧૫-એ અને ઑ. ૫૭-એ ની કલમ (ix)માં "દ્વમણુ"નો સમાવેશ કરવા માટે ઘટતી જોગવાઈ કરવા માટે તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 15(2) :

The entire Gujarat University Area shall be divided into zones as under and each zone will form its zonal sports committee :

(1) The Ahmedabad Zone comprising of Ahmedabad city and the area within five miles thereof.

(2) The North Zone with jurisdiction over the districts of Panchmahals, Mehsana, Banaskantha, Sabarkantha, Ahmedabad (Excluding Ahmedabad Zone as defined in No. 1 above) and Kaira (excluding the areas of Sardar Patel University, Vallabh Vidyanagar), Baroda (excluding the area of the M. S. University of Baroda), Kutch and the city of Daman.

O. 57-A (ix)

In order to organise the youth welfare activities over all the colleges affiliated to the University, the University region will be divided into the following four areas, each comprising of the colleges

located in that area :

1. Ahmedabad Ellis Bridge Area	:	Comprising the colleges in Ahmedabad on the Western side of the Sabarmati.
2. Ahmedabad City Area	:	Comprising the colleges in Ahmedabad situated in the Eastern side of the Sabarmati.
3. Northern Area	:	Comprising the colleges situated in Mehsana, Banaskantha, Sabarkantha and Kutch districts and Viramgam, Dehgam and Sanand Talukas.
4. Southern Area	:	Comprising the colleges situated in Kaira, Panchmahals, Baroda Districts and Dholka, Dhandhuka, Daskroi Talukas and City of Daman.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ.૧૫-એ અને ઑર્ડિ. ૫૭-એ — કલમ (૯) ઉપર મુજબ પંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૪૩. ભવન્સ કૉલેજ, ડાકોરને યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક મળતા નહિ હોવાથી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં કામ કરતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એ. કે. દવેની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક કરી શિક્ષણકાર્યની કરેલી મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૪. જૂન ૧૯૬૬થી ચાલુ જોડાણ મેળવવા માટે એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરની આવેલ બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માં આવેલ જોડાણઅરજી પર સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન નહિ થવાથી તે કૉલેજ બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા માટે જોડાણ મળેલું નથી. દરમિયા ૧૯૬૭માં લેવાયેલ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં સદરહુ કૉલેજના વિદ્યાર્થીઓ બેઠા હતા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના વિદ્યાર્થીઓ ઉપરના સંજોગોમાં ત્રીજી એમ.બી.,-બી.એસ.ની પરીક્ષામાં બેઠા તેને ધોરણસર ગણીને (regular કરીને) તે કાર્યને મંજૂર રાખવું.

૪૫. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. પદવી પેડિયાટ્રિક્સ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા બાબતમાં આવેલ અરજી પરથી સિન્ડિકેટે નીમેલી તપાસસમિતિએ તેના અહેવાલમાં પેડિયાટ્રિક્સના વધારાના શિક્ષકની નિમણૂક માટે જણાવ્યું, તો તે શરતે કેન્દ્ર આપવાની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચને એમ.ડી. પેડિયાટ્રિક્સ માટે અનુસ્નાતક કેન્દ્ર, નીચેની શરતનું પરિપાલન થયેથી શરૂ કરવામાં આવે :

તપાસસમિતિના રિપોર્ટમાં સૂચવ્યા પ્રમાણે એક વધારાના શિક્ષકની નિમણૂક કરવામાં આવે.

૪૬. નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદમાં એમ.કૉમ. પદવીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે કરેલી શરતો પૈકી કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવાની શરત રદ કરવા અંગે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૭ના પત્ર નં. ૨૪૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના અનુસ્નાતક કેન્દ્ર માટે કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવા માટે આગ્રહ રાખવો નહિ.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં. / ૪૭૬૦ / ૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
જુલાઈ ૨૨, ૧૯૬૭.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૪-૬-૧૯૬૭ને બુધવારના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ મળેલ સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ મળેલી સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલય, પ્રેસ, સેનેટ હૉલ, ભાષા-સાહિત્ય ભવન અને એન. આર. એસ. સેન્ટરનાં મકાનો માટે ડ્રેનેજ લાઈન નાખવા માટે વિચારણા કરવા બાબત તથા આ અંગે ૧૯૬૭-૬૮ના બજેટમાં જરૂરી જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

(નોંધ.—સદરહુ કામ અંગે અંદાજી ખર્ચ રૂા. ૯,૦૦૦ થાય એમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, પ્રેસ, સેનેટ-હૉલ, ભાષા-સાહિત્ય ભવન અને એન. આર. એસ. સેન્ટરનાં મકાનો માટે ડ્રેનેજ લાઈન નાખવા માટે રૂા. ૯,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા તથા આ માટે રૂા. ૯,૦૦૦ની જરૂરી જોગવાઈ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી ટીચર્સ હૉસ્ટેલની અગાશી ઉપર ગ્રે સિમેન્ટ ટાઈલ્સ અથવા પેટન્ટ સ્ટોન કરવા અંગે તથા તે માટેના અંદાજી ખર્ચની જરૂરી જોગવાઈ ૧૯૬૭-૬૮ના બજેટમાં કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગ્રે સિમેન્ટ ટાઈલ્સ માટે અંદાજી રકમ રૂા. ૧૦,૦૦૦ તથા પેટન્ટ સ્ટોન માટે રૂા. ૬,૦૦૦ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલની અગાશી પર વૉટરપ્રૂફિંગ કરેલું છે તેની ઉપર (અ) માટીના ટાઈલ્સ (કૉમ્પ્રેસ્ડ ફ્લે.) લગાવવા માટે તે અંગે જરૂરી તપાસ કરવી અને જો તે સારા ન મળે

તો (બ) ગ્રે સિમેન્ટ ટાઈલ્સ લગાવવા માટે રૂા. ૧૦,૦૦૦ સુધીનો ખર્ચ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા તથા આ કામ માટે બજેટમાં રૂા. ૧૦,૦૦૦(દસ હજાર)ની વધારાની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના "સી" ટાઈપના સ્ટાફ-ક્વાર્ટર્સની આસપાસ તારની વાડ કરવા તથા કર્મચારીઓનાં બાળકો માટે ક્રીડાંગણ બનાવવા માટે તેમ જ આ અંગે ૧૯૬૭-૬૮ના બજેટમાં જરૂરી જોગવાઈ કરવા બાબત.

(નોંધ—તારની વાડ કરવા અંગે ઝાંપા સાથે રૂા. ૨,૦૦૦ તથા ક્રીડાંગણ (Dwarf wall) સાથે બનાવવા અંગે રૂા. ૬,૨૦૦ જેટલી અંદાજી ખર્ચની રકમ થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે "સી" ટાઈપ સ્ટાફ-ક્વાર્ટર્સની આસપાસ કાંટાવાળી મેંદીની વાડ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ક્રીડાંગણ માટે (૧) રૂા. ૬,૨૦૦નો ખર્ચ મંજૂર કરવા તથા તે માટે જરૂરી બજેટ જોગવાઈ કરવા, અને (૨) તે અંગેના સાઈટ પ્લાન તથા પ્લાન મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટી સ્ટાફ-ક્વાર્ટર્સ, લેડીઝ હૉસ્ટેલ તથા ટીચર્સ હૉસ્ટેલના ડ્રેનેજ કનેક્શન કરવાના કામ અંગે આવેલાં ટેન્ડરોમાંથી મે. ગુજરાત સેનિટેશન કંપનીનું રૂા. ૨૨,૯૦૦નું ટેન્ડર ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ-ક્વાર્ટર્સ, લેડીઝ હૉસ્ટેલ તથા ટીચર્સ હૉસ્ટેલના ડ્રેનેજ કનેક્શન કરવાના કામ માટે આવેલાં ટેન્ડરોમાંથી મે. ગુજરાત સેનિટેશન કંપનીનું રૂા. ૨૨,૯૦૦નું ટેન્ડર ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યું તેની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયના મકાનને ડિસ્ટેમ્પર કરવા, બારીઓને ઓઈલ પેઈન્ટ કરવા તથા બારણાંને પૉલિશ કરવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના મકાનને ડિસ્ટેમ્પર કરવા, બારીઓને ઓઈલ પેઈન્ટ કરવા અને લાકડાનાં બારણાંને પૉલિસ કરવાના કામ માટે આવેલાં ટેન્ડરોમાંથી ઓછા ભાવ ટાંકનાર શ્રી. અનિલકુમાર એમ. પટેલનું રૂા. ૧૩,૭૦૦નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ટ્રેક્ટર બ્રાન્ડના સિન્થેટિક વૉશેબલ ડિસ્ટેમ્પરના શેડ કાર્ડ મુજબ એ. બી. ડી. ૧૮ Lavendar તથા એ. બી. ડી. ૧૯ Delphinium કલરનો પ્રથમ નમૂનો તૈયાર કરાવી તે એપ્રૂવ કરાવીને પછી આખા મકાનને તે મુજબ ડિસ્ટેંપર કરવાનો વિચાર કરવાનું રાખવું.

૭. સ્ટાફ-ક્વાર્ટર્સ તથા ગ્રંથાલયના કામની બાબતમાં ખાલી થેલીઓના પૈસા કાપવા અંગેનો, લવાદ શ્રી. નંદવાણાનો અૅવોર્ડ આવ્યો છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ-ક્વાર્ટર્સ તથા ગ્રંથાલયના કામ માટે સિમેન્ટની ખાલી થેલીઓની રકમ કાપવા અંગે સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાના આ સાથે સામેલ કરેલ ચુકાદા (અૅવોર્ડ)ની નોંધ લેવી. (**પરિશિષ્ટ "અ"**)

૮. ઝૂલેાજીના મકાનમાં વધારાના કામકાજના દરેા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલેાજીના મકાન માટે આ સાથેની યાદી (**परिशिष्ट "ब"**) મુજબ વધારાના કામકાજના દરેા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઉપકુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બીજી બાબત રજૂ કરવામાં આવી.

૯. ગેરટ હાઉસના બાંધકામમાં વધારાના કામકાજના દરેા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વધારાના કામકાજ માટે નીચે મુજબના દરેા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

1. Providing grey I.P.S. 1½" thick in 1 : 2 : 4 proportion including curing, etc. in ward robs, etc. — Rs. 60/– per 100 sft.
2. Sand filling — Rs. 30/– per 100 sft.

૩. બ્રિક પિલરની આઇટેમનું પેમેન્ટ ૯" બ્રિક વૉલની આઇટેમમાં આપવું, કેમ કે વૉલ પ્રોજેકશનને પિલર ગણી શકાય નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કમ્પાટની છાજલી, રેાડ તથા પાર્ટિશન વૉલની આઇટેમ અંગે સ્થપતિ શ્રી. આર. કે. ચેાકસીને રૂબરૂ મળવા બેાલાવી આ બાબતમાં યેાગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી,
રજિસ્ટ્રાર વતી.

परिशिष्ट "अ"

L. K. NANDWANA,
F.I.I.A., A.R.I.B.A. (Lon.),
Chartered Architect.

People's Bank Building,
Third Floor, Bhadra,
Ahmedabad-1.
8th May, 1967.

Award of Arbitration in the matter of dispute between the Gujarat University and their Contractors M/s. K. B. Mehta of Ahmedabad for the construction of staff quarters in the University Campus at Navrangpura, Ahmedabad

The Gujarat University Authorities invited tenders for the construction of the staff quarters in the University campus and M/s. K. B. Mehta were entrusted the construction work. The agreement entered between the two parties is produced by the University Authorities.

The construction work of the staff quarters is completed and a dispute between both the parties regarding ownership of the empty cement bags has arisen as stated by the University Authorities by their letter No. 51783, dated 8/9-12-1966.

Copies of correspondence made by both the parties are produced by the Contractors and the University.

Hearings were arranged several times but due to inconveniences on both the side, meeting was arranged on 24th April 1967, when both the parties were heard.

M/s. R. H. Shah and P. D. Mistry represented the Gujarat University and M/s. K. B. Mehta and J. P. Vora represented M/s. K. B. Mehta.

After careful study of the case, I give my award as under :

AWARD

"As the clause No. 29 regarding cement is cancelled in the original agreement documents, the question of empty bags does not arise and hence the Contractors are entitled to keep the empty bags with them and that no money is to be deducted by the University authorities from their bills.

Fees for arbitration is to be born by the University."

(Sd.) L. K. NANDWANA,
Chartered Architect.

L. K. NANDWANA,
Chartered Architect.
8th May, 1967.

Award of Arbitration in the matter of dispute between The Gujarat University and their Contractors M/s. Western India Engineering Co. of Ahmedabad for the construction of Library Building in the University Campus at Navrangpura, Ahmedabad-9

Dispute — Interpretation of tender clause on page 56, namely "Basic Price of materials".

Both the sides, M/s. Gujarat University and M/s. Western India Engineering Co. produced documentary evidence in the matter and joint hearings were arranged several times but due to inconveniences on either sides, it was not possible to meet earlier than 24th April 1967, when representatives of both the sides were present.

Messrs R. H. Shah and P. D. Mistry represented the Gujarat University and Mr. H. R. Desai represented M/s. Western India Engineering Co.

Both the sides were heard and full chance was given to each for putting forward oral and written evidences and arguments in support of the case for three days :

24th April .. 4-00 p.m. to 5-30 p.m.
25th April .. 3-30 p.m. to 4-30 p.m.
26th April .. 5-00 p.m. to 6-00 p.m.

The Gujarat University authorities invited tenders for the construction of Library Building in the University Campus and M/s. Western India Engineering Co. were entrusted the construction work. The agreement was entered between the two parties.

The construction work was completed and a dispute arose between both the sides for the ownership of the empty bags of cement as stated by the Gujarat University authorities by their letter No. 032136, dated 13-12-1966.

Agreement Page No. 56

The agreement documents page No. 56 reads as under :

" ***Basic Price of Materials*** : The basic price of materials for cement and steel is calculated at the following rate. The Contractor shall have to maintain an account of steel and cement :

1. Cement : Rs. 160/- per M. Ton. delivered at site including carting and octroi. Fluctuation in this rate will be adjusted accordingly. This rate is inclusive of jute-bags for cement. The amount for empty bags shall be deducted at a rate of Rs. 25/- per 100 bags.

AWARD

As per the conditions of the contract, the basic rate is inclusive of the cement bags and as it is further mentioned that Rs. 25/- per 100 bags is the price of empty bags, Rs. 160/- automatically becomes Rs. 155/- in the case, an amount at a rate of Rs. 25/- per 100 bags is recovered from the Contractors by the University.

Hence my award is that the basic rate is to be considered as Rs. 160/- less Rs. 5/- (Rs. 25/- per 100 bags), i.e. Rs. 155/- per M. Ton. and the University should be paid by the Contractors an amount at the rate of Rs. 25/- per 100 bags of cement. The empty bags become the property of the Contractors.

Cost of Arbitration is to be shared equally by both the parties.

(Sd.) L. K. NANDWANA,
Chartered Architect.

परिशिष्ट "ब"

Statement of extra items for Zoology Building

1. Providing and fixing marble partitions in required size as per design inclusive 3 machine cut edges and both side polish, etc. complete as directed .. Rs. 11/- per s.ft.
2. Providing and fixing A. C. Pipe 4" of best quality inclusive necessary tees, elbows, etc. complete .. Rs. 3/25 per r.ft.
3. -do- for 4" of A. C. Cowl. .. Rs. 6/- per No.

પૂરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૩૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શુક્રવાર, તા. ૩૦-૬-૧૯૬૭ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય ય. ગુ. નાયક	હાજર
૩. આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૪. રો. વાસુદેવ ત્રિપાઠી	ગેરહાજર
૫. શ્રી. રણજિત શાસ્ત્રી	હાજર
૬. શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર.

૧. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૭ની સભામાં કાર્યાલયની નીચેની નોંધ મંજૂર કરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"પ્રકાશનનું કામ વધુ કાર્યક્ષમતાથી હલ થઈ શકે તે માટે તે વિભાગના આસિ. મૅનેજરની કક્ષાની એક જવાબદાર વ્યક્તિને સોંપવું અને શ્રી. પ્રેસ-મૅનેજરની સામાન્ય દેખરેખ હેઠળ અને પ્રકાશન વિભાગના સતત સંપર્કમાં રહીને અર્ધસ્વાયત્ત ધોરણે કામ કરી શકે તે રીતે તંત્ર ગોઠવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૩. સિન્ડિકેટે તેની તા. ૨-૩-૧૯૬૭ની સભામાં ઠરાવ નં. ૩૬થી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ અને રજિસ્ટ્રાર, (ફાઇનેન્સ અને એકાઉન્ટ્સ) એમ બે નવી જગ્યાઓ યુનિવર્સિટી કાર્યાલયમાં ઊભી કરવી અને તે જગ્યાઓ માટેનાં લાયકાતનાં અને પગારનાં ધોરણો નક્કી કરવા માટે સ્થાયી સમિતિને જણાવવું."

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ અને ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનેન્સ અને એકાઉન્ટ્સ)ની જગ્યાઓ માટેનાં પગારધોરણ તથા લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રાખવાં :

જગ્યાનું નામ	પગારધોરણ	લાયકાત
(૧) કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ	રૂા. ૭૫૦-૪૦-૯૫૦-૫૦-૧,૨૫૦	Candidate must possess a Master's Degree with at least eight years' experience of office work out of which five years' experience should be of an administrative post connected with the conduct of examinations. *or* A Bachelor's Degree in Second Class with at least ten years' experience of office work of which at least eight years' experience should be of an administrative post connected with the conduct of examinations.
(૨) ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનેન્સ એન્ડ એકાઉન્ટ્સ)	રૂા. ૫૦૦-૩૦-૬૨૦-૪૦-૧,૦૦૦	Chartered Accountant with seven years' experience.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડેપ્યુટી રજિસ્ટ્રારની લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે રાખવાં :

The candidate must possess a Master's Degree with at least seven years' experience of office work out of which five years' experience should be of an administrative post connected with the examinations. Degree in Law will be an additional qualification.

or

A Bachelor's Degree in Second Class with at least eight years' experience of office work out of which at least five years' experience should be on an administrative post connected with the conduct of examinations. A degree in Law will be an added qualification.

૪. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૬ના ઠરાવથી નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલી તે ઉપર વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના માનદ સામાન્ય મંત્રી તરફથી તેમના તા. ૪-૧૧-૧૯૬૬ના પત્રમાં કરવામાં આવેલી માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

'આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત નં. ૭૫માં જણાવવામાં આવેલી માગણીઓ ન્યેઇતપાસીને રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું અને સદરહુ રિપોર્ટ આવે તે દરમિયાન બાબત નં. ૭૪ની વિચારણા મોકૂફ રાખવી.'"

યુનિવર્સિટી કાર્યાલયનાં કર્મચારીઓનાં પગારધોરણો, તેઓને મળતાં ભથ્થાં તથા નોકરીની શરતો વગેરે તથા બીજી યુનિવર્સિટીઓ, સરકારી તથા અર્ધસરકારી સંસ્થાઓ, વગેરેમાં સમકક્ષ જગ્યાઓના પગારધોરણો, વગેરે ઉપર લંબાણ વિચારણા કરવામાં આવી. ત્યાર બાદ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવામાં આવી :

(૧) યુનિવર્સિટી કર્મચારીઓનાં પગારધોરણો આ સાથે **પરિશિષ્ટ** "અ"માં બતાવ્યા પ્રમાણે તા. ૧-૭-૧૯૬૭થી સુધારવાં.

(૨) યુનિવર્સિટી કાર્યાલયના જુદા જુદા વિભાગોમાં જુનિયર ક્લાર્ક/ટાઇપિસ્ટોની જગ્યાઓને નીચે પ્રમાણે સીનિયર ક્લાર્ક/સીનિયર ટાઇપિસ્ટોમાં ફેરવવી :

	હાલમાં જુનિયર ક્લાર્ક/ટાઇપિસ્ટની જગ્યાઓ	સીનિયર ક્લાર્ક/ટાઇપિસ્ટમાં ફેરવવાની જગ્યાઓ	બાકી રહેતી જગ્યાઓ
પરીક્ષા વિભાગ	૩૧	૩	૨૮
સિન્ડિકેટ વિભાગ	૧૧	૨	૯
સામાન્ય વિભાગ	૧૨	૨	૧૦
અનુસ્નાતક વિભાગ	૯	૧	૮
નાણાં અને હિસાબ વિભાગ (ઑડિટ સાથે)	૨૩	૨	૨૧
ટાઇપિંગ વિભાગ (હેડ-ટાઇપિસ્ટ સાથે)	૧૩	૨	૧૧

(૩) પરીક્ષાની મોસમ દરમિયાન પરીક્ષાઓને લગતાં કામકાજ માટે ઓવરટાઇમ કામનું જે ભથ્થું આપવામાં આવે છે તે નીચે પ્રમાણે સુધારવા અને આ સુધારેલા દરોનો અમલ તા. ૧-૪-૧૯૬૭થી કરવો :

જુનિયર ક્લાર્ક ટાઇપિસ્ટ અને તેથી ઉપરની કક્ષાના
પરંતુ સુપરિન્ટેન્ડેન્ટથી નીચેની કક્ષાના કર્મચારીઓ માટે ... કલાકના રૂા. ૧.૫૦
પટાવાળા નાયક, હવાલદાર, વગેરે ... કલાકના રૂા. ૦.૬૫

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઓવરટાઇમના કામકાજ અને તેના ભથ્થાની બાબતમાં તમામ કર્મચારીઓ માટે નીચેનો નિયમ કરવો :

કોઈ પણ એક દિવસ માટે એક કર્મચારીને વધુમાં વધુ ચાર કલાકથી વધારે વખતના કામ માટે ઓવરટાઇમનું ભથ્થું આપી શકાશે નહિ.

(૪) ભવિષ્યમાં ઓવરટાઇમ એલાવન્સ કલાકના દરને બદલે જ્યાં જ્યાં શકય હોય ત્યાં કામના પ્રમાણમાં આપવા માટેનો સિદ્ધાંત સ્વીકારવા માટે અને તે સ્વીકારાયેથી તે અંગે વિગતવાર નિયમો ઘડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) અનુસ્નાતક વિભાગ માટે અગાઉ સિન્ડિકેટે મંજૂર કરેલી એક આસિ. રજિસ્ટ્રારની જગ્યા રદ કરવી અને આ વિભાગને સામાન્ય વિભાગના આસિ. રજિસ્ટ્રાર નીચે મૂકવો.

(૬) સામાન્ય વિભાગના આસિ. રજિસ્ટ્રાર નીચેના ટાઇપિંગ વિભાગ તથા સ્ટેનોગ્રાફરની જગ્યાઓ ઉપર દેખરેખ રાખવાનું કામ. આસિ. રજિસ્ટ્રાર, સિન્ડિકેટ વિભાગને સોંપવું. આ અંગેની વિગતો નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(૭) પરીક્ષા વિભાગ માટે સિન્ડિકેટે મંજૂર કરેલી એક કાર્યાલય નિયામકની હંગામી જગ્યા રદ કરવી. આમ કરવાથી આ વિભાગમાં બે કાર્યાલય-નિયામકોની કાયમી જગ્યાઓ રહેશે.

(૮) પરીક્ષા વિભાગ માટે સિન્ડિકેટે મંજૂર કરેલી એક હંગામી હેડકલાર્કની જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવી.

(૯) પરીક્ષાના યંત્ર (હોલેરિથ) વિભાગના સમગ્ર કામકાજ અને તેના જુદી જુદી કક્ષાના કાયમી કર્મચારીઓની કેટલી જરૂર છે અને કેટલું કામકાજ ઉત્પાદન (આઉટપુટ)ના ધોરણે વેતન આપીને કરાવવા જેવું છે તેનો અભ્યાસ કરીને વિગતવાર યોજના એક નિષ્ણાત કમિટી દ્વારા તૈયાર કરાવવા સિન્ડિકેટને ભલામણ છે.

(૧૦) લાઇબ્રેરી માટે એક જુનિયર કલાર્કની હાલની જગ્યા કમી કરીને હેડકલાર્કની જગ્યા ઊભી કરવી.

(૧૧) ઉપરનાં પગારધોરણોનો અમલ કરતાં જો કોઈ કર્મચારીનો તા. ૩૦-૬-૧૯૬૭ના રોજ મળતો પગાર બે પગથિયાં વચ્ચે આવતો હોય તો તેને ઉપરના પગથિયાનો પગાર આપવો અને તેનો વાર્ષિક વધારો તેની મૂળ તારીખે આપવો. પરંતુ આમ કરતાં જો એક જ કક્ષાના સીનિયર કર્મચારી કરતાં જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખ વહેલી આવતી હોય તો અને આથી તે સીનિયર કર્મચારી કરતાં જુનિયર કર્મચારીને વધારે પગાર મળે તો સીનિયર કર્મચારીના પગારવધારાની તારીખ બદલી આવા જુનિયર કર્મચારીની પગાર-વધારાની તારીખ રાખવી.

૫. યુનિવર્સિટી કાર્યાલયના પટાવાળા શ્રી. એન. એલ. વાઘેલાની સેવાઓ ડ્રાઇવર તરીકે લેવામાં આવે તો તે અંગે તેઓને વધુ મહેનતાણું આપવાની તેઓની તા. ૭-૫-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના કામકાજ માટે પટાવાળા શ્રી. એન. એલ. વાઘેલાની સેવાઓ ડ્રાઇવર તરીકે લેવામાં આવે ત્યારે તેમને તે દિવસે ડ્રાઇવિંગનું કામ કર્યું હોય તે દિવસે રોજના રૂા. ૧.૦૦ લેખે ભથ્થું આપવું.

(નોંધ.—કોઈ ડ્રાઇવરની રજા દરમિયાન અવેજીમાં કામ કરવા માટે તેમને દૈનિક રૂા. ૨.૦૦નું ભથ્થું આપવામાં આવે છે તે ધોરણને ઉપરના ઠરાવને કારણે કશી અસર થશે નહિ એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

૬. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રમાં જુનિયર ક્લાર્કની નવી જગ્યા ઊભી કરવા અંગે શ્રી. રેસિડન્ટ મેડિકલ ઑફિસરના તા. ૧૪-૪-૧૯૬૭ના પત્રાંક ૧૪ના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી માન્ય કરવી નહિ.

૭. યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્રથી આવેલી માગણીઓ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ચાલતા બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સનો અભ્યાસ કરવા પૂરા પગારે અભ્યાસ-રજા મળે તે અંગેની ગ્રંથાલયના જુનિયર ક્લાર્ક શ્રી. કે. એ. શાહની તથા બીજા સભ્યોની તા. ૨૬-૫-૧૯૬૭ની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જાહેર તહેવારને દિવસે કામ કરતા કર્મચારીઓ ચાર ક્લાકથી વધુ કામ કરવા માટે બદલીની રજા તથા ઓવરટાઇમ મળે તેવી કર્મચારીઓની સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૧૦. કાર્યકારી આસિ. રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈની તા. ૩-૬-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઑફિશિયેટિંગ નિમણૂક અંગેના નિયમોમાં નીચે પ્રમાણે સુધારો કરવો :

"A University employee appointed to officiate in a higher post shall be entitled to get the minimum of the scale of pay of the higher post or the next higher stage in his own substantive post, whichever is higher, during the period of such officiating appointment, provided however, that if he draws the maximum in his own post which is more than the minimum than the higher post he shall be paid an additional allowance at the rate of the last increment drawn by him in his own post."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

તા. ૧લી જુલાઈ, ૧૯૬૭.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

परिशिष्ट "अ"

જગ્યાનું નામ	હાલનું પગારધોરણ	સૂચિત પગારધોરણ
૧. પટાવાળા, સફાઈકામદાર, ચોકીદાર, માળી, પેકર, હેલ્પર, માઉન્ડમેન-કમ-વૉચમેન, વર્ક આસિસ્ટન્ટ	રૂા. ૪૦–૨–૬૦	રૂા. ૪૦–૨–૬૦–૩–૭૫
૨. નાયક, પ્યૂન-કમ-એટેન્ડન્ટ, ડુપ્લિકેટિંગ મશીનમેન, વૉર્ડબૉય	રૂા. ૪૫–૨½–૭૦	રૂા. ૪૫–૩–૬૦–૪–૯૨
૩. હવાલદાર, હેડમાળી, પમ્પ-એટેન્ડન્ડ	રૂા. ૫૦–૩–૮૦	રૂા. ૫૦–૩–૬૨–૪–૯૦–૫–૧૦૦
૪. ફાયર પ્લમ્બર, સુથાર, ઇલેક્ટ્રિક વાયરમેન	રૂા. ૭૦–૫–૧૨૦ રૂા. ૭૫–૫–૧૨૦	રૂા. ૭૫–૫–૧૪૦
૫. જુનિયર ક્લાર્ક, ટાઇપિસ્ટ, આસિ. કૅશિયર, ટેલિફોન ઑપરેટર, જુનિયર ઑપરેટર, લેબોરેટરી આસિસ્ટન્ટ, સ્ટોરકીપર	રૂા. ૭૫–૫–૧૦૦–૮–૧૮૦ ઈ.બી.–૧૦–૨૫૦	રૂા. ૭૫–૫–૧૦૦–૮–૧૮૦ ઈ.બી. ૧૨–૩૦૦
૬. સીનિયર ક્લાર્ક, સીનિયર ઑપરેટર	રૂા. ૧૩૦–૮–૧૭૦ ઈબી. ૧૦–૩૦૦	રૂા. ૧૩૦–૮–૧૭૦ ઈ.બી. ૧૨–૨૯૦–૧૫–૩૫૦
૭. સ્ટેનોગ્રાફર	રૂા. ૧૮૦–૧૦–૨૦૦ ઈ.બી. ૧૦–૩૦૦	રૂા. ૧૮૦–૧૦–૩૦૦ ઈ.બી. ૧૫–૩૬૦
૮. હેડક્લાર્ક, આસિ. એકાઉન્ટન્ટ, ટેકનિકલ આસિસ્ટન્ટ, કૅશિયર, આસિ. સુપરિન્ટેન્ડન્ટ (હૉલેરિથ), હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ	રૂા. ૨૦૦–૧૨–૨૬૦ ઈ.બી. ૧૨–૩૨૦	રૂા. ૨૦૦–૧૨–૨૬૦–૧૫–૩૨૦ ઈ.બી. ૨૦–૪૦૦

૯.	ભાષાંતરકાર	રૂા. ૨૦૦–૧૦–૪૦૦	રૂા. ૨૦૦–૧૨–૨૬૦–૧૫–૩૨૦ ઈ.બી. ૨૦–૪૪૦
૧૦.	આસિ. ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	રૂા. ૨૦૦–૧૨–૨૬૦ ઈ.બી ૧૨–૩૨૦	રૂા. ૨૦૦–૧૨–૨૬૦–૧૫–૩૨૦ ઈ.બી. ૨૦–૪૪૦
	આસિ. ડિરેક્ટર ઑફ યૂથ વેલ્ફેર	રૂા. ૨૦૦–૧૦–૪૦૦	
૧૧.	પી.એ. ટુ વી.સી./રજિસ્ટ્રાર–કમ-સ્ટેનોગ્રાફર	રૂા. ૨૩૦–૧૫–૩૫૦ ઈ.બી. ૨૦–૪૩૦	રૂા. ૨૩૦–૧૫–૩૨૦ ઈ.બી. ૨૦–૪૬૦
૧૨.	કાર્યાલય નિયામક, હૉલેરિથ સુપરિન્ટેન્ડેન્ટ, ડે. એકાઉન્ટન્ટ, આસિ. લાઇબ્રેરિયન	રૂા. ૩૨૦–૨૦–૪૦૦ ઈ.બી. ૨૦–૪૪૦	રૂા. ૩૨૦–૨૦–૪૦૦ ઈ.બી. ૨૦–૫૦૦
૧૩.	આસિ. રજિસ્ટ્રાર	રૂા. ૩૫૦–૨૦–૪૫૦ ઈ.બી. ૨૫–૬૫૦	રૂા. ૩૫૦–૨૦–૪૫૦–૩૦–૬૦૦ ઈ.બી. ૪૦–૭૨૦
૧૪.	પ્રકાશન અધિકારી	રૂા. ૩૦૦–૧૫–૪૨૦ ઈ.બી. ૨૦–૬૦૦	રૂા. ૩૦૦–૨૦–૫૦૦ ઈ.બી. ૨૫–૬૫૦
૧૫.	એકાઉન્ટન્ટ	રૂા. ૩૫૦–૨૦–૪૫૦ ઈ.બી. ૨૫–૭૦૦	રૂા. ૩૫૦–૨૦–૪૫૦–૩૦–૬૦૦ ઈ.બી. ૪૦–૮૦૦
૧૬.	ડેપ્યુટી રજિસ્ટ્રાર, ડી. પી. ઈ., લાઇબ્રેરિયન	રૂા. ૫૦૦–૨૫–૮૦૦	રૂા. ૫૦૦–૩૦–૬૨૦–૪૦–૧,૦૦૦
૧૭.	રજિસ્ટ્રાર	રૂા. ૮૦૦–૫૦–૧,૨૫૦	રૂા. ૮૦૦–૫૦–૧,૫૦૦

(—શ્રી. રજિસ્ટ્રારને અગાઉ જેમ ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવતું હતું તેમ આપવાનું રાખવું. આ માટે સ્ટેચ્યૂટ નં. ૧૩૪માં જરૂરી સુધારો કરવા ઘટતી કાર્યવાહી કરવી.)

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૩૯

આ યુનિવર્સિટીની નીચેની પરીક્ષાઓમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઠરાવ અન્વયે બેસવા દેવા

૧. ડિપ્લોમા ઇન એજ્યુકેશન
૨. બી.એડ.
૩. એમ.એડ.
૪. થર્ડ બી.એ.
૫. એમ.એ. (ઓલ્ડ)
૬. પીએચ.ડી. (ટ્રાન્સલેશન ટેસ્ટ)
૭. થર્ડ બી.એસસી.
૮. એમ.એસસી. (ઓલ્ડ)
૯. બી.ઈ. (સી., એમ. એન્ડ ઈ.)
૧૦. સેકન્ડ એલએલ.બી.
૧૧. એલએલ.એમ.
૧૨. ત્રીજી એમ.બી.,બી.એસ.
૧૩. પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ પરીક્ષાઓ
૧૪. થર્ડ બી.કોમ.
૧૫. એમ.કોમ. (ઓલ્ડ)
૧૬. એમ.એ., એમ.એસસી.
એમ.કોમ. (પાર્ટ ૧-૨)

આ યુનિવર્સિટીની નીચેની પરીક્ષાઓમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઠરાવ અન્વયે બેસવા દેવા

૧. ડિપ્લોમા ઇન એજ્યુકેશન
૨. બી.એડ.
૩. એમ.એડ.
૪. થર્ડ બી.એ.
૫. એમ.એ. (ઓલ્ડ)
૬. એમ.એ., એમ.એસસી., એમ.કોમ. (પાર્ટ ૧ અને ૨)
૭. ફાઇનલ ડિપ્લોમા ઇન મ્યુઝિક
૮. થર્ડ બી.એસસી.
૯. એમ.એસસી. (ઓલ્ડ)
૧૦. બી.ઈ. (સી., એમ. એન્ડ ઈ.) (ઓલ્ડ)
૧૧. બીજી એલએલ.બી.
૧૨. એલએલ.એમ.
૧૩. થર્ડ એમ.બી.,બી.એસ.
૧૪. પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ પરીક્ષાઓ
૧૫. થર્ડ બી.કોમ.
૧૬. એમ.કોમ. (ઓલ્ડ)
૧૭. પી.એચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 400-278-8-67

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑગસ્ટ માસની સભા, શનિવાર, તા. ૫-૮-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને રવિવાર, તા. ૬-૮-૧૯૬૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	નામ	તા. ૫-૮-૧૯૬૭	તા. ૬-૮-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	હાજર	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	ગેરહાજર.

૧. તા. ૧-૭-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧-૭-૧૯૬૭ના રોજ મળેલી જુલાઈ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૨ અને ૮૭ હાથ ધરવામાં આવી.

૮૨. આ યુનિવર્સિટી તરફથી લેવાનાર પરીક્ષાઓમાં જે પરીક્ષાઓમાં પ્રાયોગિક પરીક્ષા હોય છે તે પ્રાયોગિક પરીક્ષાની તારીખ કોઈ વિદ્યાર્થીના કેસમાં બદલવાની થાય તે અંગે હાલ જે નિયમ છે તે સુધારવાનું રાખવું તેમ તા. ૮-૪-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ બાબત નં. ૮૦થી ઠરાવેલ છે જે આધારે "આઉટ ઑફ ટર્ન" તપાસવા અંગેનો સુધારેલો પાઠ મંજૂરી માટે.

સદરહુ બાબત અંગે સભાગૃહમાં થયેલી ચર્ચા-વિચારણાને અનુલક્ષીને સુધારેલા નિયમો મંજૂર કરવા.
(મંજૂર કરવામાં આવેલા સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૮૭. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એનેસ્થેસિયા વિષયમાં અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્ર સ્થાપવા અંગે સિન્ડિકેટના તા. ૩/૪-૬-૧૯૬૭ના ઠરાવ પર ફેરવિચારણા કરવા અંગે ડૉ. જે. બી. હરિભક્તિના તા. ૨૬-૭-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) એક જ સંસ્થામાં એક જ વિષય માટે બે અનુસ્નાતક કેન્દ્રો થતાં હોવાથી બીજું કેન્દ્ર આપવા અંગે ફેરવિચારણા કરવાનું સૂચવ્યું છે.
(૨) બાબત નં. ૭૬ના ઠરાવથી સિન્ડિકેટે તપાસસમિતિની નિમણૂક કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પત્રની નોંધ લેવી.

૨. અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં પાસ વર્ગ કાઢી નાખવામાં આવેલ છે તેના સંદર્ભમાં માસ્ટર ઑફ લેબર વેલ્ફેર પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના એક્ઝમ્પશન માર્ક્સ કેરી ફૉરવર્ડ કરવા અંગે રેગ્યુ. ૨૩૩-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૬-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. 233-A :

(1) A candidate who has passed in papers but failed in viva-voce test, shall be exempted from re-appearing for examination in papers

(2) A candidate who has passed in viva-voce test but failed in papers, shall be exempted from re-appearing for examination in viva-voce test.

(3) Provided that a candidate whose marks are carried over in viva-voce or in papers as mentioned in (1) and (2) above shall not be eligible for the First Class or for any University awards.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૨૩૩-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩. બી.એડ. પરીક્ષા અંગે કૃપાગુણ અંગેનો નીચેનો રે. ૫૧-એ રદ કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. 51-A :

A deficiency of one mark in either part shall be condoned for every one per cent, by which the total marks gained by a candidate in the whole examination are in excess of 40% of the total marks for the examination provided that the deficiency so condoned shall not exceed 10 marks.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો રેગ્યુ. ૫૧-એ તાત્કાલિક રદ કરવો.

૪. તબીબી વિદ્યાશાખાની તા. ૧૪-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ જે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભામાં મંજૂર કરેલ છે તે પર વિચારણા કરવા બાબત :

"In the qualifications laid down for teachers in the Faculty of Medicine, the following be substituted as required experience instead of the experience laid down at present for the post of Asst. Professor, Full-time Lecturer, Hon. Tutor (Asst. Hon.) in the subjects of surgery, medicine, midwifery and gynaecology.

Proposed requirements

Two years' experience as Registrar and/or Junior Lecturer in the subject.

or

One year's experience as Registrar in the subject and two years' experience as Junior Lecturer in the allied subjects.

The allied subjects for this purpose will be —

Group I : General Surgery (and its subspeciality), Anatomy.

Group II : General Medicine (and its subspeciality), Physiology, Forensic Medicine, Pharmacology, Preventive and Social Medicine, Pathology.

Group III : Obstetrics and Gynaecology, Anatomy, Preventive and Social Medicine."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫. તબીબી વિદ્યાશાખામાં પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓના પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગેના કન્વેન્શન્સ, તબીબી વિદ્યાશાખાની ભલામણના આધારે આ સાથે આપેલ પ્રમાણે રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગેના સુધારેલા "કન્વેન્શન્સ" મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા "કન્વેન્શન્સ"ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૬. અનુસ્નાતક પરીક્ષાઓમાં ખાસ કરીને મેડિકલ ફેકલ્ટીમાં છ વખત પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામગીરી બજાવી હોય તેને ઓછામાં ઓછા એક વર્ષ કોઈ પરીક્ષામાં ન નીમવા અંગેની જે પ્રથા છે તેને બદલે ચાર વખત પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામગીરી બજાવી હોય તો તેને ઓછામાં ઓછા એક વર્ષ કોઈ પરીક્ષામાં ન નીમવા તે મતલબની સદરહુ ફેકલ્ટીની ભલામણ મંજૂર કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓ માટે સ્વીકારવી.

૭. આયુર્વેદ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી વિનાયક જયાનંદ ઠાકરને, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અનુસાર આયુર્વેદ વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર તે વિદ્યાશાખાની એક-માત્ર અભ્યાસસમિતિ—આયુર્વેદની અભ્યાસસમિતિ—નું સભ્યપદ આપવા બાબત.

(નોંધ.—આયુર્વેદ વિદ્યાશાખા હેઠળ કેવળ આયુર્વેદની એક જ અભ્યાસસમિતિ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વિનાયક જયાનંદ ઠાકરને આયુર્વેદ વિદ્યાશાખાનું સભ્યપદ તથા આયુર્વેદની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૮. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૬-૬-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૬ની સભાની ભલામણ મુજબ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત :

"એજ્યુકેશનની કૉલેજો માટે પ્રાધ્યાપકો, વ્યાખ્યાતા અને ટ્યૂટરોનું પ્રમાણ ૨ : ૫ : ૪નું રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૯. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૬૭ની સભાની ભલામણ અનુ-સાર બી.એડ. અને એમ.એડ.ના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવાની તથા તે માટે રેગ્યુ. ૪૩, રેગ્યુ. ૪૪, રેગ્યુ. ૪૫, રેગ્યુ. ૪૬, રેગ્યુ. ૪૭, રેગ્યુ. ૪૮, રેગ્યુ. ૪૯, રેગ્યુ. ૫૦,

રેગ્યુ. ૫૧ અને ઑ. ૧૮૫, ઑ. ૧૮૬, તેમ જ રેગ્યુ. ૫૮, રેગ્યુ. ૫૯, રેગ્યુ. ૬૦, રેગ્યુ. ૬૧, રેગ્યુ. ૬૨, રેગ્યુ. ૬૩, રેગ્યુ. ૬૪, અને ઑ. ૧૮૮ મંજૂર કરવાની અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૦.૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રેગ્યુલેશનો તથા ઑર્ડિ. ૧૮૮ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

(સદરહુ ઑર્ડિનન્સ તથા રેગ્યુલેશનો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૦. તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સેનેટે ભવન્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૭થી જોડાણ આપવા માટેના સિન્ડિકેટના નીચેના ઠરાવને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ, ડાકોર નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો, તેને જૂન ૧૯૬૭થી (૧) ભારતીય વિદ્યાભવન્સ આર્ટ્સ કૉલેજ, ડાકોર; અને (૨) ભારતીય વિદ્યાભવન્સ સાયન્સ કૉલેજ, ડાકોર — એમ વિભાગીકરણ કરવા તથા (૧) ભારતીય વિદ્યાભવન્સ આર્ટ્સ કૉલેજ, ડાકોરને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ (સબો.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા (૨) ભારતીય વિદ્યાભવન્સ સાયન્સ કૉલેજ, ડાકોરને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) વિનયનની કૉલેજ માટેના એક આચાર્ય
   (૨) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન અને વિજ્ઞાનની કૉલેજ માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે ;
૩. ગ્રંથાલય ખંડ વિસ્તૃત કરવામાં આવે અને યોગ્ય કિંમતનાં પુસ્તકો વસાવવામાં આવે;
૪. વિનયનની કૉલેજના આચાર્યશ્રી માટે તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

સિન્ડિકેટનો રિપોર્ટ

"આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ભવન્સ કૉલેજ, ડાકોરની જોડાણઅરજીની સાથે વિચારણામાં લેવા માટે ઍકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

૧૧. સંલગ્ન કૉલેજને મળેલા જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. ગુજરાત રાજ્યના ઉપકુલપતિશ્રીઓની તા. ૨૫-૬-૧૯૬૭ના રોજ મળેલ સભામાં પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અૅન્ડ સાયન્સ કૉલેજને રાજ્ય સરકારે આપેલ જોડાણ અંગે કરેલ નીચેનો ઠરાવ (જાણ માટે) :

"ગુજરાત યુનિવર્સિટીના સેનેટના મંતવ્યને અવગણીને શ્રી. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજનું જોડાણ અમુક શરતોના પરિપાલનને આધીન આપવા માટે રાજ્ય સરકારે કરેલા નિર્ણયને ગુજરાત રાજ્યના ઉપકુલપતિઓની આ સભા ગંભીર ચિંતાથી નિહાળે છે.

સામાન્ય રીતે, યુનિવર્સિટીની સેનેટ કરેલા નિર્ણયો કે ભલામણોને રાજ્ય સરકારે સન્માનવી જોઈએ. યુનિવર્સિટીના વહીવટમાં યુનિવર્સિટીનાં મંડળોની સ્વાયત્તતાને સુરક્ષવી જોઈએ અને તેમાં હસ્તક્ષેપથી અલિપ્ત રહેવું જોઈએ.

ભવિષ્યની દૃષ્ટિએ આ સભાને લાગે છે કે યુનિવર્સિટીના કાયદામાં આવશ્યક સુધારા કરી કૉલેજના જોડાણની આખરી સત્તા યુનિવર્સિટીને આપવી ઘટે.

ઉપરના સંદર્ભમાં ઉપકુલપતિઓની આ સભા ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટે આ બાબતમાં વ્યક્ત કરેલા સૂરનું સમર્થન કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરનું નામ બદલીને "તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ અૅન્ડ સાયન્સ, આદિપુર" રાખવા અંગેના ગાંધીધામ મંત્રી મંડળના મૅનેજર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરનું નામ બદલીને 'તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર' રાખવા માટે અનુમતિ આપવી અને તે મુજબ જોડાણનું જાહેરનામું બહાર પાડવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(**નોંધ.**—સદરહુ કૉલેજમાં હાલ વિજ્ઞાનની વિદ્યાશાખાના શિક્ષણ માટે જોગવાઈ કરવામાં આવેલી નથી, તેથી તે જોતાં નવા સૂચિત નામાભિધાનમાં 'અૅન્ડ સાયન્સ' શબ્દો કમી કરવામાં આવ્યા છે.)

તે પછી થોડાક સમય માટે ઉપકુલપતિશ્રી સભાગૃહની બહાર ગયા, તે દરમિયાન સભાગૃહનું પ્રમુખસ્થાન શ્રી. બટુભાઈ હ. દેસાઈએ સંભાળ્યું હતું.

૧૪. સેનેટે મૂકેલી શરત પ્રમાણે આર. આર. લાલન કૉલેજ, ભુજે સને ૧૯૬૫માં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે અલગ અલગ ખંડ (common room) બાંધવાની

શરતના પરિપાલન બાબતમાં શિક્ષણસંચાલકશ્રીના તા. ૬ઠ્ઠી જુલાઈ ૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી ઉપકુલપતિશ્રી સભાગૃહમાં પાછા આવતાં શ્રી. બટુભાઈ હ. દેસાઈ પાસેથી તેઓશ્રીએ પ્રમુખસ્થાન પાછું સંભાળ્યું.

૧૫. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આઈ. એ. મોદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

Resolution

"The Academic Council and the Sydicate have recommended to amend the Statute 173 but as it contradicts the amended O. Sc.–4 and as the subjects like Mathematics and Physics–Chemistry are essential to study the course of Pharmacy, this meeting of the Senate recommends to amend the Statute 173 as below :

St. 173 will be read as below :

(1) For admission to the Pre-University Class in the Faculties of Arts, Commerce and the First Year in the Diploma Classes in Fine Arts, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State or an examination considered equivalent thereto in at least seven subjects of which English (at higher or lower level) shall be one.

Provided that a candidate who has not offered Algebra–Geometry at the S.S.C. Examination shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Science classes and the First Year Diploma in Pharmacy a candidate must have passed :

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level)
(*ii*) Algebra–Geometry, and
(*iii*) Physics–Chemistry, or
General Science—shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto provided that he has passed that examination with—

(*i*) English (at higher of lower level),

(*ii*) Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry, or General Science as his subjects.

(3) For admission to Pre-University Science (Agri.) classes a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—.

(*i*) English (at higher or lower level),

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry, or General Science shall be three of them;

or

(*b*) An examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level),

(*ii*) Elementry Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry, or General Science as his subjects.

This meeting of the Senate recommends to the concerned authorities of the Universities to review the position of internal evaluation so as to make internal test as qualifying examination for admission to the University examination and to take off its impact on the class awarded at the various examinations."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ આંતરિક મૂલ્યાંકનની હાલની પદ્ધતિમાંથી ઊભા થતા પ્રશ્નોની પુનર્વિચારણા કરવાની તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૬. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો–પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ માટે પૂરતા ખંડોની જોગવાઈ કરવી, જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ જેવા અધિકારી નીચે સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓને વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે તેવા સુધારા પરીક્ષાપદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણસુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષાને સાહિત્યના બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી, તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે Refresher Courses વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશનપ્રવૃત્તિ

(૧) સ્ટાન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગા ઊભી કરવી નહિ.

(૨) એક્સ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢ શિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

(૩) સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇકોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોના કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટની કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. ઇન્ડિયન કેમિકલ સોસાયટીનું આગામી અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે ઑક્ટોબર-નવેંબર ૧૯૬૮માં યોજવા માટે સદરહુ સોસાયટીની અમદાવાદ શાખાના પ્રમુખશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આશરે ૨૫૦થી ૩૦૦ પ્રતિનિધિઓ અધિવેશનમાં આવે, અને ખર્ચ રૂા. ૪,૦૦૦થી રૂા. ૫,૦૦૦ થાય તેમ સાયન્સ ફેકલ્ટીના ડીન શ્રી. આર. ડી. દેસાઈ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન કેમિકલ સોસાયટીનું આવતા વર્ષ (૧૯૬૮)નું અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે બોલાવવા માટે નિમંત્રણ આપવું.

૧૮. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓના વિસ્તારો જુદા પડતાં અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિ પર આચાર્ય રો. કે. જી. નાયક અને આચાર્ય એચ. એસ. સંઘવીની જગ્યાએ બાકીની મુદ્દત માટે એટલે કે તા. ૩૧-૧૨-૧૯૬૮ સુધીના સમય માટે અન્ય બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિ ઉપર રો. કે. જી. નાયક અને આચાર્ય એચ. એસ. સંઘવીની જગ્યાએ અનુક્રમે આચાર્ય રો. ય. ગુ. નાયક અને આચાર્ય એન. એસ. પંડ્યાની નિમણૂક કરવી.

૧૯. હાલના ઑર્ડિ. ૧૨૦ હેઠળ નવી કૉલેજ શરૂ કરવા માટે કરેલ જોડાણઅરજીની કાર્યવાહી પૂરી થાય તે પહેલાં બીજે વર્ષે નવેસરથી જોડાણ અરજી કરવા માટેની છેલ્લી તારીખ વીતી જતી હોવાથી તા. ૩/૪-૬-૧૯૬૭ની સિન્ડિકેટના ઠરાવ અનુસાર તૈયાર કરેલ ઑર્ડિ. ૧૨૦ના સુધારેલા મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 120 :

All applications for affiliation (including applications for bifurcation of an existing college or amalgamation of existing colleges), extension of affiliation or renewal of affiliation, of a college, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the Thirtieth of June of the year preceding the year from which affiliation is intended to take effect.

Every application for affiliation shall be accompanied with a deposit as follows :

1. Application for affiliation of a new college	...Rs. 1,000/-
2. Application for bifurcation of an existing college, *or* amalgamation of existing colleges, *or* extension of affiliation, *or* renewal of affiliation	...Rs. 200/-

The deposit will be returned after the application is finally disposed off, provided that it shall be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted. No request for postponement of consideration of the application for affiliation, extension of affiliation or renewal of affiliation, as the case may be, shall be entertained.

The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

Notwithstanding anything contained above, it shall be competent for the Syndicate to entertain any application for affiliation, contin-

untion or extension of affiliation sought with effect from June 1968, provided the application is received on or before the 31st of August, 1967. This sub-clause is a transitory proviso and will cease to be effective at the end of the current academic year.

૨૦. એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ એસ.ઈ.(ઑલ્ડ)ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૭માં યોજવા અંગે વિદ્યાર્થીઓની માગણી પર એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યની ભલામણને અનુલક્ષીને પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ.ઈ.ના જૂના અભ્યાસક્રમ મુજબની જે બે વધુ પરીક્ષાઓ લેવાની છે તે પૈકીની એક પરીક્ષા ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનું રાખવું, અને તે પરીક્ષા માટેની તારીખો નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીએ એસ.ઈ.ના પોતાના વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીની એસ.ઈ. (જૂના અભ્યાસક્રમ મુજબની) પરીક્ષામાં બેસવા દેવા માટે કરેલી મૌખિક વિનંતીની વાત ઉપકુલપતિશ્રીએ સભાગૃહને કરી. તે પછી ઠરાવવામાં આવ્યું કે, જે વિદ્યાર્થીઓએ એપ્રિલ ૧૯૬૭ સુધીમાં એસ.ઈ.નાં સત્રો સરદાર પટેલ યુનિવર્સિટીમાં ભર્યાં હોય તેમનાં તે સત્રો, અપવાદરૂપે, માન્ય કરીને તે વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીની ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૩ પર વિચારણા કરવામાં આવી.

૮૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ પ્રથમ એલએલ.બી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૧૭૨ શ્રી. ધુપેલિયા બી. એચ. એ. રાજકોટમાં આવેલ ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજમાં રાજકોટથી ૫૬ માઈલ દૂર આવેલ ઉપલેટા શહેર સુધરાઈ કાર્યાલયમાં નોકરી કરતાં કરતાં સત્રો રાખી ખોટી હાજરી ભરાવવા અંગેની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— મજકૂર વિદ્યાર્થીએ ૧૯૬૭માં લેવાયેલ એમ.એ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષા બેઠક નં. ૧૧૭૮થી આપી છે. આ વિદ્યાર્થીના એમ.એ. જૂના અભ્યાસક્રમની પરીક્ષા તેમજ પ્રથમ એલએલ.બી. પરીક્ષાનાં પરિણામ અનામત રાખેલ છે. મજકૂર વિદ્યાર્થીની કૉલેજનો સમય સવારનો હતો અને નોકરીનો સમય ૧૧-૦૦થી ૬-૦૦ હતો.)

આથી બહુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. ધુપેલિયા બી. એચ.નાં પ્રથમ એલએલ.બી.નાં તથા એમ.એ.નાં સત્રો માન્ય ગણીને તેમનું પરિણામ જાહેર કરવું.

તે પછી બાબત નં. ૪૬ પર વિચારણા કરવામાં આવી.

૪૬. પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૭-૭-૧૯૬૭ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે રા. એ. એમ. ત્રિવેદીને યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના પ્રોફેસર તરીકે રૂા. ૧૦૦૦-૫૦-૧૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૧૦૫૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૭-૭-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૧. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ પ્રથમ એલએલ.બી. પરીક્ષાના વિદ્યાર્થી નં. ૨૩૩૬ શ્રી. બી. પી. તન્નાએ રાજકોટની ધર્મેંદ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજમાં રાજકોટથી ૪૮ માઈલ દૂર આવેલ જોડિયા ગામમાં નોકરી કરતાં કરતાં સત્રો રાખી ખોટી હાજરી ભર્યા અંગેની ફરિયાદ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉલેજનો સમય ૭-૩૦થી ૯-૪૫ નો હતો અને નોકરીનો સમય ૧૧-૦૦થી ૫-૧૫ નો હતો. આ વિદ્યાર્થીનું ફર્સ્ટ એલએલ.બી. પરીક્ષાનું પરિણામ અટકાવવામાં આવ્યું છે.)

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. બી. પી. તન્નાનાં પ્રથમ એલએલ.બી.નાં સત્રો માન્ય ગણીને તેમનું પરિણામ જાહેર કરવું.

૨૨. એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ પ્રથમ એલએલ.બી. પરીક્ષાના વિદ્યાર્થી નંબર ૧૯૩૮, શ્રી. એન. એમ. બદિયાણીએ મજકૂર પરીક્ષા માટે ખોટી રીતે હાજરી પુરાવી છે તે અંગેની તા. ૧૮-૪-૧૯૬૭ની ફરિયાદ પર અને એમ. પી. શાહ કૉમર્સ એન્ડ લૉ કૉલેજના આચાર્ય મારફતે આવેલ શ્રી. બદિયાણીના ખુલાસા અંગે વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. એન. એમ. બદિયાણીનાં પ્રથમ એલએલ.બી.નાં સત્રો માન્ય ગણીને તેમનું પરિણામ જાહેર કરવું.

૨૩. સને ૧૯૬૭ના બીજા ભાગમાં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની ઑ. ૧૨૯ મુજબ આવતી તારીખોમાં ફેરફાર કરીને કાર્યાલયે સૂચવેલ તારીખોએ પરીક્ષાઓ શરૂ કરવા માટેના સમયપત્રક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષાઓ માટે કાર્યાલયે સૂચવેલ તારીખો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

એલએલ.બી.ની પરીક્ષાઓ તા. ૧૫મી ઑક્ટોબર ૧૯૬૭થી શરૂ કરવામાં આવે.

(ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષાઓ શરૂ થવાની તારીખોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના, નિરીક્ષકોના તથા કાર્યાલયના સ્ટાફોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩-૭-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૭-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૭-૧૯૬૭ની નોંધ સામેલ કરવામાં આવી નથી.)
૨૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૭ની સભામાં અનુસ્નાતક નિયમો તથા માન્ય અનુસ્નાતક શિક્ષક-મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવા અંગેના નિયમો વગેરેમાં જ્યાં જરૂર જણાય ત્યાં ફેરફાર સૂચવવા નીમેલી સમિતિએ તેની તા. ૧૭-૭-૧૯૬૭ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની વિચારણા બાબત નં. ૧૬ની સાથે કરવી.

૨૬. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદની કૉલેજના શિક્ષકો સર્વશ્રી જે. એસ. શુક્લ તથા એસ. બી. દેસાઈની માઇક્રોબાયોલોજી વિષયમાં બી. એ. કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર, આણંદના શિક્ષક ડૉ. એમ. વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના સર્વશ્રી જે. એસ. શુક્લ તથા એસ. બી. દેસાઈને બી. એ. કૉલેજ ઑફ ઍગ્રિકલ્ચર આણંદના ડૉ. એમ. વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ ઑર્ડિ. ૩૨૪-બી અનુસાર માઇક્રોબાયોલોજી વિષયમાં પીએચ.ડી. કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. પદવી બ્રાન્ચ-૫ પેડિયાટ્રિકસના અનુસ્નાતક શિક્ષણ માટે વધારાના શિક્ષકની નિમણૂક કરશે તે શરતે સિન્ડિકેટે તેની તા. ૧/૨-૭-૧૯૬૭ની સભામાં કેન્દ્ર સ્થાપવા માટે પરવાનગી આપી છે તેના સંદર્ભમાં તે સંસ્થામાં પૂરતો શિક્ષકગણ થતો હોવાથી તે શરત કમી કરવા તે સંસ્થાના અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.ડી. પદવી પેડિયાટ્રિકસ વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી આપતી વખતે લોકલ ઇન્કવાયરી કમિટીના રિપોર્ટ અનુસાર તે વિષયમાં એક વધુ શિક્ષક નીમવાની શરત, તે વિષયમાં નિયમ મુજબ જરૂરી સ્થાનિક શિક્ષકગણ હોવાથી રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નીચેની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી વિચારણા માટે રજૂ કરવામાં આવી :

૨૮. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના ડૉ. કે. આર. રામનાથનની વિનંતી મુજબ પીએચ.ડી. પદવીનો મહાનિબંધ સાઇક્લોસ્ટાઇલ કરી રજૂ કરવા દેવાની પરવાનગી આપવાની વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે કોઈ વિદ્યાર્થી તેમનો મહાનિબંધ સાઇક્લોસ્ટાઇલ કરાવીને યુનિવર્સિટીમાં રજૂ કરે તો તેમ કરવા દેવાની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદના અધ્યક્ષશ્રીનું સૂચન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં સભાગૃહ સમક્ષ એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ., પાર્ટ ૧ અને ૨ના અભ્યાસક્રમનું અધ્યાપનકાર્ય સાથે થઈ શકે કે કેમ તે પ્રશ્ન ઉપસ્થિત થતાં ઠરાવવામાં આવ્યું કે તેની શક્યતાઓ તપાસવાની બાબત જે તે વિદ્યાશાખાને મોકલી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"

ઉપકુલપતિશ્રીએ માન્યતા આપેલ અનુસ્નાતક શિક્ષકોની યાદી

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	માન્યતા જે કૉલેજમાં અહલી આપી તે કૉલેજનું નામ
(૧)	શ્રી. વાય. એસ. અગ્નિહોત્રી, એમ.એ.	એમ.એ.	હિંદી	શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ
(૨)	શ્રી. જે. સી. ત્રિવેદી, એમ.કૉમ.	એમ.કૉમ.	(૧) કૉર્પોરેશન ફાઇનાન્સ (૨) બિઝનેસ મૅનેજમેન્ટ (૩) ઇન્ડસ્ટ્રી એન્ડ લેબરના પેપરો	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૩)	શ્રી. આર. પી. કાને, પીએચ.ડી.	પીએચ.ડી.	ફિઝિકસ	ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ
(૪)	શ્રી. એસ. પી. પંડ્યા, પીએચ.ડી.	,,	,,	,, ,,
(૫)	શ્રી. આર. એન. ભટ્ટ, એમ.કૉમ.,પીએચ.ડી.	એમ.કૉમ.	૧. બિઝનેસ મૅનેજમેન્ટ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. કો-ઑપરેટિવ એન્ડ રુરલ ડેવલપમેન્ટ ૪. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
(૬)	શ્રી. વી. એચ. પંડ્યા	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
(૭)	શ્રી. આર. એસ. નાયક	એમ.એ.	ગુજરાતી	આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
(૮)	શ્રી. બી. એસ. પટેલ, એમ.એ.	એમ.એ.	હિંદી	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	માન્યતા જે કૉલેજમાં બઢતી આપી તે કૉલેજનું નામ
(૯)	શ્રી. આર. ડી. જોષી, એમ.એ.	એમ.એ.	ફિલોસોફી	શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર
(૧૦)	શ્રી. એ. ટી. દેસાઈ, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	ભૂગોળ	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
(૧૧)	શ્રી. એસ. કે. ત્રિવેદી, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકસ	એમ. એસ. એમ. સાયન્સ કૉલેજ, મોરબી
(૧૨)	શ્રીમતી એસ. એલ. દલાલ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ
(૧૩)	શ્રી. એસ. જે. કોન્ટ્રાક્ટર, એમ.એસસી., પીએચ.ડી.	,,	,,	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૧૪)	ડૉ. બી. ટી. દવે, એમ.આર.સી.પી., એફ.આર.સી.પી.	એમ.ડી. પા. ૧	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
(૧૫)	શ્રી. આર. એચ. વ્યાસ, એમ.કૉમ.	એમ.કૉમ.	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. કૉસ્ટિંગ ૪. મૅનેજમેન્ટ (ઇન્કલુડિંગ એકાઉન્ટન્સી)	આઈ. વી. પી. કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદ
(૧૬)	શ્રી. એમ. એચ. પંડ્યા, એમ.એસસી., એ.એમ.	એમ.એસસી.	બોટાની	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, અમદાવાદ
(૧૭)	ડૉ. પી. એસ. કુલકર્ણી, એમ.ડી.	એમ.ડી. પા. ૧	જનરલ મેડિસિન	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
(૧૮)	શ્રી. ટી. એન. દેસાઈ, એમ.એસસી.	એમ.એસસી.	ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પી. સાયન્સ કૉલેજ, તલોદ
(૧૯)	શ્રી. સી. સી. સુખડિયા	એમ કૉમ.	૧. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૨. કૉસ્ટિંગ ૩. મૅનેજમેન્ટ (ઇન્કલ્યુડિંગ એડવાન્સ્ડ એકાઉન્ટન્સી) ૪. મૅનેજમેન્ટ એકાઉન્ટન્સી	સર કે. પી. કૉમર્સ કૉલેજ, સુરત

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	માન્યતા છે કૉલેજમાં અદલી આપી તે કૉલેજનું નામ
(૨૦)	શ્રી. એ. એ. ખત્રી, બી.એ.,એલએલ.બી., એમ.એસસી.	એમ.એ.	મનોવિજ્ઞાન	બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ
(૨૧)	શ્રી. કે. એન. પંડ્યા, એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૨૨)	શ્રી. વી. કે. દેસાઈ, એલએલ.બી.	એલએલ.એમ.	એલએલ.એમ. ધા. ૪ના વિષયો (કાઈમ્સ)	સિટી લૉ કૉલેજ, અમદાવાદ
(૨૩)	શ્રી. એસ. વી. દેસાઈ, એમ.એસ. (Col.)	એમ.કૉમ.	૧. ઇકૉનોમિકસ પૉલિસી અને પ્લાનિંગ ૨. મૉડર્ન ફાઇનાન્સ, પેપર ૧ અને ૨	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૨૪)	શ્રી. બી. એમ. પટેલ, સી.એ.	,,	૧. કૉસ્ટ એકા. ઉન્ટિંગ, પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, પેપર ૩ અને ૪	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૧
(૨૫)	શ્રી. એન. બી. જોશી, એમ.એ.	,,	૧. ઇકૉનોમિક પૉલિસી અને પ્લાનિંગ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. એગ્રિકલ્ચર, પેપર ૧ અને ૨	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડી
(૨૬)	શ્રી. વી. આર. શાહ, એફ.સી.એ.	,,	૧. કૉસ્ટ એકાઉન્ટિંગ, પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, પેપર ૩ અને ૪	કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	માન્યતા જે કૉલેજમાં બદલી આપી તે કૉલેજનું નામ
(૨૭)	શ્રી. એ. આર. દેસાઈ, એમ.એ., એમ.એસસી.	,,	૧. ઇકોનોમિક પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગે. માર્કેટ્સ ૩. ઇકોનોમિક્સ ઑફ એગ્રિ. ૪. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ	કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
(૨૮)	શ્રી. આઈ. જે. દેસાઈ, સી.એ.	,,	૧. કૉસ્ટ એકાન્ટિંગ, પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, પેપર ૩ અને ૪	,, ,,
(૨૯)	શ્રી. કે. વી. વારકેય, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખોરસદ
(૩૦)	શ્રી. એન. જી. ગુજ્જર, એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકોનોમિક પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૩. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
(૩૧)	શ્રી. કે. એસ. પટેલ, એમ.એસસી.	એમ.એ. એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	સ્વામીનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૩૨)	શ્રી. સી. કે. અકુવાલા, એમ.એ., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૩૩)	શ્રી. એમ. એમ. પટેલ, બી.કૉમ., સી.એ.	એમ.કૉમ.	૧. કૉસ્ટ એકાઉન્ટિંગ, પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, પેપર ૩ અને ૪	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	માન્યતા જે કૉલેજમાં અદલી આપી તે કૉલેજનુ નામ
(૩૪)	શ્રી. જે. જે. દવે	એમ.એ.	ગુજરાતી	મ્યુ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૩૫)	શ્રી. એન. આર. દવે, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ
(૩૬)	શ્રી. ડી. એમ. ભાવસાર, એમ.એડ., પીએચ.ડી.	એમ.એડ.	એજ્યુકેશન	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
(૩૭)	શ્રી. આઈ. જી. વશી	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
(૩૮)	શ્રી. એચ. એમ. દેસાઈ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	,, ,,	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
(૩૯)	કુ. અંજની આનંદ કવિ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	એમ. એન. કૉલેજ, વીસનગર
(૪૦)	શ્રી. પી. એન. શર્મા, એમ.એસસી.,	એમ.એ., એમ.એસસી.	સ્ટેટિસ્ટિક્સ	સેંટ ઝેવિયર્સ કૉલેજ, એમદાવાદ
(૪૧)	ડૉ. આર. પી. ઢાંડા, એમ.બી., બી.એસ., ડી.એ., એમ.એસ.	એમ.એસ.	ઓપ્થાલ્મોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૪૨)	શ્રી. પી. આર. શાહ, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
(૪૩)	શ્રી. કે. સત્યનારાયણ	,,	ઝૂલોજી	ગુજરાત કૉલેજ, અમદાવાદ
(૪૪)	શ્રી. સી. આર. લાખિયા,	એમ.કૉમ. (નવા) વિષયોમાં માન્યતા આપી	કૉસ્ટ એકાઉન્ટિંગ, પેપર ૧ અને ૨ ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ, પેપર ૩ અને ૪	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

નીચેના શિક્ષકોને ઉપકુલપતિશ્રીએ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી નથી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૧.	શ્રી. એન. એન. શાહ	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	ભક્ત વલ્લભ-ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૨.	શ્રી. વી. બી. ભટ્ટ	એમ.એસસી.	ફિઝિકસ	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૩.	શ્રી. સી. ડી. કાછિયા	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા
૪.	શ્રી. વી. એસ. મોદી	એમ.એસસી.	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	સર પી. ટી. સાયન્સ અને એસ. કે. એસ. આર્ટ્સ કૉલેજ, મોડાસા
૫.	શ્રી. એ. આર. પરીખ	એમ.એસસી. પીએચ.ડી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ
૬.	શ્રી. એમ. એલ. શાહ. એમ.એસસી.,પીએચ.ડી.	પીએચ.ડી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાય-સ કૉલેજ, ગોધરા.

પરિશિષ્ટ "ગ"

તા. ૨૭-૪-૧૯૬૭ પછી બી. યુ. ટી. માટે ઉપકુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપી છે :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૧.	ડૉ. આર. સી. તલસાણિયા	એમ.એસસી.	હ્યુમન ફિઝિયોલોજી	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૨.	ડૉ. એ. બી. વ્યાસ	એમ.કૉમ.	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઇન્ડસ્ટ્રી ઍન્ડ લેબર ૪. ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૩.	શ્રી. આર. સી. પોપટ, બી.કૉમ., એમ.એ.	એમ.કૉમ.	૧. ઇકોનોમિક પૉલિસી ઍન્ડ પ્લાનિંગ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. મોડર્ન ફાઇનાન્સ, પેપર ૧ ૪. મોડર્ન ફાઇનાન્સ, પેપર ૨	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ
૪.	શ્રી. બી. ડી. ભટ્ટ, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર
૫.	શ્રી. એમ. આર. પટેલ, એમ.એ.	એમ.એ.	ઇતિહાસ જૂથ "એ" અને "બી"	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. આર. સી. શુક્લ	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. બિઝનેસ મૅનેજમેન્ટ ૩. ઇકોનોમિક સ્ટેટિસ્ટિક્સ ૪. સ્ટેટિસ્ટિકલ ક્વૉલિટી કંટ્રોલ	એસ. બી. ગાર્ડી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ પી. કે. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નવસારી
	(નોંધ.—તેમની ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સના પેપરની માન્યતા રદ કરવામાં આવી છે.)			
૭.	શ્રી. ડી. જી. પટેલ, એમ.એસસી.	એમ.એસસી. એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત
૮.	શ્રી. બી. એમ. પંડિત, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા
૯.	શ્રી. જે. આર. દેસાઈ. એમ.બી.,બી.એસ., એમ.એસ., ડી.એલ.ઓ.	એમ.એસ., ભાગ ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૦.	શ્રી. ઉષાકુમારી ગોરધનદાસ અંબાણી, એમ.એ.	એમ.એ.	સંસ્કૃત	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૧૧.	શ્રી. એસ. એમ. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા
૧૨.	શ્રી. જે. ડી. ઠક્કર, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૧૩.	શ્રી. બી. એન. ચોલેરા, એમ.એ.	એમ.એ.	હિંદી	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૪.	શ્રી. જે. જે. શુકલ, એમ.એ., પી.એચ.ડી.	એમ.એ.	સાયકોલોજી	એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૧૫.	શ્રી. એચ. બી. ગોહિલ, એમ.એસસી., એમ.એડ.	એમ.એડ.	એજ્યુકેશન	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર
૧૬.	શ્રી. એચ. એસ. મેંદીવાળા, એમ.એસસી.	એમ.એસસી. એમ.કૉમ.	સ્ટેટિસ્ટિક્સ	એમ. પી. એસ. એમ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર
૧૭.	શ્રી. એમ. એફ. રાવ, એમ.એ.	એમ.એ.	સોશિયોલોજી	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૮.	શ્રી. એમ. પી. શાહ, એમ.એસસી. (એન્ટો.)	એમ.એસસી. (એમ્રિ.)	એન્ટોમોલોજી	એમ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ
૧૯.	ડૉ. એચ. એમ. ત્રિવેદી, એમ.એસ.	એમ.એસ., ધ્યા.૨. ડી.એલ.ઓ.	ઈ.એન.ટી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૦.	ડૉ. મિસ માયા હઝરા, એમ.એસ., ડી.જી.ઓ.	એમ.ડી., ધ્યા. ૩, ડી.જી.ઓ	ઑબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૧.	ડૉ. બી. એન. શાહ, એમ.ડી., ડી.એ.	ડી.એ.	એનેસ્થેસિયા	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
૨૨.	શ્રી. વી. એસ. મોદી	એમ.એસસી.	ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા
૨૩.	શ્રી. એમ. એન. વ્યાસ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિકલ કેમિસ્ટ્રી	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૪.	શ્રી. પી. એસ. સતપંથી, એમ.એસસી., પીએચ.ડી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત
૨૫.	શ્રી. પી. પી. ઠાકોર, એમ.એ., એલએલ.બી.	એમ.એ.	અંગ્રેજી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૬.	શ્રી. બી. કે. મહેતા, એમ.એ.	એમ.એ.	મનોવિજ્ઞાન	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૨૭.	શ્રી. ડી. એન. ત્રિવેદી	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨૮.	શ્રી. ડી. આર. કાછિયાપટેલ,	એમ.કૉમ.	૧. કૉર્પોરેશન ફાઇનાન્સ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. બિઝનેસ મૅનેજમેન્ટ ૪. કૉસ્ટ એકાઉન્ટિંગ	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજનું નામ
૨૯.	શ્રી. એન. જી. શાહ,	એમ.એ.	મનોવિજ્ઞાન	એસ. કે. શાહ આર્ટ્સ એન્ડ પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા
૩૦.	શ્રી. આર. એસ. ભટ્ટ, એમ.એ.	એમ.એ.	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	એમ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩૧.	કુ. મૃદુલા એ. શાહ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૨.	શ્રી. એચ. જે. પટેલ, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩૩.	શ્રીમતી ઉમા નટરાજન આયર, એમ.એ.	એમ.એ.	અંગ્રેજી	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ
૩૪.	શ્રી. પી. એસ. દરજી, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૩૫.	શ્રી. પી. એસ. શુક્લ એમ.એ., સાહિત્યરત્ન	એમ.એ.	હિન્દી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, માણસા
૩૬.	શ્રી. જે. ડી આચાર્ય, એમ.એસસી.	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૩૭.	શ્રી. બશીર અહેમદ એમ. મુન્શી	એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ. એન. કૉલેજ, વીસનગર
૩૮.	શ્રી. કે. એમ. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ "ઘ"

નીચેના શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	પ્રથમની કૉલેજ	માન્યતા જે કૉલેજમાં બદલી આપી તે
૧.	શ્રી. બી. આર. પટેલ (શિક્ષક)	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ
૨.	શ્રી. આઈ. જે. ધ્રુવ (શિક્ષક)	એમ.એ.	ઇતિહાસ જૂથ "એ" અને "સી"	ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૩.	શ્રી. બી એમ. પંડ્યા (શિક્ષક)	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમરેલી	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધંધુકા.

Post-graduate Rule No. 1 :

1. Every candidate for a post-graduate degree of the University shall—

(*i*) enrol himself at a centre for a subject or attach himself to a University Teacher or Teachers in the subject or subjects of his studies, as the case may be, and receive instructions for the period prescribed under the Ordinances;

(*ii*) pay to the authorities concerned, the fees prescribed;

(*iii*) apply to the University in the prescribed form for registration as a Post-graduate student of the University. The institution, which the student joins shall collect the Regitration fee at the time of admission and forward it, along with the registration form, to the University, within one month from the commencement of the term i.e. on or before the 15th of July every year.

(*iv*) the last date for admission of Post-graduate students at the Centre shall be the 5th of July and the last date for submitting application forms for registration as Post-graduate students by the Centre to the University shall be 15th of July every year.

(*a*) The number of students of Post-graduate centre or in a University Department for Post-graduate teaching shall in no case exceed 100 in any one class, provided that such number of additional students as shall not exceed 10 may be admitted with the prior approval of the Vice-Chancellor.

(*b*) Those candidates who intend to take their examination by thesis may register at any time of the year, provided that no candidate shall be allowed to submit his thesis before the expiry of the necessary calendar year prescribed for students for that degree.

(*c*) Those candidates who are prepared for the Medical degree may register at any time of the year provided that no candidate shall be allowed to submit his Thesis before the expiry of the necessary calendar year prescribed for studies for that degree.

(*d*) While in the case of the Post-graduate Diploma courses prescribed under the Faculty of Medicine, the maximum

number of students that can be enrolled per teacher shall be three subject to a maximum of six students per unit.

(*v*) pay the registration fee of Rs. 10/- for Master's degree and Rs. 20/- for the Ph.D. degree, over and above the prescribed tuition fees;

(*vi*) not register himself simultaneously for more than one Post-graduate degree. The period of registration for a Post-graduate degree ends with his completion of the required terms.

(*Note.* — Only such students as have been registered as Post-graduate students and have been paying regularly the fee due to the institution shall be permitted to attend Post-graduate lecturers.)

Journals :

1. Commerce
2. Eastern Economist
3. Indian Journal of Economics
4. Indian Journal of Commerce
5. Indian Journal of Industrial Economics
6. Indian Journal of Agricultural Economics
7. Indian Institute of Bankers
8. Banker
9. Indian Economics Review
10. Industry and Trade
11. International Trade

} Govt. of India

12. Indian Co-operative Review
13. Economist (London)
14. American Economics Review
15. London-Jurnal of Royal Economic Society
16. A.I.C.C. Economic Review
17. Indian Journal of Public Administration
18. Forum of Free Enterprise Pamphlets.

પરિશિષ્ટ "ણ"
ઠરાવઠરાવ ક્રમાંક ૮૨

OUT OF TURN EXAMINATION (REVISED RULE)

Out of turn examination in practicals at a Centre may be permitted jointly by the Examiners concerned, on the ground of illness or accident or unforeseen circumstances beyond the control of the candidate concerned provided that it is held in the same college, and the pair of Examiners remain unchanged and the application for the same is recommended by the Principal of the college or in his absence by the Professor-in-charge of the Institution concerned where the candidate is for the time being studying or by the Laboratory Supervisor where he is appearing. Such permission may be given by the examiners only after satisfying themselves by examining the Medical Certificate produced by the candidate about his illness or in the event of the reason for the change being an accident or unforeseen circumstances beyond his control after examining such evidence as is produced before them the Examiners shall, on the recommendation of the Principal, or Professor-in-charge as mentioned above, may examine the candidate out-of-turn and shall report of the same to the University Registrar and forward all relevant papers including the recommendation received by them from the Principal or Professor-in-charge or the Laboratory Supervisor, as the case may be, and shall, at the same time, inform the Chairman of the Board of Examiners and the Principal concerned of the action taken by them. If it is not possible for examiners in practicals to examine a candidate out of turn at the same place which is a Centre for the Practical Examination as stated above, the candidate may be examined at any other Centre where the same pair of Examiners conducts the Practical examination with the previous permission of the Vice-Chancellor or an officer authorised by him. Save in the circumstances stated above, no candidate shall be examined out of turn.

Examination out of turn shall not be claimed as a matter of right.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૯૧

૧.	ફૂટબૉલ, હૉકી, રેફરી-અમ્પાયર્સ		... મેચના	રૂા.	૫·૦૦
૨.	ક્રિકેટ, અમ્પાયર્સ		... રોજના	રૂા.	૧૦·૦૦
૩.	ક્રિકેટ, સ્કોરર્સ		... રોજના	રૂા.	૪·૦૦
૪.	વૉલીબૉલ, કબડ્ડી ખોખો બાસ્કેટબૉલ થ્રો બૉલ	રેફરી-અમ્પાયર્સ	... મેચના	રૂા.	૪·૦૦
૫.	ટેનિસ, ટેબલટેનિસ, બેડમિન્ટન, રિંગ ટેનિસ, કુસ્તી	રેફરી-અમ્પાયર્સ	... સિટિંગના	રૂા.	૫·૦૦
૬.	લાઈન્સમેન — ફૂટબૉલ		... મેચના	રૂા.	૩·૦૦
૭.	લાઈન્સમેન — ટેનિસ		... સિટિંગના	રૂા.	૧·૦૦
૮.	પીકર્સ — બેડમિન્ટન, ટેનિસ		... સિટિંગના	રૂા.	૦·૫૦
૯.	સ્વિમિંગ, નૌચાલન, ખેલકૂદ, ચેસ, શૂટિંગ	ઑફિશિયલ્સ	... સિટિંગના	રૂા.	૩·૦૦
૧૦.	સ્કોરર્સ, ટાઈમ-કીપર્સ વગેરે	વૉલીબૉલ, ખોખો કબડ્ડી બાસ્કેટબૉલ	... મેચના	રૂા.	૨·૫૦
૧૧.	સ્કોરર્સ	બેડમિન્ટન, ટેબલટેનિસ ટેનિસ, કુસ્તી	... સિટિંગના	રૂા.	૨·૫૦

૧૨. પસંદગી મુકાબલા વખતે ગ્રાઉન્ડમૅનને મેદાન તૈયાર કરવાના તથા પાણી પાવાના થઈને એક સિટિંગના રૂા. ૨·૦૦ પ્રમાણેનું મહેનતાણું આપવું.

૧૩. ક્રિકેટના ગ્રાઉન્ડમૅનને મેદાન તૈયાર કરવાની મજૂરીના રૂા. ૬·૦૦ અને એક માણસને જ પાણી પાવાના રોજના રૂા. ૨·૦૦ મહેનતાણાના આપવા.

ભાડાભથ્થા અંગેના નિયમો

૧. આંતર-વિભાગીય હરીફાઈમાં પંચકાર્ય માટે બહારગામ જતા કે આવતા સભ્યને હરીફાઈના સ્થળે જવા-આવવાનું પ્રથમ વર્ગનું રેલવેભાડું, જતાં અને આવતાંના દરેક વખતના મુસાફરીભથ્થાના રૂા. ૫·૦૦ તથા જે તે રમતના પંચકાર્ય માટે મંજૂર થયેલ વેતન આપવું તથા જો તેઓની જમવાની વ્યવસ્થા જે સ્થળે હરીફાઈ યોજાઈ હોય તે સ્થળના આચાર્યશ્રી તરફથી કરવામાં ન આવે તો તેમને ભોજનખર્ચ પેટે રૂા. ૫·૦૦ પ્રમાણે રોજના આપવા.

૨. આંતર-વિભાગીય ખેલકૂદ હરીફાઈમાં ભાગ લેવા આવતી બીજા વિભાગની ટુકડીની સાથે આવતા મૅનેજર અગર કોચ — ગમે તે એકને આંતર-યુનિવર્સિટીની ટુકડી સાથે જનાર મૅનેજરને અપાતા દરે ભાડું-ભથ્થું આપવું.

૩. આંતર-વિભાગીય હરીફાઈમાં ભાગ લેવા જતી વિભાગીય ટુકડીઓનું કન્સેશન દરનું ત્રીજા વર્ગનું રેલવેભાડું તથા કન્સેશન દરે થતા કુલ ભાડાની વીસ ટકા રકમ મુસાફરી ખર્ચના ભથ્થા તરીકે આપવી; પરંતુ જો કન્સેશન ન મળી શકે તેમ હોય તો હરીફોને આવવા-જવાનું ત્રીજા વર્ગનું રેલવેભાડું અને કન્સેશન દરથી થતા ત્રીજા વર્ગના રેલવેભાડાની વીસ ટકા જેટલી રકમ મુસાફરી-ભથ્થા તરીકે આપવી.

૪. આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતા હરીફોને નીચે પ્રમાણેનું ભથ્થું આપવું :

(અ) હરીફોને રોજનું રૂા. ૬·૦૦નું દૈનિક ભથ્થું આપવું.

(નોંધ.— આંતર-યુનિવર્સિટીના સ્થળે જવા માટે રાતના ટીમ નીકળે તો બીજે દિવસથી ભથ્થું આપવાનું શરૂ કરવું અને ટુકડી અમદાવાદ સવારના પાછી આવે તો આગલા દિવસ સુધીનું આપવાનું રાખવું; પરંતુ સવારના અથવા બપોરના ૧૨·૦૦ વાગ્યા સુધીમાં જવા નીકળે અને ૧૨·૦૦ વાગ્યા પછીથી પાછા આવે તો તે આખા દિવસનું ભથ્થું આપવાનું રાખવું.)

(બ) આંતર-યુનિવર્સિટી હરીફાઈનું રમતનું સ્થળ જો ઉતારાથી બે માઈલથી વધુ દૂર હોય તો રમતના દિવસ માટે તથા પ્રૅક્ટિસ માટે હરીફોને તથા મૅનેજરને વાહનખર્ચ પેટે રોજના રૂા. ૧·૦૦ પ્રમાણેનું ભથ્થું આપવું.

(ક) મુસાફરી દરમિયાન એક વખત ગાડીમાં બેઠા પછી જેટલી વખત ગાડી બદલવાની થાય તે દરેક માટે તથા નીકળવાના અને સ્પર્ધાના ગામ પહોંચવાના અને તે રીતે વળતાં રૂા. ૧·૦૦ કૂલીચાર્જ-વાહનચાર્જ વગેરેના ખર્ચ પેટે આપવો.

(ખ) આંતર-યુનિવર્સિટી હરીફાઈઓ જો અમદાવાદમાં યોજાય તોપણ પ્રત્યેક હરીફને રોજના રૂા. ૬·૦૦ પ્રમાણેનું દૈનિક ભથ્થું આપવું.

(ગ) આંતર-યુનિવર્સિટીમાં જતાં પહેલાં પસંદ થયેલ હરીફોને પ્રૅક્ટિસ તથા કોચિંગ માટે અમદાવાદ બોલાવવામાં આવે ત્યારે બહારગામની કૉલેજોમાંથી આવતા હરીફોને રોજનું રૂા. ૪·૦૦નું દૈનિક ભથ્થું આપવું તથા અમદાવાદના હરીફોને રોજનું રૂા. ૨·૦૦નું ભથ્થું આપવું. આ માટે બહારગામથી આવતા હરીફોને આગળના દિવસનું, સાંજના આવે તો તે દિવસના અને આંતર-યુનિવર્સિટી હરીફાઈમાંથી રમીને પાછા આવતાં સવારે અમદાવાદ આવીને તેમને કૉલેજોના સ્થળે પાછા જવાનું થાય ત્યારે રૂા. ૪·૦૦નું ભથ્થું આપવું તથા આવવા-જવાનું ત્રીજા વર્ગનું રેલવેભાડું આપવું.

(ધ) આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતી ટુકડીઓનું કન્સેશન મળતું હોય તો કન્સેશન દરે ત્રીજા વર્ગનું રેલવેભાડું તથા સીટિંગ અને સ્લીપિંગ રિઝર્વેશન ચાર્જનું ખર્ચ યુનિવર્સિટીએ આપવું.

(ચ) આંતર-યુનિવર્સિટીની હરીફાઈમાં ભાગ લેવા જતી ટુકડી સાથે જનાર મેનેજરને ટુકડીને સાથે રહેવાનું હોવાથી જવા-આવવાનું કન્સેશન દરે થતું ત્રીજા વર્ગનું રેલવેભાડું આપવું તથા ટુકડીની સાથે જનાર મેનેજરનું સીટિંગ અને સ્લીપિંગ રિઝર્વેશન કરાવવાનું ખર્ચ આપવું આ ઉપરાંત મેનેજરને મુસાફરીભથ્થા તરીકે એક વધારાનું પ્રથમ વર્ગનું ભાડું આપવું. જો કન્સેશન ન મળી શકે તેમ હોય તો આવવા-જવાનું ત્રીજા વર્ગનું રેલવેભાડું આપવું.

(છ) આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતી ગુજરાત યુનિવર્સિટીની ટુકડીના મેનેજરને હરીફાઈના સ્થળે પહોંચે ત્યારથી પાછા આવવા નીકળે ત્યાં સુધીના દિવસોએ રોજના રૂા. ૧૦.૦૦ પ્રમાણેનું દૈનિક ભથ્થું આપવું. તેઓ જો હરીફાઈના સ્થળે બપોરના ૧૨-૦૦ વાગ્યા પહેલાં પહોંચે અને પાછા નીકળનાં બપોરના ૧૨-૦૦ વાગ્યા પહેલાં નીકળે તો તે દિવસનું અડધા દિવસનું ભથ્થું આપવું, એટલે કે રૂા ૫.૦૦નું ભથ્થું આપવું.

(જ) મેનેજર તરીકે પસંદ થનાર સભ્ય અમદાવાદ બહારની કૉલેજનાં હોય તો તેમને અમદાવાદ આવે ત્યારે પણ ઉપર પ્રમાણેનું ભાડું ભથ્થું આપવું.

(ઝ) આંતર-યુનિવર્સિટીની ટુકડીને કોચિંગ આપવા માટે નિયુક્ત થનાર સભ્યને કોચિંગના દિવસો દરમિયાન દરેક વેળા (per session) રૂા. ૫.૦૦ પ્રમાણેનું ભથ્થું આપવું; પરંતુ આ સભ્ય જો બહારગામના હોય તો તેમને આંતર-યુનિવર્સિટીમાં જતી ટુકડીના મેનેજરને આપવામાં આવતા દરે ભાડું ભથ્થું આપવાનું રાખવું.

(ત) આંતર-યુનિવર્સિટી હરીફાઈમાં ભાગ લેવા જતા હરીફોનું યુનિફૉર્મનું અડધું ખર્ચ વિદ્યાર્થીઓ અને અડધું ખર્ચ યુનિવર્સિટીએ આપવું.

(થ) યુનિવર્સિટીની ટુકડીઓ પસંદ કરવા માટેની પસંદગી સમિતિના સભ્યોને દરેક વેળા (per session)ના રૂા. ૫.૦૦ આપવા.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૬૨

યુવક-કલ્યાણસમિતિ તરફથી યોજાતા આંતર-વિભાગીય યુવક મહોત્સવ અંગેના ખર્ચની વિગતો : ૧૯૬૭-૬૮

૧.	એકાંકી, સમૂહનૃત્ય તથા સમૂહગાન તથા વૈયક્તિક હરીફાઈઓ માટેના ભાગ લેનારા તથા સાગરીતો સાથે આવનાર મળીને બે વિભાગોમાંથી દરેક વિભાગમાંથી વધુમાં વધુ ૭૫ કલાકારો ગણતાં ૧૪૦ હરીફોના રોજના રૂા. ૫ લેખે દૈનિક ભથ્થાના ગણતાં બે દિવસના આશરે... ...	રૂા. ૧,૭૫૦-૦૦
૨.	૭૦ કલાકારો તથા સાથે આવનાર અધ્યાપકોના રેલવેભાડાના આશરે ...	રૂા. ૧,૩૫૦-૦૦
૩.	એકાંકી, સમૂહનૃત્ય તથા સમૂહગાન તથા અન્ય હરીફાઈઓ માટે હૉલ, સ્ટેજ તથા અન્ય સાધનો માટે થતો ખર્ચ ...	રૂા. ૧,૦૦૦-૦૦
૪.	આર્ટ્સ ક્રાફ્ટ વગેરેનાં પ્રદર્શનો તથા તે માટેનાં પાર્સલો, સ્ટેમ્પ્સ વગેરેનો ખર્ચ ...	રૂા. ૩૦૦-૦૦
૫	બીજી વ્યવસ્થા અંગેનો ખર્ચ, નિર્ણાયકો માટે વાહનખર્ચ તથા તેમને ચા-પાણી, હરીફોને ચા-પાણી તથા પરચૂરણ વાહન ખર્ચ ...	રૂા. ૬૦૦-૦૦
	કુલ	રૂા. ૫,૦૦૦-૦૦

૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન દિવાળીની રજાઓમાં યોજવા ધારેલ બહેનોના પર્વતારોહણ તાલીમ શિબિરનો અંદાજી ખર્ચ

૧.	૩૦ વિદ્યાર્થિનીઓનો ૧૦ દિવસનો જમવાનો ખર્ચ રોજના રૂા. ૫-૦૦ લેખે ...	રૂા. ૧,૬૦૦-૦૦
૨.	૩૦ વિદ્યાર્થિનીઓનું આવવા-જવાનું રેલવેભાડું તથા બસભાડું (ત્રીજા વર્ગનું) ...	રૂા. ૫૦૦-૦૦
૩.	પરચૂરણ ખર્ચ, દવાઓ, મજૂરી, વાહન, વર્તમાનપત્રો, ફોટોગ્રાફી, મુખ્ય મહેમાન, પૂર્ણાહુતિ સમારંભ વગેરે.....	રૂા. ૩૦૦-૦૦
	કુલ	રૂા. ૨,૪૦૦-૦૦

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬૫

ઓક્ટોબર ૧૯૬૭માં લેવાનાર પરીક્ષાઓનાં કેન્દ્રોની યાદી

પરીક્ષાનું નામ	કેન્દ્રો
૧ પ્રી-યુનિ. આર્ટ્સ (એકસ્ટર્નલ) ૨. ફર્સ્ટ બી.એ. (એકસ્ટર્નલ) ૩. સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) ૪. થર્ડ બી.એ. (એકસ્ટર્નલ)	૧. અમદાવાદ, ૨. ભૂજ, ૩. ભાવનગર, ૪. ગોધરા, ૫. નડિયાદ, ૬. રાજકોટ, ૭. સુરત, અને ૮. વીસનગર
૫. એમ.એ. (જૂનો કોર્સ) ૬. એમ.એસસી. (જૂનો કોર્સ) ૭. એમ.કોમ. (જૂનો કોર્સ)	૧. અમદાવાદ, ૨. રાજકોટ, અને ૩. સુરત
૮. પીએચ.ડી. ટ્રાન્સ. ટેસ્ટ	અમદાવાદ
૯. એફ.ઈ. (ઓનર્સ) ૧૦. બી.ઈ. (સિવિલ) ૧૧. બી.ઈ. (મિકેનિકલ) ૧૨. બી.ઈ. (ઇલેક્ટ્રિકલ)	૧. અમદાવાદ, ૨. મોરબી, અને ૩. સુરત
૧૩. પ્રથમ એલએલ.બી. ૧૪. દ્વિતીય એલએલ.બી.	૧. અમદાવાદ, ૨. રાજકોટ, ૩. સુરત, અને ૪. ભાવનગર
૧૫. એફ.વાય. ડિપ્લોમા ફાર્મસી ૧૬. ઇન્ટર ડિપ્લોમા ફાર્મસી ૧૭. ફર્સ્ટ બી.ફાર્મ. ૧૮. સેકન્ડ બી.ફાર્મ. ૧૯. ફાઇનલ બી.ફાર્મ. ૨૦. એમ.ફાર્મ.	અમદાવાદ
૨૧. પ્રથમ એમ.બી.,બી.એસ. ૨૨. દ્વિતીય એમ.બી.,બી.એસ.	૧. અમદાવાદ, ૨. જામનગર, અને ૩. સુરત
૨૩. તૃતીય એમ.બી.,બી.એસ.	૧. અમદાવાદ, અને ૨. જામનગર
૨૪. પ્રથમ બી.ડી.એસ. ૨૫. દ્વિતીય બી.ડી.એસ. ૨૬. તૃતીય બી.ડી.એસ. ૨૭. ફાઇનલ બી.ડી.એસ.	અમદાવાદ
૨૮. તૃતીય બી.એ.એમ.એસ.	૧. જામનગર, અને ૨. સુરત

૨૯. એમ.ડી.	અમદાવાદ
૩૦. એમ.એસ.	
૩૧. ડી.એ.	
૩૨. ડી.ઓ.	
૩૩. ટી.ડી.ડી.	
૩૪. ડી.આર.એમ.ઈ.	
૩૫. ડી.જી.ઓ.	
૩૬. ડી.પેડિયાટ્રિકસ	
૩૭. ડી.એલ.ઓ.	
૩૮. બી.એસસી. (મેડિકલ)	
૩૯. એમ.એસસી (મેડિકલ)	
૪૦. ડી.વી. એન્ડ ડી.	
૪૧. માસ્ટર ઓફ લેબર વેલ્ફેર	

પરિશિષ્ટ "ધ"
ઠરાવઠાલ ક્રમાંક ૬૬

Draft agreement between the University and the Economics Research Centre

Draft agreement between the Gujarat University established under the Gujarat University Act of 1949 (which will be known as party of the first part) and the Economics Research Centre (which will be known as the party of the second part) registered under the Society Registration Act of 1826 and the Bombay Public Trust Act, 1950, in connection with the research activities of the above Centre. The parties to the contract hereby agree as under :

(1) Whereas the party of the second part has expressed its desire to start research activities in advanced economics at Ahmedabad and whereas the Syndicate of the party of the first part has accepted to associate itself under a resolution passed its meeting held on 3/4-6-1967 (item No. 78), the party of the first part agrees that :

(*i*) The party of the first part shall make available necessary space, subject to the availability of space and discretion of the Vice-Chancellor, required for carrying out the research activities of the party of the second part without charging any rent.

(*ii*) The party of the first part shall subject to the norms laid down by the University and subject to Vice-Chancellor's approval, make necessary office furniture available to the Party of the second for use by its employees without any charge.

(*iii*) The party of the first part shall permit Shri B. R. Shenoy, Director of the University School of Social Sciences, to work as Director of the Economics Research Centre, on an honorarium to be given by the Economics Research Centre with the prior approval of the Syndicate.

In the alternative it shall be competent for the party of the first part to retain, if it so desires, the services of Shri B. R. Shenoy as Professor of Economics and Director of the School of Social Sciences on an honorary basis, in which

case his emoluments shall be fixed and paid by the party of the Second part, in consultation with the party of the first part as and when the party of the first part chooses to exercise this option; and in that case Shri B. R. Shenoy will be provided with rent-free accomodation and office faciilities by the party of the first part.

In either case this agreement shall not in any case affect the other conditions of service agreed upon by Shri B. R. Shenoy with the Gujarat University.

(*iv*) The party of the first part shall make available the Library facilities to the party of the second part as are available to the members of the teaching staff of the party of the first part.

(2) The party of the second part in consideration of above, agree as under :

(*i*) The party of the second part shall inform the party of the first part, if and when it receives any foreign aid in any form, disclosing the amount, the name and the address of the party and other particulars connected therewith.

(*ii*) The party of the second part shall, in its own discretion appoint the staff required for its activities and pay for the same. However, in case it wants to avail the services of the employees of the party of the first part the same will be made available on rules and regulations of the party of the first part other than those governing payability of travelling and daily allowances of the party of the first-part. The Rules governing T.A. and D.A. of the party of the second part will apply to them when on travel.

(*iii*) The party of the second part undertakes to pass on to the party of the first part the details of the research activities and other programme undertaken by it.

(*iv*) The party of the second part also undertakes to place at the disposal of the party of the first part the services of the employees of the party of the second part on prior approval.

(*v*) The party of the second part also agrees to make its research materials, research data, research results and all matters connec-

ted therewith to the party of the first part subject to the terms and conditions to the mutually agreed upon.

(*iv*) The parties to the agreement agree that not with standing any probision elsewhere to the contrary it shall be competent for either party to the contract to terminate the above agreement by giving six months' *i.e.* 180 days' notice in writing.

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૬૬

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લિગલ) સમિતિની એક સભા તા. ૮–૭–૧૯૬૭ના રોજ બપોરે ૨–૦૦ વાગે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી	હાજર
૨. શ્રી. બદુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. ધનવદન મા. નાણાવટી	હાજર
૪. આચાર્ય વી. આર રણદીવે	હાજર
૫. જસ્ટિસ શ્રી. ભગવતી	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી ઉમાશંકર જે. જોશીએ સંભાળ્યું હતું.

૧. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના સચિવશ્રી તરફથી આવેલ તા. ૫–૫–૧૯૬૭ના પત્રક્રમાંક જી.એસ. ૧૧/૫૨૬ સિન્ડિકેટે તેની તા ૩/૪–૬–૧૯૬૭ની સભાના ઠરાવ નં. ૩૫થી આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના કાનૂની ખાતા તરફથી આવેલ તા. ૫–૫–૧૯૬૭ના પત્રમાં દર્શાવ્યા પ્રમાણે સ્ટેચ્યૂટ ૧૧ તે મુજબ સુધારવા સેનેટને ભલામણ કરવી તથા તેમાં ગુજરાત વિધાનસભા અસ્તિત્વમાં આવ્યેથી અમુક સમયમર્યાદામાં તેની જાણ યુનિવર્સિટી રજિસ્ટ્રારને કરવામાં આવે તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

૨. ગુજરાત રાજ્યના લાંચરુશવત વિરોધી ખાતાના નિયામકશ્રી તરફથી આવેલો તા. ૮–૨–૧૯૬૭નો પત્ર ક્રમાંક એસ.બી. ૨૪૭૬ સ્ટી. એસએસ. સિન્ડિકેટે તેની તા. ૩/૪–૬–૧૯૬૭ની સભામાં ઠરાવ નં. ૧૭થી આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી

૩. સિન્ડિકેટે તેની તા. ૩/૪–૬–૧૯૬૭ની સભામાં ઇકોનોમિક્સ રિસર્ચ સેન્ટરને આ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ઇકોનોમિક વિભાગ સાથે ઘનિષ્ઠ સંપર્કમાં રહીને કામ કરવાના હેતુથી નીચે પ્રમાણે સૈદ્ધાંતિક સ્વીકાર કરેલો હોવાથી અને સિન્ડિકેટે બાબત નં. ૧ અંગે અભિપ્રાય આપવા તથા આ અંગે કરવાના કરારનામાનો મુસદ્દો તૈયાર કરવા અંગે આ બાબત આ સમિતિ સમક્ષ મોકલેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

1. The University is willing to associate with the Economics Research Centre.
2. The Centre shall inform the University if and when they receive foreign aid in any form so that the University can immediately inform the Government. Whatever Research and

other programmes they frame they shall pass on to the University.

3. There shall be a contract between the centre and the University.

4. The Centre will have their own staff, but in case they avail of the services of any members of the University staff, the conditions of service and rules and regulations of the University shall apply to the University staff who may help the centre.

5. Subject to availability and discretion of the Vice-Chancellor, necessary space be provided by the University to the Centre and furniture according to the norms of the University be also provided for their use.

6. Prof. B. R. Shenoy shall continue as paid Director of the University School of Social Sciences and shall be permitted to work as Director of the Economics Centre in an honorary capacity.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

૧. ઉપરોક્ત પેરા (૪)માં the conditions of service rules and regulations of the University એ શબ્દો પછીથી other than the travelling and daily allowance rules of the University શબ્દો ઉમેરવા અને આ વાક્યને છેલ્લે The Rules governing T.A. and D.A. of the centre will apply to them એ શબ્દોનો ઉમેરો કરવો તથા ઉપરોક્ત પેરા નં. ૬ના અંતમાં નીચેના શબ્દો ઉમેરવા :

on an honorarium to be given by the Economics Research Centre with the prior approval of the Syndicate.

૨. નીચે પ્રમાણેની એક શરતનો આ કૉન્ટ્રેક્ટમાં ઉમેરો કરવો :

This contract does not affect in any way the condition of the service with the University.

૩. સભામાં સૂચવાયા મુજબના શાબ્દિક ફેરફાર કરવા ઉપરના સુધારા સાથેના કરારનામાનો મુસદ્દો સામેલ છે.

૪. નીચેની બાબત સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભાના ઠરાવ નં. ૨૯થી આ સમિતિ સમક્ષ વિચારણા કરવા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા "પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ગુજરાત યુનિવર્સિટી સાથેનું ચાલુ જોડાણ તા. ૧૫મી જૂન ૧૯૬૭થી તા. ૧૪મી જૂન ૧૯૬૮ સુધીના

એક વર્ષના સમય માટેનું, મંજૂર કરતા શિક્ષણ અને મજૂર વિભાગ, અમદાવાદના તા. ૨૪-૬-૧૯૬૭ના સરકારી જાહેરનામા ક્રમાંક ધવશા-૬૨૬-યુજીએફ-૫૬૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબતની વિચારણા હાથ ધરવામાં આવી ત્યારે પ્રમુખશ્રીએ રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી આવેલ પત્ર ક્રમાંક યુજીએફ-૫૬૬૭/૪૭૬૭-ખ રજૂ કરેલ, અને ત્યાર બાદ લંબાણ ચર્ચા-વિચારણાની આખરે ઠરાવવામાં આવ્યું કે રાજ્ય સરકારને આ અંગે ઘટતો પત્ર લખવો, જેનો જવાબ આવ્યેથી આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત પર વિચારણા કરવામાં આવી હતી :

રૂટે. ૧૩૬(સી)માં "હેડમાસ્તર"નો જે ઉલ્લેખ છે તે ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની સરકારમાન્ય માધ્યમિક શાળાઓના હેડમાસ્તરોને લાગુ પડે કે ગુજરાત રાજ્યની તમામ સરકાર-માન્ય શાળાઓના હેડમાસ્તરોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

ચર્ચા-વિચારણાને અંતે એમ સ્પષ્ટ કરવામાં આવ્યું કે રૂટે. ૧૩૬ની પેટાકલમો (સી) અને (ડી) સાથે વાંચતાં "હેડમાસ્તરો"નો ઉલ્લેખ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી સરકારમાન્ય માધ્યમિક શાળાઓના હેડમાસ્તરોને લાગુ પડે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G,U,P, 400-885-8-67

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑગસ્ટ માસની વિશેષ સભા, શનિવાર, તા. ૧૯-૮-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	નામ	તા: ૧૯-૮-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	હાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ના રોજ મળેલી ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ના રોજ મળેલી ઑગસ્ટ માસની સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

૧. બાબત નં. ૬ અંગેના ઠરાવમાંથી "અનુસ્નાતક" એ શબ્દો કમી કરવામાં આવે.

૨. બાબત નં. ૭૩નો ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૪ પરિશિષ્ટ "ઠ" મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી."

૩. બાબત નં. ૯૬ના ઠરાવને અંતે નીચેનો ઠરાવ ઉમેરવામાં આવે :

"સદરહુ ઇકોનોમિક રિસર્ચ સેન્ટરને માટે પ્રો. બી. આર. શેનોયની સેવાઓ હાજલ પાડવાનું નક્કી થયેથી તે માટે તેમના મૂળ પગારના ત્રીસ ટકાથી વધુ ન હોય તેટલું, માનદ વેતન સ્વીકારવાની તેમને પરવાનગી આપવાનું સિન્ડિકેટ વિચારશે."

૨. ઑક્ટોબર, ૧૯૬૭માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો કરવા માટે જુદી જુદી વિદ્યાશાખાઓની જે તે પરીક્ષા સમિતિઓની ભલામણો અંગેની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની ભલામણો પરત્વે વિચારણા કરીને પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવામાં આવી અને તે પછી સભામાં થયેલા સુધારાવધારા સાથેની નિમણૂકોની યાદી મંજૂર કરવામાં આવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૩. મહુધા કેળવણી મંડળ, મહુધા, તરફથી જૂન ૧૯૬૮થી મહુધા ખાતે શરૂ થનાર આર્ટ્સ કૉલેજને ફર્સ્ટ યર બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર અને સમાજ-શાસ્ત્ર તથા અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. મોહનલાલ ચિમનલાલ ચેરિટી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ, ખાતે શરૂ થનાર વિજ્ઞાનની કૉલેજને પ્રથમ વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. વડોદરા જિલ્લા કેળવણી મંડળ, ડભોઈ, તરફથી જૂન, ૧૯૬૮થી ડભોઈ મુકામે શરૂ થનાર વાણિજ્યની કૉલેજને ફર્સ્ટ ઈયર બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણનું જૂન, ૧૯૬૮થી (૧) શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણ તથા (૨) શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણ — એમ વિભાગીકરણ કરવા માટે તથા શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્યની નવી વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શ્રી ઍન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાટણને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, અર્ધમાગધી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અંગ્રેજી, તથા બી.એ. (સબો.)માં ઇતિહાસના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર, ઇકોનોમિકસ ઑફ કોટન તથા ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગમાં વધારાના જોડાણ માટે; તથા (૨) શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (રૂપે.)માં ભૌતિક-વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢબારિયા, તરફથી જૂન ૧૯૬૮થી દેવગઢબારિયા ખાતે શરૂ થનાર વાણિજ્યની કૉલેજને ફર્સ્ટ ઈયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮. વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૮થી અમદાવાદ ખાતે શરૂ થનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને ફર્સ્ટ ઇયર બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ.માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો માટે તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) તર્કશાસ્ત્રના અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) ઇતિહાસ અને રાજ્યવ્યવહારણના એક વ્યાખ્યાતા
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૩) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને
(૧૪) એક વ્યાયામ શિક્ષક

નોંધ.—આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.

૨. અમદાવાદ ખાતે કામનાથ મહાદેવના વિસ્તારમાં ૩૧મી માર્ચ ૧૯૬૮ સુધીમાં કૉલેજ માટે નીચે પ્રમાણેની મકાનની જોગવાઈ કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ

(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગખંડો: જરૂરી ટ્યૂટોરિયલ વર્ગો સાથે અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ;

૩. ૩૧મી મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦ નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:

પુસ્તકો માટે	..	રૂા. ૫,૦૦૦
સામયિકો માટે	..	રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	..	રૂા. ૧,૦૦૦

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ, તરફથી જૂન ૧૯૬૮થી પાટણ ખાતે શરૂ થનાર એજ્યુકેશન કૉલેજને બી.એડ. અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ:

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ, તરફથી પાટણ ખાતે શરૂ કરાનાર ટીચર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના તથા ડિપ.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે:
(૧) આચાર્ય
(૨) એક પ્રાધ્યાપક
(૩) ચાર વ્યાખ્યાતા

નોંધ.— આ નિમણૂકો એ રીતે કરવામાં આવે કે જેથી જુદા જુદા વિષયની પદ્ધતિઓ (મેથડ્સ) અને વિશિષ્ટ ક્ષેત્રોના અભ્યાસ (સ્પેશિયલ ફીલ્ડ્સ ઑફ સ્ટડી) માટેની યોગ્ય લાયકાત ધરાવતા હોય.

૨. ૩૧ મે ૧૯૭૧ સુધીમાં કૉલેજ માટે પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજ માટે નીચેની સગવડો સાથેનું અલાયદું મકાન તૈયાર કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો ખંડ
(૨) શિક્ષકો માટેનો ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ
(૫) કાર્યાલય માટેનો ખંડ
(૬) ગ્રંથાલય માટેનો ખંડ
(૭) દૃશ્ય-શ્રાવ્ય માટેનો ખંડ
(૮) જૂથ-કાર્ય માટે ૩ ખંડો (૨૫-૩૦ વિદ્યાર્થીઓ સમાય તેવા)
(૯) એક વ્યાખ્યાન ખંડ

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. શૈક્ષણિક સાધનો તથા દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણની સાધનસામગ્રી વગેરે ખરીદવા રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૮. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ સંચાલક મંડળના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની કૉલેજના સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. કૉલેજ અને શાળાના સમય વચ્ચે ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે;

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજમાં ૬૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.''

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી (૧) શ્રી. સહજાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) શ્રી. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ —એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. સહજાનંદ આર્ટ્સ કૉલેજ સાથે વિજ્ઞાનની નવી વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે ફર્સ્ટ યર બી.એ. સુધીનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ યર બી.એસસી.માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટે; તથા (૨) શ્રી. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે ફર્સ્ટ બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

''શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને જૂન, ૧૯૬૮થી (૧) શ્રી. સહજાનંદ આર્ટ્સ કૉલેજ,

અમદાવાદ, તથા (૨) શ્રી. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. સહજાનંદ આર્ટ્સ કૉલેજ સાથે વિજ્ઞાનની નવી વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સંયો.)માં ગુજરાતી, હિંદી, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા તથા બી.એ.(સંયો.)માં રાજ્યનીતિશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા ફર્સ્ટ યર બી.એસસી.માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે, તથા (૨) શ્રી. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે ફર્સ્ટ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૯ સુધી મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨) ભૌતિકવિજ્ઞાનના ,, ,,
(૩) જીવવિજ્ઞાનના ,, ,,
(૪) ગણિતશાસ્ત્રના ,, ,,
(૫) રાજ્યનીતિશાસ્ત્રના ,, ,,
(૬) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેક વિષયના એક એક ડેમોન્સ્ટ્રેટર તથા લૅબોરેટરી આસિ.

૨. વિજ્ઞાનની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦
(૨) સામયિકો માટે રૂા. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે રૂા. ૧,૦૦૦;

૩. પુસ્તકાલય માટે વિનયન વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે તથા રાજ્યનીતિશાસ્ત્રના વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ)નો ખર્ચ કરવામાં આવે.

શ્રી. સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) હિંદીના એક વ્યાખ્યાતા

(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) વ્યાયામ શિક્ષક;

[નોંધ.—આચાર્ય જે વિષય શીખવી શકે તેમ હોય તો તે વિષયના જુદા વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટેના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટે એક ખંડ
(૨) કાર્યાલય માટે એક ખંડ
(૩) શિક્ષકો માટે એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટે એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટે એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ ખંડો (ટ્યુટોરિયલ્સ વગેરે સાથે);

૩. તા. ૩૧મી મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદ, તરફથી ચાલતી સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, સાથે જૂન ૧૯૬૮થી વાણિજ્યની નવી વિદ્યાશાખા સંયોજિત કરી સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિન્દી, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા ફર્સ્ટ યર બી.કૉમ.ના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આ બાબત અંગેની વિચારણા મુલતવી રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાનું જૂન ૧૯૬૮થી (૧) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા; તથા (૨) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા —એમ વિભાગીકરણ કરવા તથા શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ સાથે વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૪-૬-૧૯૬૧ સુધીનું મળેલ જોડાણ તે મુદ્દત સુધી ચાલુ રાખવા માટે; તથા (૨) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૩-૧૯૬૮ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેનું જૂન ૧૯૬૮થી (૧) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા અને (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા—એમ વિભાગીકરણ કરવા, તથા શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી.-(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું મળેલ જોડાણ તે મુદત સુધી ચાલુ રાખવા માટે, તથા (૨) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી તથા બી.એ.(સબો.)માં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમ શીખવવા માટેનું તારીખ ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૮થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૨) અંગ્રેજીના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા

(૫) આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
(૬) ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત તથા હિન્દી—આ ચારે ભાષાઓના શિક્ષકો સહિત શિક્ષકગણ આ કૉલેજ માટે નીમવામાં આવે
(૭) એક વ્યાયામશિક્ષક;

૨. ૩૧ મે ૧૯૭૧ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની અલગ વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલયનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૫) વિદ્યાર્થીઓનો ખંડ
(૬) ગ્રંથાલયનો ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો;

૪. પુસ્તકો અને સામયિકો માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો	..	રૂ. ૫,૦૦૦
(૨) સંદર્ભગ્રંથો	..	રૂ. ૧,૦૦૦
(૩) સામયિકો	..	રૂ. ૧,૦૦૦;

૫. પુસ્તકો અને સામયિકો માટે વિનયનની વિદ્યાશાખામાં પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કૉલેજ માટે રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે.

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે;
(૧) અલગ આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) વિજ્ઞાનની વિદ્યાશાખાનો શિક્ષકગણ આ કૉલેજ માટે નીમવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. આચાર્યને સંચાલક સમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે;

૪. આચાર્યને ભાડામુક્ત યોગ્ય રહેઠાણ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૪૮ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૧૪. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણ-કામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તે સ્થિતિમાં તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની બાબતના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૫. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલનકાર્ય યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણો છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ શહેરના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો-પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ જેવા અધિકારી નીમી સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષાપદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષયદીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષા-પદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલાં પ્રશ્નપત્રો લઈને સુપરવાઈઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાન અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોનાં ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષા સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે રિફ્રેશર કોર્સીસ વખતોવખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

(૧) સ્ટેન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓની જગ્યા ઊભી કરવી નહિ.
(૨) એકસ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢશિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.
(૩) સેનેટ હૉલમાં કાયમી (ફિકસ્ડ) માઇકોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.
(૪) સેનેટ હૉલમાં સભ્યોનાં કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.
(૫) સેનેટના કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૬. યુનિવર્સિટી પ્રેસમાં બૉલરમેન તરીકે કામ કરતા શ્રી. એમ. બી. પન્નાનો અજમાયશી સમય તા. ૨૯-૮-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવાની બાબત સિન્ડિકેટની તા. ૧-૭-૧૯૬૭ની સભામાં રજૂ કરવામાં આવેલી જે પર ઠરાવવામાં આવેલ કે સદરહુ બાબત અંગે વિશેષ તપાસ કરીને કાર્યાલયે તે ફરીથી રજૂ કરવી. તો આ અંગેના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. બી. પન્નાની કામગીરી અંગેનો શ્રી. પ્રેસ-મૅનેજરનો ખાનગી અહેવાલ તથા તે પર સિન્ડિકેટના તા. ૧-૭-૧૯૬૭ની સભાના ઠરાવ અન્વયે વિશેષ તપાસનો કાર્યાલયનો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી પન્નાને બૉલરમેનની જગ્યા પર તા. ૩૦-૮-૧૯૬૭થી કાયમ કરવામાં આવે, અને સાથે સાથે તેમની હાજરી અંગેની અનિયમિતતા જોતાં તેમનો ચાલુ વર્ષનો (૧૯૬૭-૬૮નો) એક વર્ષનો પગારવધારો, તેની કાયમી અસર થાય તે રીતે, અટકાવવો.

૧૭. "Organisation of In-service Institute for College Teachers during 1967" અંગેના તા. ૧-૭-૧૯૬૭થી યોજવામાં આવેલ પરિસંવાદ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૪-૭-૧૯૬૭ના પત્રાંક એફ-૧૧-૧૦-૬૭-એસએઈથી આ અંગે થનાર ખર્ચે માટે આર્થિક સહાય આપવાનું સૈદ્ધાંતિક રીતે સ્વીકારેલ હોઈ તે અંગે થનાર અંદાજી ખર્ચ મુજબ ખર્ચ કરવા તથા તે માટે ઘટતાં પગલાં લેવા ડૉ. પી. સી. વૈદ્ય તરફથી આવેલ તા. ૧-૮-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

અને

૩૫. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રો. પી. સી. વૈદ્યના અધ્યક્ષપણા નીચે "In-service Institute for College Teachers in Mathematics" અંગે યોજનાર પરિસંવાદ અંગેનું ગણિત વિભાગના કર્મચારીઓને વધારાનું કામ કરવા તથા તે બદલ તેઓને વધારાનું મહેનતાણું યુ.જી.સી. તરફથી સ્વીકારવા અંગે મંજૂર કરવા બાબત.

બાબત નં. ૧૭ અને ૩૫ની વિચારણા સાથે કરવામાં આવી, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ઇન-સર્વિસ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કામ કરવા માટે યુનિવર્સિટીના નીચેના કર્મચારીઓને, તેમનાં નામ સામે જણાવેલ રકમ વધારાના વેતન તરીકે સ્વીકારવા માટે પરવાનગી આપવામાં આવે :

૧. ડૉ. પી. સી. વૈદ્ય	...	રૂ. ૭૦૦
૨. શ્રી. એચ. એન. રાવલ	...	રૂ. ૮૦૦
૩. શ્રી. ડી. એસ. બસન	...	રૂ. ૮૦૦

૪. શ્રી. એ. એમ. વૈદ્ય ... રૂા. ૮૦૦
૫. ડૉ. એમ. મિશ્રા ... રૂા. ૨૫૦
૬. રેવ. સી. જી. વાલેસ ... રૂા. ૧૫૦
૭. એક ક્લાર્કને ... રૂા. ૨૦૦
૮. ત્રણ પટાવાળાઓને ... રૂા. ૧૬૦

૧૮. મેડિકલ ફેકલ્ટીની તા. ૨૮-૪-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સિન્ડિકેટની તા. ૪-૩-૧૯૬૭ની સભાના ઠરાવ અનુસાર બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા અંગે નીચે મુજબ વ્યવસ્થા કરવા આ વિદ્યાશાખા ઠરાવે છે :

બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા વર્ષે વર્ષે વારાફરતી બે કૉલેજોમાં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેસતા તમામ વિદ્યાર્થીઓની નામાવલીઓ સળંગ તૈયાર કરીને તે વિદ્યાર્થીઓને તેમના ભાગે આવતા જે તે મથકમાં પ્રાયોગિક પરીક્ષા માટે બેસવાનું જણાવવામાં આવે.

નોંધ.—પ્રત્યેક વિદ્યાર્થી પોતાની કૉલેજમાં જ પ્રાયોગિક પરીક્ષા આપે તે સિદ્ધાંત સ્વીકારી શકાય નહિ એમ પણ સ્પષ્ટતા કરવામાં આવી.

૧૯. ઑ. ૬૬ મુજબ (૧) રીડર ઇન કેમિસ્ટ્રીની જગ્યા, તથા (૨) પ્રોફેસર ઇન સાયકોલોજીની જગ્યાઓ અંગેની વરણીસમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે દરેક સમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રીડર ઇન કેમિસ્ટ્રીની જગ્યા અંગેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે નીચેની વ્યક્તિઓને નીમવામાં આવે :

૧. ડૉ. આર. સી. કપૂર, જોધપુર
૨. ડૉ. આર. ડી. પટેલ, વલ્લભવિદ્યાનગર
૩. ડૉ. કે. એસ. નારગુંડ, મુંબઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઇન સાયકોલોજીની જગ્યા અંગેની વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ નીમવાની બાબત હવે પછીની સભા સમક્ષ ફરીથી રજૂ કરવામાં આવે.

૨૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસરની જગ્યા ઉપર કામ કરતા ડૉ. બી. કે. વૈદ્ય તા. ૧૪-૬-૧૯૬૭થી નિવૃત્ત થયેલ છે તો તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. વૈદ્ય તા. ૧૪-૧૧-૧૯૬૧થી જોડાયા હતા અને તા. ૧૪-૬-૧૯૬૭થી નિવૃત્ત થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. વૈદ્યને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૧. "ખેતીવાડીના વિકાસ અર્થે રાજસ્થાનમાં કો-ઑપરેટિવ ફાઇનાન્સિંગ" પર તા. ૨૬થી ૨૯ ઑગસ્ટ સુધી સેમિનાર યોજનાર છે, તો મજકૂર સેમિનારમાં ભાગ લેવા યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય એમ. સી. દેસાઈને નીમવા.

૨૨. રાજકોટની એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી શ્રી. સી. કે. મોદીએ સદરહુ કૉલેજમાં સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા યુનિવર્સિટીના પત્રમાં જણાવેલ હકીકત સાથે ચેડાં કરી ગેરરીતિ અજમાવી મેળવેલ પ્રવેશ અંગે સિન્ડિકેટે તા. ૮-૪-૧૯૬૭ની સભામાં બાબત નં. ૫૮થી ઠરાવ્યા પ્રમાણે મજકૂર વિદ્યાર્થીને યુનિવર્સિટી કાર્યાલયે લખેલો મૂળ પત્ર રજૂ કરવા જણાવેલ પરંતુ વિદ્યાર્થીએ મૂળ પત્ર રજૂ કરેલ નથી અને યુનિવર્સિટીના પત્રમાંની હકીકત સાથે ચેડાં કર્યાનો ઇનકાર કરે છે તો તે અંગે વધુ વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૮-૪-૧૯૬૭ની સભાના ઠરાવ અનુસાર સદરહુ વિદ્યાર્થીનો સેકન્ડ બી.એસસી. પરીક્ષામાં પ્રવેશ રદ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. સી. કે. મોદીનો સેકન્ડ બી.એસસી.ના વર્ગનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે તે પર્યાપ્ત ગણવું અને તેમની સામે વિશેષ પગલાં લેવાં નહિ.

૨૩. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૯-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, એફ.ઇ. જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષામાં નાપાસ થયેલાને ૧૯૬૮ એપ્રિલમાં પરીક્ષા આપવા દેવી અને એસ.ઇ.ના જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા ૧૯૭૦ના એપ્રિલ માસ સુધી લેવી. એપ્રિલ ૧૯૭૦ની એસ.ઇ. પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીને પાંચ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમના ચોથા વર્ષના અભ્યાસક્રમમાં ટર્મ ભરવાની રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. જૂન ૧૯૬૭થી ચાલુ અને/અથવા વધારાના જોડાણ અંગે આવેલ જોડાણ-અરજીઓ પર નીચે જણાવેલ કૉલેજોએ જોડાણની શરતોનું પરિપાલન કર્યાનો રિપોર્ટ કરીને જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૨) જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૩) શેઠ પુરુષોત્તમદાસ ઠાકુરદાસ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
(૪) અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૫) શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી વી. ડી. કૉમર્સ કૉલેજ, ધોળકા.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૫. જૂના અભ્યાસક્રમ મુજબ એલએલ.એમ.ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓના ગુણ કેરી ફૉરવર્ડ કરવા માટે નીચેનો રેગ્યુલેશન એલએલ.એમ.-૧ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"Notwithstanding anything contained elsewhere it is hereby provided that—

(1) A student, who having appeared at an examination for the Degree of LL.M. held in 1966 or 1967 or that may be held thereafter in 1968 or 1969, such examination being an examination under the Old Course, fails at the examination but obtains not less than 50% marks in at least three papers each the marks so obtained in any of the three papers shall, at his option, be carried over in a subsequent examination. A candidate who passes the Master's Degree Examination in this manner shall be eligible for a class, but not for a prize or scholarship or any other award.

(2) Condonation to the extent of not more than three marks shall be given so as to make a total of 50% of marks in any one paper to enable a candidate to earn 50% of marks in three papers each for the purpose of carrying over the marks to a subsequent examination as contemplated in (1) above."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રેગ્યુલેશન ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૬. ઑ. ૭૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 75 (i) :

The following is the arrangement of terms :

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
In the Faculties of Arts, Science, Commerce, Law and Agriculture	15th June	15th October	10th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th March

	First Term		Second Term	
	Date of commencement	*Date of conclusion*	*Date of Commencement*	*Date of conclusion*
In the Faculty of Technology (including Engineering)	15th June	15th October	5th November (Inclusive of holidays from 25th December to 1st January)	31st March
In the Faculties of Medicine (Including Pharmacy and Ayurvedic Medicine)	15th June	15th October	5th November (Inclusive of holidays from 25th December to 1st January)	15th April

(*ii*) In addition to the vacations mentioned in (1) above and a weekely holiday on Sunday, it shall be competent for the Principals of affiliated Colleges, Heads of recognised Institutions and Directors of University Departments to declare for their institutions in any academic year (*i*) not more than 8 days as holidays on account of national or religious festivals, and (*ii*) not more than 3 days as holiday to be declared in their discretion in view of the needs and exigencies arising in their institutions. In no case any further holiday over and above those indicated in (*i*) and (*ii*) above shall be declared without converting the preceding or following Sunday or holidays into a working day.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૭૫(૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને હાલ ચાલુ વર્ષ પૂરતો અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં રજાઓ (તહેવારો તથા નાતાલની રજાઓ સહિત)ના દિવસો કેટલા ઓછા થઈ શકે તે અંગે ઘટતી વિચારણા કરવા માટે ઍકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

૨૭. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા ઇન સાયકિયાટ્રિક મેડિસિનનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૮. જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણો અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પદવી માટે એ સાથે જણાવેલ વિષય અંગેના મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની ફરીથી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૬ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Subject*	*Internal Referees*	*Suggested Referees*
(1) Shri M. Sridhar Murthy	*Ecology of river Narmada* "Catchment area Part II Ecological Survey of the Forests from Manof to Jabalpur"	Dr. S. C. Pandya	1. Prof. Calvin M. C. Millan, Prof. and Director, Plant Ecology Research Laboratory, The University of Taxas, Austin, 78712, U.S.A. *or* 2. Dr. F. R. Fosberg, Special Adviser for Tropical Biology, Pacific Vegetation, Project, National Research Council Smiths Orian Institute, 2101, Constitution, Avenue, Washington. D.C. 20560, U.S.A. *For Viva-voce* 1. Dr. L. P. Mall, Head, School of

Name of student	*Subject*	*Internal Referees*	*Suggested Referees*
			Studies in Botany, Vikram University, Ujjain (M.P.) *or* 2. Dr. F. R. Bharucha Wadia College, Poona.
(2) Shri Y. S. Dave	"The Developmental and Anatomical Studies in Tendrils"	Dr. J. J. Shah	1. Dr. C. R. Metcalfe, Jodrell. Laboratory, Royal Botanic Gardens, Kew Richmond, Sufrey, Great Britain *or* 2. Prof. Norman H. Boke, Department of Botany, University of Oklahoma, Norman, Okla, U.S.A. *For Viva-voce* 1. Prof. V. Puri, Principal & Prof. of Botany, Meerut College, Meerut (India) *or* 2. Dr. Chowdhury K. A., Department of Botany, Muslim University, Aligarh (India)

(૨) પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Name of student	*Degree*	*subject*	*Internal Referee*	*Suggested Referees*
Shri K. R. Malhotra	Ph,D.	"The Functional Anatomy of the feeding apparatus in certain Indian passerine Birds"	Dr. M.S. Duble 1.	Dr. Donald C. Goodman, Department of Anatomy, College of Medicine, University of Florida, Gainesville, Florida, U.S.A. 2. Dr. Harvey I. Fisher, Chairman Department of Zoology, Southern Illinois University, Carbondale, Illinois, U.S.A. *For Viva-voice* 1. Dr. N. N. Murti, Principal, Ramniranjan Jhunjhunwala College, Ghatkopar Bombay–77. 2. Dr. C. J. George, Professor of Zoology, Karnatak University, Dharwad.

(૩) કીટાણુવિજ્ઞાનની અભ્યાસસમિતિ

Shri S. G. Desai	"Micreflora of some Forest Areas in South Gujarat"	Dr. M. V. Desai, Professor of Plant Pathology	1. Dr. I. E. Melhus, Prof. of Pathology, University of Iowa, 407, Pearson

Name of student	*Subject*	*Internal Referees*	*Suggested Referees*
		B.A. College of Agriculture, Anand.	Avenue, Ames, Iowa, U.S.A. 500-10 *or* 2. Dr. G. C. Ainsworth, Director, Commonwealth, Mycological Institute Surrey, Kew, U.K. *For Viva-voce* 1. Dr. M.J. Thiumalachar, Supdt. Research, Hindustan Antibiotics Ltd., Pimpri *or* 2. Dr. N. Prasad, Dean, Agriculture College, Udaipur.

(૪) સંસ્કૃતની અભ્યાસસમિતિ

વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરીનું નામ	સૂચિત રેફરીઓ
૧. શ્રી. ટી. એસ. નાન્દી	"ધી ઓરિજિન ઍન્ડ ડેવલપમેન્ટ ઑફ 'રસ' ઍન્ડ 'ધ્વનિ' ઇન સંસ્કૃત પોએટિકસ"	શ્રી. આર. સી. પરીખ	૧. શ્રી. ડી. આર. માંકડ ૨. શ્રી. કે. વી. અભ્યંકર ૩. શ્રી. કે. સી. પાંડે
૨. શ્રી. પી. યુ. શાસ્ત્રી	"નીલકંઠ દીક્ષિત: હિઝ લાઈફ ઍન્ડ વર્ક"	શ્રી. આર. બી. આથવલે	૧. શ્રી. વી. એમ. આપ્ટે ૨. ડૉ. વી. એમ. કુલકર્ણી ૩. ડૉ. જે. એસ. જેટલી
૩. શ્રી. એ. પી. આચાર્ય	"સંસ્કૃત સાહિત્યમાં ગદ્ય કાવ્ય સમીક્ષા"	ડૉ. ટી. એન. દવે	૧. ડૉ. એ. એન. જાની (વડોદરા) ૨. ડૉ. વી. વી. વ્યાસ (મુંબઈ) ૩. ડૉ. જી. કે. ભટ્ટ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો તપાસવા માટે ઉપર મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૯. સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબત પર વિચારણા કરીને હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૮-૮-૧૯૬૭ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮-૮-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮-૮-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૦. સેનેટના નીચેના સભ્યોને તેઓના નામ સામે દર્શાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ
૧.	શ્રી. ગોરધનદાસ આર. ચોખાવાલા, શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય	ઉપકુલપતિશ્રીને સત્તા
૨.	શ્રી. કે. જી. બાદલાણી, ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય	વિનયન
૩.	શ્રી. માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી	વિનયન
૪.	ડૉ. મહિપતરામ મૂળશંકર મહેતા	તબીબી
૫.	શ્રી. રમણલાલ ધનાભાઈ પટેલ	વિનયન
૬.	શ્રી. કરસનદાસ હરિભાઈ ચૌધરી	ઉપકુલપતિશ્રીને સત્તા

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા સભ્યોને તેમના નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું તથા તે વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિ
૧.	શ્રી. ગોરધનદાસ આર. ચોખાવાલા શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય	વિનયન	—
૨.	શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણ સંચાલક, ગુજરાત રાજ્ય	વિનયન	૧. એજ્યુકેશન ૨. પોલિટિકલ સાયન્સ
૩.	શ્રી. માર્તંડરાય ગંગાશંકર શાસ્ત્રી	વિનયન	૧. ઇકોનોમિક્સ ૨. પોલિટિકલ સાયન્સ
૪.	ડૉ. મહિપતરામ મૂળશંકર મહેતા	તબીબી	—
૫.	શ્રી. રમણલાલ ધનાભાઈ પટેલ	વિનયન	૧. ગુજરાતી ૨. અંગ્રેજી
૬.	શ્રી. કરસનદાસ હરિભાઈ ચૌધરી	વિનયન	૧. ગુજરાતી ૨. પોલિટિકલ સાયન્સ

૩૧. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં કામ કરતા શ્રી. આર. એમ. પરદેશી લેબોરેટરી ટેકનિશિયન તથા શ્રી. જે. કે. ભાવસાર, વૉર્ડબૉયને તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ, તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દા	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. આર. એમ. પરદેશી	લેબો. ટેકનિશિયન	૫-૧૦-૧૯૬૭	૬-૧૦-૧૯૬૭
૨.	શ્રી. જે. કે. ભાવસાર	વૉર્ડબૉય	૨૦-૧૦-૧૯૬૭	૨૧-૧૦-૧૯૬૭

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. શ્રી. રજિસ્ટ્રારના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી. કે. જી. શાહને રૂા. ૨૩૦-૧૫-૩૨૦-ઇ.બી.-૨૦-૪૬૦ના પગારધોરણમાં રૂા. ૩૨૦ આગળ Efficiency Bar ઓળંગવા પરવાનગી આપવા અંગેની વિચારણા કરવા બાબત.

કુલસચિવશ્રીએ સભાગૃહ સમક્ષ પોતાની ભલામણ રજૂ કરી, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી. કે. જી. શાહને સદરહુ પગારધોરણમાં રૂા. ૩૨૦-૦૦ આગળ એફિશિયન્સી બાર ઓળંગવા માટે પરવાનગી આપવી.

૩૩. ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યને રૂા. ૨૩૦-૧૫-૩૨૦-ઇ.બી.-૨૦-૪૬૦ના પગારધોરણમાં રૂા. ૩૨૦ આગળ Efficiency Bar ઓળંગવા પરવાનગી આપવા અંગેની વિચારણા કરવા બાબત.

કુલપતિશ્રીએ સભાગૃહ સમક્ષ પોતાની ભલામણ રજૂ કરી, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનોગ્રાફર શ્રી. બી. એમ. વૈશ્યને સદરહુ પગારધોરણમાં રૂા. ૩૨૦-૦૦ આગળ એફિશિયન્સી બાર ઓળંગવા માટે પરવાનગી આપવી.

૩૪. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૪-૮-૧૯૬૭ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૪-૮-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

(નોંધ.—સદરહુ બાબતના સંદર્ભમાં કુલપતિશ્રીએ સેનેટ સભ્ય શ્રી. એસ. કે. ઝવેરીના તા. ૨૭-૭-૧૯૬૭ના પત્રની બાબત અંગે સભાગૃહનું ધ્યાન ખેંચ્યું, અને તે અંગે સભાગૃહે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો કે યુનિવર્સિટી કાર્યાલયમાં જે નવી જગ્યાઓ ઊભી કરવામાં આવી છે તે જગ્યાઓ ભરવાનું કામ વિશેષ વિલંબમાં નાખવું જરૂરી નથી.)

૩૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૭ની સાથે થયેલી હોઈ તેના નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૩૬. સૌરાષ્ટ્રના કોઈ પણ કેન્દ્રમાંથી એસ.એસ.સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી પસાર કરનાર વિદ્યાર્થીને રા. આર. કે. યાજ્ઞિક શિષ્યવૃત્તિ આ યુનિવર્સિટી તરફથી પ્રતિવર્ષ આપવામાં આવે છે. પરંતુ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અલગ થવાથી ઉપરોક્ત શિષ્યવૃત્તિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ટ્રાન્સફર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિને વિચારણા માટે મોકલવી.

૩૭. દમણનો સાઉથ ઝોનમાં સમાવેશ કરી અનુસ્નાતક કેન્દ્રોના ઝોન અંગેના ઑર્ડિ. ૬૫-એ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એ સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૬૫-એ ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૮. બાંધકામ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૯. એમ.એ. જૂના અભ્યાસક્રમમાં હોમ સાયન્સ તથા ભૂગોળના ગુણ કેરી ફોરવર્ડ કરવા એકેડેમિક કાઉન્સિલે સૂચવેલ સુધારા પ્રમાણે હાલના ટ્રાન્ઝિટરી રેગ્યુલેશનમાં ઉમેરો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટ્રાન્ઝિટરી રેગ્યુ. ૨-એ માં નીચેની પેટાકલમો ઉમેરવી અને તે પ્રમાણે સુધારેલા તે ટ્રાન્ઝિટરી રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવો :

Transitory Regulation 2-A :

(*i*) A student who having appeared at the examination for the M.A. Old Examination held in 1967 or that may be held in 1968, fails at the examination but obtains at least 48 % of marks in the aggregate (1) in all the four papers taken together in Theory; or (2) 48 % of marks in the aggregate in Practicals and any two Theory papers; or (3) 48 % of marks in the aggregate in Practicals and dissertation taken together; or (4) 48% of marks in aggregate in Dissertation and any two Theory papers, as the case may be, the marks so obtained shall, at his option, be carried over to a subsequent year or years, provided he has attained such aggregate by obtaining at least 36 % of marks in each such paper, in dissertation or in Practicals, as the case may be.

(*ii*) A student who passes in Dissertation in Geography if he obtains at least 36 % of marks but fails in the examination will, at his option, be exempted from submitting the dissertation again when he appears at the examination subsequently and his marks in dissertation in that event will be carried to subsequent examination, provided he does not avail of the option of carrying over of marks as provided in (*i*) above of this Transitory Regulation.

Transitory Regulation 2-B :

A student who having appeared at the examination for the M.A. (Old) Examination in Home Science held in 1965 or 1966 or 1967, or that may be held in 1968, fails at the examination but (1) obtains 48 % of marks in the aggregate in any four papers (with minimum of 36 % marks in those papers individually), or (2) obtains 48 % of marks in the aggregate in the viva-voce and any two Theory papers taken together (with minimum of 36 % marks separately in each of those papers individually and minimum of 36 % of marks in practicals), the marks so obtained in such cases shall, at his option, be carried over in a subsequent year. A candidate who passes the Master's degree examination in this manner shall be eligible for a class as per the relevant rules in the examination but shall not be eligible for a prize, a medal, a scholarship or any other award.

૪૦. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. જી. એમ. નટવરલાલજી આર્ટ્સ કૉલેજ, ક્રહેગામને જૂન ૧૯૬૭થી જોડાણ આપવા અંગે મૂકેલ શરતો પૈકીના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તથા કૉમર્સના પ્રાધ્યાપકની શરત પેટે પૂરા સમયના યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકો નહિ મળતા હોવાથી મુલાકાતી પ્રાધ્યાપકોની વ્યવસ્થા મંજૂર કરવા અંગે આચાર્ય તરફથી આવેલી વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બાકીની બધી જ શરતોનું પાલન થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં ઉપર મુજબ બે મુલાકાતી પ્રાધ્યાપકોની વ્યવસ્થા ફક્ત ચાલુ વર્ષ માટે અપવાદ તરીકે મંજૂર કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે જૂન ૧૯૬૮થી તે વિષયોમાં યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકોની નિમણૂક કરવામાં આવશે નહિ તો તે માટે નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૧. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતમાં નિમાયેલ એકાઉન્ટસીના પ્રાધ્યાપક શ્રી રાજેન્દ્ર ડી. શાહની નિમણૂક કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. શાહ બી.કૉમ તથા સી.એ હોઈ તથા તેમનો સાત વર્ષનો અધ્યાપકીય અનુભવ હોઈ અનુસ્નાતક શિક્ષકની નિમણૂકના નિયમ ઑર્ડિ. ૬૫-એફ(ઈ)(૧) મુજબ અનુસ્નાતક શિક્ષક તરીકે લાયકાત ધરાવે છે પરંતુ સ્નાતક કક્ષાના શિક્ષણ માટે શિક્ષકોની નિમણૂક માટે કરેલ નિયમ મુજબ જરૂરી લાયકાત ધરાવતા નથી.)

સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૨. પ્રો. બી. આર. શેનોયના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"The Syndicate recommends to the Senate that Statute No. 204 may be amended to read as under :

The scales of pay of teachers in the University Departments shall be fixed as dicided by the Syndicate from time to time."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

"The scales of pay and allowances of teachers in the University Departments shall be fixed as decided by the Syndicate from time to time."

(નોંધ.—સિન્ડિકેટના આ ઠરાવને કારણે સિન્ડિકેટે તેની તા. ૪/૫-૩-'૬૭ની સભામાં અગાઉ કરેલી ભલામણ રદ થાય છે એમ સ્પષ્ટતા કરવામાં આવે.)

૪૩. ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન એસોસિયેશન, ન્યૂ દિલ્હી, તરફથી "Utilization of schools for the promotion of Adult Education" અંગેનો પંદરમો રાષ્ટ્રીય સેમિનાર તા. ૧૫થી ૧૮ ઑક્ટોબર ૧૯૬૭ દરમિયાન મૈસુર મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એસોસિયેશનના માનદ મંત્રી તરફથી આવેલ નિમંત્રણ પર વિચારણા કરવા બાબત.

અને

૪૪. ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન એસોસિયેશન, ન્યૂ દિલ્હી, તરફથી "ઑલ-ઇન્ડિયા એડલ્ટ એજ્યુકેશન"નું ૨૧મું અધિવેશન તા. ૨૦ અને ૨૧ ઑક્ટોબર, ૧૯૬૭ના રોજ મૈસુર

મુકામે મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે એસોસિયેશનના માનદ મંત્રી તરફથી આવેલ નિમંત્રણ પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૪૩ અને ૪૪ની વિચારણા સાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે સદરહુ સેમિનાર અને અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. એલ. આર. દેસાઈને નીમવા.

૪૫. ઇન્ડિયન સોશિયોલોજિકલ સોસાયટી, દિલ્હીના આશ્રયે ઇન્ડિયન સોશિયોલોજિસ્ટોનું એક અધિવેશન તા. ૧૪થી ૧૬ ઑક્ટોબર ૧૯૬૭ દરમિયાન મુંબઈ મુકામે યોજનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ નિમંત્રણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પ્રકાશ ગજ્જરને નીમવામાં આવે.

૪૬. ગ્રંથાલય સમિતિની તા. ૧૦-૮-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ અંગે ભલામણ કરવા બાબત :

"યુ.જી.સી. તરફથી નીચે જણાવેલ જણાવેલ જગાઓ ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન કામચલાઉ ઊભી કરવામાં આવેલી તે જગાઓની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૮ સુધી લંબાવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

૧	ટેકનિકલ આસિસ્ટન્ટ	૧ જગા
૨	કારકુન	૨ જગા
૩.	ટાઇપિસ્ટ	૧ જગા
૪.	પટાવાળા	૧ જગા "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૭. કાર્યકારી મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની સેવાઓ નાયબ કુલસચિવ તરીકે દક્ષિણે ગુજરાત યુનિવર્સિટીને ઉછીની આપવા અંગે તેમની અરજી પરત્વે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. એ. દેસાઈને એક વર્ષ માટે પોતાનો અહીંનો પદાધિકાર (lien) ચાલુ રાખવા માટે પરવાનગી આપવી.

૪૮. સોવિયેટ કલ્ચરલ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ રસાયણવિજ્ઞાનના નિષ્ણાતની ૩ માસ સુધી લેવાની સેવાઓ અંગે થનારા ખર્ચને મંજૂર કરવા બાબત.

[નોંધ.—(૧) સારી હોટલમાં રહેવાનો ખર્ચ એક દિવસના રૂ. ૬૦-૦૦ લેખે તથા ટ્રાન્સપોર્ટ ખર્ચના રૂ. ૨૦ તથા બીજા રૂ. ૫-૦૦ લેખે આશરે રૂ. ૮૦-૦૦ થશે.

(૨) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આ અંગે આર્થિક સહાય આપવાની કબૂલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્યક્રમ હેઠળ રસાયણવિજ્ઞાનના નિષ્ણાતની સેવાઓ આ યુનિવર્સિટીને મળે તે માટેનો નિભાવ (Maintenance) ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળે તો તેમની સેવાઓ સ્વીકારવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી બાબત નં. ૧૩ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલ દેખભાળ સમિતિના હેવાલની ભલામણો પૈકી ભલામણો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૧૦, ૧૨, અને ૧૮ અંગે સિન્ડિકેટની તા. ૬-૬-૧૯૬૭ની સભામાં વિચારણા કરવામાં આવી હતી અને બાકી રહી હતી તે તા. ૧-૭-૧૯૬૭ની સભામાં પુનઃ મૂકવામાં આવતાં અનુસ્નાતક શિક્ષણને લગતી સમિતિની ભલામણો એટલે કે પરિશિષ્ટ "બ" બોર્ડ ઑફ યુનિ. ટીચિંગને "રિફર" કરાતાં તે સિવાયની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણ નં. ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૩ અને ૧૪ ઉપર વિચારણા કરવામાં આવી અને તે ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ભલામણ નં. ૬ :

હાલ કેટલીક કૉલેજોમાં વ્યાખ્યાનો માટે સવારનો અને ટ્યુટોરિયલ્સ માટે સાંજનો સમય રાખવામાં આવે છે તે પ્રથા બંધ કરાવી સમગ્ર કૉલેજનું વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સ માટેનું સળંગ ટાઈમટેબલ રાખવું ઇચ્છવાયોગ્ય છે અને કુલપતિશ્રીની લેખિત પરવાનગી વિના તેમાં અપવાદ કરી શકાશે નહિ.

ભલામણ નં. ૭ :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેની બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવામાં આવે : "દરેક કૉલેજમાં વિનયન માટે ઓછામાં ઓછા ચાર મુખ્ય વિષયો તથા વિજ્ઞાન અને વાણિજ્ય માટે ઓછામાં ઓછા બે મુખ્ય વિષયો શીખવવાનો પ્રબંધ કરવાનું તેમને જણાવવું જોઈએ."

સદરહુ ભલામણના બાકીના ભાગની નોંધ લેવામાં આવી.

ભલામણ નં. ૮ :

સદરહુ ભલામણની નોંધ લેવી.

ભલામણ નં. ૯ :

સદરહુ ભલામણની નોંધ લેવી.

ભલામણ નં. ૧૧ :

આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કોઈ પણ કૉલેજ પ્રવેશ-ફી લઈ શકશે નહિ એમ તમામ કૉલેજોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજમાં પ્રવેશતા વિદ્યાર્થીઓના "કૉશન મની" અંગેનાં ધારાધોરણો ઘડવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. રૉ. ય. ગુ. નાયક
૨. રૉ. એ. એમ. ત્રિવેદી
૩. આચાર્ય એન. એસ. પંડ્યા.

ભલામણ નં. ૬૩ :

સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

ભલામણ નં. ૧૪ :

સદરહુ ભલામણની પેટાભલામણ નં. ૧ મંજૂર કરવી.
સદરહુ ભલામણની પેટાભલામણ નં. ૨ની નોંધ લેવી.

(સદરહુ સમિતિના રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

તે પછી સભાની ઓછામાં ઓછી હાજરી ૮ સભ્યોની નથી તે તરફ એક સભ્યે પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું અને તે વખતે સભાગૃહમાં ૭ સભ્યો હાજર જોતાં તે પછીનું કામકાજ હાથ ધરી શકાયું નહિ.

નં. સિં./૩૫૬૪૨/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
ઑગસ્ટ ૨૯, ૧૯૬૭.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ " ક "
કામકાજ ક્રમાંક ૨૯

સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮-૧-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૬-૮-૧૯૬૭ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨. પ્રો. જે. જે. ચિનોય	હાજર
૩. પ્રિ. એન. એસ પંડ્યા	હાજર
૪. પ્રિ. એચ. કે. ભુખારી	હાજર
૫. પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર
૬. પ્રો. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૭. પ્રિ. આર. ડી. દેસાઈ	ગેરહાજર
૮. પ્રિ. વાય. જી. નાયક	ગેરહાજર
૯. પ્રિ. વાય. પી. શુકલ	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઉમાશંકર જોશી(ઉપકુલપતિશ્રી)એ સંભાળ્યું હતું. બાબત નં. ૧, ૨ અને ૩ની વિચારણા એકસાથે કરવામાં આવી હતી.

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા આ યુનિવર્સિટીને વર્ષ ૧૯૬૭-૬૮ માટે આપવામાં આવેલ માસિક રૂા. ૨૫૦ની એક એવી બે રિસર્ચ સ્કૉલરશિપ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

૨. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આ યુનિવર્સિટી સાથે સંકળાયેલી બિનસરકારી કૉલેજોના વિદ્યાર્થીઓ માટે મંજૂર કરવામાં આવેલ માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ રિસર્ચ સ્કૉલરશિપ માટે કયા વિદ્યાર્થીઓનાં નામોની ભલામણ કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

૩. ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓ માટેની માસિક રૂા. ૨૦૦ની એક એવી ૨૦ રિસર્ચ સ્કૉલરશિપ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે—

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂા. ૨૫૦ની એક એવી બે રિસર્ચ સ્કૉલરશિપ નીચેના બે વિદ્યાર્થીઓને તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તેઓ જે તારીખે

પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થયા હોય ત્યારથી બે વર્ષ માટે આપવી :

(૧) કુ. દવે રંજન ભગવતીપ્રસાદ, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૯.

(૨) શ્રી. મિસ્ત્રી નગીનભાઈ નાથુભાઈ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૨. ગુજરાત રાજ્ય સરકાર તરફથી આ યુનિવર્સિટીને આપવામાં આવેલ માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ રિસર્ચ સ્કૉલરશિપ માટે નીચેના ત્રણ વિદ્યાર્થીઓનાં નામોની રાજ્ય સરકારને ભલામણ કરવી :

(૧) શ્રી. અમીન શાન્તિલાલ ગોરધનભાઈ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

(૨) કુ. જોષી ભારતી કાન્તિલાલ, ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

(૩) શ્રી. ભટ્ટ ઉષાકાન્ત ઇન્દુકુમાર, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૩. ગુજરાત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માસિક રૂા. ૨૦૦ની એક એવી ૨૦ રિસર્ચ સ્કૉલરશિપો કે જેમાં ૧૨ સ્કૉલરશિપો વિજ્ઞાન વિદ્યા ભવનના માટે અને ૮ સામાન્ય માટે છે તેમાંથી નીચે જણાવ્યા પ્રમાણે જે તે વિદ્યાર્થીઓને તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તેઓ જે તારીખે પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થયા હોય તે તારીખથી બે વર્ષ માટે આપવી :

વિજ્ઞાન વિદ્યાભવન માટેની ૧૨ રિસર્ચ સ્કૉલરશિપ

(અ) કેમિસ્ટ્રી (૩ રિસર્ચ સ્કૉલરશિપ)

૧. શ્રી. ભટ્ટ રવીન્દ્ર હર્ષદરાય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૨. શ્રી. પટેલ ડાહ્યાભાઈ જીવાદાસ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૩. શ્રી. શાહ રસિક અંબાલાલ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(બ) બોટની (૨ રિસર્ચ સ્કૉલરશિપ)

શ્રી. સુરેશચંદ્ર શર્મા, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(ક) ઝૂલોજી (૨ રિસર્ચ સ્કૉલરશિપ)

શ્રી. ત્રવાડી હુસેન સરફઅલી, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯.

[નોંધ.—વિજ્ઞાન વિદ્યાભવનમાં ઉપરની સ્કૉલરશિપોમાંથી ફિઝિક્સ માટેની ૨, મૅથેમેટિક્સ (સ્ટેટિસ્ટિક્સ સહિત) માટેની ૩, બોટની માટેની ૧ અને ઝૂલોજી માટેની ૧ — એમ કુલ ૭ સ્કૉલરશિપો આપી શકાઈ નથી.]

સામાન્ય ૮ રિસર્ચ સ્કૉલરશિપો

૧. શ્રી. આચાર્ય નિરંજન જગન્નાથ, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૨. કુ. ઔદિચ્ય માધુરી લક્ષ્મીપ્રસાદ, ગુજરાત કૉલેજ, એલિસબ્રિજ, અમદાવાદ-૬

૩. શ્રી. જોષી ઇન્દ્રશંકર મણિશંકર, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૯

૪. કુ. ભટ્ટ માલતી અનુપરામ, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૯

૫. શ્રી. રાઉટર સુધીર જયંતીલાલ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૬. શ્રી. બારોટ વિજયકુમાર ગજાનન, બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત

૭. શ્રી. થાનકી ગુણવંતલાલ હરિલાલ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(**નોંધ.**—ઉપરનાં ૮ સામા-ય રિસર્ચ સ્કૉલરશિપોમાંથી એક સ્કૉલરશિપ પૂરતી અરજીઓના અભાવે આપી શકાઈ નથી.)

૪. વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન નીચેના વિદ્યાર્થીઓને (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આપવામાં આવેલી ૨ રિસર્ચ સ્કૉલરશિપ, (૨) ગુજરાત રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ૩ સ્કૉલરશિપોમાંથી, આપવામાં આવેલી ૧ સ્કૉલરશિપ, તથા (૩) યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ રિસર્ચ સ્કૉલરશિપોમાંથી, આપવામાં આવેલ ૨ સ્કૉલરશિપો—એમ કુલ ૫ સ્કૉલરશિપો બીજા વર્ષ માટે ચાલુ રાખવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓનાં નામ

૧. શ્રીમતી આશા સિદ્ધરાજ સોલંકી, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૨. શ્રી. હિમાંશુ દામોદર ભટ્ટ, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ.

(**નોંધ.**—શ્રી. હિમાંશુ દામોદર ભટ્ટની બાબતમાં એમ નક્કી કરવામાં આવ્યું કે તેઓને વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન આપવામાં આવેલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની રિસર્ચ સ્કૉલરશિપ તેઓ તેમનું સંશોધનકાર્ય આ યુનિવર્સિટીમાં જ સત્ર-ફી ભરીને યુનિવર્સિટીએ માન્ય કરેલા માર્ગદર્શક શિક્ષકના હાથ હેઠળ ચાલુ રાખે એ શરતે બીજા વર્ષ માટે તે સ્કૉલરશિપ ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.)

ગુજરાત રાજ્ય સરકારની સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓનાં નામ

શ્રી. અલ્લારખા પીરભાઈ મનસૂરી, ઝૂલૉજી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

ગુજરાત યુનિવર્સિટીની રિસર્ચ સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓનાં નામ

(અ) વિજ્ઞાન વિદ્યાભવન માટેની ૧૨ રિસર્ચ સ્કૉલરશિપ

શ્રી. અશ્વિનકુમાર પ્રેમભાઈ દેસાઈ, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(બ) સામાન્ય ૮ રિસર્ચ સ્કૉલરશિપ

શ્રીમતી શોભના વાડીલાલ અમીન, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

શ્રીમતી શોભના અમીનને વર્ષ ૧૯૬૫-૬૬ દરમિયાન આપવામાં આવેલ રિસર્ચ સ્કૉલરશિપ ખાસ અપવાદ તરીકે ત્રીજા વર્ષ માટે ચાલુ રાખવા, સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—બાકીની શિષ્યવૃત્તિઓ વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન આપી શકાઈ ન હતી.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૪

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં, તા. ૧૪-૮-૧૯૬૭ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર
૪. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૬. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર

૧. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૭ની સભામાં કાર્યાલયની નીચેની નોંધ મંજૂર કરી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

"પ્રકાશનનું કામ વધુ કાર્યક્ષમતાથી થઈ શકે તે માટે તે વિભાગના આસિસ્ટંટ મૅનેજરની કક્ષાની એક જવાબદાર વ્યક્તિને સોંપવું અને શ્રી. પ્રેસ-મૅનેજરની સામાન્ય દેખરેખ હેઠળ અને પ્રકાશન વિભાગના સતત સંપર્કમાં રહીને અર્ધસ્વાયત્ત ધોરણે કામ કરી શકે તે રીતે તંત્ર ગોઠવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા પ્રેસ અંગેની સિન્ડિકેટે નીમેલી સમિતિનો રિપોર્ટ આવી ગયા બાદ આ અંગે વિચારણા કરવાનું રાખવું.

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્રથી આવેલ માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્રમાં દર્શાવેલ માગણીઓ ઉપર સમિતિની સભામાં ચર્ચા કરવામાં આવી અને નક્કી થયું કે ચર્ચા ધ્યાનમાં રાખી તે અંગે જરૂરી માહિતી મગાવ્યા બાદ ફરીથી આ બાબત વિચારણા માટે મૂકવાનું રાખવું.

૪. શ્રી. ડી. એન. શુક્લને ગ્રંથાલયશાસ્ત્રના વર્ગોના વ્યાખ્યાનના વેતન આપવા અંગેના ગ્રંથપાલશ્રીના તા. ૧૪-૬-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. યુનિવર્સિટી પ્રેસ-મેનેજર શ્રી. ડી. એચ. પટેલને ભાડામુક્ત રહેઠાણ આપવા અંગેની તેઓની તા. ૬-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. હેડક્લાર્ક શ્રી. કે. આર. જોષી તથા આસિ. એકાઉન્ટન્ટ શ્રી. વી. વી. શાહની પગારધોરણ અંગેની તેઓની તા. ૭-૮-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. શ્રી જે પી. ગજ્જર, ભાષાંતરકારનો પગાધોરણ સુધારવા અંગેની તેઓની તા. ૨૪-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની પગારસુધારણા માટેની તા. ૧૧-૮-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. યુનિ હેલ્થ સેન્ટરના કમ્પાઉન્ડર શ્રી. પરમારની તા. ૧૪-૪-૧૯૬૭ની સિનિયર ક્લાર્કના ગ્રેડમાં સિનિયર કમ્પાઉન્ડરનો ગ્રેડ મેળવવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. સિન્ડિકેટની તા. ૫-૮-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૫-૮-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રંથાલયના પ્યૂન-કમ-એટેન્ડન્ટની હાલ જે જગ્યાઓ ઊભી કરવામાં આવી છે તેને બદલે કેવળ એટેન્ડન્ટની જગ્યાઓ ઊભી કરવાની જરૂર જણાય તો તે અંગેની વિગતો સમગ્ર રીતે તપાસીને તે માટે કેટલી જગ્યાઓ ઊભી કરવી અને તેનું પગારધોરણ અને લાયકાતનું ધોરણ શું રાખવું તે અંગે વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા અંગે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયમાં પ્યૂન કમ-એટેન્ડન્ટની જગ્યા ઉપર હાલ કામ કરતા કર્મચારીઓને તેઓને સોંપવામાં આવેલી ફરજ બજાવતા ન હોવાથી તેના સંદર્ભમાં સદરહુ બાબત પર વિચારણા કરવાનું યોગ્ય લાગતું નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ગ"
ઠરાવઠરાવ ક્રમાંક ૩૭

O. 65-O :

Under heading 'II. Instituting Zones and Centres' on page 13 of the pamphlet "The Scheme of Co-ordination of Post-graduate Instructions" the Ordinance will read as under :

For the purpose of organising and co-ordinating post-graduate instruction, teaching, training and research in the University, there shall be the following four zones :

1. Ahmedabad Zone (it will comprise of colleges/institutions in Ahmedabad District)

2. North Zone (it will comprise of colleges/institutions in Sabarkantha, Mehsana and Banaskantha Districts)

3. South Zone (it will comprise of colleges/institutions in Kaira, Panchmahals, Baroda Districts and Daman)

4. Kutch Zone (it will comprise of colleges/institutions in Kutch District).

(*Note* :— In the Zone all post-graduate instructions, teaching and research will be conducted at such centres and in one or more such subjects as may be specified when granting the recognition.)

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૮

બાંધકામ સમિતિની એક સભા, તા. ૧૧-૮-૧૯૬૭ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે મળી હતી, જે સમયે નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સી. શેાધન	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર

૧. બાંધકામ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૭ના રોજ મળેલ સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયના મકાનની અગાશી ઉપર વૉટરપ્રૂફિંગ કામ બાબત સ્થપતિ શ્રી. બી. વી. દોશીના તા. ૧૨-૭-૧૯૬૭ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના મકાનની અગાશી ઉપર વૉટરપ્રૂફિંગના કામ બાબત સ્થપતિ શ્રી. બી. વી. દોશીના તા. ૧૨-૭-૧૯૬૭ના પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ધાબા પર પૉલિશ લાદીના ફ્લોરિંગનો ઢાળ પાણી બરાબર વહી જાય તેમ સારી રીતે રાખવો તથા તેના સાંધા વૉટરપ્રૂફ સિમેન્ટથી ભરવા. વધુમાં ઠરાવ્યું કે દીવાલ પાસે જંકશન આગળ વૉટરપ્રૂફિંગ કરી વાટા કરવા.

૩. યુનિવર્સિટી કાર્યાલયમાં રૂમ નં. ૧૮માં દીવાલ પર કરવામાં આવેલ ડિસ્ટેમ્પરનો નમૂનો ન્યૂતિપાસી ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડિસ્ટેમ્પરનાં વધુ ચાર સેમ્પલ સભામાં રજૂ થયેલા કાર્ડ મુજબ કરવાં. તે સેમ્પલ તૈયાર થયેથી આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪. યુનિવર્સિટીના "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ માટે ફેન્સિંગ, વેન્ટિલેટર્સ તથા કબાટની સગવડ આપવા અંગે તથા તે અંગે જરૂરી બજેટ પ્રોવિઝન કરવા અંગે વિચારણા કરવા બાબત.

૧. ફેન્સિંગ માટે તથા બે દરવાજા	...	રૂા. ૬,૬૦૦-૦૦
૨. વેન્ટિલેટર્સ	...	રૂા. ૫,૮૨૪-૦૦
૩. જરૂરી ચણતર કરી લોખંડના દરવાજા મૂકીને કબાટ બનાવવાના	...	રૂા. ૧૨,૧૬૮-૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સ માટે વેન્ટિલેટર્સ તથા કબાટની સગવડ આપવા માટે કુલ રૂા. ૧૭,૬૯૨નો નીચે મુજબનો અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે માટે જરૂરી બજેટ પ્રોવિઝન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. મોટા રૂમમાં ઉપરના સ્લેબ વચ્ચે બાળિયામાં વેન્ટિલેટર્સ મૂકવા બાબત	...	રૂા. ૫,૮૨૪-૦૦
૨. જરૂરી ચણતર કરી લોખંડના દરવાજાવાળાં કબાટ બનાવવા માટે	...	રૂા. ૧૨,૧૬૮-૦૦
		રૂા. ૧૭,૬૯૨-૦૦

ઉપકુલપતિશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી:

૫. ટિસ્કર્ચ હૉસ્ટેલના મકાનમાં રહેલી ખામીઓ, ઊણપો વગેરે દૂર કરવા માટે કૉંટ્રાક્ટીએ હજુ સુધી કશું કર્યું નથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મકાનની સર્વે ખામીઓ, ઊણપો ૪. દૂર કરવા માટે સ્થપતિ શ્રી. હસમુખ સી. પટેલ સાથે તા. ૧૨-૭-૧૯૬૭ની સભામાં ચર્ચા થઈ હતી અને તેઓએ ખામીઓ, ઊણપો ૪. દૂર કરાવવા સંમતિ દર્શાવી હતી, તેમ છતાં આ સભા સખેદ નોંધ લે છે કે આ બાબતમાં કૉન્ટ્રાક્ટર તરફથી કશું કામ હજુ સુધી શરૂ પણ થયું નથી અને તે કામ આ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૭ના ઠરાવ મુજબ ત્વરાથી પૂરું કરવા માટે સ્થપતિને જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૩

સ્નાતક કક્ષાના શિક્ષણ અંગે વધારાના નિયમો કરવા માટે દેખભાળ સમિતિનાં સૂચનો

કૉલેજોના સામાન્ય સંચાલન અંગે

૧. વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ્સ તથા પ્રૅક્ટિકલ્સની દૈનિક હાજરીનાં પત્રકો રખાવાં જોઈએ તથા આવા દરેક હાજરીપત્રકો પર જે તે શિક્ષકની સહી હોવી જોઈએ.

૨. દર વર્ષે તા. ૧૫મી ઑગસ્ટ પહેલાં જે તે શૈક્ષણિક વર્ષ માટે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનાં પૂરાં નામ જણાવતાં વર્ગદીઠ રોલકૉલ, સ્ટાફની યાદી તથા વિષયવાર તેમજ વર્ગવાર વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સનાં સમયપત્રકો યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા જોઈએ અને આ વિદ્યાર્થીઓમાં જે ફેરફાર થાય તે વર્ષના અંતે તા. ૧લી માર્ચ સુધીમાં યુનિવર્સિટીને જણાવવા જોઈએ.

૩. પહેલા સત્રમાં લેવાયેલી કસોટીઓના વિદ્યાર્થીઓના આંતરિક ગુણાંકનમાં માર્ક્સ નવેમ્બર માસના અંત પહેલાં અને બીજા સત્રમાં લેવાયેલી કસોટીઓના આંતરિક ગુણાંકનના માર્ક્સ તા. ૧૫મી માર્ચ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા જોઈએ.

૪. કોઈ પણ વિદ્યાર્થીને સત્રની અધવચ્ચે એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની પરવાનગી આપવી ન જોઈએ.

૫. લેબોરેટરીમાં જ્યાં પાળી-પદ્ધતિ ચાલતી હોય ત્યાં બે પાળી વચ્ચે ઓછામાં ઓછો અર્ધા કલાકનો સમયનો ગાળો રાખવો.

૬. હાલ કેટલીક કૉલેજોમાં વ્યાખ્યાનો માટે સવારનો અને ટ્યુટોરિયલ્સ માટે સાંજનો સમય રાખવામાં આવે છે તે પ્રથા બંધ કરાવી સમગ્ર કૉલેજનું વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સ માટેનું સળંગ ટાઇમ-ટેબલ રાખવાનું ફરજિયાત બનાવવું જોઈએ.

સત્ર-ફી તથા અન્ય ફી અંગે

૭. દરેક કૉલેજોમાં વિનયન માટે ઓછામાં ઓછા ચાર મુખ્ય વિષયો તથા વિજ્ઞાન અને વાણિજ્ય માટે ઓછામાં ઓછા બે મુખ્ય વિષયો શીખવવાનો પ્રબંધ કરવાનું જણાવવું જોઈએ અને તે માટે સત્ર-ફી નીચે મુજબ રાખવી જોઈએ :

(૧) વિનયન	સત્ર દીઠ	રૂા. ૧૨૦ થી ૧૩૫
(૨) વિજ્ઞાન	,, ,,	રૂા. ૧૫૦ થી ૧૭૫
(૩) વાણિજ્ય	,, ,,	રૂા. ૧૩૫ થી ૧૫૦
(૪) લૉ	,, ,,	રૂા. ૯૦ થી ૧૧૦.

ઓછામાં ઓછા વિષયો ઉપરાંત વિષયો આપતી કૉલેજો વધારાના વિષય દીઠ વધારાની ફી ઉપરની મર્યાદામાં રાખી શકે એવો નિયમ કરવો જોઈએ અને કોઈ પણ માધ્યમ દ્વારા શીખવવા માટે વધારાની સત્ર-ફી કોઈ પણ કૉલેજને ન લેવા દેવી જોઈએ. સત્ર-ફીના નિયંત્રણ માટે યુનિવર્સિટી ધારાના હાલના માળખામાં યુનિવર્સિટીને જરૂરી સત્તા ન હોય એમ જણાય તો તે અંગે કાયદામાં જરૂરી સુધારો કરવા રાજ્ય સરકાર જોડે આ બાબત હાથ ધરવી જોઈએ. સમિતિને બીજી વિદ્યાશાખાઓની સત્ર-ફી અંગે હાલના તબક્કે વિચારણા કરવાની જરૂર લાગી નથી. સમિતિએ સૂચવેલું ઉપરોક્ત ફીનું ધોરણ શિક્ષકોના હાલના પગારધોરણ અને મોંઘવારી ભથ્થાને અનુલક્ષીને છે. વધુમાં સમિતિ ભલામણ કરે છે કે કૉલેજોમાં અપાતી નેશનલ સ્કૉલરશિપ, ઇ. બી. સી. સ્કૉલરશિપ વગેરે સ્કૉલરશિપ ઉપરાંત યુનિવર્સિટી સાથે સંલગ્ન દરેક કૉલેજ અને સંસ્થાએ પોતાના ભંડોળમાંથી ઓછામાં ઓછા ૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને ફીમાંથી માફી આપવી તેમ જ દર ૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક મેરિટ સ્કૉલરશિપ આપવી. જો કોઈ પણ ક્લાસમાં ૫૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો તેવા દરેક ક્લાસ દીઠ ઓછામાં ઓછી એક મેરિટ સ્કૉલરશિપ આપવી. સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય શાસ્ત્રીનું સૂચન હતું કે ઉપરોક્ત ફીનું ધોરણ નક્કી કરતાં પહેલાં આ બાબતનો વધુ ઝીણવટભર્યો અભ્યાસ કરવાની જરૂર છે અને ગ્રામ્ય વિસ્તારની અને ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી કૉલેજો માટે સત્ર-ફીનાં અલાયદાં ધોરણો અપનાવવાની જરૂર છે.

૮. વિજ્ઞાનની કૉલેજો માટે સત્ર-ફી ઉપરાંત લેબોરેટરી ફી માટે નીચેનું ધોરણ સૂચવવામાં આવે છે:
(૧) પ્રી-યુનિવર્સિટી સાયન્સ તથા એફ.વાય.બી.એસસી.ના વર્ગો માટે રૂા. ૪૦
(૨) એસ.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.એસસીના વર્ગો માટે રૂા. ૬૦.
ઉપરાંત મૅથેમેટિક્સ જેવા વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી ન લેવાવી જોઈએ.

૯. સત્ર-ફી અને લેબોરેટરી ફી ઉપરાંત બાકીની બધી જ ફીની રકમ સત્ર દીઠ રૂા. ૧૫ થી વધવી ન જોઈએ.

આ બાબતમાં સમિતિના એક સભ્ય શ્રી રણજિતરાય શાસ્ત્રીનો એવો મત હતો કે ૫૦૦થી ઓછી સંખ્યાવાળી કૉલેજોમાં રૂા. ૧૫થી વધુ ફી લઈ શકાય તેવી જોગવાઈ થવી જોઈએ.

૧૦. સત્ર-ફી સિવાયની કૉલેજોમાં ઉઘરાવાતી લેબોરેટરી ફી, ગ્રંથાલય ફી, જિમખાના ફી, વગેરેનો આવક–જાવકનો હિસાબ જુદો રાખવો જોઈએ.

૧૧. કૉલેજમાં દાખલ ફી લેવાની પ્રથા બંધ કરવી.

વિજ્ઞાન કૉલેજના રિપીટર વિદ્યાર્થીઓ અંગે

૧૨. ફક્ત પ્રૅક્ટિકલ્સ માટે દાખલ કરાતા વિદ્યાર્થીઓ જો કૉલેજની લેબોરેટરીમાં પૂરતી જગા અને સાધનો વગેરે હોય તો જ દાખલ કરવા અને આવા વિદ્યાર્થીઓને દાખલ કરવા અંગે નીચેના નિયમોનું પાલન કરવું:
(૧) જે તે વર્ગના રેગ્યુલર વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકાથી વધુ વિદ્યાર્થીઓ કોઈ પણ વર્ગ માટે દાખલ કરવા નહીં.
(૨) આવી રીતે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા તથા નામોની યાદી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવી.

(૩) આવી રીતે દાખલ થતા વિદ્યાર્થીઓ માટે જરૂર પડે તો રેગ્યુલર વિદ્યાર્થીઓ કરતાં જુદો સમય અને જુદો સ્ટાફ રાખવો.

(૪) આવા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી સિવાયની કોઈ પણ ફી લેવી નહીં.

(૫) આવી રીતે દાખલ થયેલા વિદ્યાર્થીઓ કૉલેજના વિદ્યાર્થીઓ તરીકે ગણાશે નહીં, અને સ્પોર્ટ્સ વગેરેમાં ભાગ લઈ શકશે નહીં.

ઍફિલિયેશન, વધારાના વર્ગો વગેરેની તપાસ તથા તેની શરતોના પાલન અંગે

૧૩. યુનિવર્સિટી તરફથી જોડાણની શરતોનું પાલન પૂરેપૂરું થયા બાદ જ જોડાણ અપાય તે માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં સૂચવેલા સુધારાઓ રાજ્ય સરકાર કરે તે અંગે ઘટતી કાર્યવાહી કરવી.

(૧) કલમ ૩૩(૧)(બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(*b*) that the college is to be under the mangement of a regularly constituted governing body and *at least two of its members shall be the eminent educationists of the area to be appointed by the Vice-Chancellor from a penal of not less than six persons suggested by the Management.*

(૨) કલમ ૩૩(૧)(ડી)માં બતાવેલ "will be made"ને બદલે "has been made" શબ્દો મૂકવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

That the buildings in which the college is to be located are suitable and that provision has been made in confirmity with the Ordinances, for the residence in the college or in lodging approved by the college of students not residing with their parents or guardians, and for the supervision and welfare of students.

(૩) કલમ ૩૩(૧)(ઈ)માં "or will be made" શબ્દો રદ કરીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

....that due provision has been made for a library;

(૪) કલમ ૩૩(૧)(એફ)માં "or will be" શબ્દો રદ કરવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

(*f*) Where affiliation is sought in any branch of Experimental Science that arrangments have been made in conformity with the Statutes, Ordinances and Regulations for imparting instruction in that branch of Science in a properly equipped laboratory or museum;

(૫) કલમ ૩૩(૧)(જી)માં "Will, as far as circumstances may permit be" શબ્દો રદ કરી તેને બદલે "has been" શબ્દો મૂકીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

> that due provision has been made for the residence of the Principal and some members of the teaching staff in or near the college or the place provided for the residence of students;

૧૪. ઍફિલિયેશનની શરતોના પાલન અંગે તથા નવા વર્ગો ઉઘાડવાની પરવાનગી આપતી વખતે નીચેની બાબતોની ચોકસાઈ રાખવી :

(૧) કોઈ પણ નવી કૉલેજ ઉઘાડવા કે નવી વિદ્યાશાખા ઉમેરવા કે વધારાનો વિષય ઉમેરવાની અરજી પર વિચારણા કરતી વખતે સેનેટે મૂકેલી શરતોનું પાલન બરાબર થયું છે કે નહિ તે જોવા માટે ચકાસણી સમિતિ મોકલવાનું આવશ્યક રાખવું.

(૨) ઉપર એકમાં જણાવેલ સમિતિઓને તેમના રિપોર્ટમાં તેમની મુલાકાત વખતે કેટલી શરતોનું હકીકતમાં પાલન થયું છે તેનો પૂરી હકીકત રજૂ કરતો (Factual) હેવાલ આપવો અને શરતોનું પાલન અમુક સમય સુધીમાં થશે એવો હેવાલ આપવો નહીં અને આવા હેવાલ માટેનું જરૂરી પ્રોફોર્મા તૈયાર કરાવી તે મુજબ જ હેવાલ આપવા સમિતિઓને જણાવવું.

(૩) નવી કૉલેજ કે નવી વિદ્યાશાખા ઉમેરવા માટેની સ્ટાફ સિવાયની બધી શરતોનું તા. ૧લી માર્ચ સુધીમાં પાલન કરવાનું આવશ્યક રાખવું અને સ્ટાફમાં જેની નિમણૂકો થઈ હોય તેઓ તા. ૧લી જૂને હાજર થાય તેવો નિયમ રાખવો અને નિમણૂક કરેલો સ્ટાફ બરોબર જોડાયો કે નહીં તેની ચકાસણી બાબત સમિતિએ ખાતરી કરવી.

તે જ પ્રમાણે નવો વિષય ઉમેરવા માટે તથા વધારાના વર્ગો ખોલવા માટેની બધી જ શરતોનું પાલન તા. ૩૧મી માર્ચ પહેલાં થાય તેમ કરવું અને આ માટે સ્ટાફની નિમણૂક તા. ૧લી જૂનથી અમલમાં આવે તે પ્રમાણે કરવું.

ઉપર મુજબ જોડાણનો કે વધારાના વર્ગ માટેની શરતો અને સ્ટાફની હાજરીની યુનિવર્સિટીને ખાતરી થાય તે પછી જ જે તે અભ્યાસક્રમ કે વધારાના વર્ગોમાં કૉલેજ વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે એવો નિયમ કરવો. યુનિવર્સિટીની આવી લેખિત પરવાનગી વગર દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગેરનિયમિત (Irregular) ગણાશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનામાં નીચેના ફેરફાર કરવા :

૧. સૂચના નં. ૩માં જરૂરી કેપિટલ ખર્ચ તે ઉપરાંત વધારામાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૫૦,૦૦૦નું વર્કિંગ ફંડ અલાયદું રાખવાનું આવશ્યક રાખવું.

૨. સૂચના નં. ૩માં છેડે મકાન બાંધવા માટે જરૂરી જમીનનો ઉલ્લેખ છે તેને બદલે મકાન માટે તેમ જ ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનું આવશ્યક રાખવું.

૩. સૂચના નં. ૭માં યુનિવર્સિટીએ પોતે કૉલેજનાં મકાનો માટે લેઆઉટ તૈયાર કરાવી તે પ્રમાણે મકાનો તૈયાર કરવા કહેવું. વર્ગો ઉપરાંત જોઈતા ઓરડાઓની જોગવાઈ અંગે નીચે પ્રમાણે પ્રબંધ કરવા કહેવું :

(૧) શિક્ષકો માટેના સામાન્ય ખંડ તથા જે વિષયમાં ત્રણથી વધુ શિક્ષકો હોય તેવા દરેક ડિપાર્ટમેન્ટ માટે વિષય દીઠ એક સ્વતંત્ર ખંડ

(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૩) સંલગ્ન સેનેટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવા વિદ્યાર્થીઓ દીઠ દશ સ્કવેર ફીટ જગાવાળા વાચન-ખંડ સહિત ગ્રંથાલય અને અધ્યયન માટેની ઘટતી જોગવાઈ

(૫) પાણી માટેનો ખંડ

(૬) કેન્ટીન માટેનો ખંડ

(૭) સ્વચ્છ સંડાસ અને પેશાબખાનાની વ્યવસ્થા.

૧૬. કૉલેજો એકીસાથે વધારે વિષયો માટે જોડાણ માગવા માટે અરજી કરે અને તે પૈકીના બહુ થોડા જ વિષયો ખરેખર શીખવવાનું શરૂ કરે તે અંગે નિયંત્રણ મૂકવા અંગે વિચારવું.

૧૭. કૉલેજને જે વિષય માટે કાયમી જોડાણ મળ્યું હોય અથવા જે વિષય મુખ્ય (પ્રિન્સિ.) વિષય તરીકે શીખવાતો હોય તે વિષયનું અધ્યાપન બંધ કરવું હોય તો તે અંગે યુનિવર્સિટીને એક ટર્મ અગાઉ જાણ કરી પરવાનગી લેવી.

૧૮. દરેક કૉલેજમાં જે વિષયો શીખવાતા હોય તે માટે જરૂરી લાયકાત ધરાવતો સ્ટાફ છે કે નહીં તેની યુનિવર્સિટીને ખબર પડે તેવી મશીનરી ઊભી કરવી અને અપૂરતી લાયકાતવાળા શિક્ષકથી શિક્ષણ કામ ચલાવવાની પરવાનગી એક વખતે ફક્ત એક સત્ર પૂરતી આપવી અને કોઈ પણ સંજોગોમાં બે સત્રથી વધુ સમય માટે આવી પરવાનગી આપવી નહીં. અને બે સત્ર પછી તે વિષય માટે લાયકાત ધરાવતા શિક્ષક કૉલેજ મેળવી ન શકે તો તે વિષય શીખવવાનું આપોઆપ બંધ કરવું પડશે તેવી સ્પષ્ટ જોગવાઈ નિયમોમાં કરવી.

૧૯. યુનિવર્સિટીના નિયમો પાળવામાં તથા જોડાણની શરતોના પાલન સંબંધી કૉલેજોના વહીવટકર્તા મંડળો પૂરતી જાગ્રતિ રાખે તે માટે જોડાયેલી કૉલેજોનું ઍફિલિયેશન કે ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન વગેરે કામો માટે તપાસસમિતિઓ, ઉપરાંત કૉલેજોની અવારનવાર ઓચિંતી (surprise) મુલાકાતો લઈ તપાસ કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટે ઘટતાં પગલાં લેવાં જોઈએ.

સ્ટાફની નોકરીની શરતો તથા આનુષંગિક બાબતો

૨૦. સ્ટાફની નિમણૂક અંગે હાલના નિયમો ઉપરાંત નીચેના વધારાના નિયમોનો પ્રબંધ કરવો :

(૧) દરેક સ્ટાફના સભ્યોને હાજર થાય તે પહેલાં તેની નોકરીની શરતો, વેતન વગેરે સ્પષ્ટ રીતે જણાવતો એપોઇન્ટમેન્ટ ઑર્ડર આપવાનું ફરજિયાત રાખવું અને સ્વીકૃત પત્રમાં પણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

(૨) સ્ટાફના દરેક સભ્યનું પ્રોવિડન્ટ ફંડ જે તારીખથી નોકરીએ જોડાય ત્યારથી જ કાપવું અને કૉલેજનો ફાળો પ્રોબેશન પિરિયડ પૂરો થાય તે દિવસથી ઉમેરવો. પ્રોબેશનનો સમય એપોઇન્ટમેન્ટમાં સ્પષ્ટ જણાવવો.

(૩) એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જતા શિક્ષકોનો પ્રોવિડંટ ફંડનો હિસાબ જે કૉલેજમાં જાય ત્યાં ટ્રાન્સફર કરવો અને પ્રોવિડંટ ફંડનું સાતત્ય જળવાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) સ્ટાફના જે સભ્યો પગાર ચેકથી માંગે તેને પગાર ચેકથી આપવો.

(૫) કૉલેજના સ્ટાફના બધા સભ્યોને માટે દરેક માસના પગારનું કૉન્સોલિડેટેડ પે રજિસ્ટર રાખવું અને તે પર પગાર મળ્યા બદલની પહોંચ નિયમિત લેવી.

(૬) સ્ટાફના કોઈ પણ સભ્યને સત્રની વચમાં છૂટા કરવા નહિ અને નિયત સમયની નોટિસ આપ્યા વગર છૂટા કરવા નહિ. સ્ટાફને છૂટા કરવાની નોટિસ સત્રના અંતે પૂરી થાય તેવી જ હોવાનું આવશ્યક રાખવું. આ નિયમની વિરુદ્ધ છૂટા કરવા હોય તો તેવા દરેક કેસમાં ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

તે જ રીતે સ્ટાફના સભ્યો પણ સત્રની અધવચ્ચે છૂટા કરવાની માગણી કરી શકે નહિ અને અપવાદરૂપ સંજોગોમાં સત્રના અધવચ્ચમાં એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની જરૂર ઊભી થાય તો તે માટે ઉપકુલપતિશ્રીની લેખિત પરવાનગી મેળવવાનું આવશ્યક રાખવું.

(૭) એક કૉલેજના શિક્ષક બીજી કૉલેજમાં જોડાય ત્યારે જે કૉલેજમાં શિક્ષક જોડાય તે કૉલેજના આચાર્ય તે શિક્ષક તરફથી મળેલા સ્વીકૃતિપત્રની નકલ તેમાં તે શિક્ષકની સહી તથા કઈ તારીખથી તે કૉલેજમાં જોડાશે તેની માહિતી સાથે યુનિવર્સિટીને મોકલવી.

(૮) કોઈ શિક્ષક એક કૉલેજમાં નિમણૂકપત્ર સ્વીકારે ત્યાં ઓછામાં ઓછા એક સત્ર માટે નોકરી કરવી પડશે. તેમ કરવામાં ન આવે તો તેની શિક્ષક તરીકેનાં માન્યતા રદ કરવી. એ જ પ્રમાણે જે કૉલેજમાં કોઈ પણ શિક્ષકની નિમણૂક કરવામાં આવી હોય તેને ઓછામાં ઓછું એક સત્ર પૂરતા નોકરીમાં રાખવા કૉલેજને માટે ફરજિયાત રહેશે.

કોઈ પણ કૉલેજના શિક્ષકનો પ્રોબેશન સમય પૂરો થાય તે પહેલાં તેને કાયમ કરવામાં આવ્યા છે કે નહિ તેની લેખિત ખબર શિક્ષકને આપવાનો નિયમ કરવો. જે શિક્ષકને કાયમ કરવા બાબત લેખિત ખબર આપવામાં ન આવે તેઓને આપોઆપ કાયમ થયેલા ગણવા. પ્રોબેશન સમય બે વરસથી વધુ રાખી શકાશે નહિ. તેથી વધુ સમય માટે પ્રોબેશન સમય લંબાવવાની જરૂર પડે તો તે માટે યુનિવર્સિટીની પરવાનગી મેળવવી. પ્રોબેશન સમય દરમિયાન પણ વર્ષ પૂરું થયે શિક્ષકને વાર્ષિક પગારવધારો આપવાનું ફરજિયાત રાખવું.

૨૧. પાર્ટ-ટાઇમ શિક્ષક માટેના વેતનના હાલના દરને બદલે નીચે મુજબ વેતન દરો આપવા :

(૧) પાર્ટ-ટાઇમ ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૦૦

(૨) પાર્ટ-ટાઇમ લેક્ચરરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૫૦

(૩) પાર્ટ-ટાઇમ પ્રોફેસરને ઓછામાં ઓછા માસિક રૂા. ૨૦૦.

૨૨. શિક્ષકોની માન્યતા આપતી વખતે નીચેની બાબતો ઉપર ધ્યાન રાખવું :
(૧) ધંધાદારી ટ્યૂશન વર્ગો સાથે કોઈ પણ શિક્ષક સીધો કે આડકતરો વહેવાર રાખવો નહિ.
(૨) કોઈ પણ શિક્ષકે બેથી વધુ ખાનગી ટ્યૂશનો કરવાં નહિ અને તે માટે જેને ટ્યૂશન અપાતાં હોય તે વિદ્યાર્થીઓનાં નામ-સરનામા સહિતની માહિતી રજૂ કરી તે ટ્યૂશન કામ સ્વીકારવા અંગે આચાર્યની લેખિત પરવાનગી લેવી.
(૩) કોઈ પણ શિક્ષકે વિવરણો (ગાઇડ) લખવાં નહિ અને તેમ કરનાર શિક્ષકની માન્યતા રદ કરવી.

કૉલેજના આચાર્યો

૨૩. કોઈ પણ કૉલેજના આચાર્યને છૂટા કરવા હોય તો ઓછામાં ઓછા એક સત્રની નોટિસ આપવાનું આવશ્યક રાખવું. અને આ નિયમમાં અપવાદ કરી કોઈ પણ આચાર્યને છૂટા કરવા હોય તો ઉપકુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

૨૪. કોઈ પણ કૉલેજના આચાર્યને પ્રથમ પદવી કક્ષાના શિક્ષણ માટે બીજી કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર કે લેક્ચરર તરીકે કામ કરવા પરવાનગી ન આપવી જોઈએ.

ગ્રંથાલય તથા લેબોરેટરી

૨૫. ગ્રંથાલયમાં વિદ્યાર્થી સહાય પુસ્તકાલય વિભાગનાં પુસ્તકો માટે અલાયદા કબાટો રાખવાં અને તે પુસ્તકોને કૉલેજના મુખ્ય ગ્રંથાલયમાં ઑફિલિયેશનની શરતરૂપે લેવાતાં પુસ્તકો જોડે મેળવવાં નહિ તેમ જ આ પુસ્તકોની ખરીદીનો હિસાબ પણ જુદો રાખવો.

૨૬. સામાન્ય રીતે પ્રમાણભૂત ન હોય તેવાં પુસ્તકોની એકથી વધુ નકલો રાખવી નહિ, પરંતુ જો તે વિષયનાં પ્રમાણભૂત પુસ્તકોની વધારે નકલ રાખી શકાશે.

૨૭. દરેક કૉલેજનું ગ્રંથાલય વિદ્યાશાખા દીઠ ઓછામાં ઓછું આઠ કલાક ઉઘાડું રહે તેવી વ્યવસ્થા કરવા કૉલેજોને ફરજ પાડવી જોઈએ.

૨૮. યુનિવર્સિટીએ દરેક વિષયની અભ્યાસસમિતિ પાસે પોતાના વિષય માટે ઓછામાં ઓછા બસો આધારભૂત ગ્રંથો જે દરેક કૉલેજની લાયબ્રેરીમાં હોવા જોઈએ તેની યાદી કરાવવી. તે ગ્રંથો બધી કૉલેજોમાં લેવાય તે જોવું. તે જ પ્રમાણે પ્રી-યુનિવર્સિટી સાયન્સથી ટી.વાય.બી.એસસી.ના દરેક વિષયના લેબોરેટરીના જોઈતાં સાધનસરંજામની વિગતો પણ જે તે વિષયની અભ્યાસસમિતિ પાસે તૈયાર કરાવવી. તે પ્રમાણેનાં સાધનો દરેક કૉલેજની લેબોરેટરીમાં આવે તેવી વ્યવસ્થા કરવી.

કૉલેજોની વિદ્યાર્થી સંખ્યા

૨૯. કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા અને વર્ગસંખ્યા અંગે નીચે મુજબ જોગવાઈ કરવી :
(૧) કોઈ પણ કૉલેજમાં લઈ શકાતા કુલ વિદ્યાર્થીઓ અંગે નીચેની જોગવાઈ કરવી :
(ક) એક વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૧૫૦૦ વિદ્યાર્થીઓ
(ખ) બે વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૨૦૦૦ વિદ્યાર્થીઓ, પરંતુ કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ૧૫૦૦થી વધવા ન જોઈએ.
(૨) જો કૉલેજોમાં બે વિદ્યાશાખા હોય તો બંને વિદ્યાશાખાઓ થઈને કોઈ પણ એક જ સ્તરના કલાસના (પ્રી.યુનિ., એફ.વાય. વગેરે) છથી વધુ વર્ગો થઈ શકે નહિ.

(૩) દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ની રાખવી, તે ઉપરાંત ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની જોગવાઈ રાખવી નહિ.

(૪) ટ્યુટોરિયલ્સ માટેના એક વર્ગની વિદ્યાર્થીસંખ્યા વધુમાં વધુ ૪૦ રાખી શકાશે.

(૫) બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં આચાર્ય જે વિદ્યાશાખાના હોય તે સિવાયની બીજી વિદ્યાશાખાના એક પ્રોફેસરને ઉપાચાર્ય (વાઇસ પ્રિન્સિપાલ) તરીકે નીમવાનું ફરજિયાત રાખવું અને ઉપાચાર્યને ઓછામાં ઓછું માસિક રૂા. ૫૦નું ભથ્થું તેઓના પગાર ઉપરાંત આપવું.

ઉપરોક્ત ૧ (અ)ના સૂચન અંગે સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીનો મત એવો હતો કે બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦ રાખવી જોઈએ અને કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૦થી વધવી જોઈએ નહિ.

હૉસ્ટેલ

૩૦. દરેક કૉલેજની હૉસ્ટેલમાં મુલાકાતીઓને મળવા માટે અલાયદા રૂમની તથા વર્તમાનપત્રો, સામયિકો વગેરે સુવિધાવાળા રીડિંગ રૂમની વ્યવસ્થા હોવી જોઈએ.

પરીક્ષા

૩૧. યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓની બધી જ ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી પરીક્ષકોને રવાના કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવી જોઈએ અને આ દિશામાં ધટતો પ્રારંભ થઈ શકે તે માટે અમદાવાદ કેન્દ્રમાં લેવાતી પરીક્ષાઓથી શરૂઆત કરવી જોઈએ.

૩૨. યુનિવર્સિટી તરફથી લેવાતી બધી જ પરીક્ષાઓના પરીક્ષાર્થીઓને કોડ નંબરો આપવા અંગે વિચારણા કરવી જોઈએ.

પ્રકીર્ણ

૩૩. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ.

૩૪. અમદાવાદ પૂરતું વિષયોનું વિભાગીકરણ કરી જુદી જુદી કૉલેજો મર્યાદિત વિષયોના શિક્ષણનું સ્પેશિયાલાઇઝેશન કરે તે અંગે કોઈ પદ્ધતિ વિચારવી.

૩૫. જે વિષયો માટે અભ્યાસક્રમ નિયત થયો હોય પરંતુ કોઈ પણ કૉલેજમાં શીખવાતા ન હોય તેવા શિક્ષણનો પ્રબંધ કરવા માટે વિચારવું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેમ્બર માસની સભા, શનિવાર, તા. ૨-૯-૧૯૬૭ના રોજ બપોરના ૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	નામ	તા: ૨-૯-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૯-૮-૧૯૬૭ના રોજ મળેલી વિશેષ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૯-૮-૧૯૬૭ના રોજ મળેલી ઑગસ્ટ માસની વિશેષ સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯ એપ્રિલ ૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના હેવાલની ભલામણો (પરિશિષ્ટ "અ") પૈકી બાકી રહેલી ભલામણો ક્રમાંક ૧૫થી ૩૫ (૧૮ સિવાય) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તે સ્થિતિમાં તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની બાબતના સંદર્ભમાં સેનેટ સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત:

અનુસ્નાતક શિક્ષણ

(૧) અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.

(૫) અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.

(૬) અનુસ્નાતક વર્ગોમાં ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.

પરીક્ષાઓ

(૧) પ્રાશ્નિકો — પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.

(૨) પરીક્ષકોની સભાઓ પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહિ.

(૩) પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ જેવા અધિકારી નીમી સુવ્યવસ્થિત બનાવવું.

(૪) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનઃ વિચારણા કરવી જોઈએ.

(૫) હાલની પરીક્ષા-પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષા પદ્ધતિમાં કરવા જોઈએ.

(૬) પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઈઝરો બહાર ગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમિયાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.

ગ્રંથાલય

(૧) સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેવી વ્યવસ્થા વિચારવી.

(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.

(૩) ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.

શિક્ષણ-સુધારણા

(૧) શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.

(૨) અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષા સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

(૩) ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી-સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.

(૪) શિક્ષકોનું જ્ઞાન હમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે રિફ્રેશર કોર્સીસ વખતો-વખત યોજવા જોઈએ.

પ્રકાશન-પ્રવૃત્તિ

(૧) સ્ટેન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્સ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.

(૨) પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું; પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ.

(૩) યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

(૪) અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

પ્રકીર્ણ

(૧) નવા અધિકારીઓનાં જગ્યા ઊભી કરવી નહિ.

(૨) એક્સ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢ શિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

(૩) સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇક્રોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

(૪) સેનેટ હૉલમાં સભ્યોના કાગળો રાખવા માટે ડેસ્ક ઇત્યાદિની વ્યવસ્થા હોવી જોઈએ.

(૫) સેનેટના કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. આચાર્ય સી. એલ. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના બે પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

(૧) "આથી આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે કે પ્રી-યુનિવર્સિટી સાયન્સમાં પ્રવેશ માટે હાયર મૅથેમેટિકસ વિષય (ઉચ્ચતર ગણિત) જૂન ૧૯૬૮ને બદલે જૂન ૧૯૬૯થી આવશ્યક ગણવો."

(૨) "આજની બદલાયેલ પરિસ્થિતિ જોતાં એમ માની શકાય કે યુનિવર્સિટીનાં સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ, સેનેટ વગેરે મંડળો(Bodies)ની રચના, સત્તા વગેરેમાં પરિવર્તનની આવશ્યકતા છે. આથી સેનેટ ભલામણ કરે છે કે આ માટે ગુજરાત યુનિવર્સિટી એક્ટમાં આવશ્યક સુધારાઓ સૂચવવા સેનેટમાંથી એક ઉપસમિતિ નીમવી."

સદરહુ પ્રસ્તાવ ૫(૧) અને બાબત નં. ૨૧માં જણાવેલ પ્રસ્તાવ નં. (૨) અંગે સાથે વિચારણા કરવામાં આવી :

બાબત નં. ૫(૧)નો અભિપ્રાય : આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

બાબત નં. ૨૧(૨)નો અભિપ્રાય : આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૦ વિચારણા માટે હાથ ધરવામાં આવી, અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ગુજરાત યુનિવર્સિટી ધારામાં યુનિવર્સિટીની સ્વાયત્તતા સચવાય તે દૃષ્ટિએ તથા સમગ્ર રીતે પણ તેમાં શા ફેરફાર કરવા જરૂરી છે તે જોઈતપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ
૩. ડૉ. ય. ગુ. નાયક
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ

૫. શ્રી. ઇન્દ્રવદન મા. નાણાવટી
૬. આચાર્ય વિશ્વનાથ રા. રણદીવે
૭. આચાર્ય એમ. સી. દેસાઈ
૮. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૯. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા
૧૦. ડૉ. પી. સી. વૈદ્ય
૧૧. આચાર્ય ય. પ્રા. શુકલ
૧૨. આચાર્ય જે. બી. સાવિડલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિને જરૂર પ્રમાણે બીજા સભ્યો કો-ઑપ્ટ કરવા માટે પણ સત્તા આપવી.

(૨) રાજ્ય અને યુનિવર્સિટીઓ વચ્ચે ઘર્ષણ નિવારી શકાય તે માટે એક સંયુક્ત સલાહકાર મંડળ (Advisory Council) નીમવા માટે રાજ્ય સરકારને સૂચવવું.

(૩) રાજ્યની બધી યુનિવર્સિટીઓના કાયદાઓ ઘણુંખરું એકસરખા (more or less uniform) હોય તે ઇચ્છવાયોગ્ય જણાય છે.

(૪) ગ્રાન્ટ આપવાની હાલની પદ્ધતિ (system) વધુ ઉદાર બનાવવી આવશ્યક છે એમ રાજ્ય સરકારને જણાવવું.

(૫) રાજ્ય સરકારે યુનિવર્સિટીઓની ખાધ ભરપાઈ કરવા તત્પર રહેવું જોઈએ.

તે પછી બાબત નં. ૫માં જણાવેલ પ્રસ્તાવ નં. ૨ ઉપર અભિપ્રાય આપવાની બાબત હાથ ધરવામાં આવી અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં આવશ્યક સુધારાઓ સૂચવવા અંગે સિન્ડિકેટે એક સમિતિ રચી છે એમ સેનેટને જાણ કરવી.

૬. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રમાં કામ કરતા શ્રી. આર. એમ. પરદેશી, લેબોરેટરી ટેકનિશિયન તથા શ્રી. જે. કે. ભાવસાર, વૉર્ડ બૉયને તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. આર. એમ. પરદેશી	લેબો. ટેકનિશિયન	૫-૧૦-૧૯૬૭	૬-૧૦-૧૯૬૭
(૨)	શ્રી. જે. કે. ભાવસાર	વૉર્ડ બૉય	૨૦-૧૦-૧૯૬૭	૨૧-૧૦-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. આર. એમ. પરદેશી (લેબોરેટરી ટેકનિશિયન)નો અજમાયશી સમય વધુ ૭ માસ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે.

(૨) શ્રી. જે. કે. ભાવસાર (વૉર્ડ બૉય)ને એક માસની નોટિસ આપીને છૂટા કરવા.

૭. સેનેટના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસ-સમિતિઓ	અનુસ્નાતક કક્ષાના વિષયો
(૧)	આચાર્ય જે. એ. ફ્રેગાન્ઝા	શિક્ષણ સહિત વિનયન	૧. અંગ્રેજી અને ૨. આધુનિક યુરોપીય ભાષાઓ	૧. બી. એ. પ્રથમ વર્ષ (મુંબઈ યુનિ.) ૨. એમ.એ. (ઑનર્સ) કોલંબિયા યુનિ.,ન્યૂયૉર્ક ૩. પી.એચ.એલ. (રોમ.)
(૨)	આચાર્ય કે. ટી. એન. મહેતા	વિજ્ઞાન	રસાયણવિજ્ઞાન અથવા ભૂસ્તર-વિજ્ઞાન	૧. બી.એસસી. (દ્વિતીય વર્ગ, મુંબઈ યુનિ.), રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન ૨. પી.એચ.ડી. (લંડન યુનિ.), સેન્દ્રિય રસાયણવિજ્ઞાન ૩. ડી. ટી. સી. એ. આર., આઈ. સી. એમ.આઈ., આઈ. સી. એચ. ઈ.

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એ. ફ્રેગાન્ઝાને શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા હેઠળ (૧) અંગ્રેજી, અને (૨) આધુનિક યુરોપીય ભાષાઓ — એ બે અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય કે. ટી. એન. મહેતાને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ (૧) રસાયણવિજ્ઞાન, અને (૨) ભૂસ્તરવિજ્ઞાન, એ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૮. ઑક્ટોબર ૧૯૬૭માં લેવાનાર થર્ડ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષા માટે રજિસ્ટ્રેશનની અરજી કરનાર વિદ્યાર્થી શ્રી. પટેલ પુરુષોત્તમભાઈ છીતાભાઈએ ૧૯૬૪માં મધ્યપ્રદેશ બોર્ડની ઇન્ટર આર્ટ્સની પરીક્ષા ફક્ત અંગ્રેજી વિષય લઈને પસાર કર્યા બાદ તેઓ સેકન્ડ બી.એ.ની પરીક્ષા માટે રેગ્યુલેશન ૭ મુજબ પ્રવેશપાત્ર નહિ હોવા છતાં ભૂલથી પ્રવેશપાત્ર ગણવામાં આવેલ તો તેમની સેકન્ડ બી.એ.ની પરીક્ષાનો પ્રવેશ માન્ય કરવા તેમ જ તેમના ઇન્ટર આર્ટ્સની પરીક્ષાના ક્રેડિટ ગુણ કઈ રીતે ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થીને ઑક્ટોબર, ૧૯૬૫માં સેકન્ડ બી.એ.ની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળેલ છે અને ત્યાર બાદ ઑક્ટોબર ૧૯૬૬માં સેકન્ડ બી.એ.ની પરીક્ષાના બાકી રહેલ વિષયોની પરીક્ષા તેમણે પસાર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પટેલ પુરુષોત્તમભાઈ છીતાભાઈનો સદરહુ કેસ ધારાધોરણસર (Regularise) કરવો અને ઇન્ટર આર્ટ્સની પરીક્ષાના તેમના ક્રેડિટ ગુણ તેમને તે પરીક્ષામાં અંગ્રેજીના વિષયમાં મળેલા ગુણાંકને ધોરણસર ગણવાનું રાખવું.

૯. ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ઇન્ટરનેશનલ લૉ અને ધી ઇન્ડિયન એકેડેમી ઑફ ઇન્ટરનેશનલ લૉ અને ડિપ્લોમસીના આશ્રયે દિલ્હી મુકામે તા. ૧૨થી ૧૪ જાન્યુઆરી ૧૯૬૮ના દિવસોએ ઇન્ટરનેશનલ લૉનું વાર્ષિક અધિવેશન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના ઇન્ટરનેશનલ લૉ શીખવનાર શિક્ષકની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવા અંગેની સોસાયટીના અધ્યક્ષની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલની નિમણૂક કરવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટી વચ્ચેના સંબંધો જોઇતપાસીને રિપોર્ટ કરવા અંગે નીમેલ સમિતિએ તૈયાર કરેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫(૧) પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧. ગુજરાત યુનિવર્સિટીના અગાઉના પશ્ચિમ અને દક્ષિણ વિભાગ હવે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં આવી જતા હોવાથી જે તે વિભાગોએ પોતાને માટે પ્રાપ્ત કરેલ શીલ્ડો જે તે યુનિવર્સિટીને હસ્તક રાખવા દેવાનું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના અગાઉના પશ્ચિમ અને દક્ષિણ વિભાગ એટલે કે હાલની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારોમાં આવેલા વિભાગો માટે સ્વીકારવામાં આવેલ રમતગમતનાં શીલ્ડો હવે નવી સ્થપાયેલ જે તે યુનિવર્સિટીને સોંપવા અને તે માટે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(જે તે વિભાગનાં શીલ્ડોની યાદીઓ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) જુલાઈ ૧૯૬૭માં લેવાયેલ તૃતીય એમ.બી.,બી.એસ. તથા સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ અને એમ.એસસી. (એગ્રિ.)ની પરીક્ષાઓમાં મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કર્યાના;

(૨) તા. ૩-૪-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટના કામકાજ ક્રમાંક ૭૨થી આ યુનિવર્સિટીના જુદાં જુદાં ચંદ્રકો, શિષ્યવૃત્તિઓ, ઇનામો, ઇત્યાદિ પ્રદાનો અંગેના નિયમો જોઇતપાસીને સુધારાવધારાની જરૂર જણાય ત્યાં તે સૂચવવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવાનું ઠરાવ્યું છે:

૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
૨. આચાર્ય વિશ્વનાથ રા. રણદીવે
૩. શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા

તે પર વધારાના સભ્ય તરીકે પ્રિ. એન. એસ. પંડ્યાની નિમણૂક કર્યા અંગેના;

(૩) એમ.બી.,બી.એસ. અને બી.ડી.એસ.ની લેખિત પરીક્ષાઓ જે તા. ૫/૬-૮-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ મંજૂર કર્યા મુજબ તા. ૨૩-૧૦-૧૯૬૭ના રોજ શરૂ થનાર હતી તેને બદલે તે તબીબી વિદ્યાશાખાનો અનુસ્નાતક પરીક્ષાઓ સાથે તા. ૧૬-૧૦-૧૯૬૭થી શરૂ કરવાનું નક્કી કર્યાના;

(નોંધ.—ઑક્ટોબર ૧૯૬૭માં સદરહુ યુનિવર્સિટી દ્વારા લેવાનાર એમ.બી.,બી.એસ. અને અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમોની પરીક્ષાઓનું ઇન્સ્પેક્શન ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના ઇન્સ્પેક્ટરો દ્વારા થનાર છે, જેથી તેની પ્રાયોગિક પરીક્ષાઓ દિવાળી પહેલાં પૂરી થઈ શકે તો જ અનુકૂળતા રહે તેમ છે.)

(૪) શ્રી. સુરિન્દરસિંગ પાલસિંગ ગ્રેવાલને પોતાના પિતાશ્રીની લશ્કરી નોકરીના કારણે ચાલુ વર્ષે ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં ભવન્સ કૉલેજમાં અપવાદરૂપે અને ઑડ-હોક ધોરણે પ્રવેશ આપવા માટે પરવાનગી આપ્યાના;

(૫) ફર્સ્ટ બી.એ. ઑક્ટોબર ૧૯૬૫ અને ઑક્ટોબર ૧૯૬૬ની પરીક્ષામાં બેઠેલ અનુક્રમે વિદ્યાર્થી શ્રી. જયંતીલાલ વિશ્વામિત્ર વૈદ્ય તથા શ્રી. પ્રદીપકુમાર મીઠાલાલ સોની ફર્સ્ટ બી.એ.માં એ.ટી.કે.ટી. મેળવી સેકન્ડ બી.એ.નાં સત્રો રાખી માર્ચ ૧૯૬૮માં બેસનાર હોવાથી ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાના બાકી રહેલ વિષયની ઑક્ટોબર ૧૯૬૭ની પરીક્ષામાં આ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરી પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

બાબત નં. ૧૩ અને ૨૨ની વિચારણા સાથે કરવામાં આવી અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧૩. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ તથા લાગતીવળગતી અન્ય કમિટીઓને ભલામણ કરે છે કે એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી વિષયની પરીક્ષા આપવા છતાં તે વિષયમાં નિષ્ફળતા મળી હોય પરંતુ એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને સંલગ્ન કૉલેજોના પ્રથમ વર્ષ(Pre-University)માં પ્રવેશ આપવાની જોગવાઈ કરવી અને ત્રિવાર્ષિક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં કે પ્રી-યુનિવર્સિટી વર્ગ પછીના કોઈ પણ અભ્યાસમાં તે વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને ત્યારે જ પ્રવેશ આપવો કે તે અગાઉ તે એસ.એસ.સી. પરીક્ષાની અંગ્રેજી વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા બાદ ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તે પ્રવેશને પાત્ર હોય.

આ હેતુ માટે સ્ટે. ૧૭૩માંથી 'of which English (at higher or lower level) shall be one' એ શબ્દો રદ કરવા અને અન્ય જરૂરી સુધારા જે જે સ્ટેચ્યૂટમાં કરવા યોગ્ય હોય તે કરવા."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૨. આચાર્ય બી. એમ. પંડિતના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી લીધા વિના પાસ થનાર અથવા અંગ્રેજી લઈને તેમાં નાપાસ થનાર વિદ્યાર્થીને યુનિવર્સિટીના પ્રી-યુનિ. વિનયન અને પ્રી-યુનિ. વાણિજ્યના વર્ગમાં દાખલ થવાને પાત્ર ગણવા જોઈએ. તે અંગેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નિયમોમાં જરૂરી ફેરફારો કરીને કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૪. ઑર્ડિ. ૯ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ સદરહુ બોર્ડની તા. ૧૧-૧૨-૧૯૬૬, તા. ૩૧-૩-૧૯૬૭ અને તા. ૧-૮-૧૯૬૭ની ત્રણ બેઠકોમાં લાગલગાટ ગેરહાજર રહેલા હોવાથી ઑર્ડિ. ૬૨-સી પ્રમાણે સભ્ય તરીકે મટી જતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫. ગ્રંથાલય સમિતિની તા. ૧૦-૮-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત:

ઠરાવ

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં ૧ ડૉલરના રૂા. ૬-૭૫ સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં ૧ શિ.ના ૦-૯૫ સુધીના દરે, તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનો, હિંદી, ઉર્દુ તથા પર્શિયન પ્રકાશનોમાં ૧૦થી વધુ ટકા વળતર આપનાર પાસેથી ગુજરાતી માટે પાઠય-પુસ્તક સિવાયનાં આર. આર. શેઠ પાસેથી અને પાઠય-પુસ્તકોમાં ૧૦થી વધુ ટકા વળતર આપતા વિક્રેતાઓ પાસેથી અને સંસ્કૃત પુસ્તકો ઓરિએન્ટલ બુક સેંટર, અમદાવાદ અને સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ પાસેથી તેમણે આપેલા ૧૩ ટકા વળતરથી ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત S. D. Books માટેની અને અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયના અન્ય વિદેશી પ્રકાશનો માટેની શરતો જે તે વિક્રેતાની મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે :

૧. બાલગોવિંદ કુમેરદાસની કું., અમદાવાદ
૨. ઑમ્બે બુક હાઉસ, મુંબઈ
૩. બુક સેન્ટર પ્રા. લિ., મુંબઈ
૪. કરંટ ટેકનિકલ લિટરેચર, મુંબઈ
૫. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૬. ગુડ કંપેનિયન, બરોડા
૭. મે. કે. કે. રૉય, કલકત્તા
૮. મેકમિલન ઍન્ડ કંપની — તેમનાં પોતાનાં પ્રકાશન માટે
૯. આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી
૧૦. ચોખમ્બા સંસ્કૃત સિરીઝ, વારાણસી

૧૧. કાદંબરી બુક એજન્સી, અમદાવાદ
૧૨. મકતમા જામિયા, મુંબઈ
૧૩. ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
૧૪. આર. આર. શેઠની કંપની, અમદાવાદ
૧૫. યુનિવર્સલ બુક એન્ડ સ્ટેશનરી કંપની, મુંબઈ.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસે હાજર સ્ટોકમાં હોય અને તે માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના દરે ખરીદવાં.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. એપ્રિલ ૧૯૬૬માં લેવાયેલ એમ.એ., એમ.એસસી. આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા અંગે જરૂરી સ્ટાફની નિમણૂક મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તેમ જ સદરહુ નિમણૂકોનો સમાવેશ મહેનતાણાના દરની પુસ્તિકામાં નહિ હોવાથી કાયમી ધોરણે તે નિમણૂકો અંગે ઘટતી વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૭. સને ૧૯૬૬ના પ્રથમ છ માસ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર નિમાયેલ મુખ્ય નિરીક્ષકો પૈકી જેઓએ સુપરવિઝન અંગે અશક્તિ દર્શાવેલ તેમની જગ્યાએ તેમ જ બેઠકવ્યવસ્થાને અનુલક્ષીને સુપરવિઝનમાં કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કરેલ નિમણૂકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૮. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભામાં સુધારેલ ઑર્ડિ. કોમ. ૫(બી) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, ન્યૂ દિલ્હી, તરફથી બોટની વિભાગના રીડર ડૉ. એસ. સી. પંડ્યાની સંશોધનયોજનાની તા. ૧-૮-૧૯૬૭થી તા. ૨૯-૨-૧૯૬૯ સુધીના સમય માટે રૂા. ૭,૬૦૮ની રકમ ગ્રાન્ટ તરીકે મંજૂર કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. ભારત સરકારની પ્રકાશન યોજના અંગેના ભારત સરકારના વૈજ્ઞાનિક તથા ટેકનિકલ પરિભાષા આયોગના અધ્યક્ષશ્રીના તા. ૨૪-૬-૧૯૬૭ના ડી.ઓ. પત્રાંક ૧૨-૨૧/૬૭-પી.યુ.બી. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારની યોજના હેઠળ હાથ ધરવામાં આવેલાં પ્રકાશનોની બાબતમાં ભારત સરકારને તેમના તા. ૨૬ જૂન ૧૯૬૫ના પત્રાંક ૨૦-૧૯-૬૩ એચ. ૧માં, આર્ટ અંગેની નીચેની શરત નં. (જી) ૨૬ કરવા માટે સૂચવવું :

(g) Terminology evolved by the Ministry of Education will be used in the translation and original writing of all books brought out under this scheme with such modifications as may be accepted by the Commission for Scientific and Technical Terminology set up by the Government of India.

સદરહુ પ્રકાશનની યોજના હેઠળ હાથ ધરવામાં આવેલાં પ્રકાશનોની બાબતમાં નીચેની બાબતો અંગે યુનિવર્સિટીને પૂરતી મોકળાશ રહે તેમ ભારત સરકારને જણાવવું :

(*i*) to review their policy in respect of the use of terminology so as to leave adequate freedom to the Universities in the use of terminology most suited to the genius of the regional language concerned instead of making the use of terminology evolved by the Commission for scientific and technical terminology, as a part of the conditions for financial assistance for publications in Indian languages;

(*ii*) to leave questions like the use of paper, size of the publication, lay-out of the preface, etc., mechanics of vetting and approval, contractual details, costing, etc., to the Universities concerned so as to give them sufficient latitude consistent with the autonomy of Universities;

(*iii*) to simplify the mechanics of financial assistance to the Universities; and

(*iv*) to take all necessary steps for encouraging and expediting publication of suitable reading material in Indian languages for use by University students.

સદરહુ બાબત અંગે ઉપરના ઠરાવને અનુલક્ષીને ઘટતાં પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૧. શ્રી. આર. બી. શાહ તરફથી આવેલા નીચેના બે પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં અમદાવાદની અને ગુજરાતની વિશિષ્ટતા જોતાં ગુજરાત યુનિવર્સિટીમાં 'ટેક્સ્ટાઈલ એન્જિનિયરિંગ' અને 'ટેક્સ્ટાઈલ ટેકનોલોજી'ના પદવી અભ્યાસક્રમો તાકીદે સ્થાપિત કરવામાં આવે."

(૨) "આથી આ સેનેટ સિન્ડિકેટને ભલામણ કરે છે કે પ્રી-યુનિવર્સિટી સાયન્સમાં પ્રવેશ માટે હાયર મૅથેમેટિક્સ વિષય જૂન ૧૯૬૮ને બદલે જૂન ૧૯૭૦થી આવશ્યક ગણવો."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(૨) સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૫ની સાથે કરવામાં આવી હોઈ તેનો અભિપ્રાય તે ક્રમમાં દર્શાવેલ છે.

૨૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૩. રો. સી. આર. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત.

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે :

Section 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned :

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty; and

(*b*) no assignment of member so made shall be changed during the term of his office except when any of the Boards are re-constituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University Departments as hold the post of a Professor in the subject or the Senior most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subjects or group of subjects for which the Board in constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus which the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Boards of Studies shall be as prescribed by the Statute."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. જૂન, ૧૯૬૮થી નવી કૉલેજ-વિદ્યાશાખા શરૂ કરવા માટે નીચે જણાવેલ જોડાણ-અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ-સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
૧.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	બી.એડ. અને ટી.ડી.
૨.	શ્રી. મથુરદાસ લાલજીભાઈ ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા	મોડાસા	બી.એડ. અને ટી.ડી.
૩.	ચાણસ્મા તાલુકા કેળવણી મંડળ, ચાણસ્મા	ચાણસ્મા	વિનયન અને વાણિજ્ય
૪.	સાબરમતી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૫.	જમાલપુર-રાયખડ સેવાસંઘ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૬.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૭.	વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર	વડનગર	વિનયન અને વાણિજ્ય
૮.	સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા	માણસા	વાણિજ્ય
૯.	બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય
૧૦.	નૂતન ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન અને વાણિજ્ય
૧૧.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય અને કાનૂન
૧૨.	ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર	આદિપુર	વિજ્ઞાન (હાલની ગાંધીધામ આર્ટ્સ કૉલેજમાં વિજ્ઞાન વિદ્યાશાખા ઉમેરવા માટે)
૧૩.	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	અમદાવાદ	વાણિજ્ય (હાલની સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા માટે)
૧૪.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	અમદાવાદ	કૉમર્સ એન્ડ લૉ કૉલેજનું વિભાગીકરણ
૧૫.	સંચાલકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૧૬.	અમદાવાદ	બી.એસસી. (નર્સિંગ)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલી કૉલેજોની જોડાણ-અરજીઓની બાબતમાં તેનાં નામ સામે જણાવ્યા મુજબ સ્થાનિક તપાસસમિતિઓ રચવી :

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	૧. શ્રી. લા. ૨. દેસાઈ અને ૨. ડૉ. ચંપાબહેન ભટ્ટ
૨.	શ્રી. મથુરદાસ લાલજીભાઈ ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા	૧. શ્રી. લા. ૨. દેસાઈ અને ૨. ડૉ. ચંપાબહેન ભટ્ટ
૩.	ચાણસ્મા તાલુકા કેળવણી મંડળ, ચાણસ્મા	૧. આચાર્ય ય. પ્રા. શુક્લ અને ૨. આચાર્ય એમ. સી. દેસાઈ
૪.	સાબરમતી એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	૧. આચાય રામપ્રસાદ શુક્લ અને ૨. આચાર્ય એસ. આર. મહેતા
૫.	જબાલપુર રાયખડ સેવા સંઘ, અમદાવાદ	૧. આચાર્ય રામપ્રસાદ શુક્લ અને ૨. આચાર્ય એસ. આર. મહેતા
૬.	અમદાવાદ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	૧. આચાર્ય રામપ્રસાદ શુક્લ અને ૨. આચાર્ય એસ. આર. મહેતા
૭.	વડનગર એજ્યુકેશન સોસાયટી, વડનગર	૧. આચાર્ય ય. પ્રા. શુક્લ અને ૨. આચાર્ય એમ. સી. દેસાઈ
૮.	સર્વોદય હાઈસ્કૂલ એજ્યુકેશન સોસાયટી, માણસા	૧. આચાર્ય એમ. સી. દેસાઈ અને ૨. આચાર્ય ડી. ડી. ત્રિવેદી
૯.	બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ, અમદાવાદ	૧. આચાર્ય જે. ડી. તલાટી અને ૨. આચાર્ય એસ. આર. મહેતા
૧૦.	નૂતન ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી અને ૨. આચાર્ય એચ. કે. બુખારી
૧૧.	વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ	૧. આચાર્ય એસ. આર. મહેતા અને ૨. આચાર્ય વી. આર. રણદીવે
૧૨.	ગાંધીધામ મૈત્રી મંડળ, આદિપુર	૧. ડૉ. ય. ગુ. નાયક અને ૨. ડૉ. જે. જે. ત્રિવેદી
૧૩.	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	૧. આચાર્ય એન. વી. જોશી અને ૨. આચાર્ય એ. એમ. ત્રિવેદી
૧૪.	નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	૧. આચાર્ય વી. આર. રણદીવે અને ૨. આચાર્ય જે. ડી. તલાટી
૧૫.	સંચાલકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ	૧. ડૉ. જયંત બી. હરિભક્તિ અને ૨. ડૉ. મણિભાઈ ડી. દેસાઈ.

૨૫. ગુજરાત કૉલેજ અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવીના અનુસ્નાતક કેન્દ્રના વર્ષ ૧૯૬૪-૬૫ તેમ જ વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો અનેકવાર યાદ દેવડાવ્યા છતાં આવ્યા નથી, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. સેનેટ સભ્ય શ્રી. સત્યેન્દ્ર ઝવેરીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ બોરંબે પડેલું હોઈ, યુનિવર્સિટી પ્રેસે વિશેષ કાર્યક્ષમ અને વેગવંત બનવું ઘટે છે. તે દૃષ્ટિએ તેનો કાર્યપ્રબંધ અને વ્યવસ્થા ગોઠવવાં જોઈએ અને તેનો વહીવટ વધુ સુમેળ અને સરળતાથી ચાલે તે માટે વિશેષ તકેદારી જરૂરી છે. તે માટે તપાસ કરી જરૂરી સૂચનો કરવા એક કમિટી નીમવી."

(૨) "સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે તેઓ યુનિવર્સિટી કૅમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણ(Quarters)ની વ્યવસ્થા કરવા ઘટતાં પગલાં લે."

(૩) "યુનિવર્સિટી પ્રેસમાંથી નવા જ ખરીદાયેલ અને વપરાશમાં જ નહિ લેવાયેલ એવા તદ્દન નવા ટાઇપો ગુમ થયેલ છે. આ સિવાય પણ પ્રેસમાં ચોરી થયાનું જણાયું છે. આથી યુનિવર્સિટી સંસ્થાનો માલ વગેસગે થતો હોવાનું માનવાને કારણ રહે છે. આ અંગે જરૂરી જાંચ કરવા અને ભવિષ્યમાં તેમ થતું અટકાવવાનાં ઘટતાં સૂચનો કરવા એક કમિટી નીમવા સિન્ડિકેટને આ સભા ભલામણ કરે છે."

(૪) "સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાત્રે પણ કામ કરવાનું હોઈ, તેઓ પ્રેસ-કર્મચારીઓ માટે પ્રેસથી અલગ રીતે તેની નજીકમાં જ ડૉર્મિટરી(Dormitory)ની વ્યવસ્થા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. આચાર્ય હો. વાય. જી. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ તથા અન્ય યુનિવર્સિટી અધિકાર-મંડળને ભલામણ કરે છે કે યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નવા સુધારેલા સ્ટેચ્યૂટ ૧૭૩માં સ્ટેચ્યૂટના અમલ અંગે જે પ્રોવિઝો છે તે લાઈનમાં એટલે છેલ્લી લાઈનમાં '15th June, 1968'ને રદ કરી '15th June 1969' મૂકવું, જેથી સ્ટેચ્યૂટનો સુધારેલો પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય :

'The provisions of this statute shall come into effect from 15th June, 1969.'"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓ તરફથી જૂન ૧૯૬૮થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	અરજી કરનાર કૉલેજ / સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમો
(૧)	વિદ્યા-ઉત્તેજક મંડળ, અમદાવાદ-૭	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૨)	સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ.	અમદાવાદ	હાલની (૧) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, તથા (૨) પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજનું એકીકરણ કરી, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ કરવા માટેની અરજી છે.
(૩)	ખંભાત તાલુકા કેળવણી મંડળ, ખંભાત.	ખંભાત	બી.એસ્. અને ડી.એસ્.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા કૉલેજોની જોડાણ-અરજીઓની બાબતમાં તેનાં નામ સામે જણાવ્યા મુજબ સ્થાનિક તપાસસમિતિઓ રચવી :

ક્રમાંક	કૉલેજનું નામ	સ્થાનિક તપાસસમિતિના સભ્યોનાં નામ
૧.	વિદ્યા-ઉત્તેજક મંડળ, અમદાવાદ-૭	૧. આચાર્ય આર્ચ. જે. ધ્રુવ, ૨. આચાર્ય જે. ડી. તલાટી
૨.	સ્વામી ભગવદાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	૧. પ્રો. ઓ. એમ. ત્રિવેદી, ૨. આચાર્ય રામપ્રસાદ શુક્લ.
૩.	ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત	૧. શ્રી. લા. ૨. દેસાઈ, ૨. પ્રો. ચંપાબહેન ભટ્ટ

૨૯. ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૪મું અધિવેશન તા. ૭ થી ૯ ઑક્ટોબર દરમિયાન નવી દિલ્હી ખાતે મળનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મંત્રીશ્રીના તા. ૩૧-૮-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય જ્યોતીન્દ્ર દવે અને આચાર્ય રામપ્રસાદ શુક્લને નીમવા.

૩૦. તા. ૫/૬-૮-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંક ૨૫માં થયેલ ઠરાવમાં "૨ ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ"ની નિમણૂકોને બદલે "ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ" છપાયું છે તે મુદ્રણદોષ ગણી "૨ ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ" મુજબનો સુધારો માન્ય રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત:

(૧) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના

મુદ્દાઓને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

માન્ય થયેલાં મહાવિદ્યાલયો અને અનુસ્નાતક વિદ્યાભવનોના ઓછામાં ઓછાં પાંચ વર્ષનો અધિકાર-અનુભવ ભોગવતા આચાર્યો અને નિયામકોમાંથી જ તે તે વિદ્યાશાખાને માટેની લાયકાત ધરાવતી અનુક્રમે ૨૫ ટકા અને ૫૦ ટકા વ્યક્તિઓને પોત-પોતાનામાંથી જ યુનિવર્સિટીની પ્રચલિત પદ્ધતિવાળી ચૂંટણી દ્વારા ચૂંટાઈ આવ્યે સેનેટના સભ્ય થવાનું રહેશે. હોદ્દાની રૂએ સભ્ય થવાની પદ્ધતિને આગામી સામાન્ય ચૂંટણીના સમયથી રદ કરવી."

(૨) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના મુદ્દાઓને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

તે તે વિદ્યાશાખાની અભ્યાસસમિતિમાંથી હરકોઈ બે સમિતિમાં સભ્ય થવાની સેનેટના સભ્યોને છૂટ છે. આ અભ્યાસસમિતિઓમાં સભ્ય દરજ્જે દાખલ થવા માટે તે તે વિષય એમના અભ્યાસમાં મુખ્ય યા ગૌણ તરીકે હોવો હવેથી જરૂરી માનવાનું સ્વીકારવું. તે તે અભ્યાસસમિતિમાં કો-ઑપ્ટ થવાને માટે પણ વિષયની મુખ્યતા અથવા ગૌણતાને જ નિયામક ગણવી અને આનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવો.

વળી સેનેટની રીતસરની ચૂંટણીમાં ચૂંટાઈને ન આવી હોય તેવી વ્યક્તિઓને પણ અભ્યાસસમિતિઓમાં કો-ઑપ્ટ કરવામાં આવે છે અને એવા સભ્ય તે તે સમિતિના અધ્યક્ષ પણ બની શકે છે. આ નિયમમાં એવો સુધારો કરવો કે હવેથી અધ્યક્ષસ્થાને સેનેટમાં ચૂંટાઈ આવેલા અને ઓછામાં ઓછો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા સભ્યોને જ ચૂંટાઈને આવવાનો અધિકાર રહેશે. અત્યારે હરકોઈ અભ્યાસસમિતિમાં બબ્બે સભ્ય કો-ઑપ્ટ કરવાની સત્તા છે, એને સ્થાને હવેથી ૨થી ૫ સુધી સભ્યો કો-ઑપ્ટ કરવાની તે તે સમિતિને સત્તા રહેશે. પરંતુ એ આવશ્યક બનશે કે આવા સભ્ય મહાવિદ્યાલયો કે/અને અનુસ્નાતક વિદ્યાભવનોમાં પાંચ વર્ષથી તે તે વિષયના 'અધ્યાપક' (Professor)નો દરજ્જો ધરાવતા હોય અથવા પોતાના વિષયમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હોય."

(૩) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના મુદ્દાને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

જ્યાં કયાંય મહાવિદ્યાલયોમાં ત્રીજા વર્ષમાં હિંદી ખાસ વિષય શીખવવાનો હોય ત્યાં અત્યારે હિંદીના વિષયના 'વ્યાખ્યાતા' (Lecturer)થી ચલાવી લેવાની જોગવાઈ છે, એ જોગવાઈને સ્થાને,અન્ય વિષયોની જેમ જ, હવેથી એ કક્ષાના અધ્યાપન માટે હિંદી વિષયના 'અધ્યાપક' (Professor)ની જોગવાઈ ફરજિયાત બનાવવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. આચાર્ય કે. એન. શાહના નીચેના બે પ્રસ્તાવો ઉપર અભિપ્રાય આપવા બાબત :

(૧) "હાલના સ્ટેચ્યૂટ ૨૦૨ને રદ કરી નીચે મુજબનો સુધારવો :

Statute 202 :

The following shall be the University Schools and Departments for teaching and research in the University :

(*i*) *University School of Social Sciences :*

This School shall provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics
(2) Sociology
(3) Politics
(4) Labour Welfare
(5) History
(6) Business Management and Industrial Management.

This School may also impart such instructions in Diploma courses and Certificate courses as may be instituted by the Senate from time to time.

(*ii*) *University School of Languages :*

This School shall provide for post-graduate instruction and guide research work in the following subjects :

(1) Gujarati
(2) Modern and Ancient Indian and Foreign Languages
(3) Linguistics.

(*iii*) *University School of Psychology, Education and Philosophy :*

This School shall provide for post-graduate instruction and research work in the following subjects :

(1) Psychology
(2) Education
(3) Philosophy.

(*iv*) *University School of Physics :*

This School shall provide instruction and guide research work in Physics (Pure and Applied) and all its branches

including :

(1) Experimental and Theoretical Physics
(2) Astro-physics, and
(3) Bio-physics.

(*v*) *University School of Chemistry :*

This School shall provide instruction and guide research work in Chemistry (Pure and Applied) and all its branches including :

(1) Inorganic Chemisrty
(2) Organic Chemistry
(3) Physical Chemistry
(4) Bio-chemistry
(5) Chemical Technology including Chemical Engineering.

(*vi*) *University School of Mathematics :*

This School shall provide instruction and guide research work in Mathematics (Pure and Applied).

(*vii*) *University School of Statistics :*

This School shall provide instruction and guide research work in Statistics and all its branches.

(*viii*) *University School of Botany :*

This School shall provide instruction and guide research work in Botany and all its branches including Paleo-Botany

(*ix*) *University School of Zoology :*

This School shall provide instruction and guide research work in Zoology and all its branches."

(૨) "હાલના સ્ટેચ્યૂટ ૨૦૬ને બદલે નીચે મુજબ સુધારેલો સ્ટેચ્યૂટ ૨૦૬ રાખવો :

Statute 206 :

The Director of each University School shall be entitled to an administrative allowance of Rs. 100/- per month in addition to his monthly salary."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. ગુજરાત રાજ્ય વિધાનસભાના મતદારવિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલા પાંચ સભ્યો પૈકી શ્રી. સી. જી. પટેલ પહેલાં માધ્યમિક શિક્ષક મતદારવિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલા ત્યારે તેઓને ગુજરાતી અને ફિઝિકલ એજ્યુકેશનની અભ્યાસસમિતિઓ એનાયત

થયેલી, પરંતુ તેઓએ સદરહુ મતદારવિભાગમાંથી તેમની જગ્યા પર રાજીનામું આપ્યું છે અને હવે તેઓ ફિઝિકલ એજ્યુકેશનને બદલે જનરલ એજ્યુકેશનની અભ્યાસસમિતિ એનાયત થાય તેમ ઇચ્છે છે તો તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. જી. પટેલનું ફિઝિકલ એજ્યુકેશનની અભ્યાસસમિતિનું સભ્યપદ રદ કરીને તેમને જનરલ એજ્યુકેશનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું

૩૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટંટની હંગામી જગ્યા પર કામ કરતા શ્રી. જે. એચ. અધ્વર્યુની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ ગ્રંથપાલ તરીકે નિમણૂક થયેલી હોવાથી તેઓને આ યુનિવર્સિટીમાં બે વર્ષ માટે પદાધિકાર (lien) રાખવાની તેમની તા. ૩૦-૮-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. અધ્વર્યુ સીનિયર કલાર્કની જગ્યા પર કાયમ થયેલા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એચ. અધ્વર્યુને એક વર્ષ માટે પોતાનો અહીંનો પદાધિકાર (lien) ચાલુ રાખવા માટે પરવાનગી આપવી.

૩૫. ઓ. ૬૬ મુજબ પ્રોફેસર-ઇન-સાયકોલોજીની જગ્યાની વરણીસમિતિ પર સિન્ડિકેટના ત્રણ પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. મનોવિજ્ઞાન ભવનમાં અમેરિકાથી પ્રોફેસર લિન્ડાલ સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે આવવાના હતા, પણ અસાધારણ સંજોગોને લઈને તેઓ હવે આવી શકશે નહિ તેની જાણ કરતા યુનાઇટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશનના તા. ૨૬-૮-૧૯૬૭ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. વિજ્ઞાન વિદ્યાભવનના સેન્ટ્રલ વર્કશોપના ઇરેકશન માટે સને ૧૯૬૬-૬૮ના વર્ષ માટે રૂા. ૫,૦૦૦ (રૂા. પાંચ હજાર)ની અંદાજપત્રમાં જોગવાઈ કરેલી છે તે વધારીને રૂા. ૧૫,૦૦૦ (રૂા. પંદર હજાર) કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સેન્ટ્રલ વર્કશોપના ઇરેકશન માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં વધુ રૂા. ૧૦,૦૦૦ની જોગવાઈ કરીને કુલ રૂા. ૧૫,૦૦૦ની જોગવાઈ કરવી.

૩૮. એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ બીજી એલએલ.બી. પરીક્ષાનાં વિદ્યાર્થિની નં. ૨૦૬ કુ. શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલે મજકૂર પરીક્ષા ખોટી રીતે હાજરી પુરાવી આપી છે તેવી તા. ૨૪-૫-૧૯૬૭ની આ કાર્યાલયમાં આવેલ એક ફરિયાદ પર તેમ જ મોતીલાલ નહેરુ લો કોલેજના અને શ્રી. પરીખ દિવાળીબા ડાહ્યાભાઈ કન્યા વિદ્યાલય, વીસનગરના આચાર્યોના આવેલ ખુલાસાઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩૧-૮-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૪૦. નીચેનો સ્ટે. ૭૮ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Statute 78 :

(1) For the purpose of election of one of the Deans by the Deans of various Faculties from amongst themselves, as a member of the Syndicate as required by Section 19 (1) (*iv*) the Registrar shall invite nomination and shall hold the election on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160.

(2) For the purpose of election of one member by the Heads of the University Departments from amongst themselves as members of the Syndicate as required by Section 19 (1) (*vi*) the Registrar shall maintain an Electoral Roll of the Heads of the University Departments and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160.

(3) Similarly for the purpose of election by Principals of four members from amongst themselves as members of the Syndicate as required by Section 19(1) (*vii*) the Registrar shall maintain an Electoral Roll of Principals and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160 provided that four Principals shall be elected by the Principals in such a manner that at least four Faculties shall be represented as shown by the order of rank according to votes secured amongst the candidate at the rate of one and only one representative per Faculty so as to fill up the four vacancies.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૧. સેનેટ સભ્ય શ્રી. જી. આર. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો સ્ટે. ૧૯૩–બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years, by the University at its own cost as under :

1. Employees drawing basic pay of Rs. 150 or less ..Rs. 2,000/-
2. Employees drawing basic pay from Rs. 151 to Rs. 300 ..Rs. 2,500/-
3. Employees drawing basic pay from Rs. 301 to Rs. 500 ..Rs. 4,000/-
4. Employees drawing basic pay from Rs. 501 and onwards ..Rs. 4,500/-
5. The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુ ભવનમાંથી રાજીનામું આપી છૂટા થતા હોવાથી તેઓના કુટુંબને આ શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીના રહેઠાણમાં રહેવા દેવા અંગેના તેઓના તા. ૨૫-૮-૧૯૬૭ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

ડૉ. પી. એચ. પ્રભુનો તા. ૨૫-૮-૧૯૬૭નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે મનોવિજ્ઞાન ભવનના ફારેગ થતા અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુને તેઓ ફારેગ થાય તે તારીખથી વધુમાં વધુ ત્રણ માસ સુધી તેમના હાલના મૂળ પગારના દસ ટકા કે સરકારી નિયમ મુજબ ગણવામાં આવતા ઇકોનોમિક રેન્ટ, એ એમાંથી જે વધુ રકમ હોય તેટલું માસિક ભાડું ચાર્જ કરવું.

સદરહુ બાબતના સંદર્ભમાં ડૉ. રામ સેવક સિંગને થોડોક વખત પોતાનું રહેઠાણ ચાલુ રાખવા અંગેની તેમને આપવામાં આવેલી પરવાનગીની સભાગૃહને જાણ કરવામાં આવી, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા ડૉ. સિંગને તેઓ ફારેગ થાય તે તારીખથી વધુમાં વધુ ત્રણ માસ સુધી તેમના હાલના મૂળ પગારના દસ ટકા કે સરકારી નિયમ મુજબ ગણવામાં આવતા ઇકોનોમિક રેન્ટ, એ બેમાંથી જે વધુ રકમ હોય તેટલું માસિક ભાડું ચાર્જ કરવું.

૪૩. ગુજરાત રાજ્ય સરકારની પડ્ડ ટકાની ગુજરાત સ્ટેટ ડેવલપમેન્ટ લોન, ૧૯૭૬માં રૂપિયા એક લાખનું રોકાણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૪. અખિલ ભારતીય દર્શન પરિષદનું ૧૨મું અધિવેશન તા. ૨૨ થી ૨૫ ઑક્ટોબર ૧૯૬૭ સુધી વડોદરા મુકામે યોજવાનું છે તો તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના બેથી ત્રણ પ્રતિનિધિઓને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. જૂન ૧૯૬૭ થી ચાલુ અને/અથવા વધારાના જોડાણ અંગે અરજીઓ પર નીચે જણાવેલ કૉલેજોએ જોડાણની શરતોનું પરિપાલન કર્યાનો રિપોર્ટ કરીને જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

(૧) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૩) શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
(૪) કલોલ ન્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ (ઉ.ગુ.).
(૫) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કેશવલાલ સોમાલાલ આર્ટ્સ કૉલેજ, કપડવંજ
(૬) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
(૭) બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર
(૮) એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ
(૯) શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત (૧૯૬૬ અને ૧૯૬૭ની)
(૧૦) અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
(૧૨) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
(૧૩) શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
(૧૪) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૪૬. સેનેટ સભ્ય શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આમંત્રણ આપવાની અત્યાર સુધી ચાલતી પદ્ધતિને બદલે અધ્યાપકોની લાયકાતો, અનુભવો વગેરે દર્શાવતાં કાયમી કાર્ડને આધારે આમંત્રણો આપવાની પદ્ધતિ — કાર્ડ પદ્ધતિ — સત્વર અખત્યાર કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે."

(૨) "આજની જરૂરિયાતના પ્રમાણમાં ઇતર ભાષાઓમાંથી અભ્યાસનીય ગ્રંથોને ગુજરાતીમાં ઉતારવાની પ્રવૃત્તિ અત્યંત મંદ અને અપૂરતી હોવાથી પ્રકાશનકાર્યને ઘણું વધારે વેગવાન કરવાની ઝુંબેશ ઉપાડવા તદ્વિષયક મંડળોને સેનેટની આ સભા ખાસ ભલામણ કરે છે."

(૩) "કેટલાંક વર્ષો પૂર્વે ઘડાયેલું યુનિવર્સિટીનું બંધારણ આજ સુધીના અનુભવ તેમ જ પ્રવર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં પરિવર્તન માગે છે એમ લાગવાથી સેનેટની આ સભા, યુનિવર્સિટીના અત્યારના બંધારણમાં આવશ્યક અને ઉપયોગી ફેરફારો કરવા માટેની જરૂરી કારવાઈ કરવા, તદ્વિષયક અધિકારી મંડળોને વિનંતી કરે છે."

(૪) "સરકારના અત્યારના નિયમાનુસાર સરકાર સંચાલિત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજોના અધ્યાપકો સેનેટની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકતા નથી. બિનસરકારી કૉલેજોના અધ્યાપકોને સરકાર સંચાલિત ઉપર્યુક્ત સિવાયની એન્જિનિયરિંગ, મેડિકલ વગેરે વિદ્યાશાખાના અધ્યાપકોને તેમ જ સરકાર દ્વારા નિયુક્ત અધ્યાપકોને સેનેટના સભ્યપદ માટેની તક મળે છે તે જોતાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની સરકારી કૉલેજોના અધ્યાપકોના અધિકારનું નિયંત્રણ કરતો નિયમ અન્યાયી, ભેદભાવયુક્ત અને બિનલોકશાહી લાગતો હોવાથી સેનેટની આ સભા, ઉપર્યુક્ત નિયમન રદ કરી સરકારી કૉલેજોના સર્વ અધ્યાપકોને સેનેટની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની છૂટ આપી સૌને સમાન તક આપવાની ન્યાયી અને લોકશાહી રસમ અપનાવવા રાજ્ય સરકારને વિનંતી કરવાની ભલામણ કરે છે."

(૫) "વિદ્યા વિસ્તાર અને કૉલેજો તેમ જ અધ્યાપકોની વધતી જતી સંખ્યા સાથે અધ્યાપકો અને વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના પાલન, અમલ અને અર્થઘટન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૫(૧૫), ૨૫(૨૬) અને ૨૫(૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે."

(૬) "પ્રભુદાસ ઠક્કર વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ બાબત ગયા માર્ચ માસમાં મળેલી સેનેટની સભાએ ભારે બહુમતીથી લીધેલા નિર્ણયને કાયદાની જોગવાઈના આશ્રયથી અવગણના કરીને સરકારે યુનિવર્સિટીની સ્વાયત્તતાનો જે અનાદર કર્યો છે તેની સેનેટની આ સભા સખેદ નોંધ લે છે અને આ પ્રકારનાં પગલાંની વિદ્યાક્ષેત્રે થતી વિઘાતક અસર બાબત ચિંતા વ્યક્ત કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૪૭. સેનેટ સભ્ય શ્રી. એસ. કે. ઝવેરીના તા. ૨૬-૮-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં વધારાની જે જગ્યાઓ ઊભી કરવામાં આવી છે તે જગ્યાઓ પૂરવાનું કામ વિલંબમાં મૂકવાની જરૂર નથી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

સિં. નં./૪૨૧૭૩ / ૧૯૬૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
સપ્ટેમ્બર ૧૨, ૧૯૬૭.
ભાદ્રપદ ૨૧, ૧૮૮૯ (શક).

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૧

परिशिष्ट 'अ'

List of the Shields of West Zone

1. Dr. R. K. Yagnik, Cricket Trophy.
2. Shri Durgaprasad Desai, Volley-ball Shield.
3. Mayor Bhadalawala Hockey Shield.
4. Barrister Ratilal Tanna, Foot-ball Shield.
5. Shri K. P. Shah, Kabaddi Shield.
6. Shri Lions Club Badminton Trophy—Gents.
7. Shri Dharmendrasinhji College Gymkhana Basket-ball Shield.
8. Rajkot Borough, Kho-Kho Shield—Gents.
9. Smt. Minakshi Tamboli Kho-Kho Shield—Ladies.
10. Shri Indravirprasad Jain Ladies Basket-ball Shield.
11. Shri D. K. V. College, Students Union Championship Shield.
12. Smt. Rambhaben Ratilal Shah Kho-Kho Shield—Ladies.
13. Smt. Marghaben N. Chudgar Table-tennis Shield—Ladies.
14. Smt. Hiraben Keshavlal, Championship Shield—Ladies.

Acceptance of New Shields sanctioned in the meeting of Syndicate dated 7-1-1967.

1. Shri Jalaram Prasasti, Shield for Hockey—Ladies.
2. Shri Sarvodaya Kelavani Samaj (Rajkot) General College Championship Shield.
3. Shri P. D. M. Commerce College Students Union Volley-ball Championship Shield.
4. Sheth Shri Popatlal Dhanjibhai Malavia Swimming Championship Shield.

परिशिष्ट 'ब'

List of the Shields of South Zone

(The acceptance of these new shields is sanctioned in the meeting of Syndicate, dated 7-1-1967.)

1. Shri K. L. Desai Shield for Individual Athletic Championship (Boys) presented by Shri K. L. Desai Farewell Committee, Surat.
2. 'Atul Shield' for Individual Athletic Championship (Ladies) presented by Atul Products Ltd., Atul, Via Bulsar.
3. 'Supreme Shield for Cricket', presented by Shri Ramanlal Pratapgadhwala, the Proprietor of Supreme Hotel, Bulsar.
4. 'Lions Club, Bulsar Shield' for Volley-ball (Boys)—presented by Lions Club, Bulsar.
5. 'Ghas Utpadak Sahakari Mandal Ltd., Vapi Shield' for Volley-ball (Ladies) —presented by Grass Producers Association, Vapi.
6. 'Shri Daudiwala Shield' for Tennis (Singles) (Boys)—presented by Shri Dahyabhai B. Desai of Navsari.
7. 'Mafatlal Mills Shield' for Badminton (Boys) (Singles)—presented by Mafatlal Mills, Navsari.
8. 'Shri K. S. Yusufali Badri Shooting Shield'—presented by Sheth Shri Husenbhai Badri, Surat.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 638-300-9-87

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની વિશેષ સભા, શનિવાર, તા. ૧૬-૯-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૭-૯-૧૯૬૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૬	તા. ૧૭
૧. શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણસંચાલક	હાજર	ગેરહાજર
૩. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	હાજર
૮. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯. શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૦. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨ ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪. પ્રો. બી. આર. શેનોય	હાજર	હાજર
૧૫. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૬. આચાર્ય ડૉ. યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	ગેરહાજર
૧૭. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	ગેરહાજર.

૧. સિન્ડિકેટની તા. ૨-૯-૧૯૬૭ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨-૯-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત ક્રમાંક ૨૪ અને ૨૮માં આચાર્ય જે. ડી. તલાટીનું નામ છપાયું છે તેને બદલે આચાર્ય કે. એમ. તલાટીનું નામ વાંચવું, અને શ્રી. એન. વી. જોશીને બદલે શ્રી. એન. બી. જોશી તથા આચાર્ય એ. એમ. ત્રિવેદીને બદલે ડૉ. એ. એમ. ત્રિવેદી વાંચવું.

૨. શ્રી. આર. બી. શાહ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ટેક્સ્ટાઈલ ઉદ્યોગમાં અમદાવાદની અને ગુજરાતની વિશિષ્ટતા જોતાં ગુજરાત યુનિવર્સિટીમાં 'ટેક્સ્ટાઈલ એન્જિનિયરિંગ અને ટેક્સ્ટાઈલ ટેક્નોલોજી'ના પદવી અભ્યાસક્રમો તાકીદે સ્થાપિત કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક તરફેણ કરે છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. ડૉ. સી. આર. નાયકના નીચેના પ્રસ્તાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે :

Section 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes.

(2) Each Board shall consist of the following members :

I. Ex-officio Members

(*i*) Such members of the Faculty under which the Board is constituted as may be assigned to by the Syndicate after ascertaining the wishes of the members concerned—

(*a*) no member of the Faculty shall be assigned to more than two Boards under the Faculty, and

(*b*) no assignment of a member so made shall be changed during the term of his office except when any of the Boards are re-constituted, in which case he shall have the option to choose one of the Boards so re-constituted and be assigned to accordingly.

(*ii*) Such teachers in the University Departments as hold the Post of a Professor in the subject or the senior most Reader in the subject, if no Professor is appointed in that subject.

II. Co-opted Members

(1) Three persons to be co-opted by the Board from amongst recognised post-graduate teachers of the subject or group of subjects for which the Board is constituted.

(2) Provided that in the event of there being no recognised post-graduate teacher in the University area, it shall be competent for the Board to co-opt such teacher or teachers in the affiliated colleges as hold the status of at least Professor of any subject for which the Board is constituted.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst themselves.

(4) The term of office of all members shall be co-terminus which the term of office of the elected members on the Senate.

(5) The other powers and duties of the Boards of studies shall be as prescribed by the Statute."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫માં સૂચવાયેલા ઉપરના સુધારાની સિન્ડિકેટ સૈદ્ધાંતિક રીતે તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. સેનેટ સભ્ય શ્રી. સત્યેન્દ્ર ઝવેરીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ ખોરંભે પડેલું હોઈ, યુનિવર્સિટી પ્રેસે વિશેષ કાર્યક્ષમ અને વેગવંત બનવું ઘટે છે. તે દૃષ્ટિએ તેનો કાર્યપ્રબંધ અને વ્યવસ્થા ચોકાવાં જોઈએ અને તેનો વહીવટ વધુ સુમેળ અને સરળતાથી ચાલે તે માટે વિશેષ તકેદારી જરૂરી છે. તે માટે તપાસ કરી જરૂરી સૂચનો કરવા એક કમિટી નીમવી."

(૨) "સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે તેઓ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણ (quarters)ની વ્યવસ્થા કરવાનાં ઘટતાં પગલાં લે."

(૩) "યુનિવર્સિટી પ્રેસમાંથી નવા જ ખરીદાયેલ અને વપરાશમાં જ નહિ લેવાયેલ એવા તદ્દન નવા ટાઇપો ગુમ થયેલ છે. આ સિવાય પણ પ્રેસમાં ચોરી થયાનું જણાયું છે. આથી

યુનિવર્સિટી સંસ્થાનો માલ વગેસગે થતો હોવાનું માનવાને કારણ રહે છે. આ અંગે જરૂરી જાંચ કરવા અને ભવિષ્યમાં તેમ થતું અટકાવવાનાં ઘટતાં સૂચનો કરવા એક કમિટી નીમવા સિન્ડિકેટને આ સભા ભલામણ કરે છે."

(૪) "સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાત્રે પણ કામ કરવાનું હોઈ, તેઓ પ્રેસ-કર્મચારીઓ માટે પ્રેસથી અલગ રીતે તેની નજીકમાં જ ડૉર્મિટરી(Dormitory)ની વ્યવસ્થા કરે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં કરેલા વિધાનની સાથે સિન્ડિકેટ સંમત નથી; બાકી પુસ્તક-પ્રકાશનનું કામ વધુ વેગવંત કરવા માટે સિન્ડિકેટ આતુર છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટના ધ્યાનમાં છે, પરંતુ જરૂરી નાણાંના અભાવે પ્રેસ-કર્મચારીઓ માટે રહેઠાણો બાંધવાં હાલ શક્ય નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. આચાર્ય ને. વાય. જી. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ તથા અન્ય યુનિવર્સિટી અધિકારમંડળોને ભલામણ કરે છે કે યુનિવર્સિટીના પ્રવેશ અંગેના નવા સુધારેલા સ્ટેચ્યૂટ ૧૭૩માં સ્ટેચ્યૂટના અમલ અંગે જે પ્રોવિઝો છે તે લાઈનમાં, એટલે છેલ્લી લાઈનમાં 15th June, 1968ને રદ કરી 15th June, 1969 મૂકવું જેથી સ્ટેચ્યૂટનો સુધારેલો પ્રોવિઝો નીચે પ્રમાણે વંચાય :

'The Provisions of this statute shall come into effect from 15th June, 1969.'"

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. શ્રી. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના મુદ્દાઓને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

માન્ય થયેલ મહાવિદ્યાલયો અને અનુસ્નાતક વિદ્યાભવનોનાં ઓછામાં ઓછાં પાંચ વર્ષનો અધિકાર-અનુભવ ભોગવતા આચાર્યો અને નિયામકોમાંથી જ તે તે વિદ્યાશાખાને માટેની લાયકાત ધરાવતી અનુક્રમે ૨૫ ટકા અને ૫૦ ટકા વ્યક્તિઓને પોતપોતાનામાંથી જ યુનિવર્સિટીની પ્રચલિત પદ્ધતિવાળી ચૂંટણી દ્વારા ચૂંટાઈ આવ્યે સેનેટના સભ્ય થવાનું રહેશે. હોદ્દાની રૂએ સભ્ય થવાની પદ્ધતિને આગામી સામાન્ય ચૂંટણીના સમયથી રદ કરવી."

(૨) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના મુદ્દાઓને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

તે તે વિદ્યાશાખાની અભ્યાસસમિતિમાંથી હરકોઈ એ સમિતિમાં સભ્ય થવાની સેનેટના સભ્યોને છૂટ છે. આ અભ્યાસસમિતિઓમાં સભ્યદરજ્જે દાખલ થવા માટે તે તે વિષય એમના અભ્યાસમાં મુખ્ય યા ગૌણ તરીકે હોવો હવેથી જરૂરી માનવાનું સ્વીકારવું. તે તે અભ્યાસસમિતિમાં કો-ઑપ્ટ થવાને માટે પણ વિષયની મુખ્યતા અથવા ગૌણતાને જ નિયામક ગણવી અને આનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવો.

વળી સેનેટની રીતસરની ચૂંટણીમાં ચૂંટાઈને ન આવી હોય તેવી વ્યક્તિઓને પણ અભ્યાસસમિતિઓમાં કો-ઑપ્ટ કરવામાં આવે છે, અને એવા સભ્ય તે તે સમિતિના અધ્યક્ષ પણ બની શકે છે. આ નિયમમાં એવો સુધારો કરવો કે હવેથી અધ્યક્ષસ્થાને સેનેટમાં ચૂંટાઈ આવેલા અને ઓછામાં ઓછાં પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા સભ્યને જ ચૂંટાઈને આવવાનો અધિકાર રહેશે.

અત્યારે હરકોઈ અભ્યાસસમિતિમાં અગાઉ સભ્ય કો-ઑપ્ટ કરવાની સત્તા છે, એને સ્થાને હવેથી ૨થી ૫ સુધી સભ્યો કો-ઑપ્ટ કરવાની તે તે સમિતિને સત્તા રહેશે. પરંતુ એ આવશ્યક બનશે કે આવા સભ્ય મહાવિદ્યાલયો કે અને અનુસ્નાતક વિદ્યાભવનોમાં પાંચ વર્ષથી તે તે વિષયના 'અધ્યાપક' (પ્રોફેસર)નો દરજ્જો ધરાવતા હોય અથવા પોતાના વિષયમાં મહત્ત્વનું પ્રદાન કર્યું હોય."

(૩) "સેનેટની આ સભા ઠરાવે છે કે સંબંધકર્તા સત્તામંડળોની સાથે ચર્ચાવિચારણા કરીને યોગ્ય લાગે ત્યાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમોમાં ઘટતા સુધારા કરીને નીચેના મુદ્દાને અનુલક્ષીને ફેરફાર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી, જ્યાં કયાંય મહાવિદ્યાલયોમાં ત્રીજા વર્ષમાં હિંદી ખાસ વિષય શીખવવાનો હોય ત્યાં અત્યારે હિંદીના વિષયના 'વ્યાખ્યાતા' (લેક્ચરર)થી ચલાવી લેવાની જોગવાઈ છે. એ જોગવાઈને સ્થાને, અન્ય વિષયોની જેમ જ, હવેથી એ કક્ષાના અધ્યાપન માટે હિંદીના વિષયના 'અધ્યાપક' (પ્રોફેસર)ની જોગવાઈ ફરજિયાત બનાવવી."

(૧) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં અભિપ્રેત છે એવી વ્યવસ્થા હાલ પ્રવર્તતી હોઈ તે અંગે વિશેષ કશું કરવાપણું નથી એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, તેમ સેનેટને જણાવવું.

૭. **આચાર્ય કે. એન. શાહના નીચેના બે પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :**

(૧) હાલના સ્ટેચ્યૂટ ૨૦૨ને રદ કરી નીચે મુજબ સુધારવો :

Statute 202 :

"The following shall be the University Schools and Departments

for teaching and research in the University:

(*i*) University School of Social Sciences :

This School shall provide for Post-graduate instruction and guide research work in the following subjects :

(1) Economics
(2) Sociology
(3) Politics
(4) Labour Welfare
(5) History
(6) Business Management and Industrial Management.

This School may also impart such instructions in Diploma courses and Certificate courses as may be instituted by the Senate from time to time.

(*ii*) University School of Languages :

This School shall provide for post-graduate instruction and guide research work on the following subjects :

(1) Gujarati
(2) Modern and Ancient Indian and foreign languages
(3) Linguistics.

(*iii*) University School of Psychology, Education and Philosophy :

This School shall provide for post-graduate instruction and research work in the following subjects :

(1) Psychology
(2) Education
(3) Philosophy.

(*iv*) University School of Physics :

This School shall provide instruction and guide research work in Physics (Pure and Applied) and all its branches including :

(1) Experimental and Theoretical Physics,
(2) Astro-Physics, and
(3) Bio-Physics.

(*v*) University School of Chemistry :

This School shall provide instruction and guide research work in Chemistry (Pure and Applied) and all its branches including :

(1) Inorganic Chemistry

(2) Organic Chemistry

(3) Physical Chemistry

(4) Bio-Chemistry

(5) Chemical Technology including Chemical Engineering.

(*vi*) University School of Mathematics :

This School shall provide instruction and guide research work in Mathematics (Pure and Applied).

(*vii*) University School of Statistics :

This School shall provide instruction and guide research work in Statistics and all its branches.

(*viii*) University School of Botany :

This School shall provide instruction and guide research work in Botany and all its branches including Paleo-Botany.

(*ix*) University School of Zoology :

This School shall provide instruction and guide research work in Zoology and all its branches."

(૨) હાલના સ્ટેચ્યૂટ ૨૦૬ને બદલે નીચે મુજબ સુધારેલો સ્ટેચ્યૂટ ૨૦૬ રાખવો :

Statute 206 :

"The Director of each University School shall be entitled to an administrative allowance of Rs. 100/- per month in addition to his monthly salary."

(૧) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. સેનેટ સભ્ય શ્રી. જી. આર. દેસાઇના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે નીચે જણાવ્યા પ્રમાણેનો સ્ટે. ૧૯૩-બી મંજૂર કરવામાં આવે :

St. 193-B :

The employees of the University, both teaching and non-teaching, shall be insured with benefit maturing at the age of retirement, i.e. 60 years, by the University at its own cost as under :

(1) Employees drawing basic pay of
Rs. 150 or less .. Rs. 2,000/-

(2) Employees drawing basic pay from
Rs. 151 to Rs. 300 .. Rs. 2,500/-

(3) Employees drawing basic pay from
Rs. 301 to Rs. 500 .. Rs. 4,000/-

(4) Employees drawing basic pay from
Rs. 501 and onwards .. Rs. 4,500/-

(5) The policies shall be endowment policies.

On any employee ceasing to be employment of the University shall cease to pay any further premiums in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the ceiling of any of the aforementioned slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. સેનેટ સભ્ય શ્રી. વિનોદ અધ્વર્યુના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આમંત્રણ આપવાની અત્યાર સુધી ચાલતી પદ્ધતિને બદલે અધ્યાપકોની લાયકાતો, અનુભવો વગેરે દર્શાવતાં કાયમી કાર્ડને આધારે આમંત્રણો આપવાની પદ્ધતિ—'કાર્ડ પદ્ધતિ' સત્વરે અખત્યાર કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં મંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે."

(૨) "આજની જરૂરિયાતના પ્રમાણમાં ઇતર ભાષાઓમાંથી અભ્યાસતીય ગ્રંથોને ગુજરાતીમાં ઉતારવાની પ્રવૃત્તિ અત્યંત મંદ અને અપૂરતી હોવાથી પ્રકાશનકાર્યને ઘણું વધારે વેગવાન કરવાની ઝુંબેશ ઉપાડવા તદ્વિષયક મંડળોને સેનેટની આ સભા ખાસ ભલામણ કરે છે."

(૩) "કેટલાંક વર્ષો પૂર્વે ઘડાયેલું યુનિવર્સિટીનું બંધારણ આજ સુધીના અનુભવ તેમ જ વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં પરિવર્તન માગે છે એમ લાગવાથી સેનેટની આ સભા, યુનિવર્સિટીના અત્યારના બંધારણમાં આવશ્યક અને ઉપયોગી ફેરફારો કરવા માટેની જરૂરી કારવાઈ કરવા, તદ્વિષયક અધિકારી મંડળોને વિનંતી કરે છે."

(૪) "સરકારના અત્યારના નિયમાનુસાર સરકાર સંચાલિત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની કૉલેજોના અધ્યાપકો સેનેટની ચૂંટણીમાં ઉમેદવારી કરી શકતા નથી. બિનસરકારી કૉલેજોના અધ્યાપકોને સરકાર સંચાલિત ઉપર્યુક્ત સિવાયની એન્જનિયરિંગ, મેડિકલ વગેરે વિદ્યાશાખાના અધ્યાપકોને તેમ જ સરકાર દ્વારા નિયુક્ત અધ્યાપકોને સેનેટના સભ્યપદ માટેની તક મળે છે તે જોતાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની સરકારી કૉલેજોના અધ્યાપકોના અધિકારનું નિયંત્રણ કરતો નિયમ અન્યાયી, ભેદભાવયુક્ત અને બિનલોકશાહી લાગતો હોવાથી સેનેટની આ સભા, ઉપર્યુક્ત નિયમન રદ કરી સરકારી કૉલેજોના સર્વ અધ્યાપકોને સેનેટની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની છૂટ આપી સૌને સમાન તક આપવાની ન્યાયી અને લોકશાહી રસમ અપનાવવા રાજ્ય સરકારને વિનંતી કરવાની ભલામણ કરે છે."

(૫) "વિદ્યાવિસ્તાર અને કૉલેજો તેમ જ અધ્યાપકોની વધતી જતી સંખ્યા સાથે અધ્યાપકો અને વિદ્યાસંસ્થાઓ વચ્ચેના સંબંધો બાબતના યુનિવર્સિટીએ તેમ જ સંસ્થાઓએ ઘડેલા નિયમોના પાલન, અમલ અને અર્થઘટન પરત્વે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય તો આવા પ્રશ્નોના નિરાકરણ માટે યુનિવર્સિટીમાં જ, યુનિવર્સિટીને યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૫(૧૫), ૨૫(૨૬) અને ૨૫(૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈ કાયમી સર્વપક્ષી તંત્ર રચવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભારપૂર્વક ભલામણ કરે છે."

(૬) "પ્રભુદાસ ઠક્કર વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ બાબત ગયા માર્ચ માસમાં મળેલી સેનેટની સભાએ ભારે બહુમતીથી લીધેલા નિર્ણયને કાયદાની જોગવાઈના આશ્રયથી અવગણના કરીને સરકારે યુનિવર્સિટીની સ્વાયત્તતાનો જે અનાદર કર્યો છે તેની સેનેટની આ સભા સખેદ નોંધ લે છે અને આ પ્રકારનાં પગલાંની વિદ્યાક્ષેત્રે થતી વિઘાતક અસર બાબત ચિંતા વ્યક્ત કરે છે."

(૧) આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિ વધુ વેગવાન કરવા માટે સિન્ડિકેટ આતુર છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં આવશ્યક સુધારા સૂચવવા માટે સિન્ડિકેટે એક સમિતિ રચી છે એમ સેનેટને જાણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાંતિક રીતે તરફેણમાં છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે ઘટતા ઠરાવ કરેલા છે એમ સેનેટને જાણ કરવી.

૧૦. શ્રી. આર. એમ. ભટ્ટ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

(૧) "ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયે દોઢ દાયકા જેટલો લાંબો સમય વીત્યો છે. દરમિયાનમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પણ થયો છે. ઉચ્ચ શિક્ષણની રાષ્ટ્રીય તેમ જ પ્રાન્તીય અપેક્ષાઓમાં પણ ફેરફારો થતા આવ્યા છે. આ પરિસ્થિતિ તેમ જ ગુજરાત યુનિવર્સિટી પોતે પોતાનાં ધ્યેયો વધુ સારી રીતે પાર પાડી શકે તે હેતુસર, જાહેર મત, વિદ્યાકીય વિચારણાઓ, શિક્ષણપંચની ભલામણો તેમ જ તાજેતરમાં સ્થપાયેલી બે નવી યુનિવર્સિટીઓના ધારાઓ ધ્યાનમાં લઈને ગુજરાત યુનિવર્સિટી ઍક્ટમાં જરૂરી સુધારાવધારા કરવા માટે, ગુજરાત સરકારને તેમ જ ગુજરાત યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા આગ્રહપૂર્વક ભલામણ કરે છે અને આમ થાય તે માટે પોતાનું દૃઢ મંતવ્ય રજૂ કરે છે."

(૨) "ઉચ્ચ શિક્ષણના ઝડપી વિસ્તારને કારણે કૉલેજોની અને અધ્યાપકોની સંખ્યામાં મોટો વધારો થયો છે. શિક્ષણસંસ્થાઓમાં પણ વૈવિધ્યપૂર્ણ વધારો થયો છે. આ બંને કારણોસર યુનિવર્સિટીએ પોતે ઘડેલા તેમ જ સંલગ્ન કૉલેજો કે માન્ય સંસ્થાઓનાં નીતિનિયમો અને ધારાધોરણોના પાલન, અર્થઘટન અને અમલ અંગે અનેક પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટી પોતે એક સ્વાયત્ત સંસ્થા હોઈ આવા પ્રશ્નોની વિચારણા તેમ જ નિકાલ યુનિવર્સિટીમાં જ થાય તે વિદ્યાકીય હિતોસર જરૂરી છે. આથી આવા પ્રશ્નોનું વિદ્યાકીય દૃષ્ટિથી નિવારણ અને નિરાકરણ થાય તે માટે યુનિવર્સિટીને પોતાને યુનિવર્સિટી ઍક્ટના સેક્શન ૨૫(૧૧), ૨૫(૨૬) અને ૨૫(૨૭) અન્વયે મળેલી સત્તા અનુસાર કોઈક યોગ્ય તંત્ર રચવાની લાગતાંવળગતાં સત્તામંડળોને સેનેટની આ સભા ભારપૂર્વક વિનંતી કરે છે."

(૩) "ગુજરાત યુનિવર્સિટીમાં મોટી સંખ્યામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમને સારા અધ્યાપકોના વ્યાખ્યાનનો લાભ મળી શકે તેમ જ કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને પણ અન્યત્ર કામ કરતા અધ્યાપકોના શિક્ષણકાર્યનો લાભ મળી શકે તે હેતુસર અન્ય યુનિવર્સિટીઓનો સંપર્ક સાધીને, ઑલ ઇન્ડિયા રેડિયોના સત્તાવાળાઓ સાથે સંપર્ક સાધી તેનો વ્યાપક શૈક્ષણિક ઉપયોગ કરવા માટે ત્વરિત પગલાં ભરવાની સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભારપૂર્વક વિનંતી કરે છે."

(૪) "સેનેટની આ સભા વિદ્યાર્થીઓને વેઠવી પડતી વાચનની સામગ્રીની તીવ્ર અછતની ગંભીરપણે નોંધ લે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં સત્તામંડળોને પોતાની પૂરી શક્તિથી વિનવે છે કે તેઓ વિવિધ વિદ્યાશાખાઓ તેમ જ વિષયો માટે અનુવાદો, મૌલિક ગ્રંથો, રીડિંગ્સ, સારગ્રંથો તેમ જ ભૂમિકાગ્રંથો બહાર પાડવાનો કાર્યક્રમ યુદ્ધના સ્તર પર પાડવાને પોતાનાં તમામ સાધનસંપત્તિ કામે લગાડે અને પુસ્તકોના દુકાળને ત્વરિત ગતિથી દૂર કરે."

(૫) "કૉલેજોમાં કાર્ય કરતા અધ્યાપકો પોતાનું શિક્ષણકાર્ય વધુ અસરકારક રીતે કરી શકે તેમ જ તેઓ શૈક્ષણિક પદ્ધતિઓ અને વિચારણાઓથી પરિચિત થાય તે હેતુસર આ માટેનો વ્યવસ્થિત કાર્યક્રમ તેમ જ અભ્યાસક્રમ વિચારી જવાનો તેમ જ તે માટે શક્ય હોય તો ૧૯૬૮ના જૂનથી

ગ્રીષ્મવર્ગો કે ગ્રીષ્મશિબિરો શરૂ કરવાનો સેનેટની આ સભા પોતાનો દૃઢ આગ્રહ આથી વ્યક્ત કરે છે."

(૬) "સેનેટની આ સભા પ્રભુદાસ ઠક્કર કૉલેજને આપેલા જોડાણની શરતોના પરિપાલન અંગે પોતે નીમેલી સમિતિનો હેવાલ યુનિવર્સિટીને આપવાની ગુજરાત સરકારને દૃઢભાવે વિનંતી કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં આવશ્યક સુધારો સૂચવવા માટે સિન્ડિકેટે એક સમિતિ રચી છે એમ સેનેટને જાણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે સિન્ડિકેટ અભિપ્રાય આપવા ઇચ્છતી નથી એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન-પ્રવૃત્તિ વધુ વેગવાન બનાવવા માટે સિન્ડિકેટ આતુર છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૫) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં જણાવેલી પ્રવૃત્તિઓ આ યુનિવર્સિટીમાં ચાલુ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૬) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલ પોતાને પૂરો પાડવા માટે યુનિવર્સિટીએ સરકારને જણાવેલું જ છે એમ સેનેટને જાણ કરવી.

૧૧. સિન્ડિકેટે તેની તા. ૮/૯ એપ્રિલ ૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના હેવાલની ભલામણો (પરિશિષ્ટ "અ") પૈકી બાકી રહેલી ભલામણો ક્રમાંક ૧૫થી ૩૫ (૧૮ સિવાય) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જો તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તે સ્થિતિમાં તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની બાબતના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. સેનેટની તા. ૨૮/૨૯/૩૦-૩-૧૯૬૭ની સભામાં થયેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

સદરહુ સૂચનો ઉપર વિચારણા કરીને સિન્ડિકેટે નીચે મુજબ ઠરાવ્યું :*

અનુસ્નાતક શિક્ષણ :

૧. અનુસ્નાતક કેન્દ્રોમાં વ્યાખ્યાનો આપવા અંગેના વેતનની ગુરુતમ મર્યાદા વધારવી.

સદરહુ સૂચન હાલ સ્વીકારી શકાય તેમ નથી.

* પ્રત્યેક સૂચનનો સંબંધકર્તા ઠરાવ જે તે સૂચનની નીચે જણાવેલ છે.

૨. અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરની કક્ષાના શિક્ષકોને સોંપવું જોઈએ.
સદરહુ સૂચન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવું.

૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં હજી પણ એમ.એ.નું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા અપાય છે તેને બદલે તે ગુજરાતીમાં અપાય તેવી વ્યવસ્થા કરવી.
સદરહુ સૂચન સાથે સિન્ડિકેટ સંમત છે અને એમ.એ.નું શિક્ષણ ગુજરાતી માધ્યમ દ્વારા અપાય તે માટે પ્રયત્નો કરવા માટે જે તે વિદ્યાભવનના અધ્યક્ષોને તથા અનુસ્નાતક કેન્દ્રોને જણાવવું.

૪. અનુસ્નાતક વ્યાખ્યાનોના મહેનતાણા અંગે જે નિયંત્રણ છે તેમાં કોઈ સુધારણા વિચારવી જોઈએ.
ઉપર નં. (૬) અંગેનો ઠરાવ જોતાં આ અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૫. અમદાવાદ બહારના વિસ્તારનાં અનુસ્નાતક કેન્દ્રોમાં ગ્રંથાલયની સગવડો સમૃદ્ધ બને તેવી યોજના વિચારવી જોઈએ.
સદરહુ સૂચન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવું.

૬. અનુસ્નાતક વર્ગોમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ લેવાય છે તે પ્રથા સુધારવી જોઈએ.
સદરહુ સૂચન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવું.

પરીક્ષાઓ :

૧. પ્રાશ્નિકો-પરીક્ષકોના મહેનતાણાના દરોની પુનર્વિચારણા કરવી.
સદરહુ સૂચન હાલ સ્વીકારી શકાય તેમ નથી.

૨. પરીક્ષકોની સભાઓ પૂરતા ખંડોની જોગવાઈ કરવી જેથી તેમની ચર્ચાઓ બીજા માણસો સાંભળી શકે નહીં.
પરીક્ષકોની સભાઓ માટે જરૂર મુજબ વિદ્યાભવનોનાં મકાનોનો ઉપયોગ કરવાનું રાખવું અને તે માટે કુલપતિશ્રીની મંજૂરી લેવાનું આવશ્યક ગણવું નહીં.

૩. પરીક્ષાતંત્રનું સંચાલન કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ જેવા અધિકારી નીચે સુવ્યવસ્થિત બનાવવું.
કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની જગ્યા ઊભી કરવામાં આવેલી હોઈ સદરહુ સૂચન અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૪. ઇન્ટર્નલ ઇવેલ્યુએશન પર પુનર્વિચારણા કરવી જોઈએ.
ઇન્ટર્નલ ઇવેલ્યુએશનનો પ્રશ્ન હાલ યુનિવર્સિટી સત્તામંડળોની વિચારણા હેઠળ છે.

૫. હાલની પરીક્ષા-પદ્ધતિમાં વિદ્યાર્થીઓ વિષય દીઠ ૧૫ કે ૨૦ સવાલો કરી પ્રથમ વર્ગમાં પાસ થાય તેને બદલે વિદ્યાર્થીઓ ખરેખર સમગ્ર વિષયનો અભ્યાસ કરે એવા સુધારા પરીક્ષા-પદ્ધતિમાં કરવા જોઈએ.
યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રશ્નપત્રોમાં વૈકલ્પિક પ્રશ્નોની યોજના કેવી રાખવી તે બાબત પ્રાશ્નિકો ઉપર જ છોડેલી છે તે યોગ્ય છે.

૬. પરીક્ષા માટે છાપેલા પ્રશ્નપત્રો લઈને સુપરવાઇઝરો બહારગામ જાય ત્યારે તેમની મુસાફરી દરમ્યાનના અકસ્માતના વીમાની જોગવાઈ કરવી જોઈએ.
સદરહુ સૂચન સ્વીકારી શકાય એમ નથી.

ગ્રંથાલય :

૧. સંલગ્ન કૉલેજોને યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકોનો લાભ મળે તેની વ્યવસ્થા વિચારવી.
સદરહુ સૂચન વ્યવહારમાં અમલમાં મૂકવાનું શકય નથી.

૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાંથી ચાલુ સામયિકો અનુસ્નાતક ભવનોમાં જાય તેને લઈને ગ્રંથાલયમાં જઈ અભ્યાસ કરતા શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓની તકલીફ દૂર કરવી જોઈએ.
સદરહુ સૂચન ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવું.

૩. ભવનોની ડિપાર્ટમેન્ટલ લાઇબ્રેરીમાં વધારે પુસ્તકો ઉપલબ્ધ થાય તેવો પ્રબંધ કરવો જોઈએ.
સદરહુ સૂચન ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવું.

શિક્ષણ-સુધારણા :

૧. શિક્ષકોને પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપી શકાય તે માટેની યોજના વિચારવી જોઈએ.
સદરહુ સૂચન સ્વીકારી શકાય તેમ નથી.

૨. અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ અંગ્રેજી પુસ્તકો અને અધ્યયનનો લાભ લઈ શકે તે માટે તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન સુધરે તેવો પ્રબંધ કરવો જોઈએ. અંગ્રેજી ભાષા સાહિત્યને બદલે ભાષાની દૃષ્ટિએ શીખવાય તેવા ઉપાયો યોજવા જોઈએ.
સદરહુ સૂચન અંગ્રેજીની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવું.

વધુમાં સદરહુ સૂચન ભાષા ભવનને મોકલીને તે અંગે ઘટતી વિચારણા કરીને તેના અંગ્રેજી વિભાગ પાસે યોજના તૈયાર કરવા માટે જણાવવું.

વધુમાં સદરહુ સૂચન વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવું.

૩. ટ્યુટોરિયલ પદ્ધતિ બરાબર ચાલતી નથી તેને સુધારવાના ઉપાયો વિચારવા જોઈએ અને ૪૦થી ૫૦ની વિદ્યાર્થી સંખ્યા ઘટાડવી જોઈએ. સેમિનાર પદ્ધતિનો પણ વ્યાપક ઉપયોગ કરવો જોઈએ.
સદરહુ સૂચન એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવું.

૪. શિક્ષકોનું જ્ઞાન હંમેશાં નવા નવા વિચારોની સાથે રહે તે માટે રિફ્રેશર કોર્સીઝ વખતો-વખત યોજવા જોઈએ.
સદરહુ સૂચન સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને જાણ તથા ધ્યાનું કરવા માટે મોકલવું.

પ્રકાશન-પ્રવૃત્તિ :

૧. સ્ટેન્ડર્ડ ગ્રંથોને બદલે પાઠ્યપુસ્તકોના અનુવાદ અથવા સ્વતંત્ર રીડિંગ્ઝ પદ્ધતિનાં પુસ્તકો તૈયાર કરાવવાં જોઈએ.
સદરહુ સૂચન પ્રકાશન વહીવટી સમિતિની વિચારણા માટે મોકલવું.

૨. પરિભાષાનું કામ પર્યાપ્ત થયેલું ન ગણતાં આગળ ચલાવવું. પરિભાષાનું જર્નલ પણ નીકળવું જોઈએ. તે ન થાય તો ભવનોના જર્નલમાં પરિભાષા અંગે વિભાગ રહે તેમ કરવું જોઈએ. પરિભાષાનું કામ જરૂર જણાય ત્યાં આગળ ચાલુ રાખવું.

વધુમાં યુનિવર્સિટીના જર્નલ "વિદ્યા"માં પરિભાષા અંગે પણ ચર્ચાલેખોને માટે અવકાશ છે અને તેથી તે અંગે ઘટતું કરવા માટે "વિદ્યા"ના સંપાદકમંડળને જણાવવું.

૩. યુનિવર્સિટીના પ્રત્યેક વિદ્યાભવને પોતાનું જર્નલ શરૂ કરવું જોઈએ.

યુનિવર્સિટીના જર્નલ "વિદ્યા"ના અંકો (૧) માનવવિદ્યાઓ, અને (૨) વિજ્ઞાનવિદ્યાઓ માટે જુદા કરવા કે કેમ તે બાબત અંગે ઘટતી વિચારણા કરવા માટે "વિદ્યા"ના સંપાદકમંડળને જણાવવું.

૪. અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી પુસ્તકો સુલભ થાય તેવા ઉપાયો યોજવા જોઈએ.

સદરહુ સૂચન સાથે સિન્ડિકેટ સંમત છે.

પ્રકીર્ણ :

૧. નવા અધિકારીઓની જગા ઊભી કરવી નહિ.

યુનિવર્સિટી કાર્યાલયમાં કામકાજની જરૂર પ્રમાણે જગ્યાઓ ઊભી કરવા આવશ્યક ગણાય.

૨. એકસ્ટ્રામ્યુરલ બોર્ડમાં પ્રૌઢ શિક્ષણ વગેરે પ્રવૃત્તિ ઉપાડી પ્રવૃત્તિઓનું વિસ્તૃતીકરણ કરવું.

સદરહુ સૂચન બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝનો વિચારણા માટે મોકલવું.

૩. સેનેટ હૉલમાં કાયમી (ફિક્સ્ડ) માઇક્રોફોનની વ્યવસ્થા હોવી જોઈએ.

સેનેટ હૉલમાં માઇક્રોફોનની સ્થાયી વ્યવસ્થા કરવાની જરૂર જણાતી નથી.

૪. સેનેટ હૉલમાં સભ્યોના કામળો રાખવા માટે ડેસ્ક વગેરેની વ્યવસ્થા હોવી જોઈએ.

સદરહુ સૂચન સ્વીકારવું શક્ય નથી.

૫. સેનેટના કામકાજની યાદીમાં જે બાબતો સમયના અભાવે ચર્ચી ન શકાય તેને બીજી સભામાં અગ્રતા મળે તેમ કરવું જોઈએ.

સદરહુ સૂચનની નોંધ લેવી.

૧૪. ઑર્ડિનન્સ ૬ પ્રમાણે બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ સદરહુ બોર્ડની તા. ૨૧-૧૨-૧૯૬૬, તા. ૩૧-૩-૧૯૬૭ અને તા. ૨-૮-૧૯૬૭થી ત્રણ બેઠકોમાં લાગલાગટ ગેરહાજર રહેલા હોવાથી ઑર્ડિનન્સ ૬૨-સી પ્રમાણે સભ્ય તરીકે મટી જતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલને ફરી એક વાર નીમવા.

૧૫. ગ્રંથાલય સમિતિની તા. ૨૦-૮-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

ઠરાવ

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમજ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં ૧ ડૉલરના રૂા. ૬-૭૫ સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં ૧ શિ. ૦-૯૫ સુધીના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનો, હિંદી, ઉર્દૂ તથા પરિયત પ્રકાશનોમાં ૧૦થી વધુ ટકા વળતર આપનાર

પાસેથી ગુજરાતી માટે પાઠ્યપુસ્તક સિવાયના આર. આર. શેઠ પાસેથી અને પાઠ્યપુસ્તકો ૧૦થી વધુ વળતર આપતા વિક્રેતાઓ પાસેથી અને સંસ્કૃત પુસ્તકો ઓરિયેન્ટલ બુક સેંટર, અમદાવાદ અને સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ પાસેથી તેમણે આપેલા ૧૩ ટકા વળતરથી ખરીદવાનું ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત S. D. Books માટેની અને અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયનાં અન્ય વિદેશી પ્રકાશનો માટેની શરતો જે તે વિક્રેતાની, મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે:

૧. બાલગોવિંદ કુબેરદાસની કું., અમદાવાદ
૨. બૉમ્બે બુક હાઉસ, મુંબઈ
૩. બુક સેન્ટર પ્રા. લિ., મુંબઈ
૪. કરંટ ટેકનિકલ લિટરેચર, મુંબઈ
૫. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૬. ગુડ કમ્પેનિયન, બરોડા
૭. મે. કે. કે. નૈથ, કલકત્તા
૮. મેકમિલન ઍન્ડ કંપની — તેમનાં પોતાનાં પ્રકાશનો માટે
૯. આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી
૧૦. ચોખંબા સંસ્કૃત સિરીઝ, વારાણસી
૧૧. કાદરી બુક એજન્સી, અમદાવાદ
૧૨. મકતબા જામિયા, મુંબઈ
૧૩. ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ
૧૪. આર. આર. શેઠની કંપની, અમદાવાદ
૧૫. યુનિવર્સલ બુક ઍન્ડ સ્ટેશનરી કંપની, મુંબઈ.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસે હાજર સ્ટોકમાં હોય અને તે માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષશ્રીની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના દરે ખરીદવાં.

અમદાવાદનાં પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલય સમિતિના સદરહુ ઠરાવની નોંધ લેવી.

૧૬. એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ એમ.એ.,એમ.એસસી. આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા અંગે જરૂરી સ્ટાફની નિમણૂક મંજૂર રાખ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા તેમ જ સદરહુ નિમણૂકોનો સમાવેશ મહેનતાણાના દરની પુસ્તિકામાં નહીં હોવાથી કાયમી ધોરણે તે નિમણૂકો અંગે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એમ.એ., એમ.એસસી.ની પરીક્ષામાં આંકડાશાસ્ત્રની પ્રાયોગિક પરીક્ષા

માટે નીચે મુજબની નિમણૂકો તથા તે માટેના દર મંજૂર કરવા :

M.A./M.Sc. Examination in Statistics (Laboratory Staff)
(A batch to consist of 24 students)

Subject	*Days for Preparation*	*Days for Cleaning up*	*Senior Supervisor*	*Laboratory Experts*
Statistics	1 day 2 Hamals	—	2	2

Proof Reader	*Junior Supervisor*	*Mechanic*	*Electrician*	*Hamals*
1	1 for each block of 24 students	1	—	2

Rate. —An M.Sc. in Statistics expert at Statistics practical examination be paid Rs. 15/- per day.

૧૭. સને ૧૯૬૬ના પ્રથમ છ માસ દરમિયાન લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર નિમાયેલ મુખ્ય નિરીક્ષકો પૈકી જેઓએ સુપરવિઝન અંગે અશક્તિ દર્શાવેલ તેમની જગ્યાએ તેમ જ બેઠક-વ્યવસ્થાને અનુલક્ષીને સુપરવિઝનમાં કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ કરેલ નિમણૂકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૮. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભામાં સુધારેલ ઑર્ડિ. કૉમ. ૫-બી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. કૉમ. ૫-બી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૯. કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, ન્યૂ દિલ્હી તરફથી બોટની વિભાગના રીડર ડૉ. એસ.સી. પંડ્યાની સંશોધન યોજનાની તા. ૧-૮-૧૯૬૭થી તા. ૨૯-૨-૧૯૬૮ સુધીના સમય માટે રૂા. ૭,૭૦૦-૦૦ની રકમ ગ્રાન્ટ તરીકે મંજૂર કરી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૦. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવીના અનુસ્નાતક કેન્દ્રના વર્ષ ૧૯૬૪-૬૫ તેમ જ વર્ષ ૧૯૬૫-૬૬ના હિસાબો અનેક વાર યાદ દેવડાવ્યા છતાં આવ્યા નથી, તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હિસાબો બનતી ત્વરાએ મોકલી આપવા માટે ગુજરાત કૉલેજના આચાર્યને જણાવવું.

૨૧. તા. ૫/૬-૮-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાની બાબત ક્રમાંક ૨૫માં થયેલ ઠરાવમાં '૨ ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ ની નિમણૂકો'ને બદલે 'ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ' છપાયું

છે તે મુદ્રણદોષની ભૂલ ગણી "૨ ઇલેક્ટ્રિકલ ટેકનિશિયન્સ" મુજબનો સુધારો માન્ય રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારો માન્ય રાખવો.

૨૨. ઓ. ૬૬ મુજબ પ્રોફેસર ઇન સાયકોલોજીની જગ્યાની વરણીસમિતિ પર સિન્ડિકેટના ત્રણ પ્રતિનિધિઓની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—તા. ૧૬-૮-૧૯૬૭ની સિન્ડિકેટની સભામાં એમ ઠરાવવામાં આવ્યું છે કે આ બાબત હવે પછીની સભા સમક્ષ ફરીથી રજૂ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચે મુજબની વ્યક્તિઓની નિમણૂક કરવી :

(૧) પ્રો. એ. કે. એન. સિંહા, પટના
(૨) શ્રી ઇ. આઇ. જોર્જ, શ્રી. કુપ્પુસ્વામી, તથા
(૩) શ્રી. શણમુખમ્, તે ત્રણ પૈકી ગમે તે બેને નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ બીજી એલએલ.બી. પરીક્ષાનાં વિદ્યાર્થિની નં. ૨૦૬ કુ. શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલે મજકૂર પરીક્ષા બોટી રીતે હાજરી પુરાવી આપી છે તેવી તા. ૨૪-૫-૧૯૬૭ની આ કાર્યાલયમાં આવેલ એક ફરિયાદ પર તેમ જ મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદના અને શ્રી. પરીખ દ્વિવાળીબા ડોસાભાઈ કન્યા વિદ્યાલય, વીસનગરના આચાર્યોના આવેલ ખુલાસાઓ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ કુ. શર્મિષ્ઠાનું બીજી એલએલ.બી.નું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં કુમારી શર્મિષ્ઠા પ્રભુદાસ પટેલનો ખુલાસો મગાવવો અને તે આવ્યેથી આગળ વિચારવાનું રાખવું.

૨૪. નીચેનો સ્ટે. ૭૮ સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Statute 78 :

(1) For the purpose of election of one of the Deans by the Deans, of various Faculties from amongst themselves, as a member of the Syndicate as required by Section 19(1) (*iv*) the Registrar shall invite nomination and shall hold the election on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160.

(2) For the purpose of election of one member by the Heads of the University Departments from amongst themselves as members of the Syndicate as required by Section 19(1) (*vi*) the Regis-

trar shall maintain an Electoral Roll of the Heads of the University Departments and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159 and 160.

(3) Similarly for the purpose of election by Principals of four members from amongst themseleves as members of the Syndicate as required by Section 19(1) (*vii*) the Registrar shall maintain an Electoral Roll of Principals and the election shall be held on the day of a meeting of the Senate in accordance with Statutes 158, 159, and 160 provided that four Principals shall be elected by the Principals in such a manner that at least four Faculties shall be represented as shown by the order of rank according to votes secured amongst the candidates at the rate of one and only one representative per Faculty so as to fill up the four vacancies.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂન સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૫. જૂન ૧૯૬૭થી ચાલુ અને/અથવા વધારાના જોડાણ અંગે અરજીઓ પર નીચે જણાવેલ કૉલેજોએ જોડાણની શરતોનું પરિપાલન કર્યાનો રિપોર્ટ કરીને જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ
(૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
(૩) શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા
(૪) કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કલોલ (ઉ. ગુ.)
(૫) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કેશવલાલ સોમાલાલ આર્ટ્સ કૉલેજ, કપડવંજ
(૬) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભાદરણ
(૭) બનાસકાંઠા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાલનપુર
(૮) એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ
(૯) શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત
(૧૯૬૬ અને ૧૯૬૭ની)
(૧૦) અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૧૧) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા
(૧૨) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
(૧૩) શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
(૧૪) બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. સેનેટ સભ્ય ડૉ. મહિપતરામ મૂળશંકર મહેતાને તબીબી વિદ્યાશાખા હેઠળ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

(ડૉ. મહેતાએ પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ અને મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિઓનું સભ્યપદ માંગ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. મહિપતરામ મૂળશંકર મહેતાને નીચેની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

૧. પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિ,

૨. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિ.

૨૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં અંગ્રેજીના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી શ્રી. જમનાદાસ સોનીને ચાલુ વર્ષ પૂરતી વ્યાખ્યાતા તરીકે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવાની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—૧. શ્રી. સોની બી.એ.ની પદવી બીજા વર્ગમાં તથા એમ.એ.ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે.

૨. તેઓ અંગ્રેજીના ટ્યૂટર તરીકેનો ૧૧ માસનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ, વીસનગરમાં શ્રી. જમનાદાસ સોનીને અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

૨૮. સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. કે સેકન્ડ બી.કૉમ. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓ તે તે પરીક્ષામાં એ.ટી.કે.ટી. મેળવી હોવાના કારણે આપણી યુનિવર્સિટીની ૧૯૬૮ એપ્રિલમાં લેવાનાર થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. કે થર્ડ બી.કૉમ. પરીક્ષા આપનાર છે, તેઓને સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી. અને સેકન્ડ બી.કૉમ.ના બાકી રહેલ વિષયોની પરીક્ષા પણ આપણી યુનિવર્સિટીમાં આપવાનું આવશ્યક ગણવું જોઈએ તે અંગેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષામાં બેસવા ઇચ્છતા સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને ઉપલી અને નીચલી બેઉ પરીક્ષાઓમાં બેસવું આવશ્યક હોઈ, તેઓ જો આ યુનિવર્સિટીની ઉપલી પરીક્ષામાં બેસવા ઇચ્છતા હોય તો તેમને નીચલી પરીક્ષામાં પણ બેસવું આવશ્યક ગણવું.

૨૯. ધી ઇન્સ્ટિટ્યૂટ ફૉર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ સંસ્થાના સભ્ય થવા અંગે તેના અધ્યક્ષશ્રી તરફથી આવેલા તા. ૨૦-૮-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સંસ્થા માટેની ફી રૂા. ૧,૦૦૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થામાં સભ્ય થવાનું નિમંત્રણ સ્વીકારી શકાય એમ નથી એમ લાચારીથી જણાવવું.

૩૦. યુ. ગ્રા. ક. તરફથી મંજૂર થયેલી શિક્ષકગણની જગાઓ પર યુનિવર્સિટી તરફથી નીમવામાં આવતા ઉમેદવારને યુ. ગ્રા. ક. ની મંજૂરી મેળવ્યા સિવાય, વધુમાં વધુ પાંચ પગારવધારા યુનિવર્સિટી આપી શકશે તે દર્શાવતા યુ. ગ્રા. ક. ના મંત્રીશ્રીના તા. ૧૪-૮-૧૯૬૭ના પત્રાંક એફ-૨-૨૭-૬૬ (સીડીએન) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈમાં સ્થાપવામાં આવેલ એમ.એ. અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી" વિષયના અનુસ્નાતક કેન્દ્રની શરતોના પરિપાલન અંગે સ્થાનિક તપાસ માટે કોને મોકલવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર માટેની શરતોના પરિપાલન અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ, અને
૨. શ્રી. મહેશભાઈ ભટ્ટ.

૩૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.ડી. (ગ્રા. ૮) ફિઝિયોલોજી વિષયના અનુસ્નાતક શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ અનુસાર નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે :

૧. ડૉ. ઈ. એમ. બેસ્ટ — માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. ડૉ. બી. એન. ભજમુદાર — ,, ,, ,,
૩. ડૉ. આર. એમ. વૈદ્ય — ,, ,, ,,
૪. ડૉ. આર. સી. પરીખ — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસ. (ગ્રા. ૫) એનેટોમી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે તે કૉલેજના આચાર્યશ્રીની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ અનુસાર નીચે મુજબ સ્થાનિક શિક્ષકગણ છે :

૧. ડૉ. બી. ડી. મિશ્રા — માન્ય અનુસ્નાતક શિક્ષક.
૨. ડૉ. બી. પી. તામન્કર — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.
૩. ડૉ. બી. આર. કુલકર્ણી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ, અને
૨. ડૉ. મણિભાઈ ડી. દેસાઈ.

૩૪. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૮-૯-૧૯૬૭ની સભાનો નીચેનો ઠરાવ જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભાએ મંજૂર કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સહાયક વ્યાખ્યાતાને ડેમોન્સ્ટ્રેટરની કક્ષા સમાન ગણી વ્યાખ્યાતાની નિમણૂક માટે માન્યતા આપવા ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇજનેરી કૉલેજોમાં શિક્ષણકાર્ય માટે શિક્ષકોને નીચે મુજબના વધારેમાં વધારે પિરિયડો આપી શકાય અને તે માટે ઑ. ૧૨૦-એ માં જોગવાઈ કરવા ભલામણ કરવામાં આવે છે :

૧.	લેક્ચરર	૨૩ પિરિયડો	૪૦+૫ મિનિટ્સના જેમાં ૧૪ પિરિયડોથી વધારે વ્યાખ્યાનકાર્ય ન હોવું જોઈએ.
૨.	ડેમોન્સ્ટ્રેટર	૧૬ પિરિયડો	૪૦+૫ મિનિટ્સના જેમાં ૧૪ પિરિયડોથી વધારે વ્યાખ્યાનકાર્ય ન હોવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. ઇજનેરીની સંયુક્ત અભ્યાસસમિતિની તા. ૩-૯-૧૯૬૭ની સભાની ભલામણ અનુસાર ઇજનેરી વિદ્યાશાખાના પાંચ વર્ષના સુગ્રથિત પહેલા, બીજા અને ત્રીજા વર્ષના અભ્યાસક્રમોને લગતાં સુધારેલાં ધારાધોરણો જે તે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભાએ મંજૂર કર્યાં છે તે અંગે વિચારણા કરવા બાબત :

ઑ. એન્જિ. ૧, ઑ. એન્જિ. ૨, ઑ. એન્જિ. ૩,
આર. એન્જિ. ૧, આર. એન્જિ. ૨, આર. એન્જિ. ૩, આર. એન્જિ. ૪, આર. એન્જિ. ૫, આર. એન્જિ. ૬, આર. એન્જિ. ૭
ઑ. એન્જિ. ૪
આર. એન્જિ. ૮, આર. એન્જિ. ૯, આર. એન્જિ. ૧૦, આર. એન્જિ. ૧૧, આર. એન્જિ. ૧૨, આર. એન્જિ. ૧૩, આર. એન્જિ. ૧૪
ઑ. એન્જિ. ૫
આર. એન્જિ. ૧૫, આર. એન્જિ. ૧૬, આર. એન્જિ. ૧૭, આર. એન્જિ. ૧૮, આર. એન્જિ. ૧૯, આર. એન્જિ. ૨૦, આર. એન્જિ. ૨૧, આર. એન્જિ. ૨૨, આર. એન્જિ. ૨૩
ઑ. એન્જિ. ૬
આર. એન્જિ. ૨૪, આર. એન્જિ. ૨૫, આર. એન્જિ. ૨૬, આર. એન્જિ. ૨૭, આર. એન્જિ. ૨૮, આર. એન્જિ. ૨૯, આર. એન્જિ. ૩૦, આર. એન્જિ. ૩૧, આર. એન્જિ. ૩૨, આર. એન્જિ. ૩૩, આર. એન્જિ. ૩૪
ઑ. એન્જિ. ૭
આર. એન્જિ. ૩૫, આર. એન્જિ. ૩૬, આર. એન્જિ. ૩૭, આર. એન્જિ. ૩૮, આર. એન્જિ. ૩૯, આર. એન્જિ. ૪૦, આર. એન્જિ. ૪૧, આર. એન્જિ. ૪૨, આર. એન્જિ. ૪૩, આર. એન્જિ. ૪૪, આર. એન્જિ. ૪૫ અને આર. એન્જિ. ૪૬.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલનો ઉપરનો ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

(સદરહુ ઑર્ડિનન્સ અને રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૩૬. ઇજનેરી સંયુક્ત અભ્યાસસમિતિ (સી.,એમ.,ઈ.)ની તા. ૩-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણો જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૧૭-૮-૧૯૬૭ની સભાએ મંજૂર કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાના પાંચ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમના ચોથા અને પાંચમા વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરી અને તે પ્રમાણે સુધારેલા અભ્યાસક્રમો તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ અભ્યાસક્રમોની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૩૭. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૮-૮-૧૯૬૭ની સભાનો નીચેનો ઠરાવ જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાએ મંજૂર કર્યો છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરીના પોસ્ટ-ડિપ્લોમા ડયો અભ્યાસક્રમોના પહેલા અને બીજા વર્ષના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ અભ્યાસક્રમોનો નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૩૮. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૫-૯-૧૯૬૭ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૯-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૯-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૩૯. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર તથા અધ્યક્ષ તરીકે કામ કરતા ડો. પી. એચ. પ્રભુ તા. ૬-૯-૧૯૬૭થી ભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થઈને પરદેશ જતા હોઈ તેમને ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવા કુલપતિશ્રીએ આદેશ આપ્યો તેની નોંધ લેવા બાબત.

(ડૉ. પ્રભુ તા. ૮-૧૨-૧૯૫૮થી જોડાયા હતા અને તા. ૬-૯-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

Magnetic Leakage : Leakege flux, Leakage of salient poles; Leakage of nonsalient poles; Slot leakage; Overhang leakage; Zig-Zag leakage; Differential leakage; Estimation of leakage reactance in transformers and machines.

3. Windings

Field Windings : Methods of excitation; Failure to self-excite in d.c. machines; Calculation of shunt coils; Calculation of series coils; Interpole windings.

Armature Windings : General features of armature windings; Single-layer and double-layer windings; Commutator windings; Fractional slot windings; Winding factors; Tooth or slot riples; Other harmonics; Skewing of slots; Armature m.m f.; M.M.F. distribution diagrams; Space harmonics of m.m.f.

Transformer Windings : Concentric and sandwiched windings; Types of concentric windings.

4. Design Features

General : Factors in design; Limitations in design; Specific magnetic and electric loadings.

Peating and Ventilation : Losses and heat production in electrical machines; Effects of load, speed and frequency on losses, Effects; and estimation of temperature rise in different parts; Heating and cooling curves; Methods of cooling.

5. Design Calculations

Starters and Field Regulators : Calculation of starting rheostats for shunt and series motors; Rotor resistance starter for a three-phase induction motor; Design calculations for field regulators.

Electro-magnetic Deivces : Design principles of lifting electro-magnets, magnetic brakes and magnetic clutches; Design of loading rheostats, chok coils, copper-bus-bars and knife-switches.

Sessional work, Practical and Term-work shall be based on the course under "Electrical Machines–I & II".

205-E. BOILERS AND HEAT ENGINES

Theory : 100 marks (3 hours)
Practical : 50 marks
Sessional : 50 marks
Term-work : 25 marks

1. *Boilers* : Modes of heat transmission and heat transfer surfaces in a boiler. Forced circulations. Air preheaters. Superheat control. Feed water regulators. Deaerators. High pressure high duty boilers. Fuels–fuel handling and storage–crushers and pulverisers. Moving grate. Oil burners–atomisation of oil by air, steam–mechanical atomisation. Boiler furnaces–handling of ash. Soot arrestors. Instruments and gauges for a boiler plant.

2. *Steam Turbines* : Steam turbine cycle. Rankine cycle. Rankine heat drop. T–S and H–S diagrams. Improvement of turbine efficiency by reheating and regenerative feed heating. Binary Vapour cycle. Multistage expansion of steam through a turbine. Reheat factor, carry over, efficiency ratio.

   Turbine details–discs, rotors, stators, blades, blade attachments, Diaphragms, glands, thrust balancing, turbine governing.

3. *Gas Turbines* : Constant pressure and constant volume cycle. Open and closed types. Air standard efficiencies. Efficiency with friction, regeneration, intercooling and reheating. Application of gas turbine for power plant and air craft propulsion. Jet engines.

4. *Refrigeration and Air Conditioning* : Reversed Joule's Cycle used as a Heat Pump; Air refrigerator; Vapour compression system of refrigeration. Study of a domestic refrigerator. Psychrometric principles applied to air conditioning.

   Sessional work, Practical and Term-work shall be based on the course under "Boilers and Heat Engines".

206-E. THEORY OF MACHINES AND MACHINE DESIGN

Theory : 100 marks (3 hours)
Sessional : 50 marks
Term-work . 50 marks

(*a*) Theory of Machines (50 marks)

1. *Friction* : Limiting angles. Friction of a screw and a nut. Pivot and collar friction. Thrust bearing. Plate and disc clutches. Film lubrication. Journal bearing. Ball and roller bearings.
2. *Belt and Rope Drives* : Effect of centrifugal stress upon power transmitted. Use of jockey pulley. Chain drive. Types of chains.
3. *Brakes and Dynamometers* : Simple block and shoe brake. Braking of vehicles. Absorption, transmission and torsional dynamometers.
4. *Fly Wheels* : Turning moment diagram. Fluctuation of speed. Fluctuation of energy. Fly wheel governing.
5. *Cams* : Types of followers. Profiles of cams. Cams with specified contours.

(*b*) Machine Design (50 marks)

Design of machine parts subjected to—

1. Pure direct and shear stresses such as pin joints, cotter joints, rivetted joints, thin cylinders subjected to internal pressure, turn buckle, screw fastenings, etc.
2. Bending, such as levers, beam scale, rocker arms, etc.
3. Torsion such as keys, shafts, couplings, helical springs, etc.
4. Thrust such as pillars with direct loading, push rods, connecting rods, etc.
5. Design of simple machines such as screw jack, train coupler, pulley and belt drive, plummer block etc.

Sessional work and Term-work shall be based on the course under "Theory of Machines and Machine Design".

207-E. Electrical circuits and fields-II

Theory : 100 marks (3 hours)
Sessional : 50 marks
Term-work : 25 marks

1. *General Field Theory:* Maxwell's field equations; Boundary relations for electric and magnetic fields; Correspondance between circuit concepts and field concepts; Poynting's Law; Classification of field problems; Electromagnetic waves; Plain waves in free space.
2. *Electric Fields* : Static electric fields; Poisson's and Laplace's equations; Conductors, dielectrics and capacitors; Method of electrical images; applied to electric fields close to conducting planes; Energy relations and mechanical forces in electric fields; Electrical charges in motion Convection and displacement currents.
3. *Magnetic Fields:* Magnetic fields of currents in the tree space; Forces in moving electric fields; Line integral of the magnetic field vector; Electromagnetic induction, e.m.f. due to changing magnetic fields; Magnetic Vector potential; Eaergy and mechanical forces in the magnetic field; Forces and torques between circuits; Hysteresis and eddy - current losses.
4. *Mesh - Current Net-work Analysis :* Mesh Currents; Choice of mesh currents; Mesh equations by inspection; Matrix methods and circuit analysis; Driving-point and transfer impedances.
5. *Node-Voltage Net-work Analysis :* Node Voltages; Model equations by inspection; Driving point and transfer admittances.
6. *Circuit Transients :* R.L., R.C., and R.L.C. transients with d.c. and a.c. applied voltages; Two - mesh transients; Application to circuit analysis by classical and Laplace's Transform methods.

Sessional work and Term - work shall be based on the course under "Electric Circuits and Fields-II".

208-E. Electrical Measuremants and Measuring Instruments

Theory : 100 marks (3 hours)
Sessional : 50 marks

1. *Units, Dimensions and Standards :* M. K. S. system; Units and dimensional analysis; Standards and substandards; Absolute measurement of current and resistance.

2. *Galvanometers and Detectors* : D. C. permanent-magnet moving-coil galvanometer; A. C. vibration galvanometer-moving-coil and moving-magnet type; Duddel's Oscillograph; Tuned detectors.
3. *Potentiometers* : D. C. vernier potentiometer; A. C. polar and co-ordinate types of potentiometer.
4. *Electrical Measurements* : Measurement of dielectric loss, power-factor and permittivity of dielectrics.
5. *Bridge Measurements* : General 4-arm bridge net-work for measurement of impedance; Theory and vector diagram of De-Sauty's, Wien's, Anderson's, Maxwell's, Hay's, Owen's and Schering bridge circuits.

   High Voltage Measurements : Principles and equipment for measurement and testing of high voltage circuits.

   Magnetic Measurements : Hysteresis loop and B-H curve determination; Measurement of permeability; Working and use of Ballistic galvanometer and flux meter; Measurement of iron losses in sheet steels.
6. *Measuring Instruments* : Theory and operation of Moving-iron, moving-coil, dynamometer, rectifier, hot-wire, thermocouple and induction type ammeters and voltmeters; Theory and operation of Electro-static instruments and Electro-dynamic and Induction wattmeters; Theory, construction, errors, adjustments and calibration of induction energy meters; Mesurement of power and energy in balanced and unbalanced polyphase systems; Theory and construction of power-factor meters, frequency meters, and synchroscopes.
7. *Instrument Transformers* : Theory, costruction and ratio and phase-angle errors of current and potential transformers.
8. *Design Principles* : Design of shunts, multipliers and potential dividers; Design of an eddy-current damping disc; Design of a magnetic square; Design principles of permanent magnet moving-coil type and moving-iron type instruments.

   Sessional work shall be based on the course under "Electrical Measurements and Measuring Instruments".

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૫-૯-૧૯૬૭ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૫. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. ક. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૩-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨. શ્રી. ડી. એન. શુક્લને ગ્રંથાલયશાસ્ત્રના વર્ગોના વ્યાખ્યાનનાં વેતન આપવા અંગેના ગ્રંથપાલના તા. ૧૪-૬-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુક્લને ગ્રંથાલયશાસ્ત્રના વર્ગોનાં વ્યાખ્યાન આપવા માટે માસિક રૂા. ૨૫નું ભથ્થું તા. ૧-૭-૧૯૬૭થી મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી પ્રેસ-મૅનેજર શ્રી. ડી. એચ. પટેલને ભાડામુક્ત રહેઠાણ આપવા અંગેની તેઓની તા. ૬-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. હેડક્લાર્ક શ્રી. કે. આર. જોષી તથા મદદનીશ એકાઉન્ટન્ટ શ્રી. વી. વી. શાહની પગારધોરણ સુધારવા અંગેની તા. ૭-૮-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૫. શ્રી. જે. પી. ગજ્જર, ભાષાંતરકારની પગારધોરણ સુધારવા અંગેની તા. ૨૪-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૬. એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની પગાર સુધારવા માટેની તા. ૧૧-૮-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીની જગ્યાનું પગારધોરણ રૂા. ૩૦૦-૧૫-૪૨૦ ઈ.બી. ૨૦-૫૦૦-૨૫-૫૭૫ રાખવું.

૭. યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના કંપાઉંડર શ્રી. પરમારની તા. ૧૪-૪-૧૯૬૭ની સિનિયર ક્લાર્કના ગ્રેડમાં સિનિયર કંપાઉંડરનો ગ્રેડ મેળવવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૮. સિન્ડિકેટની તા. ૫-૮-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓની તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓના તા. ૨૨-૭-૧૯૬૭ના પત્રમાં દર્શાવેલી માગણીઓ ઉપર સમિતિની સભામાં ચર્ચા કરવામાં આવી અને નક્કી થયું કે ચર્ચા ધ્યાનમાં રાખી તે અંગે જરૂરી માહિતી તૈયાર કરી ફરીથી આ બાબત વિચારણા માટે સમિતિ સમક્ષ મૂકવી.

(નોંધ.—સેનેટ-સભ્ય શ્રી. એસ. કે. ઝવેરીના તા. ૨૭-૭-૧૯૬૭ અને તા. ૨૬-૮-૧૯૬૭ના પત્રો સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યા હતા.)

૯. શ્રી. કે. ડી. પંડ્યા, પ્રકાશન અધિકારીની તા. ૧૧-૮-૧૯૬૭ની પગારધોરણ સુધારવા અંગેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૧૦. શ્રી. કે. એચ. દવે, આસિસ્ટંટ ડિરેક્ટર ઑફ યુથ વેલ્ફેરની પગારધોરણ સુધારવા અંગેની તા. ૧૧-૮-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૬૪

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ૨૮મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧-૯-૧૯૬૭ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. પ્રિન્સિ. વાય. પી. શુકલ	હાજર
૩. પ્રિન્સિ. જે. બી. સાવિડલ	હાજર
૪. પ્રિન્સિ. જે. જે. ત્રિવેદી	હાજર
૫. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૬. પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૭. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૮-૧-૧૯૬૭ના રોજ મળેલી ૨૭મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૮-૧-૧૯૬૭ના રોજ મળેલી ૨૭મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૬૭-૬૮ની સંશોધન ગ્રાન્ટ્સ માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલાં અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટેની સંશોધન ગ્રાન્ટ અંગે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે—

(અ) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ ૧૯૬૭-૬૮ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને, કોઈ

સંમાન્ય સામયિકમાં તેમનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ કરવાની શરતે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	રકમ
૧.	શ્રી. બી. એસ. વૈષ્ણવ, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	Sociological Study of Uttarsanda High School students, study of Social background And their behaviour	રૂ. ૨૦૦
૨.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	Potential Local Anaesthetics	રૂ. ૧,૦૦૦

(નોંધ.—વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન જે કાર્યને માટે સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી તે અંગેનું કાર્ય પૂરું થયેથી વર્ષ ૧૯૬૭-૬૮ દરમિયાન મંજૂર કરવામાં આવેલી રૂ. ૧,૦૦૦ની સંશોધન ગ્રાન્ટમાંથી પ્રથમ હપતો અદા કરવો.)

૩.	પ્રિ. એન. એન. ઉદવાડિયા, સાયન્સ કૉલેજ, કડી (ઉ.ગુ.)	Histo-chemical studies of short apices of economic plants. Flora of Kadi	રૂ. ૧,૦૦૦

(નોંધ.— સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ તથા ફિજીડેર કૉલેજે વસાત્યાની યુનિવર્સિટીને જાણ કર્યેથી સંશોધન ગ્રાન્ટ આપવી.)

૪.	પ્રો. વી. એમ. ઠાકોર, ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬	Chemical Investigation of Pterocarpus Marsupium	રૂ. ૧,૫૦૦ (ફક્ત સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ માટે)
૫.	પ્રિ. જે. ડી. તલાટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઇ	Corrosion of Metals	રૂ. ૧,૫૦૦ (ફક્ત સાધનો માટે)
૬.	શ્રી. મેક રેન નેલ, ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ	Flora of Daman District	રૂ. ૫૦૦ (ફક્ત સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ માટે)
૭.	ડૉ. એચ. આર. કે. અરોરા, મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	Effects of cardiotonic drugs on intemiate Exchange of cations and anions in the heart muscle	રૂ. ૮૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે)

વધુમાં ઠરાવવામાં આવે છે કે અગાઉ અપાયેલી સંશોધન ગ્રાન્ટમાંથી જે સંશોધકોએ વૈજ્ઞાનિક સાધનો (scientific equipments) ખરીદ્યાં હોય તે સાધનો તેમનું સંશોધનકામ પૂરું થયું હોય તો તે પાછાં મગાવી લેવાનું રાખવું.

(બ) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન ગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય
૧.	શ્રી. બી. આર. પટેલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ	Publication of the unpublished works by Kavi Premanand
૨.	શ્રી. એમ. એ. ડૉક્ટર, ટ્યૂટર, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	Study in Muscle of Rat
૩.	શ્રી. એમ. એમ. ઉપાધ્યાય, ટ્યૂટર, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	A study on terrestrial algal of Ahmedabad and its vicinity

(ક) નીચે જણાવેલ શિક્ષકો તરફથી સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે આવેલ અરજીઓ બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં :

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	માગેલી રકમ	નોંધ
૧.	શ્રી. ડી. એમ. ભાવસાર, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	The construction & standardization of non-verbal group tests of intelligence for Stds. 7th & 8th	રૂા. ૨,૦૦૦	તેમની અરજી વિનયન વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય માટે મોકલી આપવી.
૨.	શ્રી. ડી. એમ. માસ્ટર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	Study and research on the important poems (long) of Dandi-March	રૂા. ૩૦૦	આ વિષયમાં પ્રકાશિત અને અપ્રકાશિત એવી કેટલી સામગ્રી છે તે પુછાવવું.
૩.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	Inquiry into the anoreotic properties and other pharmacological actions of Kalia-Kund and related substances	રૂા. ૧,૦૦૦	તેઓને પુછાવવું કે કાળિયો કંદ ઓળખી અને પ્રાપ્ત કરી શકાયો છે ? જો તેમ હોય તો તે અંગેની વિગતો મગાવવી અને પ્રો. જે. જે. ચિનોયનો અભિપ્રાય મેળવી આગળ વિચારવું.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	આગેલી રકમ	નોંધ
૪.	ડૉ. સી. એફ. શાહ અને ડૉ. જે. જે. ત્રિવેદી, કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ	Investigations of Melanosis caused by Hair-oils	રૂા. ૪,૫૦૦	તેઓ પાસેથી ખર્ચનો Break-up મગાવી ડૉ. જે. બી. હરિ-ભક્તિનો અભિપ્રાય મેળવવો અને ત્યાર બાદ વિચારણા કરવી.

(૬) નીચેના શિક્ષક તરફથી આવેલી અરજીની વિચારણા મુલતવી રાખવી :

શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	રકમ
ડૉ. કે. સી. શુકલ, મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	Medico-legal determination of age of young girls in Gujarat	રૂા. ૧,૨૫૦.

૩. એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નવસારીના પ્રો. જે. કે. ફડકેને "Planning Techniques at the Village, Taluka and District Level" એ વિષય પર સંશોધનકાર્ય કરવા વર્ષ ૧૯૬૬-૬૭ દરમિયાન રૂા. ૮૫૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૪. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચના ડૉ. એ. જે. પરીખને ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૩-૯-૧૯૬૬ની સભાની ભલામણ પરથી સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાથી રૂા. ૨૫૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરેલી હતી તે ગ્રાન્ટ સંશોધન માટે અપૂરતી હોવાથી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૮-૧-૧૯૬૭ની સભાની ભલામણ અન્વયે સિન્ડિકેટે તેની તા. ૪-૨-૧૯૬૭ની સભામાં પુનર્વિચારણા કરી તે વધારીને રૂા. ૫૦૦ કરી આપી હતી, પરંતુ તેમાં આસિસ્ટન્ટના પગારની રકમનો સમાવેશ નહિ થતો હોવાથી વધુ રૂા. ૯૦૦ એટલે કુલ રૂા. ૧,૪૦૦ની રકમ મંજૂર કરવાના ડૉ. પરીખ તરફથી આવેલા તા. ૩-૪-૧૯૬૭ના પત્ર પર ફેરવિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના ડૉ. એ. જે. પરીખને અગાઉ રૂા. ૫૦૦ની જે સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી છે તેમાં આસિસ્ટન્ટના પગાર પેટે રૂા. ૯૦૦ની વધુ રકમ મંજૂર કરવાની ડૉ. પરીખની વિનંતી સ્વીકારવી નહિ.

૫. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. સી. મંકોડી અને ડૉ. કે. એન. મહેતાને વર્ષ ૧૯૬૬-૬૭માં "Histo-chemical Studies in Indometrium from cases of Primary Sterility" એ વિષયમાં સંશોધન કરવા માટે સંયુક્ત રીતે રૂા. ૨૫૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હતી, પરંતુ હવેથી ડૉ. કે. એન. મહેતા ઉપરોક્ત સંસ્થામાં નહિ હોવાથી આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટ શ્રી. મંકોડી એકલાને આપવામાં આવી છે તેમ ગણવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૬. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના ડૉ. આઈ. પી. અગ્રવાલને વર્ષ ૧૯૬૬-૬૭માં Galactagogue action of some spies" એ વિષયમાં સંશોધન કરવા માટે જે રૂા. ૨૫૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી તે અપૂરતી હોવાથી તેમ જ તે અંગે ઘણું સંશોધનકાર્ય બાકી હોવાથી વધુ રૂા. ૭૫૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ડૉ. અગ્રવાલ તરફથી તા. ૮-૭-૧૯૬૭ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે જામનગરના ડૉ. આઈ. પી. અગ્રવાલ પાસેથી તેમનાં રિસર્ચ રિઝલ્ટ્સ(સંશોધનકાર્ય)નો રિપોર્ટ અને ખર્ચનો હિસાબ મગાવવો, અને તે આવ્યેથી ડૉ. જે. બી. હરિભક્તિનો અભિપ્રાય મેળવવો અને જો તે સંતોષકારક હોય તો તે દફતરે કરવો, અને ડૉ. અગ્રવાલને જણાવવું કે તેમની વધુ ગ્રાન્ટની માગણી સ્વીકારી શકાય એમ નથી.

૭. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત એમ બે નવી યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવતાં જે તે યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોને આ યુનિવર્સિટી દ્વારા અગાઉ આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ બાબતમાં ઊભા થતા પ્રશ્નો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના જે જે શિક્ષકોને આ અગાઉ સંશોધન ગ્રાન્ટ આપવામાં આવેલી છે તેમની બાબતમાં ખર્ચનો હિસાબ અને રિપ્રિન્ટ મોકલી આપવા જે તે શિક્ષકોને પણ જણાવવું અને તેની નકલ જે તે યુનિવર્સિટીના કુલપતિશ્રીને યોગ્ય કરવા માટે મોકલી આપવી.

(શિક્ષકોની યાદી તથા તેમને આપવામાં આવેલી રકમનું તારણ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

૮. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરના પ્રાધ્યાપક શ્રી. બી. બી. જોશીને "Flora of Chhota-Udepur Forest & its environs" એ વિષયમાં સંશોધનકાર્ય કરવા વર્ષ ૧૯૬૪-૬૫માં રૂા. ૩૦૦ની સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી હતી, પરંતુ શ્રી. જોશી સંજોગવશાત્ પોતાનું સંશોધનકાર્ય પૂરું કરી શકયા ન હોવાથી તે પૂરું કરવા માટે એક વર્ષની વધુ સમયમર્યાદા આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૯. એચ. કે. આર્ટ્સ કૉલેજના પ્રા. કે. એફ. સોમપુરાને "A critical study of the sculptures in the Sun-temple at Modhera with special reference to the cannons discerned in them" એ વિષયમાં સંશોધનકાર્ય કરવા વર્ષ ૧૯૬૪-૬૫માં ફોટોગ્રાફ્સ માટે રૂા. ૫૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી, પરંતુ તે વિષયના સંશોધનકાર્ય પાછળ શ્રી. સોમપુરાને રૂા. ૮૪૧નો ખર્ચ થયો હોવાથી વધારાના ખર્ચના રૂા. ૩૪૧ મંજૂર કરવા અંગે તેમના તરફથી આવેલા તા. ૪-૭-૧૯૬૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વર્ષ ૧૯૬૪-૬૫માં પ્રો. કે. એફ. સોમપુરાને તેમના સંશોધનકાર્ય માટે આપવામાં આવેલી સંશોધન ગ્રાન્ટની રકમ રૂા. ૫૦૦ કરતાં તેમણે ખર્ચ કરેલ રૂા. ૩૪૧ની વધુ રકમ પૈકી જો તેમની કૉલેજ ૫૦ ટકા ખર્ચની રકમ તેમને આપે તો બાકીની ૫૦ ટકા રકમ યુનિવર્સિટીએ આપવી.

૧૦. નીચે દર્શાવેલ શિક્ષકોનું સંશોધનકાર્ય, સંશોધન ગ્રાન્ટના નિયમ અનુસાર સંમાન્ય સામયિકમાં પ્રસિદ્ધ થયું હોઈ તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	નામ અને સંસ્થા	આપેલ ગ્રાન્ટ	વર્ષ	સંશોધનનો વિષય	કયા સામયિકમાં પ્રસિદ્ધ થયું ?
૧.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	રૂા. ૫૦૦	૧૯૬૫-૬૬	Pharmacological screening of antiasthmatic drugs in the indigenous system of medicine	Indian Medical Gazette, September, 1966
૨.	પ્રિ જે. ડી. તલાટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, વિલવાર્ડ	રૂા. ૧,૦૦૦	૧૯૬૫-૬૬	Corrosion of Aluminium	Indian Journal of Technology, 1966
૩.	પ્રિ આર. ડી. દેસાઈ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	રૂા. ૭૫૦	૧૯૬૦-૬૧	Studies in Xanthone Series	Journal of Indian Chemical Society, 1963
૪.	પ્રિ. આર. ડી. દેસાઈ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	રૂા. ૧,૦૦૦	૧૯૬૧-૬૨	Studies in Xanthone Series	Journal of Indian Chemical Society, 1963
૫.	ડૉ. કે. એચ. સચદેવ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	રૂા. ૫૦૦	૧૯૬૪-૬૫	Role of Histaminase in Anaphylaxis	Journal of Pharmacy and Pharmacology, May, 1966
૬.	ડૉ. એમ. વી. એસ. અચાર, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	રૂા. ૫૦૦	૧૯૬૩-૬૪	Effects of Vasopressor drugs in Hypothermia	Indian Journal of Medical Sciences, January, 1966
૭.	ડૉ. એસ. આર. પરીખ, અને ડૉ. મિસિસ કે. એસ. પરીખ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	રૂા. ૫૦૦	૧૯૬૩-૬૪	Changes in the urinary tract in cases of prolapse of uterus by pyelographic studies	The Journal of Obstetrics and Gynaecology of India, October, 1966

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવી.

૧૧. નીચે જણાવેલ શિક્ષકો તરફથી સંશોધનકાર્યના વચગાળાના છમાસિક પ્રોગ્રેસ રિપોર્ટ આવ્યા છે તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	નામ	વિષય	વર્ષ		આપેલી રકમ
૧.	શ્રી. એન. એ. આચાર્ય, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯	Political and Cultural History of Gujarat	૧૯૬૬-૬૭	રૂ.	૫૦૦
૨.	ડૉ. આર. સી. મંકોડી, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ	Studies of various factors affecting carriar rate of Candida albicans	૧૯૬૬-૬૭	રૂ.	૨૫૦
૩.	પ્રો. એમ. જે. પંડ્યા, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મોડાસા	Garo (Harijan Brahmins)	૧૯૬૬-૬૭	રૂ.	૭૦૦
૪.	ડૉ. કે. એન. મહેતા અને ડૉ. આર. સી. મંકોડી, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	Histo-chemical Studies in endometrium from cases of primary sterility	૧૯૬૬-૬૭	રૂ.	૨૫૦
૫.	પ્રિ. વાય. જી. નાયક, સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ-૯	Solid state physics particularly the study of vacuum evaporated thin films	૧૯૬૬-૬૭	રૂ.	૧,૨૦૦
૬.	શ્રીમતી કે. સી. દેસાઈ, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	Synthesis of 4-hydroxy quinoline using polyphospheric acid	૧૯૬૬-૬૭	રૂ.	૨૫૦
૭.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	Evolution of the law of crimes in Ancient India and its influence on the Indian Penal Code	૧૯૬૫-૬૬	રૂ.	૮૦૦
૮.	ડૉ. સી. આઈ. ઝાલા અને ડૉ. સી. યુ. દીક્ષિત, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	Isolation and Identification of antiologic agent from clinical cases of superficial mycosis	૧૯૬૫-૬૬	રૂ.	૩૫૦

ક્રમાંક	નામ	વિષય	વર્ષ	આપેલી રકમ
૯.	શ્રી. પી. વી. રિસવડકર, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	Standardization of an achievement test in English for Standard 10th	૧૯૬૪-૬૫	રૂ. ૨૫૦
૧૦.	ડૉ. એમ. એચ. પંજવાણી, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	Antifibrillatory activity of thephorin and alderlin as compared to quinidine	૧૯૬૫-૬૬	રૂ. ૨૫૦
૧૧.	પ્રો. આઈ. ડી. શાહ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	Synthesis of thioureas having nitrogen mustard moeity	૧૯૬૬-૬૭	રૂ. ૫૦૦
૧૨.	પ્રો. પી. આર. શાહ, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	Synthesis of 7-Halogenated 6-Hydroxy Coumarins and Chromones and their methye ethers	૧૯૬૬-૬૭	રૂ. ૫૦૦

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ શિક્ષકો તરફથી તેમને અગાઉ આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ અંગે આવેલા વચગાળાના છમાસિક પ્રગતિ અહેવાલોની નોંધ લેવી.

વધુમાં આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી સંશોધન ગ્રાન્ટ મેળવવા માટે જે શિક્ષકોની અરજીઓ આવે તે શિક્ષકોની ગ્રાન્ટની માગણીની રકમના ૨૦ ટકા જેટલો ખર્ચ જે તે કૉલેજે આપવાનો રહેશે. તો તે મુજબનો એક નિયમ ઘડવો અને બાબતની ખાતરી આપવાનો પ્રબંધ તે અંગેના નિયત અરજીપત્રકમાં કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. જન. રિસર્ચ ગ્રાન્ટ/૪૨૩૪૫/૧૯૬૭.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૧૪-૯-૧૯૬૭.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોને આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટ અંગેની વિગતો

ક્રમાંક	નામ અને સંસ્થા	વર્ષ	મંજૂર કરેલ ગ્રાન્ટ રૂ.	આપેલ ગ્રાન્ટ રૂ.	રિમાર્ક્સ
૧.	ડૉ. વી. પી. ભટ્ટ, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	૧૯૬૧-૬૨	૨૦૦	૨૦૦	રિપ્રિન્ટ બાકી છે. સંશોધન લેખની ટાઇપ-કૉપી આપેલી છે.
૨.	ડૉ. વી. પી. ભટ્ટ, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	૧૯૬૦-૬૧	૫૦૦	૫૦૦	રિપ્રિન્ટ બાકી છે.
૩.	પ્રો. ડી. એમ. દેસાઈ, પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર	૧૯૬૧-૬૨	૪૦૦	૪૦૦	રિપ્રિન્ટ બાકી છે.
૪.	પ્રો. એ. સી. ચાવડા, એમ. એમ. સાયન્સ કૉલેજ, મોરબી	૧૯૬૪-૬૫	૫૦૦	૫૦૦	રૂ. ૨૩૫ના ખર્ચનો હિસાબ અને રિપ્રિન્ટ બાકી છે.
૫.	ડૉ. એમ. વી. એસ. અચાર, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	૧૯૬૩-૬૪	૫૦૦	૫૦૦	રૂ. ૩-૪૧ પૈસાના ખર્ચનો હિસાબ બાકી છે.
૬.	ડૉ. એમ. એચ. પંજવાણી, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	૧૯૬૫-૬૬	૨૫૦	૧૨૫	પ્રોગ્રેસ રિપોર્ટ અને રૂ. ૧૨૫ના ખર્ચનો હિસાબ બાકી છે.
૭.	ડૉ. આઈ. પી. અગ્રવાલ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	૧૯૬૬-૬૭	૨૫૦	૨૫૦	રિપ્રિન્ટ બાકી છે.
૮.	શ્રીમતી કે. સી. દેસાઈ, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત	૧૯૬૬-૬૭	૨૫૦	૨૫૦	રિપ્રિન્ટ બાકી છે.

ક્રમાંક	નામ અને સંસ્થા	વર્ષ	મંજૂર કરેલ ગ્રાન્ટ	આપેલ ગ્રાન્ટ	રિમાર્ક્સ
૯.	પ્રો. જે. કે. ફડકે, એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, નવસારી	૧૯૬૬–૬૭	૮૫૦	૪૨૫	પ્રોગ્રેસ રિપોર્ટ અને રૂા. ૪૨૫ના ખર્ચનો હિસાબ બાકી છે.
૧૦.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	૧૯૬૫–૬૬	૮૦૦	૮૦૦	રિપ્રિન્ટ અને રૂા ૪૦૦ના ખર્ચનો હિસાબ બાકી છે.
૧૧.	ડૉ. એચ. ટી. ટોપરાણી, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	૧૯૬૬–૬૭	૫૦૦	૨૫૦	પ્રોગ્રેસ રિપોર્ટ અને રૂા. ૨૫૦ના ખર્ચનો હિસાબ બાકી છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯.

G.U.P. 678-300-10-67

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની એક વિશેષ સભા, બુધવાર, તા. ૨૦-૯-૧૯૬૭ના રોજ બપોરે ૨-૩૦ વાગ્યે મળવાની હતી, જે સિન્ડિકેટની તમામ સભ્યોની બનેલી વરણીસમિતિનું કામકાજ પૂરું થતાં, બપોરે ૪-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

તા. ૨૦-૯-૧૯૬૭

૧. શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૭. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૮. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૯. શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૧૦. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૧. શ્રી. બદુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૨. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪. પ્રો. બી. આર. શેનોય	હાજર
૧૫. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	ગેરહાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧અ. તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧. યુનિવર્સિટી કાર્યાલયમાં હેડકલાર્ક, ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ, આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ અને ડેપ્યુટી રજિસ્ટ્રાર(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)ની જગ્યાઓ ભરવા અંગેની સિન્ડિકેટની વરણીસમિતિની તા. ૨૦-૯-૧૯૬૭ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી સત્યેન્દ્ર કા. ઝવેરી સાથે થયેલા પત્રવ્યવહારની નકલ સભ્યોને અગાઉથી પરિપત્રિત કરવામાં આવી હતી. તે પર વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે શ્રી. ઝવેરીએ તેમના તા. ૧૫ સપ્ટેંબર ૧૯૬૭ના પત્રમાં કરેલા આક્ષેપોમાં કશું વજૂદ નથી અને તેમણે જણાવેલાં કારણોસર સિન્ડિકેટે ઊભી કરેલી જગ્યાઓ પૂરવાનું કામ વિલંબમાં નાખવાની જરૂર નથી.

તે પછી સિન્ડિકેટની વરણીસમિતિએ તા. ૨૦-૯-૧૯૬૭ના રોજ કરેલી ભલામણો પર વિચારણા કરવામાં આવી અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી અને વધુમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)ની જગ્યા પર શ્રી. ભૂપેન્દ્રકુમાર મ. પટેલને શરૂઆતનો મૂળ માસિક પગાર રૂા. ૬૬૦-૦૦ આપવો.

(નોંધ.—સદરહુ બાબતના સંદર્ભમાં કુલાધિપતિશ્રીના સચિવનો તા. ૨૦-૯-૧૯૬૭નો પત્રાંક GS/XI/1800/67 સભા ચાલતી હતી તે દરમિયાન મળ્યો, તે પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પર વિચારણા કર્યા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સદરહુ પત્રનો ઘટતો જવાબ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.)

(વરણીસમિતિની તા. ૨૦-૯-૧૯૬૭ની સભાની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના હેવાલની ભલામણો (પરિશિષ્ટ "અ" પૈકી બાકી રહેલી ભલામણો) ક્રમાંક ૧૫થી ૩૫ (૧૮ સિવાય) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. યુનિવર્સિટીની વિવિધ સમિતિઓની સભામાં હાજર રહેવા માટે કિલોમીટર દીઠ ૦૦-૭૫ પૈસા પ્રમાણે વાહનભથ્થું આપવા અંગેના રો. જયંત હરિભક્તિના સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ રૂા. ૩-૦૦ વાહનભથ્થું આપવામાં આવે છે.)

સદરહુ બાબતના સંદર્ભમાં આચાર્ય વિશ્વનાથ રા. રણદીવેનો તા. ૨૦-૯-૧૯૬૭નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. હરિભક્તિનાં તથા આચાર્ય રણદીવેનાં સૂચનો પર વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. શ્રી ઝીણાભાઈ ર. દેસાઈ
૨. આચાર્ય એમ. સી. દેસાઈ
૩. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ.

૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં એમ.એસ. (બ્રાન્ચ ૫) એનેટોમી વિષયના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તે કૉલેજના આચાર્યશ્રીની અરજી પરથી સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભામાં નીમેલી સ્થાનિક તપાસસમિતિની નિમણૂક અંગે પુનર્વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ નીચે પ્રમાણે સ્થાનિક શિક્ષકગણ છે :

૧. ડૉ. બી. ડી. મિશ્રા—માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. ડૉ. બી. પી. તામન્કર—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક
૩. ડૉ. બી આર. કુલકર્ણી—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે પુનર્વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં જૂનિયર ક્લાર્ક (એકાઉન્ટ્સ) તરીકે કામ કરતાં શ્રીમતી આશાબહેન છાયાનો અજમાયશી સમય તા. ૧૬-૯-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તા. ૧૭-૯-૧૯૬૭થી તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૧૩-૮-૧૯૬૬ની સભામાં બાબત નં. ૩૪થી તેમનો અજમાયશી સમય એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો, જે તા. ૧૬-૯-૧૯૬૭ના રોજ પૂરો થાય છે.)

શ્રીમતી આશાબહેન છાયાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી આશાબહેન જે. છાયાનો અજમાયશી સમય વધુ છ માસ લંબાવવો, અને તેમને જણાવવું કે લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટાં કરવાની ફરજ પડશે.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭. સ્થાનિક અને જર્મનીના વૈજ્ઞાનિકોના સંયુક્ત ઉપક્રમે સંશોધન યોજના હાથ ધરી "Electrondensity Distribution in the Ionosphere with the help of probes sent up in Rockets" એ વિષય અંગે સંશોધન માટે જર્મનીથી આવનાર વૈજ્ઞાનિકનું મુસાફરી ખર્ચ તથા રહેવા-જમવા વગેરે અંગે થનાર અંદાજી રૂપિયા બાર હજારની રકમ મંજૂર કરવા અંગે વિજ્ઞાન ભવનના ભૌતિકશાસ્ત્ર વિષયના રીડર ડૉ. કે. એમ. કોઠડિયા તરફથી આવેલ તા. ૪-૯-૧૯૬૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંશોધન યોજના મંજૂર કરવી અને તે અંગે જર્મન વૈજ્ઞાનિકને વેસ્ટ જર્મનીથી આવવાજવાના તથા રહેવાના ભાડા-ભથ્થા પેટે રૂા. ૧૨,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

સદરહુ ખર્ચપેટે આર્થિક સહાય આપવા માટે સી.એસ.આઈ.આર.ને વિનંતી કરવી.

(ડૉ. કોટડિયાના તા. ૪-૯-૧૯૬૭ના પત્રની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે આ સાથે સામેલ છે.)

૮. ઇન્ડિયન કેમિકલ સોસાયટીનું વાર્ષિક અધિવેશન તેમ જ ઇન્ડિયન કેમિકલ સોસાયટીની કાઉન્સિલની બેઠકનું વાર્ષિક અધિવેશન તા. ૩૦થી ૫ નવેંબર ૧૯૬૭ દરમિયાન રૂડકી યુનિવર્સિટીના આશ્રયે યોજવાનું છે તો તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના કન્વીનર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. ડી. દેસાઈ અને ડૉ. એ. એમ. ત્રિવેદીને નીમવા.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૪૪૦૧૫/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ઑક્ટોબર ૭, ૧૯૬૭.
આશ્વિન ૧૫, ૧૮૮૯ (શક).

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ, ડેપ્યુટી રજિસ્ટ્રાર ઑફ ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ, આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, ઑફિસ સુપરિન્ટેન્ડન્ટ તથા હેડકલાર્કની જગ્યાઓ પૂરવા માટેની સિન્ડિકેટના સર્વે સભ્યોની બનેલી વરણીસમિતની એક સભા, તા. ૧૪-૯-૧૯૬૭ તથા તા. ૧૫-૯-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને તે પછી તા. ૨૦-૯-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે પણ ફરીથી મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યોનું નામ	તા. ૧૪-૯-૧૯૬૭	તા. ૧૫-૯-૧૯૬૭	તા. ૨૦-૯-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર	હાજર
૨.	શ્રી. વાસુદેવ એન. ત્રિપાઠી	હાજર	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. જે. બી. હરિભક્તિ	હાજર	હાજર	ગેરહાજર
૪.	શ્રી. બી. આર. શેનોય	ગેરહાજર	ગેરહાજર	હાજર
૫.	શ્રી. એમ. સી. દેસાઈ	હાજર	હાજર	ગેરહાજર
૬.	શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી	હાજર	હાજર	હાજર
૭.	ડૉ. વાય. જી. નાયક	હાજર	હાજર	હાજર
૮.	શ્રી. વી. આર. રણદીવે	ગેરહાજર	ગેરહાજર	હાજર
૯.	શ્રી. એમ. પી. પંડ્યા	હાજર	હાજર	હાજર
૧૦.	ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર	હાજર	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર	હાજર
૧૨.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૩.	શ્રી. વી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૪.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર	હાજર	ગેરહાજર
૧૫.	શ્રી. ઠાકોરભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૬.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર	ગેરહાજર
૧૭.	શ્રી. એન. એસ. પંડ્યા	હાજર.	હાજર	હાજર

સેનેટના સભ્ય શ્રી. એસ. કે. ઝવેરીના તા. ૨૭-૭-૧૯૬૭, તા. ૧૧-૯-૧૯૬૭ તથ તા. ૧૩-૯-૧૯૬૭ના પત્રો તથા તે અંગેનો સમગ્ર પત્રવ્યવહાર સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પર ચર્ચાવિચારણા કરીને સભાગૃહે પોતાનું મંતવ્ય રજૂ કર્યું કે કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સ તથા

તથા ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ) સહિતની જે જગ્યાઓ સિન્ડિકેટે ઊભી કરેલી છે તે પૂરતી વિચારણા કર્યા બાદ ઊભી કરવામાં આવી છે અને શ્રી. ઝવેરીએ જણાવેલાં કારણોસર તે જગ્યાઓ પૂરવાનું કામ વિલંબમાં નાખવાનું જરૂરી નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની જગ્યા માટે સુપરિન્ટેન્ડન્ટ(હોલેરિથ)ની અરજી આવેલી છે, પરંતુ તેઓ સ્નાતક પદવી ધરાવતા નથી તેથી તેમને મુલાકાત માટે બોલાવવાનું બની શકયું નથી તે હકીકત તરફ કુલપતિશ્રીએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું. તે બાબતમાં સમિતિએ પણ પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું કે ઓછામાં ઓછી સ્નાતકની પદવી ધરાવતા ન હોય તેવા કોઈ પણ ઉમેદવારને આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની જગ્યા માટે વિચારી શકાય નહિ.

ઉપરોક્ત જગ્યાઓ માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોનાં નામોની યાદી* તથા તેમની હાજરી અંગેની વિગત પરિશિષ્ટ ૧* તરીકે સામેલ છે.

ઉમેદવારોની મુલાકાત તા. ૧૪-૯-૧૯૬૭ અને તા. ૧૫-૯-૧૯૬૭ના રોજ લેવામાં આવી હતી. તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) **કન્ટ્રોલર ઑફ એકઝામિનેશન્સની** એક કાયમી જગ્યા માટેના એક ઉમેદવાર શ્રી. જે. એમ. મહેતાનો તા. ૨૦-૯-૧૯૬૭નો તાર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ જગ્યા અંગે આ સમિતિ કાંઈ ભલામણ કરતી નથી.

(૨) **ડેપ્યુટી રજિસ્ટ્રાર(ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)ની** એક કાયમી જગ્યા માટે શ્રી. ભૂપેન્દ્ર એમ. પટેલને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) **આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની** બે કાયમી જગ્યાઓ માટે નીચેના ઉમેદવારોને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. ગુણવંતરાય અં. દેસાઈ
૨. શ્રી. શિવકુમાર વી. શાસ્ત્રી.

(૪) **કાર્યાલય નિયામકની** ત્રણ કાયમી જગ્યાઓ માટે નીચેના ઉમેદવારોને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. રસિકલાલ ડી. ભગત
૨. શ્રી. કનકરાય આર. જોશી
૩. શ્રી. વિપિનચંદ્ર વી. શાહ.

(નોંધ. -- સદરહુ બાબતના સંદર્ભમાં કાર્યાલય નિયામકની એક જગ્યા પર શ્રી. ડાહ્યાભાઈ હ. પટેલને સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સભાના ઠરાવ અન્વયે બેસેડવામાં આવ્યા તે બાબતમાં કાર્યાલયના કેટલાક સભ્યોની તા. ૨૦-૯-૧૯૬૭ની અરજી તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. તે બાબતમાં વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી એમ સભાગૃહે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.)

* અત્રે છાપેલ નથી.

(૫) હેડક્લાર્કની પાંચ કાયમી જગ્યા પર નીચેના ઉમેદવારોને નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. જયકૃષ્ણ હ. અધ્વર્યુ
૨. શ્રી. બળવંતરાય સી. પટેલ
૩. શ્રી. વિનોદરાય એન. પટેલ
૪. શ્રી. રજનીકાંત સી. દેસાઈ
૫. શ્રી. રણજિતરાય એચ. પારેખ

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭

The Registrar
Gujarat University,
Ahmedabad-9.

Re.—Collaboration with Foreign Scientists—Present Position.

Sir,

This is in pursuance of your letter No. Gen/PG/5527, dated 8-1-1967 in which you recommended on the above subject to the Ministry of Education, Government of India. Following a 'no objection' letter No. F-7-266-U-4, dated 5-8-1966, from the said Ministry and their subsequent letter No. F-13-28/66-U-3, dated 10-5-1967 asking for details of foreign scientist's help and expenditure, negotiations were carried out to come to an understanding on the objective of the research project, technical requirements of the equipment needed in this research and the financial aspects. So far as scientific and technical things are concerned, we have reached a final understanding. Position as on today stands as follows :

I. Research Projects :

(1) Prof. Dr. K. Rawer of Ionosphere Institute, Breisach, W.Germany, has agreed to help in a joint cooperative project on 'Electron-density distribution in the ionosphere with the help of probes sent up in rocket. The rocket flights will be made at the Thumba Equatorial Rocket Base under the supervision of Indian National Committee for Space Research (INCOSPAR). Prof. Rawer will send two probes in the first instance and the programme is likely to be expanded in the following years. The project now awaits technical approval of INCOSPAR. Dr. V. A. Sarabhai is its Chairman. Only expenditure involved on our side will be on travelling and halting allowances of two of our fellows

to go to Thumba for carrying out ground tests of the probes and fitting them properly in the rocket nose-cone.

(2) Another very important and long-term collaboration is planned with Prof. Dr. E. A. Lauter and his colleagues at Heinrich Hertz Institute, Berlin, E. Germany. Prof Lauter has agreed to help in a joint cooperative project on 'Measurement of Absorption of Radio waves in the Ionosphere on five different frequencies'. They will supply a very elaborate equipment involving most modern electronic techniques such as a 20–25 KW pulse transmitter, automatic electronic switching and logic circuits, synchromizing systems, highly stable broad-band receiver, photographic and pen-recorders and so on for experimental investigations. One scientist/engineer will come with the built-up equipment, instal it and carry out final tests to put it into operation. He will also give a course of scientific lectures and train our young research workers in modern experimental techniques.

In the meantime, the Indian Council of Scientific and Industrial Research have granted to us a research scheme on a study more or less similar in objective as envisaged in the above co-operative project, and so the foreign collaboration will be a part of the C.S.I.R. Scheme. *The objectives of the project are of so wide a nature and instrumentation involves so many difficult techniques that we need a team-work and collaboration from one or more technically advanced countries like Germany.* In this connection, Dr. K. R. Ramanathan of Physical Research Laboratory had discussions with Prof. Lauter in a recent International Conference in London, and a note giving a summary of his discussions is attached herewith. Dr. Ramanathan is also the Chairman of Radio Research Committee of C.S.I.R.

II. Implications :

(1) The equipment to be supplied by East German Scientists will be the first of its kind in India. There are hardly 4 or 5 stations in whole of the world where such detailed study on Ionospheric Absorption is undertaken.

(2) The cooperative reasearch project would prove to be a great leap forward in our University's scientific research activities and in International field of work. The research under the project will not only

provide data on Absorption alone but also on many other phenomena unknown to us in this part of the world. A great stress was laid on such studies in the meetings of International Radio Science Union (U.R.S.I.) held at Munich last year. Observational work will be done at every 15 minutes on five different frequencies simultaneously, switched automatically in succession.

(3) The cooperative project will infuse deep interest in our young scientists and give them perfection in modern electronics technical know-how which is very essential at the time when our country is striving hard to become self-reliant.

(4) Foreign exchange which seems a near impossibility is not required in the proposed cooperation research project, since the equipment will be supplied by our German Scientist-collaborators. The huge equipment would have actually cost not less than Rs. 80,000/- and this we could not have bought because of tight condition on foreign exchange and also paucity of funds In such big scientific projects, international cooperation can be very helpful.

(5) Finally the studies under the cooperative project will keep us (the University) in regular touch with some of our National laboratories.

III. Finances :

The only expenses involved on our part in the research project with East German scientists are the travel and living expenses of the scientist/engineer who will come with the equipment, instal it, put itc into operation, give a course of lectures and train our research fellows. The total expenses on a I class/Economy class Moscow-Ahmedabad return air-journey, travel internal in India and two months' living are estimated at about Rs. 11,000/- to Rs. 12,000/-. ***This amount is very small compared to the cost of so elaborate and expensive equipment which will be supplied by the German collaborations and the valuable scientific and technical services rendered to our institution.*** No foreign exchange is involved in any matter connected with the cooperative research project.

IV. The University recommended to the Government of India for 'no objection' to our proposal for foreign collaboration and now when

we have come to a final stage, the University would kindly appreciate the German Scientists readiness to help and welcome their cooperative and very generous offer. An agreement on cooperation can then be worked out in consultation with the C.S.I.R. under the provisions of scientific and cultural co-operation between the two countries.

I hope our University will do all that it can in making this co-operative projects come true and thereby in keeping us busy with scientific work for a long time. It is my earnest appeal to the Vice-Chancellor and other members of the Syndicate for the sanction of Rs. 12,000/- on account of travel and living expenses of the German visiting scientist keeping in view the important points stressed in sections II and III. Let this opportunity of serving science on a broader International level not slip away from our Institution to some another. If advised, I shall personally present the whole case before the University authorities.

Yours faithfully,

K. M. Kotadia

Investigator in-charge,
Radio Research Group.

A note on summary of discussions with the Prof. E. A. Lauter, Berlin, East Germany

Prof. Dr. Lauter will be glad to send out complete equipment for low frequency radio wave propagation to Dr. Kotadia with a Scientist and/or Engineer, provided it is understood that the study is a co-operative enterprise between East German and Indian Scientists. He can arrange for the scientist to stay in India for a month or so and give some lectures. Dr. Lauter asked the following questions :

(1) Can India arrange to meet the living expenses of the German scientist when he is in India—including any travel within India ?

(2) Can India pay the air fare in rupees for the German scientist between Moscow to Delhi ? Dr. Lauter will take care of the travel between Berlin and Moscow.

(3) There is an understanding between C.S.I.R. and E. German authorities about the payment of the living expenses of visiting scientists from one country to the another.

(Exchange visiting Programme).

Dr. Lauter and his group will take about six to eight months to set the equipment ready. The work can become operational by the end of 1968.

Dr. K. R. RAMANATHAN

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 744-300-11-67

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ઑક્ટોબર માસની સભા, શનિવાર, તા. ૧૪-૧૦-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૫-૧૦-૧૯૬૭ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૧૦-૧૯૬૭	તા. ૧૫-૧૦-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. એચ. એ. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	હાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	ગેરહાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	ગેરહાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	હાજર	હાજર
૧૫.	આચાર્ય ચંડીપ્રસાદ એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૬.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૭.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૨૦-૯-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૦-૯-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

બાબત નં. ૧ અંગેના ઠરાવમાં શ્રી. ઝવેરીના પત્રની તારીખ બાબતમાં "તા. ૧૫ સપ્ટેંબર, ૧૯૬૭"ને બદલે "તા. ૧૩ સપ્ટેંબર, ૧૯૬૭" વાંચવું.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૪૯ હાથ ધરવામાં આવી.

૪૯. આચાર્ય એમ. સી. દેસાઈના તા. ૧૦-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આપણી યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટીને હસ્તક ચાલે છે તે પરિસ્થિતિનો રાજ્ય સરકારને ખ્યાલ આપીને તેમને જણાવવું કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને/અથવા ભારત સરકાર તરફથી કૉલેજોના શિક્ષકોના પગારસુધારાના સંદર્ભમાં અનુસ્નાતક કૉલેજોમાં આચાર્યો અને શિક્ષકો તથા પૂર્વસ્નાતક કૉલેજોના આચાર્યો અને શિક્ષકોનું જે વર્ગીકરણ વિચારવામાં આવ્યું છે તે વર્ગીકરણ, આ યુનિવર્સિટીને લાગેવળગે છે ત્યાં સુધી, એવી રીતે કરવાનું સૂચવવું કે પૂરેપૂરા અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થયેલા હોય અને અનુસ્નાતક શિક્ષકો તરીકે ખરેખર કામ કરતા હોય તેવા આચાર્યો / શિક્ષકોને અનુસ્નાતક કૉલેજોના આચાર્યો / શિક્ષકો ગણવામાં આવે.

(૨) કૉલેજોના આચાર્યોને કૉલેજની નજદીકમાં ઓછામાં ઓછું ૧૦૦ ચોરસ વારના ક્ષેત્રફળવાળું ભાડામુક્ત મકાન આપવાનું અથવા રૂા. ૨૫૦-૦૦ની મર્યાદામાં રહીને ખરેખર જે ભાડું તેઓ ચૂકવતા હોય તે રકમ તેમને આપવાનું કૉલેજોના સંચાલકોને માટે આવશ્યક રહેશે એમ તેમને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૮થી કરવામાં આવે.

૨. સિન્ડિકેટે તેની તા. ૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના હેવાલની ભલામણો [પરિશિષ્ટ "અ" પૈકી બાકી રહેલી ભલામણો ક્રમાંક ૧૫થી ૩૫ (૧૮ સિવાય)] પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીઓને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિયુક્ત થયેલા શ્રી. એ. બી. પટેલને પ્રાધ્યાપક થવા માટે જરૂરી પોસ્ટ-ઇન્ટરમિડિયેટ કક્ષાના શૈક્ષણિક અનુભવમાં ૩ માસના ખૂટતા અનુભવને ક્ષમ્ય ગણીને પ્રાધ્યાપક તરીકે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. પટેલ બી.એસસી. (બીજો વર્ગ) અને એમ.એસસી.ની પદવી ગણિતશાસ્ત્ર સાથે બીજા વર્ગમાં ધરાવે છે, તથા કુલ ૭ વર્ષ ૬ માસનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે, જેમાં સ્નાતક કક્ષાનો શૈક્ષણિક અનુભવ ૨ વર્ષ ૯ માસનો છે જે ત્રણ વર્ષનો હોવો જરૂરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે ગણિતશાસ્ત્રના પ્રોફેસરની જગ્યા માટે નિયત કરેલ લાયકાતના ધોરણ મુજબ શ્રી. એ. બી. પટેલનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હોવા છતાં અન્ય કોઈ પ્રાધ્યાપકને નીમ્યા વિના તેમની કૉલેજમાં થોડોક વખત કામ ચાલ્યું તે યોગ્ય થયું નથી, અને ભવિષ્યમાં તેવું થવા પામે નહિ તે જોવું આવશ્યક છે એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ તથા શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં વ્યાયામ શિક્ષક તરીકે નિમાયેલા અનુક્રમે શ્રી. વી. બી. ધંધુકિયા અને શ્રી. આર. એસ. પટેલની નિમણૂક માન્ય કરવા અંગે સદરહુ કૉલેજોના આચાર્યોએ તા. ૨૫-૬-૧૯૬૭ના પત્રથી કરેલી માગણી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. વી. બી. ધંધુકિયા, બી.એ. (બીજો વર્ગ) અને ડી.પી.એડ. (પ્રથમ વર્ગ)ની ગુજરાત રાજ્યની પદવી ધરાવે છે.
(૨) શ્રી. આર. એસ. પટેલ, બી.એ. (પાસ વર્ગ) અને ડી.પી.એડ. (સી. એન. વિદ્યાવિહાર)ની પદવી ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. બી. ધંધુકિયા અને શ્રી. આર. એસ. પટેલની વ્યાયામ શિક્ષક તરીકેની નિમણૂકો માન્ય ગણવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની ડી.પી.એડ. પરીક્ષા માન્ય ગણવા બાબતમાં ઘટતી વિચારણા કરવા માટે બોર્ડ ઑફ સ્પોર્ટ્સને સૂચવવું.

૬. એસોસિયેશન ઑફ પ્રિન્સિપલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂશન્સનું ૨૬મું વાર્ષિક અધિવેશન તા. ૨૮થી ૩૦ ઑક્ટોબર, ૧૯૬૭ દરમિયાન એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા મુકામે યોજનાર છે, તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના પ્રમુખશ્રી તરફથી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ટી. એમ. પરીખને મોકલવા.

૭. એનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાનું ૧૬મું અધિવેશન તા. ૨૮થી ૩૦ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન વેલોર મુકામે ભરાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા સદરહુ સોસાયટીના સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૮. ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસનું ૨૯મું અધિવેશન તા. ૩૦ ડિસેંબર, ૧૯૬૭થી તા. ૧ જાન્યુઆરી, ૧૯૬૮ના સમય દરમિયાન પંજાબી યુનિવર્સિટીના આશ્રયે પતિયાળા મુકામે યોજવાનું છે, તો તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કૉંગ્રેસના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય આઈ. જે. ધ્રુવ (ભૂજ)ને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવન તરફથી તેમના પ્રતિનિધિ તરીકે કોઈ શિક્ષકને મોકલવાનું બની શકે એમ ન હોય તો શ્રી. આર. કે. ધારૈયાને પણ આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯. શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવાનું પ્રિ. ય. પ્રા. શુક્લનું સૂચન જે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬-૮-૧૯૬૭ની સભાએ મંજૂર કરીને વિનયન વિદ્યાશાખાને વિચારણા માટે મોકલેલ, તેના સંદર્ભમાં વિનયન વિદ્યાશાખાના તા. ૩૧-૮-૧૯૬૭ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવાના પ્રિ. ય. પ્રા. શુક્લના સૂચન સાથે આ વિદ્યાશાખા સહમત છે અને તેથી યુનિવર્સિટી ધારામાં સુધારો કરવા અધિકૃત મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અલગ વિદ્યાશાખા સ્થાપવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા સેનેટને ભલામણ કરવી.

૧૦. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચે દર્શાવેલ ભલામણ પર વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"Resolved to recommend that at the Second B.A. and Third B.A. in Experimental Psychology paper, as there are two parts— Part I : Theory including Statistics, and Part II : Practicals — for each part two periods per week should be assigned."

વિનયન વિદ્યાશાખાનો અભિપ્રાય

"મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૪-૧-૧૯૬૭ની સભાની ભલામણ અંગે કંઈ કરવાની જરૂર આ વિદ્યાશાખાને લાગતી નથી તેમ સિન્ડિકેટને જણાવવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ જે વ્યવસ્થા છે તે ચાલુ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૧. વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના ડિઝર્ટેશન અંગે પરીક્ષકોએ દરેક ડિઝર્ટેશન દીઠ મુદ્દા અને સૂચનો સહિતનો લેખિત રિપોર્ટ ચેરમેનને સુપરત કરવો. યુનિવર્સિટીએ તેમને તાત્કાલિક લાગતાંવળગતાં કેન્દ્રોને મોકલવા કે જેથી વિદ્યાર્થીઓને તેમના માર્ગદર્શકો યોગ્ય માર્ગદર્શન આપી શકે. આ અંગે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨. સને ૧૯૬૮ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂકો અંગેની ભલામણ કરવા માટેની "પરીક્ષાસમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઑર્ડિ. ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાધ્યિકો / પરીક્ષકોની નિમણૂકોની બાબતમાં ભલામણ કરવા માટેની પરીક્ષાસમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકેની નિમણૂક નીચે પ્રમાણે કરવી :

૧. વિનયન વિદ્યાશાખા	...	૧. શ્રી. એમ. પી. પંડ્યા ૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. વિજ્ઞાન વિદ્યાશાખા	...	૧. ડૉ. ય. ગુ. નાયક ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૩. વાણિજ્ય વિદ્યાશાખા	...	૧. આચાર્ય એમ. સી. દેસાઈ ૨. પ્રો. એમ. પી. પંડ્યા
૪. કાયદા વિદ્યાશાખા	...	૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ ૨. આચાર્ય વી. આર. રણુદીવે
૫. ઇજનેરી વિદ્યાશાખા	...	૧. ડૉ. ય. ગુ. નાયક ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી
૬. તબીબી વિદ્યાશાખા	...	૧. ડૉ. વાસુદેવ ત્રિપાઠી ૨. ડૉ. જે. બી. હરિભક્તિ
૭. આયુર્વેદ વિદ્યાશાખા	...	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. આચાર્ય સી. એલ. શાસ્ત્રી
૮. કૃષિ વિદ્યાશાખા	...	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના સભ્યોનો તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એસ. ડી. ક્રિશ્ચિયન	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૨.	શ્રી. બી. એન. પટેલ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૩.	શ્રી. સામંતસિંગ માવસંગ રાઠોડ	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૪.	શ્રી. મકવાણા ભોળાભાઈ ભીમજીભાઈ	હેલ્પર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૫.	શ્રી. પવાર ચિમનસિંહ મોઢસિંહ	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૬.	શ્રી. ગુરખા મોહનસિંગ સમશેરસિંગ	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૭.	શ્રી. આત્મારામ મોતી	સફાઈ કામદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૮.	શ્રી. મોહન સીતબાદીન	માળી	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૯.	શ્રી. ભલાભાઈ ખોડાભાઈ	હેલ્પર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૦.	શ્રી. જીવાભાઈ સીતારામ બારોટ	હેલ્પર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૧.	શ્રી. પૃથ્વીસિંહ પ્રભાતસિંહ જાડેજા	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૨.	શ્રી. ગિરધારીસિંહ બાલસિંહ	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૩.	શ્રી. કાળિદાસ પરશોત્તમ	સફાઈ કામદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૪.	શ્રી. વાઘેલા હીરા બાપુ	સફાઈ કામદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૫.	શ્રી. ભગવતી મનમોધ	માળી	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૬.	શ્રી. પૃથ્વીસિંહ જવાનજી	ચોકીદાર	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭
૧૭.	શ્રી. રામદુલારી જગદત્ત	માળી	૧૮-૧૧-૧૯૬૭	૧૯-૧૧-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એસ. ડી. ક્રિશ્ચિયન	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧૯-૧૧-૧૯૬૭
૨.	શ્રી. બી. એન. પટેલ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧૯-૧૧-૧૯૬૭
૩.	શ્રી. મકવાણા ભોળાભાઈ ભીમજીભાઈ	હેલ્પર	૧૯-૧૧-૧૯૬૭
૪.	શ્રી. મોહન સીતબાદીન	માળી	૧૯-૧૧-૧૯૬૭
૫.	શ્રી. ભલાભાઈ ખોડાભાઈ	હેલ્પર	૧૯-૧૧-૧૯૬૭
૬.	શ્રી. જીવાભાઈ સીતારામ બારોટ	હેલ્પર	૧૯-૧૧-૧૯૬૭
૭.	શ્રી. ભગવતી મનમોધ	માળી	૧૯-૧૧-૧૯૬૭

(૨) નીચે જણાવેલા સભ્યોનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે લંબાયેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે :

ક્રમાંક	નામ	હોદ્દો
૧.	શ્રી. પવાર ચિમનસિંહ મોઢસિંહ	ચોકીદાર
૨.	શ્રી. ગુરખા મોહનસિંગ સમશેરસિંગ	ચોકીદાર
૩.	શ્રી. આત્મારામ મોતી	સફાઈ કામદાર
૪.	શ્રી. પૃથ્વીસિંહ પ્રભાતસિંહ જાડેજા	ચોકીદાર
૫.	શ્રી. ગિરધારીસિંહ બાલસિંહ	ચોકીદાર
૬.	શ્રી. કાળિદાસ પરશોત્તમ	સફાઈ કામદાર
૭.	શ્રી. વાઘેલા હીરા બાપુ	સફાઈ કામદાર
૮.	શ્રી. પૃથ્વીસિંહ જવાનજી	ચોકીદાર
૯.	શ્રી. રામદુલારી જગદત્ત	માળી.

(૩) શ્રી. સામંતસિંગ ભાવસંગ રાઠોડ, ચોકીદારને એક માસની નોટિસ આપીને છૂટા કરવા.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના સભ્યોનો તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એ. બી. પટેલ	વર્કશિકેનિક	૩૦-૧૧-૧૯૬૭	૧-૧૨-૧૯૬૭
૨.	શ્રી. એમ. એન. પટેલ	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૧૪-૧૧-૧૯૬૭	૧૫-૧૧-૧૯૬૭

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે તેઓને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા.

૧૫. ભાષા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર કામ કરતા શ્રી. એમ. એચ. શાહનો અજમાયશી સમય તા. ૨-૧૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૩-૧૧-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એચ. શાહને ભાષા ભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર તા. ૩-૧૧-૧૯૬૭થી કાયમ કરવા.

૧૬. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર કામ કરતા શ્રી. પી. ટી. મહેતાનો અજમાયશી સમય તા. ૩૦-૧૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૧-૧૨-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. ટી. મહેતાને મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર તા. ૧-૧૨-૧૯૬૭થી કાયમ કરવા.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. વાય. કે. શાહના બે વર્ષનો અજમાયશી સમય તા. ૪-૧૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૫-૧૧-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. વાય. કે. શાહને વિજ્ઞાન વિદ્યાભવનમાં વ્યાખ્યાતા તરીકે તા. ૫-૧૧-૧૯૬૭થી કાયમ કરવા.

૧૮. યુનિવર્સિટી ભાષા ભવનમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. રામસેવક સિંઘ તા. ૩૦-૯-૧૯૬૭થી ભવનના સમય બાદ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડ અંગેની રકમ પરત આપવા અંગેની તેઓની તા. ૪-૯-૧૯૬૬ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. સિંઘ તા. ૧-૧૦-૧૯૬૩થી ભવનમાં જોડાયા હતા અને તા. ૩૦-૯-૧૯૬૭થી ભવનના સમય બાદ છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રામસેવક સિંઘને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકતી આપવી.

૧૯. મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુ તા. ૬-૯-૧૯૬૬થી રાજીનામું આપી છૂટા થતાં ભવનનો ચાર્જ ડૉ. સી. ટી. ભોપટકરે ઉપરોક્ત તારીખથી સંભાળેલ છે, તો તે અંગેનું તેઓને ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ભવનનો ચાર્જ સંભાળવા માટે ડૉ. સી. ટી. ભોપટકરને તેમણે તે ચાર્જ સંભાળ્યો તે તારીખથી માસિક રૂા. ૮૦-૦૦નું ભથ્થું આપવું.

૨૦. એમ.એ., પાર્ટ ૧ તથા પાર્ટ ૨ તથા એમ.એ. (ઓલ્ડ) પરીક્ષામાં ભૂગોળની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ રોકવાનું મંજૂર કરવા બાબત :

M.A. Parts I and II and M.A. (Old) Examinations
(For a batch of 6 students)

Subject	*Days for Preparation*	*Days for Cleaning*	*Expert Asst.*	*Lab. Asst.*	*Store-Keeper*	*Hamals*
			(During days of Practicals)			
Geography	1 day 2 Exp. Assts. 2 Hamals	1 day 2 Exp. Assts. 2 Hamals	2	—	—	2

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ., પાર્ટ ૧ તથા એમ.એ., પાર્ટ ૨માં ભૂગોળની પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ મંજૂર કરવો :

M.A., Parts I and II and M.A. (Old) Exams. (for a batch of six students)

Subject	*Days for Preparation*	*Days for Cleaning*	*Expert Asst.*	*Lab. Asst.*	*Store Keeper*	*Hamals*
			(During days of Practicals)			
Geography	1 day 2 Exp. Assts. 2 Hamals	1 day 2 Exp. Assts. 2 Hamals	2	—	—	2

૨૧. દર વર્ષે થર્ડ બી.કોમ.ની પરીક્ષામાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક" એનાયત કરવા અંગે આ સાથેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૨. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને સને ૧૯૬૭ના વર્ષ માટે આર્થિક સહાય આપવા અંગેના સદરહુ ક્લબના સામાન્ય મંત્રીના તા. ૧૧-૯-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૭-૬-૧૯૬૬ની સભામાં ક્રમાંક ૧૭થી સદરહુ ક્લબને સને ૧૯૬૬ના વર્ષ માટે રૂા. ૧,૨૦૦ની આર્થિક સહાય આપવાનું ઠરાવેલ હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને ૧૯૬૭ના વર્ષ માટે રૂા. ૧૫૦૦ (રૂપિયા પંદરસો)ની આર્થિક સહાય આપવી.

૨૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૭ની પરીક્ષાની મોસમમાં પ્રાશ્નિક-પરીક્ષકને રૂા. ૧,૦૦૦ (એક હજાર)થી વધુ વેતન આપવાનું થાય તે જોતાં સિન્ડિકેટની તા. ૨/૩-૭-૧૯૬૬ના ઠરાવ અનુસાર વિચારણા કરવા બાબત :

ઠરાવ નં. ૨૦ (તા. ૨/૩-૭-૧૯૬૬)

"આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ વ્યક્તિને આ યુનિવર્સિટીના પ્રાશ્નિક-પરીક્ષક તરીકે પરીક્ષાની કોઈ પણ મોસમમાં રૂા. ૧,૦૦૦ (એક હજાર) કરતાં વધુ વેતન આપવાનું જરૂરી બને તો સિન્ડિકેટ તેમાં ઘટતી વિચારણા કરીને અપવાદ કરી શકશે તે અંગેનો સુધારો વેતન અંગેના નિયમોમાં કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯ના પ્રથમ ૬ માસ દરમિયાન લેવામાં આવેલી આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નિયત દર પ્રમાણે ગણતાં જે પ્રાશ્નિકો-પરીક્ષકોનું કુલ વેતન રૂા. ૧,૦૦૦ (એક હજાર) કરતાં વધારે થતું હોય તેમને રૂા. ૧,૦૦૦ અને તે ગણતરી મુજબનાં કુલ વેતન વચ્ચેના તફાવતના પચાસ ટકા જેટલું, પણ કોઈ પણ સંજોગોમાં રૂા. ૧,૫૦૦-૦૦ (પંદરસો)થી વધે નહિ તેટલું વેતન આપવું.

૨૪. ગુજરાત યુનિવર્સિટીના કાયદાની કલમ ૧૬(૧), કલાસ ૨(એ)ના ક્લોઝ (iv) (સી)ના સંદર્ભમાં સ્ટે. ૧૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત :

Statute 11 :

The election of the ordinary members by the public associations or bodies named in sub-clauses (*b*), (*c*), (*d*), (*e*) of Section 16(1), Class II(*A*), Clause (*iv*) shall be held in the manner prescribed in St. 163. On the 31st of December just preceding the date of election, the Registrar shall prepare a roll of the public associations and bodies entitled to vote thereat and not less than 21 clear days before the date of election, the Registrar shall notify to the public associations and bodies concerned whose names are entered in the respective rolls, that an election of their representative to the Senate of the University is due, indicating at the same time, the date by which the result of the election shall be communicated to the University.

Provided further that in the case of the election of the ordinary members by the Gujarat Legislative Assembly named in sub-clause (*e*), the Secretary of the State Legislative Assembly shall in the event of its reconstitution or occurrence of any vacancy or its representative on the Senate, intimate to the University Registrar about it and the Registrar shall thereupon notify in the aforesaid manner within a period of 21 days from the date of receipt of such intimation by the State Legislative Assembly.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

Statute 11 :

"The election of the Ordinary members by the public associations or bodies named in sub-clauses (*b*), (*c*), (*d*), (*e*) of Section 16(1),

Class II (A), Clause (*iv*) shall be held in the manner prescribed in St. 163. On the 31st of December just preceding the date of election, the Registrar shall prepare a roll of the public associations and bodies entitled to vote thereat and not less than 21 clear days before the date of election, the Registrar shall notify to the public associations and bodies concerned whose names are entered in the respective rolls, that an election of their representative to the Senate of the University is due, indicating at the same time, the date by which the result of the election shall be communicated to the University.

Provided that in the case of the election of the Ordinary members by the Gujarat Legislative Assembly named in sub-clause (*e*), the Secretary of the State Legislative Assembly shall in the event of its reconstitution or occurrence of any vacancy of its representative on the Senate, intimate to the University Registrar about it and the Registrar shall thereupon notify in the aforesaid manner within a period of 21 days from the date of receipt of such intimation by the State Legislative Assembly."

૨૫. જુદા જુદા વિષયો અંગેની પ્રકાશન સલાહકાર સમિતિના સભ્યોની નિમણૂક બાબતમાં કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી નથી, તો તે અંગે ચોક્કસ સમય-મર્યાદા નક્કી કરવા બાબત.

[**નોંધ.**—તા. ૧૭-૪-૧૯૬૧ની સિન્ડિકેટની સભામાં નીચે મુજબ ઠરાવ થયેલ છે:

"પ્રત્યેક વિષય માટે પુસ્તકોના લેખકો, અનુવાદકો તથા તે કૃતિઓને જોઈતપાસી (વેટ કરીને) અને જરૂર પડયે મઠારીને મંજૂર કરનાર વ્યક્તિઓની પસંદગી કરવા માટે નીચે પ્રમાણે સમિતિઓની રચના કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવી:

૧. ઉપકુલપતિશ્રી
૨. જે તે વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષ; અને
૩. જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષનાં સલાહસૂચન લઈને ઉપકુલપતિશ્રી નીમે તેવા બે સભ્યો."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિઓના સભ્યપદની સમયમર્યાદા, તે સમિતિઓ નિમાઈ ત્યારથી ગણીને ત્રણ વર્ષની રાખવી.

૨૬. અંધકામ સમિતિના સભ્ય તરીકે શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ તથા ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી ઑર્ડિ. ૬૨-સી પ્રમાણે સભ્યપદ ગુમાવતા હોવાથી તેમની ખાલી પડેલ જગ્યાએ બે સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિ ઉપર ખાલી પડેલી બે જગ્યા ઉપર શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી અને આચાર્ય એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.

૨૭. સેનેટની તા. ૪/૫-૧૦-૧૯૬૭ની સભાએ ઑર્ડિ. ૧૨૦-બી સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કેટલીક કૉલેજોના આચાર્યો તરફથી આવેલ અરજી પર વિચારણા કરવામાં આવી હતી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૦/૧૧-૭-૧૯૬૭ની સભામાં બાબત નં. ૩૩ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૨૮. સેનેટે તેની તા. ૪/૫-૧૦-૧૯૬૭ની સભામાં સિન્ડિકેટ તરફથી મંજૂરી માટે મુકાયેલ નીચે જણાવેલ સ્ટે. ૧૩૪ પુનર્વિચારણા માટે પાછો મોકલેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

Statute 134 :

(1) "The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

(2) He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

(3) He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

(4) The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

બાબત નં. ૨૬ની સાથે બાબત નં. ૬૦માં ડૉ. એ. એમ. ત્રિવેદીના નીચેના સૂચન નં. ૨ અને બાબત નં. ૬૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૯. સેનેટની તા. ૪/૫-૧૦-૧૯૬૭ની સભામાં સિન્ડિકેટ તરફથી મંજૂરી માટે મુકાયેલ નીચે જણાવેલ સ્ટે. ૨૦૪ કાનૂન બહાર કરેલ હોઈ, તે અંગે વિચારણા કરવા બાબત :

St. 204 :

"The scales of pay and allowances of teachers in the University Departments shall be fixed as decided by the Syndicate from time to time."

આને

બાબત નં. ૬૦(૨) : ડો. એ. એમ. ત્રિવેદીનું સૂચન

D.A. to the teaching staff in the Gujarat University

In the last meeting of the Senate, the resolution regarding the conditions governing the University teaching staff was ruled out of order (Statute 204, Item No. 18). It is felt by some legal experts that the question of the allowances including dearness allowances, etc., fall within purview of the Syndicate and not the Senate. In this case the above allowances may be paid as soon as possible on the Syndicate passing the necessary resolution. This item may please be put before the Syndicate for its consideration.

અને

૬૧. પ્રો. બી. આર. શેનોયના તા. ૧૧-૧૦-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોના વેતન અંગેનો સુધારેલો સ્ટેચ્યૂટ ૨૦૪ યુનિવર્સિટીની સેનેટ મંજૂર કરે તે અપેક્ષાએ અને તે દરમિયાનના સમયગાળામાં સંબંધકર્તા શિક્ષકોને મોંઘવારી ભથ્થાની ચુકવણીમાં થયેલો વિલંબ લક્ષમાં લઈ તે એમ ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની સેવામાં રહેલા પ્રત્યેક પ્રોફેસર, રીડર અને લેક્ચરરને માસિક રૂા. ૧૦૦ (રૂપિયા એક સો)નું ઉચ્ચક ભથ્થું તા. ૧-૧૦-૧૯૬૬થી એ શરતે આપવું કે વેતન અંગેનો સુધારેલો સ્ટેચ્યૂટ મંજૂર થયેથી આ ઠરાવ હેઠળ ચૂકવવામાં આવે તે રકમ સદરહુ સ્ટેચ્યૂટમાં જણાવેલા મોંઘવારી ભથ્થા પેટે જે તે શિક્ષક પાસેથી વસૂલ લેવામાં (adjust કરવામાં) આવશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સુધારેલો સ્ટેચ્યૂટ ૨૦૪ નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

St. 204 :

"*I.* (*a*) The scales of pay of the teachers in the University Departments be fixed as under :

1. Professor	..	Rs. 1,000–50–1,500
2. Reader	..	Rs. 700–40–1,100
3. Lecturer	..	Rs. 400–30–640–E. B.40–800.

The above scales shall be inclusive of (*i*) the merged Dearness Allowance as on 1–4–1965 but exclusive of such additional Dearness

Allowance, if any, as may be sanctioned by the Syndicate from time to time, and exclusive of (*ii*) House Rent Allowance and other allowances, if any, that may be sanctioned by the University Syndicate from time to time.

(*b*) The above pay-scales shall be deemed to have come into effect from 1st of April, 1965.

Explanation.—Merged Dearness Allowance means Dearness Allowance sanctioned by the University Syndicate as on 1-4-1965.

II. The scales of pay of the Tutors or Demonstrators in the University Departments shall be Rs. 200-10-300. They shall be further entitled to Dearness Allowance, House Rent Allowance, if any, and other allowances, if any, that may be sanctioned from time to time by the University Syndicate.

III. The monthly emoluments of the Research Fellows shall be Rs. 200/- fixed. They shall not be entitled to any other allowances."

૩૦. સંલગ્ન કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૪-૮-૧૯૬૭ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૪-૮-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૧. નીચેના સેનેટ-સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ
૧.	આચાર્ય શ્રીમતી ઊર્મિલાબહેન સી. પટેલ	વિનયન	૧. સમાજશાસ્ત્ર, અને ૨. રાજ્યશાસ્ત્ર
૨.	આચાર્ય આર. વી. શાસ્ત્રી	વિનયન	૧. અર્થશાસ્ત્ર, અને ૨. ઇતિહાસ વગેરે
૩.	આચાર્ય બી. આર. ચૌહાણ	વિનયન	૧. ગુજરાતી, અને ૨. એજ્યુકેશન
૪.	શ્રી. ડી. એસ. બસન	વિજ્ઞાન	૧. ગણિતશાસ્ત્ર, અને ૨. આંકડાશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા સેનેટના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૩૨. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. પી. બી. પટેલ તા. ૨૨-૭-૧૯૬૭ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૫-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ તા. ૧૮-૧-૧૯૬૭ના રોજ જોડાયા હતા અને તા. ૨૨-૭-૧૯૬૭ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. બી. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૩. યુનિવર્સિટી કાર્યાલયમાં માળીની જગ્યા પર કામ કરતા શ્રી. રામધર બૈજનાથ તા. ૨૭-૪-૧૯૬૭ના રોજ મરણ પામ્યા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. રામધર તા. ૩-૮-૧૯૬૦ના રોજ જોડાયા હતા અને તા. ૨૭-૪-૧૯૬૭ના રોજ મરણ પામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. રામધર બૈજનાથના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તેમના વારસદારને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૩૪. યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે કામ કરતા શ્રી. રામધર બૈજનાથ તા. ૨૭-૪-૧૯૬૭ના રોજ મરણ પામેલ હોવાથી સ્ટે. ૧૯૩-અ મુજબ ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. રામધર તા. ૩-૮-૧૯૬૦ના રોજ જોડાયા હતા અને તા. ૨૭-૪-૧૯૬૭ના રોજ મરણ પામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. રામધર બૈજનાથના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ તેમના વારસદારને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૩૫. બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા ઉપર સેવા આપતા શ્રી. દીપક બી. સુતરિયાની મુદત તા. ૯-૧૦-૧૯૬૭ના રોજ પૂરી થયેલી હોવાથી તે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૫૫. હંગામી ધોરણે નિમાયેલ બિલ્ડિંગ સુપરવાઇઝર શ્રી. ડી. બી. સુતરિયાની સેવાની મુદત તા. ૯-૧૦-૧૯૬૭ના રોજ પૂરી થતી હોઈ, તે મુદત લંબાવવાના પ્રસ્તાવ પર વિચારણા કરવામાં આવે તે દરમિયાન તેમની સેવાની મુદત તા. ૩૧-૧૦-૧૯૬૭ સુધી લંબાવ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

બાબત નં. ૩૫ અને બાબત નં. ૫૫ની વિચારણા સાથે કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી, અને શ્રી. દીપક બી. સુતરિયાની બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યાની મુદત તા. ૩૧–૧૦–૧૯૬૯ સુધી લંબાવવી.

૩૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારની કૉલેજોમાં ચાલતાં અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૬–૬૭ના અંતે રહેલ બચત જે કૉલેજે જમા કરાવેલ છે તેમ જ જેમણે જમા કરાવેલ નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૩/૪–૬–૧૯૬૭ની સભાના ઠરાવ પ્રમાણે બધી જ બચત જમા કરાવવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિસ્તારની જે કૉલેજોમાં આ યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો, તે કૉલેજો આ યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી, તે દરમિયાન ચાલતાં હતાં તેની વર્ષ ૧૯૬૬–૬૭ની આખરે રહેલ કુલ બચત તેમણે પાછી મોકલવી આવશ્યક છે, એમ તે કૉલેજોના આચાર્યોને જણાવવું અને જે તે યુનિવર્સિટીના કુલસચિવને તે પત્રની નકલ મોકલવી.

વધુમાં સંબંધકર્તા અનુસ્નાતક કેન્દ્રોવાળી કૉલેજો જો સરકાર સંચાલિત કૉલેજો હોય તો તે પત્રની નકલ રાજ્યના શિક્ષણસંચાલકને પણ મોકલવી.

૩૭. અખિલ ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સંમેલનનું આગામી સંમેલન ઑક્ટોબર તા. ૨૧ અને ૨૨, ૧૯૬૭ દરમિયાન મધ્ય પ્રદેશમાં અલીરાજપુરા મુકામે યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સંમેલનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ સંમેલન બંધ રહ્યું છે તેની અધિસૂચના જાણ થતાં તે અંગે વિચારવાપણું રહ્યું નહિ.

૩૮. "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ"નું ૨૭મું વાર્ષિક અધિવેશન તા. ૨૧થી ૨૩ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન જવાહરલાલ નહેરુ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુરના આશ્રયે જબલપુર મુકામે યોજાનાર છે તેમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનના આગામી અધિવેશનમાં આચાર્ય એમ. સી. દેસાઈને આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવન તરફથી તેમના પ્રતિનિધિ તરીકે કોઈ શિક્ષકને મોકલવાનું બની શકે એમ ન હોય તો શ્રી. ટી. એમ. મિસ્ત્રીને પણ આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૯. બાંધકામ સમિતિની તા. ૨૨–૯–૧૯૬૭ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૨-૯-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૨૨-૯-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૦. માર્ચ-એપ્રિલ, ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકોના, નિરીક્ષકોના તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૮-૯-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો પૈકી ભલામણ નં. ૨ ની વિચારણા મોકૂફ રાખવી. તે સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૪૧. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ એન્ડ શ્રી હિંમતનગર કોમર્સ કૉલેજ, હિંમતનગરને અર્થશાસ્ત્ર તથા વાણિજ્યના વિષયોમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત તથા શ્રી. આર. એસ. શુક્લ જેઓને પ્રાધ્યાપક થવા માટેનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તેઓ દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષમાં એક સત્ર શિક્ષણકાર્ય કરાવ્યું તે ક્ષમ્ય ગણવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે શ્રી. આર. એસ. શુક્લનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હોવા છતાં અન્ય કોઈ પ્રાધ્યાપકને નીમ્યા વિના તેમની કૉલેજમાં થોડોક વખત કામ ચાલ્યું તે યોગ્ય થયું નથી, અને ભવિષ્યમાં તેવું થવા પામે નહિ તે જોવું આવશ્યક છે.

૪૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચે જણાવેલી કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષયોમાં મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ મંજૂર કર્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય
૧.	વાય. એસ. આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા	ગુજરાતી
૨.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	અર્થશાસ્ત્ર.

(૨) એમ.એ.ના વર્ગમાં જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરનાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી જૂના અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ હવે બંધ થયું હોઈ, વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લઈ માફ કરી સત્ર મંજૂર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેની વિગત
૧.	શ્રી. જે. આર. ઓરા	એમ.એ.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	બીજું
૨.	શ્રી. એચ. એમ. માનસાતા	એમ.એ.	,, ,,	ચોથું
૩.	શ્રીમતી ડી. એચ. ઉપાધ્યાય	એમ.એ.	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ	ત્રીજું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૩. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ તથા વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ એક જ સંસ્થાની કૉલેજો હોઈ બંને કૉલેજોનું કેન્દ્રીય ગ્રંથાલય રાખવા અંગેના વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજના આચાર્યશ્રીના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કાર્યાલયે નિયમો ઘડીને રજૂ કરવાનું રાખવું.

૪૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજીનો જુનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા દેવાની પરવાનગી આપવા અંગેની કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સદરહુ કૉલેજમાં અંગ્રેજીના શિક્ષકો નીચે પ્રમાણે છે:

(૧) શ્રી. આર. કે. શુક્લ (લેક્ચરર) ... બી.એ. બીજો વર્ગ, એમ.એ. ત્રીજો વર્ગ (અંગ્રેજી) અને ૪ વર્ષનો અનુભવ

(૨) શ્રી. સી. એફ. રાઠોડ (લેક્ચરર) ... એમ.એ. બીજો વર્ગ (અંગ્રેજી)].

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અંગ્રેજીના શિક્ષકોની સંખ્યા, લાયકાત વગેરે મુદ્દાઓ તપાસીને યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. જૂન ૧૯૬૮થી બી.એસસી. (જન.)માં બાયોકેમિસ્ટ્રીનો અભ્યાસક્રમ શીખવવા માટે જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્ય તરફથી આવેલ જોડાણ-અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—અભ્યાસક્રમ ઘડવા માટે એકેડેમિક કાઉન્સિલે સમિતિ નીમેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી હાલ ફાઈલ પર રાખવી.

૪૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૯-૯-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકોને અમદાવાદમાં યુનિવર્સિટી કૅમ્પસ બહાર અન્યત્ર અનુસ્નાતક શિક્ષણ કરવા માટે બોલાવવામાં આવે તો જે તે અનુસ્નાતક કેન્દ્ર તરફથી તેમને રૂા. ૩-૦૦ (રૂપિયા ત્રણ)નું દૈનિક ભથ્થું વાહન ખર્ચ પેટે આપવા બાબતમાં જરૂરી નિયમ ઘડીને રજૂ કરવો.

૪૭. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. એ. જી. જાનીના શૈક્ષણિક અનુભવ ખૂટતો હોવાથી ચાલુ વર્ષ પૂરતું તેમને વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરવા પરવાનગી આપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— શ્રી. જાની બી.એ. તથા એમ.એ. બન્નેમાં પાસ વર્ગ ધરાવે છે અને તેમને ત્રણ વર્ષનો અનુભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. જી. જાનીને અંગ્રેજીના લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને જૂન ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૪૮. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ફમણ તરફથી જૂન ૧૯૬૮થી ચાલુ જોડાણ માટે આવેલ અરજી સાથે ઓ. ૧૨૦ અન્વયે જરૂરી અનામત રકમ હજુ સુધી આવી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની જોડાણઅરજી પર, જરૂરી અનામત રકમ આવ્યેથી, જોડાણની કાર્યવાહી કરવી અને ભવિષ્યમાં જોડાણઅરજી સાથે અનામત રકમ પણ વેળાસર મળી રહે તે જોવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૪૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૫૦. યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓ તરફથી આવેલી તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીની બાબતમાં શું થઈ શકે તેમ છે તે જોઈ તપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

૫૧. Govt. of India, Dept. of Atomic Energy, Bombay તરફથી ૧૯૬૭-૬૮ના વર્ષ માટે ગુજરાત રાજ્યની ત્રણ યુનિવર્સિટીઓ, એટલે કે ગુજરાત યુનિવર્સિટી,

એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા અને સરદાર પટેલ યુનિવર્સિટી વચ્ચે નીચે પ્રમાણે શિષ્યવૃત્તિઓ આપવાનો પરિપત્ર આવેલ હોવાથી તે શિષ્યવૃત્તિઓ એનાયત કરવા માટેની વરણીસમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ નીમવા અંગે વિચારણા કરવા બાબત:

અનુસ્નાતક શિષ્યવૃત્તિઓ

ફિઝિકસ	...	૬
કેમિસ્ટ્રી	...	૬
માઇક્રોબાયોલોજી	...	૨
ઝૂલોજી	...	૧
	કુલ ...	૧૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

(૧) ડૉ. ય. ગુ. નાયક
(૨) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૩) આચાર્ય સી. સી. શાહ
(૪) ડૉ. એમ. એસ. દુબળે.

૫૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્ય પુ. ગ. માવળંકરના તા. ૧૮-૯-૧૯૬૭ના પત્રાંક પ્રિન.-બીસી. ૧૦૯૦-૬૭ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૮-૪-૧૯૬૧ની સિન્ડિકેટના ઠરાવ નં. ૬૯ મુજબ હૉસ્ટેલના રસોડાનું સંચાલન વિદ્યાર્થીઓ પોતે કરે અને કૉન્ટ્રેક્ટની પ્રથા સદંતર દૂર જ કરે. વિદ્યાર્થીઓ રસોડું ચલાવવાની જવાબદારી લેવા તૈયાર ન હોય તો સંચાલકમંડળે વ્યવસ્થા કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની વિચારણા માટે મોકલવી.

૫૩. "Physics & Technology of Vacuum" અંગે તા. ૩૦-૯-૧૯૬૭થી તા. ૭-૧૦-૧૯૬૭ સુધી યોજવામાં આવેલ પરિસંવાદ અંગેનું વધારાનું તથા તે અંગેનું મહેનતાણું સ્વીકારવા માટે નીચેના કર્મચારીઓને મંજૂરી આપવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૫-૯-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	રકમ
૧.	શ્રી. જી. જી. મહેતા (ક્લાર્ક)	રૂા. ૪૦
૨.	શ્રી. એમ. એ. પંચાલ (,,)	રૂા. ૪૦
૩.	શ્રી. આર. બી. આચાર્ય (,,)	રૂા. ૪૦
૪.	શ્રી. કે. વી. ગોવિંદાણી (પટાવાળા)	રૂા. ૨૦
૫.	શ્રી. મફાજી ભૂદરજી (,,)	રૂા. ૨૦
૬.	શ્રી. નરસિંહ (સ્વીપર)	રૂા. ૫
	કુલ ...	રૂા. ૧૬૫

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના કામ અંગે ઉપર જણાવેલ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમ સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના વ્યાખ્યાતા શ્રી. આઈ. જી. વશી એક વર્ષની અભ્યાસ-રજા ઉપર ગયા હોવાથી તેઓની અવેજીની વ્યવસ્થા કરવા અંગેના પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીના તા. ૧૯-૯-૧૯૬૭ના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત:

"I recommend that Dr. A. A. Shaikh whose qualifications are shown in enclosure No. 1 be permitted to share the lecture work with Dr. K. A. Thaker, the only other member of the staff in the Organic Section."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એ. શેખને અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે માન્ય થઈ શકે તેવી લાયકાત ધરાવતા હોય તો તેમને શ્રી. આઈ. જી. વશીની ગેરહાજરી દરમિયાન વિજ્ઞાન વિદ્યાભવનમાં અનુસ્નાતક શિક્ષણકાર્યમાં ભાગ લેવા માટે પરવાનગી આપવી.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૫ સાથે કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૬. ફાર્મસીની વિવિધ પ્રાયોગિક પરીક્ષા વખતે ગૅસ મિકેનિક તથા મશીન ઑપરેટરની નિમણૂક કરવા તથા તેઓને કયા દરે મહેનતાણું આપવું તે અંગે એલ. એમ. ફાર્મસી કૉલેજના આચાર્યના તા. ૨૧-૯-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) પ્રી-સાયન્સ, એફ.વાય.બી.એસસી., ટી.બી.એ., બી.એસસી. તથા એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષામાં એક ગૅસ મિકેનિકને પ્રાયોગિક પરીક્ષાના પ્રત્યેક દિવસ માટે રૂા. ૫-૦૦નું મહેનતાણું આપવામાં આવે છે.

(૨) મેડિકલ પ્રાયોગિક પરીક્ષા વખતે મશીન માઇન્ડરને પ્રાયોગિકના પ્રત્યેક દિવસ માટે રૂા. ૫-૦૦નું મહેનતાણું આપવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીની વિવિધ પ્રાયોગિક પરીક્ષાઓ વખતે ગૅસ મિકેનિકને તથા મશીન ઑપરેટરને રૂા. ૫-૦૦ (રૂપિયા પાંચ)ના દરે દૈનિક વેતન આપવું.

૫૭. બી.એ. જનરલ અને સ્પેશિયલ જૂના અભ્યાસક્રમ પ્રમાણેની ૧૯૬૮ની પરીક્ષા માટે અગાઉ જેઓ બી.એ. (ઓલ્ડ)ની પરીક્ષા આપી નાપાસ થયા હોય કે રજિસ્ટ્રેશન કરાવી પરીક્ષા આપી ન હોય તે ઉપરાંત જેઓ માર્ચ ૧૯૬૮ની બી.એ.ની જનરલ અભ્યાસક્રમની પરીક્ષામાં બેસવા અન્યથા લાયકાત ધરાવતા હોય તેવા તમામ વિદ્યાર્થીઓને પણ બેસવા દેવા અને તે પછી વધુ કોઈ તક (trial) આપવી નહિ, તે અંગે વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે કે એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષામાં તે પરીક્ષામાં જો ઉમેદવાર અન્યથા પાત્ર હોય તો તેવા તમામ પાત્ર ઉમેદવારોને બેસવા માટે છૂટ આપવી. સાથે સાથે

એમ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે એપ્રિલ ૧૯૬૮ પછી બી.એ.ની જૂના અભ્યાસક્રમની વધુ એક પણ પરીક્ષા લેવામાં આવશે નહિ.

૫૮. યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેના પરીક્ષકોની પેનલ તૈયાર કરવા અંગે આવેલ ડૉ. હરિભક્તિ તથા ડૉ. એ. એમ. ત્રિવેદી અને આચાર્ય એમ. સી. દેસાઈનાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો ન્યેઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. ય. ગુ. નાયક
(૨) ડૉ. પી. સી. વૈદ્ય
(૩) આચાર્ય એમ. સી. દેસાઈ
(૪) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૫) આચાર્ય એન. એસ. પંડ્યા
(૬) ડૉ. જે. બી. હરિભક્તિ
(૭) પ્રોફેસર કે. જે. ભટ્ટ.

૫૯. બંડ સમયના પદવી અભ્યાસક્રમો (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના ડિપ્લોમા ધરાવનારા માટે) શીખવવા માટે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલ સ્વીકારવો, અને મજકૂર અભ્યાસક્રમો શીખવવા માટે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગને પરવાનગી આપવી.

૬૦. ડૉ. એ. એમ. ત્રિવેદીના તા. ૧૭-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

ડૉ. એ. એમ. ત્રિવેદીના સૂચન નં. ૧ અંગે ઠરાવવામાં આવ્યું કે સેનેટની વિશેષ સભા બોલાવવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

સૂચન નં. ૨ અંગેનાં વિચારણા આગળ બાબત નં. ૨૯ સાથે થયેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

સૂચન નં ૩ ની બાબતમાં કાર્યાલયે જરૂરી નોંધ સાથે તે ફરીથી રજૂ કરવી.

સૂચન નં. ૪ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરિસંવાદ અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલીને તેનાં પાસેથી આર્થિક સહાયની માગણી કરવી.

૬૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૯ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

તે પછી નીચેની બાબતો પ્રમુખસ્થાનેથી રજૂ કરવામાં આવી :

૬૨. કૉમનવેલ્થ એજ્યુકેશન કૉ.-ઑ. સ્કીમ હેઠળ યુ.કે.માં પ્રકાશન અંગેની તાલીમ લેવા એક વર્ષના અભ્યાસ માટે પ્રકાશન અધિકારીના નામની ભારત સરકારને ભલામણ કરવા અંગે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. પંડ્યાની અરજી સ્વીકારવામાં આવે તો આ યોજના હેઠળ યુનિવર્સિટીએ નીચે પ્રમાણેની બાંયધરી (undertaking) લેવાની રહેશે :

(1) To grant leave and adequate leave salary which would enable the family of dependents of the candidate to maintain themselves in India; and

(2) The cost of passage to and from the United Kingdom is to be met by the institution sponsoring the candidate and not by the candidate himself.

Only those candidates will be considered for nomination for whom the required undertaking can be given.]

આથી ઠરાવવામાં આવે છે કે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાને સદરહુ બર્સરી આપવામાં આવે તો તેમને બર્સરીના સમય દરમ્યાન ચાલુ મૂળ પગારે (basic salary) (ભથ્થા સિવાય) રજા આપવાનું રાખવું. પણ તેમનો જવા-આવવાનો ખર્ચ યુનિવર્સિટી ભોગવશે નહિ તેમ સ્પષ્ટતા કરવી.

૬૩. ઇકોનોમિક રિસર્ચ સેન્ટર અંગેના પ્રો. બી. આર. શેનોયના તા. ૫-૧૦-૧૯૬૭ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

ન.ં સિં./૫૧૦૭૦/૧૯૬૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯
નવેંબર ૯, ૧૯૬૭
કાર્તિક ૧૮, ૧૮૮૯ (શક).

કું. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૧

"શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક"

૧. દાતાનું નામ : શ્રીમતી વીરબાળા ૨. નાગરવાડિયા

૨. દાનની રકમ : રૂા. ૫,૦૦૦

૩. દાનનો પ્રકાર : એક સુવર્ણચંદ્રક

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૩/૪-૬-૧૯૬૭ની સભામાં ક્રમાંક ૨૬થી સ્વીકાર્યું.

નિયમો

૧. થર્ડ બી.કૉમ.ની પરીક્ષામાં "બિઝનેસ એડમિનિસ્ટ્રેશન"ના ફરજિયાત વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર અને તે પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી. રતિલાલ પી. નાગરવાડિયા સુવર્ણચંદ્રક" પ્રતિવર્ષ એનાયત કરવામાં આવશે.

૨. સુવર્ણચંદ્રક વિજેતાનું નામ બને ત્યાં સુધી પરીક્ષાના પરિણામ સાથે જાહેર કરવામાં આવશે.

૩. વિજેતાને સુવર્ણચંદ્રક આપવામાં તેની નાતજાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. આ દાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૫. સુવર્ણચંદ્રક શક્ય હશે ત્યાં સુધી યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને અર્પણ કરવામાં આવશે.

૬. આ સુવર્ણચંદ્રક આપતાં જે બચત રહે તે મૂળ દાનની રકમમાં ઉમેરવામાં આવશે.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૩૦

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલો તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૪-૮-૧૯૬૭ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે વિચારણા કરવા માટે મળેલી, જેમાં નીચે જણાવેલ સભ્યો હાજર હતા :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. આચાર્ય રૉ. ય. ગુ. નાયક	ગેરહાજર
૩. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૪. આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૫. રૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યું હતું.

૧. તા. ૭-૧૨-૧૯૬૬ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૭-૧૨-૧૯૬૬ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચે જણાવેલ કૉલેજો તથા માન્ય સંસ્થાઓના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલા અહેવાલો અને તે અંગે જે તે કૉલેજોના આચાર્યો તરફથી નોંધ આવી હોય તો તે પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૫. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૭. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ.

સદરહુ બાબત અંગે કૉલેજવાર વિચારણા થયા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ

(ક) સદરહુ કૉલેજના ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની એક નકલ રાજ્ય સરકાર તથા કૉલેજને મોકલીને નીચેની ક્ષતિઓનું તાકીદે નિવારણ કરવા અને યુનિવર્સિટીને જાણ કરવા કહેવું :

૧. કૉલેજના શિક્ષકોને યુનિવર્સિટીના નિયમ મુજબ પગારધોરણ અને મોંઘવારી ભથ્થું આપવામાં આવે.

૨. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા જે હાલમાં પુસ્તકાલયના ખંડમાં છે તે ત્યાંથી ખસેડી અલગ રીતે જરૂરી સાધનસામગ્રી સાથે સુસજ્જ કરવામાં આવે.

૩. હૉસ્ટેલમાં ભોજનખંડની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪. હૉસ્ટેલના પ્રથમ માળ પર શૌચાલયની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

(ખ) તપાસસમિતિનું નીચેનું સૂચન કૉલેજ તથા રાજ્ય સરકારને જાણ તેમ જ ઘટતું કરવા માટે મોકલી આપવું :

"પીએચ.ડી.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દર વર્ષે દર વિદ્યાર્થી દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ પ્રાયોગિક વિજ્ઞાન માટે કરવામાં આવે તેવી જોગવાઈ થાય તે ઇચ્છનીય છે."

૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

તપાસસમિતિનું નીચે જણાવેલ સૂચન પ્રત્યેક સંલગ્ન કૉલેજને જાણ તથા ઘટતું કરવા માટે મોકલી આપવું :

"કૉલેજનો સમય બપોરનો રાખવામાં આવે તો વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં પૂરા મનથી કામ કરે તથા પુસ્તકાલયનો ઉપયોગ પણ સારા પ્રમાણમાં કરી શકે. આ અનુભવને અનુલક્ષીને કૉલેજનો સમય ૧૧-૦૦ વાગ્યાથી ૧૨-૦૦ વાગ્યાની વચ્ચેના કોઈ પણ સમયથી શરૂ કરવાનો પ્રયોગ અન્ય કૉલેજો પણ સ્વીકારે તે ઇચ્છનીય છે.

૩. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

સદરહુ બાબતની નોંધ લેવી.

૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

તપાસસમિતિનું નીચેનું સૂચન સદરહુ કૉલેજની જાણ તથા ઘટતું કરવા માટે મોકલી આપવું :

"કૉલેજના મકાનમાં ગ્રંથાલય માટે વિશાળ ખંડ છે, પણ સમૃદ્ધ પુસ્તકાલય એટલું મોટું થતું ગયું છે કે એને માટે જરૂરી અલાયદું મકાન અથવા અલાયદો બ્લૉક બંધાવવા સોસાયટી તરફે શિક્ષણના હિતમાં સક્રિય પગલાં ભરવાનો સમય પાકી ગયો છે."

૫. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯

(ક) કીટાણુવિજ્ઞાનના યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક તા. ૧૫-૬-૧૯૬૮ સુધીમાં કરી યુનિવર્સિટીને તેની જાણ કરવી. તેમ નહિ કરવામાં આવે તો નવા શૈક્ષણિક વર્ષે તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

(ખ) ટ્યુટોરિયલ માટે ૪૦થી વધુ વિદ્યાર્થીઓની બેચ રાખવી નહિ અને જો વધારવા જેવી પરિસ્થિતિ થાય તો તે માટે યુનિવર્સિટી કાર્યાલયને અગાઉથી જાણ કરવી.

૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

સદરહુ બાબતની નોંધ લેવી.

૭. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ

સદરહુ કૉલેજની તપાસસમિતિના અહેવાલની એક નકલ કૉલેજને તથા શિક્ષણ નિયામક, ઇજનેરી વિદ્યાશાખાને મોકલીને નીચેની ક્ષતિઓનું તાકીદે નિવારણ કરી યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જણાવવું:

(ક) સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ખાલી રહેલી નીચેની જગ્યાઓ તાકીદે પૂરવામાં આવે:

૧. પ્રોફેસર	...	૩ (રસાયણ, ભૌતિક અને ગણિત, એ પ્રત્યેકના એક)
૨. એસોસિયેટ પ્રોફેસર	...	૧
૩. રીડર	...	૧
૪. વ્યાખ્યાતાઓ	...	૪
૫. મદદનીશ વ્યાખ્યાતાઓ		૬
૬. ડ્રાફ્ટ્સમેન	...	૩.

(ખ) અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ખાલી રહેલી નીચેની જગ્યાઓ પૂરવામાં આવે:

૧. પ્રોફેસર	...	૬
૨. આસિ. પ્રોફેસર	...	૫

(ગ) હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટ્સની જગ્યાઓ વધારવામાં આવે.

(ઘ) અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને પુસ્તકાલયની યોગ્ય સવલતો આપવામાં આવે.

(ચ) ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનની ભલામણ અનુસાર પાંચ વર્ષના પદવી અભ્યાસક્રમને અનુલક્ષીને પ્રયોગશાળાઓ સુસજ્જ કરવામાં આવે.

૮. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ

સદરહુ બાબતની નોંધ લેવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૩૯

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૨-૯-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	હાજર
૩.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪.	શ્રી. જી. જી. વૈદ્ય	હાજર.
૫.	ખાલી	
૬.	,,	

૧. બાંધકામ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ના રોજ મળેલ સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયમાં ૩જા નં. ૧૮માં દીવાલ પર કરવામાં આવેલ ડિસ્ટેમ્પરને જોઈ-તપાસી ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બાંધકામ સમિતિની તા. ૧૧-૮-૧૯૬૭ના રોજ મળેલ સભામાં રજૂ થયેલ કાર્ડ પ્રમાણે ડિસ્ટેમ્પરના વધુ ચાર સેમ્પલ તૈયાર કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિસ્ટેમ્પરના રંગના વધુ ત્રણ નમૂના ચર્ચા થયા મુજબ તૈયાર કરવા અને તે અંગે યોગ્ય નિર્ણય કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. (અ) અતિથિગૃહના મકાનના બાંધકામમાં નીચેની બાબતો કુલપતિશ્રીએ મંજૂર કર્યાની નોંધ લેવી :

૧. દાદરના ટપ્પા ઉપર બે ટુકડે પૉલિશ લાદી લગાવવાને બદલે બ્લેક ટૅરેઝો (વ્હાઈટ મારબલ ચિપ્સ સાથે) ફિનિશ કરવા અંગે.
૨. બ્લેક ઑકિસડાઈઝ ફીટિંગના બદલે દરવાજામાં ક્રોમિયમ પ્લાસના ફીટિંગ તથા બારીઓ વગેરેમાં ઍલ્યુમિનિયમ ફીટિંગ લગાડવા અંગે.

(બ) અતિથિગૃહના મકાનના કબાટની આઇટમમાં છાજલીના દર આવી શકે નહિ તેમ સ્થપતિ શ્રી. આર. કે. ચોકસી તેમના તા. ૩૧-૮-૧૯૬૭ના પત્રમાં જણાવે છે. આથી તે પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહના મકાનના બાંધકામમાં નીચેની બાબતો મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી :

૧. દાદરના ટપ્પા ઉપર બે દુકડે પૉલિશ લાદી લગાવવાને બદલે બ્લેક ટેરેઝો (વ્હાઇટ મારબલ ચિપ્સ સાથે) ફિનિશ કરવા બાબત.

૨. બ્લૅક ઑક્સિડાઇઝ્ડ ફીટિંગને બદલે દરવાજામાં ક્રોમિયમ ફિનિશ બ્રાસના ફીટિંગ તથા બારીઓમાં ઍલ્યુમિનિયમના ફીટિંગ લગાડવા બાબત.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મકાનમાં કબાટની આઇટમના ભાવ જોતાં તેમાં છાજલીનો સમાવેશ કરવા માટે આગ્રહ રાખવો નહિ. વધુમાં ઠરાવવામાં આવ્યું કે કબાટમાં ઊધઈની ટ્રીટમેન્ટ કરાવવી અને છાજલીઓનાં માપ (Specifications) માલના પ્રકાર સહિતની વિગતો સાથે આ બાબત ફરીથી રજૂ કરવી.

૪. ટીચર્સ હૉસ્ટેલના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામમાં રૂા. ૨,૩૨૨નો થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કામનું ટેન્ડર રૂા. ૨૨,૬૭૮ની રકમનું મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામમાં રૂા. ૨,૩૨૨નો થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. ગ્રંથાલયના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામમાં રૂા. ૧,૪૦૦નો થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ કામનું ટેન્ડર રૂા. ૨૪,૬૦૦ની રકમનું મંજૂર થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના મકાનમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામમાં રૂા. ૧,૪૦૦નો થયેલો વધારાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ કામમાં થયેલા વધારાના ખર્ચની વિગતો હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે પેટ્રોલ-રૂમ તથા ડિસ્ટિલ્ડ વૉટર-રૂમના બાંધકામ માટેના પ્લાન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પેટ્રોલરૂમની અંદાજી રકમ રૂા. ૨,૦૦૦ બાંધકામ સમિતિની તા. ૫-૧-૧૯૬૬ની સભાએ મંજૂર કરવા ભલામણ કરેલ છે અને ડિસ્ટિલ્ડ વૉટર-રૂમના કામની અંદાજી રકમ ૨,૫૦૦ બાંધકામ સમિતિની તા. ૨૧-૩-૧૯૬૭ના રોજ મળેલ સભાએ મંજૂર કરવા ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડિસ્ટિલ્ડ વૉટરનો પુરવઠો મેળવવા માટે એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના સત્તાવાળાઓનો સંપર્ક સાધવા વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને સૂચવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે પેટ્રોલ-રૂમ તથા ડિસ્ટિલ્ડ વૉટરના ઓરડાના પ્લાન તથા સ્થળ બાબત સ્થપતિ શ્રી. બી. વી. દોશીનો અભિપ્રાય મેળવી આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો તથા આ બંનેના કામનું સ્થળ શ્રી. જી. જી. વૈદ્યની સલાહ લઈને નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

આ બાબત અંગે ચર્ચાવિચારણા કરતાં ઠરાવવામાં આવ્યું કે પેટ્રોલ-રૂમ જમીનની નીચે (underground) કરવાની શકયતા પણ તપાસવી તથા તેની મંજૂરી આપતા સત્તાવાળાઓને પૂછીને આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના બોટેની વિભાગ માટે ટૂલ-રૂમના પ્લાન મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંદાજી રકમ રૂા. ૨,૫૦૦ બાંધકામ સમિતિની તા. ૧૭-૬-૧૯૬૬ના રોજ મળેલ સભાએ મંજૂર કરવા ભલામણ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના વિભાગ માટે બોટાનિકલ ગાર્ડનમાં ટૂલરૂમ બાંધવા માટેના પ્લાન બાબત સ્થપતિ શ્રી. બી. વી. દોશીનાં સૂચનો મેળવી આ ટૂલરૂમ માટેની સાઇટ શ્રી. જી. જી. વૈદ્યની સલાહ લઈને નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. લેડીઝ હૉસ્ટેલ અને ઓવરહેડ ટેન્કના બાંધકામના કન્ટ્રાક્ટર મે. ડી. વી. પટેલના ફાઇનલ બીલમાંથી સિમેન્ટની ખાલી થેલીની રકમ કાપવા અંગે નિમાયેલ લવાદ શ્રી. સી. સી. પટેલના ચુકાદા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બહેનોના છાત્રાલય તથા ઓવરહેડ ટેન્કના બાંધકામના કન્ટ્રાક્ટર મે. ડી. વી. પટેલના ફાઇનલ બીલમાંથી સિમેન્ટની ખાલી થેલીઓની રકમ કાપવા અંગે નિમાયેલા લવાદ શ્રી. સી. સી. પટેલના ચુકાદાની નોંધ લેવી.

(સદરહુ ચુકાદાની નકલ સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવ્યું કે હવે પછીનાં ટેન્ડરોમાં સિમેન્ટની ખાલી થેલીઓ અંગેની શરત શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈની સલાહ લઈને ઘડવાનું રાખવું.

૯. રેસિડેન્ટ પ્રોફેસરના ક્વાર્ટર્સના બાંધકામના વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

રેસિડેન્ટ પ્રોફેસરના ક્વાર્ટર્સના બાંધકામમાં આ સાથેની યાદી "અ" મુજબ વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવ્યું કે ઓઝેક તથા સિમેન્ટ ટાઇલ્સના નમૂના કુલપતિશ્રી પાસે મંજૂર કરાવીને પછી કામ કરાવવું.

૧૦. ગ્રંથાલયના મકાનના બાંધકામમાં ટેન્ડરની કેટલીક આઇટમોમાં સ્થપતિ શ્રી. બી. વી. દોશીની સૂચના મુજબ જે ફેરફારો થયેલ છે તે અંગે તથા તેની રકમના ચુકવણીમાં થતા ફેરફાર અંગે વિચારણા કરવા બાબત.

૩.	શ્રી. આર. એમ. કડિયા, એમ.એ.	,,	હિન્દી	મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
૪.	શ્રી. જે. એમ. કાદરી, એમ.એ.	,,	ઉર્દૂ	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. પી. ટી. કૉન્ટ્રાક્ટર, એમ.એ.	,,	અર્થશાસ્ત્ર જૂથ "સી" અને "ડી"	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. એસ. બી. પંચોલી, એમ.એ.	,,	,,	સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭.	ડૉ. પ્રનાથ મિત્રા, એમ.બી.,બી.એસ., ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રી	,,	ક્લિનિકલ સાયકૉલોજી	બી. એમ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૮.	ડૉ. કે. આર. બિંડિંગાવલે, એમ.બી.,બી.એસ., ડિપ્લોમા ઇન સાઇકિયાટ્રી, ડી.પી.એમ.	,,	,,	,, ,,
૯.	શ્રી. એન. જે. પટેલ, એમ એસસી.	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણ
૧૦.	શ્રી. એસ. બી. દેસાઈ, એમ.એસસી.	,,	માઇક્રો-બાયોલોજી	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ
૧૧.	શ્રી. આઈ. એચ. લાલીવાલા, એમ.એસસી.	,,	ગણિતશાસ્ત્ર જૂથ "એ"	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ–૯

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
૧૨.	શ્રી. એ. વી સોલંકી, એમ.એ., એલએલ.બી.	એમ કૉમ.	૧. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર ૨. ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ ૩. બૅંકિંગ ૪. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ	જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૧૩.	ચંપકલાલ ત્રિભનલાલ શાહ, એમ.કૉમ.	,,	૧. કૉસ્ટ એકાઉન્ટિંગ પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ પેપર ૩ અને ૪	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૪.	શ્રી. ચંદુભાઈ ફકીરભાઈ પટેલ, એફ.સી.એ.	,,	૧. કૉસ્ટ એકાઉન્ટિંગ પેપર ૧ અને ૨ ૨. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ પેપર ૩ અને ૪	નવગુજરાત કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૧૫.	શ્રી. આર. બી. શાહ, એમ.કૉમ.	,,	૧. બિઝનેસ-મૅનેજમેન્ટ ૨. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૩. કૉર્પોરેશન ફાઇનાન્સ ૪. મૅનેજમેન્ટ	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૬.	શ્રી. એન. એન. મહેતા, એમ.કૉમ.	,,	૧. ઑર્ગેનાઇઝ્ડ માર્કેટ્સ ૨. કૉર્પોરેશન ફાઇનાન્સ ૩. બૅંકિંગ ૪. ઇન્ટરનેશનલ-ફાઇનાન્સ	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
૧૭.	ડૉ. એમ. પી. અમીન, એમ.એસ., એફ.સી.પી.એસ., એફ.આર.સી.એસ., એફ.આર.સી.એ.આઈ.	એમ.એસ. બ્રાન્ચ ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૧૮.	ડૉ. બી. પી. તામ્બકર, એમ.એસસી. (મેડ.)	એમ.એસ. બ્રાન્ચ ૫ એમ.એસસી. (મેડ.)	હ્યુમન એનેટોમી	,, ,,
૧૯.	ડૉ. બી. આર. કુલકર્ણી, એમ.એસસી. (મેડ.)	એમ.એસ.	,,	,, ,,
૨૦.	ડૉ. એ. આર. શાહ, એમ.ડી., ડી.પેડ.	એમ.ડી. બ્રાન્ચ ૫ ડી.પેડ.	પેડિયાટ્રિક્સ	,, ,,
૨૧.	ડૉ. યુ. જે. મોદી એમ.ડી., ડી.પેડ.	,,	,,	,, ,,
૨૨.	ડૉ. એસ. પી. મહેતા, એમ.એસ.	એમ.એસ. બ્રાન્ચ ૩	ઑર્થોપેડિક સર્જરી	,, ,,
૨૩.	ડૉ. બી. જે. બીમાણી, એમ.બી.,બી.એસ., એમ.ડી.	એમ.ડી. બ્રાન્ચ ૧	જનરલ મેડિસિન	,, ,,
૨૪.	શ્રી. જે. કે. વ્યાસ, એમ.એ.	એમ.એ.	હિન્દી	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ
૨૫.	શ્રી. જી. એસ. મુન્શી, એમ.એ.	,,	અંગ્રેજી	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૨૬.	શ્રી. બી. એ. તીરમીઝી, એમ.એ., પીએચ.ડી.	,,	પર્શિયન	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કલોલ
૨૭.	શ્રી. કે. જે. પટેલ, એમ.એસસી.	એમ.એસસી.	ફિઝિક્સ	એમ. એન. કૉલેજ, વીસનગર
૨૮.	શ્રી. કે. કે. પટેલ, એમ.એસસી.	,,	,,	,,
૨૯.	ડૉ. આર. સી. શાહ, એમ.એસસી. (મેડ.)	એમ.ડી.	ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થા
૩૦.	શ્રી. સી. પી. વ્યાસ, એમ.એ.	એમ.એ.	ગુજરાતી	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવણજ
૩૧.	શ્રી. વસુન્ધરા કાલેવર	એમ.એસ., ડી.ઓ.એમ.એસ.	ઑપ્થાલ્મોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ 'ઘ'

માન્યતા બદલી આપી

ક્રમાંક	નામ	પદવી	વિષય	કઈ કૉલેજમાંથી	કઈ કૉલેજમાં
૧.	શ્રી. આર. ડી. જોશી (શિક્ષક)	એમ.એ.	ફિલોસોફી	શામળદાસ કૉલેજ, ભાવનગર	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨.	શ્રી. જે. આર. શાહ (શિક્ષક)	એમ.કૉમ.	૧. ઇન્ડસ્ટ્રિયલ મૅનેજમેન્ટ ૨. ઇન્ડસ્ટ્રી એન્ડ લેબર ૩. ઇન્ટરનેશનલ ફાઇનાન્સ	એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ-૬	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૩.	શ્રી. પી. આર. વર્મા (મદદનીશ)	એમ.એ.	હિન્દી	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પી. સાયન્સ કૉલેજ, તલોદ
૪.	શ્રી. એ. આર. રાવ (શિક્ષક)	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર જૂથ 'એ' અને 'બી'	પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર	સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી. જે. બી. સાવિડલ (શિક્ષક)	,,	,,	ડી. કે. વી. કૉલેજ, જામનગર	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. યુ. ડી. ભટ્ટ (શિક્ષક)	એમ.એ.	તત્ત્વજ્ઞાન	ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર
૭.	શ્રી. એચ. બી. નાયક (શિક્ષક)	એમ.એસસી.	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	ગુજરાત કૉલેજ, અમદાવાદ	આર. આર. લાલન કૉલેજ, ભૂજ

परिशिष्ट 'च'

P.-G. Rule No. 5 :

(1) Candidates registered for certain groups, viz., History (Groups 'A' & 'B'), Economics (Groups 'C' & 'D'), Sociology (Groups 'E' & 'F') and Politics (Groups 'G' & 'H') for the M.A. Degree may be permitted to change their group or groups if the applications for such a change are received by the Registrar through the Professor-in-charge of the Institution/University Department concerned before the 16th August of every year. Candidates changing both the groups must register their names afresh and keep necessary terms prescribed for Part I and Part II Examinations.

(2) Candidates registered with certain groups, viz., History (Group 'B'), Politics (Group 'H'), Ancient Indian Culture, Psychology or Geography may be permitted to change their optional group or groups prescribed for Part II Examination in application for a change are received by the Registrar through the Professor-in-charge of the Post-graduate Centre and the Head of the Institution/University Department concerned before the 16th August every year.

P.-G. Rule No. 6 :

Candidates registered for the M.A. or the M.Sc. Degree Examination in Group 'A' or 'B' in Mathematics, but not for Statistics may be permitted to change their optional Group 'A' or Group 'B' as the case may be if applications, therefore, are received by the Registrar through the Professor-in-charge of the Post-graduate Centre and the Head of the Institution University Department concerned before the 16th August every year.

P.-G. Rule No. 7 :

A change in the sub-groups under Group 'B' at M.Com. Examination may be permitted only if applications, therefore, are received by the Registrar through the Professor-in-charge of the Post-graduate Centre and the Head of the Institution before 16th August, in the first term of the Part I Examination.

P.-G. Rule No. 8 :

The students may be permitted by the Professor-in-charge of the Post-graduate Centre concerned on sufficient reasons being shown to shift from one institution to another during the course of their study after having obtained the permission from the University in that behalf. Those students who migrate from one institution to another shall do so immediately after the commencement of a term but not later than 16th August or 5th December as the case may be.

P.-G. Rule No. 11 :

A student intending to take a Post-graduate Degree in a subject different from the one for which he has been registered his name must register himself afresh by paying the prescribed registration fee. Such registration will be permissible if an application in this behalf is received by the Registrar through the Professor-in-charge of the Post-graduate Centre in the new subject concerned before the 16th of August the academic year in which the student is registered

If, as a result of a change in the the subject, it is necessary for the candidate to change the institution his tuition fees paid to the institution where he was enrolled earlier shall be transferred to the new institution where his name as a Post-graduate student for the new subject is enrolled.

P.-G. Rule No. 12 :

A change in the principal of the subordinate language subject will be permitted if an application in this behalf together with a certificate signed by the Professor-in-charge of the Post-graduate Centre where the student proposes to study the new principal language subject or a subsidiary language subject as the case may be and on his name being registered afresh for the new principal and/or subordinate language subject is received by the Registrar before the 16th of August of the academic year in which the student is registered for his Post-graduate Degree. Attendance at periods and/or seminars for the subordinate language is also compulsory.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 823-300-11-67

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેંબર માસની સભા, બુધવાર, તા. ૧૫-૧૧-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને ગુરુવાર, તા. ૧૬-૧૧-૧૯૬૭ના રોજ પણ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૫-૧૧-૧૯૬૭	તા. ૧૬-૧૧-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર	હાજર
૨.	શ્રી. એચ. એ. મિસ્ત્રી, નાયબ શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર	હાજર
૮.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. વિનોદચંદ્ર રા. શાહ	ગેરહાજર	હાજર
૧૦.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૧.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	ગેરહાજર
૧૩.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪.	પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય ચંડીપ્રસાદ એલ. શાસ્ત્રી	હાજર	હાજર
૧૬.	આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
[illegible]	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
[illegible]	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા.૮/૯-૪-૧૯૬૭ની સભામાં નીમેલી દેખભાળ સમિતિના હેવાલની ભલામણો (પરિશિષ્ટ "અ") પૈકી બાકી રહેલી ભલામણો ક્રમાંક ૧૪(૩), ૧૫થી ૩૫ (૧૮ સિવાય) પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો ક્રમાંક ૧૪(૩), ૧૫, ૧૬ અને ૧૭ તથા ૧૯થી ૩૫ પર વિચારણા કરવામાં આવી, અને તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧૪. "એફિલિયેશનની શરતોના પાલન અંગે તથા નવા વર્ગો ઉઘાડવાની પરવાનગી આપતી વખતે નીચેની બાબતોની ચોકસાઈ રાખવી :

(૩) નવી કૉલેજ કે નવી વિદ્યાશાખા ઉભેરવા માટેની સ્ટાફ સિવાયની બધી શરતોનું તા. ૧લી માર્ચ સુધીમાં પાલન કરવાનું આવશ્યક રાખવું અને સ્ટાફમાં જેની નિમણૂકો થઈ હોય તેઓ તા. ૧લી જૂને હાજર થાય તેવો નિયમ રાખવો અને નિમણૂક કરેલો સ્ટાફ ખરેખર જોડાયો કે નહીં તેની ચકાસણી બાબત સમિતિએ ખાતરી કરવી.

તે જ પ્રમાણે નવો વિષય ઉભેરવા માટે તથા વધારાના વર્ગો ખોલવા માટેની બધી જ શરતોનું પાલન તા. ૩૧મી માર્ચ પહેલાં થાય તેમ કરવું અને આ માટે સ્ટાફની નિમણૂક તા. ૧લી જૂનથી અમલમાં આવે તે પ્રમાણે કરવું.

ઉપર મુજબ જોડાણનો કે વધારાના વર્ગ માટેની શરતો અને સ્ટાફની હાજરીની યુનિવર્સિટીને ખાતરી થાય તે પછી જ જે તે અભ્યાસક્રમ કે વધારાના વર્ગોમાં કૉલેજ વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે એવો નિયમ કરવો. યુનિવર્સિટીની આવી લેખિત પરવાનગી વગર દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગેરનિયમિત (Irregular) ગણાશે."

નવી કૉલેજ કે નવી વિદ્યાશાખા ઉભેરવા માટેની સ્ટાફ સિવાયની બધી શરતોનું પાલન તા. ૩૦મી એપ્રિલ સુધીમાં કરવાનું આવશ્યક રાખવું અને શિક્ષકગણમાં તમામ જરૂરી નિમણૂકો તા. ૩૦મી એપ્રિલ સુધીમાં કરીને તેઓ તા. ૧૫મી જૂને હાજર થાય તે આવશ્યક ગણવું. તમામ શિક્ષકો તા. ૧૫મી જૂન સુધીમાં હાજર થયાની ખાતરી ચકાસણી સમિતિએ કરી લેવાનું પણ રાખવું.

તે જ પ્રમાણે નવા વિષય ઉભેરવા માટે તથા વધારાના વર્ગો ખોલવા માટેની બધી જ શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ સુધીમાં થાય તે આવશ્યક ગણવું અને આ માટે શિક્ષકગણમાં જરૂરી શિક્ષકોની નિમણૂકો તા. ૩૦મી એપ્રિલ સુધીમાં થાય અને તેઓ તા. ૧૫મી જૂન સુધીમાં હાજર થાય તે આવશ્યક ગણવું.

ઉપર મુજબ, ગોઠવણની કે વધારાના વર્ગ માટેની શરતોનું પાલન થાય અને શિક્ષકગણ જોડાયાની યુનિવર્સિટીને ખાતરી થાય તે પછી જ જે તે અભ્યાસક્રમ એ કૉલેજ શરૂ કરી શકશે કે વધારાના વર્ગમાં કૉલેજ વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે એવો નિયમ કરવો. યુનિવર્સિટીની આવી લેખિત પરવાનગી વગર દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગેરનિયમિત (irregular) ગણાશે.

૧૫. "સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનામાં નીચેના ફેરફાર કરવા :

૧. સૂચના નં. ૩માં જરૂરી કેપિટલ ખર્ચ તે ઉપરાંત વધારામાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૫૦,૦૦૦નું વર્કિંગ ફંડ અલાયદું રાખવાનું અવશ્યક રાખવું.

૨. સૂચના નં. ૩માં છેડે મકાન બાંધવા માટે જરૂરી જમીનનો ઉલ્લેખ છે તેને બદલે મકાન માટે તેમજ ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનું આવશ્યક રાખવું.

૩. સૂચના નં. ૭માં યુનિવર્સિટીએ પોતે કૉલેજનાં મકાનો માટે લેઆઉટ તૈયાર કરાવી તે પ્રમાણે મકાનો તૈયાર કરવા કહેવું. વર્ગો ઉપરાંત જોઈતા ઓરડાઓની જોગવાઈ અંગે નીચે પ્રમાણે પ્રબંધ કરવા કહેવું :

(૧) શિક્ષકો માટેના સામાન્ય ખંડ તથા જે વિષયમાં ત્રણથી વધુ શિક્ષકો હોય તેવા દરેક ડિપાર્ટમેન્ટ માટે વિષય દીઠ એક સ્વતંત્ર ખંડ

(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૩) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવા વિદ્યાર્થીઓ દીઠ દશ ચોરસ ફૂટ જગ્યાવાળા વાચન-ખંડ સહિત ગ્રંથાલય અને અધ્યયન માટેની ઘટતી જોગવાઈ

(૫) પાણી માટેનો ખંડ

(૬) કેન્ટીન માટેનો ખંડ

(૭) સ્વચ્છ સંડાસ અને પેશાબખાનાની વ્યવસ્થા."

સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનાઓમાં નીચેના ફેરફાર કરવા :

(૧) સૂચના નં. ૩માં જરૂરી મૂડી ખર્ચ ઉપરાંત વધારામાં આકસ્મિક સંજોગોને પહોંચી વળી શકાય તે માટે પ્રત્યેક નવી કૉલેજમાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૧૦,૦૦૦-૦૦નું ચાલુ અનામત ફંડ રાખવું આવશ્યક રહેશે તે મતલબનો ઉમેરો કરવો.

(૨) વધુમાં સૂચના નં. ૩માં છેડે મકાન બાંધવા માટે જરૂરી જમીનનો ઉલ્લેખ છે તેને બદલે મકાન માટે તથા ભવિષ્યના વિકાસ માટે પૂરતી જમીન મેળવવાનો ખ્યાલ રાખવો, એ મતલબનો ઉમેરો કરવો.

(૩) સૂચના નં. ૭માં ઉમેરવું કે વર્ગો ઉપરાંત જોઈતા ઓરડાઓની જોગવાઈ અંગે નીચે પ્રમાણે પ્રબંધ કરવો આવશ્યક રહેશે :

(૧) શિક્ષકો ને વિદ્યાર્થીઓ મળી શકે તેવી વ્યવસ્થા કરતી હિતાવહ ગણાય,
(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો ખંડ,
(૩) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ,

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ આઠ ચોરસફૂટનો જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય અને અધ્યાપન માટેનો ઘટતી જોગવાઇ,

(૫) પાણી માટેનો ખંડ,

(૬) કેન્ટીન માટેનો ખંડ,

(૭) બધા શિક્ષકો અને વિદ્યાર્થીઓ એક સ્થળે મળી શકે તેવી વ્યવસ્થા.

૧૬. "કૉલેજો એકીસાથે વધારે વિષયો માટે જોડાણ માગવા માટે અરજી કરે અને તે પૈકીના બહુ થોડા જ વિષયો ખરેખર શીખવવાનું શરૂ કરે તે અંગે નિયંત્રણ મૂકવા અંગે વિચારવું."

સદરહુ ભલામણ સ્વીકારવી નહીં.

૧૭. "કૉલેજને જે વિષય માટે કાયમી જોડાણ મળ્યું હોય અથવા જે વિષય મુખ્ય (પ્રિન્સિ.) વિષય તરીકે શીખવાતો હોય તે વિષયનું અધ્યાપન બંધ કરવું હોય તો તે અંગે યુનિવર્સિટીને એક ટર્મ અગાઉ જાણ કરી પરવાનગી લેવી."

કૉલેજને જે વિષય માટે કાયમી જોડાણ મળ્યું હોય અથવા જે વિષય મુખ્ય વિષય (principal subject) તરીકે શીખવાતો હોય તે વિષયનું અધ્યાપન બંધ કરતાં પહેલાં નીચે બાબત નં. ૩માં જણાવ્યા મુજબના સમય પહેલાં યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ જે તે કૉલેજે કરવી આવશ્યક રહેશે.

૧૮. "યુનિવર્સિટીના નિયમો પાળવામાં તથા જોડાણની શરતોના પાલન સંબંધી કૉલેજોના વહીવટકર્તા મંડળો પૂરતી જાગૃતિ રાખે તે માટે જોડાયેલી કૉલેજોનું ઍફિલિયેશન કે ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન વગેરે કામો માટે તપાસસમિતિઓ, ઉપરાંત કૉલેજોની અવારનવાર ઓચિંતી (surprise) મુલાકાતો લઈ તપાસ કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટે ઘટતાં પગલાં લેવાં જોઈએ."

સદરહુ ભલામણની નોંધ લેવી.

સ્ટાફની નોકરીની શરતો તથા આનુષંગિક બાબતો

૨૦. "સ્ટાફની નિમણૂક અંગે હાલના નિયમો ઉપરાંત નીચેના વધારાના નિયમોનો પ્રબંધ કરવો :

(૧) સ્ટાફના દરેક સભ્યને હાજર થાય તે પહેલાં તેની નોકરીની શરતો, વેતન વગેરે સ્પષ્ટ રીતે જણાવતો એપોઇન્ટમેન્ટ ઓર્ડર આપવાનું ફરજિયાત રાખવું અને સ્વીકૃતિપત્રમાં પણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

(૨) સ્ટાફના દરેક સભ્યનું પ્રૉવિડન્ટ ફંડ જે તારીખથી નોકરીએ જોડાય ત્યારથી જ કાપવું અને કૉલેજનો ફાળો પ્રોબેશન પિરિયડ પૂરો થાય તે દિવસથી ઉમેરવો. પ્રોબેશનનો સમય એપોઇન્ટમેન્ટમાં સ્પષ્ટ જણાવવો.

(૩) એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જતા શિક્ષકોનો પ્રોવિડંટ ફંડનો હિસાબ જે કૉલેજમાં જાય ત્યાં ટ્રાન્સફર કરવો અને પ્રોવિડંટ ફંડનું સાતત્ય જળવાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) સ્ટાફના જે સભ્યો પગાર ચેકથી માંગે તેને પગાર ચેકથી આપવો.

(૫) કૉલેજના સ્ટાફના બધા સભ્યોને માટે દરેક માસના પગારનું કૉન્સોલિડેટેડ પે રજિસ્ટર રાખવું અને તે પર પગાર મળ્યા બદલની પહોંચ નિયમિત લેવા.

(૬) સ્ટાફના કોઈ પણ સભ્યને સત્રની વચમાં છૂટા કરવા નહિ અને નિયત સમયની નોટિસ આપ્યા વગર છૂટા કરવા નહિ. સ્ટાફને છૂટા કરવાની નોટિસ સત્રના અંતે પૂરી થાય તેવી જ હોવાનું આવશ્યક રાખવું. આ નિયમની વિરુદ્ધ છૂટા કરવા હોય તો તેવા દરેક કેસનાં ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

તેજ રીતે સ્ટાફના સભ્યો પણ સત્રની અધવચ્ચે છૂટા કરવાની માગણી કરી શકે નહિ અને અપવાદરૂપ સંજોગોમાં સત્રના અધવચમાં એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની જરૂર ઊભી થાય તો તે માટે ઉપકુલપતિશ્રીની લેખિત પરવાનગી મેળવવાનું આવશ્યક રાખવું.

(૭) એક કૉલેજના શિક્ષક બીજી કૉલેજમાં જોડાય ત્યારે જે કૉલેજમાં શિક્ષક જોડાય તે કૉલેજના આચાર્ય તે શિક્ષક તરફથી મળેલા સ્વીકૃતિપત્રની નકલ તેમાં તે શિક્ષકની સહી તથા કઈ તારીખથી તે કૉલેજમાં જોડાશે તેની માહિતી સાથે યુનિવર્સિટીને મોકલવી.

(૮) કોઈ શિક્ષક એક કૉલેજમાં નિમણૂકપત્ર સ્વીકારે ત્યાં ઓછામાં ઓછા એક સત્ર માટે નોકરી કરવી પડશે. તેમ કરવામાં ન આવે તો તેની શિક્ષક તરીકેની માન્યતા રદ કરવી. એ જ પ્રમાણે જે કૉલેજમાં કોઈ પણ શિક્ષકની નિમણૂક કરવામાં આવી હોય તેને ઓછામાં ઓછું એક સત્ર પૂરતા નોકરીમાં રાખવા કૉલેજને માટે ફરજિયાત રહેશે.

કોઈ પણ કૉલેજના શિક્ષકનો પ્રોબેશન સમય પૂરો થાય તે પહેલાં તેને કાયમ કરવામાં આવ્યા છે કે નહિ તેની લેખિત ખબર શિક્ષકને આપવાનો નિયમ કરવો. જે શિક્ષકને કાયમ કરવા બાબત લેખિત ખબર આપવામાં ન આવે તેઓને આપોઆપ કાયમ થયેલા ગણવા. પ્રોબેશન સમય બે વરસથી વધુ રાખી શકાશે નહિ. તેથી વધુ સમય માટે પ્રોબેશન સમય લંબાવવાની જરૂર પડે તો તે માટે યુનિવર્સિટીની પરવાનગી મેળવવી. પ્રોબેશન સમય દરમિયાન પણ વર્ષ પૂરું થયે શિક્ષકને વાર્ષિક પગારવધારો આપવાનું ફરજિયાત રાખવું."

(૧) સદરહુ બાબત પર વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય વી. આર. રણદીવે,
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી,
(૩) આચાર્ય એમ. સી. દેસાઈ,
(૪) આચાર્ય સી. એલ. શાસ્ત્રી.

(૨) સદરહુ બાબત ઉપર નં. (૧)માં જણાવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૩) સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

(૪) સદરહુ ભલામણ મંજૂર કરવી.

(૫) સદરહુ ભલામણની નોંધ લેવી.

(૬) સદરહુ ભલામણ બાબત ઉપર નં. (૧)માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

(૭) સદરહુ બાબતની નોંધ લેવી.

(૮) સદરહુ બાબત ઉપર બાબત નં. (૧)માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૧. "પાર્ટ-ટાઇમ શિક્ષક માટેના વેતનના હાલના દરને બદલે નીચે મુજબ વેતન દરો આપવા :

(૧) પાર્ટ-ટાઇમ ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૦૦

(૨) પાર્ટ-ટાઇમ લેક્ચરરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૫૦

(૩) પાર્ટ-ટાઇમ પ્રોફેસરને ઓછામાં ઓછા માસિક રૂા. ૨૦૦."

સદરહુ ભલામણ મંજૂર કરવી અને તેનો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૮થી કરવાનું રાખવું.

૨૨. "શિક્ષકોની માન્યતા આપતી વખતે નીચેની બાબતો ઉપર ધ્યાન રાખવું :

(૧) ધંધાદારી ટ્યૂશન વર્ગો સાથે કોઈ પણ શિક્ષકે સીધો કે આડકતરો વહેવાર રાખવો નહિ.

(૨) કોઈ પણ શિક્ષક બેથી વધુ ખાનગી ટ્યૂશનો કરવાં નહિ અને તે માટે જેને ટ્યૂશન અપાતાં હોય તે વિદ્યાર્થીઓનાં નામ-સરનામાં સહિતની માહિતી રજૂ કરી તે ટ્યૂશન કામ સ્વીકારવા અંગે આચાર્યની લેખિત પરવાનગી લેવી.

(૩) કોઈ પણ શિક્ષકે વિવરણો (ગાઇડ) લખવાં નહિ અને તેમ કરનાર શિક્ષકની માન્યતા રદ કરવી."

સદરહુ ભલામણની નોંધ લેવી.

કૉલેજના આચાર્યો

૨૩. "કોઈ પણ કૉલેજના આચાર્યને છૂટા કરવા હોય તો ઓછામાં ઓછા એક સત્રની નોટિસ આપવાનું આવશ્યક રાખવું. અને આ નિયમમાં અપવાદ કરી કોઈ પણ આચાર્યને છૂટા કરવા હોય તો ઉપકુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું."

સદરહુ ભલામણ ઉપર બાબત નં. ૨૦(૧)માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૪. "કોઈ પણ કૉલેજના આચાર્યને પ્રથમ પદવી કક્ષાના શિક્ષણ માટે બીજી કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર કે લેક્ચરર તરીકે કામ કરવા પરવાનગી ન આપવી જોઈએ."

કોઈ પણ કૉલેજના આચાર્યને પ્રથમ પદવી કક્ષાના શિક્ષણ માટે બીજી કૉલેજમાં મુલાકાતી શિક્ષક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી નહીં, સિવાય કે એક જ સંચાલનતંત્ર હેઠળની બીજી કૉલેજમાં, તે બીજી કૉલેજમાં જરૂરી શિક્ષકગણ હોય તો, વધારાના શિક્ષક તરીકે તેમને કામ કરવાની પરવાનગી આપી શકાશે.

ગ્રંથાલય તથા લેબોરેટરી

૨૫. "ગ્રંથાલયમાં વિદ્યાર્થી સહાય પુસ્તકાલય વિભાગનાં પુસ્તકો માટે અલાયદાં કબાટો રાખવાં અને તે પુસ્તકોને કૉલેજના મુખ્ય ગ્રંથાલયમાં ઍફિલિયેશનની શરતરૂપે લેવાતાં પુસ્તકો જોડે મેળવવાં નહિ તેમ જ આ પુસ્તકોની ખરીદીનો હિસાબ પણ જુદો રાખવો."

સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૬. "સામાન્ય રીતે પ્રમાણભૂત ન હોય તેવાં પુસ્તકોની એકથી વધુ નકલો રાખવી નહિ, પરંતુ જે તે વિષયનાં પ્રમાણભૂત પુસ્તકોની વધારે નકલ રાખી શકાશે."

સદરહુ ભલામણની નોંધ લેવી.

૨૭. "દરેક કૉલેજનું ગ્રંથાલય વિદ્યાશાખા દીઠ ઓછામાં ઓછું આઠ કલાક ઉઘાડું રહે તેવી વ્યવસ્થા કરવા કૉલેજોને ફરજ પાડવી જોઈએ."

પ્રત્યેક કૉલેજનું ગ્રંથાલય ઓછામાં ઓછું આઠ કલાક ઉઘાડું રહે અને તે બધા સમય દરમિયાન ગ્રંથપાલની સેવાઓ મળતી રહે તે આવશ્યક ગણવું.

૨૮. "યુનિવર્સિટીએ દરેક વિષયની અભ્યાસસમિતિ પાસે પોતાના વિષય માટે ઓછામાં ઓછા બસો આધારભૂત ગ્રંથો જે દરેક કૉલેજની લાઇબ્રેરીમાં હોવા જોઈએ તેની યાદી કરાવવી. તે ગ્રંથો બધી કૉલેજોમાં લેવાય તે જોવું. તે જ પ્રમાણે પ્રી-યુનિવર્સિટી સાયન્સથી ટી.વાય.બી.એસસી.ના દરેક વિષયના લેબોરેટરીનાં જોઈતાં સાધનસરંજામની વિગતો પણ જે તે વિષયની અભ્યાસસમિતિ પાસે તૈયાર કરાવવી. તે પ્રમાણેનાં સાધનો દરેક કૉલેજની લેબોરેટરીમાં આવે તેવી વ્યવસ્થા કરવી."

પ્રત્યેક વિષયની અભ્યાસસમિતિ પાસે તેના વિષય/વિષયો માટે રૂપિયા પાંચ હજાર સુધીના કૉલેજમાં વસાવવા લાયક આધારભૂત ગ્રંથોની યાદી પસંદગી(priority)ના બે ક્રમમાં તથા વાર્ષિક રૂપિયા એક હજાર સુધીનાં લવાજમવાળાં કૉલેજમાં મગાવવા લાયક પ્રમાણભૂત સામયિકોની યાદી તૈયાર કરાવવી અને તે યાદીઓ તૈયાર થયેથી જે તે કૉલેજના માર્ગદર્શન માટે તે મોકલી આપવી.

કૉલેજોની વિદ્યાર્થી-સંખ્યા

૨૯. "કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા અને વર્ગસંખ્યા અંગે નીચે મુજબ જોગવાઈ કરવી :

(૧) કોઈ પણ કૉલેજમાં લઈ શકાતા કુલ વિદ્યાર્થીઓ અંગે નીચેની જોગવાઈ કરવી :
  (ક) એક વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૧૫૦૦ વિદ્યાર્થીઓ
  (ખ) બે વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૨૦૦૦ વિદ્યાર્થીઓ, પરંતુ કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ૧૫૦૦થી વધવા ન જોઈએ.

(૨) જો કૉલેજોમાં બે વિદ્યાશાખા હોય તો બંને વિદ્યાશાખાઓ થઈને કોઈ પણ એક જ સ્તરના કલાસના (પ્રી-યુનિ., એફ.વાય. વગેરે) છથી વધુ વર્ગો થઈ શકે નહિ.

(૩) દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ની રાખવી. તે ઉપરાંત ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની જોગવાઈ રાખવી નહિ.

(૪) ટ્યુટોરિયલ્સ માટેના એક વર્ગની વિદ્યાર્થીસંખ્યા વધુમાં વધુ ૪૦ રાખી શકાશે.

(૫) બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં આચાર્ય જે વિદ્યાશાખાના હોય તે સિવાયની બીજી વિદ્યાશાખાના એક પ્રોફેસરને ઉપાચાર્ય (વાઇસ-પ્રિન્સિપાલ) તરીકે નીમવાનું ફરજિયાત રાખવું અને ઉપાચાર્યને ઓછામાં ઓછું માસિક રૂ. ૫૦નું ભથ્થું તેઓના પગાર ઉપરાંત આપવું.

ઉપરોક્ત ૧(અ)ના સૂચન અંગે સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીનો મત એવો હતો કે બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦ રાખવી જોઈએ અને કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૦થી વધવી જોઈએ નહિ."

(૧)
(૨) } સદરહુ ભલામણો અંગે અલગ કાર્યવાહી ચાલે છે તેની નોંધ લેવી.
(૩)

(૪) સદરહુ ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(૫) જે કોઈ કૉલેજમાં બે વિદ્યાશાખાઓનું શિક્ષણકાર્ય ચાલતું હોય તો આચાર્યશ્રીની હાજરી કૉલેજના સમય દરમિયાન સામાન્ય રીતે આવશ્યક ગણવી, તેમ છતાં તે બે વિદ્યાશાખાઓ પૈકી એક વિદ્યાશાખા, વિજ્ઞાનની વિદ્યાશાખા હોય, તો વિજ્ઞાનના જુદા જુદા વિષયોના વડાઓ જવાબદારીપૂર્વક પોતાનું કામકાજ કરી શકે તેવી સુવિધા કરી આપવી એ આવશ્યક ગણવું.

હૉસ્ટેલ

૩૦. "દરેક કૉલેજની હૉસ્ટેલમાં મુલાકાતીઓને મળવા માટે અલાયદા રૂમની તથા વર્તમાનપત્રો, સામયિકો વગેરે સુવિધાવાળા રીડિંગ રૂમની વ્યવસ્થા હોવી જોઈએ."

સદરહુ ભલામણ મંજૂર કરવી.

પરીક્ષા

૩૧. "યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓની બધી જ ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી પરીક્ષકોને રવાના કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવી જોઈએ અને આ દિશામાં ઘટતો પ્રારંભ થઈ શકે તે માટે અમદાવાદ કેન્દ્રમાં લેવાતી પરીક્ષાઓથી શરૂઆત કરવી જોઈએ."

સદરહુ ભલામણની નોંધ લેવી.

૩૨. "યુનિવર્સિટી તરફથી લેવાતી બધી જ પરીક્ષાઓના પરીક્ષાર્થીઓને ક્રૉડ નંબરો આપવા અંગે વિચારણા કરવી જોઈએ."

પ્રા-યુનિવર્સિટી અને એફ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ક્રૉડ નંબરો આપીને પરીક્ષાઓ લેવાનો શકયતા તપાસીને કાર્યાલયે રિપોર્ટ કરવો.

પ્રકીર્ણ

૩૩. "વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ."

સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૩૪. "અમદાવાદ પૂરતું વિષયોનું વિભાગીકરણ કરી જુદી જુદી કૉલેજો મર્યાદિત વિષયોના શિક્ષણનું સ્પેશ્યાલાઇઝેશન કરે તે અંગે કોઈ પદ્ધતિ વિચારવી."

સદરહુ બાબતની નોંધ લેવી.

૩૫. "જે વિષયો માટે અભ્યાસક્રમ નિયત થયો હોય પરંતુ કોઈ પણ કૉલેજમાં શીખવાતા ન હોય તેવા શિક્ષણનો પ્રબંધ કરવા માટે વિચારવું."

સદરહુ બાબતની નોંધ લેવી.

(સમિતિની ભલામણો પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. સંલગ્ન કૉલેજને મળેલ જોડાણના વિષયો પૈકીના કોઈ પણ વિષયનું શિક્ષણકામ જે તે કૉલેજ દ્વારા બંધ કરવામાં આવે તો તેને કારણે વિદ્યાર્થીને નડતી હાડમારી અને શિક્ષકોને લાગતી બિનસલામતીની લાગણીના સંદર્ભમાં સેનેટ-સભ્ય શ્રી. રમેશભાઈ ભટ્ટના તા. ૧-૨-૧૯૬૭ના પત્રમાં કરવામાં આવેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનોનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તેના આધારે માર્ગદર્શક સિદ્ધાંતોના નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

(સદરહુ સૂચનોનાં નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ બુધવાર, તા. ૧૫-૧૧-૧૯૬૭ના રોજ બંધ કરવામાં આવ્યું અને ગુરુવાર, તા. ૧૬-૧૧-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં બાકીનાં કામકાજ હાથ ધરવામાં આવ્યાં.

૪. સને ૧૯૬૬-૬૭ના વર્ષનો ૧૭મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૬-૬૭ના વર્ષનો ૧૭મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

૧. કુલપતિશ્રી
૨. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ
૩. ડૉ. યશવંતરાય ગુલાબભાઈ નાયક
૪. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
૫. પ્રિ. મુકુંદલાલ છોટાલાલ દેસાઈ
૬. પ્રિ. ચંડીપ્રસાદ એલ. શાસ્ત્રી.

૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન ટાગોર વ્યાખ્યાનમાળા અંગે ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતાના સચિવ શ્રી એ. મિત્રને આમંત્રણ આપવામાં આવ્યું હતું, પણ તેઓ ચાલુ વર્ષમાં આવી શકે એમ ન હોઈ, તેમનાં વ્યાખ્યાનો ૧૯૬૮-૬૯માં યોજવા અંગે તથા ચાલુ વર્ષ (૧૯૬૭-૬૮) માટે આ વ્યાખ્યાનમાળા માટે કોને આમંત્રણ પાઠવવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન ટાગોર વ્યાખ્યાનમાળા માટે ક્રમાનુવર્તી નીચેની વ્યક્તિઓ પૈકી એકને નિમંત્રણ આપવું :

૧. શ્રી. સુનીતિકુમાર ચેટરજી
૨. શ્રી. વી. વી. જોન
૩. પ્રો. વી. કે. ગોકાક
૪. ડૉ. કાર્લ ખંડાલવાલા.

૬. એમ.એ.-એમ.એસસી. આંકડાશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષા અંગે સ્ટાફની નિમણૂક કાયમી ધોરણે કરવા બાબતની વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા સિન્ડિકેટની તા. ૧૬/૧૭-૬-૧૯૬૭ની સભામાં બાબત ક્રમાંક ૧૬થી થઈ ગયેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૭. એમ.એ.ના ભૂગોળ વિષયના ડિઝર્ટેશન અંગે વિનયન વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ડિઝર્ટેશનની મૌખિક પરીક્ષા લેવાય ત્યારે વિદ્યાર્થી દીઠ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પરીક્ષકને વેતન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ.ની પરીક્ષામાં ભૂગોળના ડિઝર્ટેશન અંગેની મૌખિક પરીક્ષા માટે પ્રત્યેક પરીક્ષકને તેઓ તપાસે તે વિદ્યાર્થી દીઠ રૂા. ૧-૫૦ પૈસાના દરે વેતન આપવામાં આવે.

૮. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૨-૯-૧૯૬૭ના રોજ મળેલી ૭૧મી બેઠકની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧-૮-૧૯૬૭ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકના કામકાજની નોંધમાં પરિશિષ્ટ 'ક'ના પાન નં. ૩ ઉપર નિયમ 'છ'માં '૧૨-૦૦ વાગ્યા પહેલાં પહોંચે'ને બદલે '૧૨-૦૦ વાગ્યા પછી પહોંચે' એમ વાંચવું અને એ જ પ્રમાણેનો સુધારો તા. ૫/૬-૮-૧૯૬૭ની સિન્ડિકેટની બેઠકના કામકાજની છપાયેલ નોંધમાં પરિશિષ્ટ 'ત'માં પાન નં. ૨૩૧ નિયમ 'છ'માં કરવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯. "ઇન્ડિયન સોસાયટી ઑફ લેબર ઇકોનોમિક્સ"નું અગિયારમું વાર્ષિક અધિવેશન મદ્રાસ યુનિવર્સિટીના આશ્રયે ચાલુ વર્ષના ડિસેંબરના છેલ્લા અઠવાડિયામાં મદ્રાસ ખાતે યોજનાર છે તો તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પરેશ મજમુદારની નિમણૂક કરવી.

૧૦. "ઇન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિયેશન"નું બારમું વાર્ષિક અધિવેશન તા. ૧૭ અને ૧૮ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન પૂના મુકામે યોજનાર હોઈ આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૧૧. મદદનીશ હિસાબનીશ શ્રી. એચ. સી. દોશીને અજમાયશી સમય દરમિયાન એકાઉન્ટન્સી સાથે બી.કૉમ.ની પરીક્ષા પાસ કરવા અંગેની નિમણૂકની શરત બીજી કેટલીક નિમણૂકોના સંદર્ભમાં હળવી કરવા અંગે તેઓની તા. ૯-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. રાજકીય સેન્ટ્રલ પેડાગોથિકલ ઇન્સ્ટિટ્યૂટ, અલાહાબાદ દ્વારા અખિલ ભારતીય પ્રશિક્ષણ મહાવિદ્યાલયનો સાતમો સમારોહ નવેંબર તા. ૩૦થી ડિસેંબર તા. ૪, ૧૯૬૭ દરમિયાન અલાહાબાદ મુકામે યોજનાર હોઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમારોહમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૧૩. ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સનું પાંચમું રાષ્ટ્રીય અધિવેશન જાન્યુઆરી તા. ૪થી ૭, ૧૯૬૮ના સમય દરમિયાન અમદાવાદ મુકામે યોજનાર હોઈ આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એકેડેમીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓને નીમવી :

૧. ડૉ. સોમાભાઈ એચ. પટેલ
૨. કુલપતિશ્રી નીમે તે.

૧૪. મદદનીશ હિસાબનીશની એક ખાલી પડેલી જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૩-૮-૧૯૬૭ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણ પરથી તે વખતે આસિ. એકાઉન્ટન્ટની ખાલી પડેલી એક જગ્યા પર શ્રી. એચ. સી. દોશીની નિમણૂક કરવામાં આવેલી છે તે પછી આસિ. એકાઉન્ટન્ટની બીજી એક જગ્યા ખાલી પડી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૫. યુનિવર્સિટી પ્રેસના કૉપી-હોલ્ડર શ્રી. વી. એલ. હવે તા. ૨૦-૧૨-૧૯૬૭ના રોજ ૬૦ વર્ષ પૂરાં કરતા હોવાથી નિવૃત્તિવય વધારવા અંગેનાં તેઓની તા. ૨૧-૮-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં નીચે મુજબનો ઠરાવ કર્યો છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિવયની વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં

જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહીં.")

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વી. એલ. દવે કોપી-હોલ્ડરની જગ્યા પર કામ કરે છે તે લક્ષમાં લઈને શારીરિક ક્ષમતાનાં શરતનું પાલન થાય તે શરતે તેમની સેવાની મુદત તા. ૨૦-૧૨-૧૯૬૮ સુધી લંબાવવી.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર શ્રી. દર્શનસિંગ બસનનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૩-૧૨-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૪-૧૨-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. દર્શનસિંગ બસનની કામગીરીનો બાતમી અહેવાલ સમાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. દર્શનસિંગ બસનને વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્રના રીડરના જગ્યા પર તા. ૨૪-૧૨-૧૯૬૬થી કાયમ કરવા.

૧૭. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં હાલમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક હાલ તુરત મળતા નહીં હોવાને કારણે શ્રી. એન. એમ. પટેલને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા અને અંડ સમયના વ્યાયામ શિક્ષક તરીકે કાયે કરવા દેવા માટે આચાર્યશ્રીના તા. ૨૦-૬-૧૯૬૭ના પત્રાંક ૧૯૩૮-૬૬-૬૭ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—શ્રી. પટેલે એલ.એસ.સી. પરીક્ષા પાસ કરેલ છે અને તેઓ એન.સી.સી.નું "સી" સર્ટિફિકેટ ધરાવે છે. તેઓની નિમણૂક ખંડ સમયના વ્યાયામ શિક્ષક તરીકેની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એમ. પટેલને પૂરા સમયના વ્યાયામ શિક્ષક તરીકે નીમવામાં આવે તે શરતે તેમની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી માન્ય કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન, ૧૯૬૮થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે તેમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૧૮. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલમાં વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિયુક્ત કરવામાં આવેલા શ્રી. એચ. જે. રાણાને પ્રાધ્યાપક થવા માટે એક વર્ષનો અનુભવ ખૂટતો હોઈ યોગ્ય લાયકાત ધરાવતા અન્ય પ્રાધ્યાપકની નિમણૂક કરવા માટે સદરહુ કૉલેજને લખ્યા છતાં, નિમણૂક થઈ શકી નથી અને તેથી શ્રી. એચ. જે. રાણાનો ખૂટતો અનુભવ ક્ષમ્ય ગણવાની વિનંતી કરવામાં આવી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એચ. જે. રાણાની મુલાકાતી પ્રાધ્યાપક તરીકેની નિમણૂક માન્ય રાખી શકાય એમ નથી એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું, અને ઉમેરવું કે યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના અન્ય પ્રાધ્યાપકની નિમણૂક ઓછામાં ઓછી મુલાકાતી ધોરણે તાત્કાલિ[ક] કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવી.

૧૯. તબીબી વિદ્યાશાખામાં અંગ્રેજીને શિક્ષણના માધ્યમ તરીકે ચાલુ રાખવા અંગેના મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ૬૭મી બેઠકમાં કરવામાં આવેલા નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"In order to maintain uniform standards in under-graduate and post-graduate medical education throughout the country and to utilise fully the world literature in teaching, patient care and research, the Medical Council of India is of the opinion that English should continue to be the medium of instruction in all the medical colleges till such time as a link language with adequate scientific literature is fully developed to replace it."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઠરાવની નોંધ લેવી.

૨૦. સંલગ્ન કૉલેજોમાં નિમાતા શિક્ષકો માટે યુનિવર્સિટીએ નક્કી કરેલ પગાર તથા બરભાડાનાં ધારાધોરણોનો અમલ સરકારી કૉલેજોમાં થતો નથી તે હકીકતના સંદર્ભમાં પ્રશ્નનાં બંને પાસાંઓ તપાસીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની નીચેની ભલામણની નોંધ લેવા બાબત:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાજ્ય સરકારે આ અંગે કમિશન નીમ્યું હોઈ તથા યુનિવર્સિટી કાર્યાલય તરફથી અલગ પત્રવ્યવહાર પણ ચાલતો હોઈ આ અંગે કશું કરવાનું રહેતું નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણની નોંધ લેવી.

૨૧. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) જૂન ૧૯૬૮થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ જોડાણ-અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમ્યાના;

(૨) મોડાસા મુકામે શરૂ કરવાની બી.એડ. કૉલેજની તપાસસમિતિના સભ્ય માજી કુલપતિ શ્રી. એલ. આર. દેસાઈ તથા પ્રિ. જે. બી. સાવિડલ તપાસ અંગે ખાનગી મોટરગાડીમાં મોડાસા ગયા હોવાથી તેઓને માઈલના ૦૦-૫૦ પૈસા પ્રમાણે ચૂકવ્યા અંગેના;

(૩) પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલડી, અમદાવાદ-૭માં વ્યાયામ શિક્ષક તરીકે નિયુક્ત થયેલા શ્રી. જે. સી. પરીખ, બી.એ.ની પદવી ગુજરાત યુનિવર્સિટીની તથા ડી.પી.એડ.ની પદવી ગુજરાત સરકાર માન્ય અભ્યાસક્રમની ધરાવતા હોવાથી તેઓને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય રાખ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ (સીડીએન.) દ્વારા યુનિવર્સિટી અને કૉલેજોના અધ્યાપકોની નિવૃત્તિવયમર્યાદા

૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે અને ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની જોગવાઈ કરવાના કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૩. ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા માટે શ્રી. પ્યારેલાલજીને આમંત્રણ પાઠવેલ, પરંતુ કામના દબાણને લઈને તેમણે પોતાની અશક્તિ દર્શાવેલી હોઈ, ૧૯૬૭-૬૮ના વર્ષ માટે મજકૂર વ્યાખ્યાનમાળા માટે ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૭-૬૮ના વર્ષ માટે ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા માટે નીચે જણાવેલી વ્યક્તિઓ પૈકી ક્રમાનુવર્તી એકને નિમંત્રણ આપવું :

૧. શ્રી. જયપ્રકાશ નારાયણ

૨. શ્રી. પુ. હ. (રાવસાહેબ) પટવર્ધન

૩. શ્રી. કે. સન્થાનમ.

૨૪. મદદનીશ રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈ જેમને સિન્ડિકેટના તા. ૮-૧૦-૧૯૬૬ના ઠરાવ અન્વયે શ્રી. જે. એમ. મહેતાની ગેરહાજરીમાં એકસ્ટ્રામ્યુરલ બોર્ડના સંયુક્ત મંત્રી તરીકે (શ્રી. એસ. પી. મેઢ મંત્રી તરીકે) કામ સોંપેલું હતું તેઓ તા. ૬-૧૦-૧૯૬૭થી એક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એકસ્ટ્રા-મ્યુરલ પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ઠરાવ નીચે મુજબ છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાના ઠરાવ અન્વયે મંજૂર કરવામાં આવેલ ડે. રજિસ્ટ્રાર શ્રી. જે. એમ. મહેતાની લેાન સર્વિસના સમય દરમ્યાન બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝનું કામકાજ સંભાળવા માટે નીચે મુજબ વ્યવસ્થા કરવી :

૧. કાર્યકારી ડે. રજિસ્ટ્રાર શ્રી. એસ. પી. મેઢને સદરહુ બોર્ડના મંત્રી (Secretary) તરીકે નીમવા, અને તે માટે તેમને માસિક રૂા. ૬૫નું ભથ્થું પર્સનલ ઍલાવન્સ તરીકે આપવું.

૨. કાર્યકારી આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈને સદરહુ બોર્ડના સહમંત્રી (Joint Secretary) તરીકે નીમવા, અને તે માટે તેમને હાલ જે માસિક રૂા. ૨૫નું ભથ્થું મળે છે તેને બદલે માસિક રૂા. ૬૦નું ભથ્થું પર્સનલ ઍલાવન્સ તરીકે આપવું."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતા ભથ્થાની બાબત જોઈ-તપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું.

૨૫. તા. ૧૧-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૧-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાએ કરેલી નીચેની ભલામણો મંજૂર કરવી :

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. પી. એલ. પરમાર તથા શ્રી. આર. એમ. પરદેશીની વિનંતી માન્ય કરવી નહિ.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સ્ટે. ૧૯૩-અ નીચે સ્ટાફની ગ્રેચ્યુઇટીની જવાબદારી માટે લાઇફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા પાસેથી ગ્રૂપ ઇન્સ્યોરન્સ પૉલિસી લેવી અને તે અંગે કૉર્પોરેશને નક્કી કરેલા મુસદ્દા પ્રમાણે "ટ્રસ્ટ ડીડ" કરવું તથા તે ઉપર સહી કરવા કુલપતિશ્રીને સત્તા આપવી. ઉપરાંત ઉપરોક્ત ટ્રસ્ટની વ્યવસ્થા કરવા માટે નીચે પ્રમાણે ટ્રસ્ટીઓ નીમવા :

(૧) શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
(૨) ડૉ. પી. સી. વૈદ્ય, ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક, વિજ્ઞાન ભવન, અમદાવાદ-૯
(૩) પ્રો. ડી. એન. પાઠક, રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
(૪) શ્રી. બી. એમ. પટેલ, ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ ઍન્ડ એકાઉન્ટ્સ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

આવી પૉલિસી તા. ૧-૧૧-૧૯૬૭થી લેવી. તે અગાઉની જવાબદારી માટે યુનિવર્સિટી પાસે હાલમાં જે ફંડ છે તે યુનિવર્સિટીએ પોતાને હસ્તક રાખવું અને પાછળથી જે જવાબદારી ઊભી થાય તે યુનિવર્સિટીએ તેમાંથી અદા કરવી.

૨૬. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન ઇંગ્લિશની જગ્યા માટે, યુનિવર્સિટી કાર્યાલયમાં એક હિસાબનીશ તથા યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા માટે તા. ૧૪-૧૧-૧૯૬૭ના રોજ મળેલી વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) લેક્ચરર ઇન ઇંગ્લિશ (ભાષા-સાહિત્ય ભવન), (૨) હિસાબનીશ (યુનિવર્સિટી કાર્યાલય), અને (૩) ટેકનિકલ આસિસ્ટન્ટ (યુનિવર્સિટી ગ્રંથાલય)ની જગ્યાઓ પૂરવા માટે, સદરહુ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે (૧) ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજીના લેક્ચરર તરીકે શ્રી. ભગવતીસિંગની નિમણૂક રૂા. ૪૦૦-૩૦-૫૪૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૨૦થી બે વર્ષના પ્રોબેશન પર કરવી; (૨) યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશ તરીકે શ્રી. બી. કે. શાહની નિમણૂક રૂા. ૩૫૦-૨૦-૪૫૦-૩૦-૫૦૦ ઈ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૪૫૦થી એક વર્ષના પ્રોબેશન પર કરવી; અને (૩) યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે શ્રી. ડી. જે. ડેસાઈની નિમણૂક રૂા. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ ઈ.બી.૨૦-૪૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૨૧૨થી એક વર્ષના પ્રોબેશન પર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર ઠરાવ્યા મુજબ શ્રી. બી. કે. શાહની નિમણૂક યુનિવર્સિટી કાર્યાલયમાં હિસાબનીશની જગ્યા પર થયેથી નાયબ હિસાબનીશની જે એક જગ્યા ખાલી પડવા પામે તે જગ્યા

પર ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટની એક જગ્યા પર તાજેતરમાં નિમાયેલા શ્રી. વી. વી. શાહ (જેઓ તે પહેલાં હિસાબ ખાતામાં જ મદદનીશ હિસાબનીશની એક જગ્યા પર કામ કરતા હતા)ને બઢતી આપવા અને તે જગ્યા પર તેમના પ્રોબેશનનો સમય તા. ૨૧-૬-૧૯૬૮ સુધીનો રાખવો.

(વરણી સમિતિની ભલામણો પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૭. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ પાસે હાલ રૂા. ૨,૦૦૦ પેટીકેશ ઍડવાન્સ રહે છે તેને બદલે રૂા. ૩,૦૦૦નું ઍડવાન્સ આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦-૧૦-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષને રૂા. ૩,૦૦૦ સુધીનું કાયમી કન્ટિજન્ટ ઍડવાન્સ આપવાનું મંજૂર કરવું.

૨૮. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૬માં થઈ ગયેલ હોઈ તે પરત્વે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૨૯. ૬૨ વર્ષે ગુજરાત યુનિવર્સિટી તરફથી માર્ચ-ઍપ્રિલમાં લેવાતી બી.ઍડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટે રૂા. ૫,૦૦૦નું પ્રદાન આપવાની, સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીના તા. ૧૧-૧૦-૧૯૬૭ના પત્રમાં જણાવેલ દરખાસ્ત સ્વીકારવા મંજૂરી આપવા બાબત તથા સને ૧૯૬૮ના માર્ચ માસમાં લેવાનારી બી.ઍડ.ની પરીક્ષામાં વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આ સુવર્ણચંદ્રક આપવા વધારાની રકમ સ્વીકારવા પણ મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રકનો સાભાર સ્વીકાર કરવો તથા તે ચંદ્રક ૧૯૬૮ના માર્ચ-ઍપ્રિલમાં લેવાનારી બી.ઍડ.ની પરીક્ષામાં વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આપવા માટે વધારાના રૂા. ૨૬૦ નો પણ સાભાર સ્વીકાર કરવો.

૩૦. કાઉન્સિલ ઑફ સ્ટેટ બોર્ડ્ઝ ઍન્ડ ફેકલ્ટીઝ ઑફ ઇન્ડિયન મેડિસિનનું ૧૨મું સત્ર ડિસેંબર તા. ૧૦થી ૧૨, ૧૯૬૭ દરમિયાન પટણા મુકામે યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કાઉન્સિલના સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સત્રમાં આ યુનિવર્સિટીના કોઈ પણ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૩૧. સને ૧૯૬૮-૬૯નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૮-૬૯ના વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રિ. એમ. સી. દેસાઈ

(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી

(૪) ડૉ. એ. એમ. ત્રિવેદી

(૫) પ્રો. મણિશંકર પી. પંડ્યા.

૩૨. તા. ૨૨-૯-૧૯૬૬ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની એકોતેરમી બેઠકની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ભૌગોલિક પરિસ્થિતિ લક્ષમાં લેતાં યુનિવર્સિટી વિસ્તારના હાલના બે વિભાગને બદલે તે વિસ્તારને અમદાવાદ વિભાગ, ઉત્તર વિભાગ અને દક્ષિણ વિભાગ — એમ ત્રણ વિભાગમાં વહેંચવાનું મંજૂર કરવા અને તે અન્વયે ઓ. ૧૫-એ સુધારવા અને તે નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. 15(A) :

The entire Gujarat University Area shall be divided into zones as under and each zone will form its Zonal Sports Committee :

(1) The Ahmedabad Zone with a jurisdiction over Ahmedabad City Area within five miles thereof.

(2) The North Zone with jurisdiction over the districts of Mehsana, Banaskantha, Sabarkantha, Sanand, Viramgam and Dehgam talukas of Ahmedabad District.

(3) The South Zone with jurisdiction over the districts of Panchmahals, Kaira (excluding the area under the jurisdiction of Sardar Patel University, Vallabh Vidyanagar), Baroda (excluding the area under the jurisdiction of the M. S. University of Baroda), Daskroi, Dholka and Dhandhuka talukas of Ahmedabad District and the City of Daman."

આથી ઠરાવવામાં આવે છે કે ઓ. ૧૫-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવો :

O. 15(A) :

The entire Gujarat University Area shall be divided into zones as under and each zone shall form its Zonal Sports Committee :

(1) The Ahmedabad Zone with its jurisdiction over Ahmedabad City and the area within five miles thereof.

(2) The North Zone with its jurisdiction over the districts of Mehsana, Banaskantha, Sabarkantha and Kutch and Sanand, Viramgam and Dehgam talukas of Ahmedabad District.

(3) All colleges other than those covered under Nos. (1) and (2) above.

૩૩. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થી પ્રતિનિધિઓનું એક મધ્યસ્થ મંડળ યુનિવર્સિટી કક્ષાએ રચવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રતિનિધિઓની સાથે ચર્ચાવિચારણા થયેથી આગળ વિચારવાનું રાખવું.

૩૪. નવજીવન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદને યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક મળી શકયા ન હોવાથી શ્રીમતી રમાબહેન એ. પટેલને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતાં ખંડ સમયનાં વ્યાયામ શિક્ષિકા તરીકે કાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગેની તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રીમતી રમાબહેન એ. પટેલ વ્યાયામ શિક્ષક તરીકે યોગ્ય લાયકાત ધરાવે છે, પરંતુ તે જ સોસાયટીની માધ્યમિક શાળામાં પણ તેઓ ખંડ સમયનાં વ્યાયામ શિક્ષિકા તરીકે સેવા આપે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું. દરમિયાન ખંડ સમયના વ્યાયામશિક્ષકથી ચાલુ વર્ષ દરમિયાન જે કામ ચાલ્યું તે માન્ય રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૩૪(અ). મદદનીશ કુલસચિવની બે જગ્યાઓ હાલ હંગામી ધોરણે ખાલી પડેલી છે તે પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

(૧) નાયબ કુલસચિવ શ્રી. જે. એમ. મહેતાની સેવાઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને તા. ૫-૯-૧૯૬૮ સુધી ઉછીની આપેલી છે તે દરમિયાન તેમની કામગીરી મદદનીશ કુલસચિવ શ્રી. એસ. પી. મેઢ સંભાળતા હોઈ, મદદનીશ કુલસચિવ તરીકેની શ્રી. એસ. પી. મેઢની જગ્યા હંગામી ધોરણે હાલ ખાલી પડેલી છે તે તથા (૨) મદદનીશ કુલસચિવ શ્રી. જી. એ. દેસાઈની નિમણૂક દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના નાયબ કુલસચિવ તરીકે થતાં તેમનો એક વર્ષનો પદાધિકાર માન્ય રાખવામાં આવ્યો છે તેના સંદર્ભમાં હંગામી ધોરણે તા. ૧-૧૦-૧૯૬૮ સુધી હાલ ખાલી પડેલી મદદનીશ કુલસચિવની એક જગ્યા—એમ મદદનીશ કુલસચિવની ખાલી પડેલી બે હંગામી જગ્યાઓ માટે, તે બે કે તેમાંની એક જગ્યા તે સમય પછી પણ ખાલી રહેવા પામે તે સંભવ લક્ષમાં લઈને ઠરાવવામાં આવે છે કે સદરહુ બે જગ્યાઓ હંગામી ધોરણે પૂરવા માટે વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી અરજીઓ મગાવવી.

૩૪(બ). એમ. એન. કૉલેજ, વીસનગરમાં ટી.વાય.બી.એસસી.માં દાખલ કરવામાં આવેલ વિદ્યાર્થિની કુ. કોકિલા કે. પટેલને આ વર્ષના પ્રારંભમાં કૉલેજે ભૂલથી વનસ્પતિ-વિજ્ઞાન મુખ્ય વિષય લઈને સત્રો ભરવા માંડયાં તે માન્ય કરવા અંગે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને ઘટતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું અને સમયના અભાવે નીચેની બાબત નં. ૩૫થી ૫૪ વિચારણા માટે હાથ ધરી શકાઈ નહિ :

૩૫. યંત્ર (હૉલેરિથ) વિભાગના કામકાજનો અભ્યાસ કરીને વિગતવાર યોજના તૈયાર કરીને સિન્ડિકેટે તેની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં નીમેલ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૩૬. ઑ. ૧૮૫ના સંદર્ભમાં એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદે નીચેની શાળાઓને "પ્રેક્ટિસિંગ સ્કૂલો" તરીકે પસંદ કર્યાની નોંધ લેવા બાબત :

૧. એ. જી. હાઈસ્કૂલ, નવરંગપુરા, અમદાવાદ-૯
૨. અંજુમને ઇસ્લામ હાઈસ્કૂલ, આરટોડિયા, અમદાવાદ-૧
૩. આશ્રમ વિનય મંદિર, ગાંધી આશ્રમ, અમદાવાદ-૧૩
૪. બાલોદ્યાન હાઈસ્કૂલ, આંબાવાડી, અમદાવાદ-૬
૫. ડેમોક્રેટિક હાઈસ્કૂલ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૧
૬. ડી. બી. હાઈસ્કૂલ, એલિસબ્રિજ, અમદાવાદ-૭
૭. ડી. બી. હાઈસ્કૂલ, કાંકરિયા, અમદાવાદ-૮
૮. દુર્ગા વિદ્યાલય, મણિનગર, અમદાવાદ-૮
૯. ગુજરાત લૉ સોસાયટી હાઈસ્કૂલ, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૧૦. ગિરધરનગર-શાહીબાગ હાઈસ્કૂલ, ગિરધરનગર, અમદાવાદ-૪
૧૧. એચ. બી. કે. ન્યૂ હાઈસ્કૂલ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪
૧૨. એચ. એચ. પટેલ હાઈસ્કૂલ, સાબરમતી, અમદાવાદ-૫
૧૩. જ્યોતિ કન્યા વિદ્યાલય, લશ્કરી હવેલી, દિલ્હી ચકલા, અમદાવાદ-૧
૧૪. જયહિંદ હાઈસ્કૂલ, મણિનગર, અમદાવાદ-૮
૧૫. ન્યુ. ગર્લ્સ હાઈસ્કૂલ, માણેકચોક, દાણાપીઠ, અમદાવાદ-૧
૧૬. કાળુપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલ, કાળુપુર ટંકશાળ, અમદાવાદ-૧
૧૭. મોહિનાબા ગર્લ્સ હાઈસ્કૂલ, નવરંગપુરા, અમદાવાદ-૯
૧૮. ન્યૂ હાઈસ્કૂલ, પીરમશાહ રોડ, અમદાવાદ
૧૯. નેશનલ હાઈસ્કૂલ, ખજૂરીની પોળ, કાળુપુર, અમદાવાદ-૧
૨૦. ન્યૂ સર્વોદય હાઈસ્કૂલ, જૈન વાડી, માણેકચોક, અમદાવાદ-૧
૨૧. નવચેતન હાઈસ્કૂલ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૬

૨૨. નવચેતન મિડલ સ્કૂલ, ગાંધી મેમોરિયલ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨૩. નવજીવન હાઈસ્કૂલ, ખમાસા ગેટ પાસે, અમદાવાદ-૧
૨૪. પ્રેયસ હાઈસ્કૂલ, શાહપુર મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ-૧
૨૫. પંચશીલ હાઈસ્કૂલ, સરસપુર, અમદાવાદ-૮
૨૬. પંકજ વિદ્યાલય, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૬
૨૭. આર. બી. આર. સી. ગર્લ્સ હાઈસ્કૂલ, ખાડિયા, અમદાવાદ-૧
૨૮. સરસ્વતી ગર્લ્સ હાઈસ્કૂલ, પાનકોર નાકા, અમદાવાદ-૧
૨૯. સ્વસ્તિક ગર્લ્સ હાઈસ્કૂલ, પાનકોર નાકા, અમદાવાદ-૧
૩૦. સ્વસ્તિક શિશુવિહાર, સ્વસ્તિક સોસાયટી, અમદાવાદ-૯
૩૧. સંઘવી હાઈસ્કૂલ, નારણપુરા, અમદાવાદ-૧૩
૩૨. સંસ્કાર હાઈસ્કૂલ, કાપડીવાડ, રાયપુર, અમદાવાદ-૧
૩૩. ઉન્નતિ વિદ્યાલય, પાલડી, મહાલક્ષ્મી સોસાયટી સામે, અમદાવાદ-૭
૩૪. વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩
૩૫. વિશ્વભારતી હાઈસ્કૂલ, શાહપુર મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ-૧
૩૬. વિશ્વભારતી ગર્લ્સ હાઈસ્કૂલ, શાહપુર મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ-૧
૩૭. વિશ્વ વિદ્યાલય, હરિપુરા, અસારવા, અમદાવાદ-૧૬
૩૮. વી. એસ. ત્રિવેદી ટયુટોરિયલ હાઈસ્કૂલ, ત્રણ દરવાજા, અમદાવાદ-૧
૩૯. વનિતા વિશ્રામ ગર્લ્સ હાઈસ્કૂલ, ખાડિયા, અમદાવાદ-૧.

૩૭. ઇન્ડિયન પૉલિટિકલ સાયન્સ કૉન્ફરન્સનું ૨૯મું અધિવેશન તા. ૨૭થી ૨૯ ડિસેંબર ૧૯૬૭ દરમિયાન ધનબાદ (બિહાર) મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા સામાન્ય મંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રતિનિધિ ફીના રૂા. ૨૦ મનીઑર્ડરથી અગર રૂા. ૨૧-૫૦ પૈસા ચેકથી મોકલવાના હોય છે.)

૩૮. ઇન્ડિયન એકેડેમી ઑફ એપ્લાઇડ સાયકોલોજીનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન આંધ્ર યુનિવર્સિટીના આશ્રયે વૉલ્ટેર મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પ્રમુખશ્રીના તા. ૨૬-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—એકેડેમીના સભ્ય ન હોય તેવા પ્રતિનિધિએ રૂા. ૧૫ અને સભ્યોએ રૂા. ૧૦ અને વિદ્યાર્થી પ્રતિનિધિએ રૂા. ૫ ફીના ભરવાના હોય છે.)

૩૯. "Introduction of correspondence course" એ વિષય પરત્વે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, દિલ્હી તરફથી આવેલ તા. ૨૭-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ-૩૮-૧-૬૫ (સી.ડી.એમ.) પાર્ટ ૧ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—"Scheme of correspondence courses and evening colleges"

એ વિષય પરત્વે ભારત સરકારના મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશનના પત્ર પરત્વે સિન્ડિકેટે તેની તા. ૬-૧૨-૧૯૬૨ની સભામાં બાબત નં. ૩૪થી નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પરત્વે દિલ્હી યુનિવર્સિટીમાં પ્રયોગાત્મક દૃષ્ટિએ જે અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે તેના પરિણામની રાહ જોવી.")

૪૦. આંતર-યુનિવર્સિટીના મંત્રી તરફથી ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ ઑફ ઇન્ડિયાના "વીઝી ટ્રોફી"ની આંતર-વિભાગીય ક્રિકેટની સ્પર્ધાઓ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા અંગે આવેલ આમંત્રણને બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બહાલીની અપેક્ષાએ ચેરમેનશ્રીએ મંજૂર કરેલ છે, જેને કુલપતિશ્રીએ પણ બહાલી આપેલ છે તેની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ અંગેનો બધો ખર્ચ આંતર-યુનિવર્સિટી બોર્ડ તરફથી અપાય છે—ફક્ત ચા-પાણી વગેરેનો રૂા. ૩૦૦ સુધીનો ખર્ચ આપણી યુનિવર્સિટીને કરવાનો રહેશે જે આંતર-યુનિવર્સિટી ખાતેથી કરવામાં આવશે.)

૪૧. નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ એજ્યુકેશનના "કૉલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" હેઠળ સંલગ્ન કૉલેજોમાં ગણિતશાસ્ત્ર માટેના "કૉલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" આયોજવા અંગે થતી વિચારણા કરવાના પ્રો. પી. સી. વૈદ્યના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

૪૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુનિયર ક્લાર્ક શ્રી. યુ. એચ. ચોકસી તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-અ મુજબ ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે તેઓની તા. ૩૦-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ચોકસી તા. ૮-૮-૧૯૬૦થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી ફારેગ થયા છે.)

૪૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુનિયર ક્લાર્ક શ્રી. યુ. એચ. ચોકસી તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ અંગેની રકમ પરત આપવા અંગે તેઓની તા. ૩૦-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ચોકસી તા. ૮-૮-૧૯૬૦થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

૪૪. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૭-૧૧-૧૯૬૭ના ઠરાવ નં. વી.એલ.બી.-૧૧૬૭-૩૯૨૦ પ્રમાણે સરકારી કર્મચારીઓને તા. ૧-૨-૧૯૬૭ અને તા. ૧-૩-૧૯૬૭ અને તા. ૧-૬-૧૯૬૭થી મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો વધારો યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તથા કૉલેજોના/સંસ્થાઓના શિક્ષકોને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના કર્મચારીઓને મોંઘવારી તથા બીજાં ભથ્થાં રાજ્ય સરકારના ધોરણે આપવામાં આવે છે. આ અંગે અમુક ગ્રાન્ટ ગુજરાત સરકાર આપશે.)

૪૫. આરોગ્ય કેન્દ્રના મકાનના બાંધકામ માટે નિમાયેલ સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાને મહેનતાણાની રકમ ચૂકવવાની બાકી હોવાથી આ કામ માટે રૂા. ૬૦૦ની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા અંગે વિચારણા કરવા બાબત.

૪૬. આગામી માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર આ યુનિવર્સિટીની તમામ અનુસ્નાતક તબીબી વિદ્યાશાખા સિવાયની પરીક્ષાઓનાં આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૨૧-૧૨-૧૯૬૭ રાખવા કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત અને તે મુજબ ઘટતો સુધારા ઓ. ૧૨૯માં કરવા અંગે વિચારણા કરવા બાબત.

૪૭. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૮-૯-૧૯૬૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

૪૮. ૬૨ વર્ષે યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલ માસમાં લેવાતી ટી.વાય.બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને બૅન્કિંગનો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને રૂા. ૨૪૦નું ધી બૅંક ઑફ ઇન્ડિયા લિ. પારિતોષિક આપવા અંગે આ સાથેના સુધારેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

૪૯. યુનિવર્સિટી કાર્યાલયમાં ચાલતી પોસ્ટ ઑફિસ પંપ રૂમ પાસેના મકાનમાં ખસેડવાનું ઠરાવવામાં આવ્યું છે. આ માટેનો નવો કરાર કેટલાં વર્ષનો કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના રૂમનું રૂા. ૪૫ માસિક ભાડું મળે છે, જ્યારે પંપ રૂમ પાસેની બે ઓરડીઓનું ભાડું રૂા. ૭૫ માસિક મળશે.)

૫૦. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ગ્રંથાલયમાં કામ કરતા સર્વશ્રી આઈ. સી. શાહ (તા. ૫-૮-૧૯૬૦થી તા. ૪-૮-૧૯૬૧) તથા એસ. જી. દેસાઈ (તા. ૫-૮-૧૯૬૧થી તા. ૪-૮-૧૯૬૨)ની હંગામી સેવાઓ દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૬-૬-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—રૂટે. ૧૮૦ નીચે પ્રમાણે વંચાય છે:

(B) Any whole-time officer, teacher or other servant of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment may, by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.

૫૧. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય ડૉ. એમ. એસ. શાહને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ડૉ. શાહે (૧) ભૌતિકવિજ્ઞાન, અને (૨) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિઓ માટે પોતાની પસંદગી દર્શાવી છે.]

૫૨. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડ પર સિન્ડિકેટ નિયુક્ત ડૉ. પી. એચ. પ્રભુ યુનિવર્સિટીમાંથી રાજીનામું આપી છૂટા થયેલા હોઈને તેમની ખાલી પડેલી જગ્યાએ અન્ય સભ્યની તા. ૨-૧૨-૧૯૬૭ સુધીના સમય માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) ઑર્ડિ. ૧ મુજબ નવા નિમાનાર સભ્યો યુનિવર્સિટીના કોઈ અનુસ્નાતક ભવનના વડા, માન્ય સંસ્થાના વડા અથવા બોર્ડ ઑફ ટીચિંગના સભ્ય હોવા જરૂરી છે.

(૨) ઉપરોક્ત ઑર્ડિનન્સ મુજબ હાલમાં સિન્ડિકેટ નિયુક્ત અન્ય સભ્યોનાં નામ નીચે મુજબ છે :

૧. આચાર્ય ડૉ. વાય. જી. નાયક
૨. પ્રો. જે. જે. ચિનોય
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. પ્રો. એમ. પી. પંડ્યા
૫. શ્રી. રસિકલાલ સી. પરીખ
૬. પ્રો. કે. જે. ભટ્ટ]

૫૩. સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૭-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાની બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

૫૪. ફાઇનાન્સ કમિટીની તા. ૧૩-૧૧-૧૯૬૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગ માટે પરિશિષ્ટ 'અ' માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં."

સિં. નં./૫૮૬૭૬/૧૯૬૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
નવેંબર ૨૮, ૧૯૬૭.
અગ્રહાયણ ૭, ૧૮૮૯ (શક).

કુ. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨

સ્નાતક કક્ષાના શિક્ષણ અંગે વધારાના નિયમો કરવા માટે દેખભાળ સમિતિનાં સૂચનો

કૉલેજોના સામાન્ય સંચાલન અંગે

૧. વ્યાખ્યાનો, ટ્યુટોરિયલ્સ તથા પ્રૅક્ટિકલ્સની દૈનિક હાજરીનાં પત્રકો રખાવાં જોઈએ તથા આવા દરેક હાજરીપત્રક પર જે તે શિક્ષકની સહી હોવી જોઈએ.

૨. દર વર્ષે તા. ૧૫મી ઑગસ્ટ પહેલાં જે તે શૈક્ષણિક વર્ષ માટે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થી-ઓનાં પૂરાં નામ જણાવતાં વર્ગદીઠ રોલકૉલ, સ્ટાફની યાદી તથા વિષયવાર તેમ જ વર્ગવાર વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સનાં સમયપત્રકો યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાં જોઈએ અને આ વિદ્યાર્થી-ઓમાં જે ફેરફાર થાય તે વર્ષના અંતે તા. ૧લી માર્ચ સુધીમાં યુનિવર્સિટીને જણાવવાં જોઈએ.

૩. પહેલા સત્રમાં લેવાયેલી કસોટીઓના વિદ્યાર્થીઓના આંતરિક ગુણાંકના માર્ક્સ નવેંબર માસના અંત પહેલાં અને બીજા સત્રમાં લેવાયેલી કસોટીઓના આંતરિક ગુણાંકનના માર્ક્સ તા. ૧૫મી માર્ચ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા જોઈએ.

૪. કોઈ પણ વિદ્યાર્થીને સત્રની અધવચ્ચે એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની પરવાનગી આપવી ન જોઈએ.

૫. લેબોરેટરીમાં જ્યાં પાળી-પદ્ધતિ ચાલતી હોય ત્યાં બે પાળી વચ્ચે ઓછામાં ઓછો અર્ધા કલાકનો સમયનો ગાળો રાખવો.

૬. હાલ કેટલીક કૉલેજોમાં વ્યાખ્યાનો માટે સવારનો અને ટ્યુટોરિયલ્સ માટે સાંજનો સમય રાખવામાં આવે છે તે પ્રથા બંધ કરાવી સમગ્ર કૉલેજનું વ્યાખ્યાનો અને ટ્યુટોરિયલ્સ માટેનું સળંગ ટાઇમ-ટેબલ રાખવાનું ફરજિયાત બનાવવું જોઈએ.

સત્ર-ફી તથા અન્ય ફી અંગે

૭. દરેક કૉલેજમાં વિનયન માટે ઓછામાં ઓછા ચાર મુખ્ય વિષયો તથા વિજ્ઞાન અને વાણિજ્ય માટે ઓછામાં ઓછા બે મુખ્ય વિષયો શીખવવાનો પ્રબંધ કરવાનું જણાવવું જોઈએ અને તે માટે સત્ર-ફી નીચે મુજબ રાખવી જોઈએ :

(૧) વિનયન	...	સત્ર દીઠ રૂા. ૧૨૦ થી ૧૩૫
(૨) વિજ્ઞાન	...	સત્ર દીઠ રૂા. ૧૫૦ થી ૧૭૫
(૩) વાણિજ્ય	...	સત્ર દીઠ રૂા. ૧૩૫ થી ૧૫૦
(૪) લૉ	...	સત્ર દીઠ રૂા. ૯૦ થી ૧૧૦.

ઓછામાં ઓછા વિષયો ઉપરાંત વિષયો આપતી કૉલેજો વધારાના વિષય દીઠ વધારાની ફી ઉપરની મર્યાદામાં રાખી શકે એવો નિયમ કરવો જોઈએ અને કોઈ પણ માધ્યમ દ્વારા શીખવવા માટે વધારાની સત્ર-ફી કોઈ પણ કૉલેજને ન લેવા દેવી જોઈએ. સત્ર-ફીના નિયંત્રણ માટે યુનિવર્સિટી ધારાના હાલના માળખામાં યુનિવર્સિટીને જરૂરી સત્તા ન હોય એમ જણાય તો તે અંગે કાયદામાં જરૂરી સુધારો કરવા રાજ્ય સરકાર જોડે આ બાબત હાથ ધરવી જોઈએ. સમિતિને બીજી વિદ્યાશાખાઓની સત્ર-ફી અંગે હાલના તબક્કે વિચારણા કરવાની જરૂર લાગી નથી. સમિતિએ સૂચવેલું ઉપરોક્ત ફીનું ધોરણ શિક્ષકોના હાલના પગારધોરણ અને મોંઘવારી ભથ્થાને અનુલક્ષીને છે. વધુમાં સમિતિ ભલામણ કરે છે કે કૉલેજોમાં અપાતી નેશનલ સ્કૉલરશિપ, ઈ. બી. સી. સ્કૉલરશિપ વગેરે સ્કૉલરશિપ ઉપરાંત યુનિવર્સિટી સાથે સંલગ્ન દરેક કૉલેજ અને સંસ્થાએ પોતાના ભંડોળમાંથી ઓછામાં ઓછા ૫ ટકા જેટલા વિદ્યાર્થીઓને ફીમાંથી માફી આપવી તેમ જ દર ૫૦ વિદ્યાર્થીઓ દીઠ એક મેરિટ સ્કૉલરશિપ આપવી. જો કોઈ પણ કલાસમાં ૫૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ હોય તો તેવા દરેક કલાસ દીઠ ઓછામાં ઓછી એક મેરિટ સ્કૉલરશિપ આપવી. સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય શાસ્ત્રીનું સૂચન હતું કે ઉપરોક્ત ફીનું ધોરણ નક્કી કરતાં પહેલાં આ બાબતનો વધુ ઝીણવટભર્યો અભ્યાસ કરવાની જરૂર છે અને ગ્રામ્ય વિસ્તારની અને ઓછી વિદ્યાર્થીસંખ્યા ધરાવતી કૉલેજો માટે સત્ર-ફીનાં અલાયદાં ધોરણો અપનાવવાની જરૂર છે.

૮. વિજ્ઞાનની કૉલેજો માટે સત્ર-ફી ઉપરાંત લેબોરેટરી ફી માટે નીચેનું ધોરણ સૂચવવામાં આવે છે :

(૧) પ્રી-યુનિવર્સિટી સાયન્સ તથા એફ.વાય.બી.એસસી.ના વર્ગો માટે રૂા. ૪૦

(૨) એસ.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.એસસી.ના વર્ગો માટે રૂા. ૬૦.

ઉપરાંત મૅથેમેટિક્સ જેવા વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી ન લેવાવી જોઈએ.

૯. સત્ર-ફી અને લેબોરેટરી ફી ઉપરાંત બાકીની બધી જ ફીની રકમ સત્ર દીઠ રૂા. ૧૫થી વધવી ન જોઈએ.

આ બાબતમાં સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરાય શાસ્ત્રીનો એવો મત હતો કે ૫૦૦થી ઓછી સંખ્યાવાળી કૉલેજોમાં રૂા. ૧૫થી વધુ ફી લઈ શકાય તેવી જોગવાઈ થવી જોઈએ.

૧૦. સત્ર-ફી સિવાયની કૉલેજોમાં ઉઘરાવાતી લેબોરેટરી ફી, ગ્રંથાલય ફી, જિમખાના ફી, વગેરેનો આવક-જાવકનો હિસાબ જુદો રાખવો જોઈએ.

૧૧. કૉલેજમાં દાખલ ફી લેવાની પ્રથા બંધ કરવી.

વિજ્ઞાન કૉલેજના રિપીટર વિદ્યાર્થીઓ અંગે

૧૨. ફક્ત પ્રૅક્ટિકલ્સ માટે દાખલ કરાતા વિદ્યાર્થીઓ જો કૉલેજની લેબોરેટરીમાં પૂરતી જગા અને સાધનો વગેરે હોય તો જ દાખલ કરવા અને આવા વિદ્યાર્થીઓને દાખલ કરવા અંગે નીચેના નિયમોનું પાલન કરવું :

(૧) જે તે વર્ગના રેગ્યુલર વિદ્યાર્થીઓની સંખ્યાના દસ ટકાથી વધુ વિદ્યાર્થીઓ કોઈ પણ વર્ગ માટે દાખલ કરવા નહીં.

(૨) આવી રીતે દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓની વર્ગવાર સંખ્યા તથા નામોની યાદી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવી.

(૩) આવી રીતે દાખલ થતા વિદ્યાર્થીઓ માટે જરૂર પડે તો રેગ્યુલર વિદ્યાર્થીઓ કરતાં જુદો સમય અને જુદો સ્ટાફ રાખવો.

(૪) આવા વિદ્યાર્થીઓ પાસે લેબોરેટરી ફી સિવાયની કોઈ પણ ફી લેવી નહીં.

(૫) આવી રીતે દાખલ થયેલા વિદ્યાર્થીઓ કૉલેજના વિદ્યાર્થીઓ તરીકે ગણાશે નહીં અને સ્પોર્ટ્સ વગેરેમાં ભાગ લઈ શકશે નહીં.

એફિલિયેશન, વધારાના વર્ગો વગેરેની તપાસ તથા તેની શરતોના પાલન અંગે

૧૩. યુનિવર્સિટી તરફથી જોડાણની શરતોનું પાલન પૂરેપૂરું થયા બાદ જ જોડાણ અપાય તે માટે યુનિવર્સિટી ધારાની કલમ ૩૩માં સૂચવેલા સુધારાઓ રાજ્ય સરકાર કરે તે અંગે ઘટતી કાર્યવાહી કરવી.

(૧) કલમ ૩૩(૧)(બી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

(*b*) that the college is to be under the mangement of a regularly constituted governing body and *at least two of its members shall be the eminent educationists of the area to be appointed by the Vice-Chancellor from a penal of not less than six persons suggested by the Management.*

(૨) કલમ ૩૩(૧)(ડી)માં બતાવેલ "will be made" ને બદલે "has been made" શબ્દો મૂકવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

That the buildings in which the college is to be located are suitable and that provision has been made in conformity with the Ordinances, for the residence in the college or in lodging approved by the college of students not residing with their parents or guardians, and for the supervision and welfare of students.

(૩) કલમ ૩૩(૧)(ઈ)માં "or will be made" શબ્દો રદ કરીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

....that due provision has been made for a library;

(૪) કલમ ૩૩(૧) (એફ)માં "or will be" શબ્દો રદ કરવા અને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

(*f*) Where affiliation is sought in any branch of Experimental Science that arrangments have been made in conformity with the Statutes, Ordinances and Regulations for imparting instruction in that branch of Science in a properly equipped laboratory or museum;

(૫) કલમ ૩૩(૧)(જી)માં "Will, as far as circumstances may permit be" શબ્દો રદ કરી તેને બદલે "has been" શબ્દો મૂકીને તે કલમ સુધારવી. સુધારેલી કલમ નીચે મુજબ વંચાશે :

that due provision has been made for the residence of the Principal and some members of the teaching staff in or near the college or the place provided for the residence of students;

૧૪. ઍફિલિયેશનની શરતોના પાલન અંગે તથા નવા વર્ગો ઉઘાડવાની પરવાનગી આપતી વખતે નીચેની બાબતોની ચોકસાઈ રાખવી :

(૧) કોઈ પણ નવી કૉલેજ ઉઘાડવા કે નવી વિદ્યાશાખા ઉમેરવા કે વધારવાનો વિષય ઉમેરવાની અરજી પર વિચારણા કરતી વખતે સેનેટે મૂકેલી શરતોનું પાલન બરાબર થયું છે કે નહિ તે જોવા માટે ચકાસણી સમિતિ મોકલવાનું આવશ્યક રાખવું.

(૨) ઉપર (૧)માં જણાવેલ સમિતિઓને તેમના રિપોર્ટમાં તેમની મુલાકાત વખતે કેટલી શરતોનું હકીકતમાં પાલન થયું છે તેનો પૂરી હકીકત રજૂ કરતો (Factual) હેવાલ આપવો અને શરતોનું પાલન અમુક સમય સુધીમાં થશે એવો હેવાલ આપવો નહીં અને આવા હેવાલ માટેનું જરૂરી પ્રોફોર્મા તૈયાર કરાવી તે મુજબ જ હેવાલ આપવા સમિતિઓને જણાવવું.

(૩) નવી કૉલેજ કે નવી વિદ્યાશાખા ઉમેરવા માટેની સ્ટાફ સિવાયની બધી શરતોનું તા. ૧લી માર્ચ સુધીમાં પાલન કરવાનું આવશ્યક રાખવું અને સ્ટાફમાં જેની નિમણૂકો થઈ હોય તેઓ તા. ૧લી જૂને હાજર થાય તેવો નિયમ રાખવો અને નિમણૂક કરેલો સ્ટાફ ખરેખર જોડાયો કે નહીં તેની ચકાસણી અંગે સમિતિએ ખાતરી કરવી.

તે જ પ્રમાણે નવો વિષય ઉમેરવા માટે તથા વધારાના વર્ગો ખોલવા માટેની બધી જ શરતોનું પાલન તા. ૩૧મી માર્ચ પહેલાં થાય તેમ કરવું અને આ માટે સ્ટાફની નિમણૂક તા. ૧લી જૂનથી અમલમાં આવે તે પ્રમાણે કરવું.

ઉપર મુજબ જોડાણનો કે વધારાના વર્ગ માટેની શરતો અને સ્ટાફની હાજરીની યુનિવર્સિટીને ખાતરી થાય તે પછી જ જે તે અભ્યાસક્રમ કે વધારાના વર્ગોમાં કૉલેજ વિદ્યાર્થીઓને દાખલ કરી શકશે એવો નિયમ કરવો. યુનિવર્સિટીની આવી લેખિત પરવાનગી વગર દાખલ કરવામાં આવેલા વિદ્યાર્થીઓનો પ્રવેશ ગેરનિયમિત (Irregular) ગણાશે.

૧૫. સ્થાનિક તપાસસમિતિઓને અપાતી સૂચનામાં નીચેના ફેરફાર કરવા :

(૧) સૂચના નં. ૩માં જરૂરી કૅપિટલ ખર્ચ તે ઉપરાંત વધારામાં દર વિદ્યાશાખા દીઠ રૂા. ૫૦,૦૦૦નું વર્કિંગ ફંડ અલાયદું રાખવાનું આવશ્યક રાખવું.

(૨) સૂચના નં. ૩માં છેડે મકાન બાંધવા માટે જરૂરી જમીનનો ઉલ્લેખ છે તેને બદલે મકાન માટે તેમ જ ભવિષ્યના વિકાસ માટે પૂરતી જોગવાઈ રાખવી.

(૩) સૂચના નં. ૭માં યુનિવર્સિટીએ પોતે કૉલેજનાં મકાનો માટે લેઆઉટ તૈયાર કરાવી તે પ્રમાણે મકાનો તૈયાર કરવા કહેવું. વર્ગો ઉપરાંત જોઈતા ઓરડાઓની જોગવાઈ અંગે નીચે પ્રમાણે પ્રબંધ કરવા કહેવું :

(૧) શિક્ષકો માટેના સામાન્ય ખંડ તથા જે વિષયમાં ત્રણથી વધુ શિક્ષકો હોય તેવા દરેક ડિપાર્ટમેન્ટ માટે વિષય દીઠ એક સ્વતંત્ર ખંડ;

(૨) કૉલેજની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવા વિદ્યાર્થીઓ માટેનો ખંડ

(૩) સંલગ્ન સેનિટરી વ્યવસ્થા સાથેનો વિદ્યાર્થિનીઓનો ખંડ;

(૪) પ્રત્યેક વિદ્યાશાખાના કુલ વિદ્યાર્થીના ઓછામાં ઓછા દશ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવા વિદ્યાર્થીઓ દીઠ દશ ચોરસ ફૂટ જગાવાળા વાચન-ખંડ સહિત ગ્રંથાલય અને અધ્યયન માટેની ઘટતી જોગવાઈ;

(૫) પાણી માટેનો ખંડ

(૬) કેન્ટીન માટેનો ખંડ

(૭) સ્વચ્છ સંડાસ અને પેશાબખાનાની વ્યવસ્થા.

૧૬. કૉલેજો એકીસાથે વધારે વિષયો માટે જોડાણ માગવા માટે અરજી કરે અને તે પૈકીના બહુ થોડા જ વિષયો બરોબર શીખવવાનું શરૂ કરે તે અંગે નિયંત્રણ મૂકવા અંગે વિચારવું.

૧૭. કૉલેજને જે વિષય માટે કાયમી જોડાણ મળ્યું હોય અથવા જે વિષય મુખ્ય (પ્રિન્સિપલ) વિષય તરીકે શીખવાતો હોય તે વિષયનું અધ્યાપન બંધ કરવું હોય તો તે અંગે યુનિવર્સિટીને એક ટર્મ અગાઉ જાણ કરી પરવાનગી લેવી.

૧૮. દરેક કૉલેજમાં જે વિષયો શીખવાતા હોય તે માટે જરૂરી લાયકાત ધરાવતો સ્ટાફ છે કે નહીં તેની યુનિવર્સિટીને ખબર પડે તેવી મશીનરી ઊભી કરવી અને અપૂરતી લાયકાતવાળા શિક્ષકથી શિક્ષણકામ ચલાવવાની પરવાનગી એક વખતે ફક્ત એક સત્ર પૂરતી આપવી અને કોઈ પણ સંજોગોમાં બે સત્રથી વધુ સમય માટે આવી પરવાનગી આપવી નહીં. અને બે સત્ર પછી તે વિષય માટે લાયકાત ધરાવતા શિક્ષક કૉલેજ મેળવી ન શકે તો તે વિષય શીખવવાનું આપોઆપ બંધ કરવું પડશે તેવી સ્પષ્ટ જોગવાઈ નિયમોમાં કરવી.

૧૯. યુનિવર્સિટીના નિયમો પાળવામાં તથા જોડાણની શરતોના પાલન સંબંધી કૉલેજોના વહીવટકર્તા મંડળો પૂરતી જાગૃતિ રાખે તે માટે જોડાયેલી કૉલેજોનું ઑફિલિયેશન કે ટ્રાયેનિયલ ઇન્સ્પેકશન વગેરે કામો માટે તપાસસમિતિઓ, ઉપરાંત કૉલેજોની અચાનકવાર ઓચિંતી (surprise) મુલાકાતો લઈ તપાસ કરવા માટે કાયમી તંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટે ઘટતાં પગલાં લેવાં જોઈએ.

સ્ટાફની નોકરીની શરતો તથા આનુષંગિક બાબતો

૨૦. સ્ટાફની નિમણૂક અંગે હાલના નિયમો ઉપરાંત નીચેના વધારાના નિયમોનો પ્રબંધ કરવો :

(૧) દરેક સ્ટાફના સભ્યોને હાજર થાય તે પહેલાં તેની નોકરીની શરતો, વેતન વગેરે સ્પષ્ટ રીતે જણાવતો અૅપોઇન્ટમેન્ટ ઑર્ડર આપવાનું ફરજિયાત રાખવું અને સ્વીકૃતિપત્રમાં પણ તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

(૨) સ્ટાફના દરેક સભ્યનું પ્રૉવિડન્ટ ફંડ જે તારીખથી નોકરીએ જોડાય ત્યારથી જ કાપવું અને કૉલેજનો ફાળો પ્રોબેશન પિરિયડ પૂરો થાય તે દિવસથી ઉમેરવો. પ્રોબેશનનો સમય અપૉઇન્ટમેન્ટમાં સ્પષ્ટ જણાવવો.

(૩) એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જતા શિક્ષકોનો પ્રૉવિડંટ ફંડનો હિસાબ તેઓ જે કૉલેજમાં જાય ત્યાં ટ્રાન્સફર કરવો અને પ્રૉવિડંટ ફંડનું સાતત્ય જળવાય તેવી વ્યવસ્થા કરવી.

(૪) સ્ટાફના જે સભ્યો પગાર ચેકથી માંગે તેને પગાર ચેકથી આપવો.

(૫) કૉલેજના સ્ટાફના બધા સભ્યોને માટે દરેક માસના પગારનું કૉન્સોલિડેટેડ પે રજિસ્ટર રાખવું અને તે પર પગાર મળ્યા બદલની પહોંચ નિયમિત લેવી.

(૬) સ્ટાફના કોઈ પણ સભ્યને સત્રની વચમાં છૂટા કરવા નહિ અને નિયત સમયની નોટિસ આપ્યા વગર છૂટા કરવા નહિ. સ્ટાફને છૂટા કરવાની નોટિસ સત્રના અંતે પૂરી થાય તેવી જ હોવાનું આવશ્યક રાખવું. આ નિયમની વિરુદ્ધ છૂટા કરવા હોય તો તેવા દરેક કેસમાં ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

તે જ રીતે સ્ટાફના સભ્યો પણ સત્રની અધવચ્ચે છૂટા કરવાની માગણી કરી શકે નહિ અને અપવાદરૂપ સંજોગોમાં સત્રના અધવચ્ચમાં એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જવાની જરૂર ઊભી થાય તો તે માટે ઉપકુલપતિશ્રીની લેખિત પરવાનગી મેળવવાનું આવશ્યક રાખવું.

(૭) એક કૉલેજના શિક્ષક બીજી કૉલેજમાં જોડાય ત્યારે જે કૉલેજમાં શિક્ષક જોડાય તે કૉલેજના આચાર્ય તે શિક્ષક તરફથી મળેલા સ્વીકૃતિપત્રની નકલ તેમાં તે શિક્ષકની સહી તથા કઈ તારીખથી તે કૉલેજમાં જોડાશે તેની માહિતી સાથે યુનિવર્સિટીને મોકલવી.

(૮) કોઈ શિક્ષક એક કૉલેજમાં નિમણૂકપત્ર સ્વીકારે ત્યાં ઓછામાં ઓછા એક સત્ર માટે નોકરી કરવી પડશે. તેમ કરવામાં ન આવે તો તેની શિક્ષક તરીકેની માન્યતા રદ કરવી. એ જ પ્રમાણે જે કૉલેજમાં કોઈ પણ શિક્ષકની નિમણૂક કરવામાં આવી હોય તેને ઓછામાં ઓછું એક સત્ર પૂરતા નોકરીમાં રાખવા કૉલેજને માટે ફરજિયાત રહેશે.

કોઈ પણ કૉલેજના શિક્ષકનો પ્રોબેશન સમય પૂરો થાય તે પહેલાં તેને કાયમ કરવામાં આવ્યા છે કે નહિ તેની લેખિત ખબર શિક્ષકને આપવાનો નિયમ કરવો. જે શિક્ષકને કાયમ કરવા બાબત લેખિત ખબર આપવામાં ન આવે તેઓને આપોઆપ કાયમ થયેલા ગણવા. પ્રોબેશન સમય બે વરસથી વધુ રાખી શકાશે નહિ. તેથી વધુ સમય માટે પ્રોબેશન સમય લંબાવવાની જરૂર પડે તો તે માટે યુનિવર્સિટીની પરવાનગી મેળવવી. પ્રોબેશન સમય દરમિયાન પણ વર્ષ પૂરું થયે શિક્ષકને વાર્ષિક પગારવધારો આપવાનું ફરજિયાત રાખવું.

૨૧. પાર્ટ-ટાઇમ શિક્ષક માટેના વેતનના હાલના દરને બદલે નીચે મુજબ વેતન દરો આપવા :

(૧) પાર્ટ-ટાઇમ ટ્યૂટર કે ડેમોન્સ્ટ્રેટરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૦૦
(૨) પાર્ટ-ટાઇમ લેક્ચરરને ઓછામાં ઓછા માસિક રૂા. ૧૫૦
(૩) પાર્ટ-ટાઇમ પ્રોફેસરને ઓછામાં ઓછા માસિક રૂા. ૨૦૦.

૨૨. શિક્ષકોની માન્યતા આપતી વખતે નીચેની બાબતો ઉપર ધ્યાન રાખવું :

(૧) ધંધાદારી ટ્યૂશન વર્ગો સાથે કોઈ પણ શિક્ષકે સીધો કે આડકતરો વહેવાર રાખવો નહિ.

(૨) કોઈ પણ શિક્ષકે બેથી વધુ ખાનગી ટ્યૂશનો કરવાં નહિ અને તે માટે જેને ટ્યૂશન અપાતાં હોય તે વિદ્યાર્થીઓનાં નામ-સરનામાં સહિતની માહિતી રજૂ કરી તે ટ્યૂશન કામ સ્વીકારવા અંગે આચાર્યની લેખિત પરવાનગી લેવી.

(૩) કોઈ પણ શિક્ષકે વિવરણો (ગાઈડ) લખવાં નહિ અને તેમ કરનાર શિક્ષકની માન્યતા રદ કરવી.

કૉલેજના આચાર્યો

૨૩. કોઈ પણ કૉલેજના આચાર્યને છૂટા કરવા હોય તો ઓછામાં ઓછા એક સત્રની નોટિસ આપવાનું આવશ્યક રાખવું, અને આ નિયમમાં અપવાદ કરી કોઈ પણ આચાર્યને છૂટા કરવા હોય તો ઉપકુલપતિશ્રીની લેખિત મંજૂરી મેળવવાનું આવશ્યક રાખવું.

૨૪. કોઈ પણ કૉલેજના આચાર્યને પ્રથમ પદવી કક્ષાના શિક્ષણ માટે બીજી કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર કે લેક્ચરર તરીકે કામ કરવા પરવાનગી ન આપવી જોઈએ.

ગ્રંથાલય તથા લેબોરેટરી

૨૫. ગ્રંથાલયમાં વિદ્યાર્થી સહાય પુસ્તકાલય વિભાગનાં પુસ્તકો માટે અલાયદાં કબાટો રાખવાં અને તે પુસ્તકોને કૉલેજોના મુખ્ય ગ્રંથાલયમાં ઍફિલિયેશનની શરતરૂપે લેવાતાં પુસ્તકો જોડે મેળવવાં નહિ તેમ જ આ પુસ્તકોની ખરીદીનો હિસાબ પણ જુદો રાખવો.

૨૬. સામાન્ય રીતે પ્રમાણભૂત ન હોય તેવાં પુસ્તકોની એકથી વધુ નકલો રાખની નહિ, પરંતુ જે તે વિષયનાં પ્રમાણભૂત પુસ્તકોની વધારે નકલ રાખી શકાશે.

૨૭. દરેક કૉલેજનું ગ્રંથાલય વિદ્યાશાખા દીઠ ઓછામાં ઓછું આઠ કલાક ઉઘાડું રહે તેવી વ્યવસ્થા કરવા કૉલેજને ફરજ પાડવી જોઈએ.

૨૮. યુનિવર્સિટીએ દરેક વિષયની અભ્યાસસમિતિ પાસે પોતાના વિષય માટે ઓછામાં ઓછા બસો આધારભૂત ગ્રંથો, જે દરેક કૉલેજની લાઇબ્રેરીમાં હોવા જોઈએ, તેની યાદી કરાવવી. તે ગ્રંથો બધી કૉલેજોમાં લેવાય તે જોવું. તે જ પ્રમાણે પ્રી-યુનિવર્સિટી સાયન્સથી ટી.વાય.બી.એસસી.ના દરેક વિષયનાં લેબોરેટરીનાં જોઈતાં સાધનસરંજામની વિગતો પણ જે તે વિષયની અભ્યાસસમિતિ પાસે તૈયાર કરાવવી. તે પ્રમાણેનાં સાધનો દરેક કૉલેજની લેબોરેટરીમાં આવે તેવી વ્યવસ્થા કરવી.

કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા

૨૯. કૉલેજોની વિદ્યાર્થીસંખ્યા અને વર્ગસંખ્યા અંગે નીચે મુજબ જોગવાઈ કરવી :

(૧) કોઈ પણ કૉલેજમાં લઈ શકાતા કુલ વિદ્યાર્થીઓ અંગે નીચેની જોગવાઈ કરવી :

(ક) એક વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૧૫૦૦ વિદ્યાર્થીઓ.

(ખ) બે વિદ્યાશાખાવાળી કૉલેજ—વધુમાં વધુ ૨૦૦૦ વિદ્યાર્થીઓ, પરંતુ કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ૧૫૦૦થી વધવા ન જોઈએ.

(૨) જો કૉલેજોમાં બે વિદ્યાશાખા હોય તો બંને વિદ્યાશાખાઓ થઈને કોઈ પણ એક જ સ્તરના ક્લાસના (પ્રી-યુનિ., એફ.વાય. વગેરે) છથી વધુ વર્ગો થઈ શકે નહિ.

(૩) દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦ની રાખવી, તે ઉપરાંત ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની જોગવાઈ રાખવી નહિ.

(૪) ટ્યુટોરિયલ્સ માટેના એક વર્ગની વિદ્યાર્થીસંખ્યા વધુમાં વધુ ૪૦ રાખી શકાશે.

(૫) બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં આચાર્ય જે વિદ્યાશાખાના હોય તે સિવાયની બીજી વિદ્યાશાખાના એક પ્રોફેસરને ઉપાચાર્ય (વાઇસ-પ્રિન્સિપાલ) તરીકે નીમવાનું ફરજિયાત રાખવું અને ઉપાચાર્યને ઓછામાં ઓછું માસિક રૂા. ૫૦નું ભથ્થું તેઓના પગાર ઉપરાંત આપવું.

ઉપરોક્ત ૧(બ)ના સ્થાન અંગે સમિતિના એક સભ્ય શ્રી. રણજિતરામ ગં. શાસ્ત્રીનો મત જોવો હતો કે બે વિદ્યાશાખાવાળી કૉલેજમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦ રાખવી જોઈએ અને કોઈ પણ એક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦૦થી વધવી જોઈએ નહિ.

હૉસ્ટેલ

૩૦. દરેક કૉલેજની હૉસ્ટેલમાં મુલાકાતીઓને મળવા માટે અલાયદા રૂમની તથા વર્તમાનપત્રો, સામયિકો વગેરે સુવિધાવાળા રીડિંગ રૂમની વ્યવસ્થા હોવી જોઈએ.

પરીક્ષા

૩૧. યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓની બધી જ ઉત્તરવહીઓ યુનિવર્સિટી કાર્યાલયમાંથી પરીક્ષકોને રવાના કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવી જોઈએ અને આ દિશામાં ઘટતો પ્રારંભ થઈ શકે તે માટે અમદાવાદ કેન્દ્રમાં લેવાતી પરીક્ષાઓથી શરૂઆત કરવી જોઈએ.

૩૨. યુનિવર્સિટી તરફથી લેવાતી બધી જ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને કોડ નંબરો આપવા અંગે વિચારણા કરવી જોઈએ.

પ્રકીર્ણ

૩૩. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને કાયદાની વિદ્યાશાખાઓ પૂરતી ડિગ્રી કક્ષાની એક એક કૉલેજ આદર્શ ધોરણ પર યુનિવર્સિટીએ અમદાવાદ શહેરમાં ચલાવવી જોઈએ.

૩૪. અમદાવાદ પૂરતું વિષયોનું વિભાગીકરણ કરી જુદી જુદી કૉલેજો મર્યાદિત વિષયોના શિક્ષણનું સ્પેશિયાલાઇઝેશન કરે તે અંગે કોઈ પદ્ધતિ વિચારવી.

૩૫. જે વિષયો માટે અભ્યાસક્રમ નિયત થયો હોય પરંતુ કોઈ પણ કૉલેજમાં શીખવાતા ન હોય તેવા શિક્ષણનો પ્રબંધ કરવા માટે વિચારવું.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩

પ્રો. રમેશભાઈ મ. ભટ્ટનાં સૂચનો

(*a*) When a subject is taught as a major subject, i.e., in all the three years, a college can discontinue to teach the subject only from the F.Y. Classes to begin with and S.Y. and T.Y. Classes in the Second or Third Year progressively. Thus the process shall be completed in three years only.

(*b*) When a college has discontinued to teach a major subject, it cannot revive the affiliation without applying again for it. Such colleges should not be granted affiliation for three years after the process of discontinuation has been completed.

(*c*) When a college wants to discontinue the teaching of a minor subject i.e., a subject taught in the F.Y. and S.Y. the process should begin with the F.Y. and then in S.Y. taking two years for its completion.

(*d*) In case a college wants to change over from a major subject to minor subject, i.e., wants to discontinue its teaching in the Third Year and continue with only the first and second year, the notice to that effect should be given to the students and teachers two full academic years in advance.

(*e*) In all the cases the teachers should be intimated from the very beginning of the first academic year, when the process of discontinuation would start. In case a college wants to discontinue the teaching of a subject taught at Pre-Uni. and F.Y. level only, the process of discontinuation shall start from Pre-Uni. and completed with F.Y. class in the following year. The teachers and students concerned shall be intimated from the beginning of the academic year from which the process is to start.

(*f*) In case a subject is taught at Pre-Uni. or F.Y. Class level only, the intimation of a discontinuation of teaching of a subject shall be given at least one academic year in advance.

(*g*) In all such cases the University authorities should also be intimated from the very first year when the process of discontinuation starts.

(*h*) During this process of discontinuation of a subject, all the teachers concerned shall continue to enjoy all the normal conditions of service.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૬

ભાષા-ભવનમાં એક લેક્ચરર-ઇન-ઇંગ્લિશની જગ્યા માટે, યુનિવર્સિટી કાર્યાલયમાં એક હિસાબનીશની જગ્યા માટે તથા યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા માટે સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ઉમેદવારોની મુલાકાત લેવા માટે તા. ૧૪-૧૧-૧૯૬૭ના રોજ ૧૨-૩૦ વાગ્યે મળી હતી. કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઓફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૭. શ્રી. વી. આર. રણદીવે	હાજર
૮. ડૉ. જયંત બી. હરિભક્તિ	ગેરહાજર
૯. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૧૦. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૧૧. પ્રો. બી. આર. શૅનોય	ગેરહાજર
૧૨. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૧૩. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૧૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૧૫. ડૉ. એ. એમ. ત્રિવેદી	હાજર
૧૬. શ્રી. વી. સી. શાહ	ગેરહાજર
૧૭. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૧૮. આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર.

૧. લેક્ચરર-ઇન-ઇંગ્લિશ (એક જગ્યા)

લેક્ચરર-ઇન-ઇંગ્લિશની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) શ્રી. જોશી જયંત આર.	હાજર
(૨) શ્રી. શુકલ ઇન્દુકાન્ત	હાજર
(૩) શ્રી. ભગવતીસિંગ	હાજર
(૪) કુ. દક્ષા જે.	હાજર
(૫) શ્રી. સૈયદ એફ. એમ.	હાજર
(૬) શ્રી. મુન્શી ગુલામમુસ્તાફા	હાજર
(૭) શ્રીમતી પાઠક ઇલા યુ.	હાજર.

નિષ્ણાત તરીકે ભાષા-ભવનના અંગ્રેજીના પ્રોફેસર શ્રી. ચંદ્રશેખરન નિમંત્રણથી હાજર રહ્યા હતા. હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી તેઓનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી લેક્ચરર-ઇન-ઇંગ્લિશની જગ્યા પર રૂા. ૪૦૦-૩૦-૬૪૦ ઇ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શ્રી. ભગવતીસિંગ	રૂા. ૫૨૦થી (અત્યારે પોતાને કુલ ૨૬મ મળે છે તેટલી ૨૬મ મળે એટલો પગાર)
(૨) કુ. દક્ષા જે. શાહ	રૂા. ૪૦૦થી
(૩) શ્રી. સૈયદ એફ. એન.	રૂા. ૪૬૦થી.

૨. હિસાબનીશ (એક જગ્યા)

હિસાબનીશની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) શ્રી. મોઢ જે. સી.	હાજર
(૨) શ્રી. શાહ બી. કે.	હાજર
(૩) શ્રી. ઝાલા એ. જે.	હાજર.

નિષ્ણાત તરીકે ડે. રજિસ્ટ્રાર (ફાયનાન્સ અને એકાઉન્ટ્સ) શ્રી. બી. એમ. પટેલ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. બી. કે. શાહને શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૪૫૦થી રૂા. ૪૫૦-૨૦-૪૫૦-૩૦-૬૦૦ ઇ.બી. ૪૦-૮૦૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. ટેકનિકલ આસિસ્ટન્ટ (એક જગ્યા)

ટેકનિકલ આસિસ્ટન્ટની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) કુ. પટેલ લતા પી. હાજર

(૨) શ્રી. દેસાઈ ડી. જે. હાજર.

નિષ્ણાત તરીકે ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. દેસાઈ ડી. જે.ને ટેકનિકલ આસિસ્ટન્ટની હંગામી જગ્યા પર (એટલે કે તા. ૩૧-૧૨-૧૯૬૮ સુધી) શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૧૨થી રૂા. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ ઈ.બી. ૨૦-૪૦૦ના પગારધોરણમાં નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 828-300-11-67

ખા ન ગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની ડિસેંબર માસની સભા, શનિવાર, તા. ૨-૧૨-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૯-૧૨-૧૯૬૭
૧. શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫. શ્રી. ઇન્દ્રવદન મણિલાલ નાણાવટી	ગેરહાજર
૬. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર
૭. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮. શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	ગેરહાજર
૯. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૦. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩. પ્રો. બી. આર શેનોય	હાજર
૧૪. આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	હાજર
૧૫. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રદીણવે	હાજર.

૧. તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યંત્ર (હોલેરિથ) વિભાગના કામકાજનો અભ્યાસ કરીને, વિગતવાર યોજના તૈયાર કરીને સિન્ડિકેટે તેની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં નીમેલ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલ સ્વીકારવો અને તેમાં કરવામાં આવેલી ભલામણોનો ક્રમિક ધોરણે શક્ય તેટલો અને શક્ય તેટલી ઝડપથી અમલ કરવાનું રાખવું.

૩. ઓ. ૧૮૫ના સંદર્ભમાં એ. જી. ટીચર્સ કોલેજ, અમદાવાદે નીચેની શાળાઓને "પ્રેક્ટિસિંગ સ્કૂલો" તરીકે પસંદ કર્યાની નોંધ લેવા બાબત :

૧. એ. જી. હાઈસ્કૂલ, નવરંગપુરા, અમદાવાદ-૯
૨. અંજુમને ઇસ્લામ હાઈસ્કૂલ, આસ્ટોડિયા, અમદાવાદ-૧
૩. આશ્રમ વિનય મંદિર, ગાંધી આશ્રમ, અમદાવાદ-૧૩
૪. બાલોદ્યાન હાઈસ્કૂલ, આંબાવાડી, અમદાવાદ-૬
૫. ડેમોક્રેટિક હાઈસ્કૂલ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ-૧
૬. ડી. બી. હાઈસ્કૂલ, એલિસબ્રિજ, અમદાવાદ-૭
૭. ડી. બી. હાઈસ્કૂલ, કાંકરિયા, અમદાવાદ-૮
૮. દુર્ગા વિદ્યાલય, મણિનગર, અમદાવાદ-૮
૯. ગુજરાત લો સોસાયટી હાઈસ્કૂલ, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૧૦. ગિરધરનગર-શાહીબાગ હાઈસ્કૂલ, ગિરધરનગર, અમદાવાદ-૪
૧૧. એચ. બી. કે. ન્યૂ હાઈસ્કૂલ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૪
૧૨. એચ. એચ. પટેલ હાઈસ્કૂલ, સાબરમતી, અમદાવાદ-૫
૧૩. જ્યોતિ કન્યા વિદ્યાલય, લરકરી હવેલી, દિલ્હી ચકલા, અમદાવાદ-૧
૧૪. જયહિંદ હાઈસ્કૂલ, મણિનગર, અમદાવાદ-૮
૧૫. મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલ, માણેકચોક, દાણાપીઠ, અમદાવાદ-૧
૧૬. કાળુપુર ટ્યુટોરિયલ હાઈસ્કૂલ, કાળુપુર, ટંકશાળ, અમદાવાદ-૧
૧૭. મોહિનીબા ગર્લ્સ હાઈસ્કૂલ, નવરંગપુરા, અમદાવાદ-૯
૧૮. ન્યૂ હાઈસ્કૂલ, પીરમશાહ રોડ, અમદાવાદ-૧
૧૯. નેશનલ હાઈસ્કૂલ, ખજૂરીની પોળ, કાળુપુર, અમદાવાદ-૧
૨૦. ન્યૂ સર્વોદય હાઈસ્કૂલ, જૈન વાડી, માણેકચોક, અમદાવાદ-૧
૨૧. નવચેતન હાઈસ્કૂલ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨૨. નવચેતન મિડલ સ્કૂલ, ગાંધી મેમોરિયલ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬
૨૩. નવજીવન હાઈસ્કૂલ, ખમાસા ગેટ પાસે, અમદાવાદ-૧

૨૪. પ્રેમસ હાઇસ્કૂલ, શાહપુર મિલ કંપાઉંડ, અમદાવાદ-૧
૨૫. પંચશીલ હાઇસ્કૂલ, સરસપુર, અમદાવાદ
૨૬. પંકજ વિદ્યાલય, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૬
૨૭. આર. બી. આર. સી. ગર્લ્સ હાઇસ્કૂલ, ખાડિયા, અમદાવાદ-૧
૨૮. સરસ્વતી ગર્લ્સ હાઇસ્કૂલ, પાનકોર નાકા, અમદાવાદ-૧
૨૯. સ્વસ્તિક ગર્લ્સ હાઇસ્કૂલ, પાનકોર નાકા, અમદાવાદ-૧
૩૦. સ્વસ્તિક શિશુવિહાર, સ્વસ્તિક સોસાયટી, અમદાવાદ-૯
૩૧. સંઘવી હાઇસ્કૂલ, નારણપુરા, અમદાવાદ-૧૩
૩૨. સંસ્કાર હાઇસ્કૂલ, કાપડીવાડ, રાયપુર, અમદાવાદ-૧
૩૩. ઉન્નતિ વિદ્યાલય, મહાલક્ષ્મી સોસાયટી સામે, પાલડી, અમદાવાદ-૭
૩૪. વિદ્યાનગર હાઇસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩
૩૫. વિશ્વભારતી હાઇસ્કૂલ, શાહપુર મિલ કંપાઉંડ, અમદાવાદ-૧
૩૬. વિશ્વભારતી ગર્લ્સ હાઇસ્કૂલ, શાહપુર મિલ કમ્પાઉન્ડ, અમદાવાદ-૧
૩૭. વિશ્વ વિદ્યાલય, હરિપુરા, અસારવા, અમદાવાદ-૧૬
૩૮. વી. એસ. ત્રિવેદી ટયુટોરિયલ હાઇસ્કૂલ, ત્રણ દરવાજા, અમદાવાદ-૧
૩૯. વનિતા વિશ્રામ ગર્લ્સ હાઇસ્કૂલ, ખાડિયા, અમદાવાદ-૧.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સનું ૨૯મું અધિવેશન તા. ૨૭થી ૨૯ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન ધનબાદ (બિહાર) મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા સામાન્ય મંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પુ. ગ. માવળંકરને નીમવા.

૫. ઇન્ડિયન એકેડેમી ઓફ એપ્લાઇડ સાયકોલોજીનું છઠ્ઠું વાર્ષિક અધિવેશન આંધ્ર યુનિવર્સિટીના આશ્રયે વોલ્ટેર મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે આવેલા પ્રમુખશ્રીના તા. ૨૬-૧૦-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. "Introduction of correspondence course" એ વિષય પરત્વે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ, દિલ્હી તરફથી આવેલ તા. ૨૭-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ-૩૮-૧-૬૫ (સી.ડી.એમ.) પાર્ટ ૧ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—"Scheme of correspondence courses and evening colleges" એ વિષય પરત્વે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશનના પત્ર પરત્વે સિન્ડિકેટે તેની

તા. ૧–૧૨–૧૯૬૨ની સભામાં બાબત નં. ૩૪થી નીચે પ્રમાણે ઠરાવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત પરત્વે દિલ્હી યુનિવર્સિટીમાં પ્રયોગાત્મક દૃષ્ટિએ જે અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે તેના પરિણામની રાહ જોવી.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટતી વિચારણા કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુક્લ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. આચાર્ય એમ. સી. શાહ
૫. આચાર્ય કે. જી. દેસાઈ

સદરહુ સમિતિનો અહેવાલ આવે તે દરમ્યાન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને માધ્યમની બાબતમાં રૂટે. ૨૦૮ને અનુલક્ષીને ઘટતો જવાબ આપવો, અને દિલ્હી યુનિવર્સિટીનો આ બાબતનો શો અનુભવ છે તે અંગે તેનો રિપોર્ટ મગાવવો.

૭. આંતર-યુનિવર્સિટીના મંત્રી તરફથી ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઑફ ઇન્ડિયાના "વીઝી ટ્રોફી"ની આંતર-વિભાગીય ક્રિકેટની સ્પર્ધાઓ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા અંગે આવેલ આમંત્રણને બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બહાલીની અપેક્ષાએ ચેરમેનશ્રીએ મંજૂર કરેલ છે, જેને કુલપતિશ્રીએ પણ બહાલી આપેલ છે તેની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ અંગેનો બધો ખર્ચ આંતર-યુનિવર્સિટી બોર્ડ તરફથી અપાય છે. ફક્ત ચા–પાણી વગેરેનો રૂા. ૩૦૦ સુધીનો ખર્ચ આપણી યુનિવર્સિટીએ કરવાનો રહેશે, જે આંતર-યુનિવર્સિટી ખાતેથી કરવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮. નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ એજ્યુકેશનના "કૉલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" હેઠળ સંલગ્ન કૉલેજોમાં ગણિતશાસ્ત્ર માટેનો "કૉલેજ ડેવલપમેન્ટ પ્રોગ્રામ" આયોજવા અંગે ઘટતી વિચારણા કરવાના પ્રો. પી. સી. વૈદ્યના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે માટે યોજના તથા અંદાજી ખર્ચની વિગતો રજૂ કરવા માટે ડૉ. પી. સી. વૈદ્યને વિનંતી કરવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુનિયર ક્લાર્ક શ્રી. યુ. એચ. ચોકસી તા. ૬–૧૧–૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી રૂટે. ૧૯૩–અ મુજબ ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે તેઓની તા. ૩૦–૧૦–૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. ચોકસી તા. ૮–૮–૧૯૬૦થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૬–૧૧–૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યુ. એચ. ચોકસીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી આપવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જૂનિયર ક્લાર્ક શ્રી. યુ. એચ. ચોક્સી તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડ અંગેની રકમ પરત આપવા અંગે તેઓની તા. ૩૦-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ચોકસી તા. ૮-૮-૧૯૬૦થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૬-૧૧-૧૯૬૭થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. યુ. એચ. ચોકસીને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રોવિડંટ ફંડની રકમ ચૂકવી આપવી.

૧૧. રાજ્ય સરકારના નાણાખાતાના તા. ૭-૧૨-૧૯૬૭ના ઠરાવ નં. વી.એલ.બી.-૧૧૬૭-૩૯૨૦ પ્રમાણે સરકારી કર્મચારીઓને તા. ૧-૨-૧૯૬૭, તા. ૧-૩-૧૯૬૭ અને તા. ૧-૬-૧૯૬૭થી મોંઘવારી ભથ્થામાં કરવામાં આવેલો વધારો યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને તથા કોલેજોના/સંસ્થાઓના શિક્ષકોને આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીના કર્મચારીઓને મોંઘવારી તથા બીજાં ભથ્થાં રાજ્ય સરકારના ધોરણે આપવામાં આવે છે. આ અંગે અમુક ગ્રાન્ટ ગુજરાત સરકાર આપશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના નીચે જણાવેલાં પગારધોરણવાળા કર્મચારીઓને નીચે મુજબની તારીખોથી નીચે મુજબ સુધારેલા દરે મોંઘવારી ભથ્થું આપવાનું મંજૂર કરવું :

મૂળ પગાર	મોંઘવારી ભથ્થું		
રૂા.	તા. ૧-૨-'૬૭થી	તા. ૧-૩-'૬૭થી.	તા. ૧-૬-'૬૭થી
૫૦ સુધી	૮૮	૮૮	૯૪
૫૧થી ૬૪	૯૮	૯૮	૧૦૪
૬૫થી ૧૦૦	૧૧૨	૧૨૨	૧૨૯
૧૦૧થી ૧૦૪	૧૧૭	૧૨૭	૧૩૪
૧૦૫થી ૧૫૦	૧૨૩	૧૩૮	૧૪૬
૧૫૧થી ૧૬૪	૧૨૮	૧૪૩	૧૫૧
૧૬૫થી ૨૫૫	૧૪૨	૧૬૪	૧૭૩
૨૫૬થી ૩૨૯	૧૬૭	૧૮૯	૧૯૮
૩૩૦થી ૩૭૯	૧૭૫	૨૦૦	૨૧૦
૩૮૦થી ૩૮૮	મૂળ પગાર અને રૂા. ૫૫૪ વચ્ચેના તફાવત જેટલી રકમ	મૂળ પગાર અને રૂા. ૫૭૯ વચ્ચેના તફાવત જેટલી રકમ	મૂળ પગાર અને રૂા. ૫૮૬ વચ્ચેના તફાવત જેટલી રકમ
૩૮૯થી ૩૯૮	૧૬૫	૧૯૦	—

ઉપર દર્શાવેલ પગારધોરણો કરતાં વધારે મૂળ પગાર મેળવનારના મોંઘવારી ભથ્થાના દરોમાં કોઈ ફેરફાર થતો નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોને પણ તા. ૧-૨-૧૯૬૭, તા. ૧-૩-૧૯૬૭ અને તા. ૧-૬-૧૯૬૭થી ઉપરના દરોએ વધારાનું મોંઘવારી ભથ્થું આપવું આવશ્યક છે એમ તે કૉલેજો/સંસ્થાઓના આચાર્યો/અધ્યક્ષોને જણાવવું.

૧૨. આરોગ્ય કેન્દ્રના મકાનના બાંધકામ માટે નિમાયેલ સ્થપતિ શ્રી. એલ. કે. નંદવાણાને મહેનતાણાની રકમ ચૂકવવાની બાકી હોવાથી આ કામ માટે રૂા. ૬૦૦ની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રના મકાનના બાંધકામ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂા. ૬૦૦ની જોગવાઈ કરવી.

૧૩. આગામી માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર આ યુનિવર્સિટીની તમામ અનુસ્નાતક તબીબી વિદ્યાશાખા સિવાયની પરીક્ષાઓનાં આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦-૧૨-૧૯૬૭ રાખવા કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત અને તે મુજબ ઓ. ૧૨૯માં થતો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ, ૧૯૬૮ની પ્રી-યુનિવર્સિટી અને એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી., અને એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષાઓ માટે આવેદનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૦-૧૨-૧૯૬૭ નિયત કરવી.

૧૪. બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૮-૮-૧૯૬૭ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૧૮-૮-૧૯૬૭ની સભાની નોંધ મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની તા. ૧૮-૮-૧૯૬૭ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૫. ૬૨ વર્ષે યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલ માસમાં લેવાતી ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને બૅન્કિંગનો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને રૂા. ૨૫૦નું ધી બૅંક ઑફ ઇન્ડિયા લિ. પારિતોષિક આપવા અંગે આ સાથેના સુધારેલા નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં ચાલતી પોસ્ટ ઑફિસ ૫૫ રૂમ પાસેના મકાનમાં ખસેડવાનું ઠરાવવામાં આવ્યું છે. આ માટેનો નવો કરાર કેટલાં વર્ષનો કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના રૂમનું રૂા. ૪૫ માસિક ભાડું મળે છે, જ્યારે ૫૫ રૂમ પાસેની બે ઓરડીઓનું માસિક ભાડું રૂા. ૭૫ મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારનામાની મુદત ત્રણ વર્ષની રાખવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ગ્રંથાલયમાં કામ કરતા શ્રી. આઈ. સી. શાહ (તા. ૫-૮-૧૯૬૦થી તા. ૪-૮-૧૯૬૨) તથા શ્રી. એસ. જી. દેસાઈ (તા. ૫-૮-૧૯૬૨થી તા. ૪-૮-૧૯૬૨)ની હંગામી સેવાઓ દરમિયાન પ્રોવિડંટ ફંડનો લાભ આપવા અંગેની તેઓની તા. ૧૬-૬-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—રૂટ. ૧૮૦ નીચે પ્રમાણે વંચાય છે :

(B) Any whole-time officer, teacher or other servant of the University temporarily appointed in the first instance and subsequently confirmed in the same appointment may, by a resolution of the Syndicate, be admitted to the benefits of the University Provident Fund from the date of his temporary appointment, provided that there has been no break or interval between the termination of the temporary appointment and the commencement of the permanent appointment irrespective of the appointment being probationary or otherwise.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. સી. શાહ તથા શ્રી. એસ. જી. દેસાઈને પ્રોવિડન્ટ ફંડનો લાભ, તેમની સેવાનું સાતત્ય લક્ષમાં લઈને, અનુક્રમે તા. ૫-૮-૧૯૬૦ અને તા. ૫-૮-૧૯૬૨થી આપવાનું રાખવું.

૧૮. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય રો. એમ. એસ. શાહને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—ડૉ. શાહે (૧) ભૌતિકવિજ્ઞાન, અને (૨) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિઓ માટે પોતાની પસંદગી દર્શાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એમ. એસ. શાહને (૧) ભૌતિકવિજ્ઞાન, અને (૨) રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૯. યુનિવર્સિટી પબ્લિકેશન બોર્ડ પર સિન્ડિકેટ નિયુક્ત સભ્ય રો. પી. એચ. પ્રભુ યુનિવર્સિટીમાંથી રાજીનામું આપી છૂટા થયેલા હોઈને તેમની ખાલી પડેલી જગ્યાએ અન્ય સભ્યની તા. ૨-૧૨-૧૯૬૯ સુધીના સમય માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) ઑર્ડિ. ૧ મુજબ નવા નિમાનાર સભ્યો યુનિવર્સિટીના કોઈ અનુસ્નાતક ભવનના વડા, માન્ય સંસ્થાના વડા અથવા બોર્ડ ઑફ ટીચિંગના સભ્ય હોવા જરૂરી છે.

(૨) ઉપરોક્ત ઑર્ડિનન્સ મુજબ હાલમાં સિન્ડિકેટ-નિયુક્ત અન્ય સભ્યોનાં નામ નીચે મુજબ છે :

૧. આચાર્ય રો. વાય. જી. નાયક
૨. પ્રો. જે. જે. ચિનોય

૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. પ્રો. એમ. પી. પંડ્યા
૫. શ્રી. રસિકલાલ સી. પરીખ
૬. પ્રો. કે. જે. ભટ્ટ.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. પી. એચ. પ્રભુની જગ્યાએ સદરહુ બોર્ડ પર આચાર્ય મ. પ્રા. શુક્લની નિમણૂક કરવી.

૨૦. સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૭-૧૧-૧૯૬૭ના રોજ મળેલી સભાની બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧૧-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિ તા. ૭-૧૧-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

૨૧. ફાઇનાન્સ કમિટીની તા. ૧૩-૧૧-૧૯૬૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગ માટે પરિશિષ્ટ 'અ'માં બતાવ્યા પ્રમાણેનાં વૈજ્ઞાનિક સાધનો ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૩-૧૧-૧૯૬૭ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(પરિશિષ્ટ "અ" અત્રે છાપ્યું નથી.)

૨૨. બાઈ હરિગંગા વિઠ્ઠલદાસ પટેલ ટ્રસ્ટ વતી "શ્રીમતી હરિગંગા વિઠ્ઠલદાસ ઢારકાદાસ પટેલ સ્મૃતિ શિષ્યવૃત્તિ" એ નામની શિષ્યવૃત્તિ નીચેની વિગતે એનાયત કરવા માટે રૂા. ૨૧,૦૦૦/-નું દાન સ્વીકારવાની વિનંતી કરતા શ્રી. હરિશંકર એલ. ત્રિવેદીના તા. ૪-૮-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રથમ એમ.બી.,બી.એસ. પરીક્ષાનાં માર્ચ-એપ્રિલ અને સપ્ટેંબર-ઑક્ટોબરનાં પરિણામો એકત્ર કરતાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને;

(૨) બીજી એમ.બી., બી.એસ. પરીક્ષાનાં માર્ચ-એપ્રિલ અને સપ્ટેંબર-ઑક્ટોબરનાં પરિણામો એકત્ર કરતાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને;

(૩) બી.એડ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને;

(૪) બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઈ બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

[નોંધ.—ઉપર નં. ૪ની બાબતમાં સંસ્કૃત અને અંગ્રેજીના વિષયો માટેના પ્રકાર અંગે જરૂરી સ્પષ્ટતા મેળવવી.]

૨૩. ચાલુ વર્ષે હજુ સુધી કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહિ હોવાથી સદરહુ સર્ટિફિકેટ મેળવી લેવાની મુદત (જે તા. ૧૫-૧૨-૧૯૬૭ના રોજ પૂરી થઈ છે) લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—લગભગ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ હજુ કઢાવ્યાં નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને માટે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવવાની તારીખ ૩૧-૧૨-૧૯૬૭ સુધી લંબાવવી, અને જે તે વિદ્યાર્થીઓની કૉલેજોના આચાર્યોને બાકી રહેલા વિદ્યાર્થીઓનાં સર્ટિફિકેટ કઢાવવા માટે જરૂરી તજવીજ કરવા માટે જણાવવું.

૨૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

		અજમાયશી સમય	કાયમ કરવાની તારીખ
૧. શ્રી. અશોક એચ. પટેલ	જુ. કલાર્ક	૧૫-૧-૧૯૬૮	૧૬-૧-૧૯૬૮
૨. શ્રીમતી પુષ્પા જે. ફાર્મર	જુ. કલાર્ક	૨૩-૧-૧૯૬૮	૨૪-૧-૧૯૬૮
૩. શ્રી. એન. એલ. વઝા	કલાર્ક-ટાઇપિસ્ટ	૨૭-૧-૧૯૬૮	૨૮-૧-૧૯૬૮

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. જી. એફ. પટેલનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમને તા. ૧૯-૧-૧૯૬૮થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. જી. એફ. પટેલને સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફરની જગ્યા પર તા. ૧૯-૧-૧૯૬૮થી કાયમ કરવા.

૨૬. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એસ. એચ. દેસાઈ	જુ. કલાર્ક	૧૬-૧-૧૯૬૮
૨.	શ્રી. ડી. એ. પટેલ	જુ. કલાર્ક	૧૬-૧-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. એચ. એસ. દેસાઈને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કલાર્ક તરીકે તા. ૧૬-૧-૧૯૬૮થી કાયમ કરવા.

(૨) શ્રી. ડી. એ. પટેલને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કલાર્ક તરીકે તા. ૧૬-૧-૧૯૬૮થી કાયમ કરવા.

૨૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	કુ. લાલાજી અંજના એન.	જુ. ક્લાર્ક	૧૬-૧-૧૯૬૮
૨.	શ્રી. એલ. એલ. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮
૩.	શ્રી. એન. આર. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮
૪.	શ્રી. જે. ડી. મહેતા	,,	૧૬-૧-૧૯૬૮
૫.	શ્રી. જી. જે. ઠાકોર	,,	૧૬-૧-૧૯૬૮
૬.	શ્રી. પી. સી. શાહ	,,	૧૬-૧-૧૯૬૮
૭.	કુ. મેના જે. કૌશિક	,,	૧૬-૧-૧૯૬૮
૮.	શ્રી. રામભાઈ જે. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અને જગ્યા પર કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
૧.	કુ. લાલાજી અંજના એન.	જુ. ક્લાર્ક	૧૬-૧-૧૯૬૮
૨.	શ્રી. એલ. એલ. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮
૩.	શ્રી. એન. આર. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮
૪.	શ્રી. જે. ડી. મહેતા	,,	૧૬-૧-૧૯૬૮
૫.	શ્રી. જી. જે. ઠાકોર	,,	૧૬-૧-૧૯૬૮
૬.	શ્રી. પી. સી. શાહ	,,	૧૬-૧-૧૯૬૮
૭.	કુ. મેના જે. કૌશિક	,,	૧૬-૧-૧૯૬૮
૮.	શ્રી. રામભાઈ જે. પટેલ	,,	૧૬-૧-૧૯૬૮

૨૮. આ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી સંશોધન શિષ્યવૃત્તિઓના નિયમોમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવાના બાંયધરી-પત્ર તથા જામીનખત અંગે નીચે મુજબનો નિયમ ૧૩ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

"The selected candidate shall abide by the rules governing the rules of the Scholarships for the time being in force and shall give an undertaking to that effect. He shall furthermore be required to give a financial guarantee in respect of his liability for refund of the Scholarship from a person belonging to any one of the following categories :

(1) A Member of the University Senate for the time being;
(2) A Principal of an affiliated College, Director of a recognised Institute or a University Department;

(3) A Head Master of a recognised Secondary School; and

(4) A Gazetted Officer of the Union or a State Government."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિષ્યવૃત્તિઓના સંદર્ભમાં સોલવન્સી સર્ટિફિકેટ રજૂ કરનાર કોઈ પણ વ્યક્તિની બાંયધરી માન્ય ગણવાનું રાખવું.

૨૯. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો અનુસ્નાતક શિક્ષણના કાર્યને માટે યુનિવર્સિટી કેમ્પસની બહાર જાય તો તેમને રૂા. ૩-૦૦નું દૈનિક ભથ્થું વાહનખર્ચ પેટે આપવાનું સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવેલું હોવાથી નીચેનો નિયમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"If a teacher working as a full-time employee of the University duly permitted by the authorities of the University to participate in the instructional programme of a Post-graduate Centre instituted in the city of Ahmedabad actually participated therein, he shall be entitled to payment of Rs. 3/- per day as conveyance charges payable by the Post-graduate Centre inviting him."

[નોંધ.—ઉપરનો નિયમ અનુસ્નાતક નિયમ નં. ૩૮(સી) તરીકે ઉમેરી શકાય.]

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ નિયમ નં. ૩૮-સી મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૦. એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"R. Com. 12-A :

A candidate who has earned exemption in the following subject or subjects at the B.Com. (Old Course) Examination shall, at his option, be excused from appearing in the corresponding subjects of the Third B.Com. Examination shown against respective subjects as under :

Subjects at B.Com. Exam. (Old Course)	*Subjects at Third B.Com. Exam.*
1. Optional subject (which offered)	1. Optional subject—Papers III & IV [as offered in B.Com. (Old Course) Examination]
2. Mercantile Law	2. Mercantile Law
3. English	3. English
4. Business Organisation	4. Business Administration—Paper II.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. કોમ. ૧૨-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ રેગ્યુ. કોમ. ૧૨-એ મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૮-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ. પાર્ટ-૧ની પરીક્ષા માટે ઉત્તીર્ણતાના ધોરણ અંગે રેગ્યુ. ઓ-૧૭(૧)-ન્યૂમાં નીચેની કલમ ઉમેરવી તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ઓ-૧૭-ન્યૂને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

A candidate who has obtained 36% in each paper and 42% in the aggregate shall, at his option, be allowed to keep terms for Part II on clear understanding that a candidate who has exercised his option to keep terms for Part II Examination under the provisions of this Ordinance shall not be permitted to appear again in the Part I Examination and that the marks so obtained by him shall be carried forward."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ઓ-૧૭(૧)-ન્યૂ માં ઉપરની કલમ ઉમેરવી અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવો.

૩૨. મદ્દનીશ હિસાબનીશ શ્રી. એચ. સી. દોશીને અજમાયશી સમય દરમિયાન એકાઉન્ટન્સી સાથે બી.કોમ.ની પરીક્ષા પાસ કરવા અંગેની નિમણૂકની શરત, બીજી કેટલીક નિમણૂકોના સંદર્ભમાં હળવી કરવા અંગે તેઓની તા. ૯-૧૦-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે સદરહુ બાબતમાં શ્રી. એચ. સી. દોશીની કાર્યક્ષમતા તથા તેમની નિમણૂકની શરતને કારણે તેમને પડતી હાડમારી લક્ષમાં લઈને બી.કોમ.ની પરીક્ષા એકાઉન્ટન્સીના વિષય સાથે પાસ કરવા અંગેની તેમની નિમણૂકની શરત રદ કરવી.

તે પછી બાબત નં. ૬૭ પર વિચારણા કરવામાં આવી.

૬૭. ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની બે પરીક્ષાઓ જાન્યુઆરી અને જુલાઈમાં લેવામાં આવતી હતી તે તા. ૨૬-૧૧-૧૯૬૬ની સિન્ડિકેટની સભાની બાબત નં. ૧૫ના ઠરાવના આધારે બંધ કર્યું છે તે ફરીથી ચાલુ કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓની સંયુક્ત સહીથી આવેલ તા. ૨૮-૧૧-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી એમ.બી.,બી.એસ.ની એક વધારાની પરીક્ષા, રાષ્ટ્રીય કટોકટી હાલ સત્તાવાર ચાલુ છે તે ધ્યાનમાં લઈને, જાન્યુઆરી ૧૯૬૮માં લેવાનું રાખવું અને તે માટેની તારીખો નક્કી કરવાની તથા પ્રાધ્યિકો-પરીક્ષકોની નિમણૂકો કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩૩. તા. ૧-૧૨-૧૯૬૭ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૧૨-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૧૨-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૪. ઑક્ટોબર ૧૯૬૭માં લેવાયેલી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કરવા માટે તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ બાબત ક્રમાંક ૬૧થી કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ તે આધારે મુખ્ય નિરીક્ષકોની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૫. ૧૯૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી.

(સદરહુ યાદી પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૬. જુદા જુદા તબક્કે સુધરેલા મોંઘવારી ભથ્થાના દર પ્રમાણે જે તે તારીખથી શરૂ કરીને પૂરેપૂરું મોંઘવારી ભથ્થું કેટલીક સંલગ્ન કૉલેજોમાં નથી ચૂકવાયું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર મોંઘવારી ભથ્થું આપવું એ કૉલેજોના જોડાણની શરત તરીકે ભવિષ્યમાં મૂકવાનું રાખવું;

(૨) જે કૉલેજોએ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર હજુ સુધી મોંઘવારી ભથ્થાની ચુકવણી કરી નથી તેમને ઉપર નં. (૧)ના ઠરાવની જાણ કરવી અને તેમને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પોતાના શિક્ષકોને મોંઘવારી ભથ્થું ચૂકવવું એ કૉલેજોની ફરજ છે અને તેનું તાકીદે પરિપાલન થવું આવશ્યક છે.

૩૭. રો. એ. એમ. ત્રિવેદીના નીચેના સૂચન પર સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં કરેલા ઠરાવ અન્વયે કાર્યાલયે તૈયાર કરેલી નોંધના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

રો. એ. એમ. ત્રિવેદીનું સૂચન

"Dr. J. J. Chinoy, Director, University School of Sciences, has sent a letter (No. P.L.–480/PG. in 182 (A7–CR–87)/428/69,

dt. 18th Sept. 1967) to the Vice-Chancellor regarding the research allowances payable to him. The letter may, if necessary, be put before the Syndicate for its consideration."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. જે. જે. ચિનોયને પી.એચ.-ડી.ની એક યોજના હેઠળ માસિક રૂા. ૨૫૦નું માનદ વેતન મળે છે તે ઉપરાંત બીજી યોજના માટે માનદ વેતન આપવાની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

(નોંધ. — સંશોધનયોજનાઓ હેઠળ યુનિવર્સિટીના શિક્ષકોને માનદ વેતન આપવાની બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી જરૂરી સ્પષ્ટતા મેળવવી એમ પણ સૂચવવામાં આવ્યું હતું.)

૩૮. રાજ્ય સરકારે તેમના તા. ૨૬-૯-૧૯૬૭ના પત્રાંક યુ.એસ.બી. ૧૧૬૭-અ.થી ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ શિક્ષકગણના પગારધોરણ ઉપર રાજ્ય સરકારના (merged scale) ધોરણે મોંઘવારી ભથ્થું આપવાનું ઠરાવેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૯. ઑલ-ઇન્ડિયા એજ્યુકેશનલ કૉન્ફરન્સનું ૪૨મું અધિવેશન તેમ જ ત્રિભાષા ફૉર્મ્યુલા અંગેનો એક પરિસંવાદ મદ્રાસ મુકામે તા. ૨૭થી ૩૧ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. જીણાભાઈ ૨. દેસાઈને મોકલવા.

૪૦. ભારતીય હિન્દી પરિષદનું ૨૩મું વાર્ષિક અધિવેશન ઉસ્માનિયા યુનિવર્સિટીના ઉપક્રમે હૈદરાબાદ મુકામે ડિસેંબરની તા. ૨૯થી ૩૧ દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા સદરહુ પરિષદના પ્રબંધ મંત્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય હરિહરભાઈ શુક્લને મોકલવા.

૪૧. ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીનું ૩૩મું અધિવેશન લખનૌ મુકામે તા. ૨૭થી ૨૯મી ડિસેંબર ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એ. આર. રાવને મોકલવા અને સંજોગવશાત્ તેઓ જઈ શકે તેમ ન હોય તો આચાર્ય કે. એન. શાહને મોકલવા.

૪૨. ધ ઇન્ડિયન કૉમર્સ ઍસોસિયેશનનું ૨૧મું અધિવેશન ગોરખપુર યુનિવર્સિટીના ઉપક્રમે ગોરખપુર મુકામે ડિસેંબરની તા. ૨૯થી ૩૧, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઍસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય દર્શનસિંગ શીખને મોકલવા.

૪૩. ભારત અને યુ.કે. વચ્ચે યુવાન વૈજ્ઞાનિકોના વિનિમય (exchange) માટેની યોજના નીચે (૧) શ્રી. આઈ. એમ. ભટ્ટ, ડેમોન્સ્ટ્રેટર ઇન કેમિસ્ટ્રી, (૨) શ્રી. બી. એસ. વૈદ્ય, લેક્ચરર ઇન બોટાની, અને (૩) શ્રી. એ. એ. શેખ, ડેમોન્સ્ટ્રેટર ઇન કેમિસ્ટ્રીનાં નામોની ભલામણ કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૭-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૧૫-૧-૧૯૬૮-એસ અન્વયે આ યોજના હેઠળ નામોની ભલામણ કરવાની છે.

(૨) શિક્ષકોની પસંદગી થાય તો તેમને પૂરા પગારે રજા આપવાની બાંયધરી યુનિવર્સિટીએ આપવાની રહે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ શિક્ષકો પૈકી કોઈ શિક્ષક ઉપર જણાવેલી શિક્ષકવિનિમય યોજના હેઠળ પસંદગી પામે તો તેમને પૂરા પગારે રજા આપવામાં આવશે તેની બાંયધરી આપવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી અને ઉપરના ચાર શિક્ષકોની અરજીઓ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી.

૪૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એ. બી. વોરાનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૧-૧૧-૧૯૬૭ના રોજ પૂરો થતો હોઈ, તેમને તા. ૨૨-૧૧-૧૯૬૭થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એ. બી. વોરાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એ. બી. વોરાને વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે તા. ૨૨-૧૧-૧૯૬૭થી કાયમ કરવા.

૪૫. નીચેની વિદ્યાર્થિનીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યા હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થિનીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
કુ. ઈ. જી. ક્રિશ્ચિયન	વિજ્ઞાન — પ્રાણીવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૪૬. સિન્ડિકેટની તા. ૨૦-૯-૧૯૬૭ની સભામાં "જર્મન વૈજ્ઞાનિકના સહયોગથી હાથ ધરાનારી સંશોધન યોજના 'Electrondensity distribution in the Ionosphere with the help of probes sent up in rocket'ના બદલે પૂર્વ જર્મનીના વૈજ્ઞાનિક ડૉ. લૉટરના સહયોગથી હાથ ધરાનારી 'Measurement of Absorption of Radio-waves in the Ionosphere on five different frequencies'" એ મુજબ વાંચવા તેમ જ સિન્ડિકેટની તે તારીખની સભાની બાબત નં. ૭ ઉપર થયેલા ઠરાવમાં જ્યાં 'વેસ્ટ જર્મની' એમ છપાયું છે તેને બદલે 'ઇસ્ટ જર્મની' એમ સુધારીને વાંચવા બાબત.

(નોંધ.— સંશોધન યોજના માટે રૂા. ૧૨,૦૦૦નો ખર્ચ મંજૂર થયેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુધારા મંજૂર કરવા.

૪૭. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ તથા પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૮થી એકીકરણ કરવા તથા ચાલુ/વધારાનું જોડાણ મેળવવા આવેલ જોડાણઅરજી પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં બીજી તપાસ-સમિતિ મોકલવા અંગે કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે —

(૧) સદરહુ સમિતિના હેવાલની નકલ તે તે કૉલેજના સત્તાવાળાઓને મોકલીને તે રિપોર્ટમાં જણાવેલ ક્ષતિઓ, યુનિવર્સિટીનાં ધારાધોરણનું પાલન થાય તે રીતે દૂર કરીને એક મહિનામાં રિપોર્ટ કરવા માટે જે તે કૉલેજના સત્તાવાળાઓને જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (૧)માં જણાવેલ રિપોર્ટ આવ્યેથી સંબંધકર્તા ક્ષતિઓ દૂર કરવામાં આવી છે કે કેમ તે અંગે જોઈતપાસીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિને ફરીથી તપાસ કરવા માટે જણાવવું :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી
૨. આચાર્ય આર. એમ. શુક્લ.

૪૮. સર પી. ટી. સાયન્સ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસામાં એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

(નોંધ.— સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. ડૉ. એન. એમ. શાહ — માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂન ૧૯૬૮થી તે કૉલેજમાં જોડાશે, એમ આચાર્યશ્રી જણાવે છે.
૨. પ્રો. વી. એસ. મોદી — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક
૩. શ્રી. આર. જી. પટેલ — માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની તપાસસમિતિ રચવી :

(૧) આચાર્ય જે. જે. ત્રિવેદી
(૨) ડૉ. કે. એ. ઠાકર.

૪૯. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટી કાર્યાલયે તૈયાર કરેલ સંલગ્ન કૉલેજ માટે કેન્દ્રીય ગ્રંથાલય અંગેના નિયમોના મુસદ્દા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. બાંધકામ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૭ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બાંધકામ સમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૧. વારાણસી સંસ્કૃત વિદ્યાલયના ઉપક્રમે દર્શન પરિષદ તા. ૨૩થી ૨૬, ડિસેંબર ૧૯૬૭ દરમિયાન યોજનાર છે તેમાં પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર વિદ્યાલયના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવાની બાબતમાં કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. ચંદીગઢ મુકામે પંજાબ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના નેતૃત્વ હેઠળ "અમેરિકન હિસ્ટરી કૉંગ્રેસ ઑફ ઇન્ડિયા"નું ચોથું વાર્ષિક અધિવેશન તા. ૨૬, ૨૭ અને ૨૮ ડિસેંબર, ૧૯૬૭ દરમિયાન યોજાનાર હોઈ, તેમાં ભાગ લેવા આપણી યુનિવર્સિટી તરફથી પ્રતિનિધિઓ મોકલવા બાબત તેમના તા. ૧૮-૧૧-૧૯૬૭ના પત્રાંક ૧૮૫-૪૬૧-એ.એચ.એસ.-૬૭ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—"અમેરિકન હિસ્ટરી" શીખવતા શિક્ષકોને જ પ્રતિનિધિઓ તરીકે મોકલવા સૂચવ્યું છે.

પ્રતિનિધિઓને ટી.એ. અને ડી.એ. અંગેનો ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આપણને આપેલી unassigned ગ્રાન્ટમાંથી આપી શકાશે, તેવું તેઓ તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પણ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૫૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ બાવીસ કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ વર્ષ માટે આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ પેટે થતા વધારાના ખર્ચ પેટે આવતેક ગ્રાન્ટ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫૪. આર્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૭ના રોજ મળેલી ૨૯મી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૧૧-૧૯૬૭ની સભાની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૫. ગુજરાત સરકારના તા. ૭-૯-૧૯૬૭ના પત્ર ઉપર યુનિવર્સિટીનાં મંતવ્યો માગતા ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૮-૧૧-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૬. ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર પ્રી-યુનિ. આર્ટ્સ, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને ટી.વાય.બી.એ.ની એકસ્ટર્નલ પરીક્ષાઓ માટે પરીક્ષા-કેન્દ્રો નક્કી કરવા અંગેની વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અત્યાર સુધી અમદાવાદ, ભાવનગર, ભૂજ, ગોધરા, નડિયાદ, રાજકોટ, સુરત અને વીસનગર કેન્દ્રો હતાં, પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી હોવાથી ભાવનગર, રાજકોટ અને સુરત કેન્દ્ર રદ કરવાનાં રહે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૬૮માં લેવાનાર પ્રી-યુનિ. આર્ટ્સ, એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., અને ટી.વાય.બી.એ.ની પરીક્ષાઓ માટે અમદાવાદ, ભૂજ, ગોધરા, નડિયાદ અને વીસનગર કેન્દ્રો રાખવાં.

૫૭. સને ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર આપણી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો રાખવા બાબત તેમ જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જે પરીક્ષાઓ લેવાનાર છે તે પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો નિયત કરવા બાબત.

[**નોંધ.**—(૧) ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર માટે સને ૧૯૬૭ માટે જે પરીક્ષા માટે કેન્દ્રો નિયત થયેલાં હતાં તે ચાલુ રાખવા કાર્યાલયનું સૂચન છે. (૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, જામનગર અને મોરબી કેન્દ્રો સામે જણાવેલ પરીક્ષાઓ માટે રાખવા કાર્યાલયનું સૂચન છે. (૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે બારડોલી, બીલીમોરા, ભરૂચ, વલસાડ, નવસારી, રાજપીપળા અને સુરત કેન્દ્રો સામે જણાવેલ પરીક્ષાઓ માટે કેન્દ્ર રાખવા કાર્યાલયનું સૂચન છે. (૪) એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓ માટેની પરીક્ષાઓ પૂરતું દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે સુરત કેન્દ્ર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે રાજકોટ અને ભાવનગર કેન્દ્રો રાખવા કાર્યાલયનું સૂચન છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતો અંગે કાર્યાલયનાં ઉપરનાં સૂચનો મંજૂર કરવાં.

૫૮. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) એમ.એ. પદવીના જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરનાર નીચે જણાવેલ વિદ્યાર્થીની ખૂટતી હાજરી જૂના અભ્યાસક્રમનું શિક્ષણ હવે પછી બંધ થતું હોઈ, વિશિષ્ટ સંજોગો

ધ્યાનમાં લઈ માફ કરી સત્ર મંજૂર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	પદવી	સંસ્થાનું નામ	જે સત્રની હાજરી માફ કરી તેની વિગત
શ્રી. એમ. એમ. પટેલ	એમ.એ.	સમાજવિદ્યા ભવન, ગુજ. યુનિ., અમદાવાદ-૯	બીજું તથા ત્રીજું

(૨) સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિના સભ્ય તરીકે શ્રી. પી. એન. ભગવતીએ કામ કરવા અશક્તિ દર્શાવેલ હોઈ, તેઓનું સભાસદ તરીકેનું રાજીનામું કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૩) સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં બાબત ક્રમાંક ૬૦નાં સૂચન (૩) તથા (૪) ઉપર થયેલ ઠરાવમાં છાપભૂલ હોઈ, તે નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધાર્યાના :

"સૂચન નં. (૩) અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરિસંવાદ અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલીને તેની પાસેથી આર્થિક સહાયની માગણી કરવી.

સૂચન નં. (૪)ની બાબતમાં કાર્યાલયે જરૂરી નોંધ સાથે તે ફરીથી રજૂ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૯. માર્ચ/એપ્રિલ ૧૯૬૭ તથા ઑક્ટોબર ૧૯૬૭માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો/પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૮-૧૧-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૭ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૦. સને ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ પૈકી જે કેન્દ્રો પર જે પરીક્ષા લેવાની નથી ત્યાં પરીક્ષાનાં નવાં કેન્દ્રો આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ માગણીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈતપાસીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. ય. ગુ. નાયક
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) પ્રો. મણિશંકર પી. પંડ્યા.

૬૧. ભારત સરકારની Ministry of Transport and Shipping (Roads Wing) તરફથી "20 years of Design and Construction of Roads and Bridges" પર મે ૧૯૬૮ અથવા જૂન ૧૯૬૮ દરમિયાન સીમલા ખાતે યોજનાર રાષ્ટ્રીય

પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ડિરેક્ટર-જનરલ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૬૨. The National Academy of Sciences, Indiaનું ૩૭મું વાર્ષિક સત્ર તેમ જ "Diversities in Plant and Animal Population" પર એક પરિસંવાદ ફેબ્રુઆરી તા. ૧થી ૩, ૧૯૬૮ના સમય દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે અમદાવાદ મુકામે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગે મજકૂર એકેડેમીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૩. દેખભાળ સમિતિની સૂચના અનુસાર સંલગ્ન કૉલેજોએ તા. ૩૧મી જુલાઈ સુધીમાં મોકલવાની માહિતી નીચેની કૉલેજો તરફથી હજુ સુધી આવી ન હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત:

૧. તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ, આદિપુર
૨. ભવન્સ કૉલેજ, ડાકોર
૩. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૫. સી. યુ શાહ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે યુનિવર્સિટી કાર્યાલયે મગાવેલી માહિતી વખતસર મોકલવી એ તેમની ફરજ છે અને તેમાં વધુ વિલંબ કરવો એ યોગ્ય થશે નહિ.

૬૪. ઇન્ટલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ ગુજરાત યુનિવર્સિટીની બી.ડી.એસ. ડિગ્રીને તેમના નં. ડી.સી.આઈ.જી. ૩૭-૬૭-જી-૩૩-૬૭, તા. ૩૦-૯-૧૯૬૭થી માન્યતા આપી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. માર્ચ/એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલો જણાયાથી તે સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સુધારેલાં પરિણામોની યાદી પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૬૬. ડી.લિટ.ની પદવી માટે રજૂ થયેલું પ્રકાશિત કાર્ય તપાસવા માટે નિમાયેલા રેફરીઓને માનદ વેતન આપવા અંગે હાલ કોઈ પ્રબંધ ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પીએચ.ડી.ની પદવી માટે નિમાતા પરદેશના રેફરીઓને રૂા. ૨૦૦નું માનદ વેતન આપવામાં આવે છે, જ્યારે ભારતના રેફરીને રૂા. ૧૦૦નું માનદ વેતન આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડી.લિટ.ની પદવી માટે રજૂ થયેલ પ્રકાશન-કાર્ય તપાસવા માટે પ્રત્યેક પરીક્ષકને રૂા. ૧૦૦નું માનદ વેતન આપવું અને જો એ પરીક્ષક પરદેશી હોય તો તેને રૂા. ૨૦૦નું માનદ વેતન આપવું.

૬૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૨ પછી કરવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવી છે.

૬૮. યુનિવર્સિટીમાં કો-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવાનો સિન્ડિકેટે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હોવાથી નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત :

૧. કઈ કઈ જાતના સભાસદો રાખવા તથા શેરની કિંમત શી રાખવી ?
૨. વહીવટી સમિતિ ઉપર કોને નીમવા ?
૩. હાલ કાર્યક્ષેત્ર શું રાખવું ?
૪. સ્ટોર્સ માટે જરૂરી જગ્યા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કો-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા માટે રૂા. ૨૦,૦૦૦ સુધીના શેર ખરીદવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી તથા તે અંગેના બીજા પ્રશ્નો સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

તે પછી પ્રમુખસ્થાનેથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬૯. યુનિવર્સિટી ગ્રંથાલયના પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટોને અનેક વાર મૌખિક અને લેખિત ચેતવણી આપવા છતાં પુસ્તકોના નંબર જોઈને તે કબાટમાંથી કાઢવા-મૂકવાનું કામ જે તેમણે તા. ૪-૮-૧૯૬૭થી બંધ કર્યું છે તે હજુ સુધી શરૂ કર્યું નથી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગ્રંથાલયના સદરહુ પ્યૂન-કમ-એટેન્ડન્ટોના શિસ્તભંગ માટે તેમની સામે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વહીવટી રાહે ઘટતાં પગલાં લેવા કાર્યાલયને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૭૮/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ડિસેંબર ૧૪, ૧૯૬૭.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૪

બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની ૧૯૬૭-૬૮ના વર્ષની સભા સોમવાર, તા.૧૮-૯-૧૯૬૭ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં સાંજના ૪-૦૦ વાગે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. જે. એચ. ત્રિવેદી	હાજર
૪. આચાર્ય વાય. પી. શુક્લ	હાજર
૫. શ્રી. વિઠ્ઠલદાસ પી. કોઠારી	ગેરહાજર
૬. શ્રી. માણેકલાલ ઠાકર	હાજર
૭. ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
૮. આચાર્ય એસ. આર. ભટ	ગેરહાજર
૯. પ્રો. પી. સી. વૈદ્ય	હાજર
૧૦. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૧૧. આચાર્ય એસ. આર. મહેતા	હાજર
૧૨. આચાર્ય હરિહરભાઈ શુકલ	હાજર
૧૩. ડૉ. લીલાબહેન શાહ	હાજર
૧૪. શ્રી. સત્યેન્દ્ર કા. ઝવેરી.	ગેરહાજર.

૧. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૯-૮-૧૯૬૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૯-૮-૧૯૬૬ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી ૧૯૬૬-૬૭ના વર્ષમાં થયેલ પ્રવૃત્તિના અહેવાલની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી ૧૯૬૬-૬૭ના વર્ષમાં થયેલ પ્રવૃત્તિના અહેવાલની નોંધ લેવી.

(અહેવાલની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ બાબત નં. ૩ અને ૪ની વિચારણા સાથે હાથ ધરવામાં આવી.

૩. ૧૯૬૯માં મહાત્મા ગાંધીજીની જન્મશતાબ્દી અંગે, ગાંધીજી અંગે એક આંતર-રાષ્ટ્રીય પરિસંવાદ યોજવા માટે પ્રો. ડી. એન. પાઠકના સૂચન પર તથા તે અંગે અન્ય કોઈ કાર્યક્રમો યોજવા અંગે વિચારણા કરવા બાબત.

અને

૪. ગાંધી સંવત્સરી નિમિત્તેની રાષ્ટ્રીય સમિતિ, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૧૦-૬-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

બાબત ૩ના સંદર્ભમાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ગાંધી જન્મશતાબ્દીના વર્ષ દરમિયાન યુનેસ્કો તરફથી આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજવાની સંભાવના હોઈ યુનિવર્સિટીને મોટા પાયા પર પ્રો. પાઠકે સૂચવ્યા અનુસાર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજવાનું જરૂરી જણાતું નથી.

ત્યાર બાદ બાબત નં. ૪ના સંદર્ભમાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે ગાંધી શતાબ્દી નિમિત્તે યુનિવર્સિટીના ઉપક્રમે ગાંધીવિચાર ઉપરના પરિસંવાદ, જ્ઞાનસત્ર આદિ કાર્યક્રમોની યોજના વિચારવા માટે નીચેના સભ્યોની બનેલી અને કો-ઑપ્ટ કરવાની સત્તા સાથેની એક ગાંધી શતાબ્દી કાર્યક્રમ સમિતિ રચવી :

"ગાંધી શતાબ્દી સમિતિ"

૧. શ્રી. કુલપતિશ્રી
૨. આચાર્ય વાય. પી. શુક્લ
૩. શ્રી. વિઠ્ઠલદાસ પી. કોઠારી
૪. શ્રી. માણેકલાલ ઠાકર
૫. આચાર્ય એસ. આર. મહેતા
૬. આચાર્ય એસ. આર. ભટ્ટ
૭. આચાર્ય હરિહરભાઈ શુક્લ
૮. ડૉ. લીલાબહેન શાહ
૯. શ્રી. જે. એચ. ત્રિવેદી
૧૦. આચાર્ય ધીરુભાઈ ઠાકર
૧૧. આચાર્ય અવિનાશ મુનશી
૧૨. આચાર્ય એચ. સી. ત્રિવેદી
૧૩. શ્રી. શ્યામપ્રસાદ વસાવડા
૧૪. શ્રી. બબલભાઈ મહેતા
૧૫. ડૉ. પી. સી. વૈદ્ય
૧૬. પ્રો. ડી. એન. પાઠક.

૫. ૧૯મી વર્લ્ડ વેજિટેરિયન કૉંગ્રેસમાં ભાગ લેવા આવનાર માન્ચેસ્ટર યુનિવર્સિટીના રેડિયોલોજિકલ પ્રોટેકશન ન્યુક્લિયર એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના વ્યાખ્યાતા ડૉ. જે. ડબલ્યુ. લુકાસનાં વ્યાખ્યાનો યોજવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે ડૉ. જે. ડબલ્યુ. લુકાસનાં વ્યાખ્યાનો તબીબી તથા વિજ્ઞાન

વિદ્યાશાખાના ડીન તેમ જ યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષની સલાહ લઈને ઘટતું કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬. પ્રો. એ. એ. એ. ફૈઝીને બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી ૧૯૬૭-૬૮ના વર્ષમાં વ્યાખ્યાનો માટે નિમંત્રણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષ દરમિયાન પ્રો. એ. એ. એ. ફૈઝીનાં બે વ્યાખ્યાનો યોજવાં.

૭. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝની યોજનામાં "બ-૩" હેઠળ કૉલેજો બહારના વિદ્વાનોનાં બે વ્યાખ્યાનો યોજી શકે છે તે વ્યાખ્યાનો હાલમાં યુનિવર્સિટી વિસ્તારના શિક્ષકો દ્વારા જ યોજી શકાય તેને બદલે યુનિવર્સિટી વિસ્તારના શિક્ષકો ઉપરાંત ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓના શિક્ષકો અને જાણીતા લેખકો કે વિદ્વાનોનાં વ્યાખ્યાનો પણ યોજી શકાય તેવો પ્રબંધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યોજના "બ-૩" વિભાગનો પાઠ નીચે મુજબ સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી :

"બ-૩. (૧) દરેક કૉલેજ યુનિવર્સિટી વિસ્તારમાંથી કે તેની બહારથી કોઈ વિષયના નિષ્ણાત, શિક્ષક કે અન્ય કોઈ વિદ્વાનનું એક વ્યાખ્યાન 'આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન' એ શીર્ષક નીચે યુનિવર્સિટીની મંજૂરી અગાઉથી લઈને યોજી શકાશે.

(૨) આ યોજના હેઠળ યોજનાર વ્યાખ્યાન પાછળનો હેતુ જે તે વિષયના વિદ્વાનોના વિચારો વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમ જ અન્ય પ્રજાજનો સમક્ષ રજૂ કરવાનો હોઈ આ તમામને મજકૂર વ્યાખ્યાનનો લાભ મળે તે રીતે તે યોજવું જોઈશે, અને તેથી આ વ્યાખ્યાનનાં વ્યાખ્યાતા, વિષય અને વસ્તુ તેને અનુરૂપ હોય તે જરૂરી છે.

(૩) પ્રત્યેક વર્ષે આ અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટી કાર્યાલયને મોડામાં મોડો તા. ૧૫મી જુલાઈ સુધીમાં મોકલી યુનિવર્સિટીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

પ્રસ્તાવમાં વિગતો નીચેના ફોર્મમાં અવશ્ય દર્શાવવાની રહેશે :

વિષય : યોજના બ-૩ હેઠળનું "આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન"

નિમંત્રણ પાઠવનાર કૉલેજનું નામ	વક્તાનું નામ અને સરનામું	વ્યાખ્યાનના બે કે વધુ સુધી વિષયો (ક્રમાનુસાર)	વ્યાખ્યાન માટે સૂચવેલી તારીખ

(૪) આ વ્યાખ્યાન માટે જે વ્યાખ્યાતાને આમંત્રણ આપવામાં આવે તે વ્યાખ્યાતાને પ્રથમ વર્ગનું રેલવેભાડા જેટલું ખર્ચ પણ આમંત્રણ આપનાર કૉલેજને વધુમાં વધુ રૂા. ૫૦ની મર્યાદામાં રહીને આર્થિક સહાય તરીકે યુનિવર્સિટી તરફથી મળી શકશે. આ ઉપરાંત થતો મુસાફરીખર્ચ નિમંત્રણ પાઠવનાર કૉલેજે ભોગવવાનો રહેશે. વ્યાખ્યાતાને રહેવાજમવા વગેરે સહિત સ્થાનિક આતિથ્ય કૉલેજે પૂરું પાડવાનું રહેશે.

(૫) આ વ્યાખ્યાન માટે વ્યાખ્યાતાએ પુરસ્કાર તરીકે આપવા માટે રૂા. ૧૦૦ યુનિવર્સિટી તરફથી નીચેની શરતોનું પાલન થયેથી નિમંત્રણ પાઠવનાર કૉલેજને ગ્રાન્ટ તરીકે આપવામાં આવશે:

(અ) વ્યાખ્યાનની લેખિત હસ્તપ્રતની બે નકલ શક્ય હોય ત્યાં સુધી વ્યાખ્યાનના દિવસે કે તે પહેલાં, નહીં તો તે પછી વહેલી તકે, વ્યાખ્યાતાએ આપવી આવશ્યક રહેશે, જે પૈકી એક નકલ કૉલેજે યુનિવર્સિટી કાર્યાલયને મોકલવાની રહેશે.

(બ) આ યોજના હેઠળ અપાનાર વ્યાખ્યાનો પ્રકાશિત કરવાના હક યુનિવર્સિટીના રહેશે.

(નોંધ.—આ યોજના હેઠળ જે તે કૉલેજ 'આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન' યોજવા ઇચ્છતી હોય તેણે તેમનો પ્રસ્તાવ ૧૯૬૭ના વર્ષ પૂરતો મોડામાં મોડા તા. ૧૫-૧૧-૧૯૬૭ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવાનું રાખવું અને તે પ્રસ્તાવ પર યુનિવર્સિટી કાર્યાલયની મંજૂરી મળ્યે વ્યાખ્યાન યોજવા પગલાં લેવાનું રાખવું.)

આ યોજના હેઠળ આવતા પ્રસ્તાવો તપાસી મંજૂર કરવા કુલપતિશ્રી, ડૉ. પી. સી. વૈદ્ય, આચાર્ય વાય. પી. શુક્લ, શ્રી. માણેકલાલ હાકર તથા આચાર્ય હરિહરભાઈ શુક્લની એક સમિતિ પણ રચવામાં આવી.

૮. યુનિવર્સિટીમાં "Films, Radio and Television Council for Educational Institutions" શરૂ કરવા તેમ જ સંલગ્ન કૉલેજોમાં "Films, Radio and Television Club" શરૂ કરવા અંગે યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલ, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૨૭-૮-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલ, ન્યૂ દિલ્હીના સેક્રેટરી તરફથી આવેલ તા. ૨૭-૮-૧૯૬૭નો પત્ર સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટી ભવનોમાં પરિપત્રિત કરવાનું રાખવું.

ત્યાર બાદ પ્રમુખસ્થાનેથી વિભાગીય યુવક મહોત્સવ વખતે જે તે વિભાગને રાજ્ય સરકારના બ્રિટિશ કાઉન્સિલ, યુસિસ કે અન્ય કોઈ સંસ્થા તરફથી દસ્તાવેજી અને/અથવા માહિતીચિત્રો બતાવવા માટે ઉપલબ્ધ શક્યતા તપાસીને ઘટતાં પગલાં લેવાનું પણ ઠરાવવામાં આવ્યું.

શ. પુ. મેઢ
નાયબ કુલસચિવ અને
સેક્રેટરી, બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ.

પરિશિષ્ટ "અ"

બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝનો ૧૯૬૬-૬૭નો વાર્ષિક અહેવાલ

વ્યાખ્યાન પ્રવૃત્તિ

બોર્ડના ઉપક્રમે વર્ષ દરમિયાન નીચેના ભારતીય તેમ જ આંતરરાષ્ટ્રીય વિદ્વાનોનાં વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં :

ક્રમાંક	તારીખ	વિદ્વાનોનાં નામ	વિષય
૧.	૧૨-૮-૧૯૬૬	ડૉ. એ. કે. ડે. (યુનિવર્સિટી ઑફ અલ્લાહાબાદ)	એલિમેન્ટ્સ ઍન્ડ ધેર ડિસ્કવરી
૨.	૭-૧૦-૧૯૬૬	સ્વામી આત્માનંદજી (વિવેકાનંદ આશ્રમ, રાયપુર)	યૂથ ઍન્ડ નેશન
૩.	૧૮-૧૨-૧૯૬૬	ડૉ. એ. ડી. લિટમૅન (સાયન્ટિફિક ઑફિસર, ઇન્સ્ટિટ્યૂટ ઑફ પીપલ્સ ઑફ એશિયા, રશિયા)	ફિલોસોફી ઑફ રવીન્દ્રનાથ ટાગોર
૪.	૨૪-૧૨-૧૯૬૬	પંડિત સાતવળેકરજી	મારી જીવનશ્રદ્ધા
૫.	૧૬-૧-૧૯૬૭	આચાર્ય રજનીશજી (જબલપુર)	ધર્મ ઔર વિજ્ઞાન
૬.	૧૭-૧-૧૯૬૭	,, ,,	જીવનસત્યકી ખોજ
૭.	૬-૨-૧૯૬૭	ડૉ. હંસ પીટર સ્મિથ (યુનિ. ઑફ વેસ્ટ જર્મની)	બૃહસ્પતિ ઍન્ડ ઇન્દ્ર ઇન વેદ
૮.	૭-૨-૧૯૬૭	,, ,,	ઇન્ડોલોજિકલ સ્ટડીઝ ઇન જર્મની
૯.	૧૦-૨-૧૯૬૭	,, ,,	ઓરિજિન ઑફ અહિંસા
૧૦.	૧૪-૨-૧૯૬૭	,, ,,	ઇરાનિયન આર્ટ ઇન ઇન્ડિયા
૧૧.	૭-૩-૧૯૬૭	ડૉ. થોમસ ઝેલ	મિકેનિઝમ ઑફ કેમિકલ રિએક્શન ઇન્ક્યુડિંગ પોલિમરાઇઝેશન
૧૨.	૭-૩-૧૯૬૭	,,	નેચરલી ઑકરિંગ પ્લાન્ટ પિગમેન્ટ્સ

આ ઉપરાંત બીજાં પાંચ વ્યાખ્યાનો અને બે પરિસંવાદો અમેરિકન માહિતી કચેરીના સહકારથી યોજાયેલાં વ્યાખ્યાનો અને પરિસંવાદોના એક વિશિષ્ટ કાર્યક્રમ હેઠળ યોજાયાં હતાં.

પ્રોજેક્ટ ઇન્ડિયા

યુનિવર્સિટી ઑફ સધર્ન કેલિફોર્નિયાના "પ્રોજેક્ટ ઇન્ડિયા"ના કાર્યક્રમ હેઠળ ભારતની મુલાકાતે આવેલું સાત વિદ્યાર્થીઓ અને એક માર્ગદર્શકનું જૂથ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં

જુલાઈ માસમાં આપણી યુનિવર્સિટીની મુલાકાતે આવ્યું હતું. આ જૂથનો હેતુ ભારતની સંસ્કૃતિ તેમ જ ભારતના વિદ્યાર્થીજગતના પ્રશ્નોનો અભ્યાસ, પ્રત્યક્ષ પરિચય દ્વારા, કરવાનો હતો. આ જૂથના સભ્યોના વિવિધ કાર્યક્રમો આ ગ્રોડ દ્વારા ગોઠવાયા હતા. આ વિદ્યાર્થી-વૃંદે તેમના એકાદ સપ્તાહના રોકાણ દરમિયાન અમદાવાદની સંખ્યાબંધ કૉલેજોની મુલાકાત લીધી. તેમનાં લોકગીતો અને લોકસંગીતનો કાર્યક્રમ આપ્યો. આપણા સાંસ્કારિક કાર્યક્રમો જોયા. વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત વિચારોની પણ આપલે કરી, અને વિદ્યાર્થીઓને ઘરે જઈ ભારતની કુટુંબવ્યવસ્થા નિહાળી. આમ વિવિધ રીતે ભારતીય વિદ્યાર્થી સમસ્યા તથા ભારતની સંસ્કૃતિ વિષેની સમજ કેળવવાનો તેમણે સફળ પ્રયત્ન કર્યો હતો. તેમના એકાદ સપ્તાહના ટૂંકા રોકાણ દરમિયાન અમદાવાદની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં તથા વિદ્યાર્થી-જગતમાં ચેતના અને તાજગીનું સુંદર વાતાવરણ જમાવ્યું હતું.

ગંગોત્રીના આરોહકોનું સન્માન

૧૯૬૬ના વર્ષની ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થી ભાઈબહેનોની જે ટુકડીએ હિમાલય-ની ગંગોત્રી શિખરમાળામાં સફળ આરોહણ કર્યું હતું તેમને મળવાનો અને સન્માનવાનો એક સમારંભ તા. ૧૧મી જુલાઈ, ૧૯૬૬ના રોજ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં આરોહકોએ તેમના અનુભવોનું ટૂંકું પણ તાદશ બયાન સ્વમુખે આપ્યું હતું.

અવકાશસંશોધન અંગે નિર્દેશન વ્યાખ્યાનો

ભારત સરકારના અણુશક્તિ ખાતા તરફથી ભારતીય અવકાશસંશોધન અંગેની સમિતિ "ઇન્કોચાર" અને અમેરિકાની "નાસા" સંસ્થાના સહકારથી ભારત અને અમેરિકામાં ચાલતી અવકાશસંશોધન પ્રવૃત્તિ વિષેના જુદા જુદા "મોડેલ્સ" અને પ્રયોગો દ્વારા સમજ આપતાં વ્યાખ્યાનો ભારતની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સમક્ષ અમદાવાદમાં તા. ૨૨, ૨૩ અને ૨૪ ઑગસ્ટ, ૧૯૬૬ના રોજ યોજવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમના દિવસો દરમિયાન દરરોજ સાંજે અંતરીક્ષવિજ્ઞાનને લગતાં ચલચિત્રો પણ બતાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અમેરિકન વિદ્વાનોના પરિસંવાદ તેમ જ વ્યાખ્યાન-કાર્યક્રમ

અમેરિકન સરકારની મુંબઈ ખાતેની માહિતી કચેરીના સહકારથી ત્રણ અમેરિકન વિદ્વાનો (૧) રૉ. જોસેફ રોપોલો, (૨) મિ. જેક મિકલોસ, અને (૩) રૉ. લૂઈ ગર્સનની સેવાઓ આપણી યુનિવર્સિટીમાં તા. ૨૨, ૨૩ અને ૨૪ ઑગસ્ટના રોજ ત્રણ દિવસ માટે પરિસંવાદ અને વ્યાખ્યાનોના એક ઘનિષ્ઠ કાર્યક્રમ માટે ઉપલબ્ધ થઈ હતી. આ કાર્યક્રમમાં નીચેનાં વ્યાખ્યાનો અને પરિસંવાદો યોજાયાં હતાં :

વ્યાખ્યાનો

ક્રમાંક	વક્તા	વિષય
૧.	રૉ. જોસેફ રોપોલો	"ઇંગ્લિશ લેંગ્વેજ વર્સિસ અમેરિકન ઇંગ્લિશ"
૨.	મિ. જેક મિકલોસ	"રોલ ઑફ ફોરેન પ્રાઇવેટ ઇન્વેસ્ટમેન્ટ ઇન ઇન્ડિયા"

ક્રમાંક	વક્તા	વિષય
૩.	ડૉ. લૂઈ ગર્સન	"ધી અમેરિકન કૉન્સ્ટિટ્યૂશન, વૉટ ઇટ ઇઝ એન્ડ વૉટ ઇટ ઇઝ નોટ"
૪.	ડૉ. જોસેફ રોપોલો	"ક્રોમ યુજીન ઓનિલ ટુ એડવર્ડ એલ્બી"
૫.	ડૉ. જોસેફ રોપોલો	"અમેરિકન ડ્રામા"
	પરિસંવાદો	
૧.	ડૉ. લૂઈ ગર્સન	"ધી અમેરિકન પોલિટિકલ પાર્ટીઝ એન્ડ પ્રેસર ગ્રુપ્સ"
૨.	ડૉ. લૂઈ ગર્સન	"ધી સોવિયેટ ચેલેન્જ એન્ડ અમેરિકન રિસ્પોન્સ ટુ ઇટ".

ગજ્જર શતાબ્દી વ્યાખ્યાનો

સ્વ. ટી. કે. ગજ્જરની જન્મશતાબ્દીના વર્ષમાં યુનિવર્સિટીએ દર વર્ષે ગજ્જર શતાબ્દી વ્યાખ્યાનો યોજવા માટે નક્કી કર્યું હતું. ચાલુ વર્ષે આ વ્યાખ્યાનો સુરત ખાતે તા. ૨ અને ૩ ડિસેંબર, ૧૯૬૬ના રોજ યોજવામાં આવ્યાં હતાં. આ વ્યાખ્યાનો આપવા માટે આ વર્ષે મુંબઈના એટમિક એનર્જી કમિશનના કેમિસ્ટ્રીના વિદ્વાન ડૉ. જગદીશ શંકર આવ્યા હતા. તેમણે નીચેના વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતાં :

૧. રેડિયેશન ઇફેક્ટ્સ ઑન સોલિડ્સ — ૧
૨. રેડિયેશન ઇફેક્ટ્સ ઑન સોલિડ્સ — ૨
૩. એનર્જી ફ્રોમ એટમ્સ.

સ્વ. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા

એકાંતર વર્ષે યોજાતી "શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" આ વર્ષમાં યોજવામાં આવી હતી. આ વર્ષે આ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા તરીકે જાણીતા વિવેચક શ્રી. વિશ્વનાથ મગનલાલ ભટ્ટને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે "મન્થનયુગની મીમાંસા" એ વિષય પર નીચે મુજબ ૭ વ્યાખ્યાનો આપ્યાં હતાં :

૧. મન્થનયુગ
૨. મન્થનયુગનો મીમાંસક
૩. ગૃહમીમાંસા
૪. રાજ્યમીમાંસા
૫. ધર્મમીમાંસા
૬. ઉપસંહાર.

આ વ્યાખ્યાનો તા. ૨૭-૧-૧૯૬૭થી તા. ૧-૨-૧૯૬૭ સુધી ૭ દિવસો માટે નડિયાદ ખાતે યોજાયાં હતાં. આ વ્યાખ્યાનમાળાના મંગળ પ્રારંભનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી ઉમાશંકર જોશીએ લીધું હતું.

ગુરુ ગોવિંદસિંહ શતાબ્દી

ચાલુ વર્ષમાં ભારતવર્ષમાં ચોજાયેલ ગુરુ ગોવિંદસિંહની શતાબ્દી અંગે ગુરુ ગોવિંદસિંહનું જીવનકાર્ય અને તેમનાં વચનામૃતો વિષેનું જ્ઞાન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં પ્રસરે એ આશયથી ગુરુ ગોવિંદસિંહ શતાબ્દી અંગેની અખિલ ભારતીય સમિતિએ ભારતની યુનિવર્સિટીઓમાં નિબંધ હરીફાઈઓ ચોજવા સૂચન કર્યું હતું. તે અનુસાર આપણી યુનિવર્સિટીમાં "ગુરુ ગોવિંદસિંહ—રાષ્ટ્રધડવૈયા તરીકે" એ વિષય પર એક નિબંધ હરીફાઈ રાખવામાં આવી હતી. આ હરીફાઈ માટે રૂા. ૫૦૦નું પ્રથમ ઇનામ, રૂા. ૩૦૦નું બીજું ઇનામ અને રૂા. ૨૦૦નું ત્રીજું ઇનામ — એમ ત્રણ ઇનામો રાખવામાં આવ્યાં હતાં.

આ નિબંધ હરીફાઈ માટે (૧) શ્રી. રસિકલાલ છો. પરીખ, (૨) પ્રો. ફિરોઝ કા. દાવર, અને (૩) પ્રો. અનંતરાય મ. રાવળ — એમ ત્રણ વિદ્વાનોની સેવાઓ નિર્ણાયકો તરીકે ઉપલબ્ધ થઈ હતી. આવેલા નિબંધો પૈકી કોઈ પણ નિબંધ પ્રથમ ઇનામને પાત્ર નીવડ્યો ન હતો જ્યારે બીજું ઇનામ નીચેના ત્રણ હરીફો વચ્ચે વહેંચાયું હતું :

ક્રમાંક	વિદ્યાર્થી નું નામ	કૉલેજ
૧.	કુ. કીર્તિદા પદ્મકાંત પંડ્યા	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨.	કુ. જ્યોત્સ્ના રમણલાલ શાહ	બી. ડી. કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. બાબુલાલ ખોડીદાસ ભોયેનિયા	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.

ટેકનિકલ બુક્સ—યુ.એસ.એ.નું પુસ્તકપ્રદર્શન

મુંબઈની અમેરિકન માહિતી કચેરીના સહકારથી અમેરિકામાં પ્રગટ થયેલાં પ્રૌદ્યોગિક અને વૈજ્ઞાનિક પુસ્તકો તથા તે વિષયનાં પ્રગટ થતાં સામયિકોનું એક વિશાળ પ્રદર્શન સ્થાનિક સંરક્ષાર કેન્દ્રમાં તા. ૩થી તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૬૭ સુધી યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રી ઉમાશંકર જોશીના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રદર્શન ભારતમાં આવ્યું તે પહેલાં સોવિયેટ રશિયા, યુગોસ્લાવિયા તથા પૂર્વ યુરોપના કેટલાક દેશોમાં બહુ સફળતા-પૂર્વક રજૂઆત પામ્યું હતું. પ્રદર્શનમાં આશરે ૭,૦૦૦ પુસ્તકો અને ૩૨૫ જેટલાં સામયિકો પ્રદર્શિત થયાં હતાં અને તેનો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરતા ટેક્નિશિયનો અને અન્ય શિક્ષણપ્રેમી જનતાએ સરસ લાભ ઉઠાવ્યો હતો.

બે વિશિષ્ટ નાટ્યપ્રયોગ

ભારત સરકારના પ્રસાર ખાતા તરફથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ચોજના અને સંરક્ષણના પ્રશ્નો અંગે જાગૃતિ આવે તે હેતુથી દર્પણ અકેડેમી દ્વારા (૧) 'આરામ રાજ' અને (૨) 'માર્શ'—એમ બે નાટકોનો એક પ્રયોગ તા. ૧૦-૧-૧૯૬૭ના રોજ રાખવામાં આવ્યો હતો.

કૉલેજમાં ચાલતી નાટ્યપ્રવૃત્તિને નવી દૃષ્ટિ આપી શકાય તે આશયથી "ધ ફેમેરા"ના શ્રી. ચંદ્રવદન મહેતાએ કરેલ રૂપાંતર "કરોળિયાનું જાળું"નો નાટ્યપ્રયોગ એચ. કે. આર્ટ્સ

કૉલેજના નાટ્યવિભાગ તરફથી યુનિવર્સિટીની કૉલેજોના શિક્ષકો માટે રાખવામાં આવ્યો હતો. આ નાટ્યપ્રયોગમાં અમદાવાદની કૉલેજોના શિક્ષકોએ સારા પ્રમાણમાં હાજરી આપી આ નાટકની વિશિષ્ટ ટેકનિક દ્વારા થયેલી રજૂઆતને માણી હતી.

વિશિષ્ટ ઉજવણીઓ

ચાલુ વર્ષમાં યુનિવર્સિટીની કૉલેજોમાં ૧૫મી ઑગસ્ટના રોજ આવતો સ્વાતંત્ર્યદિન, ૨જી ઑક્ટોબરે ગાંધીજયંતી નિમિત્તે ઉજવાયેલો રાષ્ટ્રીય સફાઈ દિન, ૨૪મી ઑક્ટોબરના રોજ આવતો સંયુક્ત રાષ્ટ્રદિન, ૬ઠ્ઠી ડિસેંબરના રોજ આવતો ધ્વજદિન, ૧૦મી ડિસેંબરના રોજ આવતો માનવહક દિન તેમજ ૪થી નવેંબરથી ૧૪મી નવેંબર, ૧૯૬૬ સુધી આવતી યુનેસ્કોની ૨૦મી સંવત્સરી અંગેના પ્રસંગોચિત કાર્યક્રમો યોજાયા હતા.

૬૨ વર્ષની માફક તા. ૨૩મી નવેંબરના રોજ આવતા યુનિવર્સિટી સ્થાપના દિનની ઉજવણી કૉલેજોએ વિદ્યાર્થી અને વાલીઓમાં યુનિવર્સિટીની મુદ્રાવાળા ધ્વજોના વેચાણ દ્વારા ફાળો એકત્ર કરી ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો અને અન્ય વિદ્યાકીય સહાય આપવાનો કાર્યક્રમ રાખીને કરી હતી.

નોંધપાત્ર મુલાકાતીઓ

યુનિવર્સિટીમાં વર્ષ દરમિયાન યોજાયેલા વ્યાખ્યાનો અને પરિસંવાદોના ઘનિષ્ઠ કાર્યક્રમ ઉપરાંત નીચેના ખ્યાતનામ વિદ્વાનોની મુલાકાત નોંધપાત્ર છે :

હંગેરીના સહકાર પ્રવૃત્તિના નિષ્ણાત પ્રો. એસ. સૂર્યાણી તા. ૮મી જાન્યુઆરીથી તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૬૭ સુધી યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા. તેમણે અમદાવાદની સ્થાનિક સહકારી સંસ્થાઓ ઉપરાંત આણંદના અમૂલ ડેરી, સુરતની ૩ અંગે સહકારી મંડળીઓ, બારડોલીની ખાંડ ઉત્પાદક મંડળીની મુલાકાત લીધી હતી અને ગુજરાત રાજ્યમાં થતા સહકાર અંગેના શિક્ષણ અને સહકારી મંડળીઓની કામગીરીની માહિતી મેળવી હતી.

જર્મન ઍકેડેમિક એકસચેન્જ નામની ભારત અને પશ્ચિમ જર્મની વચ્ચે શૈક્ષણિક વિનિમયના કાર્યક્રમનો અમલ કરતી સંસ્થાના દિલ્હી ખાતેના અધ્યક્ષ ડૉ. હંસ હેસ બર્ગર તા. ૧૬થી ૨૦મી માર્ચ, ૧૯૬૭ સુધી યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા અને અમદાવાદમાં ચાલતા જર્મન ભાષાના શિક્ષણવર્ગો વિષે માહિતી મેળવી આ પ્રવૃત્તિ વિકસાવવા માટેની ચર્ચાવિચારણા કરી હતી.

ફિલ્મ પ્રવૃત્તિ

અહેવાલના વર્ષની શરૂઆતમાં યુનિવર્સિટી ફિલ્મ સોસાયટીની પ્રવૃત્તિ શરૂ થઈ શકે એવી આશા બંધાઈ હતી; પરંતુ આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલ વચ્ચે યુનિવર્સિટીઓને આ પ્રવૃત્તિ માટે આપવાની આર્થિક સહાયનો પ્રશ્ન ઉકેલી શકાયો ન હતો, એટલે તે પ્રવૃત્તિ શરૂ થઈ શકી ન હતી.

બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી બંને સત્રો દરમિયાન દસ્તાવેજી અને શૈક્ષણિક ફિલ્મો બતાવવાના કાર્યક્રમો પણ હંમેશ મુજબ રાખવામાં આવ્યા હતા. આ વર્ષમાં લગભગ

ત્રીશ ફિલ્મ-શૉ દ્વારા આશરે સવાસો જેટલાં શૈક્ષણિક અને દસ્તાવેજી ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં.

બોર્ડની યોજના મુજબ કૉલેજોની પ્રવૃત્તિ

બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝે ઘડેલી યોજના અનુસાર લગભગ ૨૩ કૉલેજોએ પોતાના શિક્ષકો દ્વારા વિદ્યાવિસ્તારનું કામ ચાલુ વર્ષમાં યોજ્યું હતું. આ યોજના મુજબ કૉલેજોના શિક્ષકોનાં લગભગ ૨૧૦ જેટલાં વ્યાખ્યાનો કૉલેજના સ્થળની આજુબાજુના ગ્રામ્યવિસ્તારમાં યોજાયાં હતાં. આ કૉલેજો પૈકીની કેટલીક કૉલેજોએ પોતાના વિદ્યાર્થીઓના લાભાર્થે બહારગામની કૉલેજોના વિદ્વાન અધ્યાપકોનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ પણ યોજ્યો હતો અને આવાં સત્તર વ્યાખ્યાનો ગોઠવાયાં હતાં. આ માટે કૉલેજોને યોજના મુજબ ગ્રાન્ટ તરીકે કુલ રૂા. ૨,૪૭૦-૦૪ની આર્થિક સહાય આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર વધુ ને વધુ કૉલેજો ભાગ લેતી થઈ છે અને એકંદરે ઘણું સારું કામ કૉલેજોમાં થાય છે તેની સહર્ષ નોંધ લેવી જોઈએ.

પરિશિષ્ટ "ખ"
ક્રમાંકાલ ક્રમાંક ૧૫

THE BANK OF INDIA LTD. PRIZE ENDOWMENT

1. *The name of the Donor* : The Bank of India Ltd., 70-80, Mahatma Gandhi Road, Bombay-1.
2. *The Amount of Donation* : Govt. of India 3 per cent conversion loan of 1946 of the value of Rs. 8,500/-.
3. *Description of the award* : Prize in cash.
4. *Accepted under* : Syndicate Resolution No. 53, dated 17-9-1966.

Rules

1. A prize to be called "The Bank of India Prize" of amount Rs. 240/- in cash shall be awarded annually to a candidate who, at the first attempt secures the highest number of marks at the T.Y.B.Com. March-April Examination of this University amongst those candidates who are declared successful in the whole examination with Banking as their optional subject.
2. If in any year no candidate is found eligible for the award as per clause 1 above, the Prize shall be awarded to a candidate who secures the highest number of marks at T.Y.B.Com March-April Examination of the University amongst those candidates who are declared successful in the whole examination with Advanced Accountancy and Auditing as their optional subjects.

   (*N.B.*—The marks in English and the credit marks of F.Y. & S.Y. B.Com. shall not be taken into account while determining this award.)

3. Surplus, if any, left over after the payment of the prize shall be added to the principal amount every year.

4. If on any account the prize is not awarded in any year the amount shall be added to the principal fund.

5. The name of Prize-winner shall as far as possible be published along with the result of the Examination concerned.

6. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent to be contributed to the General Fund of the University.

પરિશિષ્ટ "૧"
કામકાજ ક્રમાંક ૨૦

સ્કૉલરશિપ અને રિસર્ચ સ્કૉલરશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮-૨-૧૯૬૬ની સભામાં નીમેલી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૭-૧૧-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના પ્રમુખપદે મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. પ્રો. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. પ્રિ. જે. જે. ચિનોય	હાજર
૩. પ્રિ. એચ. કે. બુખારી	હાજર
૪. પ્રિ. વાય. પી. શુક્લ	હાજર
૫. પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૬. પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર
૭. પ્રો. સી. ટી. ભોપટકર	ગેરહાજર
૮. પ્રિ. વાય. જી. નાયક	ગેરહાજર.

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા આ યુનિવર્સિટીને વર્ષ ૧૯૬૭-૬૮ માટે આપવામાં આવેલ માસિક રૂા. ૨૫૦ની બે શિષ્યવૃત્તિઓ પૈકી ખાલી પડેલી એક શિષ્યવૃત્તિ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ બન્ને શિષ્યવૃત્તિઓ સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૭ની સભામાં શ્રી. એન. એન. મિસ્ત્રી અને કુ. આર. બી. દવેને બેનાયત કરી હતી, પણ કુમારી દવેએ પીએચ.ડી. પદવી માટે અભ્યાસ કરવાનું માંડી વાળતાં તે સ્વીકારી નથી.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે અગાઉ કુ. આર. બી. દવેને આપવામાં આવેલી અને પાછળથી ખાલી પડેલી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની માસિક રૂા. ૨૫૦ની એક શિષ્યવૃત્તિ નીચેના વિદ્યાર્થીને ગુજરાત સરકાર દ્વારા મળનાર શિષ્યવૃત્તિઓને બદલે તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તેઓ જે તારીખથી પીએચ.ડી પદવી માટે રજિસ્ટર થાય ત્યારથી બે વર્ષ માટે આપવી:

શ્રી. શાંતિલાલ ગોરધનભાઈ અમીન,
કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ બિનસરકારી કૉલેજોમાં વિજ્ઞાનના વિષયમાં સંશોધનકાર્ય કરતા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓમાંથી ખાલી પડેલ એક શિષ્યવૃત્તિ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) આ ત્રણ શિષ્યવૃત્તિઓ સિન્ડિકેટે તેની તા. ૧૯-૮-૧૯૬૭ની સભામાં (૧) શ્રી. એસ. જી. અમીન, (૨) શ્રી. યુ. આઈ. ભટ્ટ, અને (૩) કુ. પી. કે. જોશીને આપી હતી, પરંતુ કુ. જોશીને સી.એસ.આઈ.આર.ની સ્કૉલરશિપ મળતાં તે સ્વીકારી નથી તેથી એક શિષ્યવૃત્તિ ખાલી પડી છે:

(બ) રાજ્ય સરકાર દ્વારા આ શિષ્યવૃત્તિઓ ચાલુ વર્ષે આપવા અંગેની કોઈ સ્પષ્ટતા હજુ સુધી આવી નથી.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકારની માસિક રૂા. ૨૫૦ની એક એવી ત્રણ શિષ્યવૃત્તિઓ અગાઉ જે ત્રણ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી તેમાંથી શ્રી. શાંતિલાલ ગો. અમીનને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્કૉલરશિપ આપવાની ભલામણ થયેલી હોવાથી તથા કુ. પી. કે. જોશીને સી.એસ.આઈ.આર.ની શિષ્યવૃત્તિ મળી હોવાના કારણે રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ સ્વીકારી ન હોવાથી ખાલી પડેલી તે બે શિષ્યવૃત્તિઓ આપવા માટે રાજ્ય સરકાર તરફથી મંજૂરી મળ્યેથી નીચેના વિદ્યાર્થીઓને, તેઓ જ્યારથી પીએચ.ડી. પદવી માટે નોંધાયા ત્યારથી, તેઓ અન્ય વ્યવસાય કે નોકરી કરશે નહિ તે શરતે આપવી:

૧. શ્રી. જે. કે. મોતીવાળા,
બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ,
ખંભાત.

૨. શ્રી. એ. એમ. હુન્નરી,
કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, વિજ્ઞાન વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(નોંધ.—ત્રીજા વિદ્યાર્થી શ્રી. ઉષાકાન્ત ઇન્દુકુમાર ભટ્ટને ગુજરાત સરકાર દ્વારા મળતી શિષ્યવૃત્તિ આપવાની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખેલી છે.)

૩. પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી માસિક રૂા. ૨૦૦ની એક એવી ખાલી રહેલ દસ શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(અ) વિજ્ઞાન વિદ્યાભવન માટે અલગ રાખવામાં આવેલી ૧૨ સ્કૉલરશિપો પૈકી નીચે પ્રમાણેની સ્કૉલરશિપો ખાલી છે:

(૧) ફિઝિક્સ-૨, (૨) બોટની-૨, (૩) ઝૂલોજી-૨, (૪) મૅથેમેટિક્સ.

(બ) વિજ્ઞાનની વિદ્યાશાખા સિવાયની વિદ્યાશાખાઓ માટેની આઠ સામાન્ય રિસર્ચ સ્કૉલરશિપો પૈકીની એક સ્કૉલરશિપ ખાલી છે.]

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચે (અ) અને (બ)માં જણાવેલ વિદ્યાર્થીઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે યુનિવર્સિટીમાં નોંધાય ત્યારથી બે વર્ષ માટે માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિ આપવી;

(અ) યુનિવર્સિટી વનસ્પતિશાસ્ત્ર વિભાગ માટેની ખાલી રહેલી બે શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને આપવી :

૧. શ્રીમતી કલ્યાણી શાઝી,
વનસ્પતિવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૨. શ્રી. યશદેવ જયકારિયા,
વનસ્પતિવિજ્ઞાન વિભાગ, વિજ્ઞાન વિદ્યાભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

[નોંધ.—(અ) શ્રી. જયકારિયા ઉપરની શિષ્યવૃત્તિ સ્વીકારે નહિ તો તેમની તે ખાલી પડેલી શિષ્યવૃત્તિ શ્રી. એન. પી. માધવન ઉન્નીને આપવાની ભલામણ કરવામાં આવે છે.

(બ) ગુજરાત યુનિવર્સિટીની આઠ સ્કૉલરશિપોમાંથી ખાલી રહેલી માસિક રૂા. ૨૦૦ની એક સ્કૉલરશિપ નીચેના વિદ્યાર્થીને આપવી :

શ્રી. એસ. એફ. સિયાજીવાલા,
બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત.]

૪. યુનિવર્સિટીની રિસર્ચ સ્કૉલરશિપ અંગે એકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટે સેનેટને કરેલી ભલામણમાં ૨૦ શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વિદ્યાર્થીઓ માટે અનામત રાખી બાકીની ૮ સ્કૉલરશિપ વિજ્ઞાન સિવાયની બીજી વિદ્યાશાખાઓમાં નોંધાનાર વિદ્યાર્થીઓ માટે રાખવા ભલામણ કરી છે. પરંતુ આથી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવન સિવાય અન્ય જગ્યાઓ જેમ કે વિજ્ઞાનનાં અનુસ્નાતક કેન્દ્રોમાં શિક્ષણ લેનાર વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીની એક પણ સ્કૉલરશિપ રહેતી નથી, તો બાકીની ૮ સ્કૉલરશિપ બીજી કોઈ પણ વિદ્યાશાખામાંથી નોંધાનાર વિદ્યાર્થીઓ માટે રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી આ સભા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે હાલમાં યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી ૨૦ સંશોધન શિષ્યવૃત્તિઓ પૈકી ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિદ્યાભવનમાંથી નોંધાતા વિદ્યાર્થીઓ પૂરતી જ અનામત રાખવામાં આવી છે તેને બદલે તે ૧૨ શિષ્યવૃત્તિઓ વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાતા તમામ વિદ્યાર્થીઓને માટે વિસ્તારવી, જ્યારે બાકીની ૮ શિષ્યવૃત્તિઓ, હાલ છે તેમ જ, બધી જ વિદ્યાશાખામાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાતા વિદ્યાર્થીઓ માટે રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૩૩

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૧-૧૨-૧૯૬૭ના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. પ્રિ. એમ. સી. દેસાઈ	હાજર
૪. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૫. ડૉ. વાસુદેવ એન. ત્રિપાઠી	ગેરહાજર
૬. પ્રિ. ય. ગુ. નાયક	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ, કુલસચિવ	હાજર.

૧. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. જી. જે. પરમારની ઓવરટાઇમ આપવા અંગેની તા. ૨૦-૪-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના ડ્રાઇવર શ્રી. કરસનદાસ ડી. કડિયાને યુનિવર્સિટીના કર્મચારીઓ જ્યારે અંગત કામ માટે યુનિવર્સિટીની મોટર વાપરે ત્યારે ઓવરટાઇમ આપવા અંગેની તા. ૭-૯-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩. યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક સર્વશ્રી ડી. એન. પંચાસરા તથા એન. આર. જોશીની તા. ૫-૯-૧૯૬૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

અને

૪. યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક સર્વશ્રી બી. વી. મહેતા તથા એસ. ડી. ભટ્ટની તા. ૧૭-૧૦-૧૯૬૭ તથા તા. ૧૯-૧૦-૧૯૬૭ની અરજી પર વિચારણા કરવા બાબત.

બાબત નં. ૩ અને ૪ની વિચારણા સાથે કરવામાં આવી અને લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે તા. ૧-૭-૧૯૬૭ના રોજ કે તે પછી આ યુનિવર્સિટીના કોઈ કર્મચારીને બઢતી આપવામાં આવી હોય અને તેને કારણે તેની ઉપલી જગ્યાના પગારધોરણમાં તેનો માસિક પગાર તેની બઢતી પહેલાંની, એટલે કે નીચલી જગ્યાના મૂળ માસિક પગારધોરણમાં તેને તે વર્ષ દરમિયાન મળનાર વાર્ષિક પગારવધારા સહિતના મૂળ પગાર કરતાં ઓછો થવા પામતો હોય તો તેને તેની ઉપલી જગ્યાનો વાર્ષિક પગારવધારો નીચલી જગ્યાના વાર્ષિક પગારવધારાની તારીખે લેવા દેવો.

૫. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓ તરફથી આવેલી તા. ૨૨-૭-૧૯૬૭ની અરજી ઉપર નીચે પ્રમાણે ઠરાવ્યું છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીની બાબતમાં શું થઈ શકે તેમ છે તે જોઈ તપાસીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. કુલસચિવશ્રી રજા ઉપર જાય તો તેમનો ચાર્જ કોને આપવો તે નક્કી કરવા બાબત.

(નોંધ.—આ અંગેના સ્ટેચ્યૂટમાં નીચે પ્રમાણે જોગવાઈ છે :

Statute 131 :

After the termination of the appointment of the first Registrar, under Sec. 62 of the Act all subsequent appointments shall be made by the Syndicate. In the case of necessity, the Vice-Chancellor shall have power to provide the performance of the duties of the Registrar.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૭. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની નીચેની બાબત આ સમિતિ તરફ મોકલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત :

"સેનેટે તેની તા. ૪/૫-૧૦-૧૯૬૭ની સભામાં સિન્ડિકેટ તરફથી મંજૂરી માટે આવેલ નીચે પ્રમાણે સ્ટે. ૧૩૪ પુનર્વિચારણા માટે પાછો મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

Statute 134 :

The pay-scale of the Registrar shall be Rs. 800-50-1,500 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયનના સામાન્ય મંત્રીના તા. ૨૦-૩-૧૯૬૭ના પત્રથી આવેલ માગણીઓ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં મદદનીશ હિસાબનીશની જગ્યાની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા હાલ ભરવી જરૂરી છે કે કેમ તે બાબત તપાસવાની સૂચના સાથે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી"

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"મદદનીશ રજિસ્ટ્રાર શ્રી. જી. એ. દેસાઈ જેમને સિન્ડિકેટના તા. ૮-૧૦-૧૯૬૬ના ઠરાવ અન્વયે શ્રી. જે. એમ. મહેતાની ગેરહાજરીમાં એક્સ્ટ્રાઓર્ડિનરી ઓર્ડરના સંયુક્ત મંત્રી તરીકે (શ્રી. એસ. પી. મેઢ મંત્રી તરીકે) કામ સોંપેલું હતું તેઓ તા. ૭-૧૦-૧૯૬૭થી ચોક વર્ષનો પદાધિકાર (lien) રાખીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગયા હોવાથી એક્સ્ટ્રાઓર્ડિનરી પ્રવૃત્તિઓ અંગેના કામકાજની વ્યવસ્થા બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું, તથા વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તમામ કર્મચારીઓને આપવામાં આવતાં ભથ્થાંની બાબત જોઈતપાસીને પોતાનો અભિપ્રાય જણાવવા માટે પણ સદરહુ સમિતિને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી

૧૧. સિન્ડિકેટે તેની તા. ૧૫/૧૬-૧૧-૧૯૬૭ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૨-૧૦-૧૯૬૭ના પત્રાંક એફ. ૩૩-૧૮-૬૪ સી.ડી.એન. દ્વારા યુનિવર્સિટી અને કૉલેજોના અધ્યાપકોની નિવૃત્તિવયમર્યાદા ૬૦ વર્ષ રાખવાની અને તે પછી પ્રથમ ત્રણ વર્ષ માટે, ત્યાર બાદ શિક્ષણના હિતમાં જરૂર હોય તો વધુ બે વર્ષ માટે વધારી આપવાની જોગવાઈ કરવાના કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૨. ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહ તથા રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની પગારઘોરણ સુધારવા અંગેની તા. ૨૧-૧૧-૧૯૬૭ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડૉ. કે. શાહ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૪

ઑક્ટોબર ૧૯૬૭માં લેવાયેલી જુદી જુદી પરીક્ષામાં નિમાયેલ મુખ્ય નિરીક્ષકોની યાદી

કેન્દ્ર	પરીક્ષાનું નામ	મુખ્ય નિરીક્ષકોનાં નામો
અમદાવાદ	એમ.ડી., એમ.એસ. વગેરે	ડૉ. ઈ. એમ. બેરટ ડૉ. એમ. એન. જિન્દાલ
અમદાવાદ	એમ.બી.,બી.એસ., બી.ડી.એસ.	પ્રિ. વાય. પી. શુક્લ ડૉ. પી. સી. મહેરા ડૉ. એન. પી. શાહ
અમદાવાદ	ફર્સ્ટ બી.એ. અને થર્ડ બી.એ.	પ્રો. એસ. બી. મહેતા પ્રો. ઈ. એમ. બલસારા
અમદાવાદ	એન્જિનિયરિંગ [એફ.ઈ., એસ.ઈ. (મિ.,ઇ.) અને બી.ઈ. (સિ.,મિ..ઇ.)]	પ્રિ. ટી. એમ. પરીખ પ્રો. આર. સી. સોનપાલ પ્રો. એ. ડી. પંડ્યા
અમદાવાદ	ફાર્મસી, એલએલ.એમ. અને પીએચ.ડી.	ડૉ. સી. એસ. શાહ શ્રી. બી. એમ. દેવાની કુ. બી. એમ. ત્રિવેદી પ્રિ. એમ. એસ. પંડિત પ્રિ. જી. સી. પટેલ
અમદાવાદ	લૉ પરીક્ષાઓ	પ્રિ. એમ. એસ. પંડિત પ્રિ. એન. એસ. પંડ્યા પ્રિ. ડી. ડી. દેસાઈ પ્રિ. જી. સી. પટેલ
અમદાવાદ	પ્રી-યુનિ. આર્ટ્સ અને સેક-ડ બી.એ.	પ્રિ. એસ. વી. દેસાઈ પ્રો. એ. ડી. ઝાલા શ્રી. એન. કે. મહેતા શ્રી. આર. વી. ઉપાધ્યાય
અમદાવાદ	એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. અને એમ.એલ.ડબલ્યુ.	પ્રિ. એમ. સી. દેસાઈ પ્રિ. જે. સી. ત્રિવેદી પ્રિ. એચ. કે. ત્રિવેદી પ્રિ. ડી. એમ. શીખ શ્રી. બી. એમ. મૂલે

ભાવનગર	લૉ પરીક્ષા, પ્રી-યુનિ. આર્ટ્સ અને સેકન્ડ બી.એ.	પ્રિ. એમ. ડી. માણેક પ્રો. જે. જે. પંડ્યા ડૉ. આઈ. આર. દવે શ્રી. ડી. એમ. ભટ્ટ શ્રી. ડી. એમ. દેસાઈ
,,	ફર્સ્ટ બી.એ. અને થર્ડ બી.એ.	પ્રિ. પી. વી. પારેખ પ્રિ. એસ. સી. પાઠક પ્રો. એચ. બી. ગોહિલ શ્રી. એમ. સી. ભટ્ટ
ભૂજ	પ્રી-યુનિ. આર્ટ્સ, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.	પ્રિ. આઈ. જે. ધ્રુવ શ્રી. જે. એન. શુક્લ શ્રી. એ. એન. ઝા શ્રી. વી. બી. ભટ્ટ શ્રી. જી. આર. પટેલ શ્રી. સી. એમ. પંડ્યા
ગોધરા	પ્રી-યુનિ. આર્ટ્સ, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.	પ્રિ. ટી. એન. મહેતા પ્રો. વી. એ. પટેલ શ્રી. વી. ટી. સોની
જામનગર	મેડિકલ	ડૉ. બી. કે. મહાજન ડૉ. બી. એસ. જાવડેકર
,,	બી.એ.એમ.એસ.	ડૉ. ટી. સી. જૈન ડૉ. બી. ડી. શર્મા
મોરબી	એન્જિનિયરિંગ	પ્રિ. પી. એલ. કલવચવાલા પ્રો. બી. વેનગોપાલચાર પ્રો. બી. સી. ભટ્ટ
નડિયાદ	પ્રી-યુનિ. આર્ટ્સ, સેકન્ડ બી.એ.	પ્રિ. એલ. એચ. ટેંગશે પ્રિ. વી. આર. રણુદીવે પ્રિ. એસ. આર. મહેતા શ્રી. આર. એચ. ગાંધી
,,	ફર્સ્ટ બી.એ., થર્ડ બી.એ.	પ્રિ. વી. એ. વ્યાસ પ્રિ. એસ. આર. મહેતા પ્રો. એસ બાં. શાહ
સુરત	મેડિકલ	ડૉ. જે. ડી. પાઠક ડૉ. વી. પી. ભટ્ટ

સુરત	એન્જિનિયરિંગ	પ્રિ. વી. જે. જાની પ્રો. ટી. એસ. રંગવાચાર્ય શ્રી. કે. ટી. ઓઝા
સુરત	બી.એ.એમ.એસ.	શ્રી. જે. કે. દેસાઈ શ્રી. કે. ડી. પટેલ ડૉ. આર. એન. દેસાઈ ડૉ. કે. એસ. ઠાકર
સુરત	લૉ પરીક્ષાઓ	પ્રિ. સી. ડી. વ્યાસ પ્રો. એ. એ. મનજી
,,	પ્રી-યુનિ. આર્ટ્સ, સેકન્ડ બી.એ., એમ.એ., એમ.કૉમ., એસ.એસસી.	પ્રિ. એ. આર. દેસાઈ પ્રો. એ. એમ. દેસાઈ ડૉ. આર. આઈ. પટેલ પ્રો. પી. સી. જોષી
,,	ફર્સ્ટ બી.એ., થર્ડ બી.એ.	પ્રિ. સી. એમ. દેસાઈ શ્રી. જી. ટી. શાહ
રાજકોટ	પ્રી-યુનિ. આર્ટ્સ, સેકન્ડ બી.એ., એમ.એ., એમ.કૉમ.	પ્રિ. એચ. એચ. બુચ પ્રો. એસ. ટી. બુચ શ્રી. જી. એન. જસાણી શ્રી. કે. વી. વાઘવાડ શ્રી. આઈ. યુ. દવે શ્રી. ડી. વી. ભટ્ટ
,,	લૉ પરીક્ષા, એમ.એસસી., ફર્સ્ટ અને થર્ડ બી.એ.	પ્રિ. એમ. એન. કોરેગાંવકર પ્રો. એમ. એચ. એસ. મૂર્તિ પ્રિ. સી. એન. હકાણી શ્રી. સી. એચ. પટેલ શ્રી. કે. વી. લ્યૂં
વીસનગર	પ્રી-યુનિ. આર્ટ્સ, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.	પ્રો. જે. એ. દવે પ્રો. કે. એસ. શુક્લ પ્રો. વી. બી. તોપખાને પ્રો. બી. એમ. શાહ પ્રો. એચ. પી. ગાંધી પ્રો. સી. જે. પંડ્યા પ્રો. આર. વી. શાહ

પરિશિષ્ટ "છ"
ઠરાવ ક્રમાંક ૩૫

યુનિવર્સિટી કાર્યાલયે ૧૯૬૮ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી

રમ્ઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	—	મંગળવાર, તા. ૨-૧-૧૯૬૮
પ્રજાસત્તાક દિન	—	શુક્રવાર, તા. ૨૬-૧-૧૯૬૮
મહાશિવરાત્રી	—	સોમવાર, તા. ૨૬-૨-૧૯૬૮
ધૂળેટી (હોળીનો બીજો દિવસ)	—	શુક્રવાર, તા. ૧૫-૩-૧૯૬૮
મહોરમ	—	મંગળવાર, તા. ૯-૪-૧૯૬૮
મહાવીર જયંતી	—	ગુરુવાર, તા. ૧૧-૪-૧૯૬૮
ગુડ ફ્રાઇડે	—	શુક્રવાર, તા. ૧૨-૪-૧૯૬૮
સ્વાતંત્ર્ય દિન	—	ગુરુવાર, તા. ૧૫-૮-૧૯૬૮
જન્માષ્ટમી	—	શુક્રવાર, તા. ૧૬-૮-૧૯૬૮
ગણેશચતુર્થી / સંવત્સરી	—	મંગળવાર, તા. ૨૭-૮-૧૯૬૮
પારસી નૂતન વર્ષ દિન	—	ગુરુવાર, તા. ૨૯-૮-૧૯૬૮
દશેરા	—	મંગળવાર, તા. ૧-૧૦-૧૯૬૮
મહાત્મા ગાંધી જન્મદિન	—	બુધવાર, તા. ૨-૧૦-૧૯૬૮
દિવાળી	—	સોમવાર, તા. ૨૧-૧૦-૧૯૬૮
બેસતું વર્ષ	—	મંગળવાર, તા. ૨૨-૧૦-૧૯૬૮
ભાઈબીજ	—	બુધવાર, તા. ૨૩-૧૦-૧૯૬૮
સરદાર પટેલ જન્મદિન	—	ગુરુવાર, તા. ૩૧-૧૦-૧૯૬૮
નાતાલ દિન	—	બુધવાર, તા. ૨૫-૧૨-૧૯૬૮

[નોંધ.—(૧) રમ્ઝાન ઈદ(ઈદ-ઉલ-ફિત્ર)નો તહેવાર ૧૯૬૮ના વર્ષમાં બે વાર આવે છે.

(૨) નીચેના દિવસો રવિવારે આવતા હોવાથી તેને રજાના દિવસો તરીકે જાહેર કર્યા નથી :

(૧) મકરસંક્રાંતિ	—	તા. ૧૪-૧-૧૯૬૮
(૨) બકરી ઈદ (ઈદ-ઉલ-અઝહ)	—	તા. ૧૦-૩-૧૯૬૮
(૩) રામનવમી	—	તા. ૭-૪-૧૯૬૮
(૪) ઈદ-એ-મિલાદ	—	તા. ૯-૬-૧૯૬૮
(૫) રમ્ઝાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	—	તા. ૨૨-૧૨-૧૯૬૮.]

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૫૦

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૭-૧૧-૧૯૬૭ના રોજ બપોરના ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧.	કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૩.	શ્રી. રઘુજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૪.	શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૫.	શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૨-૯-૧૯૬૭ના રોજ મળેલ સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૨-૯-૧૯૬૭ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ઇન્ટર્નલ ટેલિફેાન સિસ્ટમની સ્વયંસંચાલિત વ્યવસ્થા ઊભી કરવા અંગે તથા તે માટેના ખર્ચની બજેટમાં જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તમામ લાઇનોના આંતરિક ટેલિફેાનની વ્યવસ્થા માટે અંદાજી ખર્ચ આશરે રૂા. ૧૫,૦૦૦ થાય છે.)

અને

૩. યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ઇન્ટર્નલ ટેલિફેાન એક્સટેન્શન માટે કેબલ તથા બેટનનું કાયમી વાયરિંગ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કામ અંગે અંદાજી ખર્ચ આશરે રૂા. ૨,૮૦૦ થાય એમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનમાં ઇન્ટર્નલ ટેલિફેાન સિસ્ટમની સ્વયંસંચાલિત વ્યવસ્થા ઊભી કરવા માટે તથા ટેલિફેાન માટે કેબલ્સ અને બેટન વાયરિંગ કરવા માટેનું કુલ રૂા. ૧૭,૮૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના વૉચમેન તથા માળીઓ માટે પાંચ રહેઠાણ બાંધવા અંગે તથા તેના ખર્ચની અંદાજી રકમ આશરે રૂા. ૪૫,૦૦૦નું બજેટ પ્રોવિઝન કરવા અંગે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વૉચમેન તથા માળીઓ માટે પાંચ રહેઠાણો બાંધવા માટે રૂા. ૪૫,૦૦૦ના ખર્ચની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સ્થળ વગેરે બાબતના પ્લાન આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવા.

૫. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામ માટે મહેનતાણા અંગે સ્થપતિ શ્રી. હસમુખ પટેલના તા. ૯-૧૦-૧૯૬૭ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલના બાંધકામ માટે સ્થપતિના મહેનતાણાની ફીના દર પ્રથમ ચાર બ્લોકની કિંમત પર ત્રણ ટકા અને બીજા ચાર બ્લોકના બાંધકામની કિંમત પર દોઢ ટકા લેખે ગણીને ચૂકવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી કાર્યાલયમાં રૂમ નં. ૧૮માં દીવાલ પર કરવામાં આવેલ ડિસ્ટેમ્પરને જોઈતિપાસી ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયમાં બહારના વરંડા, સેન્ટ્રલ હૉલ (ડોમ સાથે) તથા પેસેજ વગેરેમાં ટ્રૅક્ટર બ્રાન્ડના શેડ કાર્ડ મુજબ દીવાલોમાં Pale Lilac રંગનો ડિસ્ટેમ્પર કરવો.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે રૂમો માટે Delphinium O.B D. 19 તથા Asian Green (in light shade) O.B.D. 26ના રંગની બે દીવાલો તૈયાર કરીને પસંદગી અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ટેન્ડર મુજબ બે હાથને બદલે ત્રીજો હાથ ડિસ્ટેમ્પરનો લગાડવા માટે કૉન્ટ્રૅક્ટર શ્રી. અનિલકુમાર એમ. પટેલને જણાવવું, અને ત્રીજા ડિસ્ટેમ્પરના કોટ માટે કૉન્ટ્રૅક્ટરના વધારાના ચો.ફૂટ ૧૦૦ના રૂા. ૩-૫૦ના દર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામમાં જે ક્ષતિઓ તથા ઊણપો રહી ગઈ છે તે સુધરી શકે તેમ હોય તો સુધારવા માટે તથા સુધારી શકાય તેમ ના હોય તો યોગ્ય કપાત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈને આ પ્રશ્ન તપાસવા વિનંતી કરવી અને તેમનાં સલાહસૂચનો સાથે આ બાબત ફરીથી રજૂ કરવા. દરમિયાન સ્થપતિને જણાવવાનું કે આ સમિતિની તા. ૧૨-૭-૧૯૬૭ની સભામાં બાબત નં. ૧ (અ)થી ટીચર્સ હૉસ્ટેલના બાંધકામમાં રહેલી ક્ષતિઓ દૂર કરવા તથા જે ક્ષતિઓ દૂર ન થઈ શકે તે માટે તથા deviationsની બાબતમાં દરના ઘટાડા કરવાનો પ્રશ્ન વિચારવો આવશ્યક છે.

૮. "બી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના રહેવાસીઓની તા. ૨૦-૧૦-૧૯૬૭ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ તા. ૧૧-૮-૧૯૬૭ની બાંધકામ સમિતિમાં એક ક્વાર્ટર્સમાં બે કબાટ માટે રૂા. ૪૬૦નો ખર્ચ મંજૂર થયેલો છે. હવે જો દીવાલમાં તોડીને અંદર કબાટ કરવામાં આવે તો રૂા. ૨૪૦નો વધુ ખર્ચ થાય તેમ છે. આથી દીવાલમાં કબાટ કરીએ તો કુલ ખર્ચ લગભગ રૂા. ૭૦૦ જેટલો થશે. આથી ૨૬ યુનિટનો કુલ ખર્ચનો વધારો રૂા. ૬,૨૦૦ જેટલો થવા જાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પી. ડી. મિસ્ત્રી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૪

આર્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની ૨૯મી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શનિવાર, તા. ૨૮-૧૧-૧૯૬૭ના રોજ ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. વાય. પી. શુકલ	ગેરહાજર
૩. શ્રી. જે. બી. સાંડિલ	ગેરહાજર
૪. શ્રી. જે. જે. ત્રિવેદી	હાજર
૫. શ્રી. એસ. વી. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. વાય. જી. નાયક	હાજર
૭. શ્રી. જયંત બી. હરિભક્તિ	હાજર.

૧. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧-૯-૧૯૬૭ના રોજ મળેલી ૨૮મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧-૯-૧૯૬૭ના રોજ મળેલી ૨૮મી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના ડૉ. સી. એફ. શાહની અને ડૉ. જે. જે. ત્રિવેદીની "Investigations of Melanosis caused by hair-oils" એ વિષયમાં સંશોધનકાર્ય કરવા માટે રૂા. ૪,૫૦૦ની સંશોધન ગ્રાન્ટ્સ મેળવવા માટેની સંયુક્ત અરજી પર આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧-૯-૧૯૬૭ની સભાની ભલામણો અનુસાર સિન્ડિકેટે તેની તા. ૧૮-૯-૧૯૬૭ની સભામાં ડૉ. જે. બી. હરિભક્તિનો અભિપ્રાય મગાવવાનું ઠરાવતાં તેમની અરજી પર ડૉ. જે. બા. હરિભક્તિ તરફથી આવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— ડૉ. જે. બી. હરિભક્તિએ ડૉ. શાહ અને ડૉ. ત્રિવેદીને રૂા. ૨,૫૦૦ની સંશોધનગ્રાન્ટ, જો બાકીનો ખર્ચ તેમની સંસ્થા ઉપાડે તો મંજૂર કરવા ભલામણ કરી છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદના ડૉ. સી. એફ. શાહ તથા ડૉ. જે. જે. ત્રિવેદીને "Investigations of Melanosis caused by hair-oils" એ વિષય પર સંશોધન કરવા માટે રૂા. ૨,૫૦૦ (અઢી હજાર)ની સંશોધનગ્રાન્ટ ૧૯૬૭-૬૮ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધનગ્રાન્ટના નિયમને આધીન રહીને, કોઈ સંમાન્ય સામયિકમાં તેમનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ કરવાની તથા બાકીના રૂા. ૨,૦૦૦ (બે હજાર)નો ખર્ચ સંસ્થા ભોગવશે તે શરતોએ આપવી.

૩. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને પ્રો. ડી. એમ. માસ્ટરની "દાંડીકૂચ વિષયક" સંશોધનયોજના માટે રૂા. ૩૦૦ની સંશોધનગ્રાન્ટ મેળવવા બાબતની અરજી પર ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧-૯-૧૯૬૭ની સભાની ભલામણો અનુસાર સિન્ડિકેટે તેની તા. ૧૮-૯-૧૯૬૭ની સભામાં કેટલીક માહિતી માગવાનું ઠરાવતાં તેમના તરફથી આવેલ તા. ૩૦-૯-૧૯૬૭ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદના પ્રો. ડી. એન. માસ્ટરની દાંડીકૂચવિષયક સંશોધનયોજના માટે રૂા. ૩૦૦ની સંશોધનગ્રાન્ટ મંજૂર કરવાની વિનંતી સ્વીકારવી નહિ. વધુમાં ઠરાવવામાં આવે છે કે દાંડીકૂચ અંગેનાં અપ્રસિદ્ધ કાગળોના સંગ્રહની હસ્તપ્રત તૈયાર થયેથી તેઓ તેના પ્રકાશનના ખર્ચ પેટે આર્થિક સહાય માગે તો તે અંગે ઘટતી વિચારણા કરવી.

૪. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રો. ડી. એમ. ભાવસારની " The construction and standardization of non-verbal group tests of intelligence for Std. VII and VIII" એ વિષયમાં સંશોધનકાર્ય કરવા રૂા. ૨,૦૦૦ની સંશોધનગ્રાન્ટ મેળવવા માટેની અરજી પર ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧-૯-૧૯૬૭ની સભાની ભલામણો અનુસાર સિન્ડિકેટે તેની તા. ૧૮-૯-૧૯૬૭ની સભામાં વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મગાવવાનું ઠરાવતાં તેમની અરજી પર વિનયન વિદ્યાશાખાના ડીન તરફથી આવેલ અભિપ્રાય પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રો. ડી. એમ. ભાવસારના " The construction and standardization of non-verbal group tests of intelligence for Std. VII and VIII" એ વિષયમાં સંશોધન કરવા માટે રૂા. ૧,૦૦૦ (એક હજાર)ની સંશોધનગ્રાન્ટ ૧૯૬૭-૬૮ના વર્ષ માટે આ યુનિવર્સિટીના સંશોધનગ્રાન્ટના નિયમોને આધીન રહીને કોઈ સંમાન્ય સામયિકમાં તેમનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ કરવાની શરતે આપવી.

નીચેની બે બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી વિચારવામાં આવી હતી :

૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. એમ. એન. જિન્દાલને " કાળિયા કંદ " પર સંશોધન માટે ગ્રાન્ટ આપવા બાબતમાં ડૉ. જે. જે. ચિનોયના અભિપ્રાય ઉપરથી ડૉ. જિન્દાલ તરફથી આવેલી માહિતીના આધારે સંશોધનગ્રાન્ટ આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે " કાળિયા કંદ " પર સંશોધન કરવા માટે રૂા. ૧,૦૦૦ (એક હજાર)ની સંશોધનગ્રાન્ટ આપવા બાબતની ડૉ. જિન્દાલની વિનંતી સ્વીકારી શકાય એમ નથી.

૬. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. એચ. આર. કે. અરોરાને રૂા. ૮૦૦ની સંશોધનગ્રાન્ટ ફક્ત રાસાયણિક દ્રવ્યો માટે આપેલી તેને બદલે તે રકમમાંથી રૂા. ૪૦૦ રાસાયણિક દ્રવ્યો માટે તથા રૂા. ૪૦૦ ફોટોસ્ટેટ કૉપીઓ તથા માઇક્રોફિલ્મ વગેરે ખરીદવા માટે વાપરવા દેવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. અરોરાને તેમના વિષયમાં સંશોધનગ્રાન્ટ પેટે રૂા. ૮૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી હતી તે રકમ તેમની વિનંતી અનુસાર રૂા. ૪૦૦ રાસાયણિક દ્રવ્યો માટે તથા રૂા. ૪૦૦ ફોટોસ્ટેટ કોપીઓ, માઇક્રોફિલ્મ્સ વગેરે માટે વાપરવા દેવાની પરવાનગી આપવી.

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 1047-375-3-68

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની ડિસેંબર માસની ખાસ સભા, ગુરુવાર, તા. ૨૮-૧૨-૧૯૬૭ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	નામ	તા. ૨૮-૧૨-૧૯૬૭
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શ્રી. વી. એચ. ભણોત, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. રણજિતરામ ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૫.	ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૬.	ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. વિનોદચંદ્ર સી. શાહ	હાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૧૦.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૧૧.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચંડીપ્રસાદ લીલાનંદ શાસ્ત્રી	ગેરહાજર
૧૫.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૬.	આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર.

૧. તા. ૨-૧૨-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨-૧૨-૧૯૬૭ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. (અ) યુનિવર્સિટી મુદ્રણાલયના મદદનીશ પ્રેસ-મેનેજરથી નીચેની કક્ષાના કાયમી જગ્યા ઉપર નિમાયેલા મોટા ભાગના કર્મચારીઓની તા. ૭-૧૨-૧૯૬૭ ના રોજની સામુદાયિક ગેરહાજરીના પ્રશ્ન ઉપર વિચારણા કરવા બાબત.

(બ) યુનિવર્સિટી ગ્રંથાલયના પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટોને શિસ્તભંગ માટે તા. ૫-૧૨-૧૯૬૭ ના રોજ સસ્પેન્ડ કરવામાં આવ્યા પછી તા. ૬-૧૨-૧૯૬૭ ના રોજ બપોરના ૨-૩૦થી ૩-૦૦ વાગ્યાના વિરામ બાદ યુનિવર્સિટીના બિનશિક્ષક વર્ગના હેડકલાર્ક અને તેની નીચેની કક્ષાના કાયમી જગ્યા ઉપર નિમાયેલા મોટા ભાગના કર્મચારીઓની તા. ૧૫-૧૨-૧૯૬૭ (બપોરે ૧-૪૦ વાગ્યા) સુધીની કોઈ પણ જાતની જાણ કર્યા સિવાયની સામુદાયિક ગેરહાજરીના પ્રશ્ન ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત (અ) અને (બ) પર એકસાથે વિચારણા કરવામાં આવી. તથા તે અંગેના સંબંધકર્તા કાગળો / હકીકતો તપાસીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ કર્મચારીઓની ઉપર જણાવેલી સામુદાયિક ગેરહાજરીના અશિસ્ત તરફ સિન્ડિકેટની આ સભા પોતાની સખત નાપસંદગી વ્યક્ત કરે છે અને યુનિવર્સિટી સત્તાવાળાઓને કશી પણ જાણ કર્યા સિવાય જે રીતે તેમણે આચરણ કર્યું છે તેને સવિશેષ દોષપાત્ર ગણે છે. તેમ છતાં તેમના તા. ૨૬/૨૭-૧૨-૧૯૬૭ના વિનંતીપત્રને લક્ષમાં લઈને ઉદયકૃત્ય (act of grace) તરીકે તેમની સદરહુ ગેરહાજરીના દિવસો જે તે સભ્યની જે તે પ્રકારની રજા ચડેલ હોય તે પેટે રજા તરીકે ગણીને મંજૂર કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપે છે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને ચેતવણી આપવી કે ભવિષ્યમાં કોઈ પણ સભ્યની આવા પ્રકારની અનધિકૃત ગેરહાજરી થવા પામશે તો તેમની સામે શિસ્તભંગનાં પગલાં લેવામાં આવશે. આ સંદર્ભમાં સ્પષ્ટ કરવામાં આવે છે કે તેમની સદરહુ ગેરહાજરી તરફ સિન્ડિકેટે ઉપર જણાવ્યા મુજબ જે વલણ દર્શાવ્યું છે તે ભવિષ્યમાં પ્રથા (precedent) રૂપ ગણાશે નહિ.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે હેડકલાર્કની નીચેની કક્ષાના મોટા ભાગના સભ્યોની સામુદાયિક ગેરહાજરી દરમ્યાન બિનશિક્ષકવર્ગના જે અધિકારીઓ / સભ્યોએ હાજર રહીને પોતાની ફરજ બજાવી તેમની કર્તવ્યભાવનાની સિન્ડિકેટની આ સભા કદરપૂર્વક નોંધ લે છે અને તે માટે તેમને ધટતો પત્ર લખવા માટે શ્રી કુલસચિવને સત્તા આપે છે.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના નીચેના પાંચ પ્યૂન-કમ-એટેન્ડન્ટોએ તા. ૪થી ઓગસ્ટ ૧૯૬૭ પહેલાં કબાટમાંથી નંબર જોઈને પુસ્તકો કાઢવા-મૂકવાનું જે કામ તેઓ કરતા હતા તે હવે પૂર્વવત્ કરવાનું શરૂ કર્યું છે અને થઈ ગુજરી ભૂલી જવાની તેમણે

વિનંતી કરી છે તે લક્ષમાં લેતાં તેમની સામે હવે વિશેષ પગલાં લેવાં નહિ :

૧. શ્રી. પી. બી. ચૌહાણ
૨. શ્રી. બી. બી. મકવાણા
૩. શ્રી. કે. એસ. રાણા
૪. શ્રી. એમ. એમ. મકવાણા
૫. શ્રી. એલ. જે. સોમૈયા.

૩. ૧૯૬૬-૬૭ના વર્ષના વાર્ષિક અહેવાલનો મુસદ્દો તૈયાર કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિએ તૈયાર કરેલ વાર્ષિક અહેવાલના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલનો મુસદ્દો, આમુખના મુસદ્દા સાથે, મંજૂર કરવો.

(સદરહુ અહેવાલના મુસદ્દાની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪. સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૦-૧૯૬૭ની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટી કાર્યાલયે તૈયાર કરેલ સંલગ્ન કૉલેજ માટે કેન્દ્રીય ગ્રંથાલય અંગેના નિયમોના મુસદ્દા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાય માટે મોકલવી.

૫. ગુજરાત સરકારના તા. ૭-૯-૧૯૬૨ના પત્ર ઉપર યુનિવર્સિટીનાં મંતવ્યો માગતા ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૮-૧૧-૧૯૬૭ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૅન્કોનાં વધુ સામાજિક નિયંત્રણો અંગે જે ભણકારા વાગે છે તે જોતાં હાલની વ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં કામકરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. અશોક એચ. પટેલ, જુનિયર ક્લાર્ક	૧૫-૧-૧૯૬૮	૧૬-૧-૧૯૬૮
૨.	શ્રીમતી પુષ્પા જે. ફાર્મર, જુનિયર ક્લાર્ક	૨૩-૧-૧૯૬૮	૨૪-૧-૧૯૬૮
૩.	શ્રી. એન. એલ. વઝા, ક્લાર્ક-ટાઇપિસ્ટ	૨૭-૧-૧૯૬૮	૨૮-૧-૧૯૬૮

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી અને જગ્યા પર કાયમ કરવાં :

ક્રમાંક	સભ્યનું નામ	જગ્યા	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. અશોક એચ. પટેલ	જુનિયર ક્લાર્ક	૧૬-૧-૧૯૬૮
૨.	શ્રીમતી પુષ્પા જે. ફાર્મર	જુનિયર ક્લાર્ક	૨૪-૧-૧૯૬૮
૩.	શ્રી. એન. એલ. વઝા	ક્લાર્ક-ટાઇપિસ્ટ	૨૮-૧-૧૯૬૮

૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં એમ.એસસી. ફિઝિક્સ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૮થી સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. શ્રી. સી. જે. પંડ્યા, માન્ય અનુ. શિક્ષક
૨. શ્રી. કે. કે. પટેલ, મદદનીશ શિક્ષક
૩. શ્રી. કે. જે. પટેલ, મદદનીશ શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસ-સમિતિ રચવી :

૧. રૉ. ય. ગુ. નાયક
૨. શ્રી. પી. ડી. પાઠક.

૮. યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતી સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોમાં નીચે પ્રમાણે "૩-એ" તરીકે એક નિયમ કૉલેજ/સંસ્થાએ આપવાના પ્રમાણપત્રમાં કલમ "૧-એ" તરીકે એક કલમ તથા સંશોધન ગ્રાન્ટ મેળવવા માટેના અરજીપત્રકમાં 'હેડ ઑફ ધ ઈન્સ્ટિટ્યૂશન'ને બાંયધરી આપવા માટેની એક કલમ નીચે મુજબ ઉમેરવા વિચારણા કરવા બાબત:

3-A :

The research grant sanctioned, if any, will be payable provided a college/institution to which the teacher concerned belongs agrees to provide not less than twenty per cent of the estimated total expenditure as the institutional matching contribution as its share in the expenditure for the research work.

અરજીપત્રકમાં નીચે મુજબ બાંયધરીની કલમ ઉમેરવી :

The authorities of _____ college hereby agree to provide not less than twenty per cent of the total estimated expenditure for the research project as the institutional matching contribution as its share in the expenditure for the research work.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કલમ નં. ૩-એ મંજૂર કરવી.

૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનારી બી.એ. [જૂના અભ્યાસક્રમની (એક્સ્ટર્નલ)] પરીક્ષામાં બેસવા માટે રજિસ્ટ્રેશન કરાવવા માટે કુ. એન્જેલિના સેમ્યુઅલે અરજી કરેલ છે, પરંતુ તેમની માતૃભાષા ગુજરાતી નહીં હોવાથી તેમ જ તેઓ ગુજરાત રાજ્યમાં રજિસ્ટ્રેશનની અરજીની તારીખ પહેલાંના બાર માસ સુધી સતત રહ્યાં નહીં હોવાથી આ યુનિવર્સિટીના ઑર્ડિનન્સ ૧૭૪-અ મુજબ રજિસ્ટ્રેશનને પાત્ર નથી, પરંતુ તેઓ તે અગાઉ પાંચ-છ વર્ષ ગુજરાતમાં રહેલાં અને તેમનું લગ્ન ગુજરાતી-ભાષી વ્યક્તિ સાથે થયેલું હોઈ તેમનું રજિસ્ટ્રેશન કરી ૧૯૬૮ના માર્ચ-એપ્રિલમાં લેવાનારી બી.એ. (એક્સ્ટર્નલ)ની પરીક્ષામાં ખાસ કેસ તરીકે તેમને બેસવા દેવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેસની વિગતો જોતાં અપવાદ તરીકે શ્રીમતી એન્જેલિના સેમ્યુઅલને માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનાર બી.એ.ની એકસ્ટર્નલ પરીક્ષા માટે નામ નોંધાવવા માટે પરવાનગી આપવી.

૧૦. શેઠ એમ. એન. સાયન્સ એન્ડ શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણમાં એમ.એસસી. ફિઝિકસ વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક શિક્ષકગણ નીચે મુજબ છે :

૧. શ્રી. વી. બી. ગોહેલ — માન્ય અનુ. શિક્ષક

૨. શ્રી. એન. એમ. પટેલ — માન્ય અનુ. શિક્ષક)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

૧. ડૉ. ય. ગુ. નાયક

૨. શ્રી. પી. ડી. પાઠક.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. આર. એમ. પરમાર	જુ. ક્લાર્ક	લીવ વેકેન્સી પૂલ	૬-૨-૧૯૬૮	૭-૨-૧૯૬૮
૨.	શ્રી. એન. એમ. પટેલ	,,	,,	૧૧-૨-૧૯૬૮	૧૨-૨-૧૯૬૮
૩.	શ્રીમતી ઉલ્લાસિની બી. ધ્રુવ	,,	અનુસ્નાતક શિક્ષણ વિભાગ	૨-૨-૧૯૬૮	૩-૨-૧૯૬૮
૪.	શ્રી. એ. જે. પ્રજાપતિ	,,	હિસાબ વિભાગ	૨૫-૨-૧૯૬૮	૨૬-૨-૧૯૬૮
૫.	કુ. અરવિંદા એસ. મિસ્ત્રી	,,	પરીક્ષા વિભાગ	૬-૨-૧૯૬૮	૭-૨-૧૯૬૮

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જે. એન. શાહ	લેબો. આસિસ્ટન્ટ	૭-૨-૧૯૬૮	૮-૨-૧૯૬૮
૨.	શ્રી. ગમાજી મગનજી ઠાકોર	પટાવાળા	૭-૨-૧૯૬૮	૮-૨-૧૯૬૮
૩.	શ્રી. કરશન જૂના ગળિયલ	સફાઈ કામદાર	૨૩-૨-૧૯૬૮	૨૪-૨-૧૯૬૮

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩. યુનિવર્સિટીનાં ક્વાર્ટર્સમાં રહેતા યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓનાં બાળકો માટે ક્રીડાંગણ બનાવવા માટે બજેટમાં રૂા. ૬,૨૦૦ની જોગવાઈ કરવા બાબત.

(નોંધ.— આ માટે તા. ૧૪-૬-૧૯૬૬ની બાંધકામ સમિતિની ભલામણ તા. ૧-૭-૧૯૬૭ની સિન્ડિકેટની સભાએ મંજૂર કરેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કર્મચારીઓનાં બાળકો માટે ક્રીડાંગણ માટે રૂા. ૬,૨૦૦ની જોગવાઈ ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવી.

૧૪. રસાયણવિજ્ઞાનના વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોમાં જૂન ૧૯૬૮થી કેટલા વિદ્યાર્થીઓને દાખલ કરવા તે અંગેનો મુદ્દો તપાસી જવા કોઈ નિષ્ણાત કે નિષ્ણાતોની સમિતિ નીમવા કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત જોઈ-તપાસીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ રચવી :

૧. ડૉ. એ. એમ. ત્રિવેદી
૨. આચાર્ય જે. જે. ત્રિવેદી
૩. આચાર્ય એલ. ડી. દવે.

૧૫. Indian Roads Congress and the Central Research Instituteના સંયુકત ઉપક્રમે "Quality Control in the Construction of Roads and Runways" પર તા. ૨૭ થી ૨૯ ફેબ્રુઆરી ૧૯૬૮ દરમ્યાન ન્યૂ દિલ્હી ખાતે એક સેમિનાર યોજાનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૬. Gandhian Institute of Studiesના ઉપક્રમે વારાણસી-૧, મુકામે તા. ૧૮ થી ૨૦ જાન્યુઆરી ૧૯૬૮ દરમિયાન "Seminar on Peace Research" યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા અંગેના મજકૂર ઈન્સ્ટિટ્યૂટના તા. ૨-૧૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૧૭. ચોથી પંચવર્ષીય યોજનાની પગાર-સુધારણા યોજના નીચે યુનિવર્સિટી, સરકારી કૉલેજો અને બિનસરકારી કૉલેજોના શિક્ષકોને તા. ૧-૪-૧૯૬૬થી સુધારેલાં પગારધોરણો આપવા અંગેના રાજ્ય સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના ઠરાવ ક્રમાંક એમ.-આઈ. એસ-૧૦૬૬-કેએચ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોનાં વેતનોને સ્પર્શતી બાબત રટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં કૉલેજોના શિક્ષકોને સ્પર્શતી બાબત અંગે સમગ્રપણે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૩. રૉ. ય. ગુ. નાયક
૪. આચાર્ય ય. પ્રા. શુકલ
૫. પ્રોફેસર મણિશંકર પી. પંડ્યા.

૧૮. ફાઈનાન્સ કમિટીની તા. ૧૯-૧૨-૧૯૬૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગ માટે પરિશિષ્ટ "ગ"માં બતાવ્યા પ્રમાણે રસાયણો તથા પરિશિષ્ટ "ઘ"માં બતાવ્યા પ્રમાણેનાં ગ્લાસવેર ખરીદવાં.

(૨) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં પ્રશ્નપત્રો છાપવા માટે પરિશિષ્ટ "ક"માં બતાવ્યા પ્રમાણે પ્રેસના ભાવો મંજૂર કરવા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી.
સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. (૨) નીચેની સ્પષ્ટતા સાથે મંજૂર કરવી :

"જે કેન્દ્રોમાં પ્રશ્નપત્રો છાપવા માટેની વ્યવસ્થા સંતોષકારક જણાય નહિ અગર તો જે કેન્દ્રોમાં પ્રશ્નપત્રો છાપવા માટેના ભાવ વધારે પડતા ઊંચા હોય તે કેન્દ્રોમાં વધારાની પરીક્ષાઓ સામાન્ય રીતે યોજવી નહીં, તથા જરૂર પડે તો હાલ યોજવામાં આવે છે તે પરીક્ષાઓ પણ બંધ કરવાનું વિચારવાનું રાખવું."

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ બાબત સંબંધકર્તા કૉલેજોના આચાર્યોને ઘટતો પત્ર લખીને તેમનું આ બાબત પરત્વે ધ્યાન ખેંચવું.

(મંજૂર કરવામાં આવેલી ફાઈનાન્સ કમિટીની ભલામણો આ સાથે સામેલ રાખવામાં આવી નથી.)

૧૯. સિન્ડિકેટે તેની તા. ૨-૧૨-૧૯૬૭ની સભામાં યુનિવર્સિટીમાં કો-ઑપરેટિવ સ્ટોર્સ શરૂ કરવા અંગેના ઠરાવ ક્રમાંક ૬૮ થી નીચેની બાબત મુલતવી રાખેલી હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત :

(૧) વહીવટી સમિતિ પર કોને નીમવા ?
(૨) હાલ કાર્યક્ષેત્ર શું રાખવું ?
(૩) સ્ટોર્સ માટે જરૂરી જગ્યા આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્રપણે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી:

૧. આચાર્ય એમ. સી. દેસાઈ
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
૩. ડૉ. પી. સી. વૈદ્ય
૪. શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ.

૨૦. મરહૂમ શ્રી. હરગોવનદાસ કાંટાવાળા તરફથી વડોદરાના ગાયકવાડ મહારાજાના આશ્રયે પ્રકાશિત થયેલ "પ્રાચીન કાવ્યમાળા" (આશરે ૩૫ ગ્રંથ)ને યુનિવર્સિટીને અર્પણ કરવા બાબતની વિનંતી કરતા શ્રી. આર. એચ. પંડા તરફથી આવેલ તારીખ ૯-૧૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. આર. એચ. પંડાના તા. ૨૬-૧૨-૧૯૬૭ના પત્ર તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું, અને તેમાં જણાવ્યા પ્રમાણે સદરહુ પુસ્તકો ગુજરાત વિદ્યાપીઠને અપાઈ ગયાં હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૨૧. ફાઇનલ એમ.બી.,બી.એસ.ના મેડિસિનના પેપરમાં પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના વિભાગ (Section)માં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને રૂા. ૧૦૦નું પારિતોષિક આપવા અંગે એમ. પી. શાહ મેડિકલ કૉલેજના પ્રાધ્યાપક ડૉ. બી. કે. મહાજન તરફથી રૂા. ૨,૫૦૦નું પ્રદાન સ્વીકારવા અંગેના તા. ૨૯-૧૧-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. બી. કે. મહાજનની સદરહુ વિનંતી મંજૂર કરવી તથા રૂા. ૨,૫૦૦ની તેમણે આપેલી રકમ તેમને પરત કરવી.

૨૨. એમ.એ., એમ.એસસી.ના માર્ચ-એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાના કેટલાક પ્રશ્નપત્રો મોડા પડયા તે અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬/૧૭-૯-૧૯૬૭ના ઠરાવ પ્રમાણે યુનિવર્સિટી પ્રેસના પ્રૂફરીડર તરીકે કામ કરતા શ્રી. ડી. એમ. પંડયાનો ખુલાસો માગવાનું ઠરાવ્યું હતું તેના સંદર્ભમાં શ્રી. ડી. એમ. પંડયાના તા. ૯-૧૧-૧૯૬૭ના ખુલાસા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. પ્રો. ફિરોજ કાવસજી દાવર મેમોરિયલ ફંડ તરફથી બે સુવર્ણચંદ્રકો તથા એક પારિતોષિક નીચે જણાવ્યા પ્રમાણે એનાયત કરવા માટે રૂા. ૧૨,૦૦૦નું પ્રદાન સ્વીકારવા અંગેની વિનંતી કરતા તા. ૨૯-૧૧-૧૯૬૭ના શ્રી. પ્રભુદાસ બાલુભાઈ પટવારીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) એમ.એ.ની પરીક્ષામાં ભાગ એક-ભાગ બેમાં અંગ્રેજીના મુખ્ય વિષયમાં ૬ પ્રશ્નપત્રોમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ધી પ્રોફે. એફ. સી. દાવર સુવર્ણચંદ્રક";

(૨) અંગ્રેજીનો સ્પેશિયલ વિષય લઈ પ્રથમ વિનયન, દ્વિતીય વિનયન તથા તૃતીય વિનયનની પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ધી પ્રો.ફે. એફ. સી. દાવર સુવર્ણચંદ્રક";

(૩) ત્રીજી બી.એ.ની પરીક્ષામાં અંગ્રેજીનો ફરજિયાત વિષય લઈ સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ધી પ્રો.ફે. એફ. સી. દાવર પારિતોષિક".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો.

૨૪. શ્રી. એચ. એમ. પંચોલીના તા. ૧૮-૧૨-૧૯૬૭ના પત્રમાં જણાવ્યા મુજબ તેમના પિતાશ્રી મોહનલાલ એમ. પંચોલીની ઇચ્છા અનુસાર ગુજરાત યુનિવર્સિટીને તેમણે બીડેલા પત્રકમાં જણાવ્યા મુજબના ગણિતના વિષયો અંગેનાં પુસ્તકોનું પ્રદાન આપવા અંગેની દરખાસ્ત સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ દરખાસ્ત માટે શ્રી. એમ. એમ. પંચોલીનો આભાર માનવો અને તેમને જણાવવું કે સદરહુ યાદીમાં જણાવેલાં પુસ્તકો શાળોપયોગી હોઈ શિક્ષણશાસ્ત્રની કોઈ કોલેજને તે આપવા માટે સૂચવવામાં આવે છે.

૨૫. સને ૧૯૬૮ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૮ના પ્રથમ ૭ માસ દરમ્યાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો અંગે કાર્યાલયનો પ્રસ્તાવ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા પ્રસ્તાવની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૮માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે નવાં કેન્દ્રો આપવા બાબતની જુદી જુદી કોલેજોમાંથી આવેલ અરજીઓ પર વિચારણા કરી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટ તેની તા. ૨-૧૨-૧૯૬૭ની સભામાં નીમેલી સમિતિએ નવાં કેન્દ્રો અંગે આવેલ અરજીઓ ચોકસીતપાસી તેની તા. ૧૮-૧૨-૧૯૬૭ની સભામાં નવાં કેન્દ્રો આપવા અંગે કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નં. ૧ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓ માટે દમણમાં અપવાદ તરીકે કેન્દ્ર રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભાદરણ, કડી અને પાલનપુરમાં એસ.વાય.બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષાઓ લેવાનું રાખવું.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૩૦ અને તે પછી બાબત નં. ૩૭ હાથ ધરવામાં આવી.

૩૦. સને ૧૯૬૭-૬૮ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (revised) અંદાજપત્ર અને સને ૧૯૬૮-૬૯ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૭-૬૮ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (revised) અંદાજપત્ર અને સને ૧૯૬૮-૬૯ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં સદરહુ અંદાજપત્રોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે અંદાજપત્ર સમિતિની નીચેની ભલામણ સ્વીકારવી અને તે અંગે આગામી વર્ષ દરમ્યાન ઘટતી વિચારણા કરવાનું રાખવું.

"યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની ગંભીરપણે વિચારણા કરીને તેની આવક વધે અને ખર્ચમાં કરકસર થાય તે માટે અસરકારક પગલાં લેવાં આવશ્યક જણાય છે."

૩૭. એસ.એસ.સી.માં પાસ ન થયા હોવા છતાં વિદ્યાર્થીઓએ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો હતો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં રાજ્ય સરકારનો તા. ૧૯-૧૨-૧૯૬૭નો ખાનગી પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયની તા. ૨૭-૧૨-૧૯૬૭ની નોંધમાં જણાવેલા નીચેના જુદા કેસો કે જેમાં સદરહુ વિદ્યાર્થીઓએ એસ.એસ.સી.માં ઉત્તીર્ણ થયા વિના કૉલેજમાં પ્રવેશ મેળવ્યો છે તેમની તથા તેવી જાતના બીજા જે કેસો પકડાયા હોય તે તમામ કેસો પર સમગ્ર રીતે વિચારણા કરીને તે બાબતમાં શાં પગલાં લેવાં તે માટે પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું:

૧. શ્રી. દિલીપકુમાર મણિલાલ શાહ
૨. શ્રી. જિતેન્દ્ર ઝવેરચંદ શાહ
૩. કુ. ચૌહાણ જીમિંબાકુમારી રામઅવતારસિંહ.

ઉપરોક્ત બાબતો સિવાયની બાકીની બાબતો નં. ૨૭થી ૨૯ અને ૩૧થી ૩૬ અંગેની વિચારણા સમયના અભાવે હાથ ધરી શકાઈ નહોતી, જેના પાઠ નીચે મુજબ છે:

૨૭. તા. ૩૦ અને ૩૧ ડિસેંબર ૧૯૬૭ના દિવસો દરમિયાન મોડાસા ખાતે મળનાર ગુજરાતી અધ્યાપક સંઘના ૧૯મા સંમેલનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા ગુજરાતીના અધ્યાપકોને મોકલવા બાબતમાં સદરહુ સંઘના મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૨-૧૨-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રતિનિધિ-ખર્ચ મોકલનાર સંસ્થાએ ભોગવવાનું રહેશે.)

૨૮. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડામાં અંગ્રેજી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યાખ્યાતા અપ્રાપ્ય હોવાથી શ્રી. કે. આઈ. પટેલને બીજા સત્ર માટે શિક્ષણકાર્ય કરવા દેવાની પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ચાલુ વર્ષના પ્રથમ સત્ર માટે શ્રી. કે. આઈ. પટેલને સિન્ડિકેટની તા. ૫/૬-૮-૧૯૬૭ની સભામાં મંજૂરી આપવામાં આવી હતી.)

૨૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીમાં વ્યાયામશિક્ષક તરીકે નિયુક્ત થયેલા શ્રી. એમ. એ. શેઠ ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની પદવી તથા ગુજરાત સરકાર માન્ય અભ્યાસક્રમની ડી.પી.એડ.ની પદવી ધરાવતા હોવાથી તેઓને વ્યાયામશિક્ષક તરીકે માન્ય રાખ્યાના;

(૨) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં વ્યાયામશિક્ષક તરીકે નિયુક્ત થયેલા શ્રી. એચ. જી. શેખ બી.એ. પાસ વર્ગ તથા ગુજરાત સરકાર માન્ય અભ્યાસક્રમની ડી.પી.એડ.ની પદવી ધરાવતા હોવાથી તેઓને વ્યાયામશિક્ષક તરીકે માન્ય રાખ્યાના.

૩૧. ૬૨ વર્ષે યુનિવર્સિટી તરફથી માર્ચ-એપ્રિલમાં લેવાતી બી.એડ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "શ્રી હીરાલાલ બાપુલાલ કાપડિયા સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૬૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે આ સાથેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

૩૨. રીડર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટેની વરણીસમિતિના સભ્ય તરીકે સિન્ડિકેટે શ્રી. એમ. બી. મુનશીની નિમણૂક કરી છે. પરંતુ તેઓ આ જગ્યા માટે ઉમેદવાર હોવાથી સમિતિના સભ્ય તરીકે કામ કરી શકે નહિ તેથી તેઓની ખાલી પડેલી જગ્યા પર એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આ સમિતિ પર વરણીસમિતિના બીજા સભ્યો નીચે પ્રમાણે છે :

૧. શ્રી. એમ. બી. દેસાઈ, વડોદરા
૨. શ્રી. એચ. સી. મલકાણી, મુંબઈ
૩. શ્રી. ડી. ટી. લાકડાવાલા, મુંબઈ.

૩૩. વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ અંગેના, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને બીજી પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરેલ યોજના અંગે થયેલ કુલ ખર્ચ રૂા. ૪,૮૯,૨૭૬ના ૫૦ ટકા પ્રમાણેની આર્થિક સહાય ૨/૩ ગ્રાન્ટરૂપે તથા ૧/૩ લોનરૂપે યુનિવર્સિટીને રૂા. ૨,૪૪,૬૩૮ આપવાનું સ્વીકાર કરતા તા. ૫-૧૨-૧૯૬૭ના રાજ્ય સરકારના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૬-૮૭૧૯૯-બ(૧)ની નોંધ લેવા બાબત.

૩૪. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, બી.એડ., ભાગ ૨ની પરીક્ષા માર્ચના પહેલા સોમવારથી શરૂ કરવી."

૩૫. "એસોસિયેશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઇન્ડિયા"ની વાર્ષિક પરિષદ અન્ય વિવિધ તબીબી મંડળોની વાર્ષિક પરિષદ સાથે તા. ૨૩ થી ૨૭ જાન્યુઆરી ૧૯૬૮ દરમિયાન કટક મુકામે યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના માનદ મંત્રીશ્રી તરફથી આવેલ તા. ૧૩-૧૧-૧૯૬૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૩૬. માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં લેવાયેલ એમ.એસસી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શ્રી. ભરત જે. પાઠકે પરીક્ષામાં બેસતા અગાઉ તેનું બી.એસસી. પરીક્ષાનું પદવી પ્રમાણપત્ર મેળવી લીધેલ ન હોવા છતાં પરીક્ષામાં બેઠા હતા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થી માર્ચ-એપ્રિલ ૧૯૬૭માં નાપાસ થતાં ઓક્ટોબર ૧૯૬૭ની પરીક્ષામાં બેઠા છે, પરંતુ આ પરીક્ષા પહેલાં વિદ્યાર્થીએ બી.એસસી.નું પદવી પ્રમાણપત્ર મેળવી લીધેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું કરવામાં આવ્યું હતું.

નં. સિં./૬૬૨૮/૧૯૬૮.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૨૫, ૧૯૬૮.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૫

માર્ચ/એપ્રિલ, ૧૯૬૮માં લેવાનાર પરીક્ષાઓ શરૂ થવાની તારીખો

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ આવતી તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૧.	બી.એડ., ભાગ ૧	૧૮-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૨.	બી.એડ., ભાગ ૨	૨૬-૨-૧૯૬૮	૨૭-૨-૧૯૬૮
૩.	પ્રી-યુનિ. વિનયન	૧૧-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૪.	પ્રી-યુનિ. વિજ્ઞાન	૧૧-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૫.	પ્રી-યુનિ. વાણિજ્ય	૧૧-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૬.	ફર્સ્ટ બી.એ.	૨૫-૩-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૭.	ફર્સ્ટ બી.એસસી.	૨૫-૩-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૮.	ફર્સ્ટ બી.કૉમ.	૨૫-૩-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૯.	સેકન્ડ બી.એ.	૨૫-૩-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૧૦.	સેકન્ડ બી.એસસી.	૧-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૧૧.	સેકન્ડ બી.કૉમ.	૨૫-૩-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૧૨.	થર્ડ બી.એ.	૧-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૧૩.	થર્ડ બી.એસસી.	૧-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૧૪.	થર્ડ બી.કૉમ.	૨૫-૩-૧૯૬૮	૨૮-૩-૧૯૬૮
૧૫.	એફ.વાય. ફાર્મસી (ડિપ્લોમા)	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૧૬.	ઇન્ટર ફાર્મસી (ડિપ્લોમા)	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૧૭.	ફર્સ્ટ બી.ફાર્મ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૧૮.	સેકન્ડ બી.ફાર્મ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૧૯.	બી.ફાર્મ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૨૦.	બી.એ. (સ્પે.) (જૂનો અભ્યાસક્રમ)	૧-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૨૧.	બી.એ. (જન.) જૂનો (અભ્યાસક્રમ)	૧-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૨૨.	પહેલી એલએલ.બી. (જૂના અને નવા અભ્યાસક્રમો)	૧૧-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૩.	બીજી એલએલ.બી.	૧૦-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૪.	ત્રીજી બી.એ.એમ.એસ.	૮-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮

ક્રમાંક	પરીક્ષાનું નામ	આં. ૧૨૬ મુજબ આવતી તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૨૫.	પહેલી એમ.બી.,બી.એસ.	૮-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૬.	બીજી એમ.બી.,બી.એસ.	૮-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૭.	ત્રીજી એમ.બી.,બી.એસ.	૮-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૮.	પહેલી બી.ડી.એસ.	૨૨-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૨૯.	બીજી બી.ડી.એસ.	૨૨-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૩૦.	ત્રીજી બી.ડી.એસ.	૨૨-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૩૧.	ફાઇનલ બી.ડી.એસ.	૨૨-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૩૨.	માસ્ટર ઑફ લેબર વેલ્ફેર	૧૫-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૩૩.	એમ.એસસી. અધર ધેન મેથ્સ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૩૪.	એમ.એસસી. મેથ્સ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૩૫.	એમ.એ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૩૬.	એમ.કૉમ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૩૭.	એમ.એ., ભાગ ૨	૨૫-૩-૧૯૫૮	૧૮-૩-૧૯૬૮
૩૮.	એમ.એસસી. (ભાગ ૨) અધર ધેન મેથ્સ	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૩૯.	એમ.એસસી. (ભાગ ૨) મેથ્સ.	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૪૦.	એમ.કૉમ., ભાગ ૨	૨૫-૩-૧૯૬૮	૧૮-૩-૧૯૬૮
૪૧.	એમ.એ., ભાગ ૧	૮-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૪૨.	એમ.એસસી. (ભાગ ૧) અધર ધેન મેથ્સ.	૮-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૪૩.	એમ.એસસી. (ભાગ ૧) મેથ્સ.	૮-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૪૪.	એમ.કૉમ., ભાગ ૧	૮-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૪૫.	પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ	૨૨-૪-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૪૬.	બી.એસસી. (મેડિકલ)	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૪૭.	એમ.એસસી. (મેડિકલ)	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૪૮.	એમ.ડી.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૪૯.	એમ.એસ.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૦.	ડિપ્લોમા ઇન ઍનેસ્થેસિયા	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૧.	ડી.એમ.આર.ઈ.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૨.	ડી.જી.ઓ.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૩.	ડી.ઓ.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૪.	ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૫.	ડી.વી. ઍન્ડ ડી.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૬.	ટી.ડી.ડી.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૭.	ડી.એલ.ઓ.	૧૧-૩-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૫૮.	એફ.ઈ. (જૂનો અભ્યાસક્રમ)	૬-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮

ક્રમાંક	પરીક્ષાનું નામ	ઓ. ૧૨૯ મુજબ આવતી તારીખ	કાર્યાલયે સૂચવેલી તારીખ
૫૯.	એસ.ઈ. (સિવિલ, મિકે. ઍન્ડ ઇલે.) (જૂનો અભ્યાસક્રમ)	૬-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૬૦.	બી.ઈ. (સિવિલ, મિકે. ઍન્ડ ઇલે. (જૂનો અભ્યાસક્રમ)	૬-૪-૧૯૬૮	૨૫-૩-૧૯૬૮
૬૧.	બી.ઈ. ફર્સ્ટ	૬-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૬૨.	બી.ઈ. સેકન્ડ	૬-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૬૩.	બી.ઈ. થર્ડ	૬-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૬૪.	એમ.ફાર્મ.	૧૫-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૬૫.	એમ.ઈ.	૨૬-૫-૧૯૬૮	૨૭-૫-૧૯૬૮
૬૬.	એલએલ.એમ. (જૂના અને નવા અભ્યાસક્રમો)	૩-૬-૧૯૬૮	૨૭-૫-૧૯૬૮
૬૭.	એમ.એડ.	૩-૬-૧૯૬૮	૨૭-૫-૧૯૬૮
૬૮.	ડિપ્લોમા ઇન જર્નાલિઝમ	૨૨-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૬૯.	ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ	૧૫-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૭૦.	ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ	૧૫-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૭૧.	એફ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યૂઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૫-૩-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૭૨.	એસ.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યૂઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૫-૩-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૭૩.	ટી.વાય. ડિપ્લોમા ઇન ડ્રામા, મ્યૂઝિક, ડાન્સિંગ, પેઇન્ટિંગ ઍન્ડ સ્કલ્પ્ચર	૨૫-૩-૧૯૬૮	૪-૪-૧૯૬૮
૭૪.	બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સ	૨૯-૪-૧૯૬૮	૧૫-૪-૧૯૬૮
૭૫.	ટી.ડી., ભાગ ૧	૨૬-૨-૧૯૬૮	૧૧-૩-૧૯૬૮
૭૬.	ટી.ડી., ભાગ ૨	૨૦-૨-૧૯૬૮	૨૭-૨-૧૯૬૮

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૬

૧૯૬૮માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે કેન્દ્ર અંગે આવેલ અરજીઓ અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની ડિસેંબર માસની સભામાં નીમેલી સમિતિની સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૮-૧૨-૧૯૬૭ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
૨. શ્રી. મણિશંકર પંડ્યા	હાજર
૩. આચાર્ય રો. વાય. જી. નાયક	ગેરહાજર.

કેન્દ્ર અંગે આવેલ અરજીઓ અંગે ચર્ચા-વિચારણા કરી નીચેનાં સ્થળોને તેની સામે દર્શાવેલ પરીક્ષાઓ માટે કેન્દ્ર આપવાનું ઠરાવવામાં આવ્યું :

કેન્દ્ર		પરીક્ષા
લુણાવાડા	...	ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી.
કડી	...	ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને ફર્સ્ટ બી.કોમ.
બોરસદ	...	સેકન્ડ બી.એ., સેકન્ડ બી.એસસી., સેકન્ડ બી.કોમ.
મહેસાણા	...	સેકન્ડ બી.એ., સેકન્ડ બી.કોમ.
મિયાંગામ-કરજણ	...	પ્રી-યુનિ. આર્ટ્સ અને પ્રી-યુનિ. વાણિજ્ય
ધોળકા	...	ફર્સ્ટ બી.એ. અને ફર્સ્ટ બી.કોમ.

ઉપરાંત આ સમિતિ ભલામણ કરે છે કે નીચેનાં સ્થળોને તેનું ભૌગોલિક સ્થાન જોતાં તેની સામે જણાવેલ પરીક્ષાઓ માટે ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થતી ન હોવા છતાં કેન્દ્રો આપવા સિન્ડિકેટને ચોગ્ય લાગે તો વિચારે :

કેન્દ્ર		પરીક્ષા		સંખ્યા
દમણ	...	ફર્સ્ટ બી.એ.		
		ફર્સ્ટ બી.એસસી.	—	૭૫
દાહોદ	...	ફર્સ્ટ બી.એ.		
		ફર્સ્ટ બી.કોમ.	—	૮૦
માંડવી-કચ્છ	...	ફર્સ્ટ બી.એ.		
		ફર્સ્ટ બી.કોમ.	—	૭૮
પાલનપુર	...	સેકન્ડ બી.એ.		
		સેકન્ડ બી.એસસી.	—	૮૬

સિદ્ધપુર અને ધંધુકા કૉલેજે જે તે પરીક્ષા માટે કેન્દ્ર આપવા માટે કરેલ અરજીમાં પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીની સંખ્યા દર્શાવી છે તે અને ઑડિ. ૬૬ હેઠળ મેાકલાવેલ માહિતીમાં દર્શાવેલ સંખ્યામાં સામ્યતા ન હેાવાથી તે અંગે આચાર્ય પાસે સ્પષ્ટતા મેળવી જે ૧૦૦ કરતાં વધારે સંખ્યા જણાય તેા કેન્દ્ર આપવાનું રાખવા આ સમિતિ ભલામણ કરે છે.

આ સિવાય નીચેનાં સ્થળેાને કેન્દ્ર આપી શકાય નહિ :

કેન્દ્ર		પરીક્ષા
આદિપુર	...	ફર્સ્ટ બી.એ.
બેાડેલી	...	ફર્સ્ટ બી.એ.
દેવગઢબારિયા	...	ફર્સ્ટ બી.એ.
વીસનગર	...	એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. (જૂનેા અને નવેા અભ્યાસક્રમ)
પાટણ	...	એમ.એ., એમ.એસસી. (ભાગ ૨)
છેાટાઉદેપુર	...	ફર્સ્ટ બી.એ., બી.એસસી.
ભાદરણ	...	સેકન્ડ બી.એ., બી.એસસી., થર્ડ બી.એ., બી.એસસી.,
વીરમગામ	...	સેકન્ડ બી.એ., બી.કૉમ.
બેડા	...	ફર્સ્ટ બી.એ., બી.કૉમ.
ઊંઝા	...	ફર્સ્ટ બી એ., બી.કૉમ.
હિંમતનગર	...	સેકન્ડ બી.એ., બી.કૉમ.
બેારસદ	...	થર્ડ બી.એ., બી.એસસી., બી.કૉમ.
નડિયાદ	...	એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. (જૂનેા અને નવેા અભ્યાસક્રમ)
ખંભાત	...	એમ.એસસી. (ભાગ ૧ અને ૨), થર્ડ બી.કૉમ.
કપડવંજ	...	થર્ડ બી.કૉમ.
કલેાલ	...	ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી.
પાલનપુર	...	થર્ડ બી.એ.
મહેસાણા	...	થર્ડ બી.એ., બી.કૉમ.

વધુમાં એમ પણ ભલામણ કરવામાં આવી કે જે સ્થળ લેખિત પરીક્ષા માટે કેન્દ્ર હેાય ત્યાં જ પ્રાયેાગિક પરીક્ષા (અનુસ્નાતક એમ.એસસી. પરીક્ષા સિવાય) નિયમ પ્રમાણે પૂરતા વિદ્યાર્થી હેાય તેા લેવાનું રાખવું. એમ.એસસી. પ્રાયેાગિક પરીક્ષા ફક્ત અમદાવાદ કેન્દ્ર પર જ લેવાય છે તે મુજબ ચાલુ રાખવું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.